લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

# ગુરુતત્ત્વવિનિશ્ચય

શબ્દશઃ વિવેચન

## ઉલ્લાસ-૪ ❖ ભાગ-૬



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# ગુરુતત્ત્વવિનિશ્ચય

**શબ્દશઃ વિવેચન**

**ઉલ્લાસ-૪ ❖ ભાગ-૬**

❖ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

**લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા**

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ

**શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,

પ્રાવચનિકપ્રતિભાધારક પૂ. મુનિપ્રવર **શ્રી મોહજિતવિજયજી મહારાજા**

❖ આશીર્વાદદાતા ❖

**પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ.સા.ના સમુદાયવર્તી** તથા

તેઓશ્રીના લઘુગુરુભ્રાતા, વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન

**પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

❖ સંકલનકારિકા ❖

**પથ્યાબેન હેમંતભાઈ શાહ**

❖ પ્રકાશક ❖


ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# ગુરુતત્ત્વવિનિશ્ચય ભાગ-૬ (ઉલ્લાસ-૪) શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૪૫ ✦ વિ. સં. ૨૦૭૫ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

મૂલ્ય : રૂ. ૩૫૫-૦૦

卐 આર્થિક સહયોગ 卐

સમ્યગ્જ્ઞાન પ્રદાતા **પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**ની મંગલ પ્રેરણાથી

**સ્વ. રમેશચંદ્ર મનસુખલાલ શાહ (આદિપુરવાળા)**

**પુષ્પાબેન રમેશચંદ્ર શાહ**

૯, સાબરબાગ સોસાયટી, ધરમનગર, સાબરમતી, અમદાવાદ. ફોન : ૨૭૫૦૬૦૧૪

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૨૧૫

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : mygg@gitarthganga.com, ✤ www.gitarthganga.com

✻ મુદ્રક ✻

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

૯, પુનાજી ઈન્ડ. એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ, શાહપુર, અમદાવાદ-૪. ફોન : ૨૫૬૨૪૯૯૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તેનાથી પણ ટૉર્ચ હોવા છતાં ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮થી અધિક વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં,

શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક **ધર્મતીર્થ** વિષયક સંપૂર્ણ પ્રવચનો કુલ ચાર ભાગમાં પ્રગટ થઈ ચૂક્યા છે અને **પર્ષદા, દેશના** વિષયક પ્રવચનોનું સંકલન ચાલુ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજે Encyclopedia (વિશ્વકોષ) તરીકે ઓળખવામાં આવે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો, પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો તથા અન્ય સાહિત્ય જે શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
તા. ૧૩-૦૧-૨૦૧૮

**ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ**
**અને શ્રુતભક્ત પરિવાર**

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

**મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયગણિ વિરચિત સ્વોપજ્ઞવૃત્તિયુત**

# ગુરુતત્ત્વવિનિશ્ચય

**શબ્દશઃ વિવેચન**

## ચતુર્થ ઉલ્લાસ : ભાગ-૬

**અવતરણિકા :-**

विवृतस्तृतीय उल्लासः । अथ चतुर्थो विव्रियते । तत्र तृतीये कुगुरुत्यागः सुगुरुसेवा चाभिहिता, तदभिधानं च गुरुस्वरूपनिरूपणेन सुज्ञानं भवतीति निर्ग्रन्थप्ररूपणाद्वारा तदिह निरूप्यते, तत्रेयं प्रथमगाथा –

**અવતરણિકાર્થ :-**

ત્રીજો ઉલ્લાસ વિવરણ કરાયો. હવે, ચોથો ઉલ્લાસ વિવરણ કરાય છે. ત્યાં=ગુરુતત્ત્વના વિનિશ્ચય વિષયક ત્રીજા ઉલ્લાસમાં કુગુરુનો ત્યાગ અને સુગુરુની સેવા કહેવાઈ અને તેનું કથન=સુગુરુની સેવાનું કથન, ગુરુસ્વરૂપના નિરૂપણથી સુજ્ઞાન થાય છે=સુજ્ઞાત થાય છે. એથી નિર્ગ્રંથની પ્રરૂપણા દ્વારા=સુસાધુ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોય છે તેથી નિર્ગ્રંથની પ્રરૂપણા દ્વારા, તેને=સુગુરુના સ્વરૂપને, અહીં=ચોથા ઉલ્લાસમાં નિરૂપણ કરાય છે. ત્યાં=સુગુરુના સ્વરૂપના નિરૂપણમાં આ પ્રથમ ગાથા છે –

**ગાથા :-**

सुगुरुत्तं साहूणं, गंथच्चाएण होइ नाणीणं ।
इहरा विवरीयत्थं, तेसिं णिग्गंथणामं पि ।।१।।

**ગાથાર્થ :-**

**જ્ઞાની એવા સાધુનું સુગુરુપણું ગ્રંથના ત્યાગથી થાય છે. ઈતરથા તેઓનું=પાસત્થાદિઓનું, નિર્ગ્રંથ નામ પણ વિપરીત અર્થવાળું છે. ॥૧॥**

**ટીકા :-**

**'सुगुरुत्तं'ति । ज्ञानिनां सुगुरूणां ग्रन्थत्यागेन सुगुरुत्वं भवति, गृणाति तत्त्वमिति गुरुः शोभनो गुरुः सुगुरुरिति हि सुगुरुपदार्थः, स च ग्रन्थत्याग एव घटते नान्यथा, अत्यक्तग्रन्थेन नैर्ग्रन्थ्यप्रधानस्य मार्गस्योपदेष्टुमशक्यत्वात् । विपर्यये दोषमाह—'इतरथा' ग्रन्थत्यागाभावे तेषां साधुत्वाभिमतानां पार्श्वस्थादीनां निर्ग्रन्थनामापि विपरीतार्थं यदृच्छामात्रोपकल्पितत्वेन दरिद्रस्य धनपालनामवद् अपयशस्करमेव स्यात् ।।१।।**

**ટીકાર્થ :-**

**ज्ञानिनां ..... स्यात् ।। જ્ઞાની એવા સુગુરુઓનું ગ્રંથના ત્યાગથી સુગુરુપણું થાય છે. हि=જે કારણથી, તત્ત્વને કહે છે એ ગુરુ, શોભન ગુરુ એ સુગુરુ એ પ્રકારે સુગુરુનો અર્થ છે અને તે=સુગુરુ, ગ્રંથના ત્યાગમાં જ ઘટે છે, અન્યથા નહિ=ગ્રંથના ત્યાગ વગર સુગુરુ ઘટતા નથી; કેમ કે નહિ ત્યાગ કરાયેલા ગ્રંથવાળા સાધુ વડે નૈર્ગ્રંથ્યપ્રધાન એવા માર્ગનો ઉપદેશ આપવા માટે અશક્યપણું છે અર્થાત્ મોક્ષમાર્ગ નિર્ગ્રંથભાવપ્રધાન છે અને તે માર્ગનો ઉપદેશ નિર્ગ્રંથ સાધુ જ આપવા સમર્થ બને છે. વિપર્યયમાં=જેઓએ નિર્ગ્રંથભાવ પ્રાપ્ત કર્યો નથી તેવા સાધુમાં, દોષને કહે છે=સુગુરુ રૂપે સ્વીકારવામાં દોષને કહે છે — ઈતરથા=ગ્રંથના ત્યાગના અભાવમાં, તેઓનું=સાધુત્વ રૂપે અભિમત એવા પાસત્થાદિનું, નિર્ગ્રંથ નામ પણ વિપરીતાર્થવાળું યદચ્છામાત્ર ઉપકલ્પિતપણું હોવાને કારણે દરિદ્રના ધનપાલ નામની જેમ અપયશકર જ થાય. ॥૧॥**

**ભાવાર્થ :-**

સુગુરુઓ ભગવાનના વચનના સૂક્ષ્મ પદાર્થોને જોનારા હોય છે અને શાસ્ત્રઅધ્યયન કરીને નિપુણ પ્રજ્ઞાવાળા થયેલા હોય છે. તેથી તેઓને કષાય-નોકષાયના ત્યાગને અનુકૂળ સર્વ ઉચિત પ્રવૃત્તિઓ ભગવાને કઈ રીતે બતાવી છે અને જીવોને તેઓની યોગ્યતા અનુસાર કઈ ઉચિત પ્રવૃત્તિ કરવાથી ક્લેશકારી કષાયશક્તિ ક્ષીણ થાય છે, જેથી તેઓ મોક્ષમાર્ગમાં પ્રવર્તી શકે છે, તેનું સમ્યગ્જ્ઞાન હોય છે. આથી તેવા સુગુરુઓ સ્વયં ગ્રંથના ત્યાગથી વર્તમાન ભવમાં અક્લેશભાવને પામતા હોય છે અને યોગ્ય જીવોને તેમની ભૂમિકા અનુસાર ગ્રંથ ત્યાગનો ઉપદેશ આપીને "શોભન ગુરુ" એ પ્રકારના પદને સાર્થક કરનારા હોય છે અને જેઓ સ્વયં ક્લેશના કારણીભૂત ગ્રંથોનો ત્યાગ કરતા નથી, તેઓમાં સુગુરુ પદ ઘટતું નથી; કેમ કે જેઓ સ્વયં ગ્રંથના ત્યાગ માટે પ્રવર્તતા નથી, તેઓ અન્યને ગ્રંથનો ત્યાગ પ્રધાન છે જેમાં એવા માર્ગનો ઉપદેશ આપી શકે નહિ અર્થાત્ સાધુવેશમાં હોય, સાધ્વાચારની ક્રિયા કરતા હોય

તોપણ જે રીતે ગ્રંથથી તેઓનું ચિત્ત ક્લેશવાળું છે, તેવા ક્લેશકારી માર્ગનો ઉપદેશ આપવા જ તેઓ સમર્થ છે પરંતુ ભગવાનનો ધર્મ સર્વ ગ્રંથોના ત્યાગથી થઈ શકે છે. વળી, જેઓમાં તેવું સામર્થ્ય નથી, તેઓ પણ સ્વભૂમિકાનુસાર ધર્મ કરીને નિર્ગ્રંથભાવની શક્તિનો સંચય કરી શકે છે, તેવો ઉપદેશ આપવો હોય તો પ્રથમ ભાવથી નિર્ગ્રંથ મુનિઓ કેવા હોય છે ? તેઓનું સ્વરૂપ બતાવવું પડે અને જેઓ નિર્ગ્રંથભાવમાં નથી, તેઓ પોતાની યથાતથા આચરણા જ નિર્ગ્રંથભાવરૂપ છે, તેમ બતાવે છે. તેથી તેઓનો અપાયેલો ઉપદેશ નિર્ગ્રંથભાવપ્રધાન છે જેમાં એવા માર્ગના ઉપદેશરૂપ બનતો નથી માટે તેવા ઉપદેશક પ્રાયઃ સુગુરુ બનતા નથી. ફક્ત સંવિગ્નપાક્ષિક નિર્ગ્રંથભાવના અત્યંત રાગવાળા છે છતાં નિર્ગ્રંથભાવને અનુકૂળ ધૃતિબળ નથી, તેથી ભાવથી નિર્ગ્રંથ નહિ હોવા છતાં પોતાની હીનતા દેખાડીને પારમાર્થિક નિર્ગ્રંથભાવનો બોધ કરાવીને તેના ઉપાયરૂપે જ અન્ય સર્વ આચરણા કઈ રીતે સેવવી જોઈએ ? તે બતાવે છે.

વળી, જેઓમાં નિર્ગ્રંથભાવ નથી એવા પાસત્થાદિ પોતાને અમે સાધુ છીએ, તેમ માને છે અને લોકો સાધુ કહે છે, ત્યારે પોતાના સાધુવેશના બળથી તેઓ એમ જ માને છે કે અમે નિર્ગ્રંથ સાધુ છીએ, તેઓનો નિર્ગ્રંથભાવ કોઈક દરિદ્રનું ધનપાલ નામ હોય તેની જેમ અપયશને જ કરનાર છે; કેમ કે સાધુપદનો અર્થ સુંદર થાય છે અને જેઓએ ગ્રંથોનો ત્યાગ કર્યો છે, તેઓ જ સાધુ છે અર્થાત્ સુંદર છે. આમ છતાં જેઓ ગ્રંથોનો ત્યાગ કરવા અસમર્થ છે, તેઓ ભાવથી અનિર્ગ્રંથ હોવાને કારણે દરિદ્ર છે, છતાં ગુણરૂપી ધનવાળા છે તેવું તેમનું “સાધુ” એ પ્રકારે નામ તેઓની અપકીર્તિને જ કરનાર છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**कथं तर्हि निर्ग्रन्थनाम्नः सार्थकत्वम् ? का वा निर्ग्रन्थानां प्ररूपणा ? इत्यत आह —**

**અવતરણિકાર્થ :-**

**તો કેવી રીતે નિર્ગ્રંથ નામનું સાર્થકપણું છે ? અથવા નિર્ગ્રંથોની પ્રરૂપણા કઈ છે ? એથી કહે છે —**

**ભાવાર્થ :-**

ગાથામાં બતાવેલ ગ્રંથોના ત્યાગથી નિર્ગ્રંથ નામનું સાર્થકપણું છે અથવા નિર્ગ્રંથોના સ્વરૂપની પ્રરૂપણા નિર્ગ્રંથભાવ સ્વરૂપ છે, ગાથામાં નિર્ગ્રંથોનું જે સ્વરૂપ બતાવ્યું, તે સ્વરૂપ છે. આથી ગ્રંથો સ્વરૂપ પ્રથમ બતાવીને તેના ત્યાગ સ્વરૂપ નિર્ગ્રંથભાવ છે, તેમ બતાવે છે –

**ગાથા :-**

**दसचउदसविहबज्झब्भंतरगंथा उ जे मुणी मुक्का ।**
**ते णिग्गंथा तेसिं, पंचण्ह परूवणं वुच्छं ।।२।।**

**ગાથાર્થ :-**

**દશવિધ અને ચતુર્દશવિધ=દશ પ્રકારના અને ચૌદ પ્રકારના બાહ્ય અને અભ્યંતર ગ્રંથોથી જે મુનિ મુકાયા છે, તે નિર્ગ્રંથ છે. પંચવિધ એવા તેઓની પ્રરૂપણા હું કહીશ. ।।૨।।**

**ટીકા :-**

**'दस'त्ति । दशविधः खलु बाह्यो ग्रन्थः, तथाहि—क्षेत्रं-सेत्वादि १, वास्तु-खातादि २, धनं च-हिरण्यादि, धान्यं च शाल्यादि तयोः सञ्चयः ३, मित्राणि च सहवर्धितादीनि, ज्ञातयश्च स्वजनास्तैः सह संयोगः ४, यानानि-शिबिकादीनि ५, शयनानि-पल्यङ्कादीनि ६, आसनानि-सिंहासनादीनि ७, दास्यः-अङ्कपतिताः ८, दासा अपि तथाविधा एव ९, कुप्यं च विविधगृहोपस्करात्मक १० मिति । चतुर्दशविधश्चाभ्यन्तरो ग्रन्थः, तथाहि—क्रोधः-अप्रीतिलक्षणः १, मानः-अहमितिप्रत्ययहेतुः २, माया-स्वपरव्यामोहोत्पादकं शाठ्यम् ३, लोभः-द्रव्यादिकाङ्क्षा ४, प्रेम-प्रियेषु प्रीतिहेतुः ५, द्वेषः-उपशमत्यागात्मको विकारः ६, यद्यपि प्रेम-मायालोभरूपं द्वेषश्च-क्रोधमानात्मकस्तथाऽपि तयोः पृथगुपादानं कथञ्चित् सामान्यस्य विशेषेभ्योऽन्यत्वख्यापनार्थमिति वृद्धाः । मिथ्यात्वं-नास्ति १ न नित्यः २ न करोति ३ कृतं न वेदयति ४ नास्ति निर्वाणं ५ नास्ति निर्वाणोपायः ६ इति षड्भिः स्थानैस्तत्त्वार्थाश्रद्धानम्, यदाह सम्मतिकारः—**

"णत्थि ण णिच्चो ण कुणइ, कयं ण वेएइ णत्थि णेव्वाणं ।
णत्थि य मोक्खोवाओ, छ म्मिच्छत्तस्स ठाणाइं ।।१।।"

**७ वेदः-स्त्रीवेदादिस्त्रिधा ८, अरतिः—संयमेऽप्रीतिः ९, रतिः-असंयमे प्रीतिः १०, हासः-विस्मयादिषु वक्त्रविकासात्मकः ११, शोकः-इष्टवियोगान्मानसं दुःखम् १२, भयमिहलोकादिभेदभिन्नं सप्तविधम् १३, जुगुप्सा-अस्नानादिमलिनतनुसाधुहीलना १४। तदुक्तमुत्तराध्ययननिर्युक्तौ —**

"दुविहो अ होइ गंथो, बज्झो अब्भिंतरो उ णायव्वो ।
अंतो अ चोद्दसविहो, दसहा पुण बाहिरो गंथो ।।१।।
कोहे माणे माया लोभे पेज्जे तहेव दोसे य ।
मिच्छत्त वेद अरती, रति हासो सोग भय कुच्छा ।।२।।
खेत्तं वत्थुं धणधण्णसंचओ मित्तणाइसंजोगा ।
जाणसयणासणाणि य, दासी दासं च कुवियं च ।।३।।"

**ततो दशविधचतुर्दशविधाभ्यां बाह्याभ्यन्तरग्रन्थाभ्यां ये मुक्ता मुनयस्ते निर्ग्रन्था भण्यन्ते तेषां पञ्चानां प्ररूपणां वक्ष्ये ।।२।।**

**ટીકાર્થ :-**

**दशविधः ..... वक्ष्ये ।। દશ પ્રકારના બાહ્ય ગ્રંથો છે. તે આ પ્રમાણે — (૧) ક્ષેત્ર-સેતુ આદિ છે= સેતુ, કેતુ અને મિશ્ર છે. (૨) વાસ્તુ-ખાતાદિ છે=ગૃહ, નગર આદિ વસવાનાં સ્થાનો છે. (૩) ધન-હિરણ્યાદિ છે અને ધાન્ય શાલ્યાદિ છે. તે બેનો સંચય. (૪) અને મિત્રો સાથે મોટા થયેલા અને**

**જ્ઞાતિઓ=સ્વજન, તેઓની સાથે સંયોગ. (૫) યાનો-શિબિકાદિ (૬) શયનો-પલ્યંકાદિ (૭) આસનો - સિંહાસનાદિ (૮) દાસ્ય - અંકથી ચિહ્નત એવી દાસીઓ (૯) દાસો પણ તેવા પ્રકારના છે (૧૦) અને કુપ્ય=વિવિધ પ્રકારના ગૃહના ઉપસ્કર=સામગ્રી સ્વરૂપ, કુપ્ય છે.**

સંયમના ઉપકરણથી અતિરિક્ત આ પ્રકારે દશ પ્રકારના બાહ્ય પ્રકારના ગ્રંથો છે.

**ચૌદ પ્રકારનો અભ્યંતર ગ્રંથ છે. તે આ પ્રમાણે — (૧) ક્રોધ=અપ્રીતિરૂપ ક્રોધ, (૨) માન-અહમ્, એ પ્રકારની પ્રતીતિનો હેતુ એવો માન અર્થાત્ હું ત્યાગી છું, હું સમર્થ છું ઈત્યાદિ ચિત્તમાં પ્રતીતિ થતી હોય તે માનકષાય છે. (૩) માયા=સ્વપરના વ્યામોહનું ઉત્પાદક શઠપણું અર્થાત્ સ્વયં સંયમની સમ્યગ્ ક્રિયા ન કરતા હોય અને હું કરું છું, એ પ્રકારનો વ્યામોહ ઉત્પાદક અથવા પોતે જેવા ન હોય એવા દેખાડવા માટે પ્રયત્ન તે પરવ્યામોહ ઉત્પાદક શાઠ્ય છે. (૪) લોભ=દ્રવ્યાદિની આકાંક્ષા=સંયમનાં ઉપકરણો સુંદર મળે કે આહારાદિ સુંદર મળે તેવી આકાંક્ષા લોભ છે. (૫) પ્રેમ=પ્રિય પદાર્થોમાં પ્રીતિનો હેતુ. (૬) દ્વેષ=ઉપશમનો ત્યાગાત્મક વિકાર. જોકે પ્રેમ માયાલોભરૂપ છે અને ક્રોધ માનાત્મક રૂપ છે તોપણ તે બેનું=પ્રેમ અને દ્વેષનું, પૃથક્ ગ્રહણ કથંચિત્ સામાન્યનું વિશેષથી અન્યપણાના ખ્યાપન માટે છે=પ્રેમ અને દ્વેષ કથંચિત્ ચાર કષાયમાં સામાન્ય છે તોપણ વિશેષ એવા ક્રોધ, માન, માયા, લોભથી તેઓ પૃથક્ છે. તે બતાવવા માટે પૃથક્ ગ્રહણ કરેલ છે, એમ જ્ઞાનવૃદ્ધો કહે છે. (૭) મિથ્યાત્વ અંતરંગ પરિગ્રહ છે.** તેનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે. **(A) નથી=આત્મા નથી, (B) નિત્ય નથી= આત્મા નિત્ય નથી. (C) કર્તા નથી=આત્મા કર્મનો કર્તા નથી. (D) કરાયેલાનું વેદન કરતો નથી=કરાયેલા કર્મના ફળનું વેદન કરતો નથી. (E) નિર્વાણ નથી=મોક્ષ નથી. (F) નિર્વાણનો ઉપાય નથી=મોક્ષનો ઉપાય નથી. એ પ્રકારે છ સ્થાનોથી તત્ત્વાર્થનું અશ્રદ્ધાન મિથ્યાત્વ છે. જેને સંમતિકાર કહે છે.**

"નથી, નિત્ય નથી, કરતો નથી, કરાયેલાનું વેદન કરતો નથી, નિર્વાણ નથી, મોક્ષનો ઉપાય નથી. છ મિથ્યાત્વનાં સ્થાનો છે."

**(૮) વેદ=સ્ત્રી વેદાદિ ત્રણ પ્રકારના વેદનો ઉદય ગ્રંથો છે. (૯) અરતિ=સંયમમાં અપ્રીતિ=પાંચ ઈન્દ્રિયોને સંવૃત કરીને અથવા મન-વચન-કાયાથી ગુપ્ત થઈને સંયમમાં રહેવા વિષયક અપ્રીતિ. (૧૦) રતિ=અસંયમમાં પ્રીતિ=પાંચેય ઈન્દ્રિયોના અસંયમમાં પ્રીતિ, (૧૧) હાસ્ય=વિસ્મયાદિમાં મુખના વિકાર સ્વરૂપ હાસ્ય, (૧૨) શોક=ઈષ્ટના વિયોગથી માનસ દુઃખ, (૧૩) ભય=ઈહલોકાદિ ભેદથી ભિન્ન એવો સાત પ્રકારનો ભય. (૧૪) જુગુપ્સા=અસ્નાનાદિને કારણે મલિન શરીરવાળા સાધુની હીલના. આ ચૌદ પ્રકારનો અભ્યંતર ગ્રંથ છે. ઉત્તરાધ્યયનની નિર્યુક્તિમાં તે કહેવાયું છે—**

"ગ્રંથ બે પ્રકારનો હોય છે. બાહ્ય વળી અભ્યંતર જાણવો. અંતરંગ ચૌદ પ્રકારનો છે. વળી દશ પ્રકારનો બાહ્ય ગ્રંથ છે. ॥૧॥

ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને દ્વેષ, મિથ્યાત્વ, વેદ, અરતિ, રતિ, હાસ્ય, શોક, ભય અને જુગુપ્સા. ॥૨॥

ક્ષેત્ર, વાસ્તુ, ધન-ધાન્યનો સંચય, મિત્રાદિનો સંયોગ, યાન, શયન, આસનો, દાસી, દાસ અને કુપ્ય. ॥૩॥"

**તેથી=પૂર્વમાં દશ અને ચૌદ પ્રકારનો બાહ્ય અને અભ્યંતર ગ્રંથ બતાવ્યો તેથી, દશ પ્રકારના અને ચૌદ પ્રકારના બાહ્ય અને અભ્યંતર ગ્રંથથી જે મુનિઓ મુક્ત છે, તેઓ નિર્ગ્રંથ કહેવાય છે. તે પાંચની=તે પાંચ નિર્ગ્રંથોની, પ્રરૂપણાને હું કહીશ. ॥૨॥**

**ભાવાર્થ :-**

સુસાધુઓ સિદ્ધ અવસ્થાના સ્વરૂપને જોનારા છે અને સિદ્ધના જીવો સંપૂર્ણ ગ્રંથ વગરના છે અર્થાત્ દ્રવ્યથી કોઈ પુદ્ગલનો સંગ નથી અને ભાવથી કોઈ પુદ્ગલ કે જીવોમાં સંશ્લેષ નથી. તેથી સર્વ ઉપદ્રવ વગરના હોવાથી સિદ્ધના જીવો અત્યંત સુખી છે, તેમ નિર્મળ દૃષ્ટિવાળા સાધુઓને દેખાય છે. તેથી મોક્ષના અર્થી એવા સાધુઓ બાહ્યથી દશ પ્રકારના ગ્રંથોનો ત્યાગ કરીને માત્ર સંયમના ઉપકરણરૂપ દેહને અને વસ્ત્ર-પાત્રને ધારણ કરે છે અને સંયમની વૃદ્ધિ માટે પ્રામાણિક રીતે જે ઉપષ્ટંભક એવી બાહ્ય સામગ્રી હોય તેને જ ઉત્સર્ગથી કે અપવાદથી ગ્રહણ કરે છે. તેથી સંસારી જીવોને જે ક્ષેત્રાદિ બાહ્ય સામગ્રી છે, તે દશ પ્રકારના બાહ્ય ગ્રંથોનો સાધુ ત્યાગ કરે છે અને કર્મબંધના કારણીભૂત ચૌદ પ્રકારની અભ્યંતર પરિણતિ છે. તે પરિણતિનું યથાર્થ સ્વરૂપ આલોચન કરીને સુસાધુ તે પરિણતિમાંથી કોઈ પણ ભાવ સ્ફુરાયમાન ન થાય તે રીતે અપ્રમાદથી યત્ન કરે છે. તેથી, મિથ્યાત્વનાં છ સ્થાનોનો અત્યંત ત્યાગ કરીને સુસાધુ સૂક્ષ્મ પ્રજ્ઞાપૂર્વક વિચારે છે કે મારો આત્મા શરીરથી પૃથક્ છે, નિત્ય છે અને જે જે કાષાયિક ભાવો કરે છે, તે પોતે જ કરે છે અને તે ભાવોથી જે બંધાયેલું કર્મ છે, તે પોતે જ વેદન કરે છે માટે મારે પ્રમાદ વગર ભવભ્રમણના કારણભૂત અભ્યંતર ગ્રંથનો ત્યાગ કરવો જોઈએ અને તે અભ્યંતર ગ્રંથના ત્યાગના અંગરૂપ જ બાહ્ય ગ્રંથોનો ત્યાગ કરવો જોઈએ. જેથી વિષયોમાં સંશ્લેષવાળું ચિત્ત અશુભકર્મ બાંધીને દુર્ગતિના ફળને પામે નહિ; કેમ કે મારા જ અધ્યવસાયથી કરેલા કર્મના ફળને હું જ વેદન કરનાર છું.

વળી, સાધનાથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે માટે મહાધૃતિના બળથી હું નિર્ગ્રંથભાવમાં યત્ન કરીશ તો ક્રમસર નિર્ગ્રંથભાવ અતિશય અતિશયતર થઈને મોક્ષનું કારણ બનશે. આ પ્રકારનું સ્થિર સમ્યક્ત્વ ધારણ કરીને નિર્મળ મતિથી અભ્યંતર ગ્રંથોનો સર્વથા ઉચ્છેદ કરવા યત્ન કરે છે અને નશ્યમાણ નષ્ટ કહેવાય. તેથી, નિર્ગ્રંથભાવમાં યત્ન કરનારા હોવાથી સાધુ ભાવથી નિર્ગ્રંથ હોય છે. આમ છતાં, નિર્ગ્રંથભાવને અનુકૂળ ધૃતિમાં તરતમતાને કારણે નિર્ગ્રંથભાવની ચિત્તની ભૂમિકાઓમાં ઘણા ભેદો થાય છે. તેને જ ગ્રંથકારોએ પાંચ ભેદોના નિરૂપણ દ્વારા સંક્ષેપથી બતાવેલા છે. તેને બતાવવાની ગ્રંથકારશ્રી પ્રતિજ્ઞા કરે છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**तत्र द्वारगाथात्रयं पुरातनमेवाह –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=પાંચ પ્રકારના નિર્ગ્રંથની પ્રરૂપણામાં, પ્રાચીન એવી ગાથાત્રયને જ કહે છે –**

ગાથા :-

पण्णवण १ वेअ २ राए ३, कप्प ४ चरित्त ५ पडिसेवणा ६ नाणे ७ तित्थे ८।
लिंग ९ सरीरे १०, खेत्ते ११ काल १२ गइठिइ १३ संजम १४ निगासे १५।।३।।
जोगु १६ वओग १७ कसाए, १८ लेसा १९ परिणाम २० बंधणे २१ वेए २२।
कम्मोदीरण २३ उवसंपजहण २४ सन्ना २५ य आहारे २६।।४।।
भव २७ आगरिसे २८ कालं २९ तरे ३० य समुघाय ३१ खित्त ३२ फुसणा ३३ य ।
भावे ३४ परिमाणं ३५ खलु, अप्पाबहुअं ३६ णियंठाणं ।।५।।

ગાથાર્થ :-

પ્રજ્ઞાપના, વેદ, રાગ, કલ્પ, ચારિત્ર, પ્રતિસેવના, જ્ઞાનમાં, તીર્થમાં, લિંગ, શરીરમાં, ક્ષેત્રમાં, કાલ, ગતિસ્થિતિ, સંયમ, સંનિકર્ષ, યોગ, ઉપયોગ, કષાય, લેશ્યા, પરિણામ, બંધન, વેદ, કર્મોદીરણ, ઉપસંપદ્-હાન, સંજ્ઞા, આહાર, ભવ, આકર્ષ, કાલ, અંતર, સમુદ્ઘાત, ક્ષેત્ર, સ્પર્શના, ભાવ, પરિમાણ, અલ્પબહુત્વ. એ નિર્ગ્રંથસ્થાન છે. ।।૩-૪-૫।।

ટીકા :-

'पण्णवण'त्ति । एतदर्थश्च प्रतिद्वारं वक्ष्यते ।।३-४-५।।

ટીકાર્થ :-

'पण्णवण' ..... वक्ष्यते ।। આ છત્રીશ દ્વારોથી નિર્ગ્રંથની પ્રરૂપણા કરવામાં આવશે. તે તે દ્વારનો અર્થ તે તે દ્વારમાં કહેવાશે. ।।૩-૪-૫।।

અવતરણિકા :-

तत्र प्रज्ञापनाद्वारमाह –

અવતરણિકાર્થ :-

ત્યાં=છત્રીશ દ્વારોમાં પ્રજ્ઞાપના દ્વારને કહે છે –

ગાથા :-

पण्णवणा भेआणं, परूवणा तत्थ पंच णिग्गंथा ।
भणिआ पुलाय बउसा, कुसील णिग्गंथ य सिणाया ।।६।।

**ગાથાર્થ :-**

**પ્રજ્ઞાપના ભેદોની પ્રરૂપણા છે. ત્યાં પાંચ નિર્ગ્રંથો કહેવાયા છે. પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક. ।।૬।।**

**ટીકા :-**

**'पण्णवण'त्ति । प्रज्ञापना नाम निर्ग्रन्थपदाभिधेयस्य सामान्यस्य भेदानां प्ररूपणा 'तत्र' तस्यां विचार्यमाणायां पञ्च निर्ग्रन्था भणिताः, पुलाको बकुशः कुशीलो निर्ग्रन्थः स्नातकश्चेति ।।६।।**

**ટીકાર્થ :-**

**प्रज्ञापना ..... कश्चेति ।। પ્રજ્ઞાપના એટલે સામાન્ય નિર્ગ્રંથ પદથી અભિધેયના ભેદોની પ્રરૂપણા. ત્યાં=નિર્ગ્રંથ પદોની સામાન્ય ભેદોની વિચારણામાં, પાંચ નિર્ગ્રંથો કહેવાયા છે. પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક. ।।૬।।**

**ભાવાર્થ :-**

નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત મહાત્માઓને નિર્ગ્રંથ કહેવાય છે અને જેઓ સંયમ ગ્રહણ કરીને નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત નથી, તેઓને નિર્ગ્રંથ કહી શકાય નહિ. માત્ર નિર્ગ્રંથોનો વેશ હોવાથી નામથી જ નિર્ગ્રંથ કહેવાય છે અને જેઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે, તેઓની તરતમતાની ભૂમિકાથી તેઓના અસંખ્યાત ભેદો પ્રાપ્ત થાય છે તોપણ નિર્ગ્રંથ પદ અભિધેય સામાન્ય તે સર્વ ભેદો છે. તે ભેદોમાં સ્થૂલથી પાંચ ભેદોની પ્રાપ્તિ છે. જે પુલાકાદિ નિર્ગ્રંથ શબ્દોથી વાચ્ય છે અને આ નિર્ગ્રંથ ભાવ પ્રત્યે પ્રસ્થિત થવાનો ઉપાય સાધુની પ્રતિદિન સામાચારી, દશવિધ સામાચારી અને પદ વિભાગ સામાચારી છે. તેથી, સુસાધુ પ્રસ્તુત સામાચારીના સેવનના બળથી નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત થાય છે અને જેઓ તે સામાચારી સેવવામાં જેટલો પ્રમાદ કરે છે, તેટલું નિર્ગ્રંથભાવ તરફનું પ્રસ્થાન સ્ખલના પામે છે અને જેઓ તે સામાચારીમાં સમ્યગ્ યત્ન કરતા નથી, તેઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત થઈ શકતા નથી. **।।૬।।**

**અવતરણિકા :-**

**तत्र तावत् पुलाकं निरूपयति –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=પાંચ પ્રકારના નિર્ગ્રંથોમાં પ્રથમ પુલાકનું નિરૂપણ કરે છે –**

**ગાથા :-**

**गयसारो धन्नकणो, पुलायसद्देण भन्नए तेणं ।**
**तुल्लचरणो पुलाओ, सो दुविहो लद्धिसेवाहिं ।।७।।**

**ગાથાર્થ :-**

**ગયેલા સારવાળું ધાન્યકણ પુલાક શબ્દથી કહેવાય છે. તેની સાથે તુલ્ય ચરણવાળા પુલાક છે. તે લબ્ધિથી અને સેવાથી એમ બે પ્રકારના છે. ।।૭।।**

**ટીકા :-**

**'गयसारो'त्ति । गतसारो धान्यकणः पुलाकशब्देन भण्यते, निःसारत्वसाधर्म्यात्, तेन तुल्यचरणः पुलाक उच्यते । न चैवं कणस्थानीयसंयमविगमादसंयतत्वापत्तिः, कणस्थानीयोत्कृष्टसंयमस्थानाभावेऽपि पुलाकस्थानीयापकृष्टसंयमस्थानानपायात्; नहि पुलाकदृष्टान्तेनाकिञ्चित्करत्वमभिप्रेतं किन्तु निःसारत्वमिति । स लब्धिसेवाभ्यां द्विविधो लब्धिपुलाकः सेवनापुलाकश्चेति ।।७।।**

**ટીકાર્થ :-**

**गतसारो ..... पुलाकश्चेति ।। ચાલ્યા ગયેલા સારવાળું ધાન્યકણ=અલ્પ સારવાળું એવું ધાન્યકણ, પુલાક શબ્દથી કહેવાય છે; કેમ કે નિઃસારતત્ત્વનું સાધર્મ્ય હોવાથી=ધાન્ય કણમાં જેમ નિઃસારત્વ છે તેમ પુલાકના સંયમમાં નિઃસારત્વનું સાધર્મ્ય હોવાથી, તેની સાથે તુલ્ય ચરણ=નિઃસારત્વની સાથે સમાન ચરણવાળા પુલાક કહેવાય છે અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે સાર વગરના ધાન્યકણ જેવા ચારિત્રવાળા પુલાક છે એ રીતે, કણસ્થાનીય સંયમનું વિગમન થવાથી=ઘણા સંયમનું વિગમન થવાથી કણ સ્થાનીય=સંયમ થવાથી, અસંયતત્ત્વની આપત્તિ છે એમ ન કહેવું; કેમ કે કણસ્થાનીય કહેવાથી ઉત્કૃષ્ટ સંયમના સ્થાનનો અભાવ હોવા છતાં પણ અપકૃષ્ટ સંયમના સ્થાનનો અનપાય છે. हि=જે કારણથી, પુલાકના દૃષ્ટાંત દ્વારા અકિંચિત્કરપણું=સંયમનું સર્વથા અભાવપણું અભિપ્રેત નથી. પરંતુ નિઃસારપણું અભિપ્રેત છે. તે=નિઃસાર એવું પુલાક સંયમ, લબ્ધિ સેવા દ્વારા બે પ્રકારનું છે : (૧) લબ્ધિપુલાક અને (૨) સેવનાપુલાક. ।।૭।।**

**ભાવાર્થ :-**

સુસાધુ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે તોપણ પૂર્ણનિર્ગ્રંથભાવ સિદ્ધ અવસ્થામાં છે. તેથી ધાન્યના કણ જેવો નિર્ગ્રંથભાવ સંસાર અવસ્થામાં સુસાધુઓમાં વર્તે છે અને કોઈક ધાન્યકણમાંથી સાર અંશ ચાલ્યો ગયો હોય ત્યારે તે કણ ફોતરારૂપ નથી, અભાવરૂપ નથી. પરંતુ સાર પરિણામથી રહિત અસાર ધાન્યકણ છે અને તેવા ધાન્યકણને પુલાક કહેવાય છે અને સાર વગરના ધાન્યકણ તુલ્ય પુલાક ચારિત્ર છે. તેથી તે ચારિત્રને પુલાક ચારિત્ર કહેવાય છે. આથી જ ટીકામાં કહે છે કે કણસ્થાનીય સુધી સંયમનો વિગમન હોવા છતાં પુલાકમાં અસંયતપણાની પ્રાપ્તિ નથી; કેમ કે કણસ્થાનીય ઉત્કૃષ્ટ સંયમ છે. તેથી, જેઓ ત્રણ ગુપ્તિના મહાપ્રકર્ષથી નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે, તેઓમાં કણ સ્થાનીય ઉત્કૃષ્ટ સંયમ છે અને તેવા સંયમનો અભાવ પુલાકમાં હોવા છતાં કંઈક મંદ વીર્યથી પણ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોવાથી સાર વગરના ધાન્યકણ જેવા અપકૃષ્ટ સંયમવાળા પુલાક સાધુ છે. તેથી એ ફલિત થાય કે જેઓ વીતરાગ સર્વજ્ઞ

છે, તેઓમાં ધાન્યના ઢગલા તુલ્ય વિપુલ સંયમ છે. જેઓ મહાવીર્યથી નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે, તેઓમાં ઉત્કૃષ્ટ સંયમ છે અને જેઓમાં નિર્ગ્રંથભાવને અનુકૂળ યત્ન અલ્પધૃતિથી પ્રવર્તે છે, તેઓ પુલાક સંયમવાળા છે અને તે પુલાક સાધુઓ લબ્ધિના અને આસેવનાના ભેદથી બે પ્રકારના છે. જેનું સ્વરૂપ ગ્રંથકારશ્રી આગળની ગાથામાં બતાવે છે. **॥૭॥**

**અવતરણિકા :-**

**आद्यमाह –**

**અવતરણિકાર્થ :-**

**આદ્યને=લબ્ધિપુલાકરૂપ આદ્યને, કહે છે –**

**ગાથા :-**

**देविंदतुल्लभूई, लद्धिपुलागो उ जो सलद्धीए ।**
**सत्तो कज्जे पुट्ठे, चूरेउं चक्कवट्टिं पि ।।८।।**

**ગાથાર્થ :-**

**દેવેન્દ્રની તુલ્ય સમૃદ્ધિવાળા લબ્ધિપુલાક છે. જે=પુલાક, સ્વલબ્ધિથી પુષ્ટ કાર્ય હોતે છતે ચક્રવર્તીને પણ ચૂરવા માટે સમર્થ છે. ॥૮॥**

**ટીકા :-**

**'देविंद'त्ति । देवेन्द्रेण-सुरपतिना तुल्या-समाना भूतिः-समृद्धिर्यस्य स तथा, लब्धिपुलाको यः स्वलब्ध्या 'पुष्टे' सङ्घाद्यालम्बनत्वेन दृढे कार्ये उत्पन्ने चक्रवर्त्तिनमपि चूरयितुं शक्तः, तदुक्तम्– "लद्धिपुलाओ पुण जस्स देविंदरिद्धिसरिसा रिद्धी, सो संघाइआण कज्जे समुप्पण्णे चक्कवट्टिं पि सबलवाहणं चुन्नेउं समत्थो"त्ति ।।८।।**

**ટીકાર્થ :-**

**देवेन्द्रेण ..... समत्थो"त्ति ।। દેવેન્દ્રની સાથે તુલ્ય=સુરપતિની સાથે સમાન, ભૂતિ=સમૃદ્ધિ છે જેને તે તેવા છે=દેવેન્દ્ર તુલ્ય ભૂતિવાળા છે. લબ્ધિપુલાક જે સ્વલબ્ધિથી પુષ્ટ આલંબન હોતે છતે=સંઘાદિના આલંબનપણાથી દૃઢ કાર્ય ઉત્પન્ન થયે છતે, ચક્રવર્તીને પણ ચૂરવા માટે સમર્થ છે. તે કહેવાયેલું થાય છે – "લબ્ધિપુલાક વળી જેને દેવેન્દ્ર સરીખી ઋદ્ધિ છે. તે=પુલાક, સંઘાદિનું કાર્ય ઉત્પન્ન થયે છતે સેના અને વાહન સહિત ચક્રવર્તીને પણ ચૂર્ણ કરવા સમર્થ છે." ॥૮॥**

**ભાવાર્થ :-**

કોઈ સાધુ નિર્ગ્રંથભાવમાં યત્ન કરતા હોય, સંયમસ્થાનના બળથી તેઓને વિશિષ્ટ પ્રકારની લબ્ધિની

પ્રાપ્તિ થાય, ત્યારે તે સાધુ લબ્ધિપુલાક કહેવાય છે. તેથી તે મહાત્મા પૂર્વે ઊંચા સંયમસ્થાનમાં હશે અને તેના બળથી લબ્ધિ પ્રાપ્ત થઈ અને તેને કારણે પણ પુલાક સંયમસ્થાનમાં ગયા હશે, તેમ સંભવે છે અને તે પુલાક લબ્ધિવાળા સાધુ ઇન્દ્ર તુલ્ય સમૃદ્ધિવાળા છે. તેથી જેમ સૌધર્મપતિ ઇન્દ્રનો દેહ મહાબલિષ્ઠ હોય છે, તેમ પુલાક લબ્ધિવાળા પણ મહાબલિષ્ઠ બને છે અને ઇન્દ્રની તુલ્ય ભોગો ભોગવી શકે તેવું સામર્થ્ય તે લબ્ધિના પ્રભાવથી તેમને પ્રાપ્ત થાય છે અને સંઘ આદિનું કાર્ય ઉત્પન્ન થાય ત્યારે તેઓ સૈન્ય સહિત ચક્રવર્તીનો નાશ કરવા સમર્થ હોય છે. જેમ કોઈ ચક્રવર્તી કોઈક અપરાધની કલ્પના કરીને સુસાધુઓને મારી નાંખવા તૈયાર થાય, ત્યારે તે સાધુઓનું રક્ષણ ચક્રવર્તીના નાશ સિવાય સંભવે નહિ. તેમ પુલાક સાધુને જણાય ત્યારે સુસંયમીઓના દુર્ધ્યાનના રક્ષણ અર્થે અને સુસાધુના સંયમની વૃદ્ધિ અર્થે અન્ય જીવોની હિંસા ગૌણ બને છે. તેથી સૈન્ય સહિત ચક્રવર્તીનો નાશ કરીને પણ તે મહાત્મા સુસાધુઓનું રક્ષણ કરે છે. તેવી લબ્ધિવાળા સાધુ લબ્ધિપુલાક કહેવાય છે. **॥૮॥**

**અવતરણિકા :-**

**द्वितीयमाह –**

**અવતરણિકાર્થ :-**

**બીજા ભેદને=પ્રતિસેવના પુલાકના ભેદને કહે છે –**

**ગાથા :-**

**आसेवणापुलाओ, णेओ पडिसेवणाइ पंचविहो ।**
**नाणे दंसण चरणे, लिंगे अ तहा अहासुहुमे ।।९।।**

**ગાથાર્થ :-**

**પ્રતિસેવનાથી આસેવના પુલાક પાંચ પ્રકારના જાણવા. જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં, લિંગમાં અને યથાસૂક્ષ્મ. ॥૯॥**

**ટીકા :-**

**'आसेवण'त्ति । आसेवनापुलाकः 'प्रतिसेवनया' स्वाचारप्रतिकूलसेवनया ज्ञानादिसारविगमात् । स च पञ्चविधो ज्ञेयः–ज्ञाने दर्शने चारित्रे लिङ्गे चासेवनारतो यथासूक्ष्मश्च ।।९।।**

**ટીકાર્થ :-**

**आसेवनापुलाकः ..... यथासूक्ष्मश्च ।। 'પ્રતિસેવના'થી=સ્વઆચારના પ્રતિકૂળ સેવનથી જ્ઞાનાદિસારનું વિગમન થવાને કારણે આસેવનાપુલાક થાય છે અને તે=આસેવનાપુલાક, પાંચ પ્રકારના જાણવા : જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં, લિંગમાં આસેવનારત=વિપરીત આસેવનમાં રત, યથાસૂક્ષ્મ એ પ્રમાણે પાંચ પ્રકારના છે. ॥૯॥**

**અવતરણિકા :-**

एतेषामेव लक्षणं स्पष्टयति –

**અવતરણિકાર્થ :-**

આમનું જ=પાંચ પ્રકારના આસેવનપુલાકોનું જ, લક્ષણ સ્પષ્ટ કરે છે –

**ગાથા :-**

**नाणे दंसण चरणे, सट्ठाणायारखलिअओ ईसिं ।**
**लिंगम्मि विवज्जासे, मणेण दुट्ठो अहासुहुमो ।।१०।।**

**ગાથાર્થ :-**

**જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં સ્વસ્થાનના અનાચારને કારણે સ્ખલિત થવાથી ઈષદ્ થાય છે. લિંગમાં વિપર્યાસ કરાયે છતે લિંગપુલાક છે. મનથી દુષ્ટ યથાસૂક્ષ્મ પુલાક છે. ।।૧૦।।**

**ટીકા :-**

**'नाणे'त्ति । ज्ञाने दर्शने चारित्रे च स्वस्थानाचारस्य-ज्ञानाद्याचारस्य स्खलितः-परिभ्रंशादीषद्-भवति, स्खलितमिलितादिदूषणैर्ज्ञानपुलाकः, शङ्कादिभिर्दूषणैर्दर्शनपुलाकः, मूलोत्तरगुणप्रतिसेवनया च चारित्रपुलाक इत्यर्थः । लिङ्गे पुलाकः 'विपर्यासे' निष्कारणं लिङ्गव्यत्यये क्रियमाण इत्यर्थः, 'मनसा' मनोमात्रेण 'दुष्टः' अकल्प्यप्रतिसेवी यथासूक्ष्मपुलाकः । तदिदमाह भाष्यकृत्–**

"नाणे दंसण चरणे, लिंगे अहसुहुमए अ णायव्वो ।
नाणे दंसण चरणे, तेसिं तु विराहणेऽसारो ।।१।।
लिंगपुलाओ अन्नं, णिक्कारणओ करेइ जो लिंगं ।
मणसा अकप्पिआणं, णिसेवओ होअहासुहुमो ।।२।।" **त्ति ।।१०।।**

**ટીકાર્થ :-**

**ज्ञाने ..... होअहासुहुमो ।।" त्ति ।। જ્ઞાનના વિષયમાં, દર્શનના વિષયમાં અને ચારિત્રના વિષયમાં સ્વસ્થાન આચારના=જ્ઞાનાદિ આચારના, સ્ખલિતને કારણે=પરિભ્રંશને કારણે, ઈષદ્ થાય છે. કઈ રીતે જ્ઞાનાદિમાં ઈષદ્ થાય છે ? તે સ્પષ્ટ કરે છે. સ્ખલિત, મિલિતાદિ દૂષણોથી જ્ઞાન પુલાક થાય છે. શંકાદિ દૂષણોથી દર્શનપુલાક થાય છે. મૂલ-ઉત્તરગુણની પ્રતિસેવનાથી ચારિત્રપુલાક થાય છે. લિંગમાં પુલાક વિપર્યાસ હોતે છતે=નિષ્કારણ લિંગનો વ્યત્યય કરાયે છતે થાય છે, એ પ્રમાણે અર્થ છે. મનથી=મન માત્રથી, દુષ્ટ=અકલ્પ્ય પ્રતિસેવી યથાસૂક્ષ્મ પુલાક છે. તે આને ભાષ્યકાર કહે છે= ગાથામાં કહ્યું તે આને ભાષ્યકાર કહે છે.** "જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં, લિંગમાં અને યથાસૂક્ષ્મમાં જાણવો=પુલાક

જાણવો. વળી, જ્ઞાન, દર્શન, ચારિત્ર તેઓના વિરાધનમાં અસાર પુલાક છે. ।।૧।। "લિંગપુલાક નિષ્કારણ જે અન્ય લિંગ કરે છે. મનથી અકલ્પ્યનો સેવનારો યથાસૂક્ષ્મ થાય છે." ।।૨।।**૧૦**।।

**ભાવાર્થ :-**

સુસાધુ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થાન અર્થે રત્નત્રયીમાં અભ્યુત્થિત થઈને યત્ન કરે છે. તેમ કોઈ સુસાધુ રત્નત્રયીમાં ઉત્થિત થઈને યત્ન કરતા હોય આમ છતાં સૂત્રઉચ્ચારણમાં સ્ખલિત, મિલિતાદિ દૂષણોથી સૂત્રઉચ્ચારણ થાય અથવા સૂત્રથી વાચ્ય અર્થમાં સુપ્રણિધાન સ્ખલના પામે, તે પ્રકારે ઉપયોગ પ્રવર્તે ત્યારે તેઓ અપકર્ષવાળા સંયમસ્થાનને પ્રાપ્ત કરે ત્યારે જ્ઞાનપુલાક થાય છે.

વળી, સુસાધુઓ જિનવચનમાં મેરુ જેવા નિષ્પ્રકંપ પરિણામવાળા હોય છે. તેથી તેઓને ભગવાનનું વચન જ એકાંત નિસ્તાર કરનારું છે. તેવો સ્થિર નિર્ણય હોય છે છતાં કાંઈક દર્શનમોહનીયકર્મ નિર્મળ દૃષ્ટિને મ્લાન કરે છે ત્યારે છટ્ઠા ગુણસ્થાનકમાં નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત એવા પુલાક સાધુને પણ કોઈક સ્થાનમાં મૂઢતાને કારણે શંકાદિ પરિણામો થાય ત્યારે તે દર્શનપુલાક બને છે. આથી જ દર્શનનો વિપર્યાસ કરાવનારાં કર્મો ચૌદ પૂર્વીને પણ પાત કરાવીને મિથ્યાત્વમાં લાવે છે, ત્યારે શાતાગારવાદિ જ સુખના કારણ રૂપે દેખાય છે પરંતુ વીતરાગના વચનાનુસાર વીતરાગમાર્ગમાં પ્રસ્થાન જ સુખરૂપ દેખાતું નથી. તેવો વિપર્યાસ દર્શનપુલાક સાધુને નહિ હોવા છતાં કંઈક નિર્મળ દૃષ્ટિને મલિન કરે તેવા શંકાદિ ભાવોથી ચેતના મલિન બને ત્યારે દર્શનપુલાક બને છે.

વળી, સુસાધુ શક્તિના પ્રકર્ષથી પાંચ મહાવ્રતોરૂપ મૂળગુણ અને સમિતિ-ગુપ્તિરૂપ ઉત્તરગુણોમાં સ્ખલના વગર યત્ન કરે છે. છતાં પ્રમાદવશ મૂલગુણમાં કે ઉત્તરગુણમાં કોઈ અતિચારનું સેવન થાય ત્યારે ચારિત્રપુલાક બને છે.

વળી, સુસાધુ સાધુનો વેશ સંયમના પ્રયોજનથી જ ધારણ કરે છે. તેથી, સંયમનું પ્રયોજન ન હોય તો નિરર્થક વસ્ત્ર વગેરેનો કોઈ ઉપયોગ કરે નહિ. પરંતુ આ સાધુ વસ્ત્ર વગરના છે, તેવા જ ભાવને બતાવનાર લિંગને ધારણ કરે છે. આમ છતાં, પ્રમાદવશ નિષ્કારણ કોઈ ઉપકરણ આદિ ધારણ કરે ત્યારે લિંગનો વ્યત્યય થાય છે. તેથી, લિંગ વિષયક તે પુલાક બને છે.

વળી, પ્રમાદવશ ક્યારેક મનમાત્રથી અકલ્પ્ય પ્રતિસેવી થાય છે અર્થાત્ સંયમને અનુકૂળ જ મારે શું કરવું જોઈએ ? જેથી નિર્ગ્રંથભાવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે તેમ મહાધીરપુરુષો યત્ન કરતા હોય છે તોપણ ક્યારેક શાતા આદિના અર્થી થઈને મનમાત્રથી શાતાને અનુકૂળ અકલ્પ્ય સેવવાની પરિણતિ થાય તે યથાસૂક્ષ્મ પુલાક છે. **।।૧૦।।**

**અવતરણિકા :-**

**यथासूक्ष्मस्यार्थान्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

**યથાસૂક્ષ્મપુલાકના અર્થાંતરને=અન્ય પ્રકારના અર્થને કહે છે –**

**ગાથા :-**

**सव्वेसु वि एएसुं, थोवं थोवं तु जो विराहेइ ।**
**सो होइ अहासुहुमो, एसो अण्णो वि आएसो ।।११।।**

**ગાથાર્થ :-**

**આ સર્વમાં જે થોડું થોડું વિરાધન કરે છે, તે યથાસૂક્ષ્મપુલાક થાય છે. આ અન્ય પણ આદેશ છે. ।।૧૧।।**

**ટીકા :-**

**'सव्वेसु वि'त्ति । 'सर्वेष्वप्येतेषु' ज्ञानादिषु स्तोकं स्तोकं यो विराधयति स भवति यथासूक्ष्मः, एषोऽन्योऽपि 'आदेशः' व्याख्याप्रकारः । तदुक्तमुत्तराध्ययनवृद्धविवरणे-"अहासुहुमो एएसु चेव पंचसु वि जो थोवं थोवं विराहेइ"त्ति ।।११।।**

**ટીકાર્થ :-**

**'सर्वेष्वप्येतेषु' ..... विराहेइ"त्ति ।। સર્વ પણ આમાં=જ્ઞાનાદિમાં, થોડા થોડાને જે વિરાધે છે, તે યથાસૂક્ષ્મપુલાક થાય છે. આ અન્ય પણ=પૂર્વમાં યથાસૂક્ષ્મનો જે અર્થ કર્યો તેનાથી અન્ય પણ, આદેશ=વ્યાખ્યાનો પ્રકાર છે. ઉત્તરાધ્યયન વૃદ્ધના વિવરણમાં તે કહેવાયું છે –**

"આ પાંચમાં પણ=જ્ઞાન, દર્શન, ચારિત્ર, લિંગ અને મન એ પાંચમાં પણ, જે થોડું થોડું વિરાધન કરે છે, તે યથાસૂક્ષ્મ છે." ।।૧૧।।

**ભાવાર્થ :-**

ઉત્તરાધ્યયનના વૃદ્ધ વિવરણ અનુસાર કોઈ સાધુ અપ્રમાદપૂર્વક રત્નત્રયીમાં ઉદ્યમ કરતા હોય છતાં પણ ક્યારેક અલ્પ અંશમાં પણ જ્ઞાનનો ઉપયોગ સ્ખલના પામે, સૂક્ષ્મ તત્ત્વના દર્શનમાં ઉપયોગ સ્ખલના પામે, મૂલગુણ અને ઉત્તરગુણના સેવન દ્વારા નિર્ગ્રંથભાવના પ્રસ્થાનમાં થોડી સ્ખલના થાય, ક્યારેક પ્રમાદવશ થોડો લિંગ વિપર્યાય થાય, ક્યારેક મનમાત્રથી અકલ્પ્ય સેવવાનો પરિણામ થાય અને તે સર્વ પરિણામો અતિઅલ્પમાત્રામાં હોય છે. તેથી તે સાધુને યથાસૂક્ષ્મપુલાક કહે છે; કેમ કે તે કારણે જ તેમનું ચારિત્ર ઉત્કૃષ્ટ સંયમસ્થાનની અપેક્ષાએ નિઃસાર બને છે. તેથી પ્રતિસેવનાની અપેક્ષાએ પુલાક બને છે. **।।૧૧।।**

**અવતરણિકા :-**

**निगमनद्वारा विशेषमाह –**

**અવતરણિકાર્થ :-**

**નિગમન દ્વારા વિશેષને કહે છે=પુલાકના વર્ણનનો ફલિતાર્થ બતાવવા દ્વારા પુલાક વિષયક જ કંઈક વિશેષને કહે છે –**

**ગાથા :-**

**इय दुविहो उ पुलाओ, भणिओ लद्धीइ तह य सेवाए ।**
**अण्णे लद्धिपुलायं, भिण्णं णेच्छंति नाणाओ ।।१२।।**

**ગાથાર્થ :-**

**આ પ્રકારે બે પ્રકારના પુલાક કહેવાયા. લબ્ધિથી અને સેવાથી=વિપરીત આચરણાથી. અન્ય લબ્ધિપુલાકને જ્ઞાનથી=જ્ઞાનના આસેવીથી, ભિન્ન ઇચ્છતા નથી. ।।૧૨।।**

**ટીકા :-**

**'इय'त्ति । 'इति' अमुना प्रकारेण लब्ध्या तथा सेवया पुलाको द्विविधो भणितः । अन्ये पुनर्लब्धिपुलाकं 'ज्ञानात्' ज्ञानासेवकात् पुलाकादि्भन्नं नेच्छन्ति, नहि लब्धिविशेषमात्रेणासारत्वं पुलाकत्वप्रयोजकं भवति, तदुपजीवनं च सार्वत्रिकमिति लब्धिविशेषवतो ज्ञानासेविन एव लब्धिपुलाकत्व-व्यपदेशो युक्त इति तेषामभिप्रायः, तदुक्तं भगवतीवृत्तौ—अन्ये त्वाहुः-"आसेवनातो यो ज्ञानपुलाकस्तस्येय-मीदृशी लब्धिः, स एव च लब्धिपुलाको न तद्व्यतिरिक्तः कश्चिदपरः" इति ।।१२।।**

**ટીકાર્થ :-**

**'इति' ..... इति ।। આ પ્રકારથી=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારથી, લબ્ધિથી અને આસેવનથી એ પ્રકારે બે પ્રકારના પુલાક કહેવાયા. વળી, અન્ય લબ્ધિપુલાકને જ્ઞાનઆસેવકપુલાકથી ભિન્ન ઇચ્છતા નથી. हि=જે કારણથી, લબ્ધિવિશેષમાત્રથી પુલાકત્વનું પ્રયોજક એવું અસારપણું થતું નથી અને તેનું ઉપજીવન=લબ્ધિનું ઉપજીવન, સાર્વત્રિક છે=પુલાકાદિ સર્વ સંયમીઓમાં છે. તેથી લબ્ધિવિશેષવાળા જ્ઞાનઆસેવીમાં જ=જ્ઞાનમાં કંઈક પ્રતિકૂળ આસેવન કરનારામાં જ, લબ્ધિપુલાકત્વનો વ્યપદેશ યુક્ત છે. એ પ્રમાણે તેઓનો=અન્ય આચાર્યનો, અભિપ્રાય છે. ભગવતી વૃત્તિમાં તે કહેવાયું છે –**

"વળી, અન્ય કહે છે – આસેવનાથી=કંઈક સ્ખલિત વિપરીત આચરણાથી જે જ્ઞાનપુલાક છે, તેને આ આવા પ્રકારની લબ્ધિ છે અને તે જ લબ્ધિપુલાક છે. તેનાથી વ્યતિરિક્ત=જ્ઞાનપુલાકથી વ્યતિરિક્ત, કોઈ બીજો લબ્ધિપુલાક નથી." ।।૧૨।।

**ભાવાર્થ :-**

અવતરણિકામાં કહેલ કે નિગમન દ્વારા વિશેષને કહે છે. એથી ગાથાના પૂર્વાર્ધથી પુલાકના સ્વરૂપનું નિગમન કરતાં કહે છે. પૂર્વમાં વર્ણન કર્યું, એ પ્રકારે લબ્ધિથી અને વિપરીત આસેવનાથી પુલાકસાધુ બે પ્રકારના છે. વળી, ગાથાના ઉત્તરાર્ધથી વિશેષને કહે છે. પૂર્વમાં કહેલ કે આસેવનાપુલાક જ્ઞાનાદિ પાંચ પ્રકારના છે. તેમાં લબ્ધિપુલાકનો અંતર્ભાવ કરેલો નથી. જ્યારે અન્ય આચાર્ય કહે છે કે કોઈ સાધુને પુલાકની લબ્ધિ મળે એટલા માત્રથી સંયમમાં નિઃસારતા પ્રાપ્ત થાય નહિ, પરંતુ જે સાધુ મોહનાશને

અનુકૂળ જ્ઞાનમાં યત્ન કરી રહ્યા છે, છતાં કંઈક વિપરીત આચરણા કરી રહ્યા છે અને તેઓને પુલાકલબ્ધિ છે, તેઓ લબ્ધિપુલાક છે અને જેઓને પુલાકલબ્ધિ નથી, છતાં જ્ઞાનની વિપરીત આચરણા કંઈક કરે છે, તેઓ આસેવનાપુલાકની અંતર્ગત જ્ઞાનપુલાક છે.

અહીં વિશેષ એ છે કે પુલાક સાધુઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થાન કરે છે. આથી જ શક્તિને અનુરૂપ જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિમાં યત્ન કરે છે તોપણ કંઈક ઉપયોગ પ્રમાદવાળો બને છે, ત્યારે શક્તિના પ્રકર્ષથી રત્નત્રયીના અનુષ્ઠાનમાં યત્ન થતો નથી. તેથી આચરણામાં સ્ખલના પામે છે. તેના કારણે જ સંયમના નીચા કંડકોમાં પુલાકસાધુપણાને પ્રાપ્ત કરે છે. છતાં મોક્ષ પ્રત્યેનું તેઓનું પ્રસ્થાન કંઈક સ્ખલનાથી પણ પ્રવર્તે છે માટે ભાવથી નિર્ગ્રંથ છે. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**कृता पुलाकप्रज्ञापना । अथ बकुशप्रज्ञापनामाह –**

**અવતરણિકાર્થ :-**

**પુલાકની પ્રજ્ઞાપના કરાઈ. હવે, બકુશની પ્રજ્ઞાપનાને કહે છે –**

**ગાથા :-**

**सो बउसो चारित्तं, बउसं अइआरपंकओ जस्स ।**
**उवगरणसरीरेसुं, सो दुविहो होइ णायव्वो ।।१३।।**

**ગાથાર્થ :-**

**તે બકુશ છે, જેનું ચારિત્ર અતિચારના પંકથી બકુશ છે. તે=બકુશ સાધુ, ઉપકરણમાં અને શરીરમાં એ બે પ્રકારે જ્ઞાતવ્ય થાય છે. ।।૧૩।।**

**ટીકા :-**

**'सो बउसो'त्ति । यस्यातिचारपङ्कतः 'बकुशं' शबलं कर्बुरमित्यनर्थान्तरं चारित्रं स बकुश उच्यते, स उपकरणशरीरयोर्द्विविधो ज्ञातव्यो भवति, उपकरणबकुशः शरीरबकुशश्चेति ।।१३।।**

**ટીકાર્થ :-**

**यस्यातिचारपङ्कतः ..... बकुशश्चेति ।। જેમનું=જે સાધુનું, અતિચારપંકથી બકુશ ચારિત્ર છે, તે બકુશ કહેવાય છે. બકુશ શબ્દના અર્થનો બોધ કરાવવા માટે પર્યાયવાચી શબ્દો કહે છે. બકુશ, શબલ, કર્બુર એ ત્રણેય પદો અનર્થાંતર છે=એક અર્થને કહેનારા છે. તે=બકુશ સાધુ, ઉપકરણમાં અને શરીરમાં બે પ્રકારના જ્ઞાતવ્ય છે=ઉપકરણ બકુશ અને શરીર બકુશ એ બે પ્રકારના જ્ઞાતવ્ય થાય છે. ।।૧૩।।**

**અવતરણિકા :-**

आद्यमाह 'मुत्तुं' इत्यादिना –

**અવતરણિકાર્થ :-**

આદ્ય બકુશને 'मुत्तुं' ઈત્યાદિ દ્વારા કહે છે –

**ગાથા :-**

**मुत्तुं पुट्ठालंबं, वत्थाइं अपाउसे वि जो धुवइ ।**
**अवि उज्जलाइँ इच्छइ, सण्हाइँ विभूसहेउं च ।।१४।।**

**ગાથાર્થ :-**

**પુષ્ટાલંબનને છોડીને અવર્ષાઋતુમાં પણ જે વસ્ત્રોને ધુએ છે. વળી, ઉજ્જ્વલને અને સુકોમળને વિભૂષા હેતુથી ઈચ્છે છે. ।।૧૪।।**

**ટીકા :-**

**मुक्त्वा 'पुष्टालम्बनं' प्रवचनमालिन्यपरिहारादिसद्भावकारणं योऽप्रावृष्यपि वस्त्राणि 'धुवइ'त्ति प्रक्षालयति, 'अपिः' हेत्वन्तरसमुच्चये उज्ज्वलानि वस्त्राणीच्छति श्लक्ष्णानि च विभूषाहेतोरिच्छति ।।१४।।**

**ટીકાર્થ :-**

मुक्त्वा ..... हेतोरिच्छति ।। પુષ્ટાલંબનને=પ્રવચનમાલિન્યના પરિહારાદિ વાસ્તવિક કારણને છોડીને, જે=સાધુ, વર્ષાઋતુ વગર પણ વસ્ત્રોને ધુએ છે. ગાથામાં રહેલ 'अपि' શબ્દ હેતુઅંતરના સમુચ્ચયમાં છે='અવર્ષાઋતુમાં પણ' એ વચનમાં રહેલો 'अपि' શબ્દ અન્ય હેતુના સમુચ્ચયમાં છે. તે અન્ય હેતુ જ બતાવે છે. ઉજ્જ્વલ વસ્ત્રોને ઈચ્છે છે અને કોમળ વસ્ત્રોને ઈચ્છે છે. કેમ ઈચ્છે છે ? એથી કહે છે. વિભૂષાના હેતુથી ઈચ્છે છે. ।।૧૪।।

**ગાથા :-**

**पत्ताइ घट्ठ मट्ठं, करेइ तेल्लाइणा य कयतेअं ।**
**भुंजइ अ विभूसाए, बहुं च पत्थेइ उवगरणं ।।१५।।**

**ગાથાર્થ :-**

**પાત્રાદિને ઘસે છે, કોમળ કરે છે, તેલાદિથી કૃતતેજવાળા કરે છે અને વિભૂષાના હેતુથી ભોગવે છે અને ઉપકરણ બહુ ઈચ્છે છે. ।।૧૫।।**

**ટીકા :-**

'पत्ताइ'त्ति । पात्रादि आदिना दण्डकादिपरिग्रहः, 'घृष्टं' खरपाषाणादिना 'मृष्टं' श्लक्ष्णपाषाणादिना करोति, तैलादिना च कृततेजः स्थापयतीति गम्यम्, भुङ्क्ते च विभूषाया हेतोः, वस्त्रपात्रादि बहु च प्रार्थयत्युपकरणम् ।।१५।।

**ટીકાર્થ :-**

पात्रादि ..... करणम् ।। 'પાત્રાદિ' આદિ શબ્દથી દાંડા આદિનું ગ્રહણ છે. તેથી શું પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરે છે. પાત્રા, દાંડા આદિને ખરપાષાણાદિથી ઘસે છે, સુકોમળ પાષાણાદિથી મૃદુ કરે છે, તેલ આદિથી કરાયેલા તેજવાળા સ્થાપન કરે છે અને વિભૂષા હેતુથી ભોગવે છે=પાત્રાદિનો કે વસ્ત્રાદિનો ઉપયોગ કરે છે અને વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણ બહુ પ્રાર્થના કરે છે=ધર્મમાં ઉપષ્ટંભક હોય એટલા પરિમિત જ ઉપકરણ સાધુએ ગ્રહણ કરવા જોઈએ છતાં કંઈક અધિક ગ્રહણ કરે છે. ।।૧૫।।

**ગાથા :-**

**सो बउसो उवगरणे, उवगरणविभूसणाणुवत्तणओ ।**
**देहबउसो अकज्जे, करचरणणहाइ भूसेइ ।।१६।।**

**ગાથાર્થ :-**

ઉપકરણની વિભૂષાના અનુવર્તનથી તે સાધુ ઉપકરણમાં બકુશ છે. દેહબકુશ અકાર્યમાં કર, ચરણ, નખ આદિને ભૂષિત કરે છે. ।।૧૬।।

**ટીકા :-**

'सो'त्ति । स उपकरणे बकुश उपकरणविभूषाऽनुवर्त्तनतः । द्वितीयमाह—'अकार्ये' अशुचिनेत्रविकारापनयनादिसद्भूतकार्यविरहे करचरणनखादि यो भूषयति स देहविभूषानुवृत्तिस्वाभाव्याद् देहबकुशः ।।१६।।

**ટીકાર્થ :-**

स ..... देहबकुशः ।। તે=પૂર્વની બે ગાથામાં કહ્યું તે સાધુ, ઉપકરણની વિભૂષાના અનુવર્તનથી ઉપકરણમાં બકુશ છે=બકુશ સાધુ છે. બીજાને કહે છે. અકાર્યમાં=અશુચિ એવા નેત્રવિકારના અપનયનાદિ સદ્ભૂત કાર્યના વિરહમાં, કર, ચરણ, નખ આદિને જે ભૂષિત કરે છે=યથાર્થ સાફ કરે છે, તે સાધુ, દેહવિભૂષાની અનુવૃત્તિના સ્વભાવપણું હોવાને કારણે દેહબકુશ છે. ।।૧૬।।

**ભાવાર્થ :-**

બકુશ ચારિત્રી ઉપકરણને આશ્રયીને અને શરીરને આશ્રયીને બે પ્રકારના છે અને ઉપકરણને આશ્રયીને

અને શરીરને આશ્રયીને મોક્ષમાર્ગમાં કંઈક સ્ખલનારૂપ અતિચાર સ્વરૂપ કાદવ તેઓને લાગે છે. તેથી કાબરચીતરા ચારિત્રવાળા છે. વસ્તુતઃ પૂર્વમાં બતાવેલા પાસત્થા, અવસન્નાદિ સાધુઓ સન્માર્ગમાં તે તે પ્રકારે અભ્યુત્થિત ન હતા. તેથી નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત થતા ન હતા. જ્યારે ત્રીજા ઉલ્લાસમાં બતાવ્યા પ્રમાણે જે ગુરુ અનુશિષ્ટિ, ઉપાલંભ અને ઉપગ્રહ કરે છે, તેવા ગચ્છમાં રહેલા સુસાધુ નિર્ગ્રંથભાવ પ્રત્યે સદા પ્રસ્થિત હોય છે. તેથી શક્તિ અનુસાર પ્રતિદિન ક્રિયા કરીને રત્નત્રયીની વૃદ્ધિ કરે છે. તેથી ભાવથી સાધુ છે તોપણ અનાદિ પ્રમાદના સ્વભાવને કારણે કંઈક ચિત્તમાં દેહ આદિ પ્રત્યે મમત્વનો પરિણામ સ્પર્શે છે. તેથી કેટલાક સાધુ દેહને વિભૂષિત કરીને શરીરબકુશ બને છે, કેટલાક સાધુ ઉપકરણને વિભૂષિત કરીને ઉપકરણબકુશ બને છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે મહાધીરપુરુષો જ અસ્ખલિત નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત થઈ શકે છે અને તેઓને જ અનુસરનારા આ બકુશ સાધુઓ છે તોપણ પ્રમાદવશ શાસ્ત્રવિધિ બાધ કરતી હોય ત્યારે પણ વસ્ત્રાદિનું ઉજ્જ્વલન કરે છે. જેમ શાસ્ત્રમાં કહ્યું છે કે વર્ષાઋતુ આવે ત્યારે વરસાદનું પાણી નેવા ઉપરથી પડે ત્યારે પડ્યા પછી અચિત્ત થાય છે. તેથી તેને ગ્રહણ કરીને બે ઘડી પછી તેની માટી નીચે તળિયે બેસી જાય ત્યારે ઉપરના નિતારેલા પાણીમાં કંઈક ક્ષાર નાંખીને વિધિપૂર્વક સાધુ વસ્ત્રને ધોવાની ક્રિયા કરે છે અને પુષ્ટ આલંબન હોય ત્યારે શેષકાળમાં કરે છે. જેમ કોઈક એવા સ્થાનમાં વસ્યા હોય કે જ્યાં શૌચવાદી હોય તો તેઓને સાધુનાં મલિન વસ્ત્રો જોઈને થાય કે આવાં અશુચિવાળાં વસ્ત્રોથી આ લોકો ધર્મ કરે છે. તેથી આ ધર્મ આપ્ત પુરુષોથી પ્રણીત નથી અને તેવો પરિણામ શૌચવાદીને થવાથી તેઓ દુર્લભબોધિ થવાનું કર્મ બાંધે છે અને તે પ્રકારના પ્રવચનના માલિન્યના પરિહાર અર્થે સાધુ વસ્ત્ર ધુએ અથવા કોઈક તેવા પ્રકારના રોગમાં અસમાધિના પરિહાર અર્થે સાધુ વસ્ત્ર ધુએ ત્યારે આજ્ઞાનુસાર વસ્ત્ર ધોવાની ક્રિયા હોવાથી સંયમસ્થાનની જ વૃદ્ધિ થાય છે પરંતુ ઉપકરણ સ્વચ્છ રાખવાની કંઈક મનોવૃત્તિને કારણે જ્યારે સાધુ વસ્ત્ર ધુએ છે, ત્યારે તેનું ચારિત્ર અન્ય ક્રિયા દ્વારા નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોવા છતાં બકુશ બને છે.

વળી, કેટલાક સાધુને વસ્ત્રો ઉજ્જ્વલ રાખવાની ઇચ્છા થાય છે. તેનાથી પણ તેઓનું ચારિત્ર બકુશ બને છે. વળી, કેટલાક સાધુઓ વિભૂષાના હેતુથી કોમળ વસ્ત્ર ઇચ્છે છે. જે જે પ્રકારની ઇચ્છા થાય તેને અનુરૂપ તેઓનું ચારિત્ર કંઈક મલિન થાય છે તોપણ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોવાથી બકુશ નિર્ગ્રંથ કહેવાય છે.

વળી, જેમ નંદીષેણ મુનિ ચારિત્રના અત્યંત અર્થી હતા. આથી જ કામનો વિકાર ઊઠ્યો ત્યારે તેના રક્ષણ અર્થે શક્તિના પ્રકર્ષથી યત્ન કરે છે. વેશ્યાના ત્યાં રહ્યા ત્યારે પણ તીવ્ર સંવેગપૂર્વક યોગ્ય જીવોને સંસારની નિર્ગુણતા બતાવીને ચારિત્રને અભિમુખ કરે છે તોપણ નિકાચિત કર્મને કારણે ચારિત્રની પરિણતિ તેમનામાં પ્રગટ થતી ન હતી. તેમ બકુશ નિર્ગ્રંથોમાં પણ તથાપ્રકારના નિકાચિત કર્મને કારણે વ્યસન સ્થાનીય તે પ્રકારે વિભૂષા આદિની પરિણતિ પ્રગટ થાય છે. આથી જ તે બકુશ સાધુઓ પણ આત્માના નિરાકુળ સ્વરૂપનું ભાવન કરે છે, ત્યારે સ્થિર સમુદ્ર તુલ્ય આત્મા જ પારમાર્થિક સુખી છે, તેમ તેમને દેખાય છે અને કર્મના વિકારને કારણે જ જીવ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પ્રતિબંધ કરીને દુઃખી થાય છે તેમ દેખાય છે. તેથી સર્વ દ્રવ્યાદિમાં ચિત્તને પ્રતિબંધ વગરનું કરવા યત્ન કરે છે તોપણ નંદીષેણ મુનિનો

કામનો વિકાર શાંત થતો ન હતો, તેમ બકુશ નિર્ગ્રંથને પણ પોતપોતાના વિકારને અનુકૂળ દેહવિભૂષા કે ઉપકરણવિભૂષાનો પરિણામ થાય છે એટલા અંશમાં તેમનું ચારિત્ર સબલ થાય છે તોપણ પાસત્થાદિ તુલ્ય અચારિત્રી બકુશ નિર્ગ્રંથ નથી. આથી જ પોતાની સ્ખલનાઓની શુદ્ધિ કરવા પણ તેઓ કંઈક કંઈક ઉદ્યમ કરે છે. **॥૧૩થી ૧૬॥**

**અવતરણિકા :-**

**द्विविधस्याप्यस्य साधारणं स्वरूपमाह –**

**અવતરણિકાર્થ :-**

**બંને પ્રકારના પણ આનું=બકુશનિર્ગ્રંથનું, સાધારણ સ્વરૂપ કહે છે –**

**ગાથા :-**

**दुविहो वि इमो इड्ढिं, इच्छइ परिवारसंगहाइकयं ।**
**पंडिच्चतवाइकयं, जसं च पत्थेइ लोगाओ ।।१७।।**

**ગાથાર્થ :-**

**બંને પણ પ્રકારના આ=બકુશનિર્ગ્રંથ, પરિવાર સંગ્રહાદિકૃત ઋદ્ધિને ઈચ્છે છે અને લોકો પાસેથી પાંડિત્યતપાદિકૃત યશની પ્રાર્થના કરે છે. ।।૧૭।।**

**ટીકા :-**

**'दुविहो वि'त्ति । 'द्विविधोऽप्ययम्' उपकरणबकुशः शरीरबकुशश्च परिवारसङ्ग्रहादिकृताम् 'ऋद्धिं' विभूतिं वाञ्छति, बहुशिष्यपरिवारादिना समृद्धिमान् अहं स्यामिति । पाण्डित्यंतर्कग्रन्थादिपरि-ज्ञानं तपः-षष्ठाष्टमादि, ततः पाण्डित्यं च तपश्च पाण्डित्यतपसी ते आदी येषां तानि पाण्डित्यतपआदीनि तैः कृतं यशश्च लोकात् 'प्रार्थयति' मदीयं पाण्डित्यादि परीक्ष्य लोको मम यशो ब्रूयादिति ।।१७।।**

**ટીકાર્થ :-**

**'द्विविधोऽप्ययम्' ..... ब्रूयादिति ।। બંને પ્રકારના પણ આ=ઉપકરણબકુશ અને શરીરબકુશ, પરિવારના સંગ્રહાદિકૃત ઋદ્ધિને=વિભૂતિને, ઈચ્છે છે. બહુશિષ્ય પરિવાર આદિ દ્વારા હું સમૃદ્ધિવાળો થાઉં, એ પ્રકારે ઈચ્છે છે. પાંડિત્ય=તર્કગ્રંથાદિ પરિજ્ઞાન, તપ=છટ્ઠ અટ્ઠમાદિ અને ત્યાર પછી પાંડિત્ય એવું તપ પાંડિત્યતપ તે બે આદિ છે જેઓને તે પાંડિત્યતપઆદિવાળા એ પ્રકારનો સમાસ છે અને તેઓથી=પાંડિત્યતપાદિથી, કરાયેલો યશ લોકોથી પ્રાર્થના કરે છે=મારા પાંડિત્યાદિની પરીક્ષા કરીને લોકો મારો યશ કહે એ પ્રકારે ઈચ્છા કરે છે. ।।૧૭।।**

ગાથા :-

तुस्सइ नियगुणसवणा, सुहसीलो णऽप्पणो दलइ कट्ठं ।
उज्जमइ णेव बाढं, विहियाहोरत्तकिरियासु ।।१८।।

ગાથાર્થ :-

નિજગુણશ્રવણથી તોષ પામે છે. સુખશીલ સ્વભાવવાળા આત્માને કષ્ટ આપતા નથી. વિહિત દિવસ-રાતની સંયમની ક્રિયામાં ગાઢ ઉધમ કરતા નથી જ. ।।૧૮।।

ટીકા :-

'तुस्सइ'त्ति । निजगुणानां पाण्डित्यादीनां कथञ्चिल्लोकमुखप्रसिद्धिमुपगतानां श्रवणात् तुष्यति । तथा सुखशीलः सन्नात्मनः कष्टं न ददाति, उद्यच्छति नैव बाढं विहिताः-सूत्रोक्ता या अहोरात्रक्रियाः-दिनरात्रप्रतिबद्धानुष्ठानलक्षणास्तासु ।।१८।।

ટીકાર્થ :-

निजगुणानां ..... लक्षणास्तासु ।। પોતાના ગુણોના=કોઈક રીતે લોકમુખ પ્રસિદ્ધિ પામેલા પાંડિત્યાદિના શ્રવણથી તોષ પામે છે અને સુખશીલ છતાં આત્માને કષ્ટ આપતા નથી. વિહિત=સૂત્રોક્ત જે અહોરાત્ર ક્રિયા=દિનરાત પ્રતિબદ્ધરૂપ અનુષ્ઠાન લક્ષણ ક્રિયા, તેઓમાં અત્યંત ઉધમ કરતા નથી જ=કંઈક નિર્ગ્રંથભાવને અનુકૂળ યત્ન કરે છે તોપણ અત્યંત ઉધમ કરતા નથી. ।।૧૮।।

ગાથા :-

अविवित्तो परिवारो, संजमहीणो वि होइ एयस्स ।
कक्काइघट्ठजंघो, मट्ठो तह कत्तरियकेसो ।।१९।।

ગાથાર્થ :-

આનો=બકુશ ચારિત્રીનો પરિવાર અવિવિક્ત=વસ્ત્ર-પાત્રાદિમાં સ્નેહવાળો સંયમહીન પણ હોય છે અને સુગંધી દ્રવ્યોથી ઘૃષ્ટ જંઘાવાળો અને તેલની અભ્યંગનાવાળો અને કર્તિત કેશવાળો હોય છે. ।।૧૯।।

ટીકા :-

'अविवित्तो'त्ति । एतस्य बकुशस्य 'परिवारः' शिष्यपरिच्छदः 'अविविक्तः' वस्त्रपात्रादिस्नेहादपृथग्भूतः 'संयमहीनोऽपि' चारित्ररहितोऽपि भवति । तथा कल्कादिभिः-सुगन्धिद्रव्यैर्घृष्टजङ्घः, तथा 'मृष्टः' कृततैलाद्यभ्यङ्गः तथा कर्त्तितकेशो लोचभयवैक्लव्यात् ।।१९।।

**ટીકાર્થ :-**

एतस्य ..... वैक्लव्यात् ।। આનો=બકુશ સાધુનો પરિવાર=શિષ્યસમુદાય, અવિવિક્ત=વસ્ત્ર-પાત્ર-સ્નેહાદિથી અપૃથગ્ભૂત, સંયમહીન પણ=ચારિત્ર રહિત પણ થાય છે અને કલ્કાદિથી=સુગંધી દ્રવ્યોથી ઘૃષ્ટ જંઘાવાળો થાય છે અને કરાયેલા તેલાદિના અભ્યંગવાળો મૃષ્ટ શરીરવાળો થાય છે અને લોચના કષ્ટોથી ભયના વૈકલવ્યને કારણે કર્તિત કેશવાળો=મુંડન કરાયેલો થાય છે. ।।૧૯।।

**ગાથા :-**

**तह देससव्वछेआरिहेहि सबलेहिं संजुओ एसो ।**
**दुक्खक्खयट्ठमब्भुट्ठिओ अ सुत्तम्मि जं भणियं ।।२०।।**

**ગાથાર્થ :-**

**અને દેશસર્વચ્છેદ યોગ્ય શબલ ચારિત્રથી યુક્ત આ=બકુશનિર્ગ્રંથ સૂત્રમાં દુઃખક્ષય માટે=સંસારક્ષય માટે, અભ્યુત્થિત સૂત્રમાં જે કારણથી કહેવાયા છે. ।।૨૦।।**

**ટીકા :-**

**'तह'त्ति । तथा देशसर्वच्छेदार्हैः 'शबलैः' शबलचारित्रैः संयुत एष शबलः दुःखक्षयार्थमभ्युत्थितश्च, यद्भणितमेतत् प्रवचने ।।२०।।**

**ટીકાર્થ :-**

तथा ..... प्रवचने ।। અને દેશ અને સર્વ છેદ યોગ્ય શબલ ચારિત્રથી=કાબરચીતરા ચારિત્રથી, સંયુક્ત આ શબલ ચારિત્રી દુઃખક્ષય માટે અભ્યુત્થિત છે. જે કારણથી પ્રવચનમાં આ કહેવાયું છે. ।।૨૦।।

**ગાથા :-**

**उवगरणदेहचुक्खा, रिद्धीजसगारवासिया णिच्चं ।**
**बहुसबलछेयजुत्ता, णिग्गंथा बाउसा भणिया ।।२१।।**

**ગાથાર્થ :-**

**ઉપકરણ દેહથી ચોક્ખા, ઋદ્ધિરસગારવથી આશ્રિત, નિત્ય બહુશબલ પરિવારવાળા અને છેદયુક્ત એવા તે નિર્ગ્રંથબકુશો કહેવાયા છે. ।।૨૧।।**

**ટીકા :-**

**'उवगरण'त्ति । उपकरणदेहाभ्यां चोक्षाः-विशुद्धा ऋद्धियशोगारवाश्रिताः 'नित्यं' सर्वकालं बहवः शबलाः-शबलचारित्रयुक्ता येषां परिवारभूतास्ते च ते छेदयुक्ताः-छेदप्रायश्चित्तयोग्यशबलचारित्रास्ते तथा निर्ग्रन्था बकुशा भणिताः ।।२१।।**

**ટીકાર્થ :-**

**उपकरणदेहाभ्यां ..... भणिताः ।। ઉપકરણ અને દેહથી ચોક્ષા=વિશુદ્ધ, ઋદ્ધિ યશગારવથી આશ્રિત નિત્ય=સર્વકાલ, ઘણા શબલ ચારિત્રયુક્ત જેઓના પરિવારભૂત છે અને તે છેદયુક્ત=છેદપ્રાયશ્ચિત્ત યોગ્ય શબલ ચારિત્રવાળા એવા તેઓ તેવા છે=નિર્ગ્રંથબકુશ કહેવાયા છે. ।।૨૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં દેહબકુશ અને શરીરબકુશ ચારિત્રીનું સ્વરૂપ બતાવ્યું અને તેઓ અન્ય પણ કેવી પ્રમાદની આચરણા કરે છે, તે પ્રસ્તુતમાં બતાવે છે. આમ છતાં, ઉપાધ્યાય યશોવિજયજી મહારાજાએ સ્તવનમાં કહ્યું છે કે જે બકુશકુશીલની વિપરીત આચરણા છે, તે સંભવ માત્રને આશ્રયીને છે. સપ્તમ સ્થાન તેમાં સાક્ષી છે. તેથી, પ્રસ્તુત ગાથાઓમાં વર્ણન કરાયેલા કોઈક કોઈક દોષો કોઈક કોઈક સાધુમાં સંભવી શકે છે છતાં તેઓ કલ્યાણના અર્થી છે, નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે વળી ક્યારેક દેશ કે સર્વ છેદ સુધીના દોષો સેવીને તેઓ ચારિત્રને વિકૃત પણ કરે છે અને શુદ્ધિ પણ કરે છે. જો છેદ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ પછી સર્વ છેદની પ્રાપ્તિ થાય તો મૂલ પ્રાયશ્ચિત્ત પણ પ્રાપ્ત થાય છે અને જો ત્યારપછી પણ શુદ્ધિ ન કરે તો અચારિત્રી પણ થઈ શકે છે. આથી જ, ઓગણીસમી ગાથામાં કહ્યું કે તેમનો શિષ્ય પરિવાર વસ્ત્ર-પાત્રાદિમાં સ્નેહ કરીને સંયમહીન પણ હોય છે અને પ્રમાદવશ દેહ પ્રત્યે મમત્વને કારણે સુગંધી દ્રવ્યોનો ઉપયોગ કરે છે, લોચની શક્તિ હોવા છતાં કષ્ટ પ્રત્યેના દ્વેષને કારણે મુંડન પણ કરે છે.

તેથી તેવી કોઈક વિશિષ્ટ પ્રમાદઆચરણાકાળમાં તે વિશિષ્ટ ચારિત્રી ચારિત્રહીન થાય તોપણ ફરી શુદ્ધિ કરીને અભ્યુત્થિત પણ થાય છે. જેમ સિંહગુફાવાસી મુનિ કોશ્યા પાસે જાય છે, ત્યારે ચારિત્રહીન થવા છતાં ફરી અભ્યુત્થિત થયા, તેમ બકુશ સાધુ પણ સંયમની ક્રિયાઓ કરે છે, ત્યારે નિર્ગ્રંથભાવ પ્રત્યે જાય છે, શાસ્ત્રો ભણે છે, ત્યારે સંવેગ પણ કરે છે તો વળી પોતાના પાંડિત્યનું કંઈક અભિમાન કરીને પોતાના ચારિત્રને કાબરચીતરું પણ કરે છે. નિર્જરા અર્થે છટ્ઠ, અટ્ઠમાદિ તપ કરે છે તોપણ લોકના યશની કંઈક કંઈક ઇચ્છા પણ સ્પર્શે છે. આથી જ લોકોની પ્રશંસા સાંભળીને ચિત્તમાં કંઈક તોષ પણ થાય છે અને તપ અને શાસ્ત્રઅધ્યયન કરીને સંવેગ પણ ઉત્પન્ન કરે છે. આથી જ કાબરચીતરું પણ ચારિત્ર છે. આથી જ પ્રતિદિન સાધુ સામાચારી સેવે છે તોપણ તીવ્ર સંવેગપૂર્વક ઉદ્યમ કરતા નથી. તેના કારણે જ સુખશીલ સ્વભાવ પોષાય છે, માન-સન્માન અડે છે. વળી, ઉપદેશ આપીને યોગ્ય જીવોને તારવાની પરિણતિ પણ છે. આથી જ દીક્ષા આપે છે તોપણ પોતાનો વિશાળ પરિવાર જોઈને સમૃદ્ધિની પણ પરિણતિને સ્પર્શે છે. તેથી જ બકુશ ચારિત્રી અત્યંત અપ્રમાદી હોય તેઓને જ અલ્પ દોષોનો સંભવ છે. જ્યારે વારંવાર નિમિત્તોથી સ્ખલના પામતા હોય તેવા બકુશ સાધુઓને દેશ કે સર્વચ્છેદ સુધીના પ્રાયશ્ચિત્તનો પણ સંભવ છે. બધા બકુશોને છેદપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ હોય તેવો સંભવ નથી અને બધા બકુશ સાધુઓને પૂર્વમાં વર્ણન કરાયેલા બધા દોષોની પ્રાપ્તિ હોય તેવો પણ નિયમ નથી તોપણ આ સર્વ દોષોમાંથી કોઈકને કોઈક દોષો પ્રાપ્ત થાય અને છેદ પ્રાયશ્ચિત્ત સુધી સંયમથી હીન થાય તોપણ નિર્ગ્રંથભાવને

અનુકૂળ તેઓનું વીર્ય ઉલ્લસિત હોય છે અને શુદ્ધિ કરીને ફરી શુદ્ધ ચારિત્રવાળા પણ થાય છે તોપણ સ્ખલનાઓ તેઓને માટે અશક્ય પરિહાર સ્વરૂપ જ હોય છે. તેથી બકુશ નિર્ગ્રંથ કહેવાય છે. આથી જ ગાથા-૨૦માં કહ્યું કે આ બકુશનિર્ગ્રંથ પ્રવચનમાં સંસારના દુઃખના ક્ષય માટે અભ્યુત્થિત છે. તેથી સ્ખલના પણ પામતા તેઓ ભવના ક્ષય અર્થે નિર્ગ્રંથભાવમાં પ્રસ્થિત છે, તેમ ફલિત થાય છે. **॥૧૭થી ૨૧॥**

**અવતરણિકા :-**

**अत्र कश्चिदाक्षिपति –**

**અવતરણિકાર્થ :-**

**અહીં=પૂર્વમાં ગાથા-૧૭થી ૨૧ સુધી બકુશચારિત્રની શબલ આચરણાઓ બતાવી. એમાં કોઈક આક્ષેપ કરે છે.**

**ગાથા :-**

**उत्तरगुणसेवा वि हु, नणु णिच्चं चरणघाइणी भणिया ।**
**कम्मक्खयट्ठमब्भुट्ठिअस्स सा जुज्जए कह णु ।।२२।।**

**ગાથાર્થ :-**

**'ननु'થી પૂર્વપક્ષી કહે છે. નિત્ય ઉત્તરગુણસેવા પણ ચરણઘાતિની કહેવાઈ છે. કર્મક્ષય માટે અભ્યુત્થિત સાધુને તે=નિત્ય ઉત્તરગુણપ્રતિસેવા કેવી રીતે ઘટે ? ॥૨૨॥**

**ટીકા :-**

**'उत्तर'त्ति । नन्वित्याक्षेपे, उत्तरगुणसेवाऽपि 'नित्यं' सर्वकालं चरणघातिनी भणिता, मण्डप-सर्षपदृष्टान्तात् । तथा च कर्मक्षयार्थमभ्युत्थितस्य 'सा' नित्यमृद्धियशोगारवाश्रितत्वभणनेन प्रकटीकृता नित्यमुत्तरगुणप्रतिसेवा कथं नु युज्यते ?, कर्मक्षयार्थाभ्युत्थाननिरन्तरोत्तरगुणसेवयोः परस्परं विरोधादिति भावः ।।२२।।**

**ટીકાર્થ :-**

**नन्वित्याक्षेपे ..... भावः ।। 'ननु' શબ્દ આક્ષેપમાં છે=ગ્રંથકારશ્રીએ બકુશનિર્ગ્રંથની શિથિલ આચરણાઓ બતાવી, ત્યાં દોષઉદ્ભાવન માટે 'ननु' શબ્દ આક્ષેપમાં છે. નિત્ય=સર્વકાલ, ઉત્તરગુણની સેવા પણ ચરણઘાતિની કહેવાઈ છે; કેમ કે મંડપસર્ષપનું દૃષ્ટાંત છે અને તે રીતે=સદા ઉત્તરગુણની સેવા ચારિત્ર નાશ કરનાર છે. તે રીતે કર્મક્ષય માટે ઉત્થિત એવા બકુશચારિત્રીને તે=નિત્ય ઋદ્ધિયશોગારવના આશ્રિતપણાના કથન દ્વારા પ્રગટ કરાયેલી નિત્ય ઉત્તરગુણની પ્રતિસેવા કેવી રીતે ઘટે ? કેમ કે કર્મક્ષય માટેનું અભ્યુત્થાન અને નિરંતર ઉત્તરગુણની સેવાનો પરસ્પર વિરોધ છે. ॥૨૨॥**

**ભાવાર્થ :-**

પૂર્વની ગાથા-૧૭થી ૨૧માં બકુશચારિત્રીઓ કેવી શબલ આચરણા કરે છે. તે બતાવ્યું અને ગાથા-૨૧માં કહ્યું કે તેઓ નિત્ય ઋદ્ધિ અને યશગારવને ઇચ્છે છે. ત્યાં પૂર્વપક્ષી કહે છે. શાસ્ત્રમાં ઉત્તરગુણના અતિચારો કઈ રીતે મૂલગુણોનો ઘાત કરે છે ? તે બતાવવા માટે મંડપસર્ષપનું દૃષ્ટાંત બતાવેલ છે. જેમ કેળના પાંદડાથી અલ્પ કાળ માટે આવશ્યક એવો કોઈએ મંડપ બનાવેલો હોય જે ભાર સહન કરી શકે તેમ ન હોય, જેની ઉપર સરસવના દાણાઓ કેટલાક નાંખો ત્યાં સુધી તે તૂટતો નથી પરંતુ અધિક સરસવનો ભાર આવે તો મંડપ તૂટે છે. ત્યાં મંડપસ્થાનીય ચારિત્ર છે અને સર્ષપસ્થાનીય ઉત્તરગુણના અતિચારો છે અને પથ્થરસ્થાનીય મૂલગુણના અતિચારો છે. તેથી તે મંડપ ઉપર પથ્થર પડે તો તત્કાલ મંડપ તૂટે છે. તેમ મૂલગુણના અતિચારો ચારિત્રરૂપ મંડપનો તત્કાલ નાશ કરે છે અને સરસવના ભાર તુલ્ય ઉત્તરગુણના અતિચારો ક્રમસર વધતાં ચારિત્રરૂપ મંડપનો નાશ કરે છે. તેથી જો બકુશ નિર્ગ્રંથ સતત આ પ્રકારના ઉત્તરગુણોની પ્રતિસેવા કરે તો સંયમની ક્રિયાથી ઉત્થિત થયેલું ચારિત્ર પણ કિંચિત્કાળ પછી નાશ પામશે અર્થાત્ સંયમની સર્વ ક્રિયાઓથી જેઓ અંતરંગ રીતે ઉત્થિત છે, તેઓનું ચિત્ત બાહ્ય પદાર્થો પ્રત્યે અસંશ્લેષવાળું થવાથી અભ્યંતર ગ્રંથરૂપ કષાયો ક્ષીણ થવાથી અર્થાત્ અલ્પ અલ્પતર થવાથી ચિત્તના સ્વાસ્થ્યરૂપ ચારિત્ર પ્રગટ થાય છે અને ઋદ્ધિગારવ, રસગારવ આદિ રૂપ કષાયોના સંશ્લેષ સ્વરૂપ અતિચારોથી તે ચારિત્રની પરિણતિ કઈ રીતે રહી શકે ? અર્થાત્ રહી શકે નહિ એમ પૂર્વપક્ષીનો આશય છે.

વળી, ગાથા-૨૦માં કહ્યું એ પ્રમાણે કર્મક્ષય માટે બકુશચારિત્ર અભ્યુત્થિત છે તો તેઓને નિત્ય ઉત્તરગુણ પ્રતિસેવા કઈ રીતે ઘટે ? અર્થાત્ ઘટે નહિ; કેમ કે સંસારની ચાર ગતિઓના દુઃખના કારણીભૂત એવા કર્મોના ક્ષય અર્થે જેઓ ઉત્થિત હોય તેઓ કર્મબંધના કારણીભૂત કષાયો અને નોકષાયોના ક્ષય માટે યત્ન કરે છે અને તેવા સાધુ નિરંતર ઉત્તરગુણની વિપરીત આચરણા કરે તો કષાયક્ષયને અનુકૂળ ઉદ્યમ કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ; કેમ કે કષાયક્ષયનો ઉદ્યમ અને કષાયમાં પ્રવર્તનરૂપ ઉત્તરગુણની પ્રતિસેવા, તે બેનો પરસ્પર વિરોધ છે. **॥૨૨॥**

**અવતરણિકા :-**

**एतत्समाधातुमाह ग्रन्थकृत् –**

**અવતરણિકાર્થ :-**

**આનું સમાધાન કરવા માટે=પૂર્વગાથામાં કોઈકે આક્ષેપ કર્યો, તેના સમાધાન માટે ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**कम्मक्खयट्ठमब्भुट्ठिअस्स सा हंदि कम्मदोसकया ।**
**ण कुणइ चरणविघायं, विवक्खभावेण पडिबद्धा ।।२३।।**

**ગાથાર્થ :-**

**કર્મક્ષય માટે અભ્યુત્થિત એવા બકુશનિર્ગ્રંથને તે=નિત્ય ઉત્તરગુણની સેવા કર્મદોષકૃત છે. વિપક્ષના ભાવનથી પ્રતિબદ્ધ એવી તે પ્રતિસેવા ચરણગુણનો ઘાત કરતી નથી. ॥૨૩॥**

**ટીકા :-**

'कम्मक्खयट्ठ'मिति । कर्मक्षयार्थमभ्युत्थितस्य बकुशनिर्ग्रन्थस्य 'हन्दि' इत्युपदर्शने 'सा' नित्यमुत्तरगुणसेवा व्यसनस्थानीया 'कर्मदोषकृता' निरुपक्रमतथाविधचारित्रमोहनीयकर्मवैगुण्यजनिता न तूत्कटभावजनिता, तस्य संज्वलनातिरिक्तकषायोदयाभावात्; अतो न करोति चारित्रविघातम्, मन्दभावकृतत्वात् । किञ्च 'विपक्षभावेन' प्रतिसेवनीयगतप्रतिसेवाप्रतिकूलपरिणामेन तत्तत्प्रायश्चित्तापत्तिकरणपरिणामेन च प्रतिबद्धा, अतोऽपि न करोति चरणविघातम्, मन्त्रशक्तिप्रतिबद्धमिव विषं प्राणि(ण)विघातमिति ज्ञेयम् ।।२३।।

**ટીકાર્થ :-**

कर्मक्षयार्थम ..... ज्ञेयम् ।। **કર્મક્ષય માટે અભ્યુત્થિત બકુશનિર્ગ્રંથની તે=નિત્ય ઉત્તરગુણની સેવા, વ્યસનસ્થાનીય કર્મદોષકૃત છે=નિરુપક્રમ તેવા પ્રકારના ચારિત્રમોહનીય કર્મના વૈગુણ્યજનિત છે, પરંતુ ઉત્કટભાવજનિત નથી; કેમ કે તેમને=બકુશનિર્ગ્રંથને, સંજ્વલનથી અતિરિક્ત કષાયના ઉદયનો અભાવ છે. આથી=સંજ્વલન કષાયથી અન્ય કષાયના ઉદયનો અભાવ હોવાથી, ચારિત્રના વિઘાતને કરતી નથી=ઉત્તરગુણ પ્રતિસેવા ચારિત્રના વિઘાતને કરતી નથી; કેમ કે મંદભાવકૃતપણું છે=ઋદ્ધિગારવ આદિ ભાવો મંદભાવકૃત છે. વળી, વિપક્ષના ભાવનથી=પ્રતિસેવનીયગત પ્રતિસેવાના પ્રતિકૂળ પરિણામથી=ઋદ્ધિગારવ આદિ જે પ્રતિસેવનીય દોષો છે તેમાં રહેલ ઋદ્ધિગારવ આદિના પરિણામરૂપ જે પ્રતિસેવા છે, તેનાથી પ્રતિકૂળ એવી તેની નિંદા-ગર્હા આદિ રૂપ પરિણામથી અને તે તે પ્રાયશ્ચિત્તના સ્વીકારના પરિણામથી પ્રતિબદ્ધ કર્મદોષ છે. આથી પણ ચારિત્રનો વિઘાત કરતી નથી. મંત્રશક્તિથી પ્રતિબદ્ધ વિષ જેમ પ્રાણ વિઘાત કરતું નથી, એ પ્રમાણે જાણવું. ॥૨૩॥**

**ભાવાર્થ :-**

બકુશનિર્ગ્રંથ સંસારથી ભય પામેલા છે. સંસારના પરિણામના કારણીભૂત કર્મક્ષય માટે અભ્યુત્થિત છે તોપણ નિરુપક્રમ એવા તેવા પ્રકારના ચારિત્રમોહનીય કર્મના દોષને કારણે વ્યસનસ્થાનીય તેઓની નિત્ય ઉત્તરગુણ પ્રતિસેવા છે. જેમ નંદિષેણ મુનિને ચારિત્રનો તીવ્ર રાગ હતો તોપણ નિરુપક્રમ કામવિકારને પેદા કરે તેવું ચારિત્રમોહનીય કર્મ ઉદયમાં હતું. તેથી જેમ વ્યસની પુરુષ વ્યસનના અનર્થને જાણે છે તોપણ નિવારણ કરી શકતો નથી, તેમ નંદિષેણ મુનિ પણ કામના વિકારોનું નિવારણ કરવાના અત્યંત અર્થી હતા તોપણ તેઓ તે કામના વિકારો શાંત કરી શકે તેમ ન હતા. ફક્ત તેમના તે વિકારો નિરુપક્રમ કર્મથી જનિત હોવા છતાં અવિરતિ આપાદક કષાયદોષથી ઊઠેલા હોવાથી ઉત્કટ ભાવજનિત હતા. જ્યારે

બકુશનિર્ગ્રંથના માન-ખ્યાતિના પરિણામરૂપ જે કષાયો હોય છે, તે નિરુપક્રમ સંજ્વલનકષાયના ઉદયથી હોય છે. તેથી નંદિષેણ મુનિ જેવા ઉત્કટ ભાવજનિત ન હતા.

વળી, જેઓનું સંજ્વલનકષાયનું કર્મ નિરુપક્રમ નથી, તેઓ સંવેગના પરિણામથી તે પ્રકારના માન-ખ્યાતિના પરિણામને પણ સ્પર્શતા નથી. પરંતુ લોકો માન-સન્માન આપે કે ન આપે તે પ્રત્યે તેઓ સમાન ચિત્તવાળા સહજ રહી શકે છે અને સંસારના સ્વરૂપના ભાવનથી કર્મક્ષય માટે ઉદ્યમશીલ રહી શકે છે. પરંતુ બકુશનિર્ગ્રંથમાંથી કેટલાક મહાત્માને સંજ્વલન કષાયઆપાદક કર્મો નિરુપક્રમ હોય છે. તેથી કર્મક્ષય માટે ઉત્થિત થયેલા છે. આથી જ કર્મક્ષયના પ્રયોજનથી શાસ્ત્ર ભણે છે, તપ આદિ કરે છે તોપણ નિમિત્તને પામીને માન-ખ્યાતિની ઇચ્છાથી સ્ખલના પણ પામે છે તોપણ વારંવાર પોતાની સ્ખલનાનું વિપરીત ભાવન કરીને તે સ્ખલનાને દૂર કરવા યત્ન કરે છે અને તે તે સ્ખલનાના જે જે પ્રાયશ્ચિત્તો પ્રાપ્ત થાય છે, તેના સેવન દ્વારા તે અતિચારોને ચારિત્રનો નાશ કરતાં અટકાવે છે. જેમ મંડપ ઉપર થોડાક સરસવના દાણા પડ્યા હોય અને નવા નવા પડતા રહે તો પણ તે મંડપ તૂટે છે પરંતુ થોડા સરસવના દાણા પડ્યા પછી તેને દૂર કરવામાં આવે તો નવા સરસવના દાણા પડે તો પણ તે મંડપ તૂટતો નથી. તેમ બકુશનિર્ગ્રંથોનો ચારિત્રરૂપી મંડપ ઉત્તરગુણોના અતિચારરૂપ સરસવથી કંઈક શિથિલ થાય છે તોપણ કોઈ વિવેકી પુરુષ તે સરસવ દાણાને દૂર કરે તેમ વિવેકી બકુશનિર્ગ્રંથ તત્ત્વના આલોચનથી તે અતિચારોનું પ્રાયશ્ચિત્ત આદિ દ્વારા શોધન કરે છે. તેથી ફરી કર્મદોષને કારણે સ્ખલનાઓ થવા છતાં તે અતિચારો ચારિત્રનો વિઘાત કરતા નથી. જેમ મંત્રશક્તિથી પ્રતિબદ્ધ વિષ પ્રાણનો નાશ કરતું નથી, તેમ બકુશનિર્ગ્રંથો નિમિત્તને પામીને ઋદ્ધિગારવ આદિ ભાવોને સેવીને પણ ફરી અભ્યુત્થિત થાય છે અને તે સ્ખલનાઓને દૂર કરવા યત્ન કરે છે. તેથી તે સ્ખલનાઓ ચારિત્રના પ્રાણરૂપ દેહનો નાશ કરવા સમર્થ બનતી નથી.

વળી, કેટલાક બકુશનિર્ગ્રંથો મંગુ આચાર્યની જેમ ઋદ્ધિગારવાદિને વશ થાય છે અને જેમ મંગુ આચાર્યએ તે અતિચારોના શોધન માટે યત્ન ન કર્યો. તેથી ચારિત્રના પરિણામથી પાત પામ્યા. જોકે મંગુ આચાર્ય બહુશ્રુત હતા, કંઈક કલ્યાણના અર્થી હતા અને બકુશનિર્ગ્રંથની જેમ જ પર્ષદા આદિના અર્થી હતા. પરંતુ વારંવાર તત્ત્વનું ભાવન કરીને આત્મહિતમાં અભ્યુત્થિત થયા નહિ. તેથી કાળ કરીને વ્યંતર થાય છે અને વ્યંતરના ભવમાં પશ્ચાત્તાપ થવાથી પોતાના શિષ્યોને બોધ કરાવે છે. તેમ બકુશનિર્ગ્રંથ પણ વારંવાર નિસ્તરંગ સમુદ્ર જેવા આત્માના સ્વરૂપનું ભાવન કરીને તેમાં સ્ખલના કરાવનારા ઋદ્ધિગારવ આદિ અતિચારોનું સમ્યગ્ શોધન ન કરે તો ચારિત્ર રહિત પણ થાય છે. પરંતુ જે બકુશનિર્ગ્રંથો છે, તેઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોવાથી અવશ્ય અતિચારોને દૂર કરવા યત્ન કરે છે. **॥૨૩॥**

**અવતરણિકા :-**

**निगमयति –**

**અવતરણિકાર્થ :-**

**નિગમન કરે છે=અત્યાર સુધી બકુશનિર્ગ્રંથનું સ્વરૂપ બતાવ્યું. હવે તે કથનનો ફલિતાર્થ બતાવે છે –**

ગાથા :-

णिद्धंधसो ण तम्हा, बउसो साहू फुडं अणायारी ।
बउसो पुण दुविअप्पो, जुज्जइ जोगम्मि थिरभावो ।।२४।।

ગાથાર્થ :-

તે કારણથી નિર્ધ્વંસ સાધુ બકુશ નથી. સ્પષ્ટ અનાચારી છે. વળી, યોગમાં સ્થિરભાવવાળા બકુશનિર્ગ્રંથ બે વિકલ્પવાળા ઘટે છે. ।।૨૪।।

ટીકા :-

'णिद्धंधसो'त्ति । 'तस्मात्' भावविशेषेण निरन्तरोत्तरगुणसेवायाश्चारित्राविघातकत्वात् 'निद्धन्धसः' प्रवचनोपघातनिरपेक्षप्रतिसेवाकारी न बकुशः साधुः, किन्तु स्फुटमनाचारी, चारित्रपालनानुकूल-भावलेशस्याप्यभावादनाचारप्रवृत्तत्वाच्च । 'बकुशः' बकुशनिर्ग्रन्थः पुनः 'योगे' स्वाङ्गीकृतमार्गे 'स्थिरभावः' दृढभग्नानुसन्धानपरिणामः 'द्विविकल्पः' उपकरणशरीराभ्यां द्विभेदो युज्यते । ननु यद्येवं द्विविधोऽप्ययं बकुशो निर्ग्रन्थस्तदा कथं शास्त्रेऽकालवस्त्रधावनादिना बाकुशिकत्वप्रसङ्गो दूषणमुच्यते ? सत्यम्, बाकुशिकापकृष्टस्थाने प्राप्ते दोषस्याभिधानात् ।।२४।।

ટીકાર્થ :-

'तस्मात्' ..... भिधानात् ।। તે કારણથી=ભાવવિશેષ દ્વારા નિરંતર ઉત્તરગુણસેવાનું ચારિત્રનું અવિઘાતકપણું હોવાથી=જેઓ અતિચારકાળમાં પણ તે સ્ખલનાઓથી આત્માનું રક્ષણ કરવા યત્ન કરે છે અને તે સ્ખલના પછી પણ શોધન કરવા યત્ન કરે છે તેવા ભાવવિશેષથી વારંવાર ઉત્તરગુણની પ્રતિસેવા કરે છે તેઓની ઉત્તરગુણની પ્રતિસેવાનું ચારિત્રનું અનાશકપણું હોવાથી નિર્ધ્વંસ=પ્રવચનના ઉપઘાતના નિરપેક્ષ પ્રતિસેવાકારી, બકુશ સાધુ નથી, પરંતુ સ્પષ્ટ અનાચારી છે; કેમ કે ચારિત્રપાલનને અનુકૂળ ભાવલેશનો પણ અભાવ છે અને અનાચાર પ્રવૃત્તપણું છે. વળી, બકુશનિર્ગ્રંથ યોગમાં=સ્વ વડે સ્વીકારાયેલા મોક્ષમાર્ગમાં સ્થિર ભાવવાળા=દૃઢ ભગ્નઅનુસંધાનના પરિણામવાળા=અતિચારથી ભગ્ન થયેલા ચારિત્રના પરિણામને દૃઢ રીતે અનુસંધાનના પરિણામવાળા, બે વિકલ્પવાળા=ઉપકરણ શરીરના બે ભેદવાળા, ઘટે છે. 'ननु'થી પૂર્વપક્ષી શંકા કરે છે. જો આ રીતે=તમે કહ્યું એ રીતે, બે પ્રકારના પણ બકુશનિર્ગ્રંથ છે=નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે તો શાસ્ત્રમાં અકાલ વસ્ત્રધાવનાદિ દ્વારા બાકુશિકત્વના પ્રસંગરૂપ દૂષણ કહેવાય છે=જેઓ અકાલ વસ્ત્રધાવનાદિ કરે છે તેઓને બાકુશિકત્વરૂપ દોષની પ્રાપ્તિ થશે, તેવું દૂષણ કેમ અપાય છે ? તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે. તારું કથન સત્ય છે. બાકુશિક અપકૃષ્ટ સ્થાન પ્રાપ્ત થયે છતે=બાકુશિક દોષજન્ય અપકૃષ્ટ સંયમસ્થાન પ્રાપ્ત થયે છતે, દોષનું અભિધાન છે. ।।૨૪।।

**ભાવાર્થ :-**

પૂર્વની ગાથામાં કહ્યું કે બકુશનિર્ગ્રંથ ઋદ્ધિગારવાદિ નિત્ય સેવે છે તોપણ તે દોષો નિકાચિત કર્મને કારણે વ્યસનસ્થાનીય છે અને તે મહાત્માને ચારિત્ર પ્રત્યે બદ્ધ રાગ છે. તેથી જ થયેલી તે સ્ખલનાઓનું ફરી ફરી શોધન કરીને તે સ્ખલનાઓને દૂર કરવા યત્ન કરે છે. તેથી ચારિત્રના રક્ષણના ભાવવિશેષને કારણે તેઓની નિરંતર=વારંવાર થતી, ઉત્તરગુણની સ્ખલના પણ ચારિત્રનો નાશ કરી શકતી નથી અને જે સાધુ સંયમની બાહ્ય ક્રિયાઓ કરે છે તોપણ ભગવાનનું પ્રવચન પોતાનામાં કેમ સમ્યગ્ પરિણમન પામે અને શિષ્યોમાં પણ કેમ ભગવાનનું વચન પરિણમન પામે, તેની ચિંતા કરતા નથી. તેઓ પ્રવચનના નાશ પ્રત્યે નિરપેક્ષ પરિણામવાળા છે. તેથી તેઓ માનખ્યાતિ અર્થે કે શાતા અર્થે પ્રયત્ન કરતા હોય અને ઉપકરણબકુશ કે શરીરબકુશ જેવી જ વિપરીત આચરણા કરતા હોય તોપણ પોતાની નિંદા કરીને અને શિષ્યાદિને તે પ્રકારની પ્રવૃત્તિથી વારણ કરવા યત્ન કરતાં નથી, તેઓ નિર્ધ્વંસ પરિણામવાળા છે. તેથી જ અતિચારોથી પ્રવચનની પરિણતિનો નાશ થતો દૂર કરવા યત્ન કરતા નથી. તે સાધુ બકુશ નથી, પરંતુ સ્પષ્ટ અનાચારી છે; કેમ કે ચારિત્રના રક્ષણને અનુકૂળ પ્રતિસેવાકાળમાં પણ ભાવ નથી અને પ્રતિસેવા કરીને તેના શોધનને અનુકૂળ ભાવ નથી. કાળનું અવલંબન લઈને આ કાળમાં બકુશકુશીલ ચારિત્ર હોય છે. તેમ વિચારીને ચારિત્રથી વિરુદ્ધ અનાચારની પ્રવૃત્તિ કરે છે. તેથી સ્થૂલથી બકુશકુશીલ નિર્ગ્રંથ સદૃશ બાહ્ય આચરણા હોવા છતાં અનાચારી હોવાથી અચારિત્રી જ છે. આનાથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરતાં કહે છે.

જેઓને પોતાના વડે સ્વીકારાયેલા યોગમાર્ગમાં સ્થિરભાવ છે. આથી જ નિમિત્તને પામીને ચારિત્રમાં સ્ખલના ન થાય તેવો યત્ન કરે છે તોપણ અનાદિના સેવાયેલા વ્યસન જેવા કષાયો કંઈક પોતાના ચારિત્રમાર્ગને ભગ્ન કરે છે છતાં તે ભગ્ન થયેલા ચારિત્રના પરિણામને દૃઢ યત્નપૂર્વક જેઓ સાંધે છે, જેથી ફરી અકષાયભાવને અનુકૂળ તેઓનો ચારિત્રનો પરિણામ દૃઢ થાય છે તેવા ઉપકરણથી અને શરીરથી બે પ્રકારના બકુશનિર્ગ્રંથ છે અર્થાત્ કંઈક ચારિત્ર કાબરચીતરું બને છે, છતાં તેને દૂર કરીને નિરાકુળ સ્વભાવરૂપ નિર્ગ્રંથભાવમાં જવા યત્ન કરે છે અને નિરુપક્રમ કર્મને કારણે કંઈક કંઈક સ્ખલના પણ પામે છે તોપણ ચારિત્રી છે. અહીં, કોઈક શંકા કરતાં કહે છે. જો બકુશ સાધુ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે. આથી ચારિત્રી છે તો અપવાદના કારણ વગર કોઈ વસ્ત્રધાવનાદિ કરે છે. તેઓનું ચારિત્ર બકુશ થશે, તેમ કહીને દૂષણ કેમ આપ્યું ? વસ્તુતઃ તેઓ ચારિત્રી છે માટે તેઓનું ચારિત્ર દૂષિત થશે, તેમ કહેવું જોઈએ નહિ. તેથી કહે છે. વસ્ત્રધાવનાદિ પૂર્વે તત્ત્વના ભાવનથી તેઓનું જે નિર્ગ્રંથભાવ પ્રત્યેના પ્રસ્થાનવાળું ચારિત્ર હતું, તે અકાલ વસ્ત્રધાવન આદિની આચરણાથી અપકૃષ્ટ સ્થાનને પામે છે તે બતાવવા માટે તેને દોષરૂપે કહે છે. **॥૨૪॥**

**અવતરણિકા :-**

**द्वयोरप्यनयोः प्रत्येकं भेदानाह –**

**અવતરણિકાર્થ :-**

**બંને પણ આ બેના=બકુશકુશીલના, પ્રત્યેકને આશ્રયીને ભેદોને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સામાન્યથી બકુશ ચારિત્રી ઉપકરણ અને શરીરને આશ્રયીને બે પ્રકારના છે, તેમ કહેલું. હવે તે બંનેમાંથી પ્રત્યેકને ગ્રહણ કરીએ તો તે પ્રત્યેકના અવાંતર ભેદો અનેક થાય છે. તે ભેદોને કહે છે.

**ગાથા :-**

**दुविहो वि हु पत्तेयं, पंचविहो होइ सो पुणो बउसो ।**
**आभोगमणाभोगे, संवुडय असंवुडे सुहुमे ।।२५।।**

**ગાથાર્થ :-**

**વળી, બંને પણ પ્રત્યેકને આશ્રયીને તે બકુશ પાંચ પ્રકારના થાય છે. આભોગ, અનાભોગ, સંવૃત, અસંવૃત, સૂક્ષ્મ. ।।૨૫।।**

**ટીકા :-**

**'दुविहो वि हु'त्ति । स पुनर्बकुशो द्विविधोऽप्युपकरणशरीरभेदात् प्रत्येकमुपकरणे शरीरे च पञ्चविधो भवति–आभोगबकुशोऽनाभोगबकुशः संवृतबकुशोऽसंवृतबकुशो यथासूक्ष्मबकुशश्चेति ।।२५।।**

**ટીકાર્થ :-**

**स पुनर्बकुशो ..... बकुशश्चेति ।। વળી, ઉપકરણ અને શરીરના ભેદથી બંને પ્રકારના પણ તે બકુશનિર્ગ્રંથ પ્રત્યેકને આશ્રયીને=ઉપકરણ અને શરીર બંનેને આશ્રયીને, પાંચ પ્રકારના થાય છે – (૧) આભોગબકુશ (૨) અનાભોગબકુશ (૩) સંવૃતબકુશ (૪) અસંવૃતબકુશ (૫) યથાસૂક્ષ્મ-બકુશ. ।।૨૫।।**

**અવતરણિકા :-**

**एतानेव विवेचयति –**

**અવતરણિકાર્થ :-**

**આમને જ=આભોગાદિ ભેદોને જ વિવેચન કરે છે –**

**ગાથા :-**

**साहूणमिणमकिच्चं, इय जाणंतो वि कुणइ आभोगे ।**
**अमुणंतोऽणाभोगे, संवुड मूलुत्तरगुणेसु ।।२६।।**

**ગાથાર્થ :-**

**સાધુનું આ અકૃત્ય છે, એ પ્રમાણે જાણતા કરે છે. આભોગમાં=આભોગમાં તે બકુશ છે. નહિ જાણતા અનાભોગમાં બકુશ છે. મૂલઉત્તરગુણમાં સંવૃત થયેલા સંવૃતબકુશ છે. ।।૨૬।।**

**ટીકા :-**

**'साहूणं'ति । साधूनामेतदकृत्यमिति जानन्नपि यः करोति दोषं स आभोगे बकुशः । 'अमुणंतो'त्ति, अकृत्यमेतदित्यप्रतिसंदधानो यो दोषं करोति सोऽनाभोगे बकुशः । 'संवुड'त्ति, विभक्तिलोपः प्राकृतत्वात्, मूलोत्तरगुणयोः स्वप्रतिज्ञातयोः 'संवृतः' निरुद्धविपर्यस्तप्रवृत्तिः सन् बाकुशिकसंयमस्थान-योगात् संवृतो बकुशः ।।२६।।**

**ટીકાર્થ :-**

**साधूनामेतदकृत्यमिति ..... बकुशः ।। સાધુઓને આ અકૃત્ય છે, એ પ્રમાણે જાણતા જ જે દોષને કરે છે, તે આભોગમાં બકુશ છે. આ અકૃત્ય છે, એ પ્રકારના અપ્રતિસંધાનવાળા જે દોષને કરે છે, તે અનાભોગબકુશ છે. ગાથામાં 'संवुड' શબ્દ છે, ત્યાં પ્રાકૃતપણાને કારણે વિભક્તિનો લોપ છે. સ્વપ્રતિજ્ઞાત એવા મૂલઉત્તરગુણમાં સંવૃત=નિરુદ્ધ કરાયેલી વિપરીત પ્રવૃત્તિવાળા છતાં બાકુશિક સંયમસ્થાનના યોગથી સંવૃતબકુશ છે. ।।૨૬।।**

**ભાવાર્થ :-**

બકુશ સાધુઓ શરીરને આશ્રયીને અને ઉપકરણને આશ્રયીને બે ભેદવાળા કહ્યા. તેથી એ ફલિત થાય કે કેટલાક સાધુઓને ઉપકરણ પ્રત્યે જ તે પ્રકારનું મમત્વ હોય છે કે જેથી ઈષદ્ પ્રતિસેવા કરીને ચારિત્રને મલિન કરે છે તો કેટલાક સાધુઓને શરીર પ્રત્યે તે પ્રકારે મમત્વ હોય છે કે જેથી ઈષદ્ પ્રતિસેવા કરીને ચારિત્રને મલિન કરે છે. તે બંનેમાંથી કોઈપણ પ્રકારના બકુશ સાધુ આભોગ આદિ ભેદથી પાંચ પ્રકારના થાય છે. તેમાંથી પ્રથમ આભોગને આશ્રયીને બકુશ સાધુ કેવા હોય છે ? તે સ્પષ્ટ કરે છે. જોકે સુસાધુએ ભગવાનના વચનના સ્મરણપૂર્વક સર્વ પ્રવૃત્તિ કરવી જોઈએ. તેથી પ્રવૃત્તિના પ્રારંભ પૂર્વે આ કૃત્ય મારા સંયમની વૃદ્ધિનું કારણ છે કે નહિ, તેનો નિર્ણય કરીને જ સુસાધુ તે તે કૃત્ય કરે છે, આમ છતાં પણ તેવા બોધવાળા સાધુને અંતરંગ કષાયને વશ સંયમને મલિન કરે, તેવી કોઈક પ્રવૃત્તિને અભિમુખ ચિત્ત થાય છે, ત્યારે જે મહાત્માને સ્મરણ થાય છે કે સાધુને માટે આ અકૃત્ય છે છતાં તે કષાયને વશ તે પ્રવૃત્તિ કર્યા વગર રહી શકે નહિ તે આભોગને આશ્રયીને બકુશ છે. જેમ કોઈ રોગીને બોધ હોય કે મારા માટે આ અપથ્ય છે તોપણ તે ખાવાની ઉત્કટ ઇચ્છા થાય ત્યારે કંઈક અપથ્ય સેવ્યા વગર રહી શકે નહિ. તેવી જ રીતે આભોગ બકુશ સાધુ પણ કંઈક સકંપ રીતે તે કૃત્ય કરે છે છતાં પણ સંયમ પ્રત્યે પક્ષપાતવાળા હોવાથી તે સેવાયેલા કૃત્યની નિંદા-ગર્હા કરે છે અને સેવાયેલા એવા તેવા પ્રકારના કૃત્યનું સ્મરણ કરીને તેને શિથિલ કરવા યત્ન કરે છે. તેથી ચારિત્રના પક્ષપાતનો પરિણામ વિદ્યમાન રહે છે. ચારિત્ર પ્રત્યેનો

યત્ન પણ પ્રવર્તે છે. વળી, જાણવા છતાં પણ દોષનું સેવન થાય છે. તેથી તે સાધુ આભોગબકુશ છે; કેમ કે નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થાન પણ છે અને નિર્ગ્રંથભાવને મલિન કરે તેવા કષાયને કંઈક વશ થઈને સંજ્વલનજન્ય અતિચાર દોષને સેવે છે. વળી, જે સાધુઓ નિઃશુક થઈને તે પ્રકારના દોષોને સેવવાની પ્રવૃત્તિઓ કરે છે, તેઓની ચારિત્રના નાશક કષાયજન્ય તે પ્રવૃત્તિઓ છે.

વળી, કેટલાક સાધુ અનાભોગબકુશ છે. જોકે સુસાધુને શું કૃત્ય છે અને શું અકૃત્ય છે, તેનો બોધ અવશ્ય હોય આમ છતાં નિમિત્તને પામીને તે કૃત્યને અભિમુખ પ્રયત્ન કરાવે તેવો પ્રમાદ ઊઠે છે, ત્યારે આ કૃત્ય મને અકર્તવ્ય છે તેવું સ્મરણ થતું નથી પરંતુ તે પ્રકારની ઇચ્છાથી સહસા પ્રવૃત્તિ થાય છે, તે અનાભોગબકુશ છે. જેમ કોઈએ ઉપવાસ કર્યો હોય અને ઉપવાસની ઉપસ્થિતિ ન હોય તો સહસા ખાવાની ઇચ્છા થાય અને કોઈક વસ્તુ મુખમાં નાંખે તે અનાભોગથી આહારની પ્રવૃત્તિ છે. તેમ સંયમને માટે આ અકૃત્ય છે, એ પ્રકારનું સ્મરણ નહિ થવાથી જે દોષ સેવે છે, તે અનાભોગબકુશ છે.

વળી, કેટલાક સાધુ તત્ત્વનું ભાવન કરીને વારંવાર પોતાની પ્રતિજ્ઞાને અનુરૂપ મૂલઉત્તરગુણોમાં સંવૃત ચિત્તવાળા હોય છે. તેથી સાક્ષાત્ કોઈ પ્રતિસેવા કરતા નથી તોપણ તે પ્રકારની શરીરની શોભા કે ઉપકરણાદિની શોભા પ્રત્યે કંઈક સંશ્લેષવાળું ચિત્ત હોય છે. તેથી બાકુશિક સંયમસ્થાનનો યોગ છે માટે બાકુશિક સંયમસ્થાનની મલિનતા તેઓમાં વર્તે છે; કેમ કે મૂલ-ઉત્તરગુણની પ્રવૃત્તિ જ મારું હિત છે, તેમ ભાવન કરીને ઉપકરણ પ્રત્યે કે શરીર પ્રત્યે જે ઈષદ્ રાગજન્ય વિકાર છે, તેને પણ તેઓ ઉત્થિત થવા દેતા નથી. તેથી સંવૃત બકુશ છે. જેમ કોઈ વિવેકી શ્રાવકે પૂર્વમાં કંદમૂળ આદિ ખાધેલું હોય અને કોઈક વસ્તુ અત્યંત પ્રિય હોય તોપણ મારાથી તેનું સેવન થાય નહિ, તેમ વિચારીને ચિત્તને સંવૃત રાખે છે તોપણ અંતરંગ રીતે તે સ્વાદ પ્રત્યે ઈષદ્ રાગ વર્તતો હોય ત્યારે સ્પષ્ટ ખાવાની ઇચ્છા ઉપયોગના સંવરને કારણે થતી નથી તોપણ તેને જોઈને કંઈક અભિમુખભાવ થાય છે. તેમ સંવૃત બકુશ સાધુ પોતાની પ્રતિજ્ઞામાં સુપ્રણિધાનવાળા હોવાથી બાહ્યથી દોષ સેવતા નથી તોપણ તે દોષને અભિમુખ સૂક્ષ્મભાવ તેઓમાં વર્તે છે, તેઓ સંવૃતબકુશ છે. **॥૨૬॥**

**ગાથા :-**

**विवरीओऽसंवुडओ, अहवा इह संवुडोऽपयडदोसो ।**
**पयडो असंवुडो अहसुहुमो नयणाइमज्जणओ ।।२७।।**

**ગાથાર્થ :-**

**વિપરીત અસંવૃત છે અથવા અહીં=લોકમાં, અપ્રગટદોષવાળા સંવૃત છે. પ્રગટ દોષવાળા અસંવૃત છે. ચક્ષુ આદિના મજ્જનથી યથાસૂક્ષ્મ છે. ॥૨૭॥**

**ટીકા :-**

**'विवरीओ'त्ति । विपरीतो मूलोत्तरगुणयोः 'असंवृतकः' असंवृतबकुशः । प्रकारान्तरमाह—**

अथवा 'इह' लोके 'अप्रकटदोषः' अविदितापराधः संवृतः, 'प्रकटः' लोकविदितदोषोऽसंवृतः, अस्ति च दोषप्राकट्याप्राकट्ययोः सापेक्षनिरपेक्षपरिणामाभ्यां भेदः । व्याख्याद्वैविध्यं चेदं भगवतीवृत्तौ व्यवस्थितमित्यस्माभिरप्येवमुक्तम् । क्वचित्तु मूलोत्तरगुणैर्युक्तः संवृत इत्यस्यैव लोकेऽविज्ञातदोषः संवृतबकुश इति व्याख्यानं दृश्यते । नयनादीनां-लोचनवदनादीनां मज्जनात्-प्रक्षालनादक्षिमलाद्यपनयनाद् यथासूक्ष्मबकुशः ।।२७।।

**ટીકાર્થ :-**

विपरीतो ..... बकुशः ।। વિપરીત=મૂલઉત્તરગુણમાં વિપરીત, અસંવૃતબકુશ છે=સંવૃતબકુશ મૂલઉત્તરગુણમાં સંવૃત હોય છે. તેથી મન-વચન-કાયા દ્વારા કૃત્યથી સાક્ષાત્ પ્રતિસેવા કરતા નથી. જ્યારે અસંવૃતબકુશને વ્યસન જેવા નિરુપક્રમ કર્મો નિમિત્તને પામીને ઉદ્ભવે છે, ત્યારે મૂલઉત્તરગુણમાં અતિચારોને સેવે છે. પ્રકારાંતરે કહે છે=સંવૃતઅસંવૃતબકુશના સ્વરૂપને અન્ય પ્રકારે કહે છે – અથવા અહીં=લોકમાં અપ્રગટ દોષવાળા=અવિદિતઅપરાધવાળા, સંવૃત=સંવૃતબકુશ, છે. પ્રગટ= લોકવિદિત દોષવાળા, અસંવૃતબકુશ નિર્ગ્રંથ છે. અહીં પ્રશ્ન થાય કે સંવૃતઅસંવૃત બંને દોષ સેવનારા છે. તેથી કૃત્યથી બંને સમાન છે. તેથી તે બેનો ભેદ કઈ અપેક્ષાએ છે ? તેથી કહે છે. દોષ પ્રાગટ્ય અને અપ્રાગટ્યમાં સાપેક્ષ નિરપેક્ષ પરિણામ દ્વારા ભેદ છે=જે બકુશ પ્રગટ રીતે દોષ સેવતા નથી, તેઓ લોકમાં ધર્મની હીલના ન થાય તેવા સાપેક્ષ પરિણામવાળા છે અને જેઓ પ્રગટ દોષ સેવે છે, તેઓનો કંઈક કષાય ઉત્કટ છે. જેથી લોક આગળ પ્રવચનનું કંઈક હીનપણું દેખાશે તોપણ સેવ્યા વિના રહી શકતા નથી. તેથી, નિરપેક્ષ પરિણામવાળા પ્રગટસેવી કરતાં અપ્રગટસેવીનો ભેદ છે અને આ=પ્રકારાંતરથી સંવૃતઅસંવૃતનો ભેદ કર્યો એ, વ્યાખ્યાનું દ્વૈવિધ્ય ભગવતીની વૃત્તિમાં વ્યવસ્થિત છે=બતાવાયેલું છે. એથી અમારા વડે પણ આ રીતે="અથવા"થી બીજા પ્રકારે બતાવ્યું એ રીતે કહેવાયું છે. વળી, ભગવતીની કોઈક વૃત્તિમાં મૂલગુણોથી યુક્ત સંવૃત છે, એમનું જ=એવા સાધુનું જ, લોકમાં અવિજ્ઞાતદોષવાળા સંવૃતબકુશ છે એ પ્રકારે વ્યાખ્યાન દેખાય છે. નયન આદિનું=લોચન, વદન આદિનું, મજ્જન કરવાથી=પ્રક્ષાલન કરવાથી, અક્ષિના મલાદિનું અપનયન કરવાથી યથાસૂક્ષ્મબકુશ છે. ।।૨૭।।

**ભાવાર્થ :-**

પૂર્વમાં અનાભોગ આદિ ત્રણ બકુશ સાધુનું સ્વરૂપ બતાવ્યું. તેમાં સંવૃતબકુશ સ્વપ્રતિજ્ઞા અનુસાર મૂલ-ઉત્તરગુણમાં સંવૃત છે, તેથી સ્ખલના વગર પ્રવૃત્તિ કરનારા છે તેમ બતાવ્યું. હવે, તેનાથી વિપરીત મૂલઉત્તરગુણમાં જે અસંવૃત છે, તે અસંવૃતબકુશનિર્ગ્રંથ છે. તેથી એ પ્રાપ્ત થાય કે સંયમની ઉચિત ક્રિયાઓ દ્વારા નિર્ગ્રંથભાવ પ્રત્યે ઉત્થિત છે માટે નિર્ગ્રંથ છે. વળી, તેઓનો નિર્ગ્રંથભાવ શબલ છે=કાબરચીતરો છે, તેથી બકુશ છે અને સંવૃતબકુશનો પણ નિર્ગ્રંથભાવ કાબરચીતરો છે. તેથી સંવૃત હોવાને કારણે મૂલઉત્તરગુણની આચરણા સમ્યક્ કરે છે. ફક્ત મતિજ્ઞાનના ઉપયોગરૂપ ચિત્તમાં કંઈક સંયમનો પરિણામ કાબરચીતરો છે.

તેના કરતાં અસંવૃતનિર્ગ્રંથનો પરિણામ અધિક કાબરચીતરો છે. તેથી, નિમિત્તોને પામીને મૂલઉત્તરગુણના અતિચારોથી સ્ખલના પામે છે તોપણ નિર્ગ્રંથભાવ પ્રત્યેનો બદ્ધ રાગ હોવાને કારણે તથાપ્રકારના નિરુપક્રમ કર્મને કારણે વ્યસનસ્થાનીય તેઓની પ્રવૃત્તિઓ છે.

વળી, ભગવતીની વૃત્તિમાં અન્ય પ્રકારે સંવૃત-અસંવૃતનો અર્થ કર્યો છે, તે પણ શબ્દની મર્યાદાથી સંગત થાય છે. તેથી, ગ્રંથકારશ્રી તે અર્થને અહીં બતાવે છે. કેટલાક સાધુ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોય છે છતાં સંજ્વલન કષાયના ઉદયથી કંઈક કાબરચીતરું તેમનું સંયમ વર્તે છે તેના કારણે શરીર બકુશ કે ઉપકરણ બકુશ બને છે છતાં પણ લોકોમાં પ્રગટ થાય તે રીતે શરીરની સ્વચ્છતા આદિ કરતા નથી. જો લોકોમાં પ્રગટ રીતે તે પ્રકારની પ્રવૃત્તિ કરે તો વિવેકી લોકોને થાય કે આ સુસાધુ નિર્લેપ થવા અર્થે જ સંયમમાં ઉત્થિત છે છતાં શરીર કે વસ્ત્રાદિમાં શૌચની પરિણતિના બળથી ચારિત્રને મલિન કરે છે. તેથી આમનો ધર્મ તેવો શોભન નથી. માટે તે સાધુ લોકોથી પ્રચ્છન્ન રહીને જ તેવી પ્રવૃત્તિ કરે છે. તે અપ્રગટસેવી હોવાથી સંવૃત છે.

વળી, કેટલાકને તે પ્રકારની સ્વચ્છતાની ઇચ્છા તેવી ઉત્કટ થાય છે કે લોકો જાણતા હોય તોપણ તેનો પરિહાર કરતા નથી. તેથી, અપ્રગટસેવી કંઈક સાપેક્ષ પરિણામવાળા હોવાથી પ્રગટસેવી કરતાં શુદ્ધ છે તોપણ બકુશ ચારિત્રવાળા છે. જ્યારે પ્રગટ વિપરીત સેવનારા સાધુ નિર્ગ્રંથભાવ પ્રત્યેના રાગવાળા હોવા છતાં અને લોકોને આ અનુચિત પ્રવૃત્તિ જણાશે, તેમ જાણનારા હોવા છતાં નિરપેક્ષ પરિણામના બળથી પ્રગટ સેવે છે. આ પ્રકારનો અર્થ ભગવતીની વૃત્તિ અનુસાર કર્યો. વળી, ત્યાં જ અન્ય કોઈ વૃત્તિમાં કહેલ છે કે મૂળઉત્તરગુણોથી યુક્ત જ સંવૃત છે. તેથી લોકમાં તે અવિજ્ઞાતદોષવાળા છે. તેથી આ વ્યાખ્યાન પ્રમાણે અવિજ્ઞાતદોષવાળાનો અર્થ "શાસ્ત્રસંમત આચરણાથી વિપરીત નહિ સેવનારા સંવૃતબકુશ છે" એ પ્રમાણે પ્રાપ્ત થાય છે.

વળી, યથાસૂક્ષ્મ બકુશ ચક્ષુ આદિનું પ્રક્ષાલન કરે છે, ચક્ષુના મળને દૂર કરે છે. તે વખતે કંઈક અશુચિ પ્રત્યે અરુચિભાવ વર્તે છે તેથી તે પ્રવૃત્તિકાળમાં નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થાન મલિન થાય છે તોપણ પૂર્વના નિર્ગ્રંથો કરતાં અલ્પ પ્રમાણવાળો બકુશભાવ છે. તેથી યથાસૂક્ષ્મ બકુશ કહેલ છે.

અહીં વિશેષ એ છે કે સુસાધુનું સ્વરૂપ બતાવતાં સર્વત્ર રાધાવેધ સાધકનું દૃષ્ટાંત અને તેલપાત્રધારક પુરુષનું દૃષ્ટાંત બતાવાય છે. તેથી, બકુશ સાધુ પણ રાધાવેધ સાધકની જેમ અપ્રમાદથી ઉત્થિત છે અને તેલપાત્રધારક પુરુષ જેમ વર્તમાનના ભવના રક્ષણ અર્થે બાહ્ય વિષયોથી સંવૃત થઈને આખા નગરમાં અપ્રમાદથી ફરે છે, તેમ અનંત મરણોથી ભય પામેલ અને મરણોના કારણીભૂત કષાયોથી આત્માનું રક્ષણ કરવાર્થે સુસાધુ પણ ઉપયોગથી સંયમની સર્વ ક્રિયાઓ કરે છે અને તેઓ જ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે આમ છતાં અનાદિનો ભવઅભ્યસ્ત પ્રમાદ છે. તેથી શરીરબકુશ અને ઉપકરણબકુશ સાધુઓ વારંવાર સ્ખલના પામીને મોહનાશ માટે સુભટની જેમ કરાતા અંતરંગ વ્યાપારને દેહાદિ નિમિત્તે અને ઉપકરણાદિ નિમિત્તે સ્ખલના પમાડે છે તોપણ જેઓ મોહનાશ માટે બહુધા ઉદ્યમ કરતા નથી, તેઓ બકુશનિર્ગ્રંથ નથી; કેમ કે સંજ્વલન કષાયથી અતિરિક્ત કષાયોના ઉદયથી જીવ મોહની સામે સુભટની જેમ લડી શકતો

નથી. જ્યારે બકુશ સાધુને બાર કષાયોના ક્ષયોપશમજન્ય નિર્ગ્રંથભાવ વર્તે છે અને સંજ્વલનના ઉદયજન્ય બકુશભાવ વર્તે છે. આથી જ અતિચારોથી ભગ્ન થયેલા ચારિત્રનું તેઓ દૃઢ યત્નથી અનુસંધાન કરે છે.

વળી, ગુણસ્થાનકની પ્રાપ્તિ રાધાવેધસાધક ઉપયોગથી જ આવે છે. આથી જ મિથ્યાદૃષ્ટિ જીવ પણ અધિગમથી સમ્યક્ત્વ પામે ત્યારે જે અપૂર્વકરણ કરે છે, તે રાધાવેધસાધક ઉપયોગથી જ કરે છે. વળી, ક્યારેક જીવોને નિસર્ગથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, ત્યારે અનાભોગથી રાધાવેધસાધક ઉપયોગ પ્રાપ્ત થાય છે. વળી કેટલાક જીવોથી કોઈક દુષ્કૃત થયું હોય અને પોતાના દુષ્કૃતને દુષ્કૃત્ય રૂપે જાણીને તેઓને તીવ્ર પશ્ચાત્તાપ થાય છે. જેના બળથી તેઓ પ્રત્યેકબુદ્ધાદિ થાય છે, ત્યારે પણ અનાભોગથી રાધાવેધસાધક ઉપયોગથી ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે. વળી ગુણસ્થાનકની વૃદ્ધિના અર્થીએ અપ્રમાદની વૃદ્ધિ માટે યત્ન કરવો જોઈએ અને અપ્રમાદની વૃદ્ધિ માત્ર બાહ્ય અનુષ્ઠાનના પાલનથી થતી નથી, પરંતુ તે તે અનુષ્ઠાનમાં અપેક્ષિત ઉચિત યત્નથી થાય છે. આથી જ બકુશ સાધુ પણ સંયમની ઉચિત યતનાના બળથી જ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત થાય છે. **॥૨૭॥**

**અવતરણિકા :-**

**कृता बकुशप्रज्ञापना । अथ कुशीलप्रज्ञापनामाह –**

**અવતરણિકાર્થ :-**

**બકુશની પ્રજ્ઞાપના કરાઈ=બકુશ સાધુઓનું સ્વરૂપ કથન કરાયું. હવે, કુશીલની પ્રજ્ઞાપનાને કહે છે=કુશીલ નિર્ગ્રંથનું સ્વરૂપ કહે છે –**

**ગાથા :-**

**सीलं चरणं तं जस्स कुच्छिअं सो हवे इह कुसीलो ।**
**पडिसेवणाकसाए, सो दुविहो होइ णायव्वो ।।२८।।**

**ગાથાર્થ :-**

**શીલ, ચરણ તે જેનું કુત્સિત છે તે અહીં=નિર્ગ્રંથની પ્રરૂપણામાં, કુશીલ થાય. તે પ્રતિસેવના અને કષાયમાં બે પ્રકારના જ્ઞાતવ્ય થાય છે. ।।૨૮।।**

**ટીકા :-**

**'सीलं'ति । शीलं चरणं तद् यस्य कुत्सितं भवेत् स इह कुशील उच्यते, स प्रतिसेवनाकषाययोः एकवचनं समाहारद्वन्द्ववशात् द्विविधो भवति ज्ञातव्यः, प्रतिसेवनाकुशीलः कषायकुशीलश्चेति द्विविधः कुशील इत्यर्थः । तत्र सम्यगाराधनाप्रतिकूला प्रतिगता वा सेवना प्रतिसेवना, तदुक्तम्–"सम्माराहण-विवरीआ पडिगया वा सेवणा पडिसेवण"त्ति । कषायाश्च-कषस्य-संसारस्याऽऽयः-लाभो येभ्यस्ते क्रोधादयः प्रसिद्धा एवेति द्रष्टव्यम् ।।२८।।**

**ટીકાર્થ :-**

शीलं ..... द्रष्टव्यम् ।। શીલ, ચરણ તે જેને કુત્સિત થાય તે અહીં કુશીલ કહેવાય છે=આત્માના નિરાકુળ સ્વભાવમાં પ્રવર્તનરૂપ ચરણ જેનું કુત્સિત થયેલું છે, તે અહીં કુશીલ કહેવાય છે. તે=કુશીલ સાધુ, પ્રતિસેવના અને કષાયોમાં બે પ્રકારના જ્ઞાતવ્ય થાય છે. ગાથામાં રહેલો 'स' શબ્દ સમાહારદ્વંદ્વના વશથી એકવચનમાં છે. તે બે ભેદો સ્પષ્ટ કરે છે. પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ એમ બે પ્રકારના સાધુઓ છે. ત્યાં=બે પ્રકારના કુશીલમાં, સમ્યગ્ આરાધનાને પ્રતિકૂળ એવી સેવના અથવા સમ્યગ્ આરાધનાને વિપરીત પામેલ સેવના પ્રતિસેવના છે, એમ કહેવાયું છે. સમ્યગ્ આરાધના વિપરીત પ્રતિસેવના અથવા પ્રતિસેવના છે અને કષાયો ક્રોધાદિ પ્રસિદ્ધ જ છે. કષાયની વ્યુત્પત્તિ સ્પષ્ટ કરે છે. કષનો=સંસારનો=જીવને જે કદર્થના કરે એવા સંસારનો, આય=લાભ, જેનાથી છે, તે ક્રોધાદિ પ્રસિદ્ધ જ છે, એ પ્રમાણે જાણવું. ।।૨૮।।

**અવતરણિકા :-**

द्विविधस्याप्यस्य प्रतिभेदानाह –

**અવતરણિકાર્થ :-**

બે પ્રકારના પણ આના=બે પ્રકારના કુશીલ નિર્ગ્રંથના પ્રતિભેદોને કહે છે –

**ગાથા :-**

**पत्तेअं पंचविहो, सो पुण दुविहो वि होइ णायव्वो ।**
**नाणे दंसण चरणे, तवे अ अहसुहुमए चेव ।।२९।।**

**ગાથાર્થ :-**

**તે વળી બંને પ્રકારના પણ કુશીલ નિર્ગ્રંથ પ્રત્યેકને આશ્રયીને પાંચ પ્રકારના જ્ઞાતવ્ય થાય છે. જ્ઞાનના વિષયમાં, દર્શનના વિષયમાં, ચારિત્રના વિષયમાં, તપના વિષયમાં અને યથાસૂક્ષ્મ કુશીલ. ।।૨૯।।**

**ટીકા :-**

'पत्तेयं'ति । स पुनर्द्विविधोऽपि कुशीलः प्रत्येकं पञ्चविधो भवति ज्ञातव्यः, प्रतिसेवनाकुशीलोऽपि पञ्चविधः, कषायकुशीलोऽपि च पञ्चविध इत्यर्थः । कथम् ? इत्याह–ज्ञाने दर्शने चरणे तपसि यथासूक्ष्मश्च ।।२९।।

**ટીકાર્થ :-**

स पुनर्द्विविधोऽपि ..... यथासूक्ष्मश्च ।। તે વળી બંને પ્રકારના પણ કુશીલ પ્રત્યેકને આશ્રયીને પાંચ

પ્રકારના જ્ઞાતવ્ય થાય છે. પ્રતિસેવનાકુશીલ પણ પાંચ પ્રકારના છે અને કષાયકુશીલ પણ પાંચ પ્રકારના છે. કેવી રીતે પાંચ પ્રકારના છે ? એથી કહે છે. જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં અને તપમાં કુશીલ અને યથાસૂક્ષ્મ કુશીલ. ॥૨૯॥

**અવતરણિકા :-**

तत्र प्रतिसेवनाकुशीलस्य पञ्च भेदान् विवेचयति –

**અવતરણિકાર્થ :-**

ત્યાં=બે પ્રકારના કુશીલ નિર્ગ્રંથમાં, પ્રતિસેવનાકુશીલના પાંચ ભેદોનું વિવેચન કરે છે –

**ગાથા :-**

**नाणाईणं पडिसेवणाइ पडिसेवणाकुसीलो सिं ।**
**अहसुहुमो पुण तुस्सं, जणविहिअगुणप्पसंसाए ।।३०।।**

**ગાથાર્થ :-**

**જ્ઞાનાદિની પ્રતિસેવનાથી પ્રતિસેવના કુશીલ થાય છે. વળી, યથાસૂક્ષ્મ જનવિહિત ગુણપ્રશંસાથી તોષ પામતા થાય છે. ॥૩૦॥**

**ટીકા :-**

'नाणाईणं'ति । 'ज्ञानादीनां' ज्ञानदर्शनचारित्रतपसां 'प्रतिसेवनया' कालाद्यङ्गवैकल्यसेवनया-ऽनासेवनया वा 'सिं'ति तेषां-ज्ञानदर्शनचारित्रतपसां प्रतिसेवनाकुशीलो भवति । जनविहिता या गुणप्रशंसा-एष तपस्वी एष चारित्रीत्यादिलक्षणा तया श्रूयमाणया तुष्यन् पुनर्यथासूक्ष्मः प्रतिसेवनाकुशीलः ।।३०।।

**ટીકાર્થ :-**

'ज्ञानादीनां' ..... कुशीलः ।। જ્ઞાનાદિની=જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની, પ્રતિસેવનાથી=કાલાદિ અંગના વૈકલ્યના સેવનથી અથવા અનાસેવનથી તેઓની=જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપની, પ્રતિસેવનાથી કુશીલ થાય છે. લોકોથી કહેવાયેલી જે ગુણની પ્રશંસા "તપસ્વી આ છે, ચારિત્રી આ છે" ઈત્યાદિ રૂપ સંભળાતી એવી તેનાથી=પ્રશંસાથી, તોષ પામતો વળી યથાસૂક્ષ્મ પ્રતિસેવનાકુશીલ છે. ॥૩૦॥

**ભાવાર્થ :-**

આત્મા નિરાકુળ સ્વભાવમાં વર્તે તે ચરણ છે અને તે ચરણ કુત્સિત થાય, તે કુશીલ છે અને તે કુશીલ બે રીતે થાય છે. સંયમની વિપરીત આચરણાથી સંયમકુશીલ થાય છે, તે પ્રતિસેવનાકુશીલ છે અને કષાયથી આત્માનું નિરાકુળ સ્વરૂપ કુત્સિત થાય છે, તે કષાયકુશીલ છે. જોકે બકુશ સાધુનું પણ પ્રતિસેવનાથી

કુત્સિત ચારિત્ર છે તોપણ તેઓની પ્રતિસેવના બકુશત્વને આપાદક હતી. જેનું વર્ણન પૂર્વમાં કર્યું. જ્યારે પ્રસ્તુતમાં કુશીલ નિર્ગ્રંથો જે પ્રતિસેવના કરે છે, તે બકુશની પ્રતિસેવના કરતાં કંઈક અન્ય પ્રકારની છે. તેથી તેના પાંચ ભેદો દ્વારા પ્રતિસેવનાકુશીલનું સ્વરૂપ ગાથા-૩૦માં સ્પષ્ટ કરે છે.

જેઓ સંસારથી ભય પામેલા છે, મોહના નાશ માટે સુભટની જેમ ઉદ્યમ કરે છે અને મોહનાશનો ઉપાય જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આચરણા છે. જે આચરણાના બળથી જ તે મહાત્માઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે. આમ છતાં નિર્ગ્રંથભાવને અતિશય કરવાર્થે જ નવું નવું જ્ઞાન ભણે છે, ત્યારે જ ભગવાનના વચનનું સ્મરણ કરીને કાલાદિ જે જ્ઞાન આસેવનનાં અંગો છે, તે સર્વ વિધિ અનુસાર પોતે ઉત્થિત થઈને કરે તો વિશિષ્ટ પ્રકારના જ્ઞાનની વૃદ્ધિ થાય છતાં કંઈક સુખશીલ સ્વભાવને કારણે તે અંગની સમ્યગ્ સેવનની શક્તિ હોવા છતાં અંગવૈકલ્યથી જ્ઞાન ભણે છે, ત્યારે તે જ્ઞાનના અધ્યયન દ્વારા જ તેઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે છતાં તે અંગને કંઈક વિકલ સેવીને પોતાનું ચારિત્ર તે અંશથી કુત્સિત કરે છે. તેથી તેઓનું નિર્ગ્રંથભાવ પ્રત્યેનું પ્રસ્થાન જ્ઞાનની પ્રતિસેવાથી મ્લાન થાય છે. વળી, ક્યારેક જ્ઞાનાચાર સેવવાની શક્તિ હોવા છતાં અને સંયોગ હોવા છતાં સેવે નહિ. તેથી તેઓનું ચારિત્ર કુત્સિત બને છે. તેથી જ્ઞાનને આશ્રયીને પ્રતિસેવનાકુશીલ બને છે. વળી, નિર્ગ્રંથ સાધુને નિર્ગ્રંથભાવ જ તત્ત્વરૂપે દેખાય છે, સર્વ હિતનું કારણ છે, તેવો નિર્મલબોધ છે તોપણ તે મહાત્મા પોતાને જે તત્ત્વનું દર્શન છે, તેને જ સૂક્ષ્મ સૂક્ષ્મતર કરવા સદા યત્ન કરે છે અને વિચારે છે કે સિદ્ધના જીવો સંપૂર્ણ નિર્ગ્રંથ છે. તેથી પૂર્ણ સુખી છે. સંસારી જીવો દેહ, કર્મ અને કષાયોના ગ્રંથોથી ઘેરાયેલા છે. એટલું જ નહિ પણ ધન, સ્વજન આદિ ગ્રંથોથી ઘેરાયેલા છે. તેના કારણે સતત પીડિત છે માટે મારે ગ્રંથના ત્યાગ માટે યત્ન કરવાના પ્રયોજનથી ગ્રંથના પારમાર્થિક સ્વરૂપનું દર્શન સૂક્ષ્મસૂક્ષ્મતર કરવું જોઈએ. જેથી નિર્ગ્રંથભાવનું સૂક્ષ્મદર્શન થવાથી સમ્યગ્દર્શન નિર્મલ નિર્મલતર થાય. આમ છતાં પ્રમાદવશ તે દર્શનને નિર્મલ કરવા સમ્યગ્ યત્ન ન કરે તો દર્શનથી કુશીલ થાય છે. આથી જ છઠ્ઠા ગુણસ્થાનકમાં સૂક્ષ્મમિથ્યાત્વ વર્તે છે. જેનો પરિહાર કરવો જોઈએ એ પ્રમાણે પંચવસ્તુકમાં પૂ. હરિભદ્રસૂરિજીએ કહેલ છે. તેથી જે સાધુ દર્શનકુશીલ નથી, તેઓ તે પ્રકારના સૂક્ષ્મ મિથ્યાત્વને કાઢવા માટે શક્તિ અનુસાર અપ્રમાદ કરે છે. તેઓ દર્શનકુશીલ નથી અને જેઓ તે પ્રકારે દર્શનશુદ્ધિમાં યત્ન કરવા છતાં તેના ઉપાયોને સમ્યગ્ સેવતા નથી, તેઓ દર્શનને આશ્રયીને કુશીલ છે.

વળી, કેટલાક સાધુ શક્તિ પ્રમાણે નવું નવું શ્રુત મેળવવા માટે યત્ન કરતા હોય, દર્શનને પણ નિર્મળ નિર્મળતર કરવા યત્ન કરતાં હોય. આથી જ મૂઢતા આપાદક દર્શન આવારક કર્મોનો સતત ક્ષય કરતા હોય છે છતાં પણ આત્માના નિરાકુળ સ્વભાવમાં સ્થિર સ્થિરતર થવા અર્થે સુપ્રણિધાનપૂર્વક સંયમની ક્રિયામાં પ્રમાદવશ પ્રતિસેવના કરે છે. જેથી સૂક્ષ્મ બોધ છે, દર્શન નિર્મળ છે તોપણ શક્તિના પ્રકર્ષથી ચારિત્રને અતિશય કરવામાં પ્રમાદ વર્તે છે. તેથી ચારિત્રકુશીલ નિર્ગ્રંથ બને છે. જોકે ચારિત્રમાં પ્રતિસેવનાથી કુશીલ પણ સાધુ નિર્ગ્રંથભાવના અત્યંત અર્થી છે. તેથી કંઈક યત્ન પણ કરે છે તોપણ પ્રતિસેવનાને આશ્રયીને કુશીલ છે.

વળી, કેટલાક મહાત્મા જ્ઞાન-દર્શન-ચારિત્રમાં શક્તિના પ્રકર્ષથી સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે અને વિશિષ્ટ નિર્જરાર્થે સાધુ શક્તિના પ્રકર્ષથી તપમાં યત્ન કરે છે. છતાં કોઈક સાધુ જ્ઞાન-દર્શન-ચારિત્રમાં અપ્રમાદી હોવા છતાં તપની વિશિષ્ટ શક્તિ હોય તોપણ તેમાં અલ્પ વીર્ય પ્રવર્તાવે તો વિશિષ્ટ નિર્જરાથી વંચિત થાય છે, તેઓ તપને આશ્રયીને પ્રતિસેવનાકુશીલ છે.

વળી, કેટલાક સાધુ જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં અને તપમાં અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરીને મોહનાશમાં યત્ન કરે છે અને તેઓના તે પ્રકારના મહાધૃતિબળની લોકો પ્રશંસા કરે છે. ત્યારે તે સાંભળીને કંઈક તોષ થાય છે. તે યથાસૂક્ષ્મ પ્રતિસેવનાકુશીલ છે. સામાન્યથી જેઓ જ્ઞાનાદિ ચારેયના સુદૃઢ વ્યાપારવાળા હોય, તેઓનો વિષયમાં ઉપયોગ પ્રવર્તતો નથી તોપણ ક્યારેક તેવી પરિણતિમાં તેવી એકાગ્રતા ન હોય ત્યારે લોકોની પ્રશંસા પણ કંઈક ચિત્તને સ્પર્શે છે, તેઓ યથાસૂક્ષ્મ પ્રતિસેવનાકુશીલ છે. **॥૨૮થી ૩૦॥**

**અવતરણિકા :-**

**कषायकुशीलस्य पञ्च भेदान् विवेचयति –**

**અવતરણિકાર્થ :-**

**કષાયકુશીલના પાંચ ભેદોનું વિવેચન કરે છે –**

**ગાથા :-**

**जो नाणाई जुंजइ, कसायओ सो कुसीलओ तत्थ ।**
**चरणम्मि सावदाणा, मणसा कुविओ अहासुहुमो ।।३१।।**

**ગાથાર્થ :-**

**કષાયથી જે સાધુ જ્ઞાનાદિનું યોજન કરે છે. તે ત્યાં=જ્ઞાનાદિમાં, કષાયકુશીલ છે. ચરણમાં શાપના આપવાથી કુશીલ છે. મનથી કુપિત યથાસૂક્ષ્મ છે. ।।૩૧।।**

**ટીકા :-**

**'जो नाणाई'त्ति । यः 'कषायतः' संज्वलनकषायोदयात् 'ज्ञानादि' ज्ञानं दर्शनं तपो वा 'युनक्ति' स्वविषये व्यापारयति सः 'तत्र' ज्ञाने दर्शने तपसि च कुशीलः कषायतो द्रष्टव्यः । 'चरणे' चारित्रे कषायकुशीलश्च शापदानात् । यथासूक्ष्मश्च 'मनसा' मनोमात्रेण 'कुपितः' क्रोधाविष्टः, कोपश्च मानमायालोभानामप्युपलक्षणम्, तदुक्तम्–"मणसा कोहाईए, णिसेवयं होअहासुहुमो ।"त्ति ।।३१।।**

**ટીકાર્થ :-**

यः 'कषायतः' ..... सुहुमो ।"त्ति ।। **જે સાધુ કષાયથી=સંજ્વલન કષાયના ઉદયથી, જ્ઞાન-દર્શન અથવા તપને સ્વવિષયમાં વ્યાપાર કરે છે=સંજ્વલનકષાયના ઉદયથી જ્ઞાનને અતિશય કરવા યત્ન**

**કરે છે, દર્શનને અતિશય કરવા યત્ન કરે છે અથવા તપને અતિશય કરવા યત્ન કરે છે, તે સાધુ ત્યાં= જ્ઞાનમાં, દર્શનમાં અને તપમાં કષાયથી કુશીલ જાણવા અને ચારિત્રમાં કષાયકુશીલ શાપના દાનથી છે અર્થાત્ કોઈકની અનુચિત પ્રવૃત્તિને જોઈને શાપ આપે ત્યારે ચારિત્રમાં કષાયકુશીલ છે અને યથાસૂક્ષ્મ મન માત્રથી કુપિત=ક્રોધાવિષ્ટ, યથાસૂક્ષ્મ કષાયકુશીલ છે અને કોપ, માન, માયા, લોભોનું પણ ઉપલક્ષણ છે. તે કહેવાયેલું છે.**

"મનથી કોપાદિમાં નિઃસેવન યથાસૂક્ષ્મ થાય છે." ॥૩૧॥

**ભાવાર્થ :-**

જે સાધુ રાધાવેધસાધક ઉપયોગથી સંસારનો ઉચ્છેદ કરવાના અર્થી છે, તેઓ સંસારના ઉચ્છેદના ઉપાયરૂપ નવું નવું જ્ઞાન ભણે છે. વળી, માત્ર ભણતા નથી, પરંતુ સૂત્રવિધિ અનુસાર અત્યંત ઔચિત્યથી ભણે છે. તે વખતે તેઓનો સંજ્વલન કષાયનો ઉદય તેમના જ્ઞાનને અતિશય કરવા વ્યાપારવાળો કરે છે. તે વખતે તેમનો સંજ્વલન કષાયનો પ્રશસ્ત ઉપયોગ વર્તતો હોવાથી જ્ઞાનને આશ્રયીને કુશીલ છે. વળી, તે મહાત્મા જ ક્યારેક સમ્યગ્દર્શનને નિર્મળ કરવા અર્થે દૃષ્ટિવાદ આદિ ગ્રંથોના સૂક્ષ્મ પદાર્થો વિષયક દૃઢ યત્ન કરે છે, ત્યારે તે મહાત્માનો સંજ્વલન કષાયોનો પ્રશસ્ત ઉદય દર્શનશુદ્ધિમાં વ્યાપૃત છે. તેથી, તે મહાત્મા દર્શનકુશીલ છે. આ સર્વ યત્ન કરનારા મહાત્માઓ પ્રાયઃ રાધાવેધસાધક ઉપયોગથી જ પ્રવર્તે છે.

વળી, તેવા જ રાધાવેધસાધક ઉપયોગવાળા મહાત્મા ક્યારેક વિશિષ્ટ તપ દ્વારા આત્માને ભાવિત કરીને નિર્જરાના અર્થી હોય છે, ત્યારે સંજ્વલન કષાયના ઉદયથી તપમાં યત્ન કરીને તપકુશીલ બને છે. જેમ વીર ભગવાન વિશિષ્ટ નિર્જરા અર્થે અનાર્ય દેશમાં જાય છે, ત્યારે વિશિષ્ટ ઉપસર્ગો આદિથી આત્માને ભાવિત કરવા સંજ્વલન કષાયના ઉદયથી પ્રવર્તે છે, ત્યારે તપકુશીલ છે.

વળી, કેટલાક મહાત્મા કોઈક નિમિત્તથી અકળાઈને કોઈકને શાપ આપે ત્યારે ચારિત્રમાં કષાયકુશીલ બને છે. જેમ કુલવાલક મુનિને તેમના અનુચિત વર્તનથી અકળાઈને ગુરુએ શાપ આપ્યો, ત્યારે તેઓનું ચારિત્ર કુશીલ બને છે. તે ચારિત્રકુશીલ છે. વળી, જેમ બાહુબલીએ સંયમ ગ્રહણ કર્યું, ત્યારે પોતાનાથી નાના કેવલી ભાઈઓને વંદન કરવામાં માનકષાય બાધક બન્યો. તેથી, મન માત્રથી માનકષાય કરીને કેવલજ્ઞાન માટે સુદૃઢ યત્ન કરતા હતા, તેમ કોઈક સાધુ મન માત્રથી માન આદિ કષાયમાંથી કોઈક કષાયમાં ઉપયુક્ત હોય અને ત્યાર પછી તેનાથી સંવલિત એવા યત્નપૂર્વક મોહનાશ માટે યત્ન કરતા હોય ત્યારે તેઓના ચિત્તમાં કંઈક સૂક્ષ્મ કષાય વર્તે છે. તેથી તે સાધુ યથાસૂક્ષ્મ કષાયકુશીલ છે. ॥૩૧॥

**અવતરણિકા :-**

**अभिप्रायान्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

**અન્ય અભિપ્રાયને કહે છે=કષાયકુશીલના ભેદો વિષયક અન્ય અભિપ્રાયને કહે છે –**

**ગાથા :-**

**कोहाइएहिं अण्णे, नाणाइविराहणेण इच्छंति ।**
**नाणाइकुसीलं तह, अवरे लिंगं तवट्ठाणे ।।३२।।**

**ગાથાર્થ :-**

**ક્રોધાદિથી જ્ઞાનાદિના વિરાધન વડે જ્ઞાનાદિ કુશીલને અન્ય=અન્ય આચાર્ય ઈચ્છે છે અને અપર આચાર્ય તપના સ્થાને લિંગને ઈચ્છે છે. ।।૩૨।।**

**ટીકા :-**

**'कोहाइएहिं'ति । अन्ये व्याख्यातारः क्रोधादिभिर्ज्ञानादिविराधनेन ज्ञानादिकुशीलं कषायत इच्छन्ति, तदुक्तं पञ्चनिर्ग्रन्थीप्रकरणे—**

"अहवा वि कसाएहिं, नाणाइणं विराहगो जो उ ।
सो नाणाइकुसीलो, णेओ वक्खाणभेएणं ।।१।।" **त्ति ।**

**तथाऽपरे पञ्चसु भेदेषु द्विविधेऽपि कुशीले विचार्यमाणे तपःस्थाने लिङ्गमिच्छन्ति, तदुक्तम्— "अन्ने लिंगकुसीलं, तु तवकुसीलस्स ठाणए बिंति"त्ति । तत्र भगवत्यां तावत्तपःस्थाने लिङ्गमेव पठ्यते, तदुक्तम्—"कुसीले णं भंते ! कतिविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तंजहा— पडिसेवणाकुसीले य कसायकुसीले य । पडिसेवणाकुसीले णं भंते ! कतिविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पन्नत्ते, तंजहा—नाणपडिसेवणाकुसीले दंसणपडिसेवणाकुसीले चरित्तपडिसेवणाकुसीले लिंगपडिसेवणाकुसीले अहासुहुमपडिसेवणाकुसीले णामं पंचमे । कसायकुसीले णं भंते ! कतिविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तंजहा—नाणकसायकुसीले दंसणकसायकुसीले चरित्त-कसायकुसीले लिंगकसायकुसीले अहासुहुमकसायकुसीले णामं पंचमे"त्ति । भाष्यादौ त्वेवं पठ्यते—**

"नाणे दंसण चरणे, तवे अ अहसुहुमए अ बोहव्वे ।
पडिसेवणाकुसीलो, पंचविहो ऊ मुणेयव्वो ।।१।।"त्ति ।
"एमेव कसायम्मि वि पंचविहो होइ सो कुसीलो उ ।"त्ति **।।३२।।**

**ટીકાર્થ :-**

**अन्ये ..... उ ।"त्ति ।। અન્ય વ્યાખ્યાન કરનાર ક્રોધાદિથી જ્ઞાનાદિના વિરાધન વડે જ્ઞાનાદિ કુશીલને કષાયથી ઈચ્છે છે=કષાયકુશીલ ઈચ્છે છે. તે=અન્ય વ્યાખ્યાનકારોએ જે કષાયકુશીલનું સ્વરૂપ બતાવ્યું તે, પંચનિર્ગ્રંથી પ્રકરણમાં કહેવાયું છે.**

"અથવા કષાયોથી જ્ઞાનાદિના જે વિરાધક છે, તે વ્યાખ્યાનભેદથી જ્ઞાનાદિ કુશીલ જાણવા."

**અને અપર વ્યાખ્યાન કરનારા પાંચ ભેદોમાં બંને પણ કુશીલનો વિચાર કરાતે છતે=પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલનો વિચાર કરાતે છતે, તપસ્થાનમાં લિંગને ઈચ્છે છે=સ્ત્રીવેદ આદિ રૂપ લિંગને ઈચ્છે છે, તે કહેવાયું છે.**

"અન્ય આચાર્ય લિંગકુશીલને વળી તપકુશીલના સ્થાને કહે છે. ત્યાં ભગવતીમાં તપના સ્થાને લિંગ જ કહેવાય છે."

**તે કહેવાયું છે. "હે ભગવંત ! કુશીલ કેટલા પ્રકારના કહેવાયા છે ? ભગવાન કહે છે હે ગૌતમ ! બે પ્રકારના કુશીલ કહેવાયા છે. તે આ પ્રમાણે – પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ. ગૌતમસ્વામી પૂછે છે. હે ભગવંત ! પ્રતિસેવનાકુશીલ કેટલા પ્રકારના કહેવાયા છે ? ભગવાન કહે છે હે ગૌતમ ! પાંચ પ્રકારના કહેવાયા છે. તે આ પ્રમાણે – જ્ઞાનપ્રતિસેવનાકુશીલ, દર્શનપ્રતિસેવનાકુશીલ, ચારિત્રપ્રતિસેવના-કુશીલ, લિંગપ્રતિસેવનાકુશીલ, યથાસૂક્ષ્મપ્રતિસેવનાકુશીલ નામનો પાંચમો ભેદ છે. હે ભગવંત ! કષાયકુશીલ કેટલા પ્રકારના કહેવાયા છે ? ભગવાન કહે છે હે ગૌતમ ! પાંચ પ્રકારના કહેવાયા છે. તે આ પ્રમાણે – જ્ઞાનકષાયકુશીલ, દર્શનકષાયકુશીલ, ચારિત્રકષાયકુશીલ, લિંગકષાયકુશીલ, યથાસૂક્ષ્મ-કષાયકુશીલ નામનો પાંચમો ભેદ છે. વળી, ભાષ્ય આદિમાં આ પ્રકારે કહેવાય છે.**

"જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં, તપમાં અને યથાસૂક્ષ્મપ્રતિસેવનાકષાયકુશીલ પાંચ પ્રકારના જાણવા."

"એ રીતે જ કષાયમાં પણ પાંચ પ્રકારના તે કુશીલ હોય છે." **॥૩૨॥**

**ભાવાર્થ :-**

ગાથા-૩૧માં કહ્યું એ પ્રમાણે મોક્ષને અનુકૂળ જેઓ સંજ્વલનકષાયના ઉદયથી જ્ઞાનાદિને વ્યાપારવાળા કરે છે, તેઓ જ્ઞાનાદિકુશીલ છે; કેમ કે તે વ્યાપારકાળમાં સંજ્વલનકષાયનો ઉદય વર્તતો હોવાથી તે જ્ઞાનાદિનો વ્યાપાર કંઈક કષાયથી સંવલિત છે, તેથી કુશીલ છે. વળી, અન્ય મહાત્માઓ કહે છે કે ક્રોધાદિ કષાયોથી જ્ઞાનાદિની વિરાધનાને કારણે જ્ઞાનાદિ કુશીલ થાય છે. જોકે કષાયકુશીલ સાધુ દશમા ગુણસ્થાનક સુધીના બંને પક્ષને માન્ય છે. તેથી મોક્ષને અનુકૂળ રત્નત્રયીમાં જીવ વ્યાપાર કરે છે, ત્યારે પણ જે સંજ્વલન કષાયનો ઉદય છે, એટલા અંશમાં જ્ઞાનાદિની વિરાધના કરે છે. તેથી જ તેઓની રત્નત્રયીની પરિણતિ કષાયથી કુશીલ છે આમ છતાં, પ્રથમ પક્ષની અપેક્ષાએ આ બીજા પક્ષમાં કંઈક સૂક્ષ્મ અતિચારથી વિરાધનાનો પણ સંગ્રહ હશે એમ જણાય છે. કષાયકુશીલ સાધુ જ્ઞાનાદિની કોઈ પ્રકારની પ્રતિસેવના કરતા નથી; કેમ કે પ્રતિસેવનાકુશીલ એ જ્ઞાનાદિ કુશીલ કરતાં પૃથક્ રીતે પૂર્વમાં બતાવેલ છે. તેથી કષાયકુશીલ સાધુ રત્નત્રયીની આરાધના શક્તિના પ્રકર્ષથી કરે છે છતાં કષાય અંશની મિશ્રતાને કારણે કંઈક કુશીલતા છે. ફક્ત કષાયકુશીલો પણ પ્રાયઃ પ્રતિસેવના કરતા નથી તોપણ ક્યારેક શાપના દાનથી ચારિત્રને કુશીલ કરે છે. છતાંય બહુલતાએ તો કષાયકુશીલ સાધુ તપને મોક્ષને અનુકૂળ પ્રવર્તાવીને ચારિત્રની જ શુદ્ધિ કરે છે.

વળી, કેટલાક તપને સ્થાને લિંગકુશીલને ગ્રહણ કરે છે અને તે લિંગકુશીલનું પણ ઉદ્ધરણમાં કથન કર્યું, ત્યાં લિંગકષાયકુશીલ એમ કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે સ્ત્રીવેદ આદિ રૂપ જે લિંગ છે, તેના કારણે જે વેદના ઉદય આદિની પરિણતિરૂપ કષાય વર્તે છે, તેને પણ જે મહાત્માઓ કષાય ક્ષયમાં પ્રવર્તાવે છે અર્થાત્ કામના ઉદયના તિરોધાન અર્થે પ્રતિપક્ષ ભાવનથી વેદના ઉદયને ક્ષીણ કરવા યત્ન કરે છે તોપણ ક્ષપકશ્રેણીમાં જ્યાં સુધી વેદનો ઉદય ક્ષીણ થયો નથી, ત્યાં સુધી તે મહાત્માને લિંગને કારણે વર્તતા કષાયથી કુત્સિત ચારિત્ર છે.

પૂર્વમાં વર્ણન કરાયેલા પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ કંઈક કંઈક વિપરીત આચરણાથી કુત્સિત છે તોપણ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે. તેથી નિર્ગ્રંથ કહેવાય છે અને કષાયકુશીલ સાધુ પણ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે છતાં પ્રાયઃ વિપરીત આચરણાથી કુશીલ નથી. પરંતુ કષાયોનો ક્ષય કરનારા હોવા છતાં સંજ્વલનકષાયના ઉદયજન્ય કુશીલ ચારિત્રવાળા છે. **॥૩૨॥**

**અવતરણિકા :-**

**कृता कुशीलप्रज्ञापना । अथ निर्ग्रन्थप्रज्ञापनामाह –**

**અવતરણિકાર્થ :-**

**કુશીલની પ્રજ્ઞાપના કરાઈ. હવે નિર્ગ્રંથની પ્રજ્ઞાપનાને કહે છે –**

**ગાથા :-**

**गंथाओ मोहाओ, णिग्गंथो णिग्गओ मुणेअव्वो ।**
**उवसामओ अ खवगो, सो दुविहो देसिओ समए ।।३३।।**

**ગાથાર્થ :-**

**મોહરૂપી ગ્રંથથી નિર્ગત નિર્ગ્રંથ જાણવા. તે=નિર્ગ્રંથ, શાસ્ત્રમાં ઉપશામક અને ક્ષપક એમ બે પ્રકારના કહેવાયા છે. ।।૩૩।।**

**ટીકા :-**

**'गंथाओ'त्ति । ग्रन्थात् 'मोहात्' मोहलक्षणान्निर्गतो निर्ग्रन्थः 'मुणेयव्वो'त्ति ज्ञातव्यः, स द्विविधो दर्शितः 'समये' सिद्धान्ते, उपशामको मोहोपशमकरणात्, क्षपकश्च मोहक्षयकरणात् ।।३३।।**

**ટીકાર્થ :-**

ग्रन्थात् ..... करणात् ।। **મોહલક્ષણ ગ્રંથથી નીકળેલા નિર્ગ્રંથ જાણવા. તે=નિર્ગ્રંથ, સમયમાં=સિદ્ધાંતમાં, બે પ્રકારના બતાવાયા છે. મોહના ઉપશમકરણને કારણે ઉપશામક નિર્ગ્રંથ અને મોહના ક્ષયને કારણે ક્ષપકનિર્ગ્રંથ એમ બે ભેદવાળા છે. ।।૩૩।।**

**અવતરણિકા :-**

द्विविधस्याप्यस्य भेदानाह –

**અવતરણિકાર્થ :-**

દ્વિવિધ પણ આના=ઉપશામક અને ક્ષપક બંને પણ પ્રકારના નિર્ગ્રંથના ભેદોને કહે છે –

**ગાથા :-**

**पत्तेअं पंचविहो, दुविहो वि इमो जिणेहिं अक्खाओ ।**
**पढमसमओ अपढमो, चरमोऽचरमो अहासुहुमो ।।३४।।**

**ગાથાર્થ :-**

**પ્રત્યેકને આશ્રયીને બંને પણ આ નિર્ગ્રંથ પાંચ પ્રકારના જિનેશ્વરો વડે કહેવાયા છે. પ્રથમસમય, અપ્રથમ સમય, ચરમસમય, અચરમસમય અને યથાસૂક્ષ્મ. ।।૩૪।।**

**ટીકા :-**

'पत्तेयं'ति । द्विविधोऽप्ययमुपशामकक्षपकभेदभिन्नो निर्ग्रन्थः प्रत्येकं जिनैः पञ्चविध आख्यातः- प्रथमसमयोऽप्रथमसमयश्चरमसमयोऽचरमसमयो यथासूक्ष्मश्चेति ।।३४।।

**ટીકાર્થ :-**

द्विविधोऽप्यय ..... सूक्ष्मश्चेति ।। બંને પણ પ્રકારના આ=ઉપશામક અને ક્ષપકના ભેદથી ભિન્ન એવા નિર્ગ્રંથ પ્રત્યેકને આશ્રયીને જિનો વડે પાંચ પ્રકારના કહેવાયા છે. પ્રથમસમય નિર્ગ્રંથ, અપ્રથમસમય નિર્ગ્રંથ, ચરમસમય નિર્ગ્રંથ, અચરમસમય નિર્ગ્રંથ અને યથાસૂક્ષ્મ નિર્ગ્રંથ. ।।૩૪।।

**અવતરણિકા :-**

एतानेव भेदान् विवेचयति –

**અવતરણિકાર્થ :-**

આના જ ભેદોનું=બે પ્રકારના નિર્ગ્રંથોના જ ભેદોનું, વિવેચન કરે છે –

**ગાથા :-**

**अंतमुहुत्तपमाणयणिग्गंथद्धाइ पढमसमयम्मि ।**
**पढमसमओ अपढमो, वट्टंतो सेससमएसु ।।३५।।**

ગાથાર્થ :-

અંતર્મુહૂર્તપ્રમાણ નિર્ગ્રંથકાળના પ્રથમ સમયમાં વર્તતા પ્રથમસમય નિર્ગ્રંથ છે. શેષ સમયોમાં વર્તતા અપ્રથમ નિર્ગ્રંથ છે. ।।૩૫।।

ટીકા :-

'अंतमुहुत्त'त्ति । अन्तर्मुहूर्त्तप्रमाणकनिर्ग्रन्थाद्धाया अन्तर्मुहूर्त्तमानकनिर्ग्रन्थसमयराशेः 'प्रथमसमये वर्त्तमानः' आदौ निर्ग्रन्थत्वं प्रतिपद्यमानः प्रथमसमयनिर्ग्रन्थः । शेषसमयेषु पूर्वानुपूर्व्या वर्त्तमानोऽप्रथमसमयनिर्ग्रन्थः ।।३५।।

ટીકાર્થ :-

अन्तर्मुहूर्त्तप्रमाणक ..... निर्ग्रन्थः ।। અંતર્મુહૂર્તપ્રમાણ નિર્ગ્રંથ અદ્ધાના અર્થાત્ કાળના=અંતર્મુહૂર્ત માનવાળા નિર્ગ્રંથસમયની રાશિના પ્રથમ સમયમાં વર્તમાન=આદિમાં નિર્ગ્રંથપણાને પ્રાપ્ત કરતા પ્રથમસમય નિર્ગ્રંથ છે. શેષ સમયોમાં પૂર્વાનુપૂર્વીથી વર્તમાન=ક્રમસર વર્તમાન, અપ્રથમસમય નિર્ગ્રંથ છે. ।।૩૫।।

ગાથા :-

चरमे समए चरमोऽचरमो सेसेसु चेव समएसु ।
सामण्णेण य एसो, इह अहसुहुमु त्ति परिभासा ।।३६।।

ગાથાર્થ :-

ચરમસમયમાં ચરમસમયનો નિર્ગ્રંથ અને શેષ સમયોમાં અચરમસમય નિર્ગ્રંથ સામાન્યથી આ=નિર્ગ્રંથ, અહીં=જિનશાસનમાં યથાસૂક્ષ્મ એ પ્રકારે પરિભાષા છે. ।।૩૬।।

ટીકા :-

'चरमे'त्ति । 'चरमे' निर्ग्रन्थाद्धायाः सर्वान्तिमे समये वर्त्तमानश्चरमसमयनिर्ग्रन्थः । अचरमश्च शेषेष्वेव समयेषु पश्चानुपूर्व्या वर्त्तमानः । सामान्येन च प्रथमाद्यविवक्षया सर्वसमयेषु वर्त्तमान एष निर्ग्रन्थो यथासूक्ष्म इति 'इह' जिनशासने परिभाषा, तदुक्तं भगवतीवृत्तौ—"सामान्येन तु यथासूक्ष्म इति पारिभाषिकी सञ्ज्ञेति ।" प्रथमादीनां चतुर्णां विवक्षाविशेषपरिगृहीतसूक्ष्मस्थूलर्जुसूत्रनयकृतो भेदः; पञ्चमो भेदस्तु व्यवहारनयमते, तेनान्तर्मुहूर्त्तप्रमाणस्यैकस्य निर्ग्रन्थस्याभ्युपगमात्, सूक्ष्मत्वं चास्य सर्वव्यापकत्वेन; तदुक्तमुत्तराध्ययनवृद्धविवरणे—"अहासुहुमो एएसु सव्वेसु वि"त्ति । तथा च नयभेदादिमे भेदा इत्यपि सम्यगालोचयामः ।।३६।।

**ટીકાર્થ :-**

**'चरमे' ..... लोचयामः ।। ચરમમાં=નિર્ગ્રંથ અદ્ધાદિ સર્વ અંતિમ સમયમાં, વર્તતા ચરમસમય નિર્ગ્રંથ છે. શેષ જ સમયોમાં પશ્ચાનુપૂર્વીથી વર્તતા અચરમ નિર્ગ્રંથ છે અને સામાન્યથી પ્રથમ આદિની અવિવક્ષાને કારણે સર્વ સમયમાં વર્તમાન આ નિર્ગ્રંથ યથાસૂક્ષ્મ એ પ્રકારે અહીં=જિનશાસનમાં, પરિભાષા છે. ભગવતીની વૃત્તિમાં તે કહેવાયું છે.**

"વળી, સામાન્યથી યથાસૂક્ષ્મ એ પ્રકારે પારિભાષિકી સંજ્ઞા છે."

**પ્રથમ આદિ ચાર નિર્ગ્રંથોની વિવક્ષા વિશેષથી પરિગૃહીત સૂક્ષ્મ ઋજુસૂત્રનય અને સ્થૂલ ઋજુસૂત્રનય કૃત ભેદ છે. વળી, વ્યવહારનયના મતમાં પાંચમો ભેદ છે; કેમ કે તેના વડે=વ્યવહારનય વડે, અંતર્મુહૂર્ત પ્રમાણ એક નિર્ગ્રંથનો સ્વીકાર છે અને આનું=વ્યવહારનયના મતથી યથાસૂક્ષ્મ રૂપ પાંચમો ભેદ છે એવું, સર્વવ્યાપકપણાથી સૂક્ષ્મપણું છે. ઉત્તરાધ્યયન વૃદ્ધ વિવરણમાં તે=સર્વવ્યાપકપણાથી સૂક્ષ્મપણું છે તે, કહેવાયું છે.**

"આ સર્વ ભેદોમાં=નિર્ગ્રંથ અદ્ધાના સર્વ સમયોમાં, યથાસૂક્ષ્મ છે."

**અને તે રીતે=પૂર્વમાં વર્ણન કર્યું તે રીતે, નયના ભેદથી આ ભેદો છે=નિર્ગ્રંથના ભેદો છે, તે પણ અમે સમ્યગ્ આલોચન કરીએ છીએ. ॥૩૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં વર્ણન કરાયેલા પુલાક આદિ નિર્ગ્રંથો નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હતા. તેથી નિર્ગ્રંથ કહેવાયા તોપણ તેઓમાં ગ્રંથના પરિણામરૂપ કષાયો-નોકષાયો સંસ્કારરૂપે અને તદ્આપાદક મોહનીયકર્મરૂપે વિદ્યમાન હતા. છતાં, સંસારના સ્વરૂપને યથાર્થ જાણીને સુખના અર્થી એવા તેઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હતા. તેથી નિર્ગ્રંથ કહેવાયા. હવે જેઓએ મોહરૂપી ગ્રંથનો ત્યાગ કર્યો છે, તેઓ નિર્ગ્રંથ છે. તેનું સ્વરૂપ બતાવે છે અને તેના બે ભેદો છે.

જેઓએ કષાય નિર્ગ્રંથ અવસ્થામાં ઉપશમશ્રેણીને પ્રાપ્ત કરીને સંપૂર્ણ મોહનો ઉપશમ કર્યો છે, તેઓ ઉપશામક નિર્ગ્રંથ છે. અગિયારમા ગુણસ્થાનકમાં રહેલા કષાયના સંપૂર્ણ ઉપદ્રવોથી મુક્ત છદ્મસ્થ વીતરાગ છે પરંતુ કષાય આપાદક કર્મોનો જેમણે સંપૂર્ણ નાશ કર્યો નથી, ઘણા કષાય આપાદક કર્મો નાશ કર્યા છે, છતાં કંઈક કષાય આપાદક કર્મો ઉપશમ અવસ્થામાં વિદ્યમાન છે તોપણ ઉદયરૂપે સર્વથા કષાયનો અભાવ હોવાથી ઉપશામક નિર્ગ્રંથ કહેવાય છે.

વળી, કષાયકુશીલકાળમાં જેઓ ઉપશમશ્રેણીમાં ચડેલા નિર્ગ્રંથ કરતાં પણ મહાવીર્યથી ઉત્થિત થયા છે, તેઓ દશમા ગુણસ્થાનક સુધી કષાય નિર્ગ્રંથ હતા અને અંતે સર્વ મોહના સંસ્કારો નાશ કર્યા, મોહઆપાદક કર્મોનો ક્ષય કર્યો. તેથી મોહનીયના ક્ષયકૃત યોગનું અસ્થૈર્ય જેઓનું નાશ પામ્યું છે, તેવા બારમા ગુણસ્થાનકે રહેલા મુનિઓ ક્ષપકનિર્ગ્રંથો છે.

વળી, ઉપશામક અને ક્ષપક નિર્ગ્રંથના એક એકના પાંચ ભેદો છે. જોકે ઉપશામક નિર્ગ્રંથ એક અંતર્મુહૂર્ત પ્રમાણ અગિયારમા ગુણસ્થાનકમાં હોય છે. ક્ષપક નિર્ગ્રંથ એક અંતર્મુહૂર્ત બારમા ગુણસ્થાનકમાં હોય છે. તે સર્વ કાળ ઉપશામક નિર્ગ્રંથમાં ઉપશમ વર્તે છે અને ક્ષપક નિર્ગ્રંથમાં મોહના ક્ષયકૃત નિર્ગ્રંથભાવ વર્તે છે તોપણ તે અંતર્મુહૂર્ત કાળના જે સમયો છે, તેને પૃથક્ ગ્રહણ કરીને પ્રથમસમય નિર્ગ્રંથ, અપ્રથમસમય નિર્ગ્રંથ ઇત્યાદિ રૂપે પાંચ ભેદો કરેલ છે. તેમાં સૂક્ષ્મ ઋજુસૂત્રનય સમયના ભેદથી વસ્તુનો ભેદ સ્વીકારે છે. તેથી પ્રથમસમય અને ચરમસમયના નિર્ગ્રંથના બે ભેદને સૂક્ષ્મ ઋજુસૂત્રનયથી બતાવેલ છે અને સ્થૂલ ઋજુસૂત્રનય કંઈક પ્રતિક્ષણનો ભેદ કરે છે તોપણ સ્થૂલથી તે ક્ષણોને ગ્રહણ કરે છે. જેમ મનુષ્યભવની પ્રતિક્ષણને ગ્રહણ કરીને ઋજુસૂત્રનય જીવનો ભેદ કરે છે. જ્યારે સ્થૂલ ઋજુસૂત્રનય મનુષ્યભવના દીર્ઘકાળરૂપ ક્ષણને સ્વીકારીને જીવનો ભેદ કરે છે. તેથી ઋજુસૂત્રનય કહે છે કે આ જીવની મનુષ્યક્ષણ જુદી છે, દેવક્ષણ જુદી છે, તિર્યંચક્ષણ જુદી છે એ પ્રકારે ક્ષણક્ષણનો ભેદ કરે છે. તેમ નિર્ગ્રંથની અદ્ધાના અંતર્મૂહુર્ત અદ્ધામાંથી અપ્રથમક્ષણ અને અચરમક્ષણ રૂપ જે બે ભેદો સ્વીકાર્યા તે સ્થૂલ ઋજુસૂત્રનયકૃત ભેદ છે; કેમ કે નિર્ગ્રંથની અદ્ધાના સ્થૂલથી તે ભેદો કરે છે.

વળી, વ્યવહારનય આખી નિર્ગ્રંથ અદ્ધાને યથાસૂક્ષ્મ નિર્ગ્રંથ કહે છે. ત્યાં વ્યવહારનયનું સૂક્ષ્મપણું સર્વવ્યાપકપણાથી છે=આખી નિર્ગ્રંથ અદ્ધાને વ્યાપીને નિર્ગ્રંથપણું સ્વીકારે છે એ જ તેનું સૂક્ષ્મપણું છે. આ સર્વથી શું ફલિત થયું ? તે સ્પષ્ટ કરે છે. પૂર્વમાં નિર્ગ્રંથોના ભેદો કહ્યા. તે નિર્ગ્રંથોના ભેદોમાં નિર્ગ્રંથભાવને અભિમુખ પરિણતિની તરતમતાથી બકુશ આદિ નિર્ગ્રંથોના ભેદો કહ્યા. જ્યારે ઉપશામક નિર્ગ્રંથના કે ક્ષપક નિર્ગ્રંથના પ્રથમ, અપ્રથમ આદિ જે પાંચ ભેદો કહ્યા, તે નિર્ગ્રંથભાવની તરતમતાકૃત નથી, પરંતુ નિર્ગ્રંથભાવને જોવામાં વ્યાપારવાળી ઋજુસૂત્રનયની અને વ્યવહારનયની દૃષ્ટિથી ભેદ કરેલ છે. **॥૩૩-૩૪-૩૫-૩૬॥**

**અવતરણિકા :-**

**कृता निर्ग्रन्थप्ररूपणा । अथ स्नातकप्ररूपणामाह –**

**અવતરણિકાર્થ :-**

**નિર્ગ્રંથની પ્રરૂપણા કરાઈ. હવે, સ્નાતકની પ્રરૂપણાને કહે છે –**

**ગાથા :-**

**सुक्कज्झाणजलेणं, ण्हाओ जो विगयघाइकम्ममलो ।**
**सो ण्हायगो णियंठो, दुहा सजोगी अजोगी य ।।३७।।**

**ગાથાર્થ :-**

**શુક્લધ્યાન જલથી સ્નાત છતાં જે વિગત ઘાતીકર્મમલવાળા છે તે સ્નાતક નિર્ગ્રંથ છે અને તે સયોગી, અયોગી બે પ્રકારે છે. ।।૩૭।।**

**ટીકા :-**

**'सुक्कज्झाण'त्ति । शुक्लध्यानं-यत्पृथक्त्ववितर्कसवीचारैकत्ववितर्कावीचारलक्षणं तदेव जलं तेन स्नातः सन् यो विगतघातिकर्ममलो जातः स स्नातको निर्ग्रन्थ उच्यते, स च द्विधा–'सयोगी' त्रयोदशगुणस्थानवर्त्ती 'अयोगी च' चतुर्दशगुणस्थानवर्त्ती ।।३७।।**

**ટીકાર્થ :-**

**शुक्लध्यानं ..... स्थानवर्त्ती ।। પૃથક્ત્વવિતર્કસવિચાર, એકત્વવિતર્કઅવિચારરૂપ જે શુક્લધ્યાન છે, તે જ જલ છે. તેનાથી સ્નાન કરેલ છતાં જે સાધુ વિગત ઘાતીકર્મમલવાળા થયા, તે સ્નાતક નિર્ગ્રંથ કહેવાય છે અને તે=સ્નાતક નિર્ગ્રંથ, સયોગી=તેરમાં ગુણસ્થાનકવર્તી અને અયોગી=ચૌદમા ગુણસ્થાનકવર્તી સાધુ છે. ।।૩૭।।**

**ભાવાર્થ :-**

આત્માના જ્ઞાનરૂપ, નિરાકુળ સ્વભાવરૂપ સ્થિરતાગુણ અને આત્માના મહાવીર્યરૂપ ગુણનો જે ઘાત કરે તે ઘાતીકર્મ છે અને તે જીવને મલિન કરનાર હોવાથી મલ છે અને જેમ નિર્મલ સ્વચ્છ જળથી સ્નાન કરવાને કારણે દેહ મલરહિત થાય છે એમ પૃથક્ત્વવિતકસવિચાર અને એકત્વવિતર્કઅવિચાર રૂપ શુક્લધ્યાન છે તે ઘાતીકર્મરૂપ મળને દૂર કરનાર હોવાથી જલ છે અને તેનાથી સ્નાન કરેલા આત્માઓ સ્વચ્છ થાય છે. તે સ્નાતક નિર્ગ્રંથો કહેવાય છે અને તે સ્નાતક નિર્ગ્રંથ યોગવાળા હોય છે, ત્યારે સયોગી કહેવાય છે અને મેરુ જેવા નિષ્પ્રકંપ થાય છે, ત્યારે અયોગી કહેવાય છે.

જીવ પ્રથમ ભૂમિકામાં બાહ્ય પદાર્થોને અવલંબીને ધર્મધ્યાનમાં યત્ન કરે છે, ત્યારે કર્મના વિપાક આદિનું ચિંતવન કરીને બાહ્ય પદાર્થો પ્રત્યેનો સંશ્લેષ ક્ષીણ થાય તેવો યત્ન કરે છે. ત્યાર પછી બળ સંચિત થાય ત્યારે આત્માના નિરાકુળ સ્વભાવમાં સ્થિર થવાને અનુકૂળ એવા શુક્લધ્યાનમાં યત્ન કરે છે. જે શુક્લધ્યાનનો ઉપયોગ એક અંતર્મુહૂર્તકાળ પ્રમાણ છે. તેની બે ભૂમિકા છે. પ્રથમમાં તે શુક્લધ્યાન વિતર્કવાળું, વિચારવાળું અને પૃથક્ત્વરૂપ હોય છે, જે શુક્લધ્યાનનો પ્રથમ પાયો છે અને બીજા પાયામાં એકત્વ વિતર્ક અવિચારરૂપ શુક્લધ્યાન વર્તે છે. પૃથક્ત્વ એટલે દ્રવ્ય-ગુણ અને પર્યાયમાંથી અન્યતરમાં જીવના ઉપયોગનું પ્રવર્તન. વિતર્ક એટલે પૂર્વગત શ્રુતને અને જુદા જુદા નયોને આશ્રિત એવો મનનો ઉપયોગ અને વિચાર એટલે અર્થ, વ્યંજન અને યોગોનું પરસ્પર સંક્રમણ અર્થાત્ વાચક શબ્દો વ્યંજન છે. તેનાથી વાચ્ય અર્થ છે અને મન-વચન-કાયાના યોગો છે. તેઓનું પરસ્પર સંક્રમણ તે વિચાર છે. તેથી એ પ્રાપ્ત થાય કે શુક્લધ્યાનની પ્રથમ ભૂમિકામાં જીવનો ઉપયોગ દ્રવ્ય, ગુણ, પર્યાયમાં વર્તે છે. શ્રુતજ્ઞાનના વાચક શબ્દો, તેનાથી વાચ્ય અર્થ અને મન-વચન-કાયાના યોગોમાં પરસ્પર સંક્રમણ હોય છે અને શુક્લધ્યાનના બીજા પાયામાં દ્રવ્ય, ગુણ કે પર્યાય કોઈ એકમાં જ ઉપયોગ સ્થિર હોય છે. તેથી એકત્વ છે. વળી, શ્રુતના ઉપયોગરૂપ વિતર્ક વર્તે છે અને અર્થ, વ્યંજન અને યોગોમાં ઉપયોગનું સંક્રમણ બંધ થાય છે. તેથી કોઈ એક યોગમાં અને કોઈક એક અર્થમાં ઉપયોગ પ્રવર્તે છે, તે અવિચાર છે. શુક્લધ્યાનનો પ્રથમ

પાયો આઠમાથી દશમા ગુણસ્થાનક સુધી હોય છે. ત્યાં સુધી કષાયવાળો જીવ કષાયોના તરંગોને ક્ષીણ ક્ષીણતર કરવા યત્ન કરે છે. તેથી ઈષદ્ તરંગ જેવા સમુદ્ર જેવી આત્માની અવસ્થા વર્તે છે અને સ્થિર સમુદ્ર જેવા આત્માની અવસ્થા બીજા શુક્લધ્યાનમાં વર્તે છે; કેમ કે તરંગ ઉત્પન્ન કરનાર કષાયોનો સર્વથા ક્ષય થયો છે. તેથી, પ્રથમ શુક્લધ્યાનથી કષાયોના ક્ષયનો યત્ન થાય છે અને બીજા શુક્લધ્યાનથી અંતમાં જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય થાય છે. જ્યારે ચારેય ઘાતીકર્મોનો ક્ષય થાય છે, ત્યારે ઘાતીકર્મના મળ વગરનો જીવ સ્નાતક થાય છે, ત્યારે સ્નાતક નિર્ગ્રંથ છે અને સ્નાતક થવા માટે જ પુલાક આદિ સાધુઓ નિર્ગ્રંથ થવા પ્રસ્થિત છે અર્થાત્ પુલાક સાધુ, બકુશ સાધુ, કષાયકુશીલ, પ્રતિસેવના કષાયકુશીલ એ સર્વ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોય છે. ફક્ત કષાયકુશીલ શુક્લધ્યાનના પ્રથમ પાદ સુધી હોય છે અને તેના પૂર્વના સર્વ સાધુઓ આજ્ઞાવિચયાદિ ધર્મધ્યાનના ચાર પાયાની વિચારણાથી આત્માને ભાવિત કરીને કષાયજન્ય પ્રબળ સંક્ષોભોને ક્ષીણ કરવા યત્ન કરે છે અને સંયમની ઉચિત ક્રિયાઓ કરીને કષાયોના સંક્ષોભોને ક્ષીણ કરવા યત્ન કરે છે. જેના બળથી સંચિત વીર્યવાળા થાય ત્યારે શુક્લધ્યાનને પ્રાપ્ત કરી સ્નાતક નિર્ગ્રંથ થાય છે. **॥૩૭॥**

**અવતરણિકા :-**

**अविभक्तस्यास्यैव भेदानाह—**

**અવતરણિકાર્થ :-**

**અવિભક્ત એવા આના જ=સ્વરૂપથી એકરૂપ એવા સ્નાતકના જ, ભેદોને કહે છે—**

**ગાથા :-**

**सो अच्छवी असबलोऽकम्मंसो सुद्धनाणदिट्ठिधरो ।**
**अरहा जिणे य केवलि, अपरिस्साई य पंचविहो ।।३८।।**

**ગાથાર્થ :-**

**તે=સ્નાતક, અછવિક, અશબલ, અકર્માંશવાળા, શુદ્ધ જ્ઞાનદર્શનને ધારણ કરનારા અરિહંત જિનકેવલી છે અને અપરિશ્રાવી પાંચ પ્રકારના છે. ।।૩૮।।**

**ટીકા :-**

**'सो अच्छवि'त्ति । 'सः' स्नातकोऽच्छविको १ ऽशबलो २ ऽकर्मांशः ३ 'शुद्धज्ञानदृष्टिधरः' संशुद्धज्ञानदर्शनधरोऽर्हन् जिनः केवली ४ अपरिश्रावी ५ चेति 'पञ्चविधः' पञ्चभेदः ।।३८।।**

**ટીકાર્થ :-**

'सः' ..... पञ्चभेदः ।। તે=સ્નાતક, અછવિક છે, અશબલ છે, અકર્માંશ છે, શુદ્ધ જ્ઞાનદૃષ્ટિ ધારણ

**કરનાર છે=શુદ્ધ જ્ઞાનદર્શનને ધારણ કરનાર અરિહંત જિનકેવલી છે, અપરિશ્રાવી છે. એ પ્રકારે પાંચ પ્રકારના છે. ॥૩૮॥**

**અવતરણિકા :-**

**तत्र प्रथमभेदार्थमाह—**

**અવતરણિકાર્થ :-**

ત્યાં=પાંચ પ્રકારના સ્નાતકના ભેદમાં, પ્રથમ ભેદના અર્થને કહે છે—

**ગાથા :-**

**अच्छविओ अव्वहओ, अहवा भन्नइ छवी सरीरं ति ।**
**जोगणिरोहा तस्साभावे अछवि त्ति सद्दत्थो ।।३९।।**

**ગાથાર્થ :-**

**અછવિ અવ્યથક છે અથવા છવી શરીર કહેવાય છે. યોગનિરોધને કારણે તેનો અભાવ હોતે છતે અછવિ એ પ્રકારે શબ્દનો અર્થ છે. ॥૩૯॥**

**ટીકા :-**

'अच्छविओ'त्ति । अच्छविकोऽव्यथक इत्येकेषां मतम्, अव्यथकत्वं च मोहक्षये सति प्राणातिपाताकरणनियमस्य परिनिष्ठितत्वान्न दुर्घटम्, विवेचितं चैतदुपदेशरहस्येऽस्माभिः । अथवा छविरिति शरीरं भण्यते, योगनिरोधात्तस्य शरीरस्याभावेऽच्छविरिति शब्दार्थो युज्यत इत्यपरेषां मतम् ।।३९।।

**ટીકાર્થ :-**

अच्छविकोऽव्यथक ..... मतम् ।। અછવિક=અવ્યથક=કોઈને વ્યથા ન કરે તેવા, એ પ્રમાણે એક આચાર્યનો મત છે અને અવ્યથકપણું મોહ ક્ષય થયે છતે પ્રાણના અતિપાતના અકરણના નિયમનું પરિનિષ્ઠિતપણું હોવાથી દુર્ઘટ નથી અને આ=મોહના ક્ષયમાં પાપના અકરણ નિયમની પરિનિષ્ઠા થાય છે એ, ઉપદેશરહસ્યમાં અમારા વડે કહેવાયું છે અથવા છવિ એ શરીર કહેવાય છે. યોગનિરોધને કારણે તેમને=સ્નાતકને, શરીરનો અભાવ હોતે છતે અછવિ એ પ્રકારનો શબ્દનો અર્થ ઘટે છે, એ પ્રકારે અન્યનો મત છે. ॥૩૯॥

**ભાવાર્થ :-**

ગાથા-૩૭માં કહ્યું કે સ્નાતક નિર્ગ્રંથ સયોગી અને અયોગી એમ બે ભેદવાળા છે. હવે, તે બે ભેદના વિભાગ કર્યા વગર સ્નાતકના અછવિક આદિ પાંચ ભેદો છે તે બતાવીને તેમાંથી પ્રથમ અછવિકનો અર્થ બંને ભેદમાં કઈ રીતે ઘટે છે, તે બતાવે છે. કેટલાક આચાર્યો અછવિક શબ્દની વ્યુત્પત્તિ ગ્રહણ કરીને

અછવિને અવ્યથક કહે છે. જોકે જીવ સર્વવિરતિ સામાયિક ગ્રહણ કરે છે, ત્યારે સર્વ પ્રાણાતિપાત નહીં કરવાનો નિયમ કરે છે તોપણ પ્રાણાતિપાતના અકરણ નિયમ પ્રત્યે પૂર્વના નિર્ગ્રંથો પ્રસ્થિત છે; કેમ કે કંઈક કષાયને વશ પોતાના પ્રાણોને અતિપાત કરે છે અને અતિચારકાળમાં અન્યના પણ પ્રાણોનો કંઈક અતિપાત કરે છે તોપણ તે પ્રાણાતિપાતના નિવારણમાં યત્નશીલ છે. વળી પ્રાણાતિપાત અકરણનિયમની નિષ્ઠા અર્થે ક્ષપકશ્રેણીમાં આરૂઢ થયેલા મુનિ પ્રયત્ન કરે છે અને મોહનો ક્ષય થયે છતે તે ક્ષપક મહાત્મા પ્રાણના અતિપાતના અકરણનિયમની નિષ્ઠાને પ્રાપ્ત કરે છે. તેથી પહેલું મહાવ્રત તે મહાત્માને ક્ષાયિકભાવરૂપે સ્થિર થાય છે તેના કારણે તે મહાત્મા કોઈનો પ્રાણનાશ કરતા નથી, કોઈને પીડા કરતા નથી અને કોઈના કષાયનો ઉદ્રેક કરતા નથી. ફક્ત જ્યાં સુધી યોગનિરોધનો ઉચિતકાળ નથી, ત્યાં સુધી યોગ્ય જીવોના ઉપકાર અર્થે જ તેઓ યોગને પ્રવર્તાવે છે. તેથી તે મહાત્મા પોતાને પણ વ્યથા કરનાર નથી, જગતના જીવોને પણ વ્યથા કરનાર નથી. માત્ર કર્મને પરવશ અને કષાયને પરવશ વ્યથિત જીવોને વ્યથાથી મુક્ત કરવા માટે સમ્યગ્ યત્ન કરે છે. તેથી, તેરમા ગુણસ્થાનકે રહેલા સયોગીકેવલીમાં અવ્યયથપણું ઘટે છે.

વળી, 'અથવા'થી અયોગીકેવલીમાં અવ્યયથપણું કઈ રીતે ઘટે છે, તે બતાવવા માટે અન્યનો મત બતાવે છે. અન્ય મહાત્મા છવિ શબ્દનો શરીર અર્થ ગ્રહણ કરીને અને અછવિ એટલે શરીરનો અભાવ એવો અર્થ કરે છે. તેથી જ્યારે કેવલી મહાત્માઓ યોગનિરોધ કરે છે, ત્યારે તેઓને શરીરનો અભાવ પ્રાપ્ત થાય છે. માટે અયોગીકેવલી અછવિ કહેવાય છે. વસ્તુતઃ યોગનિરોધ પછી સિદ્ધ અવસ્થામાં શરીરનો અભાવ થાય છે તો પણ નષ્ટમાણં નષ્ટઃ એ ન્યાયથી યોગનિરોધ વખતે શરીર નાશ પામ્યું છે, એ પ્રકારની વિવક્ષા કરીને અયોગીકેવલી સ્નાતકને અછવિ કહેવાય છે. ॥૩૯॥

**ગાથા :-**

**अहवा अच्छविओ खलु, अखेयवावारजोगओ इट्ठो ।**
**घाइक्खएण तत्तो, खवणाभावा व अच्छविओ ।।४०।।**

**ગાથાર્થ :-**

**અથવા અચ્છવિક અખેદવ્યાપારના યોગથી ઈષ્ટ છે અથવા ઘાતીના ક્ષયથી ત્યારપછી ક્ષપણાનો અભાવ હોવાને કારણે અચ્છવિક છે. ।।૪૦।।**

**ટીકા :-**

**'अहव'त्ति । अथवा क्षपा-सखेदो व्यापारस्तद्योगात् क्षपी ततोऽखेदव्यापारयोगतः 'अच्छविओ'त्ति अक्षपीष्ट इत्यप्यन्येषां मतम् । 'वा' अथवा घातिक्षयेण कृत्वा 'ततः' घातिक्षयानन्तरं क्षपणाभावाद् घातिकर्मणां अक्षपी 'अच्छवि'त्ति प्राकृतेनोच्यत इत्यपि व्याख्यान्तरम् । मतान्तराणि चैतानि प्रज्ञप्तिवृत्तौ व्यवस्थितानि, तथाहि—'अच्छवि'त्ति अव्यथक इत्येके, छवियोगाच्छविः-शरीरं तद् योगनिरोधेन**

**यस्य नास्त्यसावच्छविक इत्यन्ये, क्षपा-सखेदो व्यापारस्तस्या अस्तित्वात्क्षपी तन्निषेधादक्षपीत्यन्ये, घातिचतुष्टयक्षपणानन्तरं वा तत्क्षपणाभावादक्षपीत्युच्यत इति ।।४०।।**

**ટીકાર્થ :-**

**अथवा ..... इति ।। અથવા અછવિનો અર્થ અન્ય પ્રકારે છે. ક્ષપા એ સખેદ વ્યાપાર છે. તેના યોગથી=ખેદ સહિતના વ્યાપારના યોગથી ક્ષપી છે. તેથી અખેદના વ્યાપારના યોગથી અક્ષપી ઈષ્ટ છે, એ પ્રમાણે અન્યોનો મત છે અથવા ઘાતિના ક્ષય વડે કરીને ત્યારપછી=ઘાતીના ક્ષય પછી, ક્ષપણનો અભાવ હોવાથી ઘાતીકર્મોના અક્ષપી 'અછવિ' એ પ્રમાણે પ્રાકૃતથી કહેવાય છે એ પ્રમાણે પણ વ્યાખ્યા અંતર છે=અન્ય વ્યાખ્યા છે અને આ મતાંતરો પ્રજ્ઞપ્તિની વૃત્તિમાં વ્યવસ્થિત છે. તે આ પ્રમાણે – અછવિ અવ્યથક છે, એ પ્રમાણે એક કહે છે. છવિના યોગથી છવિ શરીર છે. તે શરીર યોગનિરોધથી જેને નથી તે અછવિક. એ પ્રમાણે અન્ય કહે છે. ક્ષપા સખેદ વ્યાપાર છે. તેના અસ્તિત્વથી=સખેદ વ્યાપારના અસ્તિત્વથી, ક્ષપિ છે. તેના નિષેધથી=ક્ષપીના નિષેધથી, અક્ષપી એ પ્રમાણે અન્ય કહે છે અથવા ઘાતી ચતુષ્ટય ક્ષપણાનન્તર તેના ક્ષપણાનો અભાવ હોવાથી અક્ષપી એ પ્રમાણે કહેવાય છે. ।।૪૦।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં અચ્છવિકનો અર્થ બે મતોથી બતાવ્યો. ત્યાં અચ્છવિનો અર્થ અવ્યથક કર્યો અને 'અથવા'થી અચ્છવિનો અર્થ અશરીરી કર્યો. હવે 'અથવા'થી અચ્છવિનો અર્થ અક્ષપી ગ્રહણ કરીને કહે છે કે સ્નાતક મહાત્મા અક્ષપી હોય છે. ત્યાં ક્ષપીનો અર્થ કરતાં કહે છે. સખેદ વ્યાપાર ક્ષપી છે અને સ્નાતક મહાત્માને યોગનિરોધ પછી કોઈ વ્યાપાર નથી. તેથી અખેદના વ્યાપારનો યોગ છે. તેથી અક્ષપી કહેવાય છે. તે આ રીતે – જીવને કર્મનાશને અનુકૂળ વ્યાપાર કરવો પડે ત્યારે પણ કંઈક શરીરના શ્રમકૃત ખેદ હોય છે. મનના શ્રમકૃત ખેદ હોય છે. પરંતુ ઇષ્ટની પ્રાપ્તિરૂપ સમભાવની વૃદ્ધિ હોવાથી મનના ઉદ્વેગરૂપ ખેદ હોતો નથી. તેમ કેવલી પણ યોગનિરોધને અનુકૂળ જે વ્યાપાર કરે છે, તે કંઈક શ્રમરૂપ છે. તેથી સખેદવ્યાપાર કેવલીને હોય છે. આથી જ કેવલજ્ઞાન પછી ભગવાન ઉપદેશ આપે છે, ત્યાર પછી શરીરના ખેદને દૂર કરવા અર્થે દેવછંદામાં વિશ્રાંતિ કરે છે અને યોગનિરોધ પછી કોઈ સખેદવ્યાપારનો યોગ નથી માટે અક્ષપી છે. જોકે યોગનિરોધકાળમાં પણ અવશિષ્ટ કર્મોની નિર્જરા થાય છે તોપણ ક્ષપણાને અનુકૂળ કોઈ વ્યાપાર નથી. નિરુદ્ધ વ્યાપારવાળા કેવલીથી તે અવશેષ કર્મો સ્વતઃ ક્ષય પામે છે.

વળી, 'અથવા'થી અછવિનો અર્થ અક્ષપી ગ્રહણ કરીને અન્ય પ્રકારે કરે છે. ક્ષપકશ્રેણીવાળા મહાત્મા ઘાતીકર્મોનો ક્ષય કરે છે. ત્યારપછી કોઈ ઘાતિકર્મો નાશ કરવા યોગ્ય નથી માટે ઘાતિકર્મોના અક્ષપી છે. અક્ષપીને બદલે ગાથા-૩૮માં સ્નાતકને અછવિ કેમ કહ્યો ? તેથી કહે છે. પ્રાકૃત પ્રમાણે અક્ષપીના અર્થમાં અછવિ શબ્દ છે. આ રીતે ગાથા-૩૯,૪૦માં જે ચાર અર્થો કર્યા એ પ્રજ્ઞપ્તિની વૃત્તિમાં બતાવાયા છે. તેથી ગ્રંથકારશ્રીએ સ્વમતિથી અછવિના અર્થો કર્યા નથી પરંતુ ભગવતીસૂત્રની ટીકા અનુસાર કરેલ છે. **।।૪૦।।**

**અવતરણિકા :-**

द्वितीयभेदमाह—

**અવતરણિકાર્થ :-**

બીજા ભેદને કહે છે=ગાથા-૩૮માં કહેલ સ્નાતકના અશબલરૂપ બીજા ભેદને કહે છે—

**ગાથા :-**

सुद्धासुद्धो सबलो, तत्तोऽसबलो हवे विवज्जत्थो ।
अइआरपंकविगमा, घाइविणासा अकम्मंसो ।।४१।।

**ગાથાર્થ :-**

શુદ્ધાશુદ્ધ શબલ છે. તેનાથી વિપરીત અતિચાર પંકના વિગમનને કારણે અશબલ થાય. ઘાતિના વિનાશથી અકર્માંશ છે. ।।૪૧।।

**ટીકા :-**

'सुद्धासुद्धो'त्ति । 'शुद्धाशुद्धः' चारित्रसत्तापेक्षया शुद्धत्वादतिचारमलापेक्षया चाशुद्धत्वाच्छबल उच्यते, तथा चाह—"सबलो सुद्धासुद्धो"त्ति । ततः शबलाद्विपर्यस्तो विपरीतोऽतिचारपङ्क-विगमादेकान्तशुद्धोऽशबलः, तदाह—"एगंतसुद्धो असबलो"त्ति । तृतीयभेदमाह-घातिनां विनाशात् 'अकर्मांशः' ज्ञानावरणीयादीनामष्टानां कर्मणां समुदायभूतानामंशाः-अवयवा घातिकर्मलक्षणा न सन्त्यस्येति व्युत्पत्तेः, तदाह—"अंशाः-अवयवाः कर्मणस्ते अवगया जस्स सो अकम्मंसो"त्ति, नास्ति कर्मांशः-घातिकर्मसत्ता यस्येति व्युत्पत्तिरित्यन्ये ।।४१।।

**ટીકાર્થ :-**

'शुद्धाशुद्धः' ..... व्युत्पत्तिरित्यन्ये ।। શુદ્ધાશુદ્ધ=ચારિત્રની સત્તાની અપેક્ષાએ શુદ્ધપણું હોવાથી અને અતિચારમલની અપેક્ષાએ અશુદ્ધપણું હોવાથી શબલ કહેવાય છે અને તે પ્રમાણે કહે છે=પૂર્વમાં શુદ્ધાશુદ્ધને શબલ કહ્યો, તે પ્રમાણે કોઈ સ્થાને શબલનું સ્વરૂપ બતાવે છે. તે પ્રમાણે કહે છે. "શબલ શુદ્ધાશુદ્ધ છે" તેથી શબલથી વિપર્યસ્ત=વિપરીત અતિચારપંકના વિગમનથી એકાંત શુદ્ધ, અશબલ છે અને તેને કહે છે — "એકાંત શુદ્ધ અશબલ છે" તૃતીય ભેદને કહે છે. ઘાતીકર્મોના વિનાશથી અકર્માંશ=જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોના સમુદાયભૂતના અંશો=ઘાતીકર્મલક્ષણ અવયવો આને નથી એ પ્રકારની વ્યુત્પત્તિ હોવાથી અકર્માંશ છે અને તેને કહે છે. "અંશો=અવયવો, કર્મના તે= અવયવો, અપગત છે જેમને તે અકર્માંશ છે." ઘાતીકર્મોની સત્તારૂપ કર્મના અંશો જેને નથી, એ પ્રકારની વ્યુત્પત્તિ છે, એ પ્રકારે અન્ય કહે છે. ।।૪૧।।

**ભાવાર્થ :-**

શુક્લધ્યાનથી જેઓએ સ્નાન કર્યું છે, તે સ્નાતક નિર્ગ્રંથો છે. તેને જ ભિન્ન ભિન્ન દૃષ્ટિથી પાંચ સ્વરૂપે બતાવે છે. તેમાંથી સ્નાતક, અચ્છવિ કઈ રીતે છે ? તે પૂર્વની ગાથામાં બતાવ્યું. હવે, તે સ્નાતક અશબલ છે. કેમ અશબલ છે ? તે બતાવવા માટે શબલનું સ્વરૂપ બતાવે છે. જેઓમાં ચારિત્રની સત્તા છે, તેથી શુદ્ધ છે અને અતિચારરૂપ મલ છે, એ અપેક્ષાએ અશુદ્ધ છે અને સ્નાતકથી પૂર્વના બારમા ગુણસ્થાનક સુધીના સાધુઓમાં ક્ષાયિકભાવના ચારિત્રની સત્તા છે અથવા ક્ષયોપશમભાવના ચારિત્રની સત્તા છે. તેમાંથી ક્ષયોપશમભાવવાળા ચારિત્રીમાં કષાયની સત્તા પણ છે અને કષાયનો ઉદય પણ છે. વળી ક્ષાયિકભાવના ચારિત્રમાં જ્ઞાનાવરણીયકર્મ વિદ્યમાન છે. તે રૂપ મલ અપેક્ષાએ તેઓ અશુદ્ધ છે. આથી વીતરાગને સાક્ષાત્ કોઈ અતિચાર નહિ હોવાને કારણે તેમને નિર્ગ્રંથ સ્વીકાર્યા, પરંતુ અશબલ સ્વીકાર્યા નથી; કેમ કે ઘાતિકર્મરૂપ મલ છે.

વળી, જેઓમાં શુદ્ધાશુદ્ધરૂપ શબલ ચારિત્ર નથી, તેઓ અશબલ હોવાથી સ્નાતક છે; કેમ કે અતિચાર આપાદક મલ પણ નથી, જ્ઞાનાવરણ આપાદક મલ પણ નથી. તેથી અશબલ છે અને આ અશબલ ચારિત્રવાળા સ્નાતક તેરમા અને ચૌદમા ગુણસ્થાનકવર્તી જીવો છે.

વળી, સ્નાતકનો ત્રીજો ભેદ અકર્માંશ છે. જેમકે સંપૂર્ણ કર્મ વગરના જીવો સિદ્ધો છે, પરંતુ આત્માને મલિન કરનારાં આઠ કર્મોમાંથી ઘાતીકર્મો વિશિષ્ટ મલિનતાને કરે છે અને તેનો નાશ કરેલ હોવાથી સ્નાતક નિર્ગ્રંથ અકર્માંશવાળા કહેવાય છે; કેમ કે સર્વ કર્મોના સમુદાયમાંથી ક્લિષ્ટ કર્મો રૂપ જે ઘાતીકર્મો છે, તે અંશનો તેમણે નાશ કર્યો છે, તેથી અકર્માંશ છે. **॥૪૧॥**

**અવતરણિકા :-**

**चतुर्थं भेदमाह—**

**અવતરણિકાર્થ :-**

**ચોથા ભેદને કહે છે=ગાથા-૩૮માં બતાવેલ શુદ્ધ જ્ઞાનદૃષ્ટિધર અરિહંત જિનકેવલીરૂપ સ્નાતકના ચોથા ભેદને બતાવે છે—**

**ગાથા :-**

**तह सुद्धनाणदिट्ठी, असहायाणंतनाणदंसणवं ।**
**अरह जिण केवलि त्ति य, एगट्ठं होइ सद्दतियं ।।४२।।**

**ગાથાર્થ :-**

**અને શુદ્ધ જ્ઞાનદૃષ્ટિ અસહાય એવી અનંતજ્ઞાનદર્શનવાળી છે અને અરિહંત, જિન, કેવલી એકાર્થ શબ્દત્રય થાય છે. ।।૪૨।।**

**ટીકા :-**

**'तह'त्ति । तथा शुद्धज्ञानदृष्टिरसहायेऽनन्ते च ये ज्ञानदर्शने केवलाख्ये तद्वान् । अर्हन् जिनः केवलीति चैकार्थं शब्दत्रयम्-चतुर्थस्नातकभेदार्थाभिधायकम्, त्रिभिरप्येतैः परस्परोपसंदानेनैतदर्थाभिधानात्, विवरणपरं वैतदिति बोध्यम् ।।४२।।**

**ટીકાર્થ :-**

**तथा ..... बोध्यम् ।। અને શુદ્ધ જ્ઞાનદૃષ્ટિ અસહાય એવા અનંત જે કેવલ નામના જ્ઞાન, દર્શન, છે તદ્વાન્ છે. અર્હન, જિન કેવલી એકાર્થ શબ્દત્રય છે. ત્રણ શબ્દો ચોથા સ્નાતક ભેદના અર્થના અભિધાયક છે; કેમ કે આ ત્રણ વડે પણ પરસ્પર ઉપસંદાનથી આ અર્થનું અભિધાન છે=સ્નાતકના અર્થનું કથન છે અથવા વિવરણપર આ છે=સ્નાતક અર્થના વિવરણમાં તત્પર એવા આ ત્રણ શબ્દોનો સમુદાય છે, એ પ્રમાણે જાણવું. ।।૪૨।।**

**ભાવાર્થ :-**

સ્નાતક નિર્ગ્રંથનું સ્વરૂપ જ બુદ્ધિ સામે અત્યંત સ્પષ્ટ કરવાર્થે તેમાં વર્તતા વિશિષ્ટ ભાવોને ગ્રહણ કરીને ચોથા ભેદને બતાવે છે. સ્નાતક નિર્ગ્રંથ શુદ્ધ જ્ઞાનદૃષ્ટિવાળા છે. તેનો અર્થ સ્પષ્ટ કરે છે. અસહાય, અનંતજ્ઞાન, દર્શનવાળા છે. તેથી એ ફલિત થાય કે કેવલજ્ઞાનની પૂર્વે જે નિર્ગ્રંથો છે, તેઓને કંઈક શુદ્ધ જ્ઞાનની દૃષ્ટિ પ્રગટેલી છે તોપણ પૂર્ણ શુદ્ધ નથી. આથી જ ક્ષયોપશમભાવના કર્મની સહાયથી, શ્રુતજ્ઞાનનાં વચનોની સહાયથી અને ઇન્દ્રિય-મનની સહાયથી પૂર્વનાં ચાર જ્ઞાનો પ્રગટે છે. પરંતુ કેવલજ્ઞાન કર્મના ક્ષયોપશમની સહાયતા વગર અને ઇન્દ્રિય, મન કે વચનની સહાયતા વગર જ્ઞાન અનાવૃત હોવાને કારણે સહજ કેવલજ્ઞાન, કેવલદર્શનરૂપ બે દૃષ્ટિઓ પ્રવર્તે છે અને તેનું સ્વરૂપ જ વિશેષ સ્પષ્ટ કરવા અર્થે કહે છે. તે સ્નાતક નિર્ગ્રંથ અરિહંત છે, જિન છે, કેવલી છે. જોકે પૂજાને યોગ્ય હોય તે અર્હન્ કહેવાય. તેથી સુસાધુ પણ અર્હન્ છે. જિન શબ્દથી શ્રુતજિન, અવધિજિન આદિનું પણ ગ્રહણ અને કેવલી શબ્દથી કેવલજ્ઞાનનું ગ્રહણ છે. તેથી ત્રણેય શબ્દ સર્વથા એકાર્થ નથી. આથી જ ટીકામાં કહ્યું કે આ ત્રણેય પણ શબ્દો પરસ્પર એકબીજા સાથે સંબદ્ધ થઈને સ્નાતક અર્થના અભિધાયક છે, તેથી તે ત્રણેય શબ્દો એકાર્થ છે; કેમ કે કેવલીમાં વર્તતા અર્હન્ અને જિનને જ ગ્રહણ કરીને ચોથા સ્નાતકભેદના અર્થને કહેનારા તે ત્રણેય શબ્દો છે અથવા સ્નાતકના સ્વરૂપને વિશેષ રૂપે બતાવવામાં તત્પર આ ત્રણેય શબ્દો છે. તેથી અવધિ જિન આદિના વાચક 'જિન' શબ્દનું અહીં ગ્રહણ નથી, પરંતુ કેવલી જિનનું જ ગ્રહણ છે અને 'અર્હન્' શબ્દથી પણ કેવલીમાં જ વર્તતા અર્હત્વનું ગ્રહણ છે. **।।૪૨।।**

**અવતરણિકા :-**

**पञ्चमं भेदमाह—**

**અવતરણિકાર્થ :-**

**પાંચમા ભેદને કહે છે=સ્નાતકના અપરિશ્રાવી રૂપ પાંચમા ભેદને કહે છે–**

**ગાથા :-**

**कम्मापरिस्सवणओ, अपरिस्सावी अजोगिभावम्मि ।**
**एसा खलु परिवाडी, पण्णत्तीए फुडं भणिया ।।४३।।**

**ગાથાર્થ :-**

**કર્મના અપરિશ્રવણથી અયોગીભાવમાં અપરિશ્રાવી છે. આ પરિપાટી=સ્નાતકના ભેદોને કહેવાનો આ ક્રમ, પ્રજ્ઞપ્તિમાં સ્પષ્ટ કહેવાયો છે. ।।૪૩।।**

**ટીકા :-**

**'कम्मापरिस्सवणओ'त्ति । कर्मणां अपरिश्रवणतः-अबन्धनात् 'अपरिश्रावी अयोगिभावे' निरुद्धयोगत्वे न परिश्रवति-नाश्रवति कर्माणीत्यपरिश्रावीति व्युत्पत्तेः । एषा खलु परिपाटी 'प्रज्ञप्तौ' भगवत्यां स्फुटा भणिता, तथा च तदालापः**—"सिणाए णं भंते ! कतिविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा-अच्छवी असबले अकम्मंसे संसुद्धनाणदंसणधरे अरहा जिणे केवली अपरिस्साइ"**त्ति ।।४३।।**

**ટીકાર્થ :-**

**कर्मणां ..... अपरिस्साइ"त्ति ।। કર્મોના અપરિશ્રવણથી=અબંધનથી, અપરિશ્રાવી, અયોગીભાવમાં છે; કેમ કે નિરુદ્ધયોગપણું હોતે છતે પરિશ્રવણ કરતા નથી=કર્મોનું આશ્રવણ કરતા નથી. એથી અપરિશ્રાવી એ પ્રકારની વ્યુત્પત્તિ છે. આ પરિપાટી પ્રજ્ઞપ્તિમાં=ભગવતીમાં, સ્પષ્ટ કહેવાઈ છે=સ્નાતકના પાંચ ભેદો કહ્યા એ પરિપાટી પ્રજ્ઞપ્તિમાં સ્પષ્ટ કહેવાઈ છે અને તે પ્રકારે=પૂર્વમાં બતાવ્યું એ પ્રકારે, તેનો આલાપ છે=ભગવતીનો આલાપ છે.** "હે ભગવંત ! સ્નાતક કેટલા પ્રકારના પ્રજ્ઞપ્ત છે ?=કહેવાયેલા છે. ભગવાન કહે છે. હે ગૌતમ ! પાંચ પ્રકારના કહેવાયેલ છે. તે આ પ્રમાણે – અચ્છવિ, અશબલ, અકર્માંશ, સંશુદ્ધ જ્ઞાનદર્શનધર અર્હન્ જિન કેવલી, અપરિશ્રાવી." ।।૪૩।।

**ભાવાર્થ :-**

પરિશ્રવણ એ ઝરવાના અર્થમાં છે અને આત્મામાં સતત કર્મો ઝરી રહ્યાં છે અર્થાત્ આત્મામાં આવી રહ્યાં છે, તે પરિશ્રવણ છે અને યોગનિરોધકાળમાં જીવનો બંધસ્વભાવ નાશ પામે છે. જેથી કર્મો આત્મામાં પરિશ્રવણ પામતાં નથી; કેમ કે મન-વચન-કાયાના વ્યાપારરૂપ યોગથી જ આત્મામાં કર્મોનો બંધ થાય છે. નિરુદ્ધ યોગ હોતે છતે આત્મામાં કર્મો પરિશ્રવણ પામતાં નથી. એથી ચૌદમા ગુણસ્થાનકે મહાત્મા અપરિશ્રાવી છે.

વસ્તુતઃ સંસારઅવસ્થામાં જીવોના મન-વચન-કાયાના યોગો મિથ્યાત્વાદિ પરિણતિથી વિશિષ્ટ હોય છે. તે વિશિષ્ટ યોગોને મહાત્માઓ સાધના દ્વારા અવિશિષ્ટ બનાવે છે, ત્યારે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ કષાય જાય છે. ત્યાર પછી પણ અજ્ઞાનથી વિશિષ્ટ યોગો વર્તે છે. કેવલી થયા પછી સર્વ વિશેષણથી રહિત અવિશિષ્ટ યોગો હોય છે, ત્યાં સુધી જીવનો બંધ સ્વભાવ વર્તે છે. વળી જ્યારે મહાત્મા યોગનિરોધ કરે છે, ત્યારે યોગનો અભાવ થાય છે. તેથી કર્મોના બંધનો જીવનો સ્વભાવ સર્વથા દૂર થાય છે. તેથી ચૌદમા ગુણસ્થાનકે અપરિશ્રાવી રૂપ પાંચમા ભેદની પ્રાપ્તિ થાય છે.

ગ્રંથકારશ્રીએ સ્નાતકના આ પાંચ ભેદો કહ્યા છે. તે પાંચ ભેદો ભગવતીસૂત્રમાં આ જ ક્રમથી સ્પષ્ટ કહેવાયા છે. **॥૪૩॥**

**અવતરણિકા :-**

**ग्रन्थान्तरविशेषमाह–**

**અવતરણિકાર્થ :-**

**ગ્રંથાંતરના વિશેષને કહે છે=પાંચમા ભેદરૂપ અપરિશ્રાવી વિષયક અન્ય ગ્રંથના ભેદને કહે છે–**

**ગાથા :-**

**अपरिस्साविं त्ति पयं, भणिअं णो उत्तरज्झयणएसु ।**
**भणियं च तस्स ठाणे, एगत्थं चेव सद्दतियं ।।४४।।**

**ગાથાર્થ :-**

**ઉત્તરાધ્યયનમાં અપરિશ્રાવી એ પ્રકારનું પદ કહેવાયું નથી અને તેના સ્થાનમાં=પાંચમા ભેદના સ્થાનમાં, શબ્દત્રિક એકાર્થ કહેવાયો છે. ।।૪૪।।**

**ટીકા :-**

**'अपरिस्सावि त्ति'त्ति । अपरिश्रावीति पदं पञ्चमभेदकथकमुत्तराध्ययनेषु न भणितम्, भणितं च 'तस्य स्थाने' अपरिश्रावीतिपदस्य स्थाने पञ्चमभेदाभिधानाधिकारे एकार्थमेव शब्दत्रिकमर्हन् जिनः केवलीति, तथा च तदालापः–**"सो पंचविहो अच्छवी असबलो अकम्मंसो संसुद्धनाणदंसणधरो अरहा जिणो केवली" **इति ।।४४।।**

**ટીકાર્થ :-**

अपरिश्रावीति ..... इति ।। **અપરિશ્રાવી એ પ્રકારનું પાંચમા ભેદના કથનરૂપ પદ ઉત્તરાધ્યયનમાં કહેવાયું નથી અને તેના સ્થાનમાં='અપરિશ્રાવી' એ પ્રકારના પદના સ્થાનમાં, પાંચમા ભેદના કથનના અધિકારમાં એકાર્થ જ શબ્દત્રિક અર્હન્ જિનકેવલી એ પ્રમાણે કહેવાયું છે અને તે પ્રકારે=**

**અપરિશ્રાવીના સ્થાને ગ્રંથાંતરમાં અન્ય પદ છે. તે પ્રકારે, તેનો આલાપ છે.**

"તે=પાંચ પ્રકારના સ્નાતકમાં અચ્છવિ, અશબલ, અકર્માંશ, સંશુદ્ધજ્ઞાનદર્શનધર, અરિહંત જિનકેવલી." ॥૪૪॥

**ભાવાર્થ :-**

ભગવતીમાં સ્નાતકના પાંચ ભેદો કહ્યા છે. ઉત્તરાધ્યયનમાં પણ સ્નાતકના પાંચ ભેદો કહ્યા છે છતાં ભગવતીમાં સંશુદ્ધ જ્ઞાન-દર્શન ધારણ કરનાર અરિહંત જિનકેવલી ચોથો ભેદ છે અને પાંચમો ભેદ અપરિશ્રાવી છે. જ્યારે ઉત્તરાધ્યયનમાં સંશુદ્ધ જ્ઞાન, દર્શન ધારણ કરનાર ચોથો ભેદ છે અને અરિહંત જિનકેવલી એ એકાર્થ ત્રિક પાંચમો ભેદ છે. **॥૪૪॥**

**અવતરણિકા :-**

**नन्वेते भेदा न पुलाकादिभेदवत् परस्परमतिरिच्यन्त इत्यत आह—**

**અવતરણિકાર્થ :-**

**'નનુ'થી શંકા કરે છે. આ ભેદો=સ્નાતકના જે પાંચ ભેદો બતાવ્યા એ ભેદો, પુલાક આદિના ભેદોની જેમ પરસ્પર પૃથક્ નથી. એથી કહે છે—**

**ગાથા :-**

**इत्थ दसाभेयकओ, भेओ केण वि ण हंदि णिद्दिट्ठो ।**
**तो सद्दणयावेक्खो, भेओ त्ति भणंति णिउणमई ।।४५।।**

**ગાથાર્થ :-**

**અહીં દશાભેદકૃત ભેદ કોઈના વડે પણ નિર્દેશ કરાયો નથી. તે કારણથી નિપુણમતિ એવા આ. અભયદેવસૂરિજી મ. શબ્દનયની અપેક્ષાવાળો ભેદ છે એ પ્રમાણે કહે છે. ।।૪૫।।**

**ટીકા :-**

**'इत्थ'त्ति । 'अत्र' स्नातकभेदाभिधानाधिकारे दशाभेदकृतो भेदो न केनापि व्याख्यात्रा हन्दि निर्दिष्टः, तत् शब्दनयापेक्षो भेद इति भणन्ति 'निपुणमतयः' अभयदेवसूरयः, तथा च भगवतीवृत्तिः—**
"इह चावस्थाभेदेन भेदो न केनचिद् वृत्तिकृतेहान्यत्र च ग्रन्थे व्याख्यातस्ततश्चैवं संभावयामः-शब्दनयापेक्षया एतेषां भेदो भावनीयः शक्रपुरन्दरादिवत्" **इति ।।४५।।**

**ટીકાર્થ :-**

'अत्र' ..... इति ।। **અહીં=સ્નાતકના ભેદના કથનના અધિકારમાં, દશાભેદકૃત ભેદ=પરસ્પર ભિન્ન પ્રકારની પરિણતિકૃત ભેદ, કોઈ પણ વ્યાખ્યાન કરનારા વડે બતાવાયો નથી. તે કારણથી=**

**દશાભેદકૃત સ્નાતકના ભેદો નથી તે કારણથી, શબ્દનયની અપેક્ષાવાળો ભેદ છે એ પ્રમાણે નિપુણમતિ એવા શ્રી અભયદેવસૂરિજી કહે છે અને તે પ્રકારે=શબ્દનયની અપેક્ષાવાળો સ્નાતકનો ભેદ છે એમ પૂર્વમાં કહ્યું તે પ્રકારે, ભગવતીની વૃત્તિ છે.**

"અને અહીં=સ્નાતકના ભેદમાં, અવસ્થાના ભેદથી ભેદ કોઈ પણ વૃત્તિકાર વડે અહીં=ભગવતીમાં અને અન્ય ગ્રંથોમાં વ્યાખ્યાન કરાયો નથી અને તેથી=અવસ્થાકૃત ભેદ કોઈના વડે કરાયો નથી તેથી, આ પ્રમાણે અમે સંભાવના કરીએ છીએ. શબ્દનયની અપેક્ષાથી શક્ર પુરંદરાદિની જેમ આમનો=સ્નાતકનો, ભેદ ભાવન કરવો." **॥૪૫॥**

**ભાવાર્થ :-**

પુલાક આદિ સાધુઓ અનેક હોય તોપણ પુલાક પુલાકરૂપે બધા સદૃશ છે અને બકુશ બકુશરૂપે સદૃશ છે તોપણ પુલાક અને બકુશાદિનો પરસ્પર ચારિત્રની પરિણતિની અપેક્ષાએ પરસ્પર ભેદ છે, તેવો ભેદ સ્નાતક સાધુમાં નથી આમ છતાં સ્નાતકના પાંચ ભેદો શાસ્ત્રમાં કહ્યા છે. તેથી વિચારકને તે પાંચ ભેદો કઈ અપેક્ષાએ છે ? તેવી જિજ્ઞાસા થાય. તેથી નિપુણમતિવાળા આ.અભયદેવસૂરિજી કહે છે. સ્નાતકના પાંચ ભેદો પરસ્પર અવસ્થાકૃત ભેદ છે, તેવું વ્યાખ્યાન કોઈ ઠેકાણે પ્રાપ્ત થતું નથી. તેથી આ ભેદ શબ્દનયની અપેક્ષાવાળો છે, જેમ એક જ ઇન્દ્ર શક્ર પણ કહેવાય છે અને પુરંદરાદિ શબ્દથી પણ કહેવાય છે. તેમ સ્નાતક સાધુ સંખ્યાથી એક હોય કે અનેક હોય તે સર્વ સમાન હોવાથી એક સ્વરૂપવાળા છે છતાં જેમ શક્ર અને પુરંદરાદિ શબ્દો તે શક્રના જ વિશેષ સ્વરૂપને બતાવે છે, તેમ સ્નાતક મહાત્મા ક્ષપકશ્રેણીના બળથી ઘાતીકર્મોનો નાશ કરીને થયેલા શુદ્ધાત્મા છે તો પણ તેઓનું જ સ્વરૂપ સ્પષ્ટ કરવાર્થે પાંચ ભેદો બતાવેલ છે. **॥૪૫॥**

**અવતરણિકા :-**

**अत्रैव विशेषमाह—**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=સ્નાતકના ભેદો શબ્દનયની અપેક્ષાએ છે, એમ પૂર્વમાં કહ્યું એમાં જ, વિશેષને કહે છે—**

**ગાથા :-**

**इह भेओ पज्जाओ, ईहापोहाइवयणओ नेओ ।**
**इट्ठा वक्खा जं तत्तभेअपज्जायओ तिविहा ।।४६।।**

**ગાથાર્થ :-**

**અહીં ઈહા અપોહના વચનની જેમ પર્યાયથી ભેદ જાણવો. જે કારણથી તત્ત્વ, ભેદ, પર્યાયથી ત્રણ પ્રકારની વ્યાખ્યા ઈષ્ટ છે. ।।૪૬।।**

**ટીકા :-**

**'इह भेओ'त्ति । 'इह' स्नातकभेदाधिकारे शब्दनयापेक्षया यो भेद उच्यते स पर्यायो ज्ञेयः । किंवत् ? इत्याह—ईहापोहादिवचनवत्, यथा खलु—**

"इहा अपोह वीमंसा, मग्गणा य गवेसणा ।
सन्ना सई मई पन्ना, सव्वं आभिणिबोहिअं ।।१।।"

**इत्यत्रावश्यकप्रदेशे मतिज्ञाननिरूपणे तत्त्वभेदनिरूपणानन्तरं मतिज्ञानसामान्यविशेषपर्यायाणामभिधानम्, तथा चास्या वृत्तिः—'ईहा गाहा व्याख्या-'ईहि' चेष्टायाम्, ईहनमीहा-सतामर्थानामन्वयिनां व्यतिरेकिणां च पर्यालोचनेति यावत् । अपोहनमपोहः-निश्चय इत्यर्थः, विमर्शनं विमर्शः, अवायात्पूर्व ईहाया उत्तरः, प्रायः शिरःकण्डूयनादयः पुरुषधर्मा अत्र घटन्त इति सप्रत्ययो विमर्शः । तथाऽन्वयधर्मान्वेषणा मार्गणा, चशब्दः समुच्चयार्थः, व्यतिरेकधर्मालोचना गवेषणा, तथा सञ्ज्ञानं सञ्ज्ञाव्यञ्जनावग्रहोत्तरकालभावी मतिविशेष इत्यर्थः, स्मरणं स्मृतिः-पूर्वानुभूतार्थालम्बनप्रत्यय इति, मननं मतिः-कथञ्चिदर्थपरिच्छित्तावपि सूक्ष्मधर्मालोचनरूपा बुद्धिरिति । तथा प्रज्ञानं प्रज्ञाविशिष्टक्षयोपशमजन्या प्रभूतवस्तुगतयथावस्थितधर्मालोचनरूपा मतिरित्यर्थः, सर्वमिदमाभिनिबोधिकं मतिज्ञानमित्यर्थः । एवं किञ्चिद्भेदाद् भेदः प्रदर्शितः, तत्त्वतस्तु मतिवाचकाः सर्व एवैते पर्यायशब्दा इति ।।" अत्र हि तत्त्वतस्त्वित्यनेन सामान्यविशेषसाधारण्येन पर्यायाभिधानमुक्तम्, समानप्रवृत्तिनिमित्तकनानाशब्दानां पर्यायत्वादिति । तथा स्नातकनिरूपणस्थलेऽपि प्रकृते, अर्थात् स्नातकतत्त्वं सयोग्ययोगिभावेन तद्भेदं चाभिधायाऽच्छवित्वादिभेदाभिधानं तत्पर्यायप्रदर्शनपरमित्यर्थः । ननु पर्यायाभिधानमपि किमर्थम् ? इत्यत आह—'यत्' यस्माद् व्याख्या तत्त्वभेदपर्यायतस्त्रिविधा, ततः पर्यायव्याख्याऽपि सम्प्रदायानुरोधाद् युक्तिमतीति भावः । अत्र तत्त्वमसाधारणो धर्मः, तद्व्याख्यानमितरभेदगमकतयोपयुज्यते; भेदाश्च तत्त्वसाक्षाद्व्याप्यधर्मवन्तः, तद्व्याख्यानं न्यूनाधिकसङ्ख्याव्यवच्छेदार्थमुपयुज्यते; पर्यायाश्च तत्त्वभेदवाचकनानाशब्दाः, तद्व्याख्यानं तत्र तत्र व्युत्पत्तिव्यवहारसौलभ्यार्थमुपयुज्यते; तदुक्तं 'ईहा' इत्यादिगाथापातनिकायामावश्यकवृत्तौ—**"तत्त्वभेदपर्यायैर्व्याख्येति न्यायात्तत्त्वतो भेदतश्च मतिज्ञानस्वरूपमभिधायेदानीं नानादेशजविनेयगणसुखप्रतिपत्तये तत्पर्यायशब्दानभिधित्सुराह" **इति ।।४६।।**

**ટીકાર્થ :-**

**'इह' ..... इति ।। અહીં=સ્નાતકના ભેદના અધિકારમાં, શબ્દનયની અપેક્ષાથી જે ભેદ કહેવાય છે. તે પર્યાય જાણવો. કોની જેમ ?=કોની જેમ પર્યાય જાણવો ? એથી કહે છે – ઈહા, અપોહાદિ વચનની જેમ. જે પ્રમાણે ખરેખર "ઈહા, અપોહ, વીમસા=વિમર્શ, માર્ગણા અને ગવેષણા, સંજ્ઞા,**

સ્મૃતિ, મતિ, પ્રજ્ઞા સર્વ આભિનિબોધિક જ્ઞાન છે.” એ પ્રકારે આ આવશ્યક પ્રદેશમાં મતિજ્ઞાનના નિરૂપણ વિષયક તત્ત્વભેદના નિરૂપણ અનંતર મતિજ્ઞાનના સામાન્ય વિશેષ પર્યાયોનું અભિધાન છે અને તે રીતે=ઈહા, અપોહ આદિ મતિજ્ઞાનના સામાન્ય વિશેષ પર્યાયરૂપ છે તે રીતે, આની= આવશ્યકસૂત્રની, વૃત્તિ છે. આ ગાથાની વ્યાખ્યા – ‘ઈહ’ ધાતુ ચેષ્ટા અર્થમાં છે. ઈહન ઈહા છે= વિદ્યમાન અર્થોના અન્વયી વ્યતિરેકીની પર્યાલોચના છે. અપોહન અપોહ છે=નિશ્ચય છે=આ વસ્તુ છે, એ પ્રકારનો નિશ્ચય છે. વિમર્શન વિમર્શ છે=અપાયથી પૂર્વે અને ઇહાથી ઉત્તર વિમર્શ છે. પ્રાયઃ શિરકંડુયનાદિ પુરુષધર્મ અહીં ઘટે છે. એ પ્રકારે પ્રત્યય સહિત વિમર્શ છે અને અન્વય ધર્મની અન્વેષણા માર્ગણા છે. ગાથામાં રહેલો च શબ્દ સમુચ્ચય અર્થમાં છે. વ્યતિરેકધર્મની આલોચના ગવેષણા છે અને સંજ્ઞાનં સંજ્ઞા છે=વ્યંજનાવગ્રહ ઉત્તરકાલભાવિ મતિવિશેષ છે. સ્મરણ સ્મૃતિ છે= પૂર્વમાં અનુભવ થયેલા અર્થના આલંબનવાળો પ્રત્યય=બોધ, છે. મનન મતિ છે=કોઈક અર્થનો બોધ હોવા છતાં પણ સૂક્ષ્મ ધર્મ આલોચનરૂપ બુદ્ધિ છે અને પ્રજ્ઞાન પ્રજ્ઞા છે=વિશિષ્ટ ક્ષયોપશમજન્ય ઘણી વસ્તુગત યથાવસ્થિત ધર્મના આલોચનરૂપ મતિ છે=કોઈ પુરુષ ઘણી વસ્તુ વિષયક યથાવસ્થિત ધર્મનું આલોચન કરે તે વિશિષ્ટ ક્ષયોપશમથી થાય છે અને તેવા ક્ષયોપશમવાળી મતિ પ્રજ્ઞા છે. સર્વ આ આભિનિબોધિક મતિજ્ઞાન છે. આ રીતે=અત્યાર સુધી વ્યાખ્યાન કર્યું એ રીતે, કેટલાક ભેદોથી ભેદ બતાવાયો. વળી, તત્ત્વથી મતિવાચક આ સર્વ જ પર્યાય શબ્દો છે અર્થાત્ આત્મામાં થતા મતિજ્ઞાનના પર્યાયવાચી શબ્દો છે. ફક્ત તે પર્યાયોમાં પણ કંઈક પરસ્પર ભેદ બતાવાયો છે. हि=જે કારણથી, અહીં=ઉદ્ધરણના કથનમાં, તત્ત્વથી એ પ્રકારના આ સામાન્ય વિશેષ સાધારણથી પર્યાય કથન કરાયું; કેમ કે સમાન પ્રવૃત્તિ નિમિત્તક જુદા જુદા શબ્દોનું પર્યાયપણું છે અને સ્નાતકનું નિરૂપણ સ્થળ પણ પ્રકૃત હોતે છતે અર્થથી સ્નાતક તત્ત્વને અને સયોગી-અયોગી ભાવથી તેના ભેદને કહીને અછવિત્વાદિ ભેદનું કથન તત્પર્યાય પ્રદર્શનપર છે. ખરેખર પર્યાયનું કથન પણ શેના માટે છે ? એથી કહે છે. જે કારણથી વ્યાખ્યા તત્ત્વ, ભેદ અને પર્યાયથી ત્રણ પ્રકારે છે. તેથી પર્યાયની વ્યાખ્યા પણ સંપ્રદાયના અનુરોધથી યુક્તિવાળી છે એ પ્રકારનો ભાવ છે. અહીં=તત્ત્વ ભેદ અને પર્યાયના કથનમાં, તત્ત્વ અસાધારણ ધર્મ છે અને તેનું વ્યાખ્યાન ઈતર ભેદનું ગમકપણાથી ઉપયોગીપણું છે અને ભેદો તત્ત્વના સાક્ષાત્ વ્યાપ્ય ધર્મવાળા છે અને તેનું વ્યાખ્યાન ન્યૂન અને અધિક સંખ્યાના વ્યવચ્છેદ અર્થ માટે ઉપયોગી છે અને પર્યાયો તત્ત્વના ભેદના વાચક જુદા જુદા શબ્દો છે અને તેનું વ્યાખ્યાન=પર્યાયોના ભેદનું વ્યાખ્યાન, ત્યાં ત્યાં વ્યુત્પત્તિ વ્યવહારના સૌલભ્ય માટે ઉપયોગી છે અને તે કહેવાયું છે=પર્યાયનું વ્યાખ્યાન વ્યુત્પત્તિ વ્યવહારના સૌલભ્ય માટે ઉપયોગી છે તે આવશ્યકવૃત્તિની ઈહા ઈત્યાદિ ગાથાની પાતનિકામાં કહેવાયું છે=આવશ્યકની વૃત્તિમાં ઈહા ઈત્યાદિ ગાથાની અવતરણિકામાં કહેવાયું છે.

“તત્ત્વ, ભેદ, પર્યાયથી વ્યાખ્યા એ પ્રકારના ન્યાયથી તત્ત્વથી અને ભેદથી મતિજ્ઞાનના સ્વરૂપને કહીને હમણાં વિવિધ દેશના શિષ્યગણને સુખપૂર્વક બોધ માટે તત્પર્યાયશબ્દને કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે.” ॥૪૬॥

**ભાવાર્થ :-**

સ્નાતકના ભેદના અધિકારમાં જે શબ્દનયની અપેક્ષાએ સ્નાતકના ભેદો કહેવાયા, તે પર્યાયો જાણવા. પૂર્વગાથામાં આ.અભયદેવસૂરિજીએ કહેલ કે અછવિ, અશબલ વગેરે પાંચ પ્રકારના સ્નાતક છે, તે ભેદ શબ્દનયની અપેક્ષાએ છે અને તે ભેદ જેમ મતિજ્ઞાનના ઈહા, અપોહાદિ ભેદો છે, તેની જેમ જાણવા અને મતિજ્ઞાનના ઈહા, અપોહાદિ ભેદો છે, તે આવશ્યકસૂત્રમાં મતિજ્ઞાનના નિરૂપણમાં બતાવેલ છે અને ત્યાં કહ્યું છે કે તત્ત્વભેદની નિરૂપણા પછી મતિજ્ઞાનના સામાન્ય વિશેષ પર્યાયોનું અભિધાન છે અને તે સામાન્ય વિશેષ અભિધાન જ આવશ્યકનિર્યુક્તિની બારમી ગાથામાં બતાવેલ છે. ત્યાં મતિજ્ઞાનરૂપે સામાન્ય છે અને તેના જ ઈહા, અપોહ, વિમર્શ વગેરે સામાન્ય વિશેષ વાચક શબ્દો છે. તેથી જ કોઈ ભેદની અપેક્ષાએ તેઓનો પરસ્પર ભેદ છે તોપણ તત્ત્વથી તે સર્વ શબ્દો મતિજ્ઞાનના પર્યાયવાચી શબ્દો જ છે. તે પ્રમાણે સ્નાતક, નિર્ગ્રંથ પણ સામાન્યથી સયોગી, અયોગી ભાવવાળા છે અને તે કહ્યા પછી અછવિત્વાદિ ભેદનું કથન કર્યું, તે સ્નાતક, નિર્ગ્રંથના પર્યાય નિરૂપણપર છે. તેથી અછવિક આદિ સ્નાતકના જ પર્યાયો છે.

આ પ્રકારે નિરૂપણ કેમ કર્યું છે, તેમાં યુક્તિ બતાવે છે. જે કારણથી પદાર્થની વ્યાખ્યા તત્ત્વ, ભેદ અને પર્યાયથી ત્રણ પ્રકારે કરવામાં આવે છે, જેથી તે પદાર્થનો યથાર્થ બોધ થાય. જેમ પંચવસ્તુકમાં પ્રવ્રજ્યાનો અધિકાર છે, ત્યાં પ્રથમ પ્રવ્રજ્યાનું તત્ત્વથી નિરૂપણ કર્યું અને બતાવ્યું કે પ્રવ્રજ્યા પ્રકૃષ્ટથી પાપને આશ્રયીને પર તરફ જવું તે પ્રવ્રજ્યા છે. તેનાથી પ્રવ્રજ્યા શબ્દનો પારમાર્થિક બોધ થાય છે. ત્યારપછી તે પ્રવ્રજ્યાના ભેદો બતાવ્યા. જેથી તે પ્રવ્રજ્યા કેટલા પ્રકારની છે, તેનો બોધ થાય છે. ત્યારપછી પ્રવ્રજ્યાના પર્યાયવાચી શબ્દોથી પ્રવ્રજ્યાનું નિરૂપણ કરેલ છે. તેમ પ્રસ્તુતમાં સ્નાતક નિર્ગ્રંથની પ્રરૂપણામાં સ્નાતક નિર્ગ્રંથનું લક્ષણ ગાથા-૩૭માં બતાવ્યું કે શુક્લધ્યાનરૂપી જલથી ઘાતીકર્મરૂપ મલનું વિગમન થયું છે જેમને તે સ્નાતક નિર્ગ્રંથ છે અને તે સ્નાતક નિર્ગ્રંથનું તત્ત્વથી નિરૂપણ છે. જેમ પ્રવ્રજ્યાનું તત્ત્વથી નિરૂપણ કર્યું કે પાપથી પર પ્રકૃષ્ટ વ્રજન પ્રવ્રજ્યા છે, તેમ શુક્લધ્યાન દ્વારા ઘાતીકર્મ વગરના મહાત્મા સ્નાતક નિર્ગ્રંથ છે. તેથી સ્નાતક નિર્ગ્રંથનો પારમાર્થિક બોધ થાય છે. તે તત્ત્વથી સ્નાતક નિર્ગ્રંથનો બોધ છે, ત્યારપછી ગાથા-૩૭માં જ સ્નાતક નિર્ગ્રંથના બે ભેદો બતાવ્યા. સયોગીકેવલી અને અયોગીકેવલી. તે તત્ત્વના ભેદનું નિરૂપણ છે અને અહીં ટીકામાં કહ્યું કે તત્ત્વ અસાધારણ ધર્મ છે. તેથી, સ્નાતકનો અસાધારણ ધર્મ ઘાતીકર્મોના વિગમનથી જીવની જે સ્નાન કરેલી અવસ્થા છે, તે અસાધારણ ધર્મ છે. તેનું વ્યાખ્યાન ઇતરના ભેદના ગમકપણાથી ઉપયોગી છે. તેથી સ્નાતકનું વ્યાખ્યાન સ્નાતકથી પૂર્વના ઇતર નિર્ગ્રંથોના ભેદનું ગમક સ્નાતક નિર્ગ્રંથનું સ્વરૂપ છે.

વળી, ભેદો તેના સાક્ષાત્ વ્યાપ્ય ધર્મો છે અને તે વ્યાખ્યાન ન્યૂન અધિક સંખ્યાના વ્યવચ્છેદ માટે ઉપયોગી છે. તે રીતે સ્નાતક નિર્ગ્રંથના સયોગીકેવલી અને અયોગીકેવલી રૂપ જે બે ભેદો છે, તેનું સ્નાતકના લક્ષણની સાથે સાક્ષાત્ વ્યાપ્ય ધર્મવાનપણું છે અને તે ભેદનું વ્યાખ્યાન ન્યૂન અધિક સંખ્યાના વ્યવચ્છેદ માટે છે. તેથી સ્નાતકના બેથી ન્યૂન ભેદ પણ નથી અને બેથી અધિક ભેદ પણ નથી, તેવો બોધ થાય છે. જેમ તત્ત્વાર્થસૂત્રમાં જીવ, અજીવ આદિ સાત તત્ત્વો બતાવ્યાં, તે પરમાર્થરૂપ તત્ત્વના સાત ભેદો

છે, તેનાથી ન્યૂન ભેદો પણ નથી અને તેનાથી અધિક ભેદો પણ નથી. તેના બોધ માટે છે અને આભિનિબોધિક જ્ઞાનનું સ્વરૂપ બતાવ્યા પછી તેના ભેદો અવગ્રહ, ઇહા, અપાય અને ધારણા એમ ચાર છે. તેનાથી ન્યૂન અધિક નથી. એ રીતે સ્નાતકના પણ બે જ ભેદો છે. આ રીતે તત્ત્વ અને ભેદનું સ્વરૂપ સ્નાતક નિર્ગ્રંથમાં બતાવ્યા પછી તત્ત્વ, ભેદ, પર્યાયથી વ્યાખ્યા કરવી જોઈએ, એ ન્યાયથી સ્નાતક નિર્ગ્રંથના ગાથા-૩૮માં અછવિ આદિ જે પાંચ ભેદો બતાવ્યા છે, તે પર્યાયવાચી શબ્દો છે, પરંતુ સ્નાતક નિર્ગ્રંથના ભેદો નથી.

અહીં પ્રશ્ન થાય કે પર્યાયો શું છે ? એથી કહે છે. પર્યાયો તત્ત્વના ભેદના વાચક જુદા જુદા શબ્દો છે. વળી, તે પર્યાયોનું વ્યાખ્યાન તે તે સ્થાનોમાં વ્યુત્પત્તિના વ્યવહારના સૌલભ્ય માટે થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે સ્નાતકનું સ્વરૂપ તે તે સ્થાનમાં કેવા સ્વરૂપવાળું છે ? તેનો ભેદ કરવા માટે અછવિ આદિ પર્યાયોનો ઉપયોગ છે. જેથી જુદા જુદા જીવોને તે સ્નાતક નિર્ગ્રંથનું સ્વરૂપ અછવિ આદિ પર્યાય શબ્દોથી થઈ શકે છે. **॥૪૬॥**

**અવતરણિકા :-**

**इत्थं चात्र शब्दनयः साम्प्रताख्य एव पर्यवसितो न तु समभिरूढः, तेन पर्यायशब्दानभ्युपगमात्, शब्दभेदेनार्थभेदाभ्युपगमः खलु तदर्थ इति; न चैतन्मतेऽपरिश्राविभेदसङ्गतिरपि, तुल्यप्रवृत्तिनिमित्तकतयोपस्थितानामेवार्थभेदस्यानेनाभ्युपगमात्, अच्छवित्वापरिश्रावित्वादीनां च सामान्यविशेषभावेन भिन्नप्रवृत्तिनिमित्तकत्वादिति । किञ्च समभिरूढाभिमतैर्भेदैः घटपटादिवद् विशकलितैः पर्यवसितैः किं स्नातकस्य विशेषणीयमपि । न च 'साम्प्रताश्रयणेऽप्येवं पञ्चविधत्वमनुपपन्नम्, प्रदेशदृष्टान्तेन पञ्चविधत्वस्य व्यवहारेणैवाश्रयणात्' इति वाच्यम्, तत्र भिन्नविषये पञ्चविधत्वस्य व्यवहारकृतस्य व्यवहारेणैवाश्रयणेऽप्यत्रैकस्मिन् विषये शब्दकृतस्य तस्य शब्देनाश्रयणे विरोधात्; अस्तु वा शब्दोपगृहीतव्यवहारेणैव तथाऽभिधानमिति, तथा च भगवतीवृत्त्या समं विरोधः, तत्र 'शक्रपुरन्दरादिवत्' इत्यनेन समभिरूढनयस्यैवाभिधानाच्छक्रपुरन्दराद्यर्थभेदस्य तदुदाहरणत्वादित्यत आह–**

**અવતરણિકાર્થ :-**

**અને આ રીતે=પૂર્વમાં ગાથા-૪૫ અને ૪૬માં ગ્રંથકારશ્રીએ કહ્યું એ રીતે, અહીં=સ્નાતકના સ્વરૂપના નિરૂપણમાં, શબ્દનય=ગાથા-૪૫માં કહેલ કે શબ્દનયની અપેક્ષાએ અછવિ આદિ ભેદો છે એ રૂપ શબ્દનય, સામ્પ્રત નામમાં જ પર્યવસિત છે. પરંતુ સમભિરૂઢ નથી; કેમ કે તેના વડે=સમભિરૂઢનય વડે, પર્યાય શબ્દનો અસ્વીકાર છે અર્થાત્ સમભિરૂઢનય શબ્દના ભેદથી અર્થનો ભેદ કરે છે. તેથી તેના વડે પર્યાયવાચી શબ્દોરૂપે અસ્વીકાર છે. શબ્દના ભેદથી અર્થભેદનો સ્વીકાર જ તેનો=સમભિરૂઢનયનો, અર્થ છે અને આના મતમાં=સામ્પ્રત નામના શબ્દનયના મતમાં, અપરિશ્રાવી ભેદની સંગતિ પણ નથી અર્થાત્ સ્નાતકના અછવિક આદિ પાંચ ભેદોમાંથી જે ચરમ અપરિશ્રાવી ભેદ છે, તેની સંગતિ**

**પણ સાંપ્રત નામના શબ્દનયના મતે નથી; કેમ કે તુલ્ય પ્રવૃત્તિના નિમિત્તકપણાથી ઉપસ્થિતોના જ અર્થભેદનું આના વડે=સામ્પ્રત નામના શબ્દનય વડે, સ્વીકાર છે અને અછવિત્વ, અપરિશ્રાવીત્વાદિનું સામાન્ય=વિશેષ ભાવથી ભિન્ન પ્રવૃત્તિ નિમિત્તકપણું છે. વળી, ઘટપટાદિની જેમ વિશકલિત અર્થાત્ પૃથક્ પર્યવસિત એવા સમભિરૂઢનય અભિમત ભેદો વડે સ્નાતકનું શું વિશેષણીય પણ થાય ? અને સામ્પ્રતના આશ્રયણમાં પણ=સામ્પ્રત નામના શબ્દનયના આશ્રયણમાં પણ, આ રીતે=પૂર્વમાં બતાવ્યું એ રીતે, પંચવિધપણું અનુપપન્ન છે; કેમ કે પ્રદેશના દૃષ્ટાંતથી પંચવિધત્વનું વ્યવહારનય વડે જ આશ્રયણ છે એ પ્રમાણે ન કહેવું; કેમ કે ત્યાં=પ્રદેશના દૃષ્ટાંતથી પંચવિધત્વનું નયરહસ્ય આદિ ગ્રંથોમાં વિવેચન કર્યું છે ત્યાં, ભિન્ન વિષયમાં પંચવિધત્વના વ્યવહારકૃતનું વ્યવહારનયથી જ આશ્રયણ હોવા છતાં અહીં=સ્નાતકના ભેદમાં, એક વિષયમાં શબ્દકૃત એવા તેનું=પંચવિધત્વનું શબ્દનયથી આશ્રયણમાં અવિરોધ છે અથવા શબ્દ ઉપગૃહીતવ્યવહારથી જ તે પ્રકારનું અભિધાન છે અને તે રીતે=અત્યાર સુધી સમાલોચન કર્યું કે સમભિરૂઢનયનો આ મત નથી, પરંતુ સામ્પ્રત નામના શબ્દનયકૃત અછવિ આદિ ભેદો છે અને તે રીતે ભગવતીની વૃત્તિની સાથે વિરોધ છે; કેમ કે ત્યાં= ભગવતીની વૃત્તિમાં શક્ર, પુરંદરાદિની જેમ એ પ્રકારના આનાથી=ભગવતીના કથનથી, સમભિરૂઢનયનું જ કથન છે. અહીં પ્રશ્ન થાય કે શક્ર, પુરંદરાદિની જેમ એ વચન દ્વારા સમભિરૂઢનયનું જ કથન છે, એ કેમ નક્કી થાય ? તેમાં હેતુ કહે છે. શક્રપુરંદરાદિ અર્થભેદનું તેનું ઉદાહરણપણું છે='शक्रपुरन्दरादिवत्' એનું ઉદાહરણપણું છે. આથી કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૪૫માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે નિપુણમતિવાળા આ.અભયદેવસૂરિજી અછવિક આદિ સ્નાતકના ભેદો શબ્દનયની અપેક્ષાએ છે અને તેમાં સ્પષ્ટતા કરી કે શક્ર પુરંદરાદિની જેમ. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે સાત નયોમાં પાછળના ત્રણ નયો શબ્દનય કહેવાય છે. તેથી સામ્પ્રત, સમભિરૂઢ અને એવંભૂત એ ત્રણેય નયો શબ્દનય છે, એમ કહેવાય છે અને જ્યારે સાંપ્રત નયરૂપ શબ્દનયને ગ્રહણ કરવામાં આવે ત્યારે શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય એમ કહેવાય છે. વળી, ગાથા-૪૬માં ખુલાસો કર્યો કે સ્નાતકના ભેદના અધિકારમાં જે શબ્દનયની અપેક્ષાએ ભેદ કહેવાય છે, તે પર્યાય જાણવો અને ત્યાર પછી યુક્તિથી સ્થાપન કર્યું કે શાસ્ત્રમાં પદાર્થનો બોધ કરવાર્થે તત્ત્વ, ભેદ અને પર્યાયથી વિચારણા કરાય છે અને તે પ્રમાણે સ્નાતકના અધિકારમાં પણ અછવિ આદિ જે પાંચ ભેદો કહ્યા છે, તે પર્યાય સ્વરૂપ જ છે. તેની સ્પષ્ટતા ગાથા-૪૬માં કરી. તેથી એ પ્રાપ્ત થયું કે સ્નાતક ઘાતીકર્મના ક્ષયથી થનારા મહાત્માઓ છે અને તેના સયોગી, અયોગીરૂપ બે ભેદો છે અને ત્યાર પછી તે સ્નાતક અછવિક આદિ પાંચ ભેદવાળા છે, તેમ કહ્યું તે તેના બે ભેદોની જેમ પાંચ પ્રકારના ભેદો નથી. પરંતુ સ્નાતકના પર્યાયવાચી શબ્દો છે. તે સ્પષ્ટ કરવાર્થે જ ગાથા-૪૬માં પર્યાયો કેમ કહેવામાં આવે છે ? તેની સ્પષ્ટતા કરતાં કહ્યું કે વ્યુત્પત્તિ-વ્યવહારના સૌલભ્ય માટે પર્યાયવાચી શબ્દો કહેવાય છે. તેથી તે પર્યાયવાચી શબ્દો સ્નાતકના ભેદને બતાવવા માટે નથી, પરંતુ સ્નાતકના પર્યાયો બતાવવા માટે છે. આ રીતે શબ્દનય પ્રસ્તુતમાં સાંપ્રતનયમાં

જ પર્યવસન પામે છે. પરંતુ સમભિરૂઢનયમાં નહિ; કેમ કે સમભિરૂઢનય પર્યાય શબ્દોને સ્વીકારતો નથી અર્થાત્ સમભિરૂઢનય પર્યાયવાચી શબ્દોને ગ્રહણ કરીને તેના વ્યુત્પત્તિના ભેદથી અર્થભેદનો જ સ્વીકાર કરે છે. તેથી સાંપ્રતનયની દૃષ્ટિથી શક્ર, પુરંદર આદિ શબ્દો સ્નાતકના પર્યાયવાચી શબ્દો છે, તેમ સિદ્ધ થાય છે અને જો સમભિરૂઢનયથી ગ્રહણ કરીએ તો જેમ ઘટ, પટથી વાચ્ય પૃથક્ વસ્તુ છે, તેમ શક્ર, પુરંદરાદિથી પણ સમભિરૂઢનયના મતે પૃથક્ વસ્તુ વાચ્ય બને છે. તેથી, અહીં સમભિરૂઢનયનું ગ્રહણ થઈ શકે નહિ.

વળી, સાંપ્રતનય નામનો શબ્દનય સ્વીકારવામાં આવે તો સ્નાતકનો પાંચમો ભેદ જે અપરિશ્રાવી છે, તે પર્યાયવાચી શબ્દરૂપે સંગત થતો નથી; કેમ કે પર્યાયવાચી શબ્દો તુલ્ય પ્રવૃત્તિના નિમિત્તકપણાથી ઉપસ્થિત શબ્દોના અર્થભેદને સ્વીકારે છે. જેમ ક્રોધના પર્યાયવાચી દ્વેષ, ઇર્ષ્યા, અસૂયા આદિ છે, તે દ્વેષનો જ બોધ કરાવવા માટે ઉપસ્થિત થયેલા છે તોપણ તેનો કંઈક અર્થભેદ થયેલો છે. તેમ પ્રસ્તુતમાં અપરિશ્રાવીભેદ તુલ્ય પ્રવૃત્તિ નિમિત્તક હોય તો સાંપ્રતનયમાં તે ભેદની સંગતિ થાય. પરંતુ અછવિત્વ અને અપરિશ્રાવિત્વાદિનું સામાન્ય વિશેષભાવથી ભિન્ન પ્રવૃત્તિ નિમિત્તકપણું છે અર્થાત્ અછવિત્વ અપરિશ્રાવિત્વ, અશબલત્વ-અપરિશ્રાવિત્વ ઇત્યાદિ રૂપ ભેદોનું સામાન્ય વિશેષભાવથી ભિન્ન પ્રવૃત્તિ નિમિત્તકપણું છે; કેમ કે અછવિત્વાદિ ચાર ભેદો સ્નાતકના ભેદમાં સામાન્યથી વર્તે છે, જ્યારે અપરિશ્રાવિત્વ યોગનિરોધ અવસ્થામાં જ વર્તે છે. તેથી વિશેષથી વર્તે છે માટે ભિન્ન પ્રવૃત્તિ નિમિત્તવાળા તે શબ્દો છે માટે અછવિ આદિ ભેદોને પર્યાયરૂપે સ્વીકારી શકાય નહિ. એ પ્રકારના દોષની પ્રાપ્તિ છે.

વળી, 'किञ्च'થી સમભિરૂઢનયના મતે અછવિ આદિ ભેદો છે, તેમ સ્વીકારવામાં શું દોષ આવે ? તે બતાવતાં કહે છે. સમભિરૂઢનય જેમ ઘટ, પટને પૃથક્ સ્વીકારે છે, તેમ ઇન્દ્ર અને પુરંદરને પણ પૃથક્ સ્વીકારે છે અને જો સમભિરૂઢનયને આશ્રયીને અછવિક આદિ પાંચ ભેદો સ્વીકારવામાં આવે તો સ્નાતક જેવો ભેદ રહે નહિ. પરંતુ જેમ પાંચ પ્રકારના નિર્ગ્રંથો છે, તેમ અછવિક આદિ પાંચ ભેદો છે. જેમ ઘટ પટ બે પૃથક્ છે અથવા શક્ર, પુરંદર બે પૃથક્ છે, પરંતુ ઇન્દ્ર જ શક્ર, પુરંદર પર્યાયવાળો છે, તેમ સમભિરૂઢનયના મતે પ્રાપ્ત થાય નહિ. તેમ સ્નાતક જ અછવિકત્વાદિ પર્યાયવાળા છે, તેમ પ્રાપ્ત થાય નહિ.

વળી, પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે સમભિરૂઢનયનો ત્યાગ કરીને સાંપ્રતનયનું આશ્રયણ કરવામાં આવે તોપણ સ્નાતકનું પંચવિધપણું ઘટતું નથી. કેમ ઘટતું નથી ? તેમાં યુક્તિ બતાવે છે. અનુયોગદ્વારમાં પ્રદેશના દૃષ્ટાંતથી પંચવિધત્વનું વ્યવહારથી જ આશ્રયણ છે, સાંપ્રતનયથી આશ્રયણ નથી. આશય એ છે કે ધર્માસ્તિકાય આદિ પાંચ દ્રવ્યો અને તેનો દેશ એમ છનો પ્રદેશ છે, એમ નૈગમનય કહે છે. સંગ્રહનય ધર્માસ્તિકાયાદિ પાંચનો જ પ્રદેશ છે, એમ કહે છે ત્યાં વ્યવહારનય કહે છે કે પાંચનો પ્રદેશ ત્યારે જ કહી શકાય કે કોઈ પાંચ વ્યક્તિનું સામાન્ય ધન હોય ત્યારે આ પાંચનું ધન છે, તેમ કહેવાય. પરંતુ ધર્માસ્તિકાય આદિ પાંચનો સામાન્ય પ્રદેશ નથી માટે પાંચનો પ્રદેશ છે, તેમ કહી શકાય નહિ. પરંતુ પ્રદેશમાં પંચવિધપણું છે, તેમ વ્યવહારનય આશ્રય કરે છે. તેથી સાંપ્રતનયની દૃષ્ટિથી પણ સ્નાતકના ભેદનું પંચવિધપણું સંગત થાય નહિ; કેમ કે વ્યવહારનયથી સ્નાતક નિર્ગ્રંથનું પંચવિધપણું સ્વીકારી શકાય. પરંતુ સાંપ્રતનયથી સ્વીકારી શકાય નહિ, એ પ્રકારની પૂર્વપક્ષીની શંકાનું નિવારણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે.

આ પ્રકારે કહેવું નહિ; કેમ કે પ્રદેશના દૃષ્ટાંતમાં વ્યવહારનયથી જ ધર્માસ્તિકાયાદિ ભિન્ન ભિન્ન વિષયમાં વ્યવહારકૃત પંચવિધપણાનું આશ્રયણ છે. જેથી પાંચેયનો સામાન્ય પ્રદેશ છે, તેવો વિપર્યાસ થાય નહિ.

વળી, સ્નાતક નિર્ગ્રંથના સ્થાનમાં શબ્દકૃત એવા પંચવિધ ભેદનું શબ્દથી આશ્રયણ છે. તેથી વિરોધ નથી અર્થાત્ સ્નાતક એક જ વ્યક્તિ છે. ફક્ત તે સ્નાતક અછવિક આદિ શબ્દોથી પાંચ પર્યાયવાળા છે, તેવો બોધ કરવાર્થે શબ્દનયનું જ આશ્રયણ કરેલું છે માટે વિરોધ નથી અર્થાત્ પ્રદેશના દૃષ્ટાંતની જેમ પ્રસ્તુતમાં પણ વ્યવહારનયનું આશ્રયણ કરવું જોઈએ, શબ્દનયનું નહિ, એ પ્રકારનો વિરોધ નથી; કેમ કે પ્રદેશના દૃષ્ટાંતમાં ભિન્ન વિષયમાં તેઓના પ્રદેશો ભિન્ન ભિન્ન છે, તે બતાવવા અર્થે પંચવિધત્વ છે, એ પ્રકારે વ્યવહારનયથી કહેલ છે અને પ્રસ્તુતમાં સ્નાતક પાંચ શબ્દોથી વાચ્ય ભિન્ન પર્યાયવાળા છે, તે બતાવવાર્થે જ શબ્દનયનું આશ્રયણ કરેલ છે.

અથવા શબ્દથી ઉપગૃહીત વ્યવહારનયથી જ તે પ્રકારનું કથન છે અર્થાત્ અછવિ આદિ પર્યાયવાચી શબ્દોને કહેનાર શબ્દનયથી ઉપગૃહીત વ્યવહારનયથી જ અછવિ આદિને સ્નાતકના પર્યાયવાચી શબ્દો કહે છે. જેમ સંગ્રહનય સત્ સત્ રૂપે સર્વનો સંગ્રહ કરે છે, ત્યારે સત્ રૂપે સર્વ આત્માનો સંગ્રહ કરવાર્થે શાસ્ત્રમાં ઋજુસૂત્રનયથી ઉપગૃહિત સંગ્રહનયનો આશ્રય કરીને સર્વ જીવોનો સંગ્રહ કરાય છે અને સર્વ જીવો સાથે અભેદબુદ્ધિ કરવાથી જ 'आत्मवत्सर्वभूतेषु'ની બુદ્ધિ થાય છે. તેથી સર્વ જીવો પ્રત્યે પોતાની તુલ્ય બુદ્ધિ કરવા અર્થે ઋજુસૂત્રનયથી ઉપગૃહીત સંગ્રહનયનો આશ્રય કરાય છે; કેમ કે ઋજુસૂત્રનય પરકીય વસ્તુ અનુપયોગી હોવાથી સ્વીકારતો નથી. તેથી આત્માથી ભિન્ન જડ વસ્તુનો અસ્વીકાર કરીને સર્વ ચૈતન્યનો સંગ્રહ કરે છે. તેમ પ્રસ્તુતમાં પણ શબ્દનયથી ઉપગૃહીત વ્યવહારનયથી જ સ્નાતકના અછવિક આદિ પાંચ પર્યાયવાચી શબ્દો છે, તેમ સ્વીકારવામાં વિરોધ નથી અને તે રીતે=અત્યારસુધી સ્થાપન કર્યું કે શબ્દનયથી અછવિત્વાદિ પાંચ ભેદો છે, સમભિરૂઢનયથી નથી તે રીતે, ભગવતીની વૃત્તિ સાથે વિરોધ છે; કેમ કે ભગવતીની વૃત્તિમાં ગાથા-૪૫માં આ.અભયદેવસૂરિજીનું કથન બતાવ્યું. તે સ્થાનમાં 'शक्रपुरन्दरादिवत्' એમ કહ્યું છે. તે સમભિરૂઢનયનું જ અભિધાન છે. પરંતુ સામ્પ્રત નામના શબ્દનયનું અભિધાન છે, તેમ જણાતું નથી. કેમ સમભિરૂઢનયનું જ અભિધાન છે ? તેથી કહે છે. शक्र, पुरन्दरादि જુદા અર્થો છે. તેને બતાવવા માટે જ ત્યાં બતાવે છે. તેથી, એક ઇન્દ્રના તે પર્યાયવાચી શબ્દો છે, તેનો અર્થ પ્રાપ્ત થાય નહિ. પરંતુ ઇન્દ્ર પણ શક્ર, પુરંદરાદિ શબ્દથી વાચ્ય બને છે. તેથી તે બે અર્થ જુદા છે, તેમ અછવિક આદિ પાંચ ભેદો છે, એ પ્રકારનો અર્થ આ.અભયદેવસૂરિજીના વચનથી પ્રાપ્ત થાય છે. તેનું નિરાકરણ કરીને યથાર્થ તાત્પર્ય બતાવવા અર્થે પ્રસ્તુત શ્લોકમાં કહે છે–

**ગાથા :-**

**भगवइवित्तीए पुणोऽतग्गुणविन्नाणओ समासाओ ।**
**एयं चेव य इट्ठं, पज्जायपरं व ठियवयणं ।।४७।।**

**ગાથાર્થ :-**

**ભગવતીની વૃત્તિમાં વળી, અતદ્‌ગુણવિજ્ઞાનથી સમાસ હોવાને કારણે આ જ ઈષ્ટ છે=ઉપાધ્યાય યશોવિજયજીએ કહ્યું એ જ ઈષ્ટ છે અથવા પર્યાયપર સ્થિતવચન છે. ।।૪૭।।**

**ટીકા :-**

**'भगवइ'त्ति । भगवतीवृत्तौ पुनः 'अतद्‌गुणविज्ञानतः समासात्' अतद्‌गुणसंविज्ञानबहुव्रीहिसमासमाश्रित्य शक्रपुरन्दरादिवदित्यत्रेहाऽपोहादिवदित्यर्थस्यैवाश्रयणादित्यर्थः, 'एतदेव' अस्मदुपपादितमेव 'इष्टम्' अभिप्रेतम्, 'वा' अथवा 'स्थितवचनं' शक्रपुरन्दरादिवदिति यथास्थितवचनं 'पर्यायपरं' यथा शक्रपुरन्दरादयः पर्यायशब्दास्तथाऽच्छविकाशबलादयः पर्यायशब्दा एवेति सम्मुखीन एवार्थो न तु समभिरूढविषयाभिधानमेतदिति न कोऽपि विरोधः ।।४७।।**

**ટીકાર્થ :-**

**भगवतीवृत्तौ ..... विरोधः ।। ભગવતીની વૃત્તિમાં વળી અતદ્‌ગુણવિજ્ઞાનથી સમાસ હોવાને કારણે= અતદ્‌ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ સમાસનો આશ્રય કરીને શક્રપુરંદરાદિની જેમ એ પ્રકારના કથનમાં ઈહાઅપોહાદિની જેમ એ અર્થનું આશ્રયણ હોવાથી=ગાથા-૪૬માં મતિજ્ઞાનના પર્યાયવાચી શબ્દો બતાવ્યા ત્યાં ઈહા, અપોહદિ આદિ બતાવ્યા તેની જેમ પર્યાયવાચી શબ્દોનું જ આશ્રયણ હોવાથી આ જ=અમારા વડે કહેવાયેલું જ ઈષ્ટ છે=અભિપ્રેત છે=ભગવતીની વૃત્તિમાં અતદ્‌ગુણવિજ્ઞાનથી સમાસનો સ્વીકાર કરીને સાંપ્રત નામના શબ્દનયનું જ આશ્રયણ જે અમે કહ્યું છે તે અભિપ્રેત છે. અથવા 'शक्रपुरन्दरादिवत्' એ સ્થિતવચન છે. કઈ રીતે સ્થિતવચન છે, તે સ્પષ્ટ કરતાં કહે છે. જે પ્રમાણે સ્થિતવચન 'પર્યાયપર' છે. તે પ્રમાણે શક્રપુરંદરાદિ સ્થિતવચન છે, એમ અન્વય છે. તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે. જે પ્રમાણે શક્ર, પુરંદરાદિ પર્યાય શબ્દો છે, તે પ્રમાણે અછવિક, અશબલ આદિ પર્યાય શબ્દો છે. એ પ્રકારે સંમુખી જ અર્થ છે. પરંતુ આ=શક્રપુરંદરાદિવત્ એ, સમભિરૂઢનયના વિષયનું કથન નથી, એથી કોઈ પણ વિરોધ નથી. ।।૪૭।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગાથા-૪૫ની ટીકામાં કહ્યું કે આ. અભયદેવસૂરિજીએ શક્ર, પુરંદરાદિની જેમ આ શબ્દનયનો ભેદ કહેલ છે અને તે શબ્દનય સામ્પ્રત લેવો કે સમભિરૂઢ લેવો એ પ્રકારના અનેક વિકલ્પો થાય છે. તે સર્વ અવતરણિકામાં બતાવીને કહ્યું કે ભગવતીની વૃત્તિ અનુસાર વિચારીએ તો સ્થૂલથી 'शक्रपुरन्दरादिवत्' એ કથન સમભિરૂઢનયનું જ પ્રાપ્ત થાય છે અને પ્રસ્તુતમાં સ્નાતકનું સ્વરૂપ તત્ત્વ, ભેદ, પર્યાયથી બતાવેલ છે. તે પ્રમાણે અછવિ આદિ પર્યાય વચનો જ સ્વીકારવાં જોઈએ અને પર્યાય વચન સ્વીકારવાં હોય તો શબ્દનય સામ્પ્રત રૂપ જ સ્વીકારવો જોઈએ અને તેમ સ્વીકારવા અર્થે ભગવતીના પાઠનો અર્થ કઈ રીતે કરવો જોઈએ, જેથી 'शक्रपुरन्दरादिवत्' શબ્દથી સમભિરૂઢનયનો સ્વીકાર ન થાય અને સામ્પ્રતનયનો

સ્વીકાર થાય, એ સ્પષ્ટ કરવા અર્થે કહે છે.

ભગવતીની વૃત્તિમાં શક્રપુરંદરાદિવત્ છે. તેનો સમાસ અતદ્‌ગુણવિજ્ઞાનથી કરવામાં આવે તો ગ્રંથકારશ્રીએ ગાથા-૪૬માં મતિજ્ઞાનના પર્યાયવાચી શબ્દો બતાવ્યા તે રૂપ, ઈહા, અપોહ આદિની જેમ અર્થની પ્રાપ્તિ થાય છે. આશય એ છે કે તદ્‌ગુણ બહુવ્રીહિ સમાસ જેમ કોઈના બે લાંબા કાનો હોય તો કહેવામાં આવે કે લાંબા છે કાનો જેને તે લંબકર્ણ અને તે લંબકર્ણરૂપ પુરુષના તે બે કાનો તેના જ ગુણો હોવાથી તદ્‌ગુણ બહુવ્રીહિ સમાસ કહેવાય છે.

વળી, કોઈ ચૈત્ર નામની વ્યક્તિ પાસે અનેક ગાયો હોય ત્યારે કહેવાય કે ચિત્ર ગાયો છે જેને તે ચિત્રગુ. ત્યાં ગાયો તે વ્યક્તિથી પૃથગ્ હોવાથી તે બહુવ્રીહિ સમાસ અતદ્‌ગુણ બહુવ્રીહિ સમાસ કહેવાય છે. તેમ પ્રસ્તુતમાં શક્ર, પુરંદરાદિ ભેદો છે જેને, તેવો અર્થ કરીએ તો શક્ર અને પુરંદર ઇન્દ્રના જ ભેદો હોવાથી તદ્‌ગુણબહુવ્રીહિ સમાસ થાય. પરંતુ શક્ર, પુરંદરાદિ ઘટ-પટની જેમ ઇન્દ્રથી પૃથક્ કરીને તે શક્ર, પુરંદરાદિ ભેદો છે જેને તેવો ઇન્દ્ર છે, તેવો અર્થ કરીએ તો અતદ્‌ગુણબહુવ્રીહિ સમાસની પ્રાપ્તિ થાય. તેથી જેમ ઈહા, અપોહ આદિવાળું મતિજ્ઞાન છે, તેમ શક્ર, પુરંદરાદિવાળો ઇન્દ્ર છે, તેવા અર્થનું આશ્રયણ થાય છે. તેથી, ઉપાધ્યાય યશોવિજયજીએ પૂર્વમાં કહ્યું કે સાંપ્રતનયને આશ્રયીને અછવિ આદિ સ્નાતકના પર્યાયવાચી શબ્દો છે, એ જ અર્થ પ્રાપ્ત થાય છે. આ રીતે અતદ્‌ગુણસંવિજ્ઞાનબહુવ્રીહિ સમાસને આશ્રયીને સમાધાન કર્યા પછી 'અથવા'થી અન્ય પ્રકારે સમાધાન કરે છે.

શક્ર, પુરંદરાદિવાળો એ સ્થિતવચન છે. જે પ્રમાણે સ્થિતવચન પર્યાયપર છે, તે પ્રમાણે અછવિ આદિ પર્યાયપર છે. તે કથનને જ સ્પષ્ટ કરવાર્થે કહે છે. જે પ્રકારે શક્ર, પુરંદરાદિ પર્યાય શબ્દો છે, તે પ્રકારે અછવિક, અશબલાદિ સ્નાતકના પર્યાયવાચી શબ્દો છે. તેથી, સન્મુખ રહેલો અર્થ જ પ્રસ્તુતમાં છે. જેમ સન્મુખ રહેલું મતિજ્ઞાન હોય અને કોઈ પૂછે કે આ મતિજ્ઞાન શું છે ? ત્યારે કહેવામાં આવે કે ઈહા, અપોહ આદિ રૂપ મતિજ્ઞાન છે. તેથી સન્મુખ રહેલું મતિજ્ઞાન તેના પર્યાયવાચી શબ્દોથી બતાવાય છે. તેમ સન્મુખ રહેલા સ્નાતક કોણ છે, તે અછવિક આદિ પર્યાય શબ્દોથી બતાવાય છે. પરંતુ સમભિરૂઢનયનો વિષય શક્ર, પુરંદરાદિવત્ નથી માટે પૂર્વમાં ઉપાધ્યાયજી મહારાજાએ કરેલા સમાધાન સાથે કોઈ વિરોધ નથી. **॥૪૭॥**

**અવતરણિકા :-**

**कृता स्नातकप्रज्ञापना । पूर्णं प्रज्ञापनाद्वारम् । अथ वेदद्वारमाह—**

**અવતરણિકાર્થ :-**

**સ્નાતકની પ્રજ્ઞાપના=પ્રરૂપણા કરાઈ. પ્રજ્ઞાપના દ્વાર પૂરું થયું. હવે, વેદદ્વારને કહે છે—**

**ગાથા :-**

**वेओ थीवेआई, तत्थ पुलाओ उ होइ थीवज्जो ।**
**बउसपडिसेवगा पुण, हवंति सव्वेसु वेएसु ।।४८।।**

**ગાથાર્થ :-**

**વેદ સ્ત્રી વેદાદી છે. ત્યાં પુલાક સ્ત્રીવેદ વર્જ્ય જ હોય છે. બકુશ અને પ્રતિસેવકકુશીલ સાધુઓ વળી સર્વ વેદોમાં હોય છે. ॥૪૮॥**

**ટીકા :-**

**'वेओ'त्ति । 'वेदः' स्त्रीवेदादिस्त्रिविधः-स्त्रीवेदः पुरुषवेदो नपुंसकवेदश्चेति । तत्र पुरुषरमणाभिलाषः स्त्रीवेदः, स्त्रीरमणाभिलाषः पुरुषवेदः, उभयाभिलाषश्च नपुंसकवेद इति । तत्र पुलाकस्तु 'तुः' एवकारार्थो भिन्नक्रमश्च स्त्रीवर्ज एव, स्त्रीवेदः खल्वसौ न भवति, तत्र तथाविधलब्धेरभावात् । पुरुषवेदे नपुंसकवेदे च भवति । नपुंसकवेदस्त्वसौ स ज्ञेयो यः पुरुषः सन्नपुंसकवेदो वर्द्धितकत्वादिना भवति न तु स्वरूपेण, अत एव—**'पुरिसणपुंसकवेयए वा होज्ज'**त्ति सूत्रम् । पुरुषः सन् यो नपुंसकवेदको न स्वरूपेणेत्येतदर्थः । बकुशादिष्वपि नपुंसकवेदकत्वमित्थमेव भावनीयम् । 'बकुशप्रतिसेवकौ' बकुशप्रतिसेवनाकुशीलौ पुनः सर्वेष्वपि वेदेषु भवतः । पुलाकबकुशप्रतिसेवनाकुशीला अवेदकास्तु न भवन्ति, तेषामुपशमक्षपकश्रेण्योरभावादिति द्रष्टव्यम् ॥४८॥**

**ટીકાર્થ :-**

'वेदः' ..... द्रष्टव्यम् ॥ 'વેદ', સ્ત્રીવેદ આદિ ત્રણ પ્રકારનો છે. સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ. ત્યાં=ત્રણ પ્રકારના વેદમાં, પુરુષની સાથે રમવાનો અભિલાષ સ્ત્રીવેદ છે. સ્ત્રીની સાથે રમવાનો અભિલાષ પુરુષવેદ છે અને ઉભયનો અભિલાષ નપુંસકવેદ છે. ત્યાં=વેદમાં, પુલાક સ્ત્રી વર્જ્ય જ હોય છે. પુલાક પછી 'तुः' શબ્દ હોવા છતાં સ્ત્રી વર્જ્ય જ એમ કેમ કહ્યું, એથી કહે છે. 'तुः' શબ્દ એવકાર અર્થવાળો છે અને ભિન્ન ક્રમવાળો છે. તેથી, સ્ત્રી વર્જ્ય પાસે તેનું યોજન છે. સ્ત્રીવેદવાળા ખરેખર પુલાક સાધુ થતા નથી; કેમ કે ત્યાં=સ્ત્રીવેદના ઉદયમાં, તેવા પ્રકારની લબ્ધિનો અભાવ છે અને પુરુષવેદમાં અને નપુંસકવેદમાં થાય છે=પુલાક સાધુ થાય છે. વળી, નપુંસકવેદવાળા આ=પુલાક સાધુ, તે જાણવા જે પુરુષ છતાં વર્દ્ધિતકત્વાદિથી નપુંસકવેદવાળો છે. પરંતુ સ્વરૂપથી નથી=નપુંસકરૂપે જન્મેલા જ પુલાક સાધુ થતા નથી. આથી જ કહે છે.

"પુરુષ અથવા નપુંસકવેદમાં થાય" એ પ્રકારે સૂત્ર છે. સૂત્રનો જ અર્થ સ્પષ્ટ કરે છે. પુરુષ છતાં જે નપુંસકવેદવાળા છે, તે સ્વરૂપથી નથી, એ અર્થ છે=ઉદ્ધરણ સૂત્રનો અર્થ છે. બકુશાદિમાં પણ નપુંસકવેદપણું આ રીતે જ ભાવન કરવું=કૃત્રિમ નપુંસકપણું જ ભાવન કરવું, સ્વરૂપથી નહિ. 'બકુશ પ્રતિસેવક'=બકુશ અને પ્રતિસેવના-કુશીલ, વળી સર્વ પણ વેદોમાં હોય છે=ત્રણેય વેદોમાં હોય છે. પુલાક, બકુશ, પ્રતિસેવના કુશીલો અવેદક હોતા નથી; કેમ કે તેઓને ઉપશમ અને ક્ષપકશ્રેણીનો અભાવ છે, એ પ્રમાણે જાણવું. ॥૪૮॥

**ભાવાર્થ :-**

વેદમોહનીય નોકષાયના ઉદયથી જન્ય જીવનો પરિણામ વેદ છે અને અપેક્ષાએ નામકર્મના ઉદયથી શરીરની રચનારૂપ અને અપેક્ષાએ બાહ્ય વસ્ત્ર ધારણ આદિની અપેક્ષાએ વેદ છે. આથી જ કોઈ પુરુષ તે પ્રકારના વસ્ત્ર ધારણ કરીને બેઠેલ હોય તો આ સ્ત્રી છે, તેમ જણાય છે. તેથી નેપથ્યથી પણ સ્ત્રી કહેવાય, વેદના ઉદયથી પણ સ્ત્રી કહેવાય અને શરીરરચનાથી પણ સ્ત્રી કહેવાય. પ્રસ્તુતમાં પુરુષની સાથે રમણનો અભિલાષ સ્ત્રીવેદ છે ઇત્યાદિ રૂપ ત્રણ વેદોનું સ્વરૂપ બતાવ્યું, તે વેદના ઉદયસ્વરૂપ છે.

વળી, પુલાક સ્ત્રી વર્જ્ય જ હોય છે, ત્યાં શરીરને આશ્રયીને સ્ત્રીને પુલાક લબ્ધિ થતી નથી માટે પુલાક સ્ત્રી શરીરરૂપે ન હોય, એ અર્થ ગ્રહણ કરવો. વળી, નપુંસકવેદનો ઉદય પુલાકને કૃત્રિમ રીતે કરાયેલ શરીરરચના સ્વરૂપ જાણવો અને બકુશ તથા પ્રતિસેવનાકુશીલ સાધુ ભાવને આશ્રયીને ત્રણેય વેદોમાં હોય છે અને શરીરરચનાની અપેક્ષાએ પણ ત્રણેય વેદોમાં હોય છે. ફક્ત સ્વરૂપથી નપુંસક શરીરવાળાને દીક્ષાનો અનધિકાર છે. તેથી તેઓનું ગ્રહણ નથી. વળી, પુલાક સાધુ, બકુશ સાધુ અને પ્રતિસેવનાકુશીલ સાધુ નિયમથી વેદના ઉદયવાળા હોય છે. જોકે દેહધારી તો ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીવાળા હોય છે તો પણ ભાવથી વેદનો અનુદય ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીમાં જ પ્રાપ્ત થાય છે. તેના પૂર્વે તેઓને કોઈકને કોઈક સૂક્ષ્મ પણ વેદનો ઉદય પ્રવર્તે છે. તેથી, નોકષાય વેદમોહનીયના ઉદયથી અવેદક પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાધુ નથી. **॥૪૮॥**

**ગાથા :-**

**सकसाओ अ तिवेओ, भणिओ उवसंतखीणवेओ वा ।**
**उवसंतखीणवेओ, णिग्गंथो तक्खए ण्हाओ ।।४९।।**

**ગાથાર્થ :-**

**અને કષાયકુશીલ ત્રણ વેદવાળા કહેવાયા છે અથવા ઉપશાંત અને ક્ષીણ વેદવાળા કહેવાયા છે. નિર્ગ્રંથ ઉપશમ અને ક્ષીણ વેદવાળા હોય છે, તેના ક્ષયમાં=વેદના ક્ષયમાં, સ્નાતક હોય છે. ॥૪૯॥**

**ટીકા :-**

**'सकसाओ'त्ति । 'सकषायश्च' कषायकुशीलश्च त्रिवेदो भणितः प्रमत्ताप्रमत्तापूर्वकरणगुण-स्थानानि यावत् । अनिवृत्तिबादरे सूक्ष्मसम्पराये च उपशान्तेषु वेदेषु उपशान्तवेदः, क्षीणेषु च तेषु क्षीणवेदो वा । निर्ग्रन्थस्तु न सवेदो भवति किन्तूपशान्तवेदः क्षीणवेदो वा, श्रेणिद्वयेऽपि तस्य भावात् । 'स्नातः' स्नातकः 'तत्क्षये' वेदक्षये क्षीणवेद एवेत्यर्थः ।।४९।।**

**ટીકાર્થ :-**

'सकषायश्च' ..... एवेत्यर्थः ।। સકષાયવાળા=કષાયકુશીલ પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વ ગુણસ્થાનક સુધી ત્રણ વેદવાળા કહેવાયા છે. અનિવૃત્તિબાદરમાં અને સૂક્ષ્મ સંપરાયમાં ઉપશાંતવેદ હોતે છતે ઉપશમવેદવાળા છે અને ક્ષીણ વેદવાળા છે તેઓમાં=અનિવૃત્તિબાદર અને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકમાં, ક્ષીણવેદ છે. અહીં નિર્ગ્રંથ સવેદ=વેદવાળા, નથી. પરંતુ ઉપશાંત વેદવાળા અથવા ક્ષીણવેદવાળા છે; કેમ કે શ્રેણીદ્વયમાં પણ તેનો ભાવ છે=નિર્ગ્રંથનો ભાવ છે અર્થાત્ અગિયારમા ગુણસ્થાનકે ઉપશાંતવેદવાળા અને બારમા ગુણસ્થાનકે ક્ષીણવેદવાળા હોય છે. તેથી બંને શ્રેણીઓમાં પણ નિર્ગ્રંથ હોય છે. સ્નાતક તેના ક્ષયમાં=વેદના ક્ષયમાં, ક્ષીણવેદ જ હોય છે. ।।૪૯।।

**અવતરણિકા :-**

उक्तं वेदद्वारम् । अथ रागद्वारमाह—

**અવતરણિકાર્થ :-**

વેદદ્વાર કહેવાયું. હવે, રાગદ્વારને કહે છે—

**ગાથા :-**

**रागो कसायउदओ, पुलायबउसा कुसीलभेआ अ ।**
**तत्थ सरागा णिग्गंथण्हायगा हुंति गयरागा ।।५०।।**

**ગાથાર્થ :-**

રાગ કષાયનો ઉદય છે, ત્યાં=રાગદ્વારમાં, પુલાક, બકુશ અને કુશીલના ભેદો સરાગ છે. નિર્ગ્રંથ અને સ્નાતક ગતરાગવાળા હોય છે. ।।૫૦।।

**ટીકા :-**

'रागो'त्ति । रागो नाम कषायोदयोऽत्राधिकृतो न तु साभिष्वङ्गं चित्तम् । अप्रमत्तादौ माध्यस्थ्यदशायां तदभावेऽपि सरागत्वस्यैव व्यवहारात् । तत्र पुलाकबकुशौ 'कुशीलभेदौ च' प्रतिसेवनाकुशीलकषाय-कुशीलाख्यौ सरागौ । निर्ग्रन्थस्नातकौ च गतरागौ, तयोः कषायोदयाभावात् । केवलं निर्ग्रन्थ उपशान्तकषायवीतरागः क्षीणकषायवीतरागो वा, स्नातकश्च क्षीणकषायवीतराग एवेति विशेषः ।।५०।।

**ટીકાર્થ :-**

रागो ...... विशेषः ।। અહીં=રાગદ્વારમાં, કષાયોનો ઉદય અધિકૃત છે=સ્વીકૃત છે. પરંતુ સાભિષ્વંગ ચિત્ત નથી; કેમ કે અપ્રમત્તાદિ સાધુઓમાં માધ્યસ્થદશા હોતે છતે તેના અભાવમાં પણ=સાભિષ્વંગ

**ચિત્તના અભાવમાં પણ, સરાગત્વનો જ વ્યવહાર છે. ત્યાં=રાગદ્વારમાં, પુલાક, બકુશ અને કુશીલના બે ભેદ=પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ નામના બે ભેદ, સરાગ છે અને નિર્ગ્રંથ સ્નાતક ગતરાગવાળા છે; કેમ કે તે બંનેને કષાયના ઉદયનો અભાવ છે. કેવલ નિર્ગ્રંથ ઉપશાંતકષાય વીતરાગ અથવા ક્ષીણકષાય વીતરાગ છે અને સ્નાતક ક્ષીણકષાય વીતરાગ જ છે, એ પ્રકારનો ભેદ છે. ।।૫૦।।**

**ભાવાર્થ :-**

રાગ સાભિષ્વંગ ચિત્ત સ્વરૂપ પણ છે અને નિરભિષ્વંગ ચિત્તવાળા પણ વીતરાગ ન થાય ત્યાં સુધી તેઓમાં રાગ વર્તે છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે સાધુઓને સંયમમાં બદ્ધ રાગ છે, છતાં નિમિત્તોને પામીને સૂક્ષ્મ પણ બાહ્ય પદાર્થોનો સંશ્લેષ થાય તેવું ચિત્ત છે, તેમનું ચિત્ત સાભિષ્વંગ છે. આથી જ શરીરને અનુકૂળ કે પ્રતિકૂળ એવા બલવાન ભાવો પ્રાપ્ત થાય તો સુસાધુની ચારિત્રની પરિણતિને ઈષદ્ મલિન કરે છે અને તેવું સાભિષ્વંગ ચિત્ત મુનિઓને પ્રમત્ત ગુણસ્થાનક સુધી છે અને સંસારી જીવોને નિમિત્ત પ્રમાણે રતિ-અરતિ આદિ ભાવો થાય છે. તે સર્વ સાભિષ્વંગ ચિત્તરૂપ જ છે અને મુનિઓ નિરભિષ્વંગ ચિત્તના અર્થી છે. છતાં, અપ્રમત્ત આદિ ગુણસ્થાનકોમાં જ્યાં સુધી સ્થિર થયા નથી, ત્યાં સુધી અભિષ્વંગ થવાની પણ શક્યતા રહે છે. અહીં, રાગ શબ્દથી માત્ર સાભિષ્વંગ ચિત્તને ગ્રહણ કરેલ નથી, પરંતુ વીતરાગતાની પ્રાપ્તિ પૂર્વનો સર્વ રાગ રાગ શબ્દથી ગ્રહણ કરેલ છે. તેથી, પુલાક, બકુશ આદિ સર્વ સાધુઓ પ્રમત્ત ગુણસ્થાનકમાં હોય ત્યારે સાભિષ્વંગ ચિત્તને કારણે રાગવાળા છે અને અપ્રમત્ત આદિ ગુણસ્થાનકમાં હોય ત્યારે જગતના સર્વ ભાવો પ્રત્યે મધ્યસ્થભાવ છે તોપણ ગત રાગવાળા નથી. તેથી, રાગદ્વારમાં તેઓનું ગ્રહણ છે માટે પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ સાધુઓ રાગવાળા છે અને નિર્ગ્રંથ તથા સ્નાતક સાધુઓ ગતરાગવાળા છે; કેમ કે તેઓને કષાયના ઉદયનો સર્વથા અભાવ છે. ફક્ત ઉપશાંત કષાયવાળા વીતરાગ અને ક્ષીણકષાયવાળા વીતરાગ નિર્ગ્રંથ છે અને સ્નાતક ક્ષીણકષાયવાળા વીતરાગ છે. **।।૫૦।।**

**અવતરણિકા :-**

**उक्तं रागद्वारम् । अथ कल्पद्वारमाह–**

**અવતરણિકાર્થ :-**

**રાગદ્વાર કહેવાયું. હવે, કલ્પદ્વારને કહે છે–**

**ગાથા :-**

**कप्पो ठियाऽठियप्पा, जिणकप्पाई व तत्थ सव्वे वि ।**
**कप्पे ठिएऽठिए चिय, पढमो तह थेरकप्पम्मि ।।५१।।**

ગાથાર્થ :-

કલ્પ સ્થિત અસ્થિત છે અથવા જિનકલ્પાદિ છે, ત્યાં સ્થિત અસ્થિતકલ્પમાં સર્વ પણ પુલાક આદિ સાધુઓ હોય છે અને સ્થવિરકલ્પમાં પ્રથમ હોય છે. ।।૫૧।।

ટીકા :-

'कप्पो'त्ति । कल्पः स्थितास्थितात्मा द्विविधः । 'तत्र' आचेलक्यादिषु दशसु पदेष्ववश्यमवस्थाने स्थितकल्पः प्रथमपश्चिमतीर्थकरसाधूनाम् । अनियततयाऽवस्थाने चैतेषु स्थितास्थिततयाऽस्थितकल्पो मध्यमतीर्थकरसाधूनाम् । 'वा' अथवा 'जिनकल्पादिः' जिनकल्पः स्थविरकल्पश्चेत्यर्थः, 'तत्र' कल्पद्वारे वक्तव्ये 'सर्वेऽपि' पुलाकादयः स्थितेऽस्थिते च कल्पे भवन्ति, सर्वतीर्थकरकाले तेषां भावात् । इदं च स्थितास्थितकल्पविचारमाश्रित्योक्तम् । जिनकल्पस्थविरकल्पविचारे तूच्यते- 'तथा' इति समुच्चये, 'प्रथमः' पुलाकनिर्ग्रन्थः स्थविरकल्प एव भवति न तु जिनकल्पः कल्पातीतो वा, तदुक्तं पञ्चनिर्ग्रन्थ्याम्—"पढमो उ थेरकप्पे"त्ति । उत्तराध्ययनवृत्तौ तु—"स्थविरकल्पादिरूपकल्पापेक्षया तु पुलाकः स्थविरकल्पे वा जिनकल्पे वा न तु कल्पातीतः, तथा चागमः—"पुलाए णं भंते ! किं जिणकप्पे होज्जा थेरकप्पे होज्जा कप्पातीते होज्जा ? गोअमा ! जिणकप्पे वा होज्जा थेरकप्पे वा होज्जा णो कप्पातीते होज्ज"त्ति । अन्ये त्वाहुः—"स्थविरकल्प एव" इति मतद्वयं लिखितमस्ति । पाठस्तु प्रज्ञप्तौ—"णो जिणकप्पे होज्जा थेरकप्पे होज्जा णो कप्पातीते होज्जा" इत्येवं दृश्यते । वृत्तौ च न किञ्चिदत्रोट्टङ्कितमस्ति प्रत्युत वृत्तिकृता ग्रन्थान्तरे स्थविरकल्प एवोक्तोऽस्तीति पाठभेदादिनिबन्धनं मतद्वयम्, अन्यतो वा कुतश्चिद्धेतोरिति न सम्यगवगच्छामः ।।५१।।

ટીકાર્થ :-

कल्पः ..... सम्यगवगच्छामः ।। કલ્પ સ્થિત અને અસ્થિત સ્વરૂપ બે પ્રકારનો છે. ત્યાં=બે પ્રકારના કલ્પમાં, આચેલક્યાદિ દશ પદોમાં અવશ્ય અવસ્થાન હોતે છતે પ્રથમ અને ચરમ તીર્થંકરના સાધુઓને સ્થિતકલ્પ છે અને અનિયતપણાથી આમાં=દશ પદોમાં, અવસ્થાન હોતે છતે મધ્યમ તીર્થંકરના સાધુઓને સ્થિતાસ્થિતપણાથી અસ્થિત કલ્પ છે અથવા જિનકલ્પ આદિ=જિનકલ્પ અને સ્થવિરકલ્પરૂપ, બે પ્રકારનો કલ્પ છે. ત્યાં=કલ્પદ્વારનું વક્તવ્ય હોતે છતે, સર્વ પણ પુલાક આદિ સ્થિતિ અસ્થિતકલ્પમાં હોય છે; કેમ કે સર્વ તીર્થંકરના કાળમાં તેઓનો સદ્ભાવ છે અને આ=પુલાક આદિ સર્વ કલ્પોમાં છે એ, સ્થિતાસ્થિતકલ્પ વિચારને આશ્રયીને કહેવાયું. જિનકલ્પ અને સ્થવિરકલ્પના વિચારમાં કહેવાય છે=પુલાક આદિના ભાવનું કથન કરાય છે તથા=ગાથામાં રહેલો તથા શબ્દ, સમુચ્ચયમાં છે. પ્રથમ=પુલાક નિર્ગ્રંથ, સ્થવિરકલ્પમાં જ છે, પરંતુ જિનકલ્પ અથવા કલ્પાતીત નથી. તે પંચનિર્ગ્રંથીમાં કહેવાયું છે.

"પ્રથમ=પુલાક નિગ્રંથ, સ્થવિરકલ્પમાં છે."

**વળી, ઉત્તરાધ્યયનની વૃત્તિમાં,**

"સ્થવિરકલ્પાદિ રૂપ કલ્પની અપેક્ષાથી પુલાક સ્થવિરકલ્પમાં છે અથવા જિનકલ્પમાં છે, પરંતુ કલ્પાતીત નથી."

**અને તે રીતે આગમ છે.**

"હે ભદંત ! પુલાક શું જિનકલ્પમાં થાય ? સ્થવિરકલ્પમાં થાય ? કલ્પાતીતમાં થાય ? ભગવાન કહે છે. હે ગૌતમ ! જિનકલ્પમાં થાય=પુલાક સાધુ જિનકલ્પમાં થાય અથવા સ્થવિરકલ્પમાં થાય. કલ્પાતીત થાય નહિ."

**વળી, અન્ય કહે છે – 'સ્થવિરકલ્પમાં જ થાય' એ પ્રકારનો મતદ્વય લખાયેલો છે. વળી, પ્રજ્ઞપ્તિમાં પાઠ છે.**

"જિનકલ્પમાં ન થાય=પુલાક સાધુ ન થાય. સ્થવિરકલ્પમાં થાય. કલ્પાતીતમાં થાય નહિ."

**આ પ્રકારે દેખાય છે=પ્રજ્ઞપ્તિમાં પાઠ દેખાય છે અને વૃત્તિમાં=પ્રજ્ઞપ્તિની ટીકામાં, અહીં=પ્રસ્તુત પાઠમાં, કંઈ કથન કરાયું નથી. ઊલટું વૃત્તિકાર વડે ગ્રંથાંતરમાં સ્થવિરકલ્પ જ કહેવાયો છે, એ પ્રકારે પાઠભેદાદિનું નિબંધન મતદ્વય છે અથવા અન્ય કોઈક હેતુથી છે, એ અમે સમ્યગ્ જાણતા નથી. ॥૫૧॥**

**ગાથા :-**

**सकसाओ तिविहो वि य, कप्पाईआ णियंठयसिणाया ।**
**बउसपडिसेवगा पुण, जिणकप्पे थेरकप्पे वा ।।५२।।**

**ગાથાર્થ :-**

**કષાયવાળા ત્રિવિધ પણ થાય છે. કલ્પાતીત, નિર્ગ્રંથ અને સ્નાતક થાય છે. બકુશ પ્રતિસેવક વળી જિનકલ્પ અને સ્થવિરકલ્પમાં થાય. ॥૫૨॥**

**ટીકા :-**

**'सकसाओ'त्ति । 'सकषायः' कषायकुशीलस्त्रिविधोऽपि भवेत्-जिनकल्पवर्त्ती स्थविरकल्पवर्त्ती कल्पातीतश्चेति । तत्र कल्पातीतत्वं छद्मस्थसकषायतीर्थकरस्य कल्पातीतस्य सम्भवात् समर्थितमभयदेवसूरिभिः, वस्तुतः सामर्थ्ययोगवतो धर्मसंन्यासे प्रवर्त्तमाने उपरितनगुणस्थानेषु क्षायोपशमिकानां जिनकल्पस्थविरकल्पधर्माणामभावात्कल्पातीतत्वमेव स्वात्ममात्रविश्रान्तचारित्रयोगादुपजायते, अत एव सूक्ष्मसम्परायेऽपि कल्पातीतत्वमेवेष्टम्, तदुक्तं भगवत्याम्–**"सामाइअसंजए णं भंते ! किं जिणकप्पे होज्जा थेरकप्पे होज्जा कप्पातीते होज्जा ? गोअमा ! जिणकप्पे वा होज्जा जहा कसायकुसीले तहेव णिरवसेसं, छेओवट्ठावणिओ परिहारविसुद्धीओ अ जहा बउसो, सेसा जहा णियंठो"त्ति । **इदं च सूक्ष्ममीक्षणीयमध्यात्मग्रन्थविद्भिः । निर्ग्रन्थस्नातकौ कल्पातीतौ, जिनकल्पस्थविरकल्पधर्माणामभावादेव । बकुशप्रतिसेवकौ**

**पुनर्जिनकल्पे स्थविरकल्पे वा भवतो न तु कल्पातीतौ, क्षपकश्रेण्यभावेन धर्मसंन्यासाभावादिति बोध्यम् ।।५२।।**

**ટીકાર્થ :-**

**'सकषायः' ..... बोध्यम् ।। સકષાય=કષાયકુશીલ, ત્રણ પ્રકારના પણ થાય છે. જિનકલ્પવર્તી, સ્થવિરકલ્પવર્તી અને કલ્પાતીત. ત્યાં=ત્રણ પ્રકારના કષાયકુશીલમાં, છદ્મસ્થ સકષાય તીર્થંકરના કલ્પાતીતનો સંભવ હોવાથી આ.અભયદેવસૂરિજી વડે કલ્પાતીતપણું સમર્થિત કરાયું છે. વસ્તુતઃ સામર્થ્યયોગવાળા મહાત્માઓને ધર્મસંન્યાસમાં પ્રવર્તમાન હોતે છતે ઉપરિતન ગુણસ્થાનકોમાં ક્ષાયોપશમિક એવા જિનકલ્પ, સ્થવિરકલ્પ ધર્મોનો અભાવ હોવાથી સ્વઆત્મમાત્રમાં વિશ્રાંત ચારિત્રના યોગથી કલ્પાતીતપણું જ ઘટે છે. આથી જ=સામર્થ્ય યોગવાળાને કલ્પાતીતપણું ઘટે છે. આથી જ, સૂક્ષ્મસંપરાયમાં પણ કલ્પાતીતપણું જ ઈષ્ટ છે. ભગવતીમાં તે કહેવાયું છે=સૂક્ષ્મસંપરાયમાં કલ્પાતીતપણું છે તે કહેવાયું છે.**

"હે ભદંત ! સામાયિક સંયત શું જિનકલ્પમાં થાય ? સ્થવિરકલ્પમાં થાય ? કલ્પાતીતમાં થાય ? હે ગૌતમ ! જિનકલ્પમાં થાય. જે પ્રમાણે કષાયકુશીલમાં થાય, તે પ્રમાણે નિરવશેષ જાણવું=ભગવતીમાં આ કથન પૂર્વે કષાયકુશીલમાં વર્ણન કર્યું તે પ્રમાણે નિરવશેષ સામાયિક સંયતમાં જાણવું. તેથી કલ્પાતીતપણું કષાયકુશીલના વર્ણન અનુસાર સૂક્ષ્મસંપરાયમાં પ્રાપ્ત થાય છે; કેમ કે કષાયકુશીલવાળા જિનકલ્પમાં પણ હોય, સ્થવિરકલ્પમાં પણ હોય અને સૂક્ષ્મસંપરાયકાળમાં કલપાતીત પણ હોય. તેથી જે પ્રમાણે કષાયકુશીલમાં છે, તે પ્રમાણે નિરવશેષ જાણવું, એમ કહેલ છે. છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ જે પ્રમાણે બકુશ, શેષ જે પ્રમાણે નિર્ગ્રંથ."

**અને આ=પૂર્વમાં વસ્તુતઃથી કહ્યું કે કલ્પાતીતપણું સ્વઆત્મા માત્રમાં વિશ્રાંત ચારિત્રના યોગથી થાય છે અને તે સૂક્ષ્મસંપરાયમાં પણ હોય છે એ, અધ્યાત્મગ્રંથના જાણનારાઓએ સૂક્ષ્મ જોવું જોઈએ. નિર્ગ્રંથસ્નાતક કલ્પાતીત છે; કેમ કે જિનકલ્પ, સ્થવિરકલ્પ ધર્મોનો અભાવ જ છે. વળી, બકુશ અને પ્રતિસેવક જિનકલ્પમાં અને સ્થવિરકલ્પમાં થાય છે, પરંતુ કલ્પાતીત થતા નથી; કેમ કે ક્ષપકશ્રેણીનો અભાવ હોવાને કારણે ધર્મસંન્યાસનો અભાવ છે=બકુશ અને પ્રતિસેવક નિર્ગ્રંથોને ક્ષપકશ્રેણીનો અભાવ હોવાથી ક્ષાયોપશમિકભાવના ધર્મસંન્યાસનો અભાવ છે. ।।૫૨।।**

**ભાવાર્થ :-**

કલ્પદ્વારમાં ગાથા-૫૧માં દશ પ્રકારના કલ્પમાં કયા સાધુઓ હોય છે, તે બતાવ્યું. હવે જિનકલ્પ, સ્થવિરકલ્પ અને કલ્પાતીત એ પ્રકારના ત્રણ કલ્પોને આશ્રયીને કયા સાધુ કયા કલ્પોમાં છે, તે સ્પષ્ટ કરે છે. જે સાધુ કુશીલ ચારિત્રવાળા છે અને તે કુશીલમાં પણ પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ એ બે ભેદો છે, તેમાંથી જેઓ પ્રતિસેવનાકુશીલ નથી, પરંતુ કષાયથી કુશીલ છે અર્થાત્ કષાયોને કારણે તેઓનું નિર્મળ એવું પણ જ્ઞાન કંઈક કુત્સિતતાને પામેલું છે. તે કષાયકુશીલ સાધુ જિનકલ્પી પણ હોય, સ્થવિરકલ્પી પણ હોય અને કલ્પાતીત પણ હોય. ત્યાં જિજ્ઞાસા થાય કે કલ્પાતીત કષાયકુશીલ કોણ છે ? તેથી આ.

અભયદેવસૂરિજીએ કહેલું છે કે છદ્મસ્થ અવસ્થામાં કષાયવાળા તીર્થંકરો કલ્પાતીત છે અર્થાત્ ચાર પ્રકારના નિર્મળજ્ઞાનયુક્ત હોવાથી તેઓને સ્થવિરકલ્પ કે જિનકલ્પની જેમ કોઈ આચરણા નથી. પરંતુ કષાયોને જય કરવા માટે જ સંયમ ગ્રહણ કર્યા પછી તીર્થંકરો યત્ન કરે છે તેથી કલ્પાતીત છે, તે વચનાનુસાર કલ્પાતીતપણું માત્ર તીર્થંકરને જ પ્રાપ્ત થાય. તેથી, ગ્રંથકારશ્રી કહે છે.

વસ્તુતઃ સામર્થ્યયોગવાળા મહાત્માઓ ક્ષયોપશમભાવના ધર્મોનો ત્યાગ કરવા માટે નવમા-દશમા ગુણસ્થાનકમાં પ્રવર્તે છે, ત્યારે ક્ષયોપશમભાવવાળા જિનકલ્પ અને સ્થવિરકલ્પરૂપ ક્ષયોપશમભાવોનો તેઓને અભાવ છે. જેથી જે જે ક્ષયોપશમભાવના ધર્મોનો તેઓએ ત્યાગ કરેલો છે, તે અપેક્ષાએ તેઓ પોતાના આત્માના નિરાકુળ સ્વભાવમાત્રમાં વિશ્રાંત ચારિત્રની પરિણતિવાળા છે. તેથી કલ્પાતીત છે. સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકમાં પણ જે પૂર્વના ક્ષયોપશમભાવના ધર્મોનો ત્યાગ કર્યો તે અપેક્ષાએ તેઓ પોતાના આત્મા માત્રમાં વિશ્રાંત છે. તેથી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકમાં પણ તેઓ કલ્પાતીત છે અને જ્યારે નિર્ગ્રંથ અને સ્નાતક થાય છે, ત્યારે સંપૂર્ણ કષાયનો ત્યાગ થવાથી સ્વઆત્મામાં વિશ્રાંત થવાને કારણે કલ્પાતીત જ છે. તેથી ફલિત થયું કે કલ્પાતીત અવસ્થા છદ્મસ્થ તીર્થંકરોને, સામર્થ્યયોગવાળા મહાત્માઓને ક્ષયોપશમભાવના ધર્મસંન્યાસથી થાય છે અને નિર્ગ્રંથ સ્નાતક ક્ષયોપશમભાવથી રહિત હોવાને કારણે કલ્પાતીત થાય છે.

વળી, બકુશ અને પ્રતિસેવક કુશીલ જિનકલ્પ અને સ્થવિરકલ્પ થાય છે. તેથી એ ફલિત થાય કે કેટલાક જિનકલ્પી કષાયકુશીલ હોય છે, પ્રતિસેવક કુશીલ નહિ અને બકુશ પણ નથી. તો કેટલાક જિનકલ્પી પ્રતિસેવનાને આશ્રયીને કુશીલ છે અને કેટલાક જિનકલ્પી બકુશ ચારિત્રવાળા પણ છે.

વળી, સ્થવિરકલ્પમાં પણ કેટલાક મહાત્મા બકુશ પ્રતિસેવક નથી માત્ર કષાયકુશીલ છે તો કેટલાક મહાત્મા નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોવા છતાં પ્રતિસેવનાકુશીલ છે. વળી, કેટલાક સ્થવિરકલ્પો બકુશ પણ છે. વળી, બકુશ સાધુ, પ્રતિસેવક સાધુ, જિનકલ્પવાળા સાધુ અને સ્થવિરકલ્પવાળા સાધુ કલ્પાતીત નથી. **॥૫૨॥**

**અવતરણિકા :-**

**उक्तं कल्पद्वारम् । अथ चारित्रद्वारमाह—**

**અવતરણિકાર્થ :-**

**કલ્પદ્વાર કહેવાયું. હવે, ચારિત્રદ્વારને કહે છે—**

**ગાથા :-**

**पंचविहं तु चरित्तं, पढमा खलु तिन्नि तत्थ पढमजुगे ।**
**चउसु कसायकुसीलो, णिग्गंथसिणायगा चरमे ।।५३।।**

**ગાથાર્થ :-**

**ચારિત્ર પાંચ પ્રકારનું છે. ત્યાં પ્રથમ ત્રણ પ્રથમયુગમાં છે=સામાયિક, છેદોપસ્થાપનીયમાં છે. ચાર સામાયિકમાં કષાયકુશીલ છે. ચરમમાં=યથાખ્યાત ચારિત્રમાં, નિર્ગ્રંથ અને સ્નાતક છે. ।।૫૩।।**

**ટીકા :-**

**'पंचविहं तु' त्ति । चर्यते निवृत्ताश्रवेनात्मनेति चारित्रम्, तत् तु सामायिकादिकं पञ्चविधं प्रसिद्धमेव । तत्र 'प्रथमाः खलु त्रयो निर्ग्रन्थाः' पुलाकबकुशप्रतिसेवनाकुशीलाः 'प्रथमयुगे' सामायिकच्छेदोपस्थापनीयरूपचारित्रद्वये भवतः । कषायकुशीलः 'चतुर्षु' सामायिकच्छेदोपस्थापनीयपरिहारविशुद्धिसूक्ष्मसंपरायेषु भवति । निर्ग्रन्थस्नातकौ 'चरमे' सौत्रक्रमप्रामाण्यादन्तिमे यथाख्यातचारित्रे भवतः ।।५३।।**

**ટીકાર્થ :-**

**चर्यते ..... भवतः ।। નિવૃત્ત આશ્રવવાળા આત્માથી આચરણ કરાય છે તે ચારિત્ર છે=મન, વચન, કાયાની પ્રવૃત્તિ આશ્રવ છે અને મન, વચન, કાયાની પ્રવૃત્તિ વિષયોથી નિવૃત્ત થઈને ગુણને અભિમુખ પ્રવર્તાવવામાં આવે ત્યારે બાર પ્રકારના કષાયોના ક્ષયોપશમથી નિવૃત્ત આશ્રવવાળા આત્મા વડે જે આચરણા કરાય તે ચારિત્ર છે. વળી, તે=ચારિત્ર, સામાયિકાદિ પાંચ પ્રકારનું પ્રસિદ્ધ જ છે. ત્યાં=પાંચ પ્રકારના ચારિત્રમાં, પ્રથમ ત્રણ નિર્ગ્રંથો=પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલરૂપ ત્રણ નિર્ગ્રંથો, પ્રથમ યુગમાં=સામાયિક અને છેદોપસ્થાપનીયરૂપ ચારિત્રદ્વયમાં થાય છે. કષાયકુશીલ ચારમાં=સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાયરૂપ ચારમાં હોય છે. નિર્ગ્રંથ સ્નાતક ચરમમાં=સૂત્ર સંબંધી ક્રમના પ્રામાણ્યથી અંતિમમાં=યથાખ્યાત ચારિત્રમાં થાય છે. ।।૫૩।।**

**ભાવાર્થ :-**

જેમ નિર્ગ્રંથો પુલાક આદિ ભેદથી પાંચ છે, તેમ નિર્ગ્રંથોમાં વર્તતું ચારિત્ર સામાયિક આદિના ભેદથી પાંચ પ્રકારનું છે અને ચારિત્ર શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે. જેઓ મન-વચન-કાયાને ગુપ્ત કરીને નિવૃત્ત આશ્રવવાળા આત્માથી નિર્ગ્રંથભાવની નિષ્પત્તિ અર્થે યત્ન કરી રહ્યા છે, તેઓમાં ચારિત્રનો પરિણામ છે; કેમ કે અનંતાનુબંધી બાર કષાયોના ક્ષયોપશમથી ચારિત્ર પ્રગટે છે અને સંજ્વલનના ચાર કષાયના ઉદયથી તે ચારિત્રમાં કંઈક સ્ખલનારૂપ અતિચારો થાય છે. તેને આશ્રયીને જ પુલાક આદિના ભેદોની પ્રાપ્તિ થાય છે. આથી જ કષાયકુશીલ સાધુ સંજ્વલન કષાયના પણ ક્ષયોપશમભાવવાળા હોવાથી પ્રતિસેવનાકુશીલ થતા નથી, બકુશ આદિ ચારિત્રવાળા પણ થતા નથી. માત્ર ક્ષયોપશમભાવના કષાયોનો ઉદય હોવાથી તેઓનું જ્ઞાન કંઈક કુશીલ છે અને તે કષાયોના ક્ષયોપશમના બળથી જ કષાયોનું ઉન્મૂલન કરીને વીતરાગ થવા યત્ન કરે છે. તેમાં સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાયરૂપ ચારેય સામાયિકો કષાયકુશીલને હોય છે.

વળી, પ્રથમના ત્રણ નિર્ગ્રંથને=પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાધુને, સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્ર હોય છે. પરંતુ પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાય ચારિત્ર તેઓને પ્રાપ્ત થતું નથી. તેથી ફલિત થાય કે પરિહારવિશુદ્ધિવાળા સાધુ બકુશ અને પ્રતિસેવનાકુશીલ થતા નથી કે પુલાક જેવા અલ્પ સંયમવાળા થતા નથી. પરંતુ કષાયકુશીલ સામાયિકવાળા જેમ મહાધૃતિના બળથી સોળેય કષાયના ક્ષયોપશમભાવમાં વર્તે છે, તેમ પરિહારવિશુદ્ધિવાળા સાધુ પણ કષાયકુશીલ હોવા છતાં કષાયોના પરિહારમાં યત્નવાળા છે. **॥૫૩॥**

**અવતરણિકા :-**

**उक्तं चारित्रद्वारम् । अथ प्रतिसेवनाद्वारमाह–**

**અવતરણિકાર્થ :-**

**ચારિત્રદ્વાર કહેવાયું. હવે, પ્રતિસેવનાદ્વારને કહે છે–**

**ગાથા :-**

**पडिसेवणा उ सेवा, संजलणोदयवसेण पडिकूला ।**
**मूलुत्तरपडिसेवी, तत्थ पुलाओ ण विवरीओ ।।५४।।**

**ગાથાર્થ :-**

**વળી, સંજ્વલનના ઉદયના વશથી પ્રતિકૂળ સેવા પ્રતિસેવા છે. ત્યાં=પ્રતિસેવાના વિષયમાં, પુલાક મૂળ ઉત્તરગુણ પ્રતિસેવી છે, વિપરીત નથી=અપ્રતિસેવક નથી. ।।૫૪।।**

**ટીકા :-**

**'पडिसेवणा उ'त्ति । 'प्रतिसेवना तु' सञ्ज्वलनोदयवशेन प्रतिकूला यथास्थिताचारविपरीता सेवा । तत्र पुलाको मूलोत्तराणां-मूलोत्तरगुणानां प्रतिसेवी भवति, अन्ततो मानसिकातिचारस्यापि यथासूक्ष्मेन सता सेवनात् । 'न विपरीतः' नाप्रतिसेवकः, तदुक्तम्–**"पुलाए णं भंते ! किं पडिसेवए होज्जा अपडिसेवए होज्जा ? गोयमा ! पडिसेवए होज्जा णो अपडिसेवए होज्ज"त्ति **।।५४।।**

**ટીકાર્થ :-**

**'प्रतिसेवना तु' ..... होज्ज"त्ति ।। વળી, સંજ્વલનના ઉદયના વશથી પ્રતિકૂળ=યથાસ્થિત આચારથી વિપરીત સેવા, પ્રતિસેવના છે. ત્યાં પુલાક મૂળ ઉત્તરગુણોના=મૂળ ગુણો અને ઉત્તરગુણોના પ્રતિસેવી હોય છે; કેમ કે અંતથી માનસિક અતિચારનું પણ યથાસૂક્ષ્મ છતાં સેવન છે. વિપરીત નથી=પુલાક સાધુ અપ્રતિસેવક નથી. તે કહેવાયું છે.**

"હે ભગવન્ ! પુલાક સાધુ શું પ્રતિસેવક હોય અથવા અપ્રતિસેવક હોય ?" **ભગવાન ઉત્તર આપે છે. હે ગૌતમ ! પ્રતિસેવક થાય. અપ્રતિસેવક થાય નહિ. ।।૫૪।।**

**અવતરણિકા :-**

पुलाकस्य मूलोत्तरगुणप्रतिसेवकत्वमेवोक्तं विवृणोति—

**અવતરણિકાર્થ :-**

પુલાકના કહેવાયેલા મૂળ-ઉત્તરગુણ પ્રતિસેવકપણાને જ વિવરણ કરે છે—

**ગાથા :-**

पंचण्हं अण्णयरं, पडिसेवंतो उ होइ मूलगुणे ।
उत्तरगुणेसु दसविहपच्चक्खाणस्स अण्णयरं ।।५५।।

**ગાથાર્થ :-**

**મૂલગુણમાં પાંચમાંથી અન્યતરને સેવતા પુલાક થાય છે. ઉત્તરગુણોમાં દશ પ્રકારના પચ્ચક્ખાણના અન્યતરને પ્રતિસેવન કરતા પુલાક થાય છે. ।।૫૫।।**

**ટીકા :-**

'पंचण्हं'ति । मूलगुणे पञ्चानामाश्रवाणां प्राणातिपातादीनामन्यतरं प्रतिसेवमानः पुलाको भवति, उत्तरगुणेषु 'दशविधस्य' कोटीसहितादिभेदभिन्नस्य नमस्कारसहितादिभेदभिन्नस्य वा प्रत्याख्यान-स्यान्यतरत् प्रतिसेवमानः, उपलक्षणत्वाच्चास्य पिण्डविशुद्ध्यादिविराधकत्वमप्युत्तरगुणेषु संभाव्यते ।।५५।।

**ટીકાર્થ :-**

मूलगुणे ..... संभाव्यते ।। મૂલગુણોમાં પ્રાણાતિપાતાદિ પાંચ આશ્રવોના અન્યતરને સેવતા પુલાક થાય છે. ઉત્તરગુણોમાં કોટિ સહિત આદિ ભેદભિન્ન એવા દશવિધ અથવા નમસ્કાર સહિત આદિ ભેદભિન્ન એવા દશવિધ અર્થાત્ નવકારશી, પોરીસિ આદિ ભેદવાળા દશ પ્રકારના પ્રત્યાખ્યાનના અન્યતરને પ્રતિસેવન કરનાર પુલાક હોય છે અર્થાત્ ઉત્તરગુણો મૂલગુણની વૃદ્ધિના કારણ છે અને દશ પ્રકારના તપો મૂલગુણની વૃદ્ધિના કારણ થાય તે રીતે સેવવામાં કોઈક પ્રતિકૂળ આચરણા થાય, તેવા પુલાક સાધુ હોય છે. જેથી સંયમની વિશુદ્ધિ કંઈક મલિન થાય છે અને આમને=પુલાક સાધુને, ઉપલક્ષણથી પિંડવિશુદ્ધિ આદિનું વિરાધકપણું પણ ઉત્તરગુણોમાં સંભાવના કરાય છે અર્થાત્ સુસાધુ ભિક્ષા અર્થે નીકળે ત્યારે ઈર્યાસમિતિમાં ઉપયુક્ત હોય, પિંડની ગવેષણા કરે ત્યારે એષણાસમિતિમાં ઉપયુક્ત હોય, પૃચ્છા કરે ત્યારે ભાષાસમિતિમાં ઉપયુક્ત હોય, સંયમને અનુકૂળ નિર્દોષ ભિક્ષા મળે તો હર્ષ ન થાય, અપ્રાપ્ય થાય તો ખેદ ન થાય, તે પ્રકારની યતનાથી પિંડાદિનું ગ્રહણ કરે છે. તેમાં કોઈ પણ સ્ખલના થાય તે ઉત્તરગુણોમાં અતિચારરૂપ છે. આથી જ સમિતિ-ગુપ્તિની સ્ખલના પણ ઉત્તરગુણના અતિચારરૂપ સ્વીકારાઈ છે. ।।૫૫।।

**અવતરણિકા :-**

**अत्र सम्मतिं प्रदर्शयन् ग्रन्थान्तरोक्तं समुच्चिनोति—**

**અવતરણિકાર્થ :-**

**આમાં=પૂર્વની ગાથામાં પુલાકની મૂળઉત્તરગુણની પ્રતિસેવના બતાવી એમાં, સંમતિને બતાવતાં ગ્રંથકારશ્રી ગ્રંથાંતરમાં કહેવાયેલા કથનનો સમુચ્ચય કરે છે—**

**ગાથા :-**

**इय भगवईइ भणियं, अण्णत्थ पराभिओगओ छण्हं ।**
**पडिसेवगो उ इट्ठो, मेहुणमित्तस्स एगेसिं ।।५६।।**

**ગાથાર્થ :-**

**આ ભગવતીમાં કહેવાયું છે=ગાથા-૫૫માં કહ્યું એ ભગવતીમાં કહેવાયું છે. અન્યત્ર પરાભિયોગથી છની પ્રતિસેવના કરનાર પુલાક ઈષ્ટ છે. એકના મતમાં મૈથુન માત્રનો પરાભિયોગથી પ્રતિસેવક ઈષ્ટ છે. ।।૫૬।।**

**ટીકા :-**

**'इय'त्ति । इतीदं भगवत्यां भणितम्, तथा च तदालापः—**"जइ पडिसेवए होज्जा किं मूलगुणपडिसेवए होज्जा उत्तरगुणपडिसेवए होज्जा ? गोयमा ! मूलगुणपडिसेवए होज्जा उत्तरगुणपडिसेवए होज्जा । मूलगुणपडिसेवमाणे पंचण्हं आसवाणं अण्णयरं पडिसेवए होज्जा । उत्तरगुणपडिसेवमाणे दसविहस्स पच्चक्खाणस्स अण्णयरं पडिसेवए होज्ज"त्ति । **'अन्यत्र' ग्रन्थान्तरे 'पराभियोगतः' बलात्कारात् 'षण्णाम्' पञ्चानां मूलगुणानां रात्रिभोजनस्य च प्रतिसेवकः पुलाक इष्टः । एकेषामाचार्याणां मते पराभियोगान्मैथुनमात्रस्य प्रतिसेवक इष्टः । तथा चोक्तमुत्तराध्ययनवृत्तौ—**"इदानीं प्रतिसेवना पञ्चानां मूलगुणानां रात्रिभोजनस्य च पराभियोगात्-बलात्कारेणान्यतमं प्रतिसेवमानः पुलाको भवति, मैथुनमेव इत्येके । **प्रज्ञप्तिस्तु—**'पुलाए' णं पुच्छा जाव मूलगुणपडिसेवमाणे पंचण्हं आसवाणं अण्णयरं पडिसेविज्जा, उत्तरगुणपडिसेवमाणे दसविहस्स पच्चक्खाणस्स अण्णयरं पडिसेविज्जा इति । **निर्युक्तौ तु—"मूलगुणासेवओ पुलाओ" इत्येतावदेवोक्तम् ।।५६।।**

**ટીકાર્થ :-**

**इतीदं ..... इत्येतावदेवोक्तम् ।। આ ભગવતીમાં કહેવાયું છે અને તે રીતે તેનો આલાપ છે=પૂર્વની ગાથામાં કહ્યું તે રીતે ભગવતીનો આલાપ છે.**

"જો પડિસેવના થાય=પુલાક સાધુથી પ્રતિસેવના થાય. શું મૂલગુણ પ્રતિસેવના થાય ? ઉત્તરગુણ પ્રતિસેવના થાય ? ભગવાન ઉત્તર આપે છે. હે ગૌતમ ! મૂલગુણમાં પ્રતિસેવના થાય=પુલાક સાધુથી મૂલગુણમાં પ્રતિસેવના થાય.

ઉત્તરગુણમાં પ્રતિસેવના થાય. મૂલગુણ પ્રતિસેવના કરાયે છતે પાંચ આશ્રવોનું અન્યતર=પાંચ મહાવ્રતોના પ્રતિકૂળ સેવનરૂપ પ્રતિસેવના થાય. ઉત્તરગુણ પ્રતિસેવના કરાયે છતે દશ પ્રકારના પચ્ચક્ખાણના અન્યતરને પ્રતિસેવન થાય."

**અન્યત્ર=ગ્રંથાંતરમાં, પરાભિયોગથી=બળાત્કારથી, પાંચ મૂળગુણો અને છટ્ઠા રાત્રિભોજનનો પ્રતિસેવક પુલાક ઈષ્ટ છે, એક આચાર્યના મતે પરાભિયોગથી=બળાત્કારથી, મૈથુન માત્રનો પ્રતિસેવક પુલાક ઈષ્ટ છે અને તે પ્રમાણે ઉત્તરાધ્યયનની વૃત્તિમાં કહેવાયું છે.**

"હમણાં પ્રતિસેવના પાંચ મૂળગુણોનાં અને રાત્રિભોજનના પરાભિયોગથી=બળાત્કારથી, અન્યતમને પ્રતિસેવન કરતો પુલાક થાય છે. મૈથુનને જ પ્રતિસેવના કરતો પુલાક થાય છે, એ પ્રમાણે એક આચાર્ય કહે છે."

**વળી પ્રજ્ઞપ્તિમાં,**

"પુલાકની પૃચ્છા છે. યાવત્ મૂલગુણપ્રતિસેવના કરાયે છતે પાંચ આશ્રવોના અન્યતરને પ્રતિસેવના કરે. ઉત્તરગુણની પ્રતિસેવના કરાયે છતે દશ પ્રકારના પચ્ચક્ખાણના અન્યતરને પ્રતિસેવના કરે=વિપરીત સેવે."

**વળી નિર્યુક્તિમાં મૂલગુણ આસેવન કરનાર પુલાક છે, એટલું જ કહેવાયું છે. ।।૫૬।।**

**ભાવાર્થ :-**

પુલાક સાધુ સંસારને નિર્ગુણ જાણીને મોક્ષ અર્થે સંયમયોગમાં ઉત્થિત છે. શાસ્ત્રો ભણીને સંપન્ન છે. તેથી સર્વ શક્તિથી જિનવચનાનુસાર જ પ્રવૃત્તિ કરનાર હોય છે, તેથી સંજ્વલન કષાયના ઉદયને ક્ષયોપશમરૂપે કરવાના યત્નવાળા હોવા છતાં ક્યારેક સંજ્વલન કષાયનો ઉદય વિપાકોદયથી આવે છે, ત્યારે મોહનાશને અનુકૂળ ઉચિત આચરણા વિપરીત થાય છે. તેથી પુલાક સાધુથી પણ નિમિત્તને પામીને મૂલગુણ અને ઉત્તરગુણની પ્રતિસેવના થઈ શકે છે. કોઈક પુલાક સાધુ અતિ અપ્રમત્તપણાથી સંયમયોગમાં ઉત્થિત હોય તોપણ અંતે ક્યારેક મોહનાશને અનુકૂળ યત્ન કરતાં વિપરીત માનસિક અતિચાર પણ યથાસૂક્ષ્મ પુલાક છતાં થાય છે. તેથી પુલાક સાધુના સંયમજીવનમાં સર્વથા પ્રતિસેવનાનો અભાવ નથી; કેમ કે મોહનાશને અનુકૂળ અસ્ખલિત સુદૃઢ યત્ન છદ્મસ્થ અવસ્થામાં કષાયકુશીલ સાધુ જ કરી શકે છે. પુલાક સાધુ સર્વથા અતિચારના સેવન વગર સંયમયોગમાં ઉત્થિત થઈ શકતા નથી. તેથી કોઈક નિમિત્તને પામીને ક્યારેક અપ્રમત્ત પણ પુલાક સાધુને છેવટે માનસિક અતિચાર થાય છે.

વળી, પુલાક સાધુ અતિ સુદૃઢ યત્નવાળા હોય તો યથાસૂક્ષ્મ પુલાક હોય છે. તેઓને ક્યારેક માનસિક અતિચાર થાય છે. જ્યારે અન્ય પુલાક સાધુઓ બાર કષાયના ક્ષયોપશમભાવવાળા હોય છે. સંજ્વલનના ઉદયને ક્ષયોપશમભાવરૂપે કરવા માટે પ્રયત્નશીલ હોય છે. તેથી બાર કષાયના ક્ષયોપશમના બળથી ચારિત્રરૂપી ધનને પામેલા છે; છતાં બલવાન નિમિત્તને પામીને સંજ્વલન કષાયના ઉદયથી ક્યારેક મૂલગુણોની પણ પ્રતિસેવના કરે છે તો કેટલાક અપ્રમાદી પુલાક સાધુઓ ઉત્તરગુણની પ્રતિસેવના કરે છે. ઉત્તરગુણની પ્રતિસેવનામાં કોટિ સહિત આદિ ભેદવાળા દશ પ્રકારના તપને સંયમવૃદ્ધિને અનુકૂળ જે રીતે સેવવા જોઈએ, તેમાં સ્ખલના પામે છે, ત્યારે તે દશ પ્રકારના તપમાં સંયમવૃદ્ધિને અનુકૂળ જે યત્ન મ્લાન થાય છે, તેના કારણે અતિચારની પ્રાપ્તિ થાય છે.

વળી, નવકારશી આદિ દશ પ્રકારના તપને સુસાધુ શક્તિને ગોપવ્યા વગર સંયમની વૃદ્ધિ થાય અને અન્ય બલવાન યોગો શિથિલ ન થાય તે રીતે સેવે છે. જેથી ચારિત્રની શુદ્ધિ અતિશય અતિશય થાય છે. આમ છતાં, પુલાક સાધુ તે નવકારશી આદિ દશ પ્રકારના તપમાં શક્તિ અનુસાર સમ્યગ્ યત્ન ન કરે ત્યારે ઉત્તરગુણોના પ્રતિસેવક બને છે. આશય એ છે કે સાધુ કોટિ સહિત આદિ તપ કે નવકારશી આદિ તપ વિદ્યમાન ચારિત્રના સંયમસ્થાનથી ઉત્તરના સંયમસ્થાનના અંગરૂપે સેવે છે. તેથી તે તે તપ કરીને પોતપોતાના ઉત્તરના સંયમસ્થાનને પ્રાપ્ત કરે તે રીતે જે સાધુ સેવે છે ત્યારે તે તપના અપ્રતિસેવક છે અને જ્યારે તે પ્રકારે સુપ્રણિધાનપૂર્વક તે તપ સેવતા નથી, ત્યારે તે તપના પ્રતિસેવક છે. આથી જ, અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ મહાવ્રતોના સૂક્ષ્મબોધપૂર્વક અને દશ પ્રકારના યતિધર્મની પ્રાપ્તિનું કારણ બને તે પ્રકારના પ્રતિસંધાનપૂર્વક નવકારશી આદિ તપ કરે છે, ત્યારે તે નવકારશી આદિના બળથી જ સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચય કરે છે અને જ્યારે તે પ્રકારે તે તપ જે શ્રાવક કરતા નથી, તેઓનું તપ સાનુબંધ ગુણસ્થાનકની પ્રાપ્તિનું કારણ બનતું નથી અને પુલાક સાધુ તો મહાવિવેકસંપન્ન છે. તેથી દશ પ્રકારના તપને સાનુબંધ ચારિત્રની પ્રાપ્તિનું કારણ બને તે રીતે જ સેવે છે; છતાં તેમાં સ્ખલના પામે ત્યારે ઉત્તરગુણોમાં પ્રતિસેવક બને છે.

વળી, કોઈક સાધુ ભિક્ષાદિ અર્થે ગયેલા હોય ત્યારે ગમનકાળમાં ઈર્યાસમિતિમાં ઉપયુક્ત હોય ભિક્ષાગ્રહણકાળમાં પિંડવિશુદ્ધિમાં ઉપયુક્ત હોય, પૃચ્છા આદિમાં ભાષાસમિતિ ઉપયુક્ત હોય. આમ છતાં, તે પ્રવૃત્તિમાં ક્યાંય સ્ખલના થાય ત્યારે ઉત્તરગુણોની વિરાધના પુલાકસાધુને પણ સંભવે છે. વળી, મૂલગુણ પ્રતિસેવનાના વિષયમાં જુદાં જુદાં શાસ્ત્રવચનો છે. તેથી, એ પ્રાપ્ત થાય છે કે પાંચ મૂલગુણમાં અને છટ્ઠા રાત્રિભોજનમાં પુલાક સાધુના બળાત્કારથી જ કોઈક દ્વારા પ્રવૃત્તિ કરાવાય છે. જેમ કોઈ શત્રુ દેવ હોય કે રાજા વગેરે હોય, તેવા વિષમ સંયોગમાં તેમને તે પ્રવૃત્તિ કરાવીને જ તેઓને હીન કરવા યત્ન કરે, ત્યારે પણ પુલાક સાધુનું ચિત્ત સંયમ પ્રત્યે બદ્ધ રાગવાળું છે. છતાં બળાત્કારથી તેવી વિપરીત પ્રવૃત્તિકાળમાં કંઈક સંજ્વલનના ઉદયના વશથી ચારિત્રની મ્લાનિ થાય છે. તેથી, મૂળગુણને આશ્રયીને પુલાક સાધુ પ્રતિસેવક સંભવી શકે છે.

વળી, એક આચાર્ય કહે છે કે બીજાના અભિયોગથી પુલાક સાધુ મૈથુન માત્રના પ્રતિસેવક બને છે, ત્યારે પણ તે મહાત્માના ચિત્તમાં સંયમનો રાગ વિદ્યમાન છે. ફક્ત પરવશતાથી તે ક્રિયા થાય છે, ત્યારે સંજ્વલનના ઉદયથી કંઈક ચારિત્ર મ્લાન થાય છે. આથી, પુલાક સાધુ ત્યારે પણ અચારિત્રી નથી. વળી, ભગવતીના વચનાનુસાર પરઅભિયોગ વગર પણ પુલાક સાધુને મૂલગુણોની પ્રતિસેવના સંભવિત છે. તેથી કોઈ પુલાક સાધુ સંયમ પ્રત્યે બદ્ધ રાગવાળા હોય, બાર કષાયના ક્ષયોપશમથી આત્માને સંપન્ન કર્યો છે, છતાં કોઈક બલવાન નિમિત્તને પામીને મહાવ્રતોમાં વિપરીત આચરણા થાય તેવો પણ મલિન અધ્યવસાય સંજ્વલનના ઉદયથી થાય છે અને ચારિત્રનો બદ્ધ રાગ બાર કષાયના ક્ષયોપશમથી વર્તે છે. તેથી ગુણસ્થાનકથી પાત થતો નથી અને જેઓને મૂલગુણની પ્રતિસેવનાકાળમાં બળવાન પરિણામ થાય છે, ત્યારે ગુણસ્થાનકમાંથી પાત થાય તો નિર્ગ્રંથભાવનું પ્રસ્થાન ત્યારે સ્ખલિત થાય છે. તેથી તે સાધુ પુલાક

સાધુ કહેવાય નહિ. આ રીતે અધ્યવસાયની વિચિત્રતાને કારણે બાર કષાયનો ક્ષયોપશમ અને સંજ્વલનનો ઉદય પણ ક્યારેક સુસાધુને મૂળ વ્રતોમાં પણ કંઈક સ્ખલના કરાવીને મલિનતા કરાવે છે.

આનાથી એ પ્રકારે અમને જણાય છે કે પુલાક સાધુને બહુલતાએ પરાભિયોગથી જ મૂલગુણમાં પ્રતિસેવનાનો સંભવ છે. કોઈક પુલાક સાધુને ક્યારેક પરાભિયોગ વગર પણ મૂલગુણની પ્રતિસેવના તેવા વિષમ સંયોગમાં પણ થતી હશે, છતાં ગુણસ્થાનકનું રક્ષણ બાર કષાયના ક્ષયોપશમથી થતું હશે અને સંજ્વલનના ઉદયથી પ્રતિસેવના થતી હશે. તેથી જ, ભિન્ન ભિન્ન મતો પરસ્પર સાપેક્ષ વિચારીએ તો કોઈ વિરોધ થાય, તેમ જણાતું નથી. **॥૫૪-૫૫-૫૬॥**

**ગાથા :-**

**उत्तरगुणेसु बउसो, भणिओ पडिसेवगो पुलागसमो ।**
**पण्णत्तीए अण्णत्थ देहबउसो दुहासेवी ।।५७।।**

**ગાથાર્થ :-**

**ઉત્તરગુણોમાં બકુશ અને પુલાકસમ પ્રતિસેવક પ્રજ્ઞપ્તિમાં કહેવાયો છે. અન્ય ગ્રંથોમાં દેહબકુશ બે પ્રકારનો પ્રતિસેવી કહેવાયો છે. ।।૫૭।।**

**ટીકા :-**

**'उत्तरगुणेसु'त्ति । बकुश उत्तरगुणेषु 'प्रतिसेवकः' प्रतिसेवनाकुशीलश्च 'पुलाकसमः' पुलाकवन्मूलोत्तरगुणप्रतिसेवकः प्रज्ञप्तावभिहितः, तथा च तदालापः—**"बउसे णं पुच्छा, गोयमा ! पडिसेवए होज्जा णो अपडिसेवए होज्जा, जइ पडिसेवए होज्जा किं मूलगुणपडिसेवए होज्जा उत्तरगुणपडिसेवए होज्जा ? पुच्छा, गोयमा ! णो मूलगुणपडिसेवए होज्जा उत्तरगुणपडिसेवए होज्जा, उत्तरगुणपडिसेवमाणे दसविहस्स पच्चक्खाणस्स अण्णयरं पडिसेवेज्जा, पडिसेवणाकुसीले जहा पुलाए"त्ति । **'अन्यत्र' ग्रन्थान्तरे 'देहबकुशः' शरीरबकुशः 'द्विधासेवी' मूलोत्तरगुणप्रतिसेवी भणितः, तथा च पठ्यते उत्तराध्ययनेषु—**"मूलगुणउत्तरगुणे सरीरबउसो मुणेयव्वो"त्ति । **तथा नित्यमुपकरणाकाङ्क्षी प्रतिकारसेव्युपकरणबकुश उत्तरगुणानामेव प्रतिसेवक इत्यपि द्रष्टव्यम्, तदुक्तम्—**"चित्तलवत्थासेवी, पराभिओगेण सो भवे बउसो"त्ति ।।५७।।

**ટીકાર્થ :-**

**बकुश ..... बउसो"त्ति ।। બકુશ સાધુ ઉત્તરગુણોમાં પ્રતિસેવક હોય છે અને પ્રતિસેવક=પ્રતિસેવનાકુશીલ, પુલાક સમ છે=પુલાકની જેમ મૂલઉત્તરગુણ પ્રતિસેવક છે. (એ પ્રમાણે) પ્રજ્ઞપ્તિમાં કહેવાયું છે અને તે પ્રમાણે=બકુશ અને પ્રતિસેવકકુશીલ કેવા હોય છે ? તે પૂર્વમાં બતાવ્યું તે પ્રમાણે, તેનો આલાપ છે=પ્રજ્ઞપ્તિનો આલાપ છે.**

"બકુશમાં પૃચ્છા હે ગૌતમ ! પ્રતિસેવના હોય=બકુશ સાધુ પ્રતિસેવનાવાળા હોય, અપ્રતિસેવનાવાળા નથી. જો પ્રતિસેવના હોય તો શું મૂળગુણ પ્રતિસેવના થાય ? કે ઉત્તરગુણની પ્રતિસેવના થાય, એ પ્રમાણે પૃચ્છા છે. ભગવાન ઉત્તર આપે છે. હે ગૌતમ ! મૂળગુણની પ્રતિસેવના થાય નહિ=બકુશ સાધુને મૂળગુણની પ્રતિસેવના હોય નહિ. ઉત્તરગુણની પ્રતિસેવના થાય. ઉત્તરગુણની પ્રતિસેવના હોતે છતે દશ પ્રકારના પચ્ચક્ખાણના અન્યતરને પ્રતિસેવે. પ્રતિસેવનાકુશીલમાં જે પ્રમાણે પુલાકમાં છે."

**અન્યત્ર=ગ્રંથાંતરમાં, દેહબકુશ=શરીરબકુશ, બે પ્રકારે સેવી છે=મૂલઉત્તરગુણ પ્રતિસેવી કહેવાયા છે અને તે પ્રકારે=શરીરબકુશ મૂલઉત્તરગુણ પ્રતિસેવી છે, તે પ્રકારે ઉત્તરાધ્યયનમાં કહેવાય છે.**

"મૂલઉત્તરગુણમાં શરીરબકુશ જાણવો."

**અને નિત્ય ઉપકરણનો આકાંક્ષી પ્રતિકારસેવી ઉપકરણબકુશ ઉત્તરગુણોનો જ પ્રતિસેવક છે, એ પ્રમાણે જાણવું. તે કહેવાયું છે.**

"ચિત્રવાળા વસ્ત્રનો આસેવી પરાભિયોગથી તે બકુશ થાય." **॥૫૭॥**

**ભાવાર્થ :-**

બકુશ સાધુ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોય છે તોપણ કંઈક સંજ્વલન કષાયકૃત ચિત્તમાં સ્ખલનાઓ થાય છે. આથી જ બકુશ નિર્ગ્રંથ કહેવાય છે અને બકુશ નિર્ગ્રંથને બાર પ્રકારનો ક્ષયોપશમભાવ વર્તે છે. સંજ્વલનના ઉદયથી ઉત્તરગુણોમાં અતિચાર થાય છે. પુલાકની જેમ મૂળગુણોમાં અતિચાર થતા નથી; કેમ કે બકુશ નિર્ગ્રંથમાં તે પ્રકારનો વિશિષ્ટ સંવર છે. જેથી બલવાન નિમિત્તને પામીને પણ મૂલગુણોમાં સ્ખલના થતી નથી.

વળી, કુશીલ સાધુના બે ભેદો છે : (૧) પ્રતિસેવનાકુશીલ અને (૨) કષાયકુશીલ. તેમાંથી પ્રતિસેવનાકુશીલ સાધુ બાર પ્રકારના કષાયોના ક્ષયોપશમભાવવાળા છે. આથી જ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે અને તેના દ્વારા જ સંજ્વલનકષાયનો પણ ક્ષયોપશમ ઉત્તરોત્તર વૃદ્ધિવાળો કરે છે તોપણ ક્યારેક પ્રબલ સંજ્વલનનો ઉદય થાય તો પુલાકની જેમ મૂલગુણમાં અને ઉત્તરગુણોમાં વિપરીત આચરણા કરે છે. આમ છતાં, સંયમ પ્રત્યે બદ્ધ રાગવાળા તે મહાત્મા શીઘ્ર અતિચારોનું નિવર્તન કરીને મહાવ્રતોનું રક્ષણ કરે છે અને જો કષાયોનો પ્રકર્ષ થાય તો બકુશ સાધુ કે પ્રતિસેવક સાધુ ગુણસ્થાનકથી પાત પામે છે. ત્યારે નિર્ગ્રંથભાવનું પ્રસ્થાન સ્ખલના પામે છે; કેમ કે પૂર્વના બાર પ્રકારના કષાયોનો ક્ષયોપશમભાવ નાશ પામે છે.

વળી, અન્ય ગ્રંથોમાં શરીર બકુશને મૂલઉત્તરગુણ પ્રતિસેવી પણ કહેલ છે. તેથી, બહુલતાએ બકુશ સાધુ મૂલગુણના પ્રતિસેવી નથી છતાં ક્યારેક તેવા નિમિત્તને પામીને મૂલગુણ પ્રતિસેવી પણ બકુશ નિર્ગ્રંથ સંભવી શકે. વળી, ઉપકરણ બકુશ સાધુ પણ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે છતાં નિકાચિત કર્મને કારણે તે પ્રકારનું વ્યસન હોય છે કે સુંદર ઉપકરણોનો રાગ તે મહાત્મા ત્યાગ કરી શકતા નથી તોપણ પ્રસંગે પ્રસંગે નિસ્તરંગ આત્માના સ્વરૂપનું ભાવન કરીને પોતાની ઉપકરણ પ્રત્યેની રાગની પરિણતિને ક્ષીણ કરવા યત્ન કરે છે. આથી જ મંડપના દૃષ્ટાંતથી કહેલ કે ઉત્તરગુણોના અતિચાર પણ જો પ્રતિપક્ષના

ભાવનથી દૂર કરવામાં ન આવે તો ચારિત્રનો નાશ કરે છે અને ઉપકરણ બકુશ સાધુ ચારિત્રના અતિ અર્થી છે. તેથી જ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે. સંજ્વલનના ઉદયથી ઉપકરણો પ્રત્યે કંઈક રાગ થાય છે. તેથી ઉપકરણો પ્રત્યે કંઈક રાગવાળા થાય છે તોપણ સંયમની સર્વ ક્રિયાઓ શક્તિ અનુસાર પ્રણિધાનપૂર્વક કરીને ચારિત્રની પરિણતિનું રક્ષણ કરે છે.

વળી, ઉદ્ધરણમાં કહ્યું કે બીજાના આગ્રહથી ઉપકરણ બકુશ ચીતરેલાં વસ્ત્રોના સેવનારા બને છે. તેથી એ પ્રાપ્ત થાય કે તેઓની દેહની શોભા તેવી જોઈને કોઈનો તેવો આગ્રહ હોય અને પોતાને પણ કંઈક સુંદર વસ્ત્રો પ્રત્યે આકાંક્ષા હોય, તેથી ચારિત્રના પરિણામને કારણે તેવાં વસ્ત્રો નહિ લેવાનો અધ્યવસાય હોવા છતાં પરના આગ્રહથી કંઈક સુંદર ઉપકરણ ધારણ કરવાના અર્થી હોવાથી કંઈક મલિનતાને પ્રાપ્ત કરે છે. **॥૫૭॥**

**ગાથા :-**

**पडिसेवगो अ उत्तरगुणेसु थोवं विराहणं कुव्वं ।**
**ण्हायकसायकुसीला, णिग्गंथा पुण अपडिसेवी ।।५८।।**

**ગાથાર્થ :-**

**અને ઉત્તરગુણમાં થોડી વિરાધનાને કરતાં પ્રતિસેવક થાય છે. સ્નાતક અથવા કષાયકુશીલ નિર્ગ્રંથ વળી અપ્રતિસેવી હોય છે. ।।૫૮।।**

**ટીકા :-**

**'पडिसेवगो अ'त्ति । 'प्रतिसेवकश्च' प्रतिसेवनाकुशीलश्च उत्तरगुणेषु स्तोकां विराधनां कुर्वन् भणितः, यदुत्तराध्ययनवृत्तिः**—"प्रतिसेवनाकुशीलो मूलगुणानविराधयन् उत्तरगुणेषु काञ्चिद्विराधनां प्रतिसेवते" **इति, एतदपि मतान्तरम् । स्नातककषायकुशीलनिर्ग्रन्थाः पुनरप्रतिसेविनः, तथा चागमः**—"कसायकुसीले पुच्छा, गोयमा ! णो पडिसेवए होज्जा अपडिसेवए होज्जा, एवं णियंठे वि, एवं सिणाए वि" **।।५८।।**

**ટીકાર્થ :-**

**'प्रतिसेवकश्च' ..... एवं सिणाए वि" ।। અને પ્રતિસેવક=પ્રતિસેવનાકુશીલ, ઉત્તરગુણોમાં થોડીક વિરાધનાને કરતા કહેવાયા છે. જે કારણથી ઉત્તરાધ્યયનની વૃત્તિ છે.**

"પ્રતિસેવનાકુશીલ મૂલગુણોને નહિ વિરાધતાં ઉત્તરગુણોમાં કોઈક વિરાધનાને સેવે છે."

**એ પણ મતાંતર છે=પૂર્વગાથામાં પ્રતિસેવનાકુશીલને મૂલગુણ ઉત્તરગુણ પ્રતિસેવક કહેલ તેના કરતાં આ પણ=ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું એ પણ, અન્ય મત છે. સ્નાતક અને કષાયકુશીલ નિર્ગ્રંથો વળી, અપ્રતિસેવી છે અને તે પ્રમાણે આગમ છે=સ્નાતક અને કષાયકુશીલ અપ્રતિસેવી છે, એમ પૂર્વમાં કહ્યું તે પ્રમાણે આગમ છે.**

કષાયકુશીલના વિષયમાં પૃચ્છા છે. હે ગૌતમ ! પ્રતિસેવના કરે નહિ. અપ્રતિસેવના હોય. એ રીતે નિર્ગ્રંથમાં પણ જાણવું. એ રીતે સ્નાતકમાં પણ જાણવું." ॥૫૮॥

**ભાવાર્થ :-**

ઉત્તરગુણોમાં થોડી વિરાધના કરતા પ્રતિસેવનાકુશીલ હોય છે, એ પ્રકારનો અન્ય મત છે. તેથી એ પ્રાપ્ત થાય કે બહુલતાએ પ્રતિસેવનાકુશીલ મહાત્માને મૂલગુણની પ્રતિસેવનાની સંભાવના નથી. કોઈક સાધુને નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોવા છતાં ક્યારેક વિશિષ્ટ નિમિત્તને આશ્રયીને મૂલગુણની પ્રતિસેવના થતી હશે તેને આશ્રયીને જ ભગવતીમાં પ્રતિસેવનાકુશીલને મૂલઉત્તરગુણની પ્રતિસેવના કહેલ છે. જ્યારે પ્રતિસેવનાકુશીલ બહુલતાએ ઉત્તરગુણોની જ પ્રતિસેવના કરે છે. કોઈક વિશેષ સ્થાનની વિવક્ષા કર્યા વગર ઉત્તરાધ્યયનની વૃત્તિમાં પ્રતિસેવનાકુશીલને મૂલગુણની વિરાધના નહીં કરતાં કોઈક ઉત્તરગુણની વિરાધના કરે છે, તેમ કહેલ છે; કેમ કે પ્રતિસેવનાકુશીલ સાધુ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોવા છતાં સંયમસ્થાન તેવું સ્થિર નથી. જેથી નિમિત્તને પામીને ઉત્તરગુણરૂપ સમિતિમાં કે ઉત્તરગુણરૂપ તપાદિમાં સ્ખલના પામે છે.

વળી, સ્નાતક અને કષાયકુશીલ મૂલગુણ કે ઉત્તરગુણ કોઈની પ્રતિસેવના કરતા નથી; કેમ કે સ્નાતકને ઘાતીકર્મોનો ક્ષય થયેલ હોવાથી પ્રતિસેવના આપાદક કર્મોનો જ ક્ષય થયેલ છે અને કષાયકુશીલ સાધુને પ્રતિસેવના આપાદક કષાયો વિદ્યમાન હોવા છતાં પણ ક્ષમાદિભાવો અતિસુઅભ્યસ્ત હોવાને કારણે ધર્મક્ષમા, ધર્મમાર્દવ આદિ ભાવો વર્તે છે. તેથી પ્રકૃતિરૂપે ક્ષયોપશમભાવના ધર્મો વિદ્યમાન હોવાને કારણે ઉત્તરગુણરૂપ સમિતિ આદિમાં ક્યારેય અતિચારો થતા નથી. આથી જ તે મહાત્માઓને સંજ્વલનનો ઉદય પણ ક્ષયોપશમરૂપે જ વર્તે છે, અતિચાર કરવા સંજ્વલનનો ઉદય સમર્થ બનતો નથી. **॥૫૮॥**

**અવતરણિકા :-**

**अत्राक्षेपमाह—**

**અવતરણિકાર્થ :-**

**આમાં=કષાયકુશીલને અપ્રતિસેવના બતાવી, એમાં આક્ષેપને કહે છે—**

**ગાથા :-**

**नणु संजलणाणुदए, अइआरा आगमम्मि णिद्दिट्ठा ।**
**तो स कसायकुसीलो, कहमप्पडिसेवगो भणिओ ।।५९।।**

**ગાથાર્થ :-**

**ખરેખર સંજ્વલનના ઉદયમાં અતિચારો આગમમાં કહેવાયા છે. તે કારણથી તે કષાયકુશીલ સાધુ કેવી રીતે અપ્રતિસેવક કહેવાયા ? ॥૫૯॥**

**ટીકા :-**

**'णणु'त्ति । ननु सञ्ज्वलनानामुदयेऽतिचारा आगमे निर्दिष्टाः, तथा चावश्यकवचनम्**—"सव्वे वि य अइआरा संजलणाणं तु उदयओ हुंति"त्ति, **'तत्' तस्मात् स कषायकुशीलः कथमप्रतिसेवको भणितः ? तस्य सञ्ज्वलनोदयवत्त्वेन प्रतिसेवकत्वसम्भवात् ।।५९।।**

**ટીકાર્થ :-**

ननु ..... सम्भवात् ।। **ખરેખર સંજ્વલનનો ઉદય હોતે છતે આગમમાં અતિચારો કહેવાયા છે અને તે રીતે આવશ્યક વચન છે.**

સર્વ પણ અતિચારો સંજ્વલનના ઉદયથી થાય છે. **તે કારણથી તે કષાયકુશીલ કેવી રીતે અપ્રતિસેવક કહેવાયા=ગાથા-૫૮માં અપ્રતિસેવક કેવી રીતે કહેવાયા ?; કેમ કે તેનું=કષાયકુશીલ સાધુનું, સંજ્વલનનું ઉદયવાનપણું હોવાને કારણે પ્રતિસેવકત્વનો સંભવ છે. ।।૫૯।।**

**ગાથા :-**

**कह तस्सासबलत्तं, णेवं पडिसेवगा य कह णिच्चं ।**
**हुंति पुलागाईआ, ते सुद्धा किं ण कइया वि ? ।।६०।।**

**ગાથાર્થ :-**

**તેનું=કષાયકુશીલનું, આ રીતે અપ્રતિસેવકપણું સ્વીકાર કરાયે છતે કેવી રીતે અશબલપણું ન થાય ? અને પુલાકાદિ કેવી રીતે નિત્ય પ્રતિસેવક થાય ? તેઓ શું ક્યારેય પણ શુદ્ધ નથી ? ।।૬૦।।**

**ટીકા :-**

**'कह'त्ति । कथं च 'तस्य' कषायकुशीलस्य 'एवम्' अप्रतिसेवकत्वेऽभ्युपगम्यमानेऽशबलवत्त्वं न स्यात् ? तदेव स्यादित्यर्थः, कथं च नित्यं प्रतिसेवकाः पुलाकादयो भणिताः ? किं न कदाऽपि ध्यानादिदशायामपि ते शुद्धा न भवन्ति ?, न तावदित्थमिष्टम्, ध्यानादिदशायां शुद्धत्वस्याभ्युपगमात् जिनकल्पादीनामतिचारत्यागस्य तत्र तत्र प्रदर्शितत्वाच्च; तथा च तेषामप्रतिसेवकत्व निषेधो न युज्यते किन्तु भजनाप्रतिपादनमेव युज्यत इत्यर्थः ।।६०।।**

**ટીકાર્થ :-**

कथं च ..... इत्यर्थः ।। **અને આ રીતે તેનું=કષાયકુશીલનું, અપ્રતિસેવકપણું સ્વીકાર કરાયે છતે કેવી રીતે અશબલવાનપણું ન થાય ? તે જ થાય=અશબલવાનપણું જ થાય=શુદ્ધ ચારિત્ર જ થાય અને પુલાકાદિ સાધુઓ નિત્ય પ્રતિસેવક કેમ કહેવાયા ? શું ક્યારેય પણ શુદ્ધ નથી=ધ્યાનાદિ દશામાં**

પણ તે શુદ્ધ નથી ? તે જ કથનને સ્પષ્ટ કરે છે. આ પ્રમાણે ઈષ્ટ નથી=ધ્યાનાદિ દશામાં પણ શુદ્ધ નથી એ પ્રમાણે ઈષ્ટ નથી; કેમ કે ધ્યાનાદિ દશામાં શુદ્ધત્વનો અભ્યુપગમ છે=પુલાકાદિ સાધુઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પૂર્ણ શક્તિથી પ્રસ્થિત હોવાને કારણે ધ્યાનાદિ દશામાં તેઓના શુદ્ધત્વનો સ્વીકાર છે.

વળી, પુલાકાદિમાં બકુશ આદિ સાધુઓનું ગ્રહણ છે અને બકુશ આદિ સાધુઓ જિનકલ્પી આદિ હોય છે અને તેઓને અતિચાર હોતા નથી. તેથી તેઓને નિત્ય પ્રતિસેવક કહી શકાય નહિ, એ બતાવવા અર્થે અન્ય હેતુ કહે છે અને જિનકલ્પાદિ સાધુઓના અતિચાર ત્યાગનું ત્યાં ત્યાં પ્રદર્શિતપણું છે અર્થાત્ પુલાક આદિમાં બકુશ સાધુઓનું પણ ગ્રહણ છે અને જિનકલ્પી બકુશ સાધુઓ હોય છે. છતાં જિનકલ્પી સાધુઓના અતિચારત્યાગનું તે તે ગ્રંથોમાં કથન હોવાથી કેવી રીતે તેઓને નિત્ય પ્રતિસેવક કહી શકાય ? એમ અન્વય છે અને તે રીતે તેઓના=પુલાકાદિ સાધુઓના, અપ્રતિસેવકત્વનો નિષેધ ઘટતો નથી. પરંતુ ભજના પ્રતિપાદન જ ઘટે છે, એ પ્રમાણે અર્થ છે અર્થાત્ પુલાકાદિ સાધુઓ ધ્યાનાદિ દશામાં હોય છે, ત્યારે અપ્રતિસેવક હોય છે અને જિનકલ્પીઓ અતિચાર નહિ સેવનારા હોવાથી અપ્રતિસેવક છે. તેથી પુલાક આદિ સાધુઓને નિત્ય પ્રતિસેવક કહીને જે અપ્રતિસેવકત્વનો નિષેધ કર્યો તે ઘટતો નથી. પરંતુ પુલાકાદિ સાધુઓમાં ક્યારેક પ્રતિસેવા છે અને ક્યારેક પ્રતિસેવા નથી, એ પ્રકારની ભજનાનું પ્રતિપાદન જ ઘટે છે. ॥૬૦॥

**ગાથા :-**

**मूलगुणासेवित्ते कह वा चरणस्स होइ सद्दहणं ।**
**तिसु सबलो मूलगुणे भणिओ तुरिए अणायारी ।।६१।।**

**ગાથાર્થ :-**

**મૂલગુણઆસેવીપણું હોતે છતે=મૂલગુણનો ભંગ થાય તેવું સેવન કરનારા પુલાક સાધુ હોતે છતે, ચારિત્રનું શ્રદ્ધાન કેવી રીતે થાય ? અર્થાત્ થઈ શકે નહિ. કેમ થઈ શકે નહિ ? તેથી કહે છે, મૂલગુણમાં ત્રણ સ્થાનો હોતે છતે સાધુ શબલ કહેવાયા છે. ચોથા સ્થાનમાં સાધુ અનાચારી કહેવાયા છે. ॥૬૧॥**

**ટીકા :-**

**'मूलगुणासेवित्ते'त्ति । मूलगुणासेवित्वे कथं वा पुलाकानां चरणस्य सतः श्रद्धानं भवति ?, यतो मूलगुणे 'त्रिषु' अतिक्रमव्यतिक्रमातिचारेष्वापद्यमानेषु शबलो भणितः, 'तुरीये' चानाचारे आपद्यमानेऽनाचारी भणितः, तदाह दशाचूर्णिकृत्**—"मूलगुणेसु आइमेसु तिसु भंगेसु सबलो भवइ, चउत्थभंगे सव्वभंगो, तत्थ अचरित्ती चेव भवइ । उत्तरगुणेसु चउसु वि ठाणेसु सबलो"त्ति । **तथा दृतिशकटादिदृष्टान्तैरपि मूलगुणभङ्गस्य तत्कालमेव चारित्रनाशकत्वमुक्तम्, तथा तुर्यव्रतभङ्गे सर्वव्रतभङ्गः सर्वैरपि प्रतिपन्नः, इष्यते चान्यतराश्रवसेवित्वं पुलाकप्रतिसेवकयोरिति कथं तस्य चारित्रम् ? इति ।।६१।।**

**ટીકાર્થ :-**

**मूलगुणा ..... इति ।। અથવા પુલાક સાધુઓનું મૂલગુણઆસેવીપણું હોતે છતે ચારિત્રના વિદ્યમાનનું શ્રદ્ધાન કેવી રીતે થાય ? અર્થાત્ પૂર્વમાં કહેલું કે પુલાક સાધુઓ મૂલગુણના પ્રતિસેવી પણ હોય છે તેથી, પ્રશ્ન કરે છે કે પુલાક સાધુઓ મૂલગુણનું વિપરીત સેવન કરતા હોવા છતાં નિર્ગ્રંથભાવ પ્રત્યેના પ્રસ્થાનરૂપ ચારિત્રનો સ્વીકાર કેવી રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ. જે કારણથી મૂલગુણમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર પ્રાપ્ત થયે છતે શબલ કહેવાયા છે અને ચોથું પ્રાપ્ત થયે છતે=અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર પછી અનાચારરૂપ ચોથું સ્થાન પ્રાપ્ત થયે છતે, અનાચારી કહેવાય છે અને તેને દશાચૂર્ણિકૃત કહે છે=ચોથા સ્થાનમાં અનાચાર છે તેને દશાચૂર્ણિકાર કહે છે.**

"મૂલગુણ વિષયક આદિ ત્રણ ભાંગા હોતે છતે શબલ થાય છે. ચોથા ભાંગામાં સર્વ ભંગ થાય છે, ત્યાં અચારિત્રી જ થાય છે. ઉત્તરગુણો વિષયક ચારેય પણ સ્થાનોમાં શબલ થાય છે."

**અને દત્તિ અને શકટાદિના દૃષ્ટાંતોથી પણ મૂલગુણના ભંગનું તત્કાલ જ ચારિત્રનું નાશકપણું કહેવાયું છે અને ચોથા વ્રતના ભંગમાં સર્વ વ્રતનો ભંગ બધા વડે પણ સ્વીકારાયો છે અને અન્યતરાશ્રવનું સેવીપણું=મૂલગુણ અને ઉત્તરગુણના આશ્રવનું સેવીપણું, પુલાક અને પ્રતિસેવકનું ઇચ્છાય છે. એથી કેવી રીતે તેને ચારિત્ર છે ? ॥૬૧॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં પાંચ પ્રકારના નિર્ગ્રંથો બતાવ્યા. ત્યાં કષાયકુશીલ સાધુ અપ્રતિસેવક છે, તેમ કહેલ. ત્યાં પ્રશ્ન કરે છે કે સંજ્વલનના ઉદયથી અતિચારો થાય છે, એ પ્રકારનું શાસ્ત્રવચન છે અને કષાયકુશીલ સાધુને પણ સંજ્વલનનો ઉદય વર્તી રહ્યો છે. આથી જ કષાયથી તેઓ કુશીલ છે, એમ કહેવાય છે છતાં ચારિત્રની મૂલગુણની કે ઉત્તરગુણની વિરુદ્ધ આચરણા કરતા નથી, તેમ કેમ કહેવાયું ? એ પ્રકારનો પ્રશ્ન કરે છે.

વળી, પૂર્વગાથામાં કહ્યું એ પ્રમાણે કષાયકુશીલને અપ્રીતિસેવક પૂર્વમાં સ્વીકાર્યા છે, તેમ સ્વીકારીએ તો તેઓનું ચારિત્ર અશબલ છે, તેમ કેમ ન કહી શકાય ? અર્થાત્ તેઓનું ચારિત્ર અશબલ છે, તેમ જ સ્વીકારવું જોઈએ; કેમ કે શબલપણું કાબરચીતરાનું વાચક છે અને અશબલપણું અકાબરચીતરા ચારિત્રનું વાચક છે અને કષાયકુશીલ સાધુઓ મૂલગુણ અને ઉત્તરગુણનો લેશ પણ અતિક્રમ કરતા ન હોય તો તેઓનું ચારિત્ર અશબલ છે અર્થાત્ લેશ પણ કાબરચીતરું નથી, તેમ સ્વીકારવું જોઈએ.

વળી, પુલાકાદિ સાધુઓને પૂર્વમાં નિત્ય પ્રતિસેવક કહ્યા તે કઈ રીતે ઘટી શકે ? અર્થાત્ ઘટી શકે નહિ; કેમ કે પુલાકાદિ સાધુઓ પણ મોક્ષના અત્યંત અર્થી છે. તેથી નિસ્તરંગ સમુદ્ર જેવા આત્માના સ્વરૂપનું ભાવન કરતા હોય, તે સ્વરૂપમાં એકાગ્ર હોય, ત્યારે તેઓ કોઈ પ્રતિસેવા કરતા નથી અને નિત્ય પ્રતિસેવા હોવાથી તેઓ સદા પ્રતિસેવના કરે છે, તેમ અર્થ પ્રાપ્ત થાય તે ઉચિત નથી; કેમ કે પુલાક, બકુશ અને પ્રતિસેવક સાધુઓ જ્યારે નિસ્તરંગ આત્માનું સ્વરૂપ ભાવન કરતા હોય, ત્યારે કોઈ અતિચાર સેવતા નથી, પરંતુ શુદ્ધ ચારિત્રની પરિણતિવાળા છે, તેમ સ્વીકારેલ છે.

વળી, પુલાકાદિમાં બકુશ નિર્ગ્રંથ જિનકલ્પી પણ હોય છે અને જિનકલ્પી આદિ અર્થાત્ જિનકલ્પી, યથાલંદક આદિ સાધુઓ સંયમમાં અતિચાર સેવતા નથી, તેમ શાસ્ત્રોમાં કહેલ છે. તેથી તેઓ નિત્ય પ્રતિસેવના કરે છે, તેમ કહી શકાય નહિ. તે કથનને સ્પષ્ટ કરતાં કહે છે. તેઓ નિત્ય પ્રતિસેવક છે, તેમ કહીને તેઓમાં અપ્રતિસેવકત્વનો નિષેધ કરાયો, તે ઘટતો નથી. પરંતુ કહેવું જોઈએ કે પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાધુઓ ક્યારેક પ્રતિસેવના કરે છે અને ક્યારેક કરતા નથી. તેના બદલે તેઓને નિત્ય પ્રતિસેવક કેમ કહ્યા ? એ પ્રકારની પૂર્વપક્ષીની શંકા છે.

વળી, શંકા કરે છે કે પુલાક સાધુઓને મૂલગુણની પ્રતિસેવના કરનારા પૂર્વમાં કહ્યા છે. તે કેવી રીતે ઘટે ? કેમ ઘટે નહિ ? તેમાં શાસ્ત્રવચનની યુક્તિ બતાવે છે. શાસ્ત્રમાં કહેલ છે કે સાધુ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર એ ચાર સ્થાનોમાંથી મૂલગુણવિષયક પ્રથમનાં ત્રણ સ્થાનો સેવે ત્યાં સુધી તે સાધુનું ચારિત્ર શબલ છે અને ચોથું અનાચાર સેવે ત્યારે અનાચારી છે અને ઉત્તરગુણના ચારેય સ્થાનો સેવે ત્યાં સુધી શબલ ચારિત્ર સ્વીકાર્યું છે. તે વચન અનુસાર પુલાક સાધુ પાંચ મહાવ્રતોમાંથી અને છટ્ઠા રાત્રિભોજનમાંથી કોઈ પણ વ્રતનું વિપરીત સેવન કરે ત્યારે તેમાં ચારિત્ર સ્વીકાર્યું છે, તે સંગત થઈ શકે નહિ. વળી, તે કથનને જ દૃઢ કરવાર્થે કહે છે.

શાસ્ત્રમાં મૂલગુણ ભંગ અર્થે દતિ અને શકટાદિનું દૃષ્ટાંત આપેલ છે અને ઉત્તરગુણના ભંગમાં મંડપ અને સરસવનું દૃષ્ટાંત આપેલ છે અને તે પ્રમાણે મૂલગુણભંગમાં તત્કાલ જ ચારિત્રનાશ કહેવાયો છે. જેમ ગાડાના બે પાયા આદિ કે ધૂરી આદિ મૂળ અવયવોનો ભંગ થાય તો તે ગાડું ગમન કરવા અસમર્થ બને છે, તેમ સાધુનાં પાંચ મહાવ્રતો અને છટ્ઠું રાત્રિભોજન વિરમણ એ રૂપ મૂલગુણમાંથી કોઈ અવયવનો ભંગ થાય તો ચારિત્રનો તત્કાલ જ નાશ થાય છે, તેમ કહેલું છે. વળી, ચોથા વ્રતના ભંગમાં બધાં વ્રતોનો ભંગ સ્વીકારેલ છે. તેથી, મૂલગુણ પ્રતિસેવી એવા પુલાકને ચારિત્ર છે તેમ સ્વીકારી શકાય નહિ. વળી, પુલાકની જેમ પ્રતિસેવનાકુશીલને પણ મૂલગુણનું અને ઉત્તરગુણનું પ્રતિસેવીપણું પૂર્વમાં ગ્રંથકારશ્રીએ બતાવ્યું, તે કઈ રીતે સંગત થાય ? અર્થાત્ મૂલગુણનો ભંગ કરનારા પુલાક અને પ્રતિસેવક સાધુને ચારિત્ર નથી, એમ જ કહેવું જોઈએ. એ પ્રકારનો શંકાકારનો આશય છે. **॥૫૯-૬૦-૬૧॥**

**અવતરણિકા :-**

**समाधित्सुराह—**

**અવતરણિકાર્થ :-**

**સમાધાન કરવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે=ગાથા-૫૯થી ૬૧માં જે શંકાઓ કરી, તે સર્વનું સમાધાન કરવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે—**

**ગાથા :-**

**भन्नइ नियठाणकयं, णिययं पडिसेवगत्तमण्णं वा ।**
**पडिसेवगे सहावो, एसोऽपडिसेवगे णत्थि ।।६२।।**

ગાથાર્થ :-

ઉત્તર અપાય છે=પૂર્વમાં કહેલી શંકાનું સમાધાન કરાય છે. નિયત નિજસ્થાનકૃત પ્રતિસેવકપણું અને અન્ય છે=અપ્રતિસેવકપણું છે. પ્રતિસેવકમાં આ સ્વભાવ છે. અપ્રતિસેવકમાં નથી. ।।૬૨।।

ટીકા :-

'भन्नइ'त्ति । 'भण्यते' अत्रोत्तरं दीयते, प्रतिसेवकत्वमन्यथा ('अन्यं वा'अ) प्रतिसेवकत्वं वा 'नियतं' पुलाकादिकषायकुशीलादिस्थानानतिक्रमेण स्थितं 'निजस्थानकृतं' स्वस्वसंयमस्थानकृतं न तु सञ्ज्वलनोदयतदभावमात्रजनितम्, विकलस्य कारणस्य कार्यानिष्पादकत्वात्, तथाविधसंयमस्थानानामेव सञ्ज्वलनोदयतदभावसहकृतानां प्रतिसेवनाऽप्रतिसेवनाधर्मनिष्पादकत्वव्यवस्थितेः, तथा चाह— प्रतिसेवके यः कदाऽपि प्रतिसेवमानोऽवगतस्तज्जातीये 'एषः' प्रतिसेवकत्वलक्षणः स्वभावः । अप्रतिसेवके खल्वयं नास्ति ।।६२।।

ટીકાર્થ :-

'भण्यते' ..... नास्ति ।। આમાં=પૂર્વમાં કરાયેલી શંકાઓમાં, ઉત્તર અપાય છે. પ્રતિસેવકપણું અથવા અન્ય=અપ્રતિસેવકપણું, પુલાકાદિ અને કષાયકુશીલ આદિ સ્થાનના અનતિક્રમથી નિયત છે=સ્થિત છે. નિજસ્થાનકૃત છે=સ્વસ્વ સંયમસ્થાનકૃત છે. પરંતુ સંજ્વલનના ઉદય અને તદ્અભાવમાત્રજનિત નથી અર્થાત્ પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલના સ્થાન પ્રમાણે પ્રતિસેવકત્વ નિયત છે અને કષાયકુશીલ નિર્ગ્રંથ આદિ સ્થાન અનુસાર અપ્રતિસેવકત્વ નિયત છે. તે કથનને જ સ્પષ્ટ કરે છે. પોતપોતાના સંયમસ્થાનકૃત છે=પુલાક, બકુશ અને પ્રતિસેવકસ્થાનકૃત પ્રતિસેવકપણું છે અને કષાયકુશીલ આદિ સંયમસ્થાનકૃત અપ્રતિસેવકપણું છે. પરંતુ સંજ્વલનનો ઉદય હોય તો પ્રતિસેવકપણું છે અને સંજ્વલનના ઉદયનો અભાવ હોય તો અપ્રતિસેવકપણું હોય તેવો માત્ર નિયમ નથી. કેમ સંજ્વલનનો ઉદય અને તદ્અભાવમાત્રકૃત પ્રતિસેવકત્વ અને અપ્રતિસેવકત્વ નથી, તેમાં હેતુ કહે છે. વિકલ કારણનું કાર્યઅનિષ્પાદકપણું છે અર્થાત્ પુલાકાદિ સંયમસ્થાન ન હોય અને કષાયકુશીલ આદિ સંયમસ્થાન હોય તે સંજ્વલનના ઉદયવાળા હોવા છતાં વિકલ કારણ હોવાથી કાર્યના અનિષ્પાદક છે.

વિકલ કારણ કાર્યનું અનિષ્પાદક પ્રસ્તુતમાં કઈ રીતે છે ? જેથી કષાયકુશીલને અતિચાર નથી ? તે સ્પષ્ટ કરવાર્થે હેતુ કહે છે.

સંજ્વલનના ઉદય અને તદ્અભાવ સહકૃત તેવા પ્રકારના સંયમસ્થાનવાળા સાધુઓને જ=જેઓ પ્રતિસેવના કરે અથવા પ્રતિસેવના ન કરે, તેવા પ્રકારના સંયમસ્થાવાળા સાધુઓને જ, પ્રતિસેવના અને અપ્રતિસેવના ધર્મના નિષ્પાદકપણાની વ્યવસ્થિતિ છે અને તે રીતે કહે છે=પૂર્વમાં કહ્યું કે સંજ્વલનનો ઉદય કે અનુદય તેવા પ્રકારના સંયમસ્થાનને કારણે જ પ્રતિસેવના નિષ્પાદન કરે છે કે

**અપ્રતિસેવના નિષ્પાદન કરે છે, તે પ્રકારે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે. જે ક્યારેય પણ પ્રતિસેવના કરતા જણાયા તજ્જાતીય પ્રતિસેવકમાં આ=પ્રતિસેવકત્વલક્ષણ, સ્વભાવ છે. અપ્રતિસેવકમાં આ= પ્રતિસેવકત્વ સ્વભાવ, નથી. ।।૬૨।।**

**ભાવાર્થ :-**

ગાથા-૫૯માં કહેલ કે સંજ્વલનના ઉદયથી અતિચારો કહેવાયા છે અને કષાયકુશીલને પણ સંજ્વલનનો ઉદય વર્તે છે. તેથી તેમને પણ પ્રતિસેવક કહેવા જોઈએ. તેનો ઉત્તર આપતાં કહે છે. પ્રતિસેવકપણું અને અપ્રતિસેવકપણું પોતપોતાના સંયમસ્થાનકૃત નિયત છે. તેથી પુલાક આદિ સાધુઓ જે સંયમસ્થાનમાં છે, તે સંયમસ્થાનમાં પ્રતિસેવકપણું છે અર્થાત્ પુલાક, બકુશ અને પ્રતિસેવકકુશીલ સ્થાનમાં પ્રતિસેવકપણું નિયત છે અને કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતકના સ્થાનમાં પ્રતિસેવકપણું નથી, એ પ્રમાણે નિયત છે. તેથી કષાયકુશીલને સંજ્વલનનો ઉદય હોવા છતાં પ્રતિસેવકપણું નથી અને પુલાક આદિ ત્રણને સંજ્વલનના ઉદયથી પ્રતિસેવકપણું પ્રાપ્ત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે સંજ્વલનનો ઉદય કષાયકુશીલને હોવા છતાં કેમ પ્રતિસેવકપણું પ્રાપ્ત થતું નથી ? એથી કહે છે. પુલાકાદિ ત્રણ સંયમસ્થાન ન હોય ત્યારે સંજ્વલનનો ઉદય સંયમસ્થાનના સહકાર વગરનો હોવાને કારણે અતિચાર નિષ્પાદક થતો નથી અને પુલાક આદિ ત્રણ સંયમસ્થાનવાળા મુનિઓને પણ જ્યારે સંજ્વલનનો ક્ષયોપશમ વર્તે છે, ત્યારે તેઓને પ્રતિસેવનાને અનુકૂળ સંયમસ્થાન હોવા છતાં સંજ્વલનના ઉદયનો અભાવ હોવાથી અતિચારની પ્રાપ્તિ થતી નથી અને પુલાક આદિ સાધુઓ પણ અતિચારને અનુકૂળ સંયમસ્થાનવાળા હોય છે, ત્યારે પણ તેઓને સંજ્વલનનો ક્ષયોપશમભાવ વર્તતો હોય તો અતિચાર થતા નથી અને જ્યારે તેઓને સંજ્વલનનો ઉદય ક્ષયોપશમભાવવાળો નથી, ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે અને કષાયકુશીલ સાધુને સંજ્વલનનો ક્ષયોપશમભાવ વર્તે છે, ત્યારે તો અતિચારની પ્રાપ્તિ નથી. પરંતુ કોઈક નિમિત્તે સંજ્વલનનો ઉદય પ્રાપ્ત થાય છે, ત્યારે પણ અતિચારનું નિષ્પાદક સંયમસ્થાન નહિ હોવાથી અતિચારની પ્રાપ્તિ થતી નથી; કેમ કે અતિચારની પ્રાપ્તિ પ્રત્યે સંજ્વલનનો ઉદય અને અતિચારનું નિષ્પાદક એવું સંયમસ્થાન બે મિલિત થઈને કારણ છે. આથી પુલાક આદિ પણ સાધુઓ ભિક્ષા અર્થે જતા હોય ત્યારે ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત માનસવાળા, ઈર્યાસમિતિથી યુક્ત થઈને જતા હોય છે, ત્યારે ભગવાનના વચનના સ્મરણના બળથી તેઓને સંજ્વલનનો ક્ષયોપશમભાવ વર્તે છે છતાં ગમનની ક્રિયામાં, ગવેષણાની ક્રિયામાં કે ભિક્ષાગ્રહણની ક્રિયામાં ઈષદ્ પણ સ્ખલના થાય ત્યારે સંજ્વલનનો ઉદય અને અતિચારને અનુકૂળ સંયમસ્થાન હોવાથી અતિચારની પ્રાપ્તિ થાય છે. આથી જ તે મહાત્માઓ ભિક્ષા લાવીને લાવેલ ભિક્ષાની આલોચના કરે છે, ત્યારે તે આલોચનાદિ ઉચિત પ્રયાસો દ્વારા થયેલા અતિચારની શુદ્ધિ કરે છે. તેથી ફલિત થાય કે પુલાક આદિ ત્રણ સાધુઓને અતિચારને અનુકૂળ સંયમસ્થાન છે અને તેઓને અતિચારને અનુકૂળ સંજ્વલનનો ઉદય જ્યારે થાય છે, ત્યારે અતિચાર નિષ્પાદક બંને કારણો હોવાથી અતિચારની પ્રાપ્તિ છે અને કષાયકુશીલ સાધુને અતિચારને અનુકૂળ સંયમસ્થાન નથી, તેથી તે મહાત્મા સુદૃઢ યત્નપૂર્વક કષાયોના તરંગ વગરના નિસ્તરંગ આત્માને પ્રગટ કરવાના યત્નવાળા છે, ત્યારે

સંજ્વલનકષાયનો ઉદય નથી, ક્ષયોપશમભાવ છે અને કષાય ઉત્પાદક સંયમસ્થાન પણ નથી. તેથી કષાયકુશીલ સાધુની અસ્ખલિત નિર્ગ્રંથભાવને અનુકૂળ પ્રવૃત્તિ વર્તે છે અને કોઈક નિમિત્તે તે કષાયકુશીલ મહાત્માને સંજ્વલનનો કષાય ક્ષયોપશમભાવને બદલે ઉદયવાળો થાય, ત્યારે તેઓમાં વર્તતો સંજ્વલનના કષાયનો ઉદય નિસ્તરંગભાવ તરફ જવાના યત્નને કંઈક અદૃઢ કરે છે તોપણ સંયમમાં અતિચારને ઉત્પન્ન કરી શકતો નથી; કેમ કે અતિચાર આપાદક સંયમસ્થાન અને સંજ્વલનનો ઉદય તે બેમાંથી માત્ર સંજ્વલનના ઉદયરૂપ એક કારણ છે, બીજું કારણ નથી. તેથી અતિચારની પ્રાપ્તિ થતી નથી. આથી જ ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે કે પ્રતિસેવક સાધુમાં આ પ્રતિસેવનાનો સ્વભાવ છે. તેથી સંજ્વલનનો ઉદય અને પ્રતિસેવનાનો સ્વભાવ આ બેના સહકારથી અતિચાર થાય છે.

વળી, અપ્રતિસેવકમાં પ્રતિસેવનાનો સ્વભાવ નથી. તેથી, ક્યારેક કષાયકુશીલ સાધુને સંજ્વલનનો ઉદય થાય તોપણ અતિચારની પ્રાપ્તિ થતી નથી; કેમ કે પ્રતિસેવનાનો સ્વભાવ નથી. વળી, કષાયકુશીલમાં રહેલા આદિ શબ્દથી નિર્ગ્રંથ અને સ્નાતકનું ગ્રહણ છે. તેઓમાં અતિચારનો સ્વભાવ પણ નથી અને સંજ્વલનનો ઉદય પણ નથી માટે તેઓને અતિચાર થતા નથી. **॥૬૨॥**

**અવતરણિકા :-**

**निगमयति—**

**અવતરણિકાર્થ :-**

**નિગમન કરતાં કહે છે=પૂર્વની ગાથા-૫૯થી ૬૧માં જે પ્રશ્નો કર્યા, તેનું સમાધાન ગાથા-૬૨માં કર્યું અને તે કથન દ્વારા નિગમન કરીને અન્ય દોષનો પરિહાર બતાવે છે—**

**ગાથા :-**

**इय सुत्तप्पामण्णा, स कसायकुसीलओ अपडिसेवी ।**
**णासबलत्तं तम्मि उ, कम्मोदयओ णियंठे व्व ।।६३।।**

**ગાથાર્થ :-**

**આ રીતે સૂત્રના પ્રામાણ્યથી તે કષાયકુશીલ સાધુ અપ્રતિસેવી છે. તેમાં=કષાયકુશીલમાં, અશબલપણું નથી; કેમ કે નિર્ગ્રંથની જેમ કર્મનો ઉદય છે. ।।૬૩।।**

**ટીકા :-**

**'इय'त्ति । 'इति' उक्तप्रकारेण 'सूत्रप्रामाण्यात्' सौत्रनिर्देशस्यापर्यनुयोज्यत्वात्स कषायकुशीलोऽप्रतिसेवी युज्यते, तथाविधचारित्रस्थानस्वाभाव्येन तज्जातीये कदाऽपि प्रतिषेवणानुपलब्धेः; न चैवं तस्मिन्नापादितमशबलत्वं युक्तम्, निर्ग्रन्थ इव कर्मोदयतः शबलत्वस्यैव घटमानत्वात्, प्रतिसेवनाभावमात्रेणाशबलत्वे निर्ग्रन्थस्याप्यशबलत्वप्रसङ्गात्, इष्यते चाशबलत्वं स्नातकस्यैवागम इति ।।६३।।**

**ટીકાર્થ :-**

'इति' ..... स्यैवागम इति ।। આ રીતે=ઉક્ત પ્રકારથી=ગાથા-૬૨માં સ્પષ્ટતા કરી એ પ્રકારથી, સૂત્રના પ્રામાણ્યને કારણે=સૂત્રમાં કરાયેલા નિર્દેશનું અપર્યનુયોજ્યપણું હોવાથી અર્થાત્ સર્વજ્ઞએ બતાવેલ સૂત્ર આમ કેમ કહે છે, એ પ્રકારના પ્રશ્નનો અનવકાશ હોવાથી, તે કષાયકુશીલ અપ્રતિસેવી ઘટે છે; કેમ કે તેવા પ્રકારના ચારિત્રસ્થાનના સ્વભાવપણાથી=પુલાક આદિ ત્રણ સ્થાન કરતાં વિલક્ષણ એવા સંયમસ્થાનમાં પ્રસ્થાન કરી શકે તેવા પ્રકારના ચારિત્રસ્થાનના સ્વભાવપણાથી, તજ્જાતીયમાં=કષાયકુશીલ સંયમસ્થાન જાતીયમાં, ક્યારેય પણ પ્રતિસેવનાની અનુપલબ્ધિ છે અને આ રીતે=કષાયકુશીલ સાધુ ક્યારેય પણ પ્રતિસેવી થતા નથી, એમ પૂર્વમાં કહ્યું એ રીતે, તેમાં=કષાયકુશીલ સાધુમાં, આપાદિત એવું અશબલપણું યુક્ત નથી અર્થાત્ પૂર્વમાં અશબલપણું નિર્ગ્રંથમાં જ કહ્યું. તેથી કષાયકુશીલમાં જે અશબલપણું સ્થાપન કર્યું એ સંગત નથી, એમ ન કહેવું; કેમ કે નિર્ગ્રંથની જેમ કર્મના ઉદયથી શબલત્વનું ઘટમાનપણું છે અર્થાત્ નિર્ગ્રંથ સાધુ કષાયકુશીલ નથી તોપણ જ્ઞાનાવરણીયકર્મના ઉદયવાળા હોવાથી તેઓમાં શબલપણું છે. તેમ કષાયકુશીલમાં પણ જ્ઞાનાવરણીયકર્મનો ઉદય અને ચારિત્રને કુશીલ કરે એવા કષાયોનો ઉદય હોવાથી શબલપણું જ ઘટમાન છે. આ કથનને જ દૃઢ કરવાર્થે કહે છે. પ્રતિસેવના અભાવમાત્રથી=કષાયકુશીલ સાધુમાં અતિચાર આપાદક પ્રતિસેવનાના અભાવ માત્રથી, અશબલપણું હોતે છતે નિર્ગ્રંથ સાધુને પણ અશબલપણાનો પ્રસંગ છે અને આગમમાં સ્નાતકનું જ અશબલપણું જ ઈચ્છાય છે. ॥૬૩॥

**ભાવાર્થ :-**

ગાથા-૬૦માં પ્રશ્ન કરેલ કે કષાયકુશીલ સાધુને અપ્રતિસેવક સ્વીકારશો તો તેમનું ચારિત્ર અશબલ થશે. તેનું સમાધાન પ્રસ્તુત ગાથાથી કર્યું કે વિશિષ્ટ શબલપણું આવશ્યકનિર્યુક્તિમાં બતાવેલ એકવીશ સંયમસ્થાનોથી થાય છે. તેવું શબલપણું પુલાક આદિમાં ક્યારેક થઈ શકે. પરંતુ કષાયકુશીલમાં ક્યારેય પણ થાય નહિ તોપણ ઘાતીકર્મોના વિગમનથી જે શબલપણું કહ્યું છે, તેવું શબલપણું નિર્ગ્રંથ સાધુમાં પણ નથી; કેમ કે જ્ઞાનાવરણરૂપ ઘાતીકર્મનો ઉદય છે અને કષાયકુશીલમાં તો જ્ઞાનાવરણનો ઉદય છે અને વિદ્યમાન જ્ઞાનને કંઈક કુત્સિત કરે તેવો ક્ષયોપશમભાવના પરિણામરૂપ કષાયનો પણ ઉદય છે. તેથી તેવું શબલપણું કષાયકુશીલ સાધુઓમાં શાસ્ત્રકાર ભગવંતોએ સ્વીકારેલું છે. **॥૬૩॥**

**અવતરણિકા :-**

**अतिदेशेन दूषणान्तरमुद्धरति—**

**અવતરણિકાર્થ :-**

**અતિદેશથી=ગાથા-૬૨, ૬૩માં જે સમાધાન કર્યું તેના દ્વારા અતિદેશથી દૂષણાંતરનું ઉદ્ધરણ કરે છે=ગાથા-૬૧માં જે અન્ય દૂષણો આપેલાં તેનું ઉદ્ધરણ કરે છે=દૂર કરે છે—**

**ગાથા :-**

**णिच्चपडिसेवगत्तं, मूलगुणासेवणे वि चरणं च ।**
**एवं सहावसिद्धं, णेयं परिगिज्झ सुत्ताणं ।।६४।।**

**ગાથાર્થ :-**

**આ રીતે મૂલગુણના આસેવનમાં પણ નિત્ય પ્રતિસેવકપણું અને ચારિત્ર, સૂત્રઆજ્ઞાને ગ્રહણ કરીને સ્વભાવસિદ્ધ જાણવું. ।।૬૪।।**

**ટીકા :-**

**'णिच्च'त्ति । नित्यप्रतिसेवकत्वमप्येवं पुलाकादीनां स्वभावसिद्धं ज्ञेयम्, न तु सर्वदा प्रतिसेवानियम एव, मनोवाक्कायसंवृतस्य बकुशादेर्धर्म्यध्यानोपगतस्य निरस्तसमस्तसङ्कल्पविकल्पस्य चिन्मात्रविश्रान्त-प्रतिबन्धस्यान्यप्रतिसेवानुपलब्धेः । तथा मूलगुणासेवनेऽपि पुलाकादीनामेवं चरणं सूत्राज्ञां परिगृह्य स्वभावसिद्धं ज्ञेयम्, तद्दशायामपि तेषां चारित्रपातप्रतिबन्धकसंयमस्थानसत्त्वात् । क्वचिदेवमन्यथाभाव-दर्शनेऽपि मूलगुणभङ्गे चारित्रभङ्गनियमस्य सार्वत्रिकस्याविरोधात्पराभियोगादिना वा मूलगुण-भङ्गेऽपि तेषां चारित्राक्षतिः, सूत्रप्रामाण्यात् तथाविधसंयमस्थानानुरोधेन तथाविधचारित्र-परिणतेरविरोधात्, तदुक्तमुत्तराध्ययनवृत्तौ—**"अत्र च यत् पुलाकादीनां मूलोत्तरगुणविराधकत्वेऽपि निर्ग्रन्थत्वमुक्तं तत् जघन्यजघन्यतरोत्कृष्टोत्कृष्टतरादिभेदतः संयमस्थानानामसङ्ख्यतया तदात्मकतया च चारित्रपरिणतेरिति भावनीयम्" इति ।।६४।।

**ટીકાર્થ :-**

**नित्यप्रतिसेवकत्व ..... भावनीयम्" इति ।** આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, પુલાક આદિનું નિત્યપ્રતિસેવકપણું પણ સ્વભાવસિદ્ધ જાણવું. પરંતુ સર્વદા પ્રતિસેવનાનો નિયમ જ નથી; કેમ કે મન-વચન-કાયાથી સંવૃત, ધર્મધ્યાનથી યુક્ત નિસ્તરંગ સમસ્ત સંકલ્પવિકલ્પવાળા જ્ઞાન માત્રના વિશ્રાંતમાં પ્રતિબંધવાળા એવા બકુશાદિ સાધુને અન્ય પ્રતિસેવાની અનુપલબ્ધિ છે અને આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, મૂળગુણની આસેવનામાં પણ પુલાકાદિનું ચારિત્ર સૂત્ર આજ્ઞાને ગ્રહણ કરીને સ્વભાવસિદ્ધ જાણવું; કેમ કે તે દશામાં પણ=મૂળગુણના પ્રતિકૂળ આસેવનમાં પણ, તેઓના ચારિત્રપાતના પ્રતિબંધક એવા સંયમસ્થાનનું સત્ત્વ છે અર્થાત્ પુલાક આદિ સાધુઓ કોઈક નિમિત્તે પાંચ મહાવ્રતો રૂપ મૂળગુણની વિપરીત આચરણા કરતા હોય ત્યારે પણ ચારિત્રપાલનના બળથી સંચિત વીર્યવાળા અને ચારિત્રના પાલન પ્રત્યે તીવ્ર પક્ષપાતવાળા હોવાથી ચારિત્રને અભિમુખ તેઓની પરિણતિ વિદ્યમાન હોવાને કારણે ચારિત્ર કંઈક મલિન હોવા છતાં ભાવચારિત્રની પરિણતિરૂપ સંયમસ્થાનનું સત્ત્વ છે. ક્યારેક આ રીતે=મૂળગુણની વિરાધના કરે એ રીતે, અન્યથાભાવનું દર્શન હોવા છતાં

**પણ=મૂળગુણના ભંગની પ્રાપ્તિમાં પણ ચારિત્રના પાતના અભાવનું દર્શન હોવા છતાં પણ, મૂળગુણના ભંગમાં, ચારિત્રના ભંગના નિયમનો સાર્વત્રિક અવિરોધ છે અથવા પરાભિયોગાદિથી=બીજાના બળાત્કાર આદિથી, મૂળગુણના ભંગમાં પણ તેઓના=પુલાકાદિના, ચારિત્રની અક્ષતિ છે; કેમ કે સૂત્રપ્રામાણ્યને કારણે=પુલાકાદિ સાધુઓ પરાભિયોગાદિથી કરે છે, એ પ્રકારે કહેનારા સૂત્રપ્રામાણ્યને કારણે, તેવા પ્રકારના સંયમસ્થાનના અનુરોધથી=પરાભિયોગથી પુલાકાદિ સાધુઓ જ્યારે મૂલગુણનો ભંગ કરે છે, ત્યારે પણ કંઈક મલિન થયેલું સંયમસ્થાન વિદ્યમાન છે, તે પ્રકારના સૂત્રના વચનના સ્વીકારના બળથી, તેવા પ્રકારની ચારિત્રની પરિણતિનો અવિરોધ છે=કંઈક સ્ખલિત પણ છટ્ઠા ગુણસ્થાનકની પરિણતિ તે પુલાકાદિ સાધુઓમાં વિરોધ પામતી નથી. ઉત્તરાધ્યયનની વૃત્તિમાં તે કહેવાયું છે=પુલાકાદિમાં મૂળગુણના પ્રતિસેવનકાળમાં પણ ચારિત્ર કેમ છે, તે કહેવાયું છે.**

"અને અહીં=ઉત્તરાધ્યયનમાં, પુલાકાદિ સાધુઓનું મૂલઉત્તરગુણનું વિરાધકપણું હોવા છતાં પણ જે નિર્ગ્રંથપણું કહેવાયું તે=તે નિર્ગ્રંથપણું, જઘન્ય જઘન્યતર ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટતર આદિ ભેદને કારણે સંયમસ્થાનોનું અસંખ્યપણું હોવાથી અને ચારિત્ર પરિણતિનું તદાત્મકપણું હોવાથી=સંયમસ્થાનાત્મકપણું હોવાથી, છે=પુલાકાદિ સાધુઓનું નિર્ગ્રંથપણું છે, તે પ્રકારે ભાવન કરવું. ॥૬૪॥

**ભાવાર્થ :-**

ગાથા-૬૧માં શંકા કરેલ કે પુલાક સાધુ અને પ્રતિસેવક સાધુને મૂલગુણ આસેવીપણું હોતે છતે ચારિત્ર કઈ રીતે સંભવી શકે ? અર્થાત્ સંભવી શકે નહિ; કેમ કે ચારિત્રનું અતિમલિનપણું પણ મૂળગુણને આશ્રયીને અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારમાં સ્વીકારાયું છે. અનાચારરૂપ ચોથા ભેદમાં સ્વીકારાયું નથી.

વળી, મૂળગુણનો ભંગ તત્કાળ જ ચારિત્રનાશક છે, એમ કહેવાયું છે. વળી, ચોથા વ્રતનો ભંગ થાય ત્યારે મહાવ્રતનો ભંગ સર્વને સંમત છે. તેથી, પુલાક સાધુને અને પ્રતિસેવક કુશીલને ઉત્તરગુણની પ્રતિસેવા સ્વીકારી શકાય પરંતુ મૂળગુણની પ્રતિસેવા સ્વીકારી શકાય નહિ. વળી, ચોથા વ્રતનો ભંગ હોય અને ચારિત્રી છે, તેમ તો સર્વથા સ્વીકારી શકાય નહિ. આ પ્રકારની શંકા ગાથા-૬૧માં કરેલી, તેનું સમાધાન પ્રસ્તુત ગાથામાં કરતાં કહે છે.

વળી, ગાથા-૬૦માં પ્રશ્ન કરેલો કે પુલાકાદિ નિત્ય પ્રતિસેવક છે, તેમ પણ કઈ રીતે કહી શકાય ? અર્થાત્ કહી શકાય નહિ; કેમ કે પુલાકાદિ સાધુઓ પણ સંસારથી અત્યંત ભય પામેલા છે. તેથી તેઓ પણ પ્રસંગે પ્રસંગે સંપૂર્ણ તરંગ વગરના શુદ્ધ આત્માનું સ્વરૂપ ભાવન કરે છે. તે વખતે સંયમની કોઈ વિપરીત આચરણા કરતા નથી. તેથી, તેઓને નિત્ય પ્રતિસેવક કહી શકાય નહિ.

વળી, જિનકલ્પી સાધુ પણ બકુશ ચારિત્રવાળા હોય છે અને તેઓ પણ અતિચારને સેવતા નથી. તેમ શાસ્ત્રમાં કહેલ છે. છતાં તેઓને નિત્ય પ્રતિસેવક કઈ રીતે કહી શકાય ? અર્થાત્ તેઓને અપ્રતિસેવક જ કહેવા જોઈએ ઇત્યાદિ શંકાનું સમાધાન પણ પ્રસ્તુત ગાથાથી કરે છે.

ગાથા-૬૨માં કહ્યું કે પ્રતિસેવકમાં ક્યારેય પણ પ્રતિસેવા કરે એવો જે સ્વભાવ છે, તેને પ્રતિસેવક કહ્યો

છે એ રીતે પુલાક આદિ સાધુઓનું નિત્ય પ્રતિસેવકપણું સ્વભાવસિદ્ધ જાણવું. પરંતુ સર્વદા તેઓ પ્રતિસેવા કરે છે, તે બતાવવા માટે તેઓનું નિત્ય પ્રતિસેવકપણું કહ્યું નથી. આથી જ બકુશને નિત્ય પ્રતિસેવક કહ્યા પછી પણ મન-વચન-કાયાથી સંવૃત બકુશ છે, તેમ પૂર્વમાં બતાવેલ. તેથી ત્રણેય યોગથી સંવૃત એવા બકુશાદિ ક્યારે પ્રતિસેવના કરતા નથી તોપણ તેઓનો પ્રતિસેવા કરવાનો સ્વભાવ છે. તેથી તેઓને નિત્ય પ્રતિસેવક કહેલ છે. વળી, બકુશાદિ સાધુઓ પણ ધર્મધ્યાનના આજ્ઞાવિચય આદિ પાયાઓનું ચિંતવન કરતા હોય ત્યારે ભગવાનની આજ્ઞા કઈ રીતે જીવને એકાંતે હિતકારી છે, તે શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર ભાવન કરતા હોય છે, ત્યારે ભગવાનની આજ્ઞા પ્રત્યેનો રાગ પ્રવર્ધમાન થતો હોય છે. તેથી તે કાળમાં પ્રતિસેવાનો સંભવ જ નથી. વળી, કર્મવિપાક આદિ ધર્મધ્યાનના અન્ય પાયાઓનું પણ ભાવન કરતા હોય છે, ત્યારે પણ પ્રતિસેવાનો સંભવ નથી. વળી, આત્માનું પારમાર્થિક સ્વરૂપ સંપૂર્ણ સંકલ્પ-વિકલ્પના તરંગોથી રહિત, કષાયના સંશ્લેષ વગરના જ્ઞાનમાત્રમાં વિશ્રાંત સ્વરૂપ છે અને તેનું ભાવન કરીને તેવા સ્વરૂપ પ્રત્યે તીવ્ર રાગ વૃદ્ધિ પામે એવા ઉપયોગવાળા બકુશાદિ સાધુઓ જ્યારે વર્તે છે, ત્યારે તેઓને મૂળગુણ કે ઉત્તરગુણ કોઈની પણ પ્રતિસેવાનો સંભવ નથી. છતાં પુલાકાદિ સાધુઓને નિત્ય પ્રતિસેવક કહ્યા છે, તે તેઓમાં પ્રતિસેવના કરવાનો સ્વભાવ હજુ નાશ થયો નથી. તેથી પ્રતિસેવના નહિ કરનારા હોવા છતાં તે સ્વભાવને આશ્રયીને તેઓને નિત્ય પ્રતિસેવક કહેલ છે. વળી, જિનકલ્પી સાધુઓ પ્રાયઃ અતિચાર રહિત સંયમ પાળે છે તોપણ તેઓમાં બકુશત્વનો સ્વભાવ નાશ પામ્યો નથી. તેને નાશ કરવાર્થે જ તે મહાત્મા જિનકલ્પ સ્વીકારીને સુદૃઢ યત્ન કરે છે છતાં પ્રતિસેવકત્વ સ્વભાવનો નાશ નહિ થયેલ હોવાથી તેઓને નિત્ય પ્રતિસેવક કહેલ છે. તેથી શાસ્ત્રમાં પુલાક આદિને નિત્ય પ્રતિસેવક કહેલ છે. માટે તેઓ પ્રસંગે પ્રસંગે વિપરીત આચરણા કરનારા હોય છે, તેવો અર્થ ગ્રહણ કરવો નહિ. આથી જ ઉપાધ્યાય યશોવિજયજીએ સ્તવનમાં પણ કહ્યું છે કે "સંભવમાત્રને આશ્રયીને બકુશાદિ ચારિત્રીઓ પ્રતિસેવક છે, તેમાં સપ્તમ સ્થાનની સાક્ષી છે."

વળી, પુલાક આદિ સાધુઓ કોઈક તેવા સંયોગમાં મૂળગુણનું વિપરીત આસેવન કરે છે છતાં તેઓમાં ચારિત્ર છે, એ કથન પણ સ્વભાવસિદ્ધને આશ્રયીને જાણવું; કેમ કે સૂત્ર મૂળગુણ પ્રતિસેવી એવા તેઓમાં પણ ચારિત્ર સ્વીકારે છે. તેથી નક્કી થાય છે કે તે મહાત્માઓ કોઈક તેવા બલવાન નિમિત્તમાં મૂલગુણની પ્રતિકૂળ આચરણા કરતા હોય ત્યારે પણ તેઓએ ચારિત્રના સેવનથી આત્માને તે રીતે સંવૃત કરેલ છે કે જેથી બલવાન નિમિત્તને કારણે તે પ્રકારનો કષાય થાય ત્યારે પણ સંયમસ્થાનથી પાત પામતા નથી. પરંતુ પૂર્વનું જે ઉત્કૃષ્ટ સંયમસ્થાન છે, તે કંઈક હીનતાને પામે છે; કેમ કે બાહ્ય પ્રતિકૂળ આચરણા ચિત્તના માલિન્ય દ્વારા જ ચારિત્રના નાશનું કારણ બને છે. તેથી કોઈક તેવા સંયોગમાં મૂલગુણની વિપરીત આચરણાનો અધ્યવસાય થવા છતાં ચારિત્રની પરિણતિ સુરક્ષિત રહે તેવો બાર કષાયનો ક્ષયોપશમભાવ નાશ પામતો નથી. પરંતુ સંજ્વલન કષાયના ઉદયથી જ તેઓને મૂલગુણની પ્રતિસેવાની પ્રાપ્તિ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે મૂલગુણના ભંગમાં ચારિત્રના ભંગનો નિયમ શાસ્ત્રમાં સ્થાને સ્થાને સંભળાય છે. છતાં પુલાકાદિને મૂળગુણના પ્રતિસેવનકાળમાં પણ ચારિત્ર સ્વીકારવાથી તે વચન સાથે વિરોધ પ્રાપ્ત થશે.

તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે. સામાન્યથી મૂળગુણના ભંગનો અધ્યવસાય બાર કષાયના ઉદયથી જ થાય છે. તેથી તેને આશ્રયીને મૂલગુણના ભંગમાં ચારિત્રના ભંગનો નિયમ શાસ્ત્રકારો સ્વીકારે છે છતાં કોઈક પુલાકાદિ સાધુઓ કોઈક તેવા સંયમસ્થાનમાં સ્થિર થયેલા હોવાને કારણે મૂળગુણના ભંગકાળમાં પણ સંજ્વલનના ઉદયથી જ અધોસ્થાનને પામે છે. પરંતુ ચારિત્રથી રહિત થતા નથી. તેવા અલ્પ સ્થાનની વિવક્ષા કર્યા વગર સામાન્યથી મૂલગુણના ભંગમાં ચારિત્રનો ભંગ થાય છે, તેમ કહેવાય છે. જેમ નરકનું આયુષ્ય અપવર્તન પામતું નથી, તેથી શાસ્ત્રકારોએ નરકના આયુષ્યને અનપવર્તનીય કહેલું છે તોપણ જે ભાવોથી નરકનું આયુષ્ય બંધાયેલું હોય તેનાથી પણ બલવાન પશ્ચાત્તાપનો પરિણામ કૃષ્ણ મહારાજાને થાય છે, ત્યારે તે નરકાયુષ્ય સાતમી નરકથી ઘટીને ત્રીજી નરક સુધીનું થાય છે. એટલું જ નહિ પણ જો હજુ આયુષ્ય હોત તો પ્રવર્ધમાન શુભઅધ્યવસાયથી મરણકાળમાં કૃષ્ણ મહારાજા તે આયુષ્યને પ્રથમ નરક સુધી કરી શકત, તેવો પાઠ આવશ્યકનિર્યુક્તિ ગ્રંથમાં બતાવેલ છે. તેમ પુલાકાદિ મહાત્માઓએ જે સંયમસ્થાન સ્થિર કરેલું છે, તે મૂળગુણ પ્રતિસેવનાકાળમાં કંઈક મ્લાન થવા છતાં પણ તેવું સ્વભાવસિદ્ધ સંયમસ્થાન હોવાથી નાશ પામતું નથી.

વળી, અન્ય શાસ્ત્રવચનો દ્વારા બીજાના બળાત્કાર આદિથી પુલાક આદિના મૂળગુણનો ભંગ થાય છે, ત્યારે તો સંયમ પ્રત્યેના ધૃતિબળવાળા તે મહાત્મા ભાવથી સંયમનું રક્ષણ કરી શકે છે. તેમ સૂત્રના પ્રામાણ્યથી સ્વીકારી શકાય છે. આનાથી એ ફલિત થાય કે કેટલાક સાધુઓ કંઈક પ્રમાદવશ થાય ત્યારે પણ ચારિત્રનો નાશ થઈ શકે છે તો કેટલાક સાધુઓ મૂળગુણના ભંગકાળમાં પણ ચારિત્રનું રક્ષણ કરી શકે છે. પરંતુ મૂળગુણના ભંગમાં ચારિત્રનું રક્ષણ કરી શકે તેવા મહાત્માઓ અતિઅલ્પ હોય છે. બહુલતાએ મૂળગુણના ભંગમાં ચારિત્રના ભંગ થવાનો સંભવ છે. **॥૬૪॥**

**અવતરણિકા :-**

**उक्तं प्रतिसेवनाद्वारम् । अथ ज्ञानद्वारमाह—**

**અવતરણિકાર્થ :-**

**પ્રતિસેવનાદ્વાર કહેવાયું અને હવે જ્ઞાનદ્વારને કહે છે—**

**ગાથા :-**

**नाणं मइनाणाई, तत्थ पुलाओ अ बउससेवी य ।**
**दुसु तिसु व केवली खलु, ण्हाओ सेसा चउसु भज्जा ।।६५।।**

**ગાથાર્થ :-**

**જ્ઞાન મતિ આદિ છે ત્યાં=મતિ આદિ જ્ઞાનમાં, પુલાક, બકુશ અને પ્રતિસેવી બે અથવા ત્રણ જ્ઞાનોમાં હોય છે. સ્નાતક કેવલજ્ઞાનમાં હોય છે. શેષ સાધુઓ=કષાયકુશીલ અને નિર્ગ્રંથ સાધુઓ ચારેય જ્ઞાનોમાં ભાજ્ય છે=વિકલ્પનીય છે. ।।૬૫।।**

**ટીકા :-**

'नाणं'ति । ज्ञायतेऽनेन वस्त्विति ज्ञानं मतिज्ञानादि पञ्चविधम् । तत्र पुलाकः 'बकुशासेविनौ च' बकुशप्रतिसेवनाकुशीलौ चेत्येते 'द्वयोः' मतिज्ञानश्रुतज्ञानयोः'त्रिषु वा' मतिश्रुतावधिज्ञानेषु भवन्ति । 'स्नातः' स्नातकः खलु 'केवली' केवलज्ञान एकस्मिन्नेव भवति । 'शेषौ' कषायकुशीलनिर्ग्रन्थौ चतुर्षु ज्ञानेषु भाज्यौ, तथाहि—तौ द्वयोस्त्रिषु चतुर्षु वा भवतः, द्वयोर्भवन्तौ मतिश्रुतयोः, त्रिषु भवन्तौ मतिश्रुतावधिषु, अथवा मतिश्रुतमनःपर्यायेषु, चतुर्षु भवन्तौ च मतिश्रुतावधिमनःपर्यायेषु द्रष्टव्याविति ।।६५।।

**ટીકાર્થ :-**

ज्ञायतेऽनेन ..... द्रष्टव्याविति ।। આના દ્વારા વસ્તુ જણાય છે એ જ્ઞાન, મતિજ્ઞાન આદિ પાંચ પ્રકારનું છે. ત્યાં=પાંચ જ્ઞાનોમાં, પુલાક, બકુશ આસેવી=બકુશ અને પ્રતિસેવના કુશીલ, આ ત્રણેય બંનેમાં=મતિજ્ઞાનમાં અને શ્રુતજ્ઞાનમાં અથવા ત્રણમાં=મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનમાં, હોય છે. સ્નાતક કેવલી=એક કેવલજ્ઞાનમાં જ, હોય છે. શેષ બે=કષાયકુશીલ, નિર્ગ્રંથ ચારેય જ્ઞાનોમાં ભાજ્ય છે=વિકલ્પનીય છે. તે આ પ્રમાણે – તે=કષાયકુશીલ અને નિર્ગ્રંથ સાધુ, બેમાં, ત્રણમાં અથવા ચારમાં થાય છે. તે કથનને સ્પષ્ટ કરે છે. બે એવા મતિશ્રુતમાં કષાયકુશીલ અને નિર્ગ્રંથ સાધુ હોય છે અથવા મતિશ્રુત અને અવધિ ત્રણ જ્ઞાનોમાં કષાયકુશીલ અને નિર્ગ્રંથ સાધુઓ હોય છે અથવા મતિ, શ્રુત, મનઃપર્યવ ત્રણ જ્ઞાનોમાં કષાયકુશીલ અને નિર્ગ્રંથ સાધુઓ હોય છે અને ચાર જ્ઞાનોમાં મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવજ્ઞાનોમાં કષાયકુશીલ અને નિર્ગ્રંથ સાધુઓ હોય છે, તેમ જાણવું. ।।૬૫।।

**અવતરણિકા :-**

ज्ञानप्रस्तावाज्ज्ञानविशेषं श्रुतं विशेषेण चिन्तयन्नाह—

**અવતરણિકાર્થ :-**

જ્ઞાનનો પ્રસ્તાવ હોવાથી=જ્ઞાનદ્વારમાં જ્ઞાનની વિચારણા હોવાથી જ્ઞાનવિશેષરૂપ શ્રુતને વિશેષથી બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે—

**ગાથા :-**

**पढमस्स जहन्नेणं, तइयं आयारवत्थु णवमस्स ।**
**पुव्वस्सुक्कोसेणं, पुन्नाइं नव त्ति पन्नत्ती ।।६६।।**

**ગાથાર્થ :-**

**પ્રથમને=પુલાક સાધુને, જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી આચાર વસ્તુનું જ્ઞાન હોય છે. ઉત્કૃષ્ટથી નવ પૂર્વનું પૂર્ણ હોય છે, એ પ્રમાણે પ્રજ્ઞપ્તિ છે=પ્રજ્ઞપ્તિનો પાઠ છે. ।।૬૬।।**

**ટીકા :-**

**'पढमस्स'त्ति । 'प्रथमस्य' पुलाकनिर्ग्रन्थस्य जघन्येन श्रुतमाचारवस्तु तृतीयं नवमस्य पूर्वस्य सम्बन्धि, उत्कर्षेण च पूर्णानि नवपूर्वाणीति प्रज्ञप्तिराह, तथा च तदालापः—**"पुलाए णं भंते ! केवइयं सुयं अहिज्जेज्जा ? गोयमा ! जहण्णेणं णवमपुव्वस्स तइअमायारवत्थुं उक्कोसेणं णवपुव्वाइं अहिज्जेज्ज"त्ति **।।६६।।**

**ટીકાર્થ :-**

**'प्रथमस्य' ..... अहिज्जेज्ज"त्ति ।। પ્રથમને=પુલાક નિર્ગ્રંથને, જઘન્યથી શ્રુત નવમા પૂર્વની આચારરૂપ ત્રીજી વસ્તુ હોય છે અને ઉત્કૃષ્ટથી નવ પૂર્વ હોય છે. એ પ્રમાણે પ્રજ્ઞપ્તિસૂત્ર કહે છે અને તે પ્રકારે=પુલાક સાધુને કેટલું શ્રુત હોય છે, તેનો આલાપ છે.**

"હે ભદંત ! પુલાક સાધુ કેટલું શ્રુત ભણે ? ભગવાન કહે છે, હે ગૌતમ ! જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી આચારવસ્તુને ભણે. ઉત્કૃષ્ટથી નવ પૂર્વને ભણે." ।।૬૬।।

**ગાથા :-**

**उक्कोसेण दस त्ति य, भणियं अण्णत्थिमस्स सुअनाणं ।**
**बउसकुसीलणियंठा, पवयणमाउसु जहन्नेणं ।।६७।।**

**ગાથાર્થ :-**

**અન્યત્ર આને=પુલાક સાધુને, ઉત્કૃષ્ટથી દશ પૂર્વ એ પ્રકારે શ્રુતજ્ઞાન કહેવાયું છે. બકુશ, કુશીલ નિર્ગ્રંથો શ્રુતની અપેક્ષાએ જઘન્યથી પ્રવચનમાતૃમાં હોય છે. ।।૬૭।।**

**ટીકા :-**

**'उक्कोसेण'त्ति । उत्कर्षेण दश पूर्वाणीति भणितम् 'अन्यत्र' ग्रन्थान्तरे 'अस्य' पुलाकस्य श्रुतज्ञानम्, तथा चोक्तमुत्तराध्ययनेषु—**"दसपुव्वधरुक्कोसा, पडिसेव पुलाय बउसा य"त्ति । **एतद्विवरणेऽप्युक्तम्—**"पुलागबउसपडिसेवणाकुसीला य उक्कोसेणं भिन्नदसपुव्वधर"त्ति । **बकुशकुशीलनिर्ग्रन्थाः श्रुतमपेक्ष्य जघन्येन प्रवचनमातृषु भवन्ति, अष्टप्रवचनमातृपरिपालनरूपे चारित्रेऽष्टप्रवचनमातृज्ञानस्यावश्यमपेक्षितत्वेन तदर्थमष्टप्रवचनमातृप्रतिपादकश्रुतस्य जघन्यतोऽप्यपेक्षणीयत्वात् । एतच्च "अट्ठण्हं पवयणमाईणं" एतस्य यद्विवरणसूत्रं तदवसीयते । यत्पुनरुत्तराध्ययनेषु प्रवचनमातृनामकमध्ययनं तद् गुरुत्वाद्विशिष्टतर-**

श्रुतत्वाच्च न जघन्यतः संभवति । बाहुल्याश्रयं चेदं श्रुतप्रमाणम्, तेन न माषतुषादिभिर्व्यभिचारः, तेषां गुरुपारतन्त्र्यमात्रस्यैव ज्ञानत्वाभिधानादिति वृद्धसम्प्रदायः ।।६७।।

**ટીકાર્થ :-**

उत्कर्षेण ..... वृद्धसम्प्रदायः ।। ઉત્કૃષ્ટથી દશ પૂર્વો છે, એ પ્રમાણે અન્યત્ર=ગ્રંથાંતરમાં, આને=પુલાકને, શ્રુતજ્ઞાન છે, એ પ્રમાણે કહેવાયેલું છે અને તે રીતે ઉત્તરાધ્યયનમાં કહેવાયું છે.

"પ્રતિસેવક, પુલાક અને બકુશ ઉત્કૃષ્ટથી દશ પૂર્વધર છે."

આના વિવરણમાં પણ=ઉત્તરાધ્યયનના વિવરણમાં પણ, કહેવાયું છે.

"પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાધુઓ ભિન્ન પૂર્વધર છે=કંઈક ન્યૂન દશ પૂર્વધર છે."

બકુશ નિર્ગ્રંથો અને કુશીલ નિર્ગ્રંથો શ્રુતની અપેક્ષાએ જઘન્યથી પ્રવચનમાતૃમાં હોય છે=તેઓને અષ્ટપ્રવચનમાતાનો પારમાર્થિક સૂક્ષ્મ બોધ હોય છે; કેમ કે અષ્ટપ્રવચનમાતાના પરિપાલનરૂપ ચારિત્રમાં અષ્ટપ્રવચનમાતૃના જ્ઞાનનું અવશ્ય અપેક્ષિતપણું હોવાથી તેના માટે=ચારિત્ર માટે, અષ્ટપ્રવચનમાતૃના પ્રતિપાદક શ્રુતનું જઘન્યથી પણ અપેક્ષણીયપણું છે અને આ અષ્ટપ્રવચનમાતાનું એ પ્રકારના સૂત્રનું જે વિવરણ સૂત્ર છે, તેનાથી આ જણાય છે=બકુશ, કુશીલ સાધુને જઘન્યથી આઠ પ્રવચનમાતાનું જ્ઞાન હોય એ જણાય છે. વળી, ઉત્તરાધ્યયનોમાં પ્રવચન માતૃનું જે અધ્યયન છે, તે=તે અધ્યયન, ગુરૂપણું હોવાથી અને વિશિષ્ટ શ્રુતપણું હોવાથી=અષ્ટપ્રવચનમાતા કરતાં વિસ્તારપણું હોવાથી અને અષ્ટપ્રવચનમાતા કરતાં વિશિષ્ટ શ્રુતપણું હોવાથી, જઘન્યથી સંભવતું નથી=ઉત્તરાધ્યયન અધ્યયનનું વર્ણન જઘન્યથી સંભવતું નથી અને બાહુલ્યના આશ્રયવાળું આ શ્રુતપ્રમાણ છે=ચારિત્રીને જઘન્યથી અષ્ટપ્રવચનમાતાનું જ્ઞાન અવશ્ય જોઈએ, એ પ્રકારનું શ્રુતપ્રમાણ બાહુલ્યના આશ્રયવાળું છે. તે કારણથી=બહુલતાએ જઘન્યથી સાધુને અષ્ટપ્રવચનમાતાનું શ્રુતજ્ઞાન જઘન્યથી જોઈએ તે કારણથી, માષતુષ આદિ સાધુઓની સાથે વ્યભિચાર નથી; કેમ કે તેઓને=માષતુષ આદિ સાધુઓને ગુરુપારતંત્ર્ય માત્રના જ જ્ઞાનત્વનું અભિધાન છે, એ પ્રમાણે વૃદ્ધ સંપ્રદાય છે. ।।૬૭।।

**ગાથા :-**

बउसपडिसेवगाणं, पुव्वाइं दसेव हुंति उक्कोसं ।
णिग्गंथकसाईणं, चउदस ण्हाओ सुआईओ ।।६८।।

**ગાથાર્થ :-**

બકુશ પ્રતિસેવકોને ઉત્કૃષ્ટથી દશ જ પૂર્વો હોય છે. નિર્ગ્રંથ અને કષાયકુશીલને ચૌદ પૂર્વો હોય છે. સ્નાતક શ્રુતથી અતીત છે. ।।૬૮।।

**ટીકા :-**

**'बउसपडिसेवगाणं'ति । बकुशप्रतिसेवकयोः पूर्वाणि दशैव भवन्त्युत्कर्षतः । 'निर्ग्रन्थकषायिणोः' निर्ग्रन्थकषायकुशीलयोश्चतुर्दश पूर्वाण्युत्कर्षतो भवन्ति । 'स्नातः' स्नातकः श्रुतातीतः, केवलज्ञानोदये श्रुतज्ञानविगमात्, "नट्ठम्मि य छाउमत्थिए नाणे" इति वचनात् ।।६८।।**

**ટીકાર્થ :-**

**बकुशप्रतिसेवकयोः ..... इति वचनात् ।। બકુશ અને પ્રતિસેવકને ઉત્કૃષ્ટથી દશ જ પૂર્વ હોય છે. નિર્ગ્રંથ અને કષાયકુશીલને ઉત્કૃષ્ટથી ચૌદ પૂર્વ હોય છે. સ્નાતક શ્રુતથી અતીત છે; કેમ કે કેવલજ્ઞાનના ઉદયમાં શ્રુતજ્ઞાનનું વિગમન છે. કેવલજ્ઞાનમાં શ્રુતજ્ઞાનનું વિગમન કેમ છે ? તેમાં હેતુ કહે છે. છાદ્મસ્થિક જ્ઞાન નાશ થયે છતે કેવલજ્ઞાન થાય છે, એ પ્રકારનું વચન છે. ।।૬૮।।**

**ભાવાર્થ :-**

જ્ઞાન મતિ આદિ પાંચ છે અને તે પાંચેય જ્ઞાનો પોતપોતાના બોધ અનુસાર જીવને આલોકમાં અને પરલોકમાં સુખની પરંપરા પ્રાપ્ત થાય તે રીતે જ પ્રવર્તાવે છે. પરંતુ અજ્ઞાની જીવોની જેમ આલોક અને પરલોકનું અહિત થાય તેવી કોઈ પ્રવૃત્તિ કરાવતા નથી અને જીવનું હિત સુખ જ છે, દુઃખ નથી. તેથી, સમ્યગ્દૃષ્ટિ જીવો મતિજ્ઞાન આદિના બળથી આલોક અને પરલોકમાં અધિક અધિક સુખ થાય તેવી જ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. ક્વચિત્ સમ્યગ્દૃષ્ટિ આદિ જીવો પણ પ્રમાદવશ પાતને અભિમુખ થાય છે તેમાં તેઓનું સમ્યગ્જ્ઞાન પ્રવર્તક નથી, પરંતુ પ્રમાદ જ પ્રવર્તક છે અને તે પાંચેય જ્ઞાનોમાંથી કયાં જ્ઞાનો પુલાક આદિ સાધુઓને છે ? તે બતાવતાં કહે છે. પુલાક સાધુને, બકુશ સાધુને અને પ્રતિસેવનાકુશીલ સાધુને, મતિ અને શ્રુતજ્ઞાન હોય છે અથવા મતિ-શ્રુત અને અવધિજ્ઞાન હોય છે. તેથી તે ત્રણેય મહાત્માઓ પોતાના મતિશ્રુતના કે મતિ-શ્રુત-અવધિના બળથી ઉત્તરોત્તરના સંયમની વૃદ્ધિ કરી શકે છે.

વળી, સ્નાતક સાધુ એક જ કેવળજ્ઞાનમાં હોય છે અને તેમનું તે કેવળજ્ઞાન જ ઉચિત કાળે કર્મબંધના કારણીભૂત યોગનો નિરોધ કરાવીને મુક્ત અવસ્થાની પ્રાપ્તિરૂપ હિતમાં પ્રવર્તાવે છે.

વળી, કષાયકુશીલ અને નિર્ગ્રંથ સાધુઓ પ્રથમનાં ચાર જ્ઞાનોમાં વિકલ્પ્ય હોય છે અર્થાત્ કેટલાક માત્ર મતિશ્રુતજ્ઞાનમાં હોય છે અથવા કેટલાક મતિશ્રુત અવધિમાં હોય છે અથવા કેટલાક મતિશ્રુત મનઃપર્યવજ્ઞાનમાં હોય છે. વળી, કેટલાક મતિશ્રુત, અવધિ, મનઃપર્યવજ્ઞાનમાં હોય છે. આથી જ કષાયકુશીલ એવા તીર્થંકરો છદ્મસ્થ અવસ્થામાં ચારેય જ્ઞાનવાળા હોય છે અને નિર્ગ્રંથ સાધુઓ બે-ત્રણ-ચારમાં યથાસંભવ હોય છે. વળી, પુલાક સાધુને જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી વસ્તુનું જ્ઞાન હોય છે. તેથી પુલાક સાધુ આઠ પૂર્વો પૂર્ણ ભણેલા હોય છે અને નવમા પૂર્વની ત્રીજી વસ્તુના જઘન્યથી જ્ઞાનવાળા હોય છે અને ઉત્કૃષ્ટથી પ્રજ્ઞપ્તિ વચનાનુસાર નવ પૂર્વવાળા હોય છે. વળી તેઓનું ચારિત્ર અસાર ધાન્યકણ જેવું કહ્યું છે, તે પણ વિશિષ્ટ ચારિત્રની અપેક્ષાએ સારવાળું નથી તોપણ ચારિત્રની પરિણતિ અને વિશિષ્ટ જ્ઞાન તેઓમાં હોવાથી પુલાક સાધુ પ્રમાદવશ બને છે, ત્યારે પણ અતિચારકાળમાં કંઈક ચારિત્રની પરિણતિવાળા હોય

છે. શેષકાળમાં તો પુલાકના સંયમસ્થાનમાં હોવાથી પુલાકસાધુ કહેલ છે તોપણ પુલાક સંયમસ્થાનમાં વર્તતા વિશિષ્ટ સંયમને શ્રુતના બળથી તેઓ અવશ્ય પ્રાપ્ત કરે છે. વળી, ઉત્તરાધ્યયનમાં પુલાક સાધુને ઉત્કૃષ્ટથી દશ પૂર્વો કહ્યા છે અને ઉત્તરાધ્યયનના વિવરણમાં પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાધુને કંઈક ન્યૂન દશ પૂર્વધર કહ્યા છે. તેથી પુલાક સાધુ કે બકુશ સાધુ ક્યારેક અતિચાર પ્રાપ્ત કરતા હોય તોપણ વિશિષ્ટ શ્રુતના બળથી પ્રાયઃ શ્રેષ્ઠ સંયમસ્થાનને પામનારા જ હોય છે; કેમ કે વિશિષ્ટ શ્રુત સતત હિતમાં પ્રવૃત્તિનું જ પ્રબલ કારણ બને છે.

વળી, બકુશ નિર્ગ્રંથ અને કુશીલ નિર્ગ્રંથ જઘન્યથી શ્રુતની અપેક્ષાએ આઠ પ્રવચનમાતાના બોધવાળા હોય છે. તેથી એ પ્રાપ્ત થાય કે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના બોધવાળા માત્ર હોતા નથી, પરંતુ કઈ રીતે યત્ન કરવાથી મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ પ્રાપ્ત થઈ શકે અને ગમનાદિ પ્રવૃત્તિકાળમાં પણ ગુપ્તિઓથી યુક્ત સમિતિઓ કઈ રીતે પ્રવર્તે છે જેથી સાધુને બાહ્ય પદાર્થોના સંશ્લેષજન્ય લેશ પણ કર્મબંધ થતો નથી તેના પરમાર્થને જોનારા હોય છે. આથી જ ગુપ્તિના બળથી સમિતિ અને ગુપ્તિમાં યત્ન કરીને બાર કષાયના ક્ષયોપશમભાવને બકુશાદિ સાધુ પ્રગટ કરી શકે છે અને બાર કષાયના ક્ષયોપશમભાવપૂર્વક ચારિત્રનું પાલન કરી શકે છે અને શાસ્ત્રમાં આઠ પ્રવચનમાતાનું જે વિવરણ કર્યું છે, તે સૂત્રથી જણાય છે કે બકુશ કુશીલ સાધુને અવશ્ય જઘન્યથી પરમાર્થને સ્પર્શે તેવો અષ્ટપ્રવચનમાતાનો બોધ હોય છે.

વળી, કોઈને પ્રશ્ન થાય કે ઉત્તરાધ્યયનમાં પ્રવચનમાતૃ નામનું અધ્યયન છે, તેનો બકુશ કુશીલ સાધુને જઘન્યથી બોધ હોવો જોઈએ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે. ઉત્તરાધ્યયનમાં કહેવાયેલ પ્રવચનમાતાનું વર્ણન વિસ્તારથી હોવાથી સામાન્ય પ્રવચનમાતાના બોધ કરતાં વિસ્તૃત છે અને વિશિષ્ટ શ્રુત છે. તેથી, જઘન્ય બોધવાળા સાધુને તેટલો બોધ સંભવે નહિ. પરંતુ જઘન્ય બોધવાળા સાધુ વિશિષ્ટ અધ્યયન કરે તો તે ઉત્તરાધ્યયનના શબ્દોથી પૂર્વ કરતાં સમિતિ-ગુપ્તિ વિષયક વિસ્તૃત બોધ થાય છે. વળી, માષતુષ જેવા કોઈક સાધુને સમિતિ-ગુપ્તિનો સૂક્ષ્મ બોધ હોતો નથી. પરંતુ સંસારથી અત્યંત ભય પામેલા એવા ઋષિને કેવા ગુરુ ભવથી નિસ્તાર કરશે ? તેનો બોધ હોય છે અને તેવા ઋષિને પરતંત્ર થવાથી મારું હિત થશે, તેવો સ્થિર નિર્ણય હોય છે. તેથી માષતુષ જેવા કોઈક સાધુને ગુરુ પારતંત્ર્ય માત્રનું જ જ્ઞાન સંભવી શકે છે તો પણ બહુલતાએ સુસાધુને જઘન્યથી પણ અષ્ટપ્રવચનમાતાનો સૂક્ષ્મ બોધ આવશ્યક છે.

વળી, બકુશ અને પ્રતિસેવક સાધુને ઉત્કૃષ્ટથી દશ પૂર્વો હોઈ શકે છે. તેનાથી અધિક સંભવતા નથી. વળી, નિર્ગ્રંથ અને કષાયકુશીલને ચૌદ પૂર્વો સંભવી શકે છે અને સ્નાતક સાધુને શ્રુતજ્ઞાન નથી, માત્ર કેવલજ્ઞાન જ છે. **॥૬૫-૬૬-૬૭-૬૮॥**

**અવતરણિકા :-**

**उक्तं ज्ञानद्वारम् । अथ तीर्थद्वारमाह—**

**અવતરણિકાર્થ :-**

**જ્ઞાનદ્વાર કહેવાયું. હવે, તીર્થદ્વારને કહે છે—**

ગાથા :-

**तित्थं चाउव्वण्णे, संघे ठविअम्मि होइ तत्थ पुणो ।**
**तित्थम्मि तिण्णि पढमा, तित्थातित्थे उ अंततियं ।।६९।।**

ગાથાર્થ :-

**સંઘ સ્થાપિત થયે છતે ચતુર્વર્ણ તીર્થ હોય છે. ત્યાં વળી તીર્થમાં પ્રથમ ત્રણ છે. તીર્થાતીર્થમાં અંતિમ ત્રણ છે. ।।૬૯।।**

ટીકા :-

**'तित्थं'ति । तीर्यतेऽनेन संसारसागर इति 'तीर्थं' प्रवचनम्, तदाधारत्वाच्च चतुर्विधः श्रमणसङ्घोऽपि तीर्थमुच्यते, तत इदमाह—चतुर्वर्णे सङ्घे स्थापिते सति तीर्थं भवति । तत्र पुनर्विचार्यमाणे 'त्रयः प्रथमाः' पुलाकबकुशप्रतिसेवनाकुशीलाः निर्ग्रन्थास्तीर्थे भवन्ति । 'अन्त्यत्रिकं तु' कषायकुशीलनिर्ग्रन्थ-स्नातकाख्यं तीर्थातीर्थयोर्भवति । अतीर्थे च भवन्त एते तीर्थकराः स्युः प्रत्येकबुद्धा वा, तदुक्तं भगवत्याम्—**"पुलाए णं भंते ! किं तित्थे होज्जा अतित्थे होज्जा ? गोयमा ! तित्थे होज्जा णो अतित्थे होज्जा । एवं बउसे वि पडिसेवणाकुसीले वि । कसायकुसीले पुच्छा, गोयमा ! तित्थे वा होज्जा अतित्थे वा होज्जा । जइ अतित्थे होज्जा किं तित्थकरे होज्जा पत्तेअबुद्धे होज्जा ? गोयमा ! तित्थकरे वा होज्जा पत्तेयबुद्धे वा होज्जा । एवं णियंठे वि, एवं सिणाए वि"त्ति **।।६९।।**

ટીકાર્થ :-

**तीर्यतेऽनेन ..... सिणाए वि"त्ति ।। આના દ્વારા સંસાર તરાય છે એ તીર્થ છે=પ્રવચન છે=પ્રકૃષ્ટ એવું સર્વજ્ઞનું વચન છે અને તેનું આધારપણું હોવાથી=પ્રવચનનું આધારપણું હોવાથી, ચતુર્વિધ શ્રમણસંઘ પણ તીર્થ કહેવાય છે. તેથી આને કહે છે=તીર્થને કહે છે. ચતુર્વિધ શ્રમણસંઘ સ્થાપિત થયે છતે તીર્થ થાય છે. વળી, ત્યાં વિચારણા કરાયે છતે=સ્થાપિત ચતુર્વિધ સંઘરૂપ તીર્થમાં વિચાર કરાયે છતે, પ્રથમના ત્રણ=પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલરૂપ ત્રણ નિર્ગ્રંથો, તીર્થમાં થાય છે અને અંત્યત્રિક=કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતકરૂપ અંત્યત્રિક, તીર્થ-અતીર્થમાં થાય છે અને અતીર્થમાં થતા આ તીર્થંકરો અથવા પ્રત્યેકબુદ્ધો થાય છે. ભગવતીમાં તે કહેવાયું છે=પ્રસ્તુત ગાથામાં કહ્યું તે કહેવાયું છે.**

"હે ભગવંત ! પુલાક સાધુ શું તીર્થમાં થાય ? કે અતીર્થમાં થાય ? તેનો ઉત્તર આપતાં ભગવાન કહે છે. હે ગૌતમ ! તીર્થમાં થાય. અતીર્થમાં થાય નહિ. એ રીતે=જે રીતે પુલાક સાધુમાં કહ્યું એ રીતે, બકુશમાં અને પ્રતિસેવના કુશીલમાં પ્રશ્ન અને ઉત્તર જાણવો. કષાયકુશીલમાં પૃચ્છા. ભગવાન ઉત્તર આપે છે હે ગૌતમ ! તીર્થમાં થાય અથવા અતીર્થમાં થાય. જો અતીર્થમાં થાય તો શું તીર્થંકર થાય કે પ્રત્યેકબુદ્ધ થાય ? તેનો ઉત્તર આપતાં ભગવાન કહે છે.

હે ગૌતમ ! તીર્થંકર થાય અથવા પ્રત્યેકબુદ્ધ થાય. એ રીતે નિર્ગ્રંથમાં પણ=કષાયકુશીલમાં જે રીતે પ્રશ્ન કર્યો અને ઉત્તર આપ્યો એ રીતે નિર્ગ્રંથમાં પણ, ઉત્તર છે. એ રીતે સ્નાતકમાં પણ છે=કષાયકુશીલ સમાન જ પ્રશ્ન અને ઉત્તર છે. ॥૬૯॥

**ભાવાર્થ :-**

જેના વડે જીવ સંસારસાગર તરે તે તીર્થ છે અને તે તીર્થ ભગવાનનું વચન છે અર્થાત્ શબ્દાત્મક કે પુદ્ગલાત્મક વચન નહિ, પરંતુ ભગવાનના વચનથી પ્રગટ થયેલું તત્ત્વાતત્ત્વને સ્પર્શનારું યથાર્થ જ્ઞાન તીર્થ છે. તેથી જેઓને ભગવાનનું વચન જે તાત્પર્યમાં ભગવાને કહેલ છે, તે તાત્પર્યના બોધપૂર્વક મધ્યસ્થ બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને તે મધ્યસ્થ બુદ્ધિપૂર્વકનું તેઓનું શ્રુતજ્ઞાન તે તીર્થ છે અને તે શ્રુતનું આધારપણું હોવાથી ચતુર્વિધ શ્રમણસંઘ પણ તીર્થ કહેવાય છે. તેથી, માત્ર જૈનધર્મને સેવનારા સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાનો સમુદાય તીર્થ નથી, પરંતુ જેઓને પરમગુરુનું વચન સમ્યક્ પરિણમન પામ્યું છે, તેથી સુખનો ઉપાય ત્રણ ગુપ્તિ જ છે, તેવો નિર્ણય છે, તેવા શ્રમણપ્રધાન સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપ સંઘ પણ તીર્થ છે. તેથી ફલિત થાય કે જેઓને સાધુધર્મ સૂક્ષ્મ બોધપૂર્વક પરિણમન પામ્યો છે, તેવા નિર્ગ્રંથો કે નિર્ગ્રંથીઓ અથવા તેવા તેવા નિર્ગ્રંથભાવના અત્યંત અર્થી એવા શ્રાવકો કે શ્રાવિકાઓ કે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોનો સમુદાય તીર્થ છે; કેમ કે તેઓમાં વર્તતું જિનવચન તેઓને સંસારસાગરથી તારે છે.

વળી, ચતુર્વિધ શ્રમણ સંઘને તીર્થ કહીએ, ત્યારે કોઈક તીર્થંકરો ચતુર્વિધ સંઘની સ્થાપના કરે ત્યારે તીર્થ છે, તેમ કહેવાય છે અને જ્યાં સુધી ચતુર્વિધ સંઘની સ્થાપના થઈ નથી, ત્યાં સુધી તે સ્થાનના પૂર્વે કોઈ સમ્યગ્દૃષ્ટિ આદિ હોય, કોઈક પ્રત્યેકબુદ્ધ હોય તોપણ ચતુર્વિધ સંઘરૂપ તે તીર્થ નથી, તેમ કહેવાય છે અને સ્થાપિત થયેલા તીર્થમાં પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ નિર્ગ્રંથો થાય છે. વળી, કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક તીર્થમાં પણ થાય છે અને અતીર્થમાં પણ થાય છે. જેમ તે તે તીર્થંકરો દ્વારા સ્થાપિત તીર્થમાં સંયમ લઈને જેઓ અપ્રમાદભાવથી મોહનાશ માટે યત્ન કરે છે, તેઓ કોઈ જાતની પ્રતિસેવના કરતા નથી, પરંતુ ધર્મક્ષમાના બળથી વીતરાગ થવા યત્ન કરે છે તોપણ દશમા ગુણસ્થાનક સુધી તેઓનું જ્ઞાન કંઈક કષાયોથી કુશીલ થયેલું છે અને તેવા સાધુ તીર્થમાં પણ વર્તે છે. વળી, સંપૂર્ણ કષાયોનો ઉપશમ કર્યો છે કે ક્ષય કર્યો છે, તેવા અગિયારમા કે બારમા ગુણસ્થાનકવાળા નિર્ગ્રંથો કોઈક તીર્થંકરના તીર્થમાં વર્તતા હોય છે અને ઘાતીકર્મોનો નાશ કર્યો છે, તેવા સયોગીકેવલી કે અયોગીકેવલી કોઈક તીર્થંકરોના તીર્થમાં હોય છે અને તીર્થની સ્થાપના પૂર્વે તીર્થંકરો સંયમ લઈને નિર્ગ્રંથ થવા માટે યત્ન કરે છે અને નિર્ગ્રંથ થયા નથી, ત્યાં સુધી અતીર્થમાં કષાયકુશીલ તીર્થંકરો છે, તેમ તીર્થની સ્થાપના પૂર્વે કોઈક મહાત્માને કોઈક નિમિત્તે ભવ અત્યંત નિર્ગુણ જણાય, તેથી ભવથી વિરક્ત થયેલા પ્રત્યેકબુદ્ધ એવા તે મહાત્મા તીર્થની સ્થાપના પૂર્વે પણ કષાયકુશીલ હોય છે અને અગિયારમા કે બારમા ગુણસ્થાનકને પામે તો નિર્ગ્રંથ થાય છે અને ઘાતીકર્મોનો ક્ષય કરીને સ્નાતક થાય છે અને અતીર્થમાં જ મોક્ષમાં જાય છે. તેથી, તીર્થંકરો અને પ્રત્યેકબુદ્ધો અતીર્થમાં પણ હોય છે અને તીર્થમાં પણ હોય છે. આથી જ તીર્થમાં પણ ઘણા પ્રત્યેકબુદ્ધો થાય છે. **॥૬૯॥**

**અવતરણિકા :-**

**ग्रन्थान्तरव्याख्याविशेषमाह—**

**અવતરણિકાર્થ :-**

**ગ્રંથાંતરની વ્યાખ્યાવિશેષને કહે છે=પૂર્વની ગાથા ભગવતીસૂત્ર અનુસાર બતાવી. હવે અન્ય ગ્રંથમાં તીર્થસિદ્ધ અને અતીર્થસિદ્ધ કોણ છે, તેનું વર્ણન બતાવેલ છે. તેને સ્પષ્ટ કરે છે—**

**ગાથા :-**

**सव्वेसु वि तित्थेसुं, होंति पुलागाइया णियंठ त्ति ।**
**खुड्डागणियंठिज्जे, णिदंसियं तित्थदारम्मि ।।७०।।**

**ગાથાર્થ :-**

**સર્વ પણ તીર્થોમાં પુલાક આદિ નિર્ગ્રંથો થાય છે. એ પ્રમાણે ક્ષુલ્લકનિર્ગ્રંથ અધ્યયનમાં તીર્થદ્વારમાં બતાવાયું છે. ।।૭૦।।**

**ટીકા :-**

**'सव्वेसु वि'त्ति । सर्वेष्वपि तीर्थेषु पुलाकादयो निर्ग्रन्था भवन्तीति क्षुल्लकनिर्ग्रन्थीयेऽध्ययने तीर्थद्वारे निदर्शितम् । एतद्विवरणे चेत्थमुक्तम्—**"तीर्थमिदानीम्-सर्वेषां तीर्थकराणां तीर्थेषु भवन्ति । एके त्वाचार्या मन्यन्ते-पुलाकबकुशप्रतिसेवनाकुशीलास्तीर्थे नित्यम्, शेषास्तु तीर्थेऽतीर्थे वा" इति **।।७०।।**

**ટીકાર્થ :-**

**सर्वेष्वपि ..... वा" इति ।। બધાં પણ તીર્થોમાં=સર્વ તીર્થંકરોનાં તીર્થોમાં, પુલાકાદિ નિર્ગ્રંથો થાય છે, એ પ્રમાણે ક્ષુલ્લકનિર્ગ્રંથી અધ્યયનમાં=ઉત્તરાધ્યયનના ક્ષુલ્લકનિર્ગ્રંથી અધ્યયનમાં, તીર્થદ્વાર વિષયક પ્રરૂપણામાં બતાવ્યું છે અને આના વિવરણમાં=ક્ષુલ્લકનિર્ગ્રંથી અધ્યયનના વિવરણમાં, આ પ્રમાણે કહેવાયું છે.**

"હવે, તીર્થ=તીર્થદ્વાર, કહેવાય છે. સર્વ તીર્થંકરોનાં તીર્થોમાં થાય છે. વળી, એક આચાર્ય માને છે. પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ તીર્થમાં નિત્ય હોય છે. વળી, શેષ=પુલાકાદિ ત્રણ સિવાયના શેષ ત્રણ, તીર્થમાં અથવા અતીર્થમાં હોય છે." ।।૭૦।।

**ભાવાર્થ :-**

ઉત્તરાધ્યયનમાં ક્ષુલ્લકનિર્ગ્રંથી અધ્યયન છે, તે અધ્યયનમાં તીર્થ નામનું દ્વાર છે અને તે દ્વારા કહેવાયેલું છે કે સર્વ પણ તીર્થંકરોનાં તીર્થમાં પુલાકાદિ છએ નિર્ગ્રંથો થાય છે. આ કથન ભગવતીના કથન સાથે વિરુદ્ધ નથી; કેમ કે ભગવતીના કથનમાં પણ તીર્થમાં ત્રણ નિર્ગ્રંથો થાય છે, તેમ કહીને અન્ય ત્રણ નિર્ગ્રંથો

તીર્થમાં અને અતીર્થમાં થાય છે એમ કહેલ છે તેથી ભગવતીના વચનાનુસાર તીર્થમાં છએ નિર્ગ્રંથોની પ્રાપ્તિ છે, તેમ ઉત્તરાધ્યયનના વચનાનુસાર પણ તીર્થમાં છએ નિર્ગ્રંથોની પ્રાપ્તિ છે. ફક્ત ઉત્તરાધ્યયનના વિવરણમાં કહ્યું, તે પ્રમાણે પુલાક આદિ ત્રણ નિર્ગ્રંથો તીર્થમાં નિત્ય હોય છે અને શેષ ત્રણ નિર્ગ્રંથો તીર્થમાં અને અતીર્થમાં હોય છે. પરંતુ તીર્થમાં તે ત્રણેય શેષ નિર્ગ્રંથો નિત્ય પ્રાપ્ત થતા નથી, તેટલી વિશેષતાની પ્રાપ્તિ ઉત્તરાધ્યયનના વચનથી થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે સર્વ તીર્થંકરોનાં તીર્થમાં પુલાક સાધુ, બકુશ સાધુ અને પ્રતિસેવનાકુશીલ સાધુ તીર્થ દરમિયાન સદા પ્રાપ્ત થાય છે. જ્યારે કષાયકુશીલ સાધુ સદા પ્રાપ્ત થાય તેવો નિયમ નથી અને તીર્થમાં પણ પ્રાપ્ત થાય અને અતીર્થમાં પણ પ્રાપ્ત થાય. વળી, નિર્ગ્રંથ સાધુ પણ તીર્થમાં ક્યારેક પ્રાપ્ત થાય છે તો ક્યારેક નિર્ગ્રંથ સાધુના અભાવની પણ પ્રાપ્તિ છે અને સ્નાતક પણ કેવલી વિચરતા હોય ત્યારે પ્રાપ્ત થાય છે; કેમ કે સ્નાતક કેવલી છે અને કેવલીના અભાવમાં સ્નાતક નિર્ગ્રંથ પ્રાપ્ત થતા નથી. **॥૭૦॥**

**અવતરણિકા :-**

**उक्तं तीर्थद्वारम् । अथ लिङ्गद्वारमाह—**

**અવતરણિકાર્થ :-**

**તીર્થદ્વાર કહેવાયું. હવે, લિંગદ્વાર કહે છે—**

**ગાથા :-**

**बज्झब्भंतरभेअं, लिंगं दव्वे य होइ भावे य ।**
**दव्वम्मि तिसु वि सव्वे, भावे सव्वे वि णियलिंगे ।।७१।।**

**ગાથાર્થ :-**

**લિંગ બાહ્ય અને અભ્યંતર ભેદવાળું છે અને દ્રવ્યભાવના વિષયમાં થાય છે=લિંગ થાય છે. ત્રણેય પણ દ્રવ્યલિંગમાં સર્વ=પુલાકાદિ સર્વ, પણ સાધુઓ થાય છે. ભાવલિંગ વિષયક નિજ લિંગમાં=સર્વજ્ઞકથિત લિંગમાં સર્વ થાય છે. ।।૭૧।।**

**ટીકા :-**

**'बज्झ'त्ति । लिङ्ग्यते-गम्यते स्वरूपमनेनेति लिङ्गम्, तच्च बाह्याभ्यन्तरभेदं द्रव्ये भावे च भवति । तत्र 'द्रव्ये' द्रव्यलिङ्गे वेषमात्ररूपे 'सर्वे' पुलाकादयः 'त्रिष्वपि' लिङ्गेषु स्वलिङ्गपरलिङ्ग-गृहिलिङ्गलक्षणेषु भवन्ति । भावे पुनः सर्वेऽपि निजलिङ्ग एव भवन्ति, भावलिङ्गस्य ज्ञानादिलक्षण-त्वात् तस्य चार्हतामेव भावात्, उक्तञ्च प्रज्ञप्तौ—"पुलाए णं भंते ! किं सलिंगे होज्जा अण्णलिंगे होज्जा गिहिलिंगे होज्जा ? गोयमा ! दव्वलिंगं पडुच्च सलिंगे वा होज्जा अण्णलिंगे वा होज्जा गिहिलिंगे वा होज्जा, भावलिंगं पडुच्च णियमा सलिंगे होज्ज"त्ति ।।७१।।**

**ટીકાર્થ :-**

**लिङ्ग्यते- ..... होज्ज'त्ति ।। જણાય છે સ્વરૂપ આના વડે એ લિંગ છે અને તે=લિંગ, બાહ્ય અભ્યંતર ભેદવાળું દ્રવ્યના વિષયમાં અને ભાવના વિષયમાં હોય છે. ત્યાં=લિંગવિષયક, દ્રવ્યમાં=વેશમાત્ર રૂપ દ્રવ્યલિંગમાં, સર્વ=પુલાકાદિ સર્વ, ત્રણેય પણ લિંગમાં થાય છે=સ્વલિંગમાં, પરલિંગમાં અને ગૃહસ્થલક્ષણ લિંગમાં થાય છે. વળી, ભાવમાં સર્વ પણ=છએ પ્રકારના નિર્ગ્રંથો પણ, નિજ લિંગમાં જ=સર્વજ્ઞપ્રણીત ભાવલિંગમાં જ, થાય છે; કેમ કે ભાવલિંગનું જ્ઞાનાદિલક્ષણપણું છે અને યોગ્યને જ=ભાવલિંગને યોગ્ય એવા જીવોને જ, તેનો=ભાવલિંગનો, સદ્ભાવ છે અને પ્રજ્ઞપ્તિમાં કહેવાયું છે.**

**ઉદ્ધરણાર્થ :-**

"હે ભગવંત ! પુલાક શું સ્વલિંગમાં થાય ? અન્ય લિંગમાં થાય ? અથવા ગૃહસ્થલિંગમાં થાય ? ભગવાન કહે છે, હે ગૌતમ ! દ્રવ્યલિંગને આશ્રયીને સ્વલિંગમાં થાય, અન્ય લિંગમાં થાય અથવા ગૃહસ્થલિંગમાં થાય. ભાવલિંગને આશ્રયીને નિયમા સ્વલિંગમાં હોય છે." **॥૭૧॥**

**ભાવાર્થ :-**

લિંગ શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. આના દ્વારા સ્વરૂપ જણાય છે, તે લિંગ છે. તે લિંગ બાહ્ય અને અંતરંગ ભેદવાળું છે. તેથી એ પ્રાપ્ત થાય કે બાહ્ય રીતે ધારણ કરેલો વેશ અને બાહ્ય આચરણારૂપ ક્રિયા, એનાથી જે જણાય તે લિંગ કહેવાય. તેથી, કોઈ સાધુવેશમાં હોય અને સાધ્વાચારની બાહ્ય ઉચિત ક્રિયા કરતા હોય તેના દ્વારા આ સાધુ છે, તેમ જણાય છે. આથી જ સાધુવેશમાં રહેલા અને યથાતથા ક્રિયા કરનારા પાસત્થાને જોઈને આ સાધુ છે, તેવું વિવેકીને જણાતું નથી; કેમ કે સાધુવેશથી સાધુ છે, તેમ જણાય છે, તેમ વિપરીત ક્રિયાથી અસાધુ છે, તેમ પણ જણાય છે. પરંતુ જેઓ સાધુવેશમાં છે અને સાધ્વાચારની ઉચિત ક્રિયાઓ કરે છે, તેનાથી "તેઓ જૈન સાધુના લિંગમાં છે" તેના દ્વારા તેઓ સાધુ છે, તેવું જણાય છે.

વળી, કોઈ ગૃહસ્થવેશમાં હોય અને ગૃહસ્થની ક્રિયાઓ કરતા હોય તો તે ગૃહિલિંગમાં છે, તેમ જણાય છે અને કોઈ અન્ય દર્શનના તાપસ આદિ હોય અને તે તે દર્શનને અભિમત તે તે ક્રિયાઓ કરતા હોય તો અન્ય લિંગના આ સંન્યાસી છે, તેમ બોધ થાય છે. તેથી, દ્રવ્ય આચરણા અને વેશરૂપ લિંગથી સ્વલિંગ, ગૃહસ્થલિંગ અને પરલિંગનો બોધ થાય છે અને તે ત્રણેય લિંગમાં રહેલા જીવોને કોઈક નિમિત્તે બોધ થાય કે કષાયોના તરંગોથી પર એવી નિરાકુળ ચેતના જ સુખાત્મક છે. તેથી સુખના અર્થી એવા તેઓ જગતના ભાવો પ્રત્યેના સંશ્લેષને દૂર કરીને નિરાકુળ ભાવો પ્રત્યે અત્યંત પ્રતિબદ્ધ પરિણામવાળા થાય છે. જેમ, ગીતામાં મુનિનું સ્વરૂપ બતાવતાં કહ્યું કે,

**दुःखेषु अनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।**
**वीतलोभभयक्रोध स्थिरधीमुनिरुच्यते ।।**

અને તેટલા બોધ માત્રથી જ ચિલાતીપુત્રની જેમ જેઓનું ચિત્ત સંસારના ભાવોને ન સ્પર્શે તેવું અનંતાનુબંધી આદિ બાર કષાયોના ક્ષયોપશમભાવવાળું થાય તો મુનિભાવના ક્ષયોપશમના બળથી કેટલાક પુલાક સંયમસ્થાનને સ્પર્શે છે તો કેટલાક બકુશ અને પ્રતિસેવનાકુશીલ સંયમસ્થાનને પણ સ્પર્શે છે તો કેટલાક છદ્મસ્થ તીર્થંકરની જેમ કષાયકુશીલ સંયમસ્થાનને પણ સ્પર્શે છે. જેના બળથી નિર્ગ્રંથ થઈને સ્નાતક પણ થાય છે. તેથી, ગૃહસ્થની ક્રિયા કે ગૃહસ્થનું લિંગ તે ભાવોની નિષ્પત્તિ પ્રત્યે સહાયક નહિ હોવા છતાં મહાધૃતિના બળથી ગૃહસ્થલિંગવાળા અને અન્ય લિંગવાળા ભાવલિંગને પ્રાપ્ત કરીને પુલાક આદિ સાધુ પણ થાય છે અને સ્વલિંગમાં વર્તતા સાધુઓ ભગવાને બતાવેલા વેશના બળથી અને ઉચિત ક્રિયાના બળથી સુખપૂર્વક ભગવાને બતાવેલા ભાવલિંગને પ્રાપ્ત કરીને પુલાક આદિ સાધુ થાય છે.

વળી, ગૃહસ્થલિંગવાળા અને અન્ય લિંગવાળાને ભગવાને બતાવેલ વેશ અને ક્રિયા સહાયક નહિ હોવા છતાં તત્ત્વને સ્પર્શનાર મહાધૃતિના બળથી તેઓ પુલાક આદિ સંયમસ્થાનોને સ્પર્શે છે અને પુલાક આદિ સાધુઓનું ભાવલિંગ બારકષાયોના ક્ષયોપશમ આદિથી જન્ય રત્નત્રયીની પરિણતિ સ્વરૂપ છે. નિર્ગ્રંથ અને સ્નાતક સાધુ સોળેય કષાયોના ક્ષયથી જન્ય રત્નત્રયીની પરિણતિ સ્વરૂપ છે. તેથી જેઓને ગૃહસ્થલિંગમાં કે અન્ય લિંગમાં પણ કોઈક વચનને અવલંબીને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ રુચિ અને સમ્યગ્ ચારિત્રની પરિણતિ જે ભૂમિકાની થાય છે, તેને અનુરૂપ પુલાક આદિ સ્થાનની પ્રાપ્તિ થાય છે. આથી જ ક્ષાયિકભાવને પામનારા ગૃહસ્થલિંગમાં અને અન્ય લિંગમાં જેમ સિદ્ધ થનારા પ્રાપ્ત થાય છે, તેમ પુલાક આદિ સંયમસ્થાનને પણ પ્રાપ્ત થનારા બાહ્ય ત્રણેય લિંગોમાં પ્રાપ્ત થાય છે. **॥૭૧॥**

**અવતરણિકા :-**

**भावलिङ्गस्यान्यत्रापि सत्त्वमुपपादयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**અન્યત્ર પણ=અન્ય દર્શનમાં પણ, ભાવલિંગના સત્ત્વનું ઉપપાદન કરતાં કહે છે—**

**ગાથા :-**

**जं सोहणमत्थपयं, अण्णत्थ वि होइ आयकज्जकरं ।**
**तं दिट्ठिवायमूलं, पमाणमिय बिंति आयरिया ।।७२।।**

**ગાથાર્થ :-**

**જે શોભન અર્થપદ અન્યત્ર પણ આત્માના કાર્યને કરનાર છે, તે દૃષ્ટિવાદનું મૂલ થતું પ્રમાણ છે, એને આચાર્યો કહે છે. ।।૭૨।।**

**ટીકા :-**

**'जं सोहणं'ति । यत् 'शोभनं' परमार्थरमणीयं 'अर्थपदं' यमनियमादिवचनं 'अन्यत्रापि' जैनग्रन्थाति-**

रिक्तग्रन्थेऽपि 'आत्मकार्यकरं' योगदृष्टिप्राधान्येनासद्ग्रहनिरासद्वारा भावसम्यक्त्वप्राप्तिरूपाध्यात्मप्रसादकरं तत् पारम्पर्येण दृष्टिवादमूलं सत् प्रमाणम्, भागवतभावलिङ्गरूपत्वादन्येषामीदृशार्थस्य स्वातन्त्र्येण ज्ञानायोगात् । इत्थं चान्यत्रापि भावलिङ्गसम्भव इत्यस्माकं 'आचार्याः' हरिभद्रादयो ब्रुवते, व्यक्तं चैतदुपदेशपदयोगदृष्टिसमुच्चयादौ, समर्थितं चास्माभिरपि द्वात्रिंशिकाप्रकरणादाविति नेह भूयान् प्रयासः ।।७२।।

**ટીકાર્થ :-**

**यत् .... प्रयासः ।। જે શોભન=પરમાર્થ રમણીય, યમનિયમાદિ વચનરૂપ અર્થપદ અન્યત્ર પણ=જૈન ગ્રંથથી અતિરિક્ત ગ્રંથોમાં પણ, આત્માના કાર્યને કરનાર છે=યોગદૃષ્ટિના પ્રાધાન્યથી અસદ્ગ્રહના નિરાસ દ્વારા ભાવસમ્યક્ત્વની પ્રાપ્તિરૂપ અધ્યાત્મને પ્રસાદ કરનાર છે=ઓઘદૃષ્ટિ ગૌણ છે અને યોગદૃષ્ટિ પ્રધાન છે તેના કારણે અસદ્ગ્રહનો નિરાસ થાય છે તેના દ્વારા ભાવસમ્યક્ત્વની પ્રાપ્તિરૂપ અધ્યાત્મને પ્રસાદ કરનાર છે. તે=શોભન એવું અન્ય દર્શનનું અર્થપદ, પરંપરાથી દૃષ્ટિવાદનું મૂળ છતું પ્રમાણ છે; કેમ કે ભગવાન સંબંધી ભાવલિંગરૂપપણું હોવાને કારણે અન્યોને તેવા પ્રકારના અર્થનો સ્વાતંત્ર્યથી જ્ઞાનનો અયોગ છે અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે અન્ય દર્શનમાં પણ જે શોભન અર્થપદ છે તે દૃષ્ટિવાદનું મૂળ છે એ રીતે, અન્યત્ર પણ ભાવલિંગનો સંભવ છે એ પ્રમાણે અમારા આચાર્ય હરિભદ્રાદિ કહે છે અને આ=અન્ય દર્શનમાં પણ શોભન અર્થપદ છે માટે ભાવલિંગનો સદ્ભાવ છે એ, ઉપદેશપદ અને યોગદૃષ્ટિસમુચ્ચય આદિમાં વ્યક્ત છે અને અમારા વડે પણ=ઉપાધ્યાય યશોવિજયજી વડે પણ, બત્રીશીના પ્રકરણ આદિમાં સમર્થિત કરાયું છે. એથી અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, ઘણો પ્રયાસ કરાતો નથી. ।।૭૨।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે પરલિંગમાં પણ=અન્ય દર્શનના સંન્યાસીઓમાં પણ, પુલાક આદિ છએ પ્રકારના નિર્ગ્રંથો સંભવે છે તેથી, એ ફલિત થાય કે અન્ય દર્શનના કોઈ સંન્યાસી તે દર્શનના વેશમાં હોય અને તે દર્શનના આચારો પાળતા હોય છતાં ભાવથી નિર્ગ્રંથભાવને અનુકૂળ પ્રસ્થાન થાય તો તેઓ બકુશ કુશીલ ચારિત્રી રૂપે પણ પ્રાપ્ત થાય છે; કેમ કે ભાવલિંગની પ્રાપ્તિથી જ નિર્ગ્રંથભાવની પ્રાપ્તિ છે અને ભાવલિંગ રત્નત્રયીની પરિણતિ સ્વરૂપ છે. તેથી જેઓને સમ્યગ્બોધ થયો છે કે ભવનિસ્તાર માટે ત્રણ ગુપ્તિમાં યત્ન કરવો જોઈએ અને સમ્યગ્બોધ અનુસાર ત્રણ ગુપ્તિમાં યત્ન કરવાની ઉત્કટ રુચિ થઈ છે અને શક્તિના અતિશયથી જેઓ ત્રણ ગુપ્તિમાં યત્ન કરે છે, તેવા મહાત્મા અન્ય લિંગમાં પણ સંભવી શકે છે. તેથી રત્નત્રયીની પરિણતિના બળથી તેઓ ભાવલિંગને પ્રાપ્ત કરીને બકુશ કુશીલ આદિ ચારિત્રી પણ સંભવી શકે છે. કેમ તે દર્શનમાં રહેલા યોગીઓને ભાવથી રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે ? એથી કહે છે.

અન્ય દર્શનમાં પણ જે પરમાર્થ રમણીય અર્થપદો છે, તે આત્માના કાર્યને કરનાર છે; કેમ કે યમ-

નિયમાદિને કહેનારાં તે વચનો પરમાર્થથી પાંચ મહાવ્રતોનું સ્વરૂપ બતાવે છે. તેથી તે વચનોને લઈને જેઓની માર્ગાનુસારી પ્રજ્ઞા પ્રગટ થઈ છે, તેવા અન્ય લિંગના સંન્યાસીઓને જણાય કે પાંચ મહાવ્રતરૂપ આ યમ છે, તેથી કોઈ જીવને પીડા ન થાય, કોઈ જીવનો પ્રાણનાશ ન થાય તે રીતે અહિંસાનું પાલન કરવું જોઈએ. એ રીતે સત્ય આદિ વ્રતો પણ તે મહાત્માને માર્ગાનુસારી બુદ્ધિથી યથાર્થ જણાય અને અપરિગ્રહવ્રત પણ સર્વ ગ્રંથોના ત્યાગથી નિર્ગ્રંથ ભાવરૂપે જણાય તેથી, માર્ગાનુસારી પ્રજ્ઞાવાળા તે જીવો પ્રથમ ભૂમિકામાં ઓઘદૃષ્ટિના ગૌણભાવથી અને યોગદૃષ્ટિના પ્રાધાન્યથી પ્રવૃત્તિ કરે છે. તેથી, ઓઘદૃષ્ટિને કારણે સ્વદર્શનનો ઈષદ્ રાગ વર્તે છે તોપણ મહાવ્રતોના પરમાર્થને જોનાર દૃષ્ટિ પ્રધાનરૂપે સ્ફુરણ થાય છે અને જેમ જેમ મહાવ્રતોના સૂક્ષ્મ સ્વરૂપને જોવા માટે તેઓ સમર્થ બને છે, તેમ તેમ સ્વદર્શન પ્રત્યે ઓઘદૃષ્ટિથી વર્તતો ઈષદ્ રાગ ક્ષીણ ક્ષીણતર થાય છે અને જ્યારે સંપૂર્ણ અસદ્ગ્રહ દૂર થાય છે, ત્યારે તેઓને મહાવ્રતો જ મોક્ષના કારણરૂપે દેખાય છે અને મહાવ્રત અંતર્ગત અપરિગ્રહવ્રતરૂપ નિર્ગ્રંથભાવ જ તેઓને તત્ત્વ દેખાય છે. તેથી, તેવા મહાત્માઓ તે તે દર્શનમાં રહેલા હોવા છતાં કોઈ દર્શનના પક્ષપાત વગર ક્ષમાદિ ભાવો જ નિર્ગ્રંથભાવ પ્રત્યે પરમબીજ છે. તેમ તેઓને દેખાય છે. તેથી શક્તિના પ્રકર્ષથી તેઓ ક્ષમા, માર્દવ, આર્જવાદિમાં યત્ન કરે છે. તેથી ભાવસમ્યક્ત્વની પ્રાપ્તિ દ્વારા અધ્યાત્મના પ્રસાદને કરનાર દૃષ્ટિવાદ મૂળવાળાં તે અર્થપદોને જાણનારા થાય છે. તેથી જેમ ચિલાતીપુત્ર ઉપશમ, વિવેક, સંવર એ ત્રણ પદો દ્વારા ભાવચારિત્રને પ્રાપ્ત કરી શક્યા, તેમ તે મહાત્માને પણ યમ-નિયમ આદિ પદો દ્વારા નિર્ગ્રંથભાવની પ્રાપ્તિ થાય છે. તેને સ્પષ્ટ કરવાર્થે કહે છે કે તેઓએ પ્રાપ્ત કરેલાં અર્થપદો ભગવાનના ભાવલિંગ સ્વરૂપ હોવાથી અન્ય દર્શનવાળાઓને આવા અર્થનું સ્વતંત્રથી જ્ઞાન થતું નથી. પરંતુ દૃષ્ટિવાદના તાત્પર્યને સ્પર્શનાર માર્ગાનુસારી ઊહથી જ થાય છે અને તે જ્ઞાન ભગવાને કહેલા રત્નત્રયીની પરિણતિરૂપ ભાવલિંગ સ્વરૂપ જ છે. તેથી અન્ય દર્શનમાં પણ ભાવલિંગનો સંભવ છે, એમ પૂ. આ. હરિભદ્રસૂરિજી મ.સા. કહે છે.

અહીં વિશેષ એ છે કે જૈનદર્શનની સંયમની ઉચિત ક્રિયાઓ તે તે પ્રકારના પ્રણિધાનપૂર્વક કરવાથી સુખપૂર્વક રત્નત્રયીની પરિણતિ સ્ફુરાયમાન થાય છે. જ્યારે અન્ય દર્શનના સંન્યાસીઓના આચારો મહાવ્રતોને સ્પર્શે તેવી સૂક્ષ્મ ક્રિયાને બતાવનાર નથી અને મહાવ્રતોના સૂક્ષ્મ બોધને બતાવનારાં તેઓનાં વચન નથી. પરંતુ મહાવ્રતો કઈ રીતે આત્માના કાર્યને કરનાર છે, તેવો બોધ તે દર્શનના સંન્યાસીઓને થાય તો પોતાની માર્ગાનુસારી પ્રજ્ઞાના બળથી તે અર્થપદોના અવલંબનથી તે મહાત્માઓ નિર્ગ્રંથભાવના રહસ્યને પ્રાપ્ત કરી શકે છે. તેથી તે દર્શનમાં પણ પુલાક આદિ સાધુઓની પ્રાપ્તિનો સંભવ છે. **॥૭૨॥**

**અવતરણિકા :-**

**उक्तं लिङ्गद्वारम् । अथ शरीरद्वारमाह—**

**અવતરણિકાર્થ :-**

**લિંગદ્વાર કહેવાયું. હવે, શરીરદ્વારને કહે છે—**

ગાથા :-

ओरालाइ सरीरं, पढमो तिसु तत्थ दो य चरमिल्ला ।
सविउव्व बउससेवी, सकसायाऽऽहारगजुआ वि ।।७३।।

ગાથાર્થ :-

ઔદારિક આદિ શરીરો છે. ત્યાં=શરીરની વિચારણામાં પ્રથમ=પુલાક સાધુ અને છેલ્લા બે= નિર્ગ્રંથ અને સ્નાતક, ત્રણેયમાં હોય છે=ત્રણેય શરીરોમાં હોય છે. વૈક્રિય શરીરયુક્ત બકુશ પ્રતિસેવી છે. સકષાય સાધુ આહારક શરીરયુક્ત પણ હોય છે. ।।૭૩।।

ટીકા :-

'ओरालाइ'त्ति । शीर्यत इति शरीरमौदारिकादि पञ्चविधं व्यक्तम् । तत्र विचार्यमाणे 'प्रथमः' पुलाकः 'द्वौ च चरमौ' निर्ग्रन्थस्नातकौ, एते 'त्रिषु शरीरेषु' शिष्टयोर्वक्तव्यत्वादौदारिकतैजस-कार्मणेषु भवन्ति । 'बकुशासेविनौ' बकुशप्रतिसेवाकुशीलौ सवैक्रियावपि भवतः, तथा च वैक्रियं विना त्रिषु तत्साहित्येन चतुर्षु वा भवन्तीत्यर्थः । 'सकषायाः' कषायकुशीला आहारकयुता अपि भवन्ति, तथा च त्रिषु चतुर्षु पञ्चसु वा लभ्यन्त इत्यर्थः ।।७३।।

ટીકાર્થ :-

शीर्यत ..... इत्यर्थः ।। શીર્ણ થાય છે એ શરીર છે. ઔદારિક આદિ પાંચ પ્રકારનું શરીર વ્યક્ત છે. તેમાં વિચારણા કરાયે છતે=ઔદારિક આદિ પાંચ શરીરોમાં પુલાક આદિની વિચારણા કરાયે છતે, પ્રથમ=પુલાક સાધુ અને બે ચરમ સાધુ=નિર્ગ્રંથ અને સ્નાતક, એ=પુલાક આદિ ત્રણે સાધુઓ, ત્રણેય શરીરોમાં થાય છે=શિષ્ટ એવા બેનું વક્તવ્યપણું હોવાથી ઔદારિક, તૈજસ, કાર્મણ શરીરોમાં થાય છે અર્થાત્ પ્રથમનાં ત્રણ શરીર ન ગ્રહણ કરતાં પ્રથમનું ઔદારિક શરીર અને અંતિમ બે શરીર ગ્રહણ કેમ કર્યાં ? તેથી કહે છે. શાસ્ત્રમાં કહેવાયેલા એવા ચરમ બેનું વક્તવ્યપણું હોવાથી ઔદારિક, તૈજસ, કાર્મણ શરીરમાં થાય છે. બકુશ અને પ્રતિસેવી=બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાધુ, સવૈક્રિયવાળા પણ થાય છે=પૂર્વમાં કહેલાં ત્રણ શરીરોવાળા તો હોય છે પરંતુ વૈક્રિય સહિત તે ત્રણ શરીરોવાળા થાય છે અને તે રીતે=પૂર્વમાં કહ્યું તે રીતે, વૈક્રિય વિના ત્રણમાં અને તેના સહિતથી=વૈક્રિય શરીરના સહિતથી, ચારમાં=ચાર શરીરોમાં, થાય છે=બકુશ અને પ્રતિસેવનાકુશીલ થાય છે. કષાયવાળા= કષાયકુશીલ સાધુઓ, આહારયુક્ત પણ થાય છે અને તે રીતે=કષાયકુશીલ સાધુઓ આહારયુક્ત પણ થાય છે તે રીતે, ત્રણ શરીરોમાં, ચાર શરીરોમાં અને પાંચ શરીરોમાં પ્રાપ્ત થાય છે અર્થાત્ જેઓને વૈક્રિયલબ્ધિ પ્રાપ્ત થઈ નથી કે વૈક્રિય શરીર પ્રાપ્ત થવા છતાં ક્યારેય બનાવ્યું નથી, એવા કષાયકુશીલ સાધુ ઔદારિક, તૈજસ, કાર્મણ રૂપ ત્રણ શરીરોમાં હોય છે. વળી, કોઈક કષાયકુશીલ

સાધુ વૈક્રિય લબ્ધિવાળા હોય અને વૈક્રિય શરીર કરે તો ચાર શરીરોમાં પ્રાપ્ત થાય છે. કોઈ કષાયકુશીલ સાધુ વૈક્રિયલબ્ધિ અને આહારકલબ્ધિવાળા હોય છતાં વૈક્રિય શરીર ન કરે અને ચૌદ પૂર્વધર હોય અને કોઈક સ્થાને શંકાના નિવારણ અર્થે આહારક શરીર કરે તો ચાર શરીરયુક્ત પ્રાપ્ત થાય છે અને તે જ કષાયકુશીલ સાધુ કોઈક નિમિત્તે વૈક્રિય શરીર બનાવે અને કોઈક અન્ય નિમિત્તે આહારક શરીર બનાવે ત્યારે તે કષાયકુશીલ સાધુમાં પાંચેય શરીરોની પ્રાપ્તિ થાય છે. ॥૭૩॥

**અવતરણિકા :-**

उक्तं शरीरद्वारम् । अथ क्षेत्रद्वारमाह—

**અવતરણિકાર્થ :-**

શરીરદ્વાર કહેવાયું. હવે, ક્ષેત્રદ્વાર કહે છે—

**ગાથા :-**

खित्तं कम्मधराई, तत्थ पुलाओ उ कम्मभूमीए ।
सेसा जम्मेण तहिं, अण्णत्थ वि संहरणओ अ ।।७४।।

**ગાથાર્થ :-**

**ક્ષેત્ર કર્મભૂમિ આદિ છે. ત્યાં=કર્મભૂમિ આદિમાં, પુલાક કર્મભૂમિમાં જ થાય છે. શેષ=પુલાક સાધુઓથી શેષ સાધુઓ, જન્મથી ત્યાં=કર્મભૂમિમાં અને સંહરણથી અન્યત્ર પણ હોય છે. ॥૭૪॥**

**ટીકા :-**

'खित्तं'ति । क्षेत्रं 'कर्मधरादि' कर्मभूम्यकर्मभूम्याख्यम् । तत्र पुलाकः कर्मभूम्यामेव नाकर्मभूमौ, तज्जातस्य चारित्राभावात् पुलाकचारित्रवतस्तत्रासंहरणाच्च । 'शेषाः' बकुशादयः 'जन्मना' उत्पादेन 'तहिं'ति तत्र कर्मभूमावेव, स्वकृतविहारतोऽपि तत्रैव भवन्ति । संहरणतश्च 'अन्यत्रापि' अकर्मभूमावपि भवन्ति । संहरणं हि क्षेत्रान्तरात्क्षेत्रान्तरे देवादिभिर्नयनम्, तच्च कर्म्मभूमौ वा स्यादकर्मभूमौ वेति ।।७४।।

**ટીકાર્થ :-**

क्षेत्रं ..... कर्मभूमौ वेति ।। ક્ષેત્ર 'કર્મધરાદિ' છે=કર્મભૂમિ અને અકર્મભૂમિ નામનું છે. ત્યાં=ક્ષેત્રની વિચારણામાં, પુલાક કર્મભૂમિમાં જ છે, અકર્મભૂમિમાં નહીં; કેમ કે અકર્મભૂમિમાં થયેલાઓને ચારિત્રનો અભાવ છે. અહીં પ્રશ્ન થાય કે અકર્મભૂમિમાં થયેલા પુલાક ચારિત્રવાળા ન હોય તોપણ સંહરણથી પુલાક ચારિત્રવાળાની અકર્મભૂમિમાં પણ પ્રાપ્તિ થશે એથી બીજો હેતુ કહે છે. પુલાક ચારિત્રવાળાને ત્યાં=અકર્મભૂમિમાં, અસંહરણ છે. શેષ=બકુશાદિ, ચારિત્રીઓ, જન્મથી=ઉત્પાદનથી,

ત્યાં=કર્મભૂમિમાં જ, હોય છે. પોતાના કરાયેલા વિહારથી પણ ત્યાં જ હોય છે=કર્મભૂમિમાં જ હોય છે અને સંહરણથી અન્યત્ર પણ=અકર્મભૂમિમાં પણ, હોય છે. हि=જે કારણથી, સંહરણ ક્ષેત્રાંતરથી ક્ષેત્રાંતરમાં દેવતા આદિથી નયન છે અને તે=સંહરણ, કર્મભૂમિમાં થાય અથવા અકર્મભૂમિમાં થાય. ||૭૪||

**અવતરણિકા :-**

उक्तं क्षेत्रद्वारम् । अथ कालद्वारमाह—

**અવતરણિકાર્થ :-**

ક્ષેત્રદ્વાર કહેવાયું. હવે, કાલદ્વારને કહે છે—

**ગાથા :-**

**उस्सप्पिणिआई, खलु, कालो जम्मेण तत्थ उ पुलाओ ।**
**तइयचउत्थसमासुं, णियमेणोसप्पिणीइ हवे ।।७५।।**

**ગાથાર્થ :-**

**કાલ ઉત્સર્પિણી આદિ છે. ત્યાં=કાલની વિચારણામાં, પુલાક જન્મથી અવસર્પિણીમાં નિયમથી ત્રીજા-ચોથા આરામાં થાય છે. ||૭૫||**

**ટીકા :-**

**'उस्सप्पिणिआइ'त्ति । उत्सर्पिण्यादिः खलु कालः, 'तत्र' विचार्ये पुलाको जन्मना तृतीयचतुर्थारकयोर्नियमेनावसर्पिण्यां भवेत्, तदुक्तमवसर्प्पिणीमधिकृत्य—**"जम्मणं पडुच्च णो सुसमसुसमाकाले होज्जा णो सुसमाकाले होज्जा सुसमदुसमाकाले वा होज्जा दुस्समसुसमाकाले वा होज्जा णो दुसमाकाले वा होज्जा णो दुस्समादुस्समाकाले होज्ज"त्ति ।।७५।।

**ટીકાર્થ :-**

उत्सर्पिण्यादिः ..... होज्ज"त्ति ।। **ઉત્સર્પિણી આદિ ખરેખર કાલ છે. તે વિચારણામાં=કાલની વિચારણામાં, પુલાક જન્મથી ત્રીજા-ચોથા આરામાં નિયમથી અવસર્પિણીકાળમાં થાય છે. અવસર્પિણીને આશ્રયીને તે કહેવાયું છે.**

"જન્મને આશ્રયીને સુષમસુષમાકાળમાં ન થાય, સુષમાકાળમાં ન થાય, સુષમદુષમાકાળમાં થાય અથવા દુષમસુષમાકાળમાં થાય અથવા દુષમકાળમાં ન થાય અથવા દુષમદુષમકાળમાં ન થાય." ||૭૫||

**ગાથા :-**

**तह पंचमे वि अरए, सब्भावेणं इमो हविज्जाहि ।**
**उस्सप्पिणीइ बिइए, तइए अरए चउत्थे य ।।७६।।**

**जम्मेणं सब्भावा, तइअचउत्थेसु चेव सो हुज्जा ।**
**तिसु तइआसु एअं, दुहावि अण्णे पुणो बिंति ।।७७।।**
**ओसप्पिणीइ उस्सप्पिणीइ अरएसु तइअतुरिएसुं ।**
**ओसप्पिणिउस्सप्पिणिभिन्नम्मि दुहा चउत्थणिभे ।।७८।।**

**ગાથાર્થ :-**

**અને પાંચમા આરામાં પણ સદ્ભાવથી આ=પુલાક સાધુ થાય. ઉત્સર્પિણીમાં જન્મથી બીજા, ત્રીજા અને ચોથા આરામાં થાય. ।।૭૬।।**

**સદ્ભાવથી ત્રીજા, ચોથા આરામાં તે=પુલાક સાધુ થાય. અન્ય વળી આને=પુલાકને, ત્રીજા આદિ ત્રણેય આરામાં બંને પણ પ્રકારે અવસર્પિણીમાં કહે છે. ।।૭૭।।**

**ઉત્સર્પિણીમાં ત્રીજા અને ચોથા આરામાં કહે છે. અવસર્પિણી ઉત્સર્પિણીથી ભિન્ન ચોથા આરા જેવા મહાવિદેહમાં બે પ્રકારે=જન્મ અને સદ્ભાવથી, જાણવા. ।।૭૮।।**

**ટીકા :-**

**'तह'त्ति । तथा पञ्चमेऽप्यरके, अपिना तृतीयचतुर्थयोः सङ्ग्रहः, सद्भावेनायं पुलाकोऽवसर्प्पिण्यां भवेत्, यदागमः—**"संतिभावं पडुच्च नो सुसमसुसमाए होज्जा णो सुसमाए होज्जा सुसमदुसमाए होज्जा दुसमसुसमाए होज्जा दुस्समाए होज्जा णो दुस्समदुसमाए होज्ज"त्ति । **तत्र तृतीयचतुर्थारकयोः सद्भावस्तज्जन्मपूर्वकः, पञ्चमे त्वरके चतुर्थारके जातः सन् वर्त्तत इति विशेषः । उत्सर्पिण्यां द्वितीये तृतीये चतुर्थे चारके 'जम्मेणं'ति उत्तरगाथास्थपदेनेदं संबध्यते, जन्मना पुलाको भवेत्, तदुक्तमुत्सर्प्पिणीमधिकृत्य—**"जम्मणं पडुच्च णो दुसमादुसमाकाले होज्जा दुस्समाकाले वा होज्जा दुस्समसुसमाकाले वा होज्जा सुसमदुस्समाकाले वा होज्जा णो सुसमाकाले होज्जा णो सुसमासुसमाकाले होज्ज"त्ति । **अत्र द्वितीयस्यान्ते जातस्तृतीये चरणं प्रतिपद्यते, तृतीयचतुर्थयोश्च जायते चरणं च प्रतिपद्यत इति विशेषः । सद्भावतस्तूत्सर्पिण्यां तृतीयचतुर्थयोरेवारकयोः 'सः' पुलाको भवेत्, तयोरेव तस्य चरणप्रतिपत्तेः, तदुक्तम्—**"संतिभावं पडुच्च णो दुस्समदुसमाकाले होज्जा णो दुस्समाकाले होज्जा दुस्समसुसमाकाले वा होज्जा सुसमदुस्समाकाले वा होज्जा णो सुसमाकाले वा होज्जा णो सुसमसुसमाकाले वा हुज्ज"त्ति । **मतान्तरमाह—'एनं' पुलाकमन्ये पुनराचार्यास्तृतीयादिषु त्रिष्वरकेषु तृतीयचतुर्थपञ्चमेष्वित्यर्थः, 'ओसप्पिणीइ'त्ति अग्रेतनगाथास्थमत्र संबध्यते, अवसर्पिण्यां 'द्विधाऽपि' जन्मतः सद्भावतश्च ब्रुवते । उत्सर्पिण्यां तु जन्मसद्भावाभ्यां तृतीयचतुर्थयोरेवारकयोः, तदुक्तमुत्तराध्ययनबृहद्वृत्तौ—**"कालतः पञ्चापि पुलाकादयो जन्मतः सद्भावतश्चावसर्प्पिण्यां सुषमदुष्षमादुष्षमसुषमादुष्षमाभिधानेषु कालेषु स्युः, उत्सर्पिण्यां दुष्षमंसुषमासुषमदुष्षमयोः"इति । **अवसर्प्पिण्युत्-**

**सर्पिणीभिन्नकाले 'द्विधा' जन्मतः सद्भावतश्च पुलाकः 'चतुर्थनिभे' दुष्षमासुषमाप्रतिभागे महाविदेहे भवति । एवमन्येऽपि द्रष्टव्याः । सुषमसुषमादिप्रतिभागेषु तु देवकुर्वादिषु न सम्भवः ।।७६-७७-७८।।**

**ટીકાર્થ :-**

**तथा ..... न सम्भवः ।। અને પાંચમા આરામાં સદ્ભાવથી આ=પુલાક સાધુ, અવસર્પિણીમાં થાય અને अपि દ્વારા ત્રીજા, ચોથા આરાનો સંગ્રહ છે. તેથી, સદ્ભાવથી પુલાક સાધુ ત્રીજા, ચોથા અને પાંચમા આરામાં હોય છે. જેને આગમ કહે છે.**

"સદ્ભાવને આશ્રયીને સુષમસુષમામાં ન થાય, સુષમામાં ન થાય, સુષમદુષમામાં થાય, દુષમસુષમામાં થાય, દુષમામાં થાય, દુષમદુષમામાં ન થાય."

**ત્યાં=પુલાકની વિચારણામાં, ત્રીજા-ચોથા આરામાં તજ્જન્મપૂર્વક સદ્ભાવ છે=ત્રીજા આરામાં કે ચોથા આરામાં જન્મપૂર્વક સદ્ભાવ છે. વળી, પાંચમા આરામાં ચોથા આરામાં જન્મેલા છતાં વર્તે છે, એ પ્રકારનો વિશેષ છે. ઉત્સર્પિણીમાં બીજા, ત્રીજા અને ચોથા આરામાં 'જન્મથી' છે. 'જન્મ'થી એ ઉત્તરની ગાથામાં રહેલા પદથી=ગાથા-૭૭માં રહેલા પદથી આ સંબંધિત કરાય છે=જન્મથી પુલાક થાય. એ પ્રકારે સંબંધિત કરાય છે. અવસર્પિણીને આશ્રયીને તે કહેવાયું છે.**

"જન્મને આશ્રયીને દુષમાદુષમાકાળમાં ન થાય=પુલાક સાધુ ન થાય. દુષમાકાળમાં થાય અથવા દુષમાસુષમાકાળમાં થાય અથવા સુષમાદુષમાકાળમાં થાય અથવા સુષમાકાળમાં ન થાય અથવા સુષમાસુષમાકાળમાં ન થાય."

**અહીં=પુલાકની વિચારણામાં, બીજાના અંતમાં-બીજા આરાના અંતમાં, જન્મેલ ત્રીજામાં ચારિત્રને પ્રાપ્ત કરે છે અને ત્રીજા ચોથા આરામાં જન્મે છે અને ચારિત્ર સ્વીકારે છે. એ પ્રમાણે વિશેષ છે. વળી સદ્ભાવથી ઉત્સર્પિણીમાં ત્રીજા ચોથા આરામાં તે પુલાક થાય છે; કેમ કે તે બે આરામાં જ તેને ચારિત્રની પ્રાપ્તિ છે તે કહેવાયું છે.**

"સદ્ભાવને આશ્રયીને દુષમદુષમાકાળમાં ન થાય. દુષમાકાળમાં થાય નહિ અથવા દુષમસુષમાકાળમાં થાય અથવા સુષમદુષમાકાળમાં થાય અથવા સુષમાકાળમાં ન થાય અથવા સુષમસુષમાકાળમાં ન થાય."

**મતાંતરને કહે છે=પુલાકના વિષયમાં મતાંતરને કહે છે. આને=પુલાકને, વળી અન્ય આચાર્યો અવસર્પિણીમાં ત્રીજા આદિ ત્રણેય આરામાં=ત્રીજા, ચોથા, પાંચમા આરામાં સ્વીકારે છે, એ પ્રમાણે અર્થ છે અને 'અવસર્પિણી'માં એ પ્રકારનો શબ્દ આગળની ગાથામાં રહેલો=ગાથા-૭૮માં રહેલો, અહીં=પુલાકના સંબંધમાં સંબંધિત કરાય છે. અવસર્પિણીમાં બંને પણ=જન્મથી અને સદ્ભાવથી બંને પણ, પ્રકારે કહે છે અર્થાત્ પ્રથમ મત અનુસાર પુલાક સાધુ જન્મથી ત્રણ આરામાં હોય છે અને સદ્ભાવથી બે જ આરામાં હોય છે. જ્યારે અન્ય આચાર્યના મતે પાંચમા આરામાં જન્મેલા પણ કોઈક પુલાક સાધુ પાંચમા આરાના પ્રારંભમાં પણ થઈ શકે છે. વળી, ઉત્સર્પિણીમાં જન્મ અને**

સદ્ભાવ દ્વારા ત્રીજા-ચોથા આરામાં જ પુલાક સાધુ થાય છે. ઉત્તરાધ્યયનની બૃહદ્ વૃત્તિમાં તે કહેવાયું છે—

"કાળથી પાંચેય પણ પુલાક આદિ જન્મથી અને સદ્ભાવથી અવસર્પિણીમાં સુષમદુષમા, દુષમસુષમા, દુષમા નામના કાળોમાં થાય છે. ઉત્સર્પિણીમાં દુષમસુષમા, સુષમદુષમામાં થાય છે."

**અવસર્પિણી ઉત્સર્પિણીથી ભિન્ન એવા કાળમાં=મહાવિદેહમાં, બે પ્રકારે જન્મથી અને સદ્ભાવથી પુલાક સાધુ ચોથા જેવા દુષમાસુષમાના પ્રતિભાગમાં=મહાવિદેહમાં, થાય છે. એ રીતે=જે રીતે પુલાકનું વર્ણન કર્યું એ રીતે, અન્ય પણ જાણવા. વળી, સુષમસુષમાદિ પ્રતિભાગોમાં=દેવકુરુ આદિમાં, સંભવ નથી=પુલાક સાધુનો સંભવ નથી. ॥૭૬-૭૭-૭૮॥**

**ગાથા :-**

**बउसकुसीला ओसप्पिणीइ अरएसु जम्मसब्भावे ।**
**तइआइसु तिसु उस्सप्पिणीइ बिइआइसु य जम्मे ।।७९।।**

**ગાથાર્થ :-**

**બકુશ-કુશીલ અવસર્પિણીમાં જન્મ અને સદ્ભાવથી ત્રીજા આદિ ત્રણ આરાઓમાં થાય છે. ઉત્સર્પિણીમાં બીજા આદિ ત્રણ આરાઓમાં જન્મને આશ્રયીને થાય છે. ॥૭૯॥**

**ટીકા :-**

**'बउसकुसील'त्ति । बकुशकुशीलाववसर्पिण्यां 'जन्मसद्भावे' समाहारैकत्वाश्रयणात्, जन्मसद्भावयोस्तृतीयादिषु त्रिष्वरकेषु भवतः, तृतीयचतुर्थपञ्चमारकेषु भवत इत्यर्थः । उत्सर्पिण्यां 'द्वितीयादिषु त्रिषु' द्वितीयतृतीयचतुर्थेष्वरकेष्वित्यर्थः जन्मनि विषये भवतः ।।७९।।**

**ટીકાર્થ :-**

**बकुशकुशीलाव ..... भवतः ।। બકુશ-કુશીલ સાધુ અવસર્પિણીમાં જન્મ અને સદ્ભાવથી ત્રીજા આદિ ત્રણ આરાઓમાં થાય છે=ત્રીજા, ચોથા, પાંચમા આરામાં થાય છે. ગાથામાં 'जन्मसद्भावे' એ બહુવચનને બદલે એકવચનનો પ્રયોગ કેમ કર્યો ? એથી કહે છે. સમાહારદ્વંદ્વ દ્વારા એકત્વનું આશ્રયણ છે=જનમ-સદ્ભાવમાં એકત્વનું આશ્રયણ છે. ઉત્સર્પિણીમાં બીજા આદિ ત્રણમાં=બીજા, ત્રીજા, ચોથા આરામાં, જન્મના વિષયમાં થાય છે. ॥૭૯॥**

**ગાથા :-**

**तइए तुरिए अ इमे, सब्भावे आइमो व्व दो चरिमा ।**
**संहरणे अपुलाया, सव्वे सव्वेसु कालेसु ।।८०।।**

**ગાથાર્થ :-**

**ત્રીજા અને ચોથા આરામાં આ બે=બકુશ અને કુશીલ સાધુ સદ્ભાવથી થાય છે=બકુશ-કુશીલરૂપે વિદ્યમાનથી થાય છે. પ્રથમ નિર્ગ્રંથની જેમ=પુલાક નિર્ગ્રંથની જેમ, ચરમના બે કહેવા. સંહરણમાં પુલાક સાધુ સિવાયના સર્વે સાધુઓ સર્વ કાળમાં હોય છે. ।।૮૦।।**

**ટીકા :-**

**'तइए'त्ति । तृतीये तुरीये चारके 'इमौ' बकुशकुशीलौ सद्भावतो भवतः । 'आदिम इव' पुलाकनिर्ग्रन्थ इव 'द्वौ चरमौ' निर्ग्रन्थस्नातकौ जन्मसत्तयोर्वक्तव्यौ । संहरणे तु 'अपुलाकाः' पुलाकवर्जिताः 'सर्वे' चत्वारो निर्ग्रन्थाः 'सर्वेषु कालेषु' सुषमसुषमादिषु संभवति, पुलाकस्य हि पुलाकलब्धौ वर्त्तमानस्य देवादिभिः संहरणं कर्त्तुमशक्यमिति तद्वर्जनम् । निर्ग्रन्थस्नातकयोरपि च यद्यपि न संहरणसम्भवः, अपगतवेदानां संहरणाभावात्, तदुक्तम्—**

"समणीमवगयवेयं परिहार पुलायमप्पमत्तं च ।
चउदसपुव्विं आहारगं च ण य कोइ संहरइ ।।१।।"**त्ति ।**

**तथाऽपि तयोः पूर्वसंहृतयोर्निर्ग्रन्थस्नातकत्वप्राप्तौ सर्वकालसम्भवो द्रष्टव्यः, उक्तं हि—**"पुलागलद्धीए वट्टमाणो ण सक्किज्जइ उवसंहरिउं, तहा सिणायाइआणं जो संहरणादिसंभवो सो पुव्वोवसंहरिआणं, जओ केवलिआइणो नोवसंहरिज्जंति"त्ति ।।८०।।

**ટીકાર્થ :-**

**तृतीये ..... नोवसंहरिज्जंति"त्ति ।। અને ત્રીજા અને ચોથા આરામાં આ=બકુશકુશીલ, સદ્ભાવથી થાય છે. પ્રથમની જેમ=પુલાકનિર્ગ્રંથની જેમ, ચરમ બે=નિર્ગ્રંથ અને સ્નાતકનું, જન્મ અને સત્તામાં વક્તવ્ય છે. વળી, સંહરણમાં અપુલાક=પુલાકવર્જિત, સર્વ=ચારેય નિર્ગ્રંથો, સર્વે પણ કાળમાં= સુષમસુષમાદિકાળમાં, સંભવે છે. हि=જે કારણથી, પુલાકલબ્ધિમાં વર્તમાન એવા પુલાકને દેવાદિ વડે સંહરણ કરવું અશક્ય છે. એથી તેનું વર્જન છે અર્થાત્ પૂર્વમાં પુલાકના બે ભેદો છે એમ કહ્યું : (૧) લબ્ધિપુલાક, (૨) આસેવનાપુલાક. તે બંને પુલાકો પાસે લબ્ધિ છે, પરંતુ લબ્ધિથી જે પુલાક છે, તેઓ પ્રતિકૂળ આસેવના કરનારા નથી અને આસેવનાપુલાક પણ પુલાકલબ્ધિવાળા છે પરંતુ પ્રમાદવશ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોવા છતાં કંઈક પ્રતિકૂળ આચરણા કરે છે અને તે પુલાક નિર્ગ્રંથો પાસે પુલાકલબ્ધિ હોવાને કારણે દેવાદિ તેઓનું સંહરણ કરી શકતા નથી. તેથી પુલાકને છોડીને અન્યનું સંહરણ થાય છે તેમ કહેલ છે. નિર્ગ્રંથ અને સ્નાતકના પણ જોકે સંહરણનો સંભવ નથી; કેમ કે અપગત વેદવાળાઓના સંહરણનો જોકે અભાવ છે તોપણ પૂર્વ સંહૃત એવા તે બેમાં નિર્ગ્રંથત્વ અને સ્નાતકત્વ પ્રાપ્ત થયે છતે સર્વ કાળમાં સંભવ જાણવો=સુષમાદિ સર્વ કાળોમાં**

**તેઓનો સંભવ જાણવો. વેદના ઉદય વગરના સાધુઓને સંહરણનો અભાવ છે, એમાં સાક્ષી બતાવે છે.**

"સાધ્વીઓને, અપગત વેદવાળાને, પરિહારવિશુદ્ધિવાળાને, પુલાકને અને અપ્રમત્તને, ચૌદ પૂર્વીને અને આહારકને, કોઈ=દેવ કે વિદ્યાધર, સંહરણ કરતા નથી."

**વળી, કહ્યું કે પૂર્વ સંહૃત એવા સાધુને નિર્ગ્રંથત્વ અને સ્નાતકત્વની પ્રાપ્તિ થાય છે, તેમાં 'उक्तं हि'થી સાક્ષી આપે છે.**

"પુલાકલબ્ધિમાં વર્તમાન સાધુને સંહરણ કરવું શક્ય નથી. તે પ્રમાણે સ્નાતક આદિને સંહરણ કરવું શક્ય નથી. જે સંહરણાદિ સંભવ છે, તે પૂર્વઉપસંહરિતોનો છે=પૂર્વમાં ઉપસંહરણ કરાયું છે અને પાછળથી નિર્ગ્રંથ કે સ્નાતક થયા છે. જે કારણથી કેવલી આદિનું ઉપસંહરણ થતું નથી." **॥૮૦॥**

**ભાવાર્થ :-**

બકુશ, કુશીલ સાધુ જન્મ અને સદ્ભાવથી ક્યારે થાય છે, તે પૂર્વની ગાથામાં બતાવ્યું. હવે, સદ્ભાવથી ત્રીજા, ચોથા આરામાં થાય છે, તેમ પ્રસ્તુત ગાથાથી બતાવ્યું છે. તેથી બકુશકુશીલ સાધુ ત્રીજા અને ચોથા આરામાં જ સંયમવેશમાં હોય છે, અન્ય લિંગમાં પણ હોય છે અને ગૃહસ્થવેશમાં પણ હોય છે. તેઓની ચારિત્રની પરિણતિ અન્ય સંયમીઓ કરતાં કંઈક ભિન્ન પ્રકારના સામાયિકની પરિણતિવાળી હોય છે. જેમ પુલાક સાધુનો નિર્ગ્રંથભાવ ભિન્ન પ્રકારનો હોય છે તોપણ તેઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે, તેમ બકુશકુશીલ પણ પુલાક કરતાં વિલક્ષણ સંયમસ્થાનમાં હોવા છતાં નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે. વળી, પુલાક સાધુઓની પાસે તેવા પ્રકારની લબ્ધિ હોવાને કારણે વિદ્યાધર કે દેવતા આદિ તેઓનું સંહરણ કરી શકતા નથી. તેથી સુષમસુષમાદિ બધા આરામાં મહાવિદેહ આદિમાંથી અપહરણ કરીને તેઓની પ્રાપ્તિ થતી નથી. જ્યારે બકુશકુશીલ સાધુઓ કંઈક પ્રમાદમાં હોય ત્યારે કોઈક દેવ કે વિદ્યાધર તેઓનું સંહરણ કરીને ભરતાદિ ક્ષેત્રોમાં સર્વ આરાઓમાં લાવીને મૂકી શકે છે. જો તે સાધુઓ સંયોગ અનુસાર સત્ત્વના પ્રકર્ષથી ઉચિત યત્ન કરીને સંયમદેહનો નિર્વાહ કરી શકે તો સંયમસ્થાનથી પાત થાય નહિ અને જો નિર્વાહ ન કરી શકે તો સંયમસ્થાનથી પાત પણ થાય. વળી, અન્ય લિંગમાં કે ગૃહસ્થ લિંગમાં બકુશકુશીલ સંયમસ્થાનની પ્રાપ્તિ થઈ હોય અને તેઓનું પણ અપહરણ થઈ શકતું હોય તો દેવોથી અપહરણ કરીને સર્વ આરામાં બકુશકુશીલની પ્રાપ્તિ થાય અને તે અન્ય લિંગમાં કે ગૃહસ્થલિંગમાં રહેલા બકુશકુશીલ સાધુ ચિત્તના ક્ષોભનો ત્યાગ કરીને સંયમસ્થાનમાં રહી શકે તો પાત થાય નહિ. અન્યથા પાતનો પણ સંભવ રહે છે.

વળી, નિર્ગ્રંથ સ્નાતક સાધુનું અપહરણ થતું નથી તોપણ પૂર્વમાં કોઈ સાધુ બકુશકુશીલ હોય ત્યારે તેઓનું અપહરણ થયું હોય અને તેના કારણે છએ આરામાં તેઓની પ્રાપ્તિ થઈ શકે અને અન્ય આરામાં સંહરણ કરીને મૂકાયેલા એવા તેઓ ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરીને કે ઉપશમશ્રેણીને પ્રાપ્ત કરીને નિર્ગ્રંથ થઈ શકે છે. તેથી સંહરણથી સર્વ આરામાં નિર્ગ્રંથોની પ્રાપ્તિ થઈ શકે. વળી, ક્ષપકશ્રેણીવાળા નિર્ગ્રંથ કેવળજ્ઞાન પામે છે. તેથી સ્નાતકની પણ પ્રાપ્તિ થાય. વળી, ઉદ્ધરણમાં કહ્યું કે શ્રમણીઓને, અવેદી આદિને કોઈ સંહરણ કરતું નથી. ત્યાં સાધ્વીઓને કોઈ સંહરણ ન કરે તે પ્રકારનું શાસ્ત્રવચન છે. તેથી નક્કી થાય કે

દેવતાઓ પણ ગુણસ્થાનકમાં વર્તતા સાધ્વીઓનું સંહરણ ન કરે. વળી, પરિહારવિશુદ્ધિ, ચૌદ પૂર્વી અને અપ્રમત્તસંયતને કોઈ સંહરણ ન કરે તેમાં પણ તેઓનું સંયમસ્થાન જ કારણ છે. **॥૮૦॥**

**અવતરણિકા :-**

**उक्तं कालद्वारम् । अथ गतिद्वारमाह–**

**અવતરણિકાર્થ :-**

**કાલદ્વાર કહેવાયું. હવે, ગતિદ્વાર કહે છે–**

**ગાથા :-**

**पेच्चगमणं खलु गई, सा तिण्ह जहण्णओ उ सोहम्मे ।**
**पढमाणुक्कोसेणं, होइ पुलायस्स सहसारे ।।८१।।**

**ગાથાર્થ :-**

**પ્રેત્યગમન ખરેખર ગતિ છે. તે પ્રથમના ત્રણને=પ્રથમના ત્રણ સાધુઓને, જઘન્યથી સૌધર્મમાં છે અને પુલાકને ઉત્કૃષ્ટથી સહસ્રાર છે. ।।૮૧।।**

**ટીકા :-**

**'पेच्च'त्ति । प्रेत्य-पूर्वशरीरत्यागेन परलोके गमनं खलु गतिः । सा 'प्रथमानां त्रयाणां' निर्ग्रन्थानां पुलाकबकुशद्विभेदकुशीलानां जघन्यतः सौधर्मे । उत्कर्षेण पुलाकस्य सहस्रारे गतिर्भवति, तदुक्तमेनमाश्रित्य भगवत्याम्–**"वेमाणिएसु उववज्जमाणे जहण्णेणं सोहम्मे कप्पे उक्कोसेणं सहसारे"त्ति **।।८१।।**

**ટીકાર્થ :-**

**प्रेत्य- ..... सहसारे"त्ति ।। પ્રેત્ય ગમન=પૂર્વ શરીરના ત્યાગથી પરલોકમાં ગમન, ગતિ છે. તે પ્રથમના ત્રણ નિર્ગ્રંથોને=પુલાક, બકુશ અને બે ભેદવાળા કુશીલોને જઘન્યથી સૌધર્મમાં ગમન છે. ઉત્કર્ષથી પુલાકને સહસ્રારમાં=આઠમા દેવલોકમાં, ગતિ છે. આને આશ્રયીને=પુલાકની ગતિને આશ્રયીને, ભગવતીમાં તે કહેવાયું છે.**

"જઘન્યથી વૈમાનિકોમાં ઉત્પન્ન થતા સૌધર્મમાં જાય છે=પુલાક સાધુ જાય છે અને ઉત્કૃષ્ટથી સહસ્રારમાં જાય છે." ॥૮૧॥

**ગાથા :-**

**बउसपडिसेवगाणं, तु अच्चुएऽणुत्तरेसु सकसाओ ।**
**अजहन्नाणुक्कोसा, तेसु च्चिय गच्छइ णियंठो ।।८२।।**

**ગાથાર્થ :-**

**બકુશ અને પ્રતિસેવકોની ગતિ અચ્યુતમાં છે. સકષાયવાળાની અનુત્તરમાં ગતિ છે. અજઘન્ય અનુત્કૃષ્ટ એવા નિર્ગ્રંથો તેઓમાં જ=અનુત્તર વિમાનોમાં જ જાય છે. ।।૮૨।।**

**ટીકા :-**

**'बउसपडिसेवगाणं तु'त्ति । बकुशप्रतिसेवकयोस्तूत्कर्षेणाच्युते गतिः, उक्तञ्च**—"बउसे णं एवं चेव, णवरं उक्कोसेणं अच्चुए कप्पे । पडिसेवणाकुसीले जहा बउसे"त्ति । **'सकषायः' कषायकुशील उत्कर्षेणानुत्तरेषु विमानेषु गच्छति, उक्तञ्च**—"कसायकुसीले जहा पुलाए, णवरं उक्कोसेणं अणुत्तरविमाणेसु"त्ति । **अजघन्यानुत्कर्षान्निर्ग्रन्थः 'तेष्वेव' अनुत्तरविमानेष्वेव गच्छति, उक्तञ्च**—"णियंठे णं एवं चेव, जाव वेमाणिएसु उववज्जमाणे अजहण्णमणुक्कोसेणं अणुत्तरविमाणेसु उववज्जिज्ज"त्ति **।।८२।।**

**ટીકાર્થ :-**

**बकुशप्रतिसेवक ..... उववज्जिज्ज"त्ति ।। વળી, બકુશ અને પ્રતિસેવકને ઉત્કૃષ્ટથી અચ્યુતમાં ગતિ છે અને કહેવાયું છે.**

**"બકુશમાં આ રીતે જ છે=જઘન્યથી સૌધર્મદેવલોકમાં પુલાક જાય છે એ રીતે જ બકુશમાં છે. ફક્ત ઉત્કૃષ્ટથી અચ્યુતકલ્પમાં જાય છે. પ્રતિસેવનાકુશીલમાં જે પ્રમાણે બકુશમાં છે અર્થાત્ જેમ બકુશ જઘન્યથી સૌધર્મમાં જાય છે અને ઉત્કૃષ્ટથી અચ્યુતમાં જાય છે, તેમ પ્રતિસેવનાકુશીલ જાય છે."**

**કષાયવાળા સાધુ=કષાયકુશીલ સાધુ, ઉત્કર્ષથી અનુત્તર વિમાનમાં જાય છે અને કહેવાયું છે.**

**"કષાયકુશીલમાં જે પ્રમાણે પુલાકમાં=જે પ્રમાણે પુલાક સાધુ જઘન્યથી સૌધર્મમાં જાય છે, તે પ્રમાણે કષાયકુશીલમાં જઘન્યથી સૌધર્મની પ્રાપ્તિ છે. ફક્ત ઉત્કૃષ્ટથી અનુત્તરવિમાનોમાં જાય છે= કષાયકુશીલ ઉત્કૃષ્ટથી અનુત્તરવિમાનમાં જાય છે."**

**અજઘન્ય અનુત્કર્ષથી નિર્ગ્રંથ તેઓમાં જ=અનુત્તરવિમાનોમાં જ, જાય છે=જઘન્ય-ઉત્કર્ષના વિભાગ વગર ઉપશમશ્રેણીવાળા નિર્ગ્રંથકાળ કરે તો અનુત્તર વિમાનમાં જ જાય છે અને કહેવાયું છે—**

"નિર્ગ્રંથમાં આ પ્રમાણે જ છે=કષાયકુશીલની જેમ જ છે અને તે સ્પષ્ટ કરે છે. યાવત્, વૈમાનિકમાં ઉત્પન્ન થતા અજઘન્ય અનુત્કર્ષથી અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થાય છે." **।।૮૨।।**

**ગાથા :-**

**ण्हाओ सिज्झइ एए, विराहगा हुंति अण्णयरगामी ।**
**इंदा सामाणिय तायतीसया लोगपाला वा ।।८३।।**

**ગાથાર્થ :-**

**સ્નાતક સિદ્ધ થાય છે. આ=પુલાક આદિ, વિરાધક અન્યતરગામી થાય છે. (અવિરાધક સાધુઓ) ઈન્દ્ર, સામાનિક દેવો, ત્રાયસ્ત્રિંશક દેવો અથવા લોકપાલો થાય છે. ।।૮૩।।**

**ટીકા :-**

**'ण्हाओ'त्ति । 'स्नातः' स्नातकः सिध्यति न त्वन्यगतौ गच्छति । 'एते' पुलाकादयः 'विराधकाः' लब्ध्याद्युपजीवनतदनालोचनापर्यन्तविराधनाभाजः सन्तः 'अन्यतरगामिनः' भवनपत्यादिदेवलोकगामिनो भवन्ति, विराधितसंयमानां भवनपत्याद्युत्पादस्योक्तत्वात् । यच्च निर्ग्रन्थेऽपि विराधनां प्रतीत्यान्यतरगमनमुक्तम्—**"णियंठे पुच्छा, जाव विराहणं पडुच्च अन्नयरेसु उववज्जिज्जा"इति **ग्रन्थेन, तच्चारित्रान्तराव्यवधानलक्षणानन्तर्येण संभावनीयम् । यत्पुनरुक्तम्—**"पुलाए णं भंते ! कालगए समाणे कं गइं गच्छइ ? गोयमा ! देवगइं गच्छइ । देवगइं गच्छमाणे किं भवणवासीसु उववज्जिज्जा ? वाणमंतरेसु उववज्जिज्जा ? जोइसिएसु उववज्जिज्जा ? वेमाणिएसु उववज्जिज्जा ? गोयमा ! णो भवणवासीसु णो वाणमंतरेसु णो जोइसिएसु उववज्जेज्जा वेमाणिएसु उववज्जेज्ज"त्ति, **तत्संयमाविराधकत्वपक्षमाश्रित्येति द्रष्टव्यम् । अविराधका इत्यग्रेतनगाथास्थमिहाकृष्यते, अविराधकाः सन्त एते इन्द्राः सामानिकास्त्रायस्त्रिंशा लोकपाला वा भवन्ति । तत्र पुलाकबकुशप्रतिसेवका अविराधका इन्द्राः सामानिकास्त्रायस्त्रिंशा लोकपाला वा भवन्ति न त्वहमिन्द्राः । कषायकुशीलास्त्वविराधका इन्द्रादयोऽहमिन्द्रपर्यन्ता भवन्ति । निर्ग्रन्थास्त्वविराधका अहमिन्द्रा एव भवन्तीति द्रष्टव्यम् । उत्तराध्ययनवृत्तौ त्वित्थमाराधनाविराधनाकृतो विशेष उच्यते—**"पुलाकोऽविराधनात इन्द्रेषूत्पद्यते, विराधनातस्त्विन्द्रसामानिकत्रायस्त्रिंशलोकपालानामन्यतमेषु । एवं बकुशप्रतिसेवनाकुशीलावपि । कषायकुशीलः पुनरविराधनया इन्द्रेष्वहमिन्द्रेषु वा जायते, विराधनया इन्द्रादीनामन्यतमेषु । निर्ग्रन्थस्त्वहमिन्द्रेष्वेवोत्पद्यते" इति **।।८३।।**

**ટીકાર્થ :-**

**'स्नातः' ..... वोत्पद्यते" इति ।। સ્નાતક સિદ્ધ થાય છે. પરંતુ અન્ય ગતિમાં જતા નથી. આ= પુલાક આદિ સાધુઓ, વિરાધક=લબ્ધિ આદિ ઉપજીવન અને તેની અનાલોચનાને કારણે પર્યંતમાં વિરાધનાવાળા અન્યતરગામી થાય છે=ભવનપતિ આદિ દેવલોકગામી થાય છે; કેમ કે વિરાધિત સંયમવાળા સાધુઓને ભવનપતિ આદિના ઉત્પાદનું ઉક્તપણું છે અને જે નિર્ગ્રંથમાં પણ વિરાધનાને આશ્રયીને જે અન્યતરગમન કહેવાયું=ભવનપતિ આદિમાં અન્યતરગમન કહેવાયું, તે ચારિત્રાન્તરના અવ્યવધાનલક્ષણ અનન્તર્યથી સંભાવનીય છે. નિર્ગ્રંથમાં પણ વિરાધનાને આશ્રયીને ભવનપતિમાં ગમન કહ્યું છે, તેમાં સાક્ષીપાઠ બતાવે છે.**

"નિર્ગ્રંથમાં પૃચ્છા. યાવત્ વિરાધનાને આશ્રયીને અન્યતરમાં ઉત્પન્ન ન થાય=ભવનપતિ આદિમાં ઉત્પન્ન થાય." **એ ગ્રંથથી અન્યતરગમન કહેવાયું, એમ અન્વય છે અર્થાત્ નિર્ગ્રંથ અગિયારમા=બારમા ગુણસ્થાનકમાં**

**હોય છે અને અગિયારમા=બારમા ગુણસ્થાનકવાળા નિર્ગ્રંથ નિયમા અનુત્તર વિમાનોમાં જાય છે. છતાં નિર્ગ્રંથને પણ વિરાધનાને આશ્રયીને ભવનપતિ આદિમાં ઉત્પાત કહ્યો, તે નિર્ગ્રંથ ચારિત્ર પછી શ્રેણીથી પાત થતી વખતે જે ચારિત્રાંતર પ્રાપ્ત થાય છે. તેની સાથે નિર્ગ્રંથભાવનું અવ્યવધાનલક્ષણ આનંતર્ય હોવાને કારણે સંભાવનીય છે. જે વળી કહેવાયું.**

"હે ભદંત ! પુલાક સાધુ કાલગત થયે છતે કઈ ગતિમાં જાય છે ? ભગવાન કહે છે. હે ગૌતમ ! દેવગતિમાં જાય છે. જતાં=દેવગતિમાં જતાં, શું ભવનપતિમાં ઉત્પન્ન થાય છે ? વાણવ્યંતરમાં ઉત્પન્ન થાય છે ? જ્યોતિષમાં ઉત્પન્ન થાય છે ? વૈમાનિકમાં ઉત્પન્ન થાય છે ? ભગવાન કહે છે. હે ગૌતમ ! ભવનવાસીમાં ઉત્પન્ન થતા નથી, વાણવ્યંતરમાં ઉત્પન્ન થતા નથી, જ્યોતિષ્કમાં ઉત્પન્ન થતા નથી, વૈમાનિકમાં ઉત્પન્ન થાય છે."

**તે=જે ભગવતીમાં કહેવાયું છે તે, સંયમના અવિરાધકત્વ પક્ષને આશ્રયીને છે, એ પ્રમાણે જાણવું. અવિરાધક એ પ્રમાણે આગળની ગાથામાં રહેલા=ગાથા-૮૪માં રહેલા, અહીં=ગાથા-૮૩ના ઉત્તરાર્ધના કથનમાં આકૃષ્ટ કરાય છે=ગ્રહણ કરાય છે. તેથી, શું પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરે છે. અવિરાધક છતાં આ=પુલાક આદિ, ઈન્દ્રો, સામાનિક દેવો, ત્રાયસ્ત્રિંશક દેવો અથવા લોકપાલો થાય છે. ત્યાં=અવિરાધક પુલાક આદિ ઈન્દ્રાદિ થાય છે તેમ કહ્યું તે કથનમાં, પુલાક-બકુશ પ્રતિસેવક=પ્રતિસેવનાકુશીલ, એ ત્રણ અવિરાધક ઈન્દ્રો, સામાનિકદેવો, ત્રાયસ્ત્રિંશક દેવો અથવા લોકપાલો થાય છે. પરંતુ અહમિન્દ્રો થતા નથી. વળી, કષાયકુશીલ અવિરાધક ઈન્દ્રાદિ અહમિન્દ્ર પર્યંત થાય છે. વળી, નિર્ગ્રંથો અવિરાધક અહમિન્દ્રો જ થાય છે, એ પ્રમાણે જાણવું. વળી, ઉત્તરાધ્યયન વૃત્તિમાં આરાધના-વિરાધનાકૃત આ પ્રકારે વિશેષ કહેવાય છે=આગળ બતાવે છે એ પ્રકારે વિશેષ કહેવાય છે.**

"પુલાક સાધુ અવિરાધનાથી ઈન્દ્રોમાં ઉત્પન્ન થાય છે. વિરાધનાથી ઈન્દ્રના સામાનિકદેવ, ત્રાયસ્ત્રિંશકદેવ કે લોકપાલદેવમાંથી અન્યતમમાં ઉત્પન્ન થાય છે. એ રીતે બકુશ અને પ્રતિસેવનાકુશીલ પણ જાણવા=જે રીતે પુલાકમાં કહ્યું એ રીતે બકુશ અને પ્રતિસેવનાકુશીલમાં પણ જાણવું. વળી, કષાયકુશીલ સાધુ અવિરાધનાથી ઈન્દ્રોમાં અથવા અહમિન્દ્રોમાં થાય છે. વિરાધનાથી ઈન્દ્રાદિ અન્યતમોમાં થાય છે. વળી, નિર્ગ્રંથ અહમિન્દ્રોમાં જ ઉત્પન્ન થાય છે." ॥૮૩॥

**ભાવાર્થ :-**

ગતિદ્વારમાં ગતિનો અર્થ કરે છે. પૂર્વ શરીરના ત્યાગથી પરલોકમાં ગમન ગતિ છે. પુલાક આદિ ત્રણ નિર્ગ્રંથો જઘન્યથી સૌધર્મમાં જાય છે અને ઉત્કૃષ્ટથી પુલાક સહસ્ત્રાર દેવલોકમાં જાય છે એમ કહ્યું. તે થયેલી વિરાધનાની જેઓએ શુદ્ધિ કરેલ છે તેઓને આશ્રયીને છે. સામાન્યથી પુલાક સાધુ મૂલગુણ-ઉત્તરગુણની પ્રતિસેવના કરનારા પણ ક્યારેક પ્રાપ્ત થાય છે તોપણ બહુલતાએ તેઓને ઉત્તરગુણની પ્રતિસેવના ક્યારેક સંભવે અને તે પ્રતિસેવના થયા પછી પણ જીવનના અંત સુધીમાં તેની શુદ્ધિ ન કરે તો વિરાધિત ચારિત્રવાળા કહેવાય છે. તેઓને આશ્રયીને ગાથા-૮૩માં કહ્યું, એ પ્રમાણે ભવનપતિ આદિમાં પણ ઉત્પાદનો સંભવ છે અને પુલાક, બકુશ આદિ ચારિત્રીઓને અતિચારનો સંભવ રહે છે તોપણ તેઓની શુદ્ધિ કરીને તેઓ પરલોકમાં જાય તો જઘન્યથી સૌધર્મમાં જાય છે અને પુલાક સાધુ ઉત્કર્ષથી સહસ્ત્રારમાં જાય છે, તેમાં તેઓનો અધ્યવસાય જ કારણ છે; કેમ કે સામાન્યથી શ્રાવક પણ ઉત્કર્ષથી અચ્યુતદેવલોકમાં

જઈ શકે છે અને તેઓ દેશવિરતિવાળા છે. જ્યારે પુલાક સાધુ તો નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે તો પણ ઉત્કર્ષથી આઠમા દેવલોક સુધી જ જાય છે. તેમાં શાસ્ત્રવચન જ પ્રમાણ છે.

વળી, બકુશ અને પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ ત્રણેય સાધુ અવિરાધિત સંયમવાળા હોય તો જઘન્યથી સૌધર્મમાં જાય છે અર્થાત્ થયેલી વિરાધનાની શુદ્ધિ કરીને કાળ કરે તોપણ જઘન્ય અધ્યવસાય હોય તો સૌધર્મ દેવલોકમાં જાય છે. વળી, બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાધુ ઉત્કર્ષથી બારમા દેવલોકમાં જાય છે. તેથી જેમ શ્રાવકને ઉત્કર્ષથી અચ્યુતની પ્રાપ્તિ છે, તે રીતે બકુશ પ્રતિસેવકને પણ ઉત્કર્ષથી અચ્યુતની પ્રાપ્તિ છે. વળી, કષાયકુશીલ સાધુ જઘન્યથી સૌધર્મમાં જાય છે અને ઉત્કૃષ્ટથી અનુત્તર દેવોમાં જાય છે; કેમ કે કષાયકુશીલ સાધુનો પ્રતિસેવનાનો સ્વભાવ નથી. તેથી ઊંચા સંયમસ્થાનને પ્રાપ્ત કરે તો અનુત્તરમાં પણ જઈ શકે છે.

વળી, અગિયારમા ગુણસ્થાનકમાં રહેલા ઉપશમ-નિર્ગ્રંથ સાધુમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ અધ્યવસાય સ્થાન નથી, પરંતુ એક અધ્યવસાયસ્થાન છે અને તે અધ્યવસાયમાં તેઓ કાળ કરે તો અનુત્તરમાં જ જાય છે. વળી, સ્નાતક સાધુ અવશ્ય સિદ્ધ થાય છે; કેમ કે ઘાતીકર્મનો ક્ષય કરેલો હોવાથી યોગનિરોધ કરીને મોક્ષમાં જાય છે. વળી, પુલાક આદિ સાધુઓ પ્રાપ્ત કરેલી લબ્ધિ ઉપર ઉપજીવન કરનારા હોય અર્થાત્ તે લબ્ધિથી લોકમાં ખ્યાતિ આદિ મેળવવા યત્ન કરતા હોય અને તેની આલોચના કર્યા વગર કાળ કરે તો ભવનપતિ આદિ દેવલોકમાં પણ જાય છે. જોકે તેઓને વિરાધિત ચારિત્રવાળા કહ્યા છે. પરંતુ સંયમસ્થાનથી પાત પામેલા કહ્યા નથી. તેથી સંયમસ્થાનમાં હોવા છતાં ચારિત્રની વિરાધનાની શુદ્ધિ સમ્યગ્ આલોચનાથી નહિ કરવાને કારણે ભવનપતિ આદિ દેવલોકમાં જાય છે. આથી જ પ્રાયઃ ચંડકૌશિકનો જીવ ગોભદ્ર બ્રાહ્મણના ભવમાં સાધુપણું પાળીને અંતે ક્રોધવશ થઈને જ્યોતિષ્કમાં જાય છે. તેથી જણાય છે કે વિરાધિત ચારિત્રને કારણે પ્રાયઃ તેમને જ્યોતિષ્ક દેવલોકની પ્રાપ્તિ થઈ હશે.

વળી, કુરગડુ મુનિ પણ પૂર્વભવમાં સાધુ હતા અને ચંડકૌશિકના જીવની જેમ જ ક્રોધ પામીને કાળ કરીને દૃષ્ટિવિષ સર્પ થાય છે. તેથી જણાય છે કે કુરગડુ મુનિનો પૂર્વભવમાં સંયમથી પાત થયેલો હશે અને ચંડકૌશિકના જીવનું વિરાધિત ચારિત્ર હશે. તત્ત્વ બહુશ્રુતો વિચારે.

વળી, કોઈક ગ્રંથમાં કહ્યું છે કે નિર્ગ્રંથ વિરાધનાને આશ્રયીને ભવનપતિ આદિમાં ઉત્પન્ન થાય છે તે કઈ અપેક્ષાએ છે ? તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરતાં કહે છે. નિર્ગ્રંથ ચારિત્ર અગિયારમા ગુણસ્થાનકે હોય છે. ત્યાર પછી તે મહાત્મા ઉપશમશ્રેણીથી પાત પામે ત્યારે અન્ય ચારિત્રને પ્રાપ્ત કરે અર્થાત્ બકુશ, કુશીલ આદિ કોઈક ચારિત્રને પ્રાપ્ત કરે ત્યારે તે ચારિત્રનું નિર્ગ્રંથ સાથે અવ્યવધાન હોવાને કારણે અનંતરભાવ છે. એથી ઉપશમશ્રેણીથી પાત પામીને કોઈ બકુશ આદિ સાધુ વિરાધિત ચારિત્રવાળા થઈને ભવનપતિ આદિમાં જાય તે બકુશાદિ ભાવને નિર્ગ્રંથ સાથે અનંતરભાવ સંબંધ હોવાથી નિર્ગ્રંથસાધુ વિરાધનાને આશ્રયીને ભવનપતિમાં જાય તેમ સંભાવનીય છે.

વળી, ભગવતીમાં કહેવાયું કે પુલાક સાધુ કાલ કર્યે છતે દેવગતિમાં જાય છે, ભવનપતિ આદિમાં જતા નથી. તે સંયમના અવિરાધકત્વ પક્ષને આશ્રયીને જાણવું. તેથી, જે પુલાક સાધુઓ વિરાધના કર્યા પછી

પણ સંયમની શુદ્ધિ કરે છે, તેઓ નિયમા વૈમાનિકદેવોમાં જ જાય છે, ભવનપતિમાં જતા નથી. વળી, અવિરાધક પુલાક આદિ સાધુઓ ઇન્દ્ર, ઇન્દ્રના સામાનિકદેવો, ત્રાયસ્ત્રિંશકદેવો કે લોકપાલ થાય છે. અવિરાધક નિર્ગ્રંથો નિયમા અહમિન્દ્રો જ થાય છે અને અવિરાધક કષાયકુશીલ ઇન્દ્રાદિ દેવો થાય છે અથવા અહમિન્દ્રો પણ થાય છે. **॥૮૧-૮૨-૮૩॥**

**ગાથા :-**

**अविराहगा जहण्णा, पलिअपुहुत्तं ठिई हवे तिण्हं ।**
**आइल्लाणुक्किट्ठा, जा जम्मि उ होइ सुरलोए ।।८४।।**

**ગાથાર્થ :-**

**અવિરાધક શબ્દનો અન્વય ગાથા-૮૩ સાથે છે. આદિના ત્રણની=પ્રથમના ત્રણ સાધુઓની જઘન્ય સ્થિતિ પલ્યોપમ પૃથક્ત્વ છે. ઉત્કૃષ્ટ સ્થિતિ જે દેવલોકમાં જે છે તે થાય. ।।૮૪।।**

**ટીકા :-**

**'अविराहग'त्ति । 'आद्यानां त्रयाणां' पुलाकबकुशकुशीलानां जघन्या स्थितिः पल्योपमपृथक्त्वमेव सौधर्मे भणिता । उत्कृष्टा तु या यस्मिन् सुरलोके भवति सा तत्र द्रष्टव्येति प्रज्ञप्त्यभिप्रायः ।।८४।।**

**ટીકાર્થ :-**

**'आद्यानां ..... प्रज्ञप्त्यभिप्रायः ।। આદ્ય ત્રણની=પુલાક, બકુશ અને કુશીલ સાધુઓની, જઘન્યસ્થિતિ સૌધર્મ દેવલોકમાં પલ્યોપમ પૃથક્ત્વ જ કહેવાયેલ છે અર્થાત્ બેથી નવ પલ્યોપમની જઘન્યસ્થિતિ જ હોય છે. વળી, જે દેવલોકમાં જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે ઉત્કૃષ્ટથી તેમાં=પુલાક, બકુશ અને કુશીલ સાધુઓમાં જાણવી એ પ્રકારે પ્રજ્ઞપ્તિનો અભિપ્રાય છે=ભગવતીનો અભિપ્રાય છે. ।।૮૪।।**

**ભાવાર્થ :-**

પુલાક સાધુ, બકુશ સાધુ અને કુશીલ સાધુ આ ત્રણ છદ્મસ્થ અવસ્થાવાળા સુસાધુઓ છે અને તેઓ સ્વશક્તિ અનુસાર નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે અને કાળ કરતી વખતે સંયમનો અધ્યવસાય મંદ હોય તો વૈમાનિકદેવમાં જઘન્યસ્થિતિથી ઉત્પન્ન થાય છે અને તે સૌધર્મ દેવલોકમાં તેઓની જઘન્યસ્થિતિ પલ્યોપમ પૃથક્ત્વની પ્રાપ્ત થાય છે. વળી, આ પુલાક આદિ ત્રણેય સાધુઓ મરણ સમયે ઉત્કૃષ્ટ અધ્યવસાયવાળા થાય તો પોતાના સંયમસ્થાનને અનુરૂપ ઉત્કર્ષથી ઉપર ઉપરના દેવલોકમાં જાય છે અને જેઓને જે દેવલોક ઉત્કર્ષથી પ્રાપ્ત હોય તે દેવલોકમાં પણ જે ઉત્કૃષ્ટ સ્થિતિ હોય તે ઉત્કૃષ્ટ સ્થિતિને તેઓ પ્રાપ્ત કરે છે. જેમ પુલાક સાધુ ઉત્કર્ષથી આઠમા દેવલોકમાં જાય છે, તે દેવલોકની જે ઉત્કૃષ્ટ સ્થિતિ હોય તે ઉત્કૃષ્ટ સ્થિતિને ઉત્કર્ષથી તે પ્રાપ્ત કરી શકે છે, તેમ બકુશ કુશીલમાં પણ જાણવું. **॥૮૪॥**

**અવતરણિકા :-**

ग्रन्थान्तरमतमाह—

**અવતરણિકાર્થ :-**

ગ્રંથાંતરમતને કહે છે=પૂર્વમાં ભગવતીનો અભિપ્રાય બતાવ્યો. તેના વિષયમાં અન્ય ગ્રંથના મતને કહે છે—

**ગાથા :-**

खुड्डागणियंठिज्जे, पलियपुहुत्तं, ठिई चउण्हं पि ।
सोहम्मम्मि उ भणिआ, जहन्नओ जं इमा गाहा ।।८५।।

**ગાથાર્થ :-**

**ક્ષુલ્લકનિર્ગ્રંથી અધ્યયનમાં ચારેયની પણ સ્થિતિ જઘન્યથી સૌધર્મમાં પલ્યોપમ પૃથક્ત્વ કહેવાય છે. જે કારણથી આ ગાથા છે. ।।૮૫।।**

**ટીકા :-**

'खुड्डागणियंठिज्जे'त्ति । क्षुल्लकनिर्ग्रन्थीयेऽध्ययने पल्योपमपृथक्त्वं स्थितिश्चतुर्णामपि पुलाक-बकुशकुशीलनिर्ग्रन्थानां जघन्यतः सौधर्मे भणिता । यदियं गाथा तत्र पठ्यते ।।८५।।

**ટીકાર્થ :-**

क्षुल्लक ..... पठ्यते ।। ક્ષુલ્લકનિર્ગ્રંથી અધ્યયનમાં ચારેયની પણ સ્થિતિ=પુલાક, બકુશ, કુશીલ અને નિર્ગ્રંથોની સ્થિતિ જઘન્યથી સૌધર્મમાં કહેવાઈ છે. જે કારણથી આ ગાથા=આગળના શ્લોકમાં બતાવે છે, તે ગાથા, ત્યાં=ક્ષુલ્લકનિર્ગ્રંથી અધ્યયનમાં, કહેવાય છે. ।।૮૫।।

**ગાથા :-**

सहसार अच्चुअम्मी, अणुत्तराणुत्तरे अ मुक्खम्मि ।
उक्कोसेणं हीणा, सोहम्मे णव उ पल्ला उ ।।८६।।

**ગાથાર્થ :-**

**સહસ્રારમાં, અચ્યુતમાં, અનુત્તરમાં અને અનુત્તર એવા મોક્ષમાં ઉત્કર્ષથી પુલાક આદિ સાધુઓ ક્રમથી જાય છે. હીન=જઘન્યગામી, સૌધર્મમાં છે. હીન સૌધર્મમાં નવ પલ્યોપમવાળા થાય છે. ।।૮૬।।**

**ટીકા :-**

**'सहसार'त्ति । सहस्रारेऽच्युतेऽनुत्तरेष्वनुत्तरेषु मोक्षे च क्रमात् पुलाकादयो निर्ग्रन्था उत्कर्षेण गच्छन्ति । 'हीनाः' जघन्यगामिनस्तु सौधर्मे नव पल्योपमानि यावत् । वृत्तिकारोऽप्याह–**"उपपातः पुलाकस्योत्कृष्टस्थितिषु देवेषु सहस्रारे, बकुशप्रतिसेवनाकुशीलयोर्द्वाविंशतिसागरोपमस्थितिष्वच्युते, कषायकुशीलनिर्ग्रन्थयोस्त्रयस्त्रिंशत्सागरोपमस्थितिषु सर्वार्थसिद्धे । सर्वेषामपि जघन्यं पल्योपमपृथक्त्वस्थितिषु सौधर्मे, **प्रज्ञप्तिस्तु–**"कसायकुसीले जहा पुलाए, णवरं उक्कोसेणं अणुत्तरविमाणेसु । णियंठे णं एवं चेव, जाव वेमाणिएसु उववज्जमाणे अजहण्णमणुक्कोसेणं अणुत्तरविमाणेसु उववज्जइ" स्नातकस्य निर्वाणम्" इति **।।८६।।**

**ટીકાર્થ :-**

**सहस्रारेऽ ..... निर्वाणम्" इति ।। સહસ્ત્રારમાં, અચ્યુતમાં, અનુત્તરમાં અને અનુત્તર એવા મોક્ષમાં ક્રમથી પુલાક આદિ નિર્ગ્રંથો ઉત્કર્ષથી જાય છે. વળી, હીન=જઘન્યગામી, સૌધર્મમાં નવ પલ્યોપમ સુધી છે=નવ પલ્યોપમની સ્થિતિવાળા છે. વૃત્તિકાર પણ કહે છે.**

"પુલાકનો ઉપપાત ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવોમાં સહસ્ત્રાર દેવલોકમાં થાય છે. બકુશ અને પ્રતિસેવના કુશીલની અચ્યુતમાં બાવીશ સાગરોપમની સ્થિતિમાં ઉપપાત થાય છે. સર્વાર્થસિદ્ધમાં કષાયકુશીલ અને નિર્ગ્રંથનો તેત્રીશ સાગરોપમની સ્થિતિમાં ઉપપાત થાય છે" **સર્વનો પણ=પુલાક આદિ સર્વ સાધુઓનો પણ જઘન્ય સૌધર્મ દેવલોકમાં પલ્યોપમ પૃથક્ત્વ સ્થિતિમાં ઉપપાત થાય છે. વળી, પ્રજ્ઞપ્તિમાં કહેવાયું છે.**

"કષાયકુશીલમાં જે પ્રમાણે પુલાકમાં અર્થાત્ જે પ્રમાણે પુલાક જઘન્યથી પ્રથમ દેવલોકમાં જાય છે, તેમ કષાયકુશીલ પણ પ્રથમ દેવલોકમાં જાય છે. ફક્ત ઉત્કર્ષથી અનુત્તર વિમાનોમાં કષાયકુશીલ જાય છે. એ રીતે=જે રીતે કષાયકુશીલમાં કહ્યું એ રીતે, નિર્ગ્રંથમાં જાણવું. યાવત્ વૈમાનિકમાં ઉત્પન્ન થતા અજઘન્યઉત્કર્ષથી અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય છે. સ્નાતકનું નિર્વાણ થાય છે." **।।૮૬।।**

**ભાવાર્થ :-**

સુસાધુ પાંચ નિર્ગ્રંથો છે. તેમાં પુલાક, બકુશ અને કષાયકુશીલ ત્રણ નિર્ગ્રંથો નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોવાને કારણે એ ત્રણેય નિર્ગ્રંથો મોહની સામે સુભટની જેમ લડે છે અને તેઓનો સંકલ્પ હોય છે કે યુદ્ધમાં કાં તો શત્રુનો નાશ કરીશ કાં તો યુદ્ધમાં શત્રુનો નાશ કરતાં કરતાં મૃત્યુને પામીશ. પરંતુ પીછેહઠ નહીં કરું. આ પ્રકારના પુલાક, બકુશ અને કુશીલ નિર્ગ્રંથ છદ્મસ્થ અવસ્થામાં હોય છે. છતાં ત્રણેય નિર્ગ્રંથોનું સંચિત વીર્ય ભિન્ન પ્રકારનું હોવાથી ચારિત્રનાં સંયમસ્થાનો ત્રણેયમાં જુદાં જુદાં છે અને જો યુદ્ધ કરતાં કરતાં પુલાક સાધુ નિર્ગ્રંથ થઈને મોક્ષમાં ન જાય તો પુલાક અવસ્થામાં યુદ્ધભૂમિમાં લડતાં લડતાં મૃત્યુ પામે તો ઉત્કર્ષથી પુલાક સાધુ સહસ્ત્રારમાં જાય, બકુશ સાધુ અચ્યુતમાં જાય અને કષાયકુશીલ અનુત્તરમાં જાય અને નિર્ગ્રંથ સાધુ પણ અનુત્તરમાં જાય અને સ્નાતક અનુત્તર એવા મોક્ષમાં જાય છે.

વળી, પુલાક, બકુશ અને કષાયકુશીલ સાધુ હીન અધ્યવસાયમાં હોય તો જઘન્યથી નવ પલ્યોપમની સ્થિતિવાળા દેવ થાય છે. જોકે કષાયકુશીલમાં પ્રતિસેવનાકુશીલ છે અને પ્રતિસેવના ન કરે તેઓ પણ

કષાયકુશીલ સાધુ છે. જેઓનો સ્વભાવ નિરતિચાર સંયમ પાળે તેવો છે તોપણ ઉપયોગ હીન અધ્યવસાયમાં હોય તો સૌધર્મદેવલોકમાં નવ પલ્યોપમની સ્થિતિવાળા દેવ થાય છે અને નિર્ગ્રંથ સાધુ અજઘન્ય અનુત્કર્ષ પરિણામવાળા હોવાથી અનુત્તરમાં જાય છે. ફક્ત ગાથા-૮૩માં કહ્યું, એ રીતે ઉપશાંત નિર્ગ્રંથ પાત પામીને ચારિત્રના પરિણામમાં હોય અને વિરાધિત ચારિત્રવાળા હોય તો ભવનપતિ આદિમાં પણ જાય છે અને વિરાધિત ચારિત્રવાળા ન હોય અને ઉપશમશ્રેણીથી પાત પામીને ચારિત્રની પરિણતિવાળા હોય તો જઘન્યથી સૌધર્મ દેવલોકમાં નવ પલ્યોપમવાળા દેવ થાય છે. સ્નાતક સાધુ તે જ ભવમાં મોક્ષમાં જાય છે. II૮૬II

**અવતરણિકા :-**

**उक्तं गतिद्वारम् । अथ संयमद्वारमाह—**

**અવતરણિકાર્થ :-**

**ગતિદ્વાર કહેવાયું. હવે સંયમદ્વાર કહે છે—**

**ગાથા :-**

**ठाणाइं संजमो खलु, ताइं असंखिज्जयाइं पत्तेअं ।**
**हुंति चउण्हं ठाणं, इक्कं चिय दोण्ह चरिमाणं ।।८७।।**

**ગાથાર્થ :-**

**સ્થાનો સંયમ છે. તે=સંયમસ્થાનો, પ્રત્યેકને આશ્રયીને ચારને અસંખ્યાતા છે. ચરમ એવા બંનેને એક જ સ્થાન છે. II૮૭II**

**ટીકા :-**

**'ठाणाइं'ति । संयमः खलु स्थानानि, संयमशब्देन संयमस्थानान्युच्यन्त इत्यर्थः । तानि च प्रत्येकं सर्वाकाशप्रदेशाग्रगुणितसर्वाकाशप्रदेशपरिमाणानन्तचारित्रपर्यायसमुदायरूपाणि हीनोत्कृष्टादि-भेदान्यसङ्ख्येयानि श्रेणिनिष्पादकानि भवन्तीति विवेचितं प्रथमोल्लासे । तत्र 'तानि' संयमस्थानानि प्रत्येकं 'चतुर्णां' पुलाकबकुशप्रतिसेवककषायकुशीलानामसङ्ख्येयानि भवन्ति । 'द्वयोश्चरमयोः' निर्ग्रन्थस्नातकयोः पुनरेकमेव संयमस्थानं भवति । यत्प्रज्ञप्तिः—**"पुलागस्स णं भंते ! केवइआ संजमट्ठाणा ? गोयमा ! असंखेज्जा ठाणा पण्णत्ता, एवं जाव कसायकुसीलस्स । णियंठस्स णं भंते ! केवइआ संजमट्ठाणा पण्णत्ता ? गोयमा ! एगे अजहण्णमणुक्कोसए संजमट्ठाणे पण्णत्ते । एवं सिणायस्स वि"त्ति **।।८७।।**

**ટીકાર્થ :-**

**संयमः ..... सिणायस्स वि"त्ति ।। સંયમ ખરેખર સ્થાનો છે=સંયમ શબ્દથી સંયમનાં સ્થાનો કહેવાય**

**છે અને તે=સંયમસ્થાનો, પ્રત્યેક સર્વ આકાશપ્રદેશના અગ્રથી ગુણિત સર્વ આકાશપ્રદેશના પરિમાણથી અનંતચારિત્ર પર્યાયના સમુદાયરૂપ હીન ઉત્કૃષ્ટ આદિ ભેદોવાળા અસંખ્યાતિ શ્રેણીના નિષ્પાદકો થાય છે=સંયમસ્થાનો થાય છે, એ પ્રમાણે પ્રથમ ઉલ્લાસમાં વિવેચન કરાયું. ત્યાં=સંયમસ્થાનોમાં, તે સંયમસ્થાનો પ્રત્યેક ચારને=પુલાક, બકુશ, પ્રતિસેવક અને કષાયકુશીલોનાં અસંખ્યાતાં થાય છે. બંને ચરમનું=નિર્ગ્રંથ અને સ્નાતકનું, વળી એક જ સંયમસ્થાન થાય છે અર્થાત્ નિર્ગ્રંથ અગિયારમા, બારમા ગુણસ્થાનકમાં હોય છે અને સ્નાતક તેરમા ચૌદમા ગુણસ્થાનકમાં હોય છે. છતાં ચારેય મહાત્માઓને કષાયનો લેશ પણ સંશ્લેષ નથી. તેથી, સંપૂર્ણ અકષાયની પરિણતિરૂપ સંયમસ્થાન એક હોય છે. પુલાક આદિની જેમ તરતમતાનાં સંયમસ્થાનો આ ચારેય મહાત્માઓને નથી. જે કારણથી પ્રજ્ઞપ્તિ છે=પ્રજ્ઞપ્તિમાં કહેવાયું છે.**

"હે ભગવંત ! પુલાકને કેટલાં સંયમસ્થાનો છે ? ભગવાન ઉત્તર આપે છે, હે ગૌતમ ! અસંખ્યાત સંયમસ્થાનો કહેવાય છે. એ રીતે યાવત્ કષાયકુશીલને અસંખ્યાત સંયમસ્થાનો કહેવાયાં છે. હે ભગવંત ! નિર્ગ્રંથને કેટલાં સંયમસ્થાનો કહેવાયાં છે ? ભગવાન ઉત્તર આપે છે. હે ગૌતમ ! અજઘન્ય અનુત્કૃષ્ટ એવું એક સંયમસ્થાન કહેવાયું છે. એ રીતે સ્નાતકને પણ એક સંયમસ્થાન કહેવાયું છે." **॥૮૭॥**

**ભાવાર્થ :-**

સુસાધુ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત થવા માટે સંયમની સર્વ ક્રિયાઓ સુપ્રણિધાનપૂર્વક કરે છે અને તે સુપ્રણિધાનના બળથી ઉત્તરોત્તરના સંયમસ્થાનમાં જાય છે. તેથી સંયમસ્થાનો અસંખ્યાતાં છે અને સંયમસ્થાનમાં ચારિત્રના પર્યાયો છે અને તે પર્યાયો કેટલા છે ? તે બતાવવા માટે પ્રથમ ઉલ્લાસમાં કહેલ કે આકાશનો એક પ્રદેશ ગ્રહણ કરીએ અને લોક-અલોકરૂપ જેટલા આકાશના સર્વ પ્રદેશો થાય, તેનાથી અનંતગુણાં ચારિત્રના પર્યાયના સમુદાયરૂપ સંયમસ્થાનો છે. તેથી ફલિત થાય કે જીવમાં સંશ્લેષની તરતમતાની ભૂમિકાથી ચારિત્રના પર્યાયો પ્રગટ થાય છે અને સંસારનાં સર્વ દ્રવ્યો પ્રત્યે અસંશ્લેષની પરિણતિવાળું ચારિત્રનું પ્રથમ સંયમસ્થાન છે અને તે અસંશ્લેષનો પરિણામ જ ઉત્તરોત્તર વૃદ્ધિ પામવાથી પુલાકાદિનાં સંયમસ્થાનોની પ્રાપ્તિ થાય છે અને પુલાક સાધુના જઘન્ય સંયમસ્થાનથી માંડીને ઉત્કૃષ્ટ સંયમસ્થાન ગ્રહણ કરીએ તો તે વચલાં સંયમસ્થાનોની સંખ્યા ભેગી કરવાથી અસંખ્યાત સંયમસ્થાનો પ્રાપ્ત થાય છે. તે જ રીતે બકુશ સાધુનાં, પ્રતિસેવક કુશીલ સાધુનાં અને કષાયકુશીલ સાધુનાં પણ અસંખ્યાત સંયમસ્થાનો પ્રાપ્ત થાય છે અને જેમ જેમ પુલાક આદિ સાધુઓ સુપ્રણિધાનપૂર્વક સંયમની ક્રિયાઓ કરીને સૂક્ષ્મસૂક્ષ્મતર સંશ્લેષનો પરિહાર કરે છે, તેમ તેમ ઉપર ઉપરનાં સંયમસ્થાનોમાં જાય છે અને પ્રમાદવશ અતિચારની પરિણતિવાળા થાય છે, ત્યારે ત્યારે અધોઅધો સંયમસ્થાનમાં જાય છે.

વળી, અગિયારમા, બારમામાં રહેલા નિર્ગ્રંથ અને તેરમા-ચૌદમામાં રહેલા સ્નાતક, તેઓને કોઈ પદાર્થ પ્રત્યે સૂક્ષ્મ પણ સંશ્લેષ નથી. તેથી તેઓ સર્વથા સંશ્લેષના અભાવરૂપ એક સંયમસ્થાનવાળા છે. **॥૮૭॥**

**અવતરણિકા :-**

संयमद्वार एव पुलाकादीनां संयमस्थानाल्पबहुत्वमाह—

**અવતરણિકાર્થ :-**

સંયમદ્વારમાં જ પુલાક આદિનાં સંયમસ્થાનોનું અલ્પબહુત્વ બતાવે છે—

**ગાથા :-**

**णिग्गंथसिणायाणं, तुल्लं इक्कं च संजमट्ठाणं ।**
**अकसाइअं तओ ते, पुलायबउसाणऽसंखगुणा ।।८८।।**
**पडिसेवगसकसायाणऽसंखगुणिया तओ अ ते हुंति ।**
**अण्णे णिग्गंथस्स वि, असंखठाणाइं इच्छंति ।।८९।।**

**ગાથાર્થ :-**

**નિર્ગ્રંથ અને સ્નાતકોનું અકાષાયિક તુલ્ય અને એક સંયમસ્થાન છે. ત્યારપછી તે પુલાક બકુશ અસંખ્યાતગુણા સંયમસ્થાનમાં જાય છે. ।।૮૮।।**

**ત્યારબાદ તે=સંયમસ્થાન હોય છે. પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલનિર્ગ્રંથ બંનેનાં અન્ય આચાર્યો નિર્ગ્રંથોને પણ અસંખ્ય સંયમસ્થાનો ઇચ્છે છે=માને છે. ।।૮૯।।**

**ટીકા :-**

**'णिग्गंथ'त्ति । निर्ग्रन्थस्नातकयोः 'अकाषायिकं' काषायिकाध्यवसायरहितमत एवैकं कषायाणामुपशमस्य क्षयस्य वाऽविचित्रत्वेन शुद्धेरेकविधत्वात्, एकत्वादेव च 'तुल्यम्' अजघन्योत्कृष्टं बहुष्वेव जघन्योत्कृष्टभावसद्भावात्संयमस्थानं भवति, तच्च सर्वतः स्तोकमित्यर्थः । ततः 'ते'त्ति प्राकृतत्वाल्लिङ्गविपर्ययः, तानि संयमस्थानानि पुलाकबकुशयोरसङ्ख्येयगुणानि प्रत्येकं भवन्ति, चारित्रमोहनीयक्षयोपशमवैचित्र्यात् । निर्ग्रन्थस्नातकस्थानापेक्षया पुलाकस्य स्थानान्यसङ्ख्येयगुणानि, ततोऽपि च बकुशस्या-सङ्ख्येयगुणानीत्यर्थः । ततः 'प्रतिसेवककषायिणोः' प्रतिसेवनाकुशीलकषायकुशीलयोः प्रत्येकं तान्यसङ्ख्येयगुणानि । तथा च प्रज्ञप्तिसूत्रम्—**"एएसि णं भंते ! पुलागबउसपडिसेवणाकसायकुसीलनिग्गंथसिणायाणं संजमट्ठाणाणं कयरे कयरे जाव विसेसाहिया वा ? गोअमा ! सव्वत्थोवे णियंठस्स, सिणायस्स एगे अजहण्णुक्कोसए संजमट्ठाणे, पुलागस्स संजमट्ठाणा असंखेज्जगुणा, बउसस्स संजमट्ठाणा असंखेज्जगुणा, पडिसेवणाकुसीलस्स संजमट्ठाणा असंखेज्जगुणा, कसायकुसीलस्स संजमट्ठाणा असंखेज्जगुण"त्ति । **अन्यत्राप्युक्तम्—**

"पुलागकुसीलाणं, सव्वजहण्णाइं हुंति ठाणाइं ।
वोलीणेहिं असंखेहिं होइ पुलागस्स वुच्छित्ती ।।१।।

कसायकुसीलो उवरिं, असंखिज्जाइं तु तत्थ ठाणाइं ।
पडिसेवणबउसे या, कसायकुसीलो तओऽसंखा ।।२।।
वोच्छिण्णो बउसो उ, उवरिं पडिसेवणाकसाओ अ ।
गंतुमसंखेज्जाइं, छिज्जइ पडिसेवणासीलो ।।३।।
उवरिं गंतुं छिज्जइ, कसायसेवी तओ हु सो णियमा ।
उड्ढं एगट्ठाणं, णिग्गंथसिणायगाणं तु ।।४।।"**त्ति ।**

**मतान्तरमाह—अन्ये आचार्या निर्ग्रन्थस्याप्यकाषायिकान्यसङ्ख्यस्थानानीच्छन्ति, प्रतिसमयं निर्जरा-वृद्धेर्वैचित्र्यस्य संयमस्थानवैचित्र्याधीनत्वादुपशान्तक्षीणमोहावान्तरवैचित्र्यस्य न्याय्यत्वात् । तदुक्तं क्षुल्लकनिर्ग्रन्थीये—**

"उक्कोसओ णियंठो, जहण्णओ चेव होइ णायव्वो ।
अजहण्णमणुक्कोसा, होंति णियंठा असंखिज्जा ।।१।।"

**शान्तिसूरयोऽप्याहुः—**"असङ्ख्येयानि संयमस्थानानि कषायनिमित्तानि भवन्ति । तत्र सर्वजघन्यानि संयमलब्धिस्थानानि पुलाककषायकुशीलयोः, तौ युगपदसङ्ख्येयस्थानानि गच्छतः । ततः पुलाको व्युच्छिद्यते । कषायकुशीलस्ततोऽसङ्ख्येयानि स्थानान्येकाकी गच्छति । ततः कषायकुशीलप्रतिसेवनाकुशीलबकुशा युगपदसङ्ख्येयानि स्थानानि गच्छन्ति । ततो बकुशो व्युच्छिद्यते । ततोऽप्यसङ्ख्येयानि स्थानानि गत्वा प्रतिसेवनाकुशीलो व्युच्छिद्यते । ततोऽसङ्ख्येयानि स्थानानि गत्वा कषायकुशीलो व्युच्छिद्यते । अत ऊर्द्धमकषायस्थानानि निर्ग्रन्थः प्रतिपद्यते । सोऽप्यसङ्ख्येयानि स्थानानि गत्वा व्युच्छिद्यते" इति **।।८८-८९।।**

**ટીકાર્થ :-**

**निर्ग्रन्थस्नातकयोः ..... व्युच्छिद्यते" इति ।। નિર્ગ્રંથ અને સ્નાતકોનું અકષાયીપણું=કાષાયિક અધ્યવસાય રહિતપણું, છે. આથી જ એક સંયમસ્થાન છે; કેમ કે કષાયોના ઉપશમનું અથવા ક્ષયનું અવિચિત્રપણું હોવાને કારણે શુદ્ધિનું એકવિધપણું છે અર્થાત્ ઉપશાંતનિર્ગ્રંથને કષાયનો ઉપશમ છે અને ક્ષાયિકનિર્ગ્રંથને કષાયનો ક્ષય છે તોપણ કષાયના સ્પર્શ વગરનો જ્ઞાનનો પરિણામ વૈચિત્ર્ય વગરનો એકસ્વરૂપવાળો હોવાથી તે બંને નિર્ગ્રંથોની શુદ્ધિનું એકવિધપણું છે અને એકપણું હોવાથી જ=બંને નિર્ગ્રંથોની શુદ્ધિનું એકપણું હોવાથી જ, અજઘન્ય ઉત્કૃષ્ટ સંયમસ્થાન થાય છે; કેમ કે ઘણાં સંયમસ્થાનોમાં જ જઘન્ય ઉત્કૃષ્ટભાવોનો સદ્ભાવ છે અને તે=એક સંયમસ્થાન, સર્વથી સ્તોક છે=નિર્ગ્રંથનું અને સ્નાતકનું સંયમસ્થાન એક હોવાથી સર્વથી સ્તોક છે. ત્યારપછી તે સંયમસ્થાનો પુલાક બકુશના અસંખ્ય ગુણો પ્રત્યેકને આશ્રયીને થાય છે. ગાથામાં 'तानि'ને બદલે 'ते' શબ્દ છે, એ પ્રાકૃતપણાને કારણે લિંગના વિપર્યયરૂપ છે. કેમ પુલાક અને બકુશ પ્રત્યેક સાધુને આશ્રયીને અસંખ્યાત સંયમસ્થાનો થાય છે ? તેમાં હેતુ કહે છે. ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમનું વૈચિત્ર્યપણું છે. નિર્ગ્રંથની અને**

**સ્નાતકની અપેક્ષાએ પુલાકનાં સ્થાનો અસંખ્યગુણાં છે અને તેનાથી પણ=પુલાકથી પણ, બકુશનાં અસંખ્યાતગુણાં સંયમસ્થાનો છે. ત્યારપછી પ્રતિસેવકના અને કષાયકુશીલના=પ્રતિસેવકના કુશીલના અને કષાયકુશીલનાં, પ્રત્યેકને આશ્રયીને તે=સંયમસ્થાનો, અસંખ્યાતગુણા છે અર્થાત્ પુલાક કરતાં બકુશને અસંખ્યાતગુણાં હતાં, તેના કરતાં પણ પ્રતિસેવનાકુશીલને અને કષાયકુશીલને પ્રત્યેકને આશ્રયીને તે સંયમસ્થાનો અસંખ્યાતગુણાં તરતમતાથી પ્રાપ્ત થાય છે અને તે રીતે=પૂર્વમાં સંયમસ્થાનો બતાવ્યા તે રીતે, પ્રજ્ઞપ્તિસૂત્ર છે.**

"હે ભગવન્ ! આમનામાં=પુલાક આદિ સાધુઓમાં, પુલાક-બકુશ-પ્રતિસેવનાકુશીલ-કષાયકુશીલ-નિર્ગ્રંથ અને સ્નાતકનાં સંયમસ્થાનોનું કેટલા કેટલા અથવા યાવત્ વિશેષાધિક છે ? ભગવાન ઉત્તર આપે છે. હે ગૌતમ ! નિર્ગ્રંથનાં અને સ્નાતકનાં સર્વ થોડાં એક અજઘન્યઉત્કૃષ્ટ સંયમસ્થાન છે. પુલાકનાં સંયમસ્થાનો અસંખ્યગુણાં છે. બકુશના સંયમસ્થાનો અસંખ્યગુણાં છે. પ્રતિસેવનાકુશીલનાં સંયમસ્થાનો અસંખ્યગુણાં છે. કષાયકુશીલનાં સંયમસ્થાનો અસંખ્યગુણાં છે."

**અન્યત્ર પણ કહેવાયું છે.**

"પુલાકકુશીલોનાં સર્વ જઘન્યસ્થાન હોય છે. અસંખ્યાતના ઉલ્લંઘનથી પુલાકની વ્યુત્પત્તિ છે=સર્વ જઘન્યસ્થાનથી ગયા પછી ઉત્તર ઉત્તરના સંયમસ્થાનને પામતાં અસંખ્યાત સંયમસ્થાનના ઉલ્લંઘનથી પુલાકનું છેલ્લું સંયમસ્થાન પ્રાપ્ત થાય છે. ત્યારપછી પુલાકનું સંયમસ્થાન નથી. ॥૧॥"

ત્યાં=પુલાક અને કષાયકુશીલની વિચારણામાં, કષાયકુશીલ સાધુ ઉપરનાં અસંખ્યાત સ્થાનોમાં છે અર્થાત્ પુલાક અને કષાયકુશીલનું સર્વ જઘન્યસ્થાન સમાન કક્ષાથી શરૂ થયેલ છતાં પુલાકનાં અસંખ્યાત સંયમસ્થાનો પછી કષાયકુશીલના ઉપરમાં અસંખ્યાત સંયમસ્થાનો છે. કષાયકુશીલના સંયમસ્થાન છે, તેનાથી અસંખ્યાત સંયમસ્થાનો પ્રતિસેવનાકુશીલ અને બકુશનાં છે. ॥૨॥

વિચ્છેદવાળો બકુશ છે=બકુશનાં સંયમસ્થાનો વિચ્છેદ પામે છે. ઉપરમાં પ્રતિસેવના કષાયવાળા જાય છે. પ્રતિસેવનાકુશીલ અસંખ્યાત જઈને=બકુશની ઉપરમાં અસંખ્યાત સંયમસ્થાનો જઈને, છેદે છે=સંયમસ્થાન પૂરાં કરે છે. ॥૩॥

ઉપરમાં જઈને કષાયસેવી છેદે છે=પ્રતિસેવનાકુશીલથી ઉપરના સંયમસ્થાનમાં જઈને કષાયકુશીલનું અંતિમ સંયમસ્થાન પૂરું કરે છે. ત્યારપછી તે=કષાયકુશીલ, નિયમા નિર્ગ્રંથ અને સ્નાતકના એક સ્થાનને પ્રાપ્ત કરે છે."

**મતાંતરને કહે છે – અન્ય આચાર્યો નિર્ગ્રંથને પણ અકાષાયિક અસંખ્યસ્થાનો ઇચ્છે છે; કેમ કે પ્રતિસમય નિર્જરાની વૃદ્ધિ હોવાથી વિચિત્ર સંયમસ્થાનના વૈચિત્ર્યનું આધીનપણું હોવાથી ઉપશાંત અને ક્ષીણમોહના અંતરમાં=અવાંતર અવસ્થાઓમાં, વૈચિત્ર્યનું ન્યાયપણું છે. ક્ષુલ્લકનિર્ગ્રંથીઓમાં તે કહેવાયું છે=મતાંતર કહ્યો તે કહેવાયું છે.**

"ઉત્કૃષ્ટથી અને જઘન્યથી નિર્ગ્રંથ જ્ઞાતવ્ય થાય છે. અજઘન્ય અનુત્કૃષ્ટ નિર્ગ્રંથો અસંખ્યાત થાય છે=તરતમતાની ભૂમિકાથી અસંખ્યાત થાય છે. ॥૧॥"

**પૂ.આ. શાંતિસૂરિજી પણ કહે છે –**

"અસંખ્યાતાં સંયમસ્થાનો કષાયનિમિત્તવાળા થાય છે. ત્યાં=અસંખ્યાતા સંયમસ્થાનમાં, સર્વ જઘન્ય સંયમની લબ્ધિનાં સ્થાનો પુલાક અને કષાયકુશીલને હોય છે. તે બંને એકસાથે અસંખ્યાતા સંયમસ્થાનો જાય છે. ત્યારપછી પુલાકની વ્યુચ્છિત્તિ છે=પુલાકનાં સંયમસ્થાનો પૂર્ણ થાય છે. ત્યારપછી=પુલાકના સંયમસ્થાનના વિચ્છેદ પછી, કષાયકુશીલ અસંખ્યાતા સ્થાનો એકાકી જાય છે, ત્યારપછી કષાયકુશીલ, પ્રતિસેવનાકુશીલ અને બકુશ સાધુ એકસાથે અસંખ્યાતસ્થાનો જાય છે, ત્યારપછી બકુશ વિચ્છેદ પામે છે=બકુશ સાધુનાં સંયમસ્થાનો પૂરાં થાય છે. તેનાથી પણ=બકુશ સાધુનાં વિચ્છેદ પામેલાં સંયમસ્થાનથી પણ, અસંખ્યાતાં સ્થાનોને જઈને=ઉપર ઉપરનાં અસંખ્યાતાં સ્થાનોને જઈને, પ્રતિસેવનાકુશીલ વિચ્છેદ પામે છે=પ્રતિસેવનાકુશીલ સાધુના ઉત્કૃષ્ટ સંયમસ્થાનની શુદ્ધિનું અંતિમસ્થાન પૂર્ણ થાય છે. ત્યારપછી અસંખ્યાતાં સ્થાનોને જઈને કષાયકુશીલ વિચ્છેદને પામે છે=કષાયકુશીલનું ઉત્કૃષ્ટ શુદ્ધિનું સ્થાન પૂર્ણ થાય છે. આથી ઊર્ધ્વમાં અકષાયસ્થાનો નિર્ગ્રંથ પ્રાપ્ત કરે છે. તે પણ=નિર્ગ્રંથ સાધુ પણ અસંખ્યાતાં સ્થાનો જઈને વિચ્છેદ પામે છે." **॥૮૮-૮૯॥**

**ભાવાર્થ :-**

જીવમાં વર્તતા નિર્ગ્રંથભાવને અનુકૂળ યત્ન સ્વરૂપ જે ચારિત્રનો પરિણામ છે, તે સંયમસ્થાન છે. જોકે તત્ત્વના અર્થી જીવો શાસ્ત્રવચનથી, ઉપદેશથી કે અન્ય રીતે સમિતિ-ગુપ્તિવાળા મુનિ કઈ રીતે નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે, તેનો બોધ કરે છે, ત્યારે જે પ્રકારની તેની નિર્ગ્રંથભાવની રુચિ વર્તે છે, તે પ્રમાણે તેનું વીર્ય નિર્ગ્રંથભાવને અભિમુખ અભિમુખતર થાય છે. તેથી, દૂરદૂરવર્તી તે અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવ પણ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે તોપણ અપ્રત્યાખ્યાની આદિ કષાયોના સંશ્લેષથી વિષયો પ્રત્યેના સંશ્લેષવાળું ચિત્ત છે. તેથી તે અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવો નિર્ગ્રંથભાવને આસન્ન આસન્નતર હોવા છતાં નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત નથી તેમ કહેલ છે. જ્યારે ભાવસાધુ તો પૂર્વમાં કહેલા ચોવીશ પ્રકારના ગ્રંથોના પારમાર્થિક સ્વરૂપનો બોધ કરીને દશ પ્રકારના બાહ્ય ગ્રંથોનો ત્યાગ કરે છે અને ચૌદ પ્રકારના અભ્યંતર ગ્રંથોને ઉપયોગપૂર્વક નિરુદ્ધ કરીને ક્ષીણક્ષીણતર કરવા પ્રયત્ન કરે છે. તેઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત કહેવાય છે અને તેવા નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિતને પણ ઉપચારથી નિર્ગ્રંથ કહેવાય છે અને નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત એવા પુલાક, બકુશ અને કુશીલ એ ત્રણ નિર્ગ્રંથો છે અને કુશીલ નિર્ગ્રંથોમાં પણ પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલરૂપ બે ભેદો છે. આ ચારેય નિર્ગ્રંથો નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે. પરંતુ નિર્ગ્રંથ થયા નથી અને નિર્ગ્રંથભાવ પ્રત્યેનું પ્રસ્થાન ક્ષયોપશમભાવની તરતમતાના કારણે અનેક તરતમતાના ભેદવાળું થાય છે; કેમ કે નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત મુનિઓ તત્ત્વના બોધમાં વિપર્યાસ કરાવનારા મિથ્યાત્વના ક્ષયોપશમભાવવાળા હોય છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાયોના ક્ષયોપશમભાવવાળા હોય છે અને સંજ્વલનકષાયના ક્યારેક ઉદયભાવવાળા અને ક્યારેક ક્ષયોપશમભાવવાળા હોય છે અને તે સર્વ પ્રકારના ક્ષયોપશમો સૂક્ષ્મ બોધ, સૂક્ષ્મ રુચિ અને રુચિ અનુસારી સમ્યગ્ આચરણાના બળથી તરતમતાવાળા પ્રાપ્ત થાય છે. તેથી, મિથ્યાત્વના ક્ષયોપશમમાં પણ તરતમતાની પ્રાપ્તિ થાય છે. અનંતાનુબંધી કષાયોના ક્ષયોપશમભાવની તરતમતા પ્રાપ્ત થાય છે અને તેના બળથી સંયમસ્થાનોની તરતમતાની પ્રાપ્તિ થાય છે.

વળી, પુલાક સાધુને પુલાકલબ્ધિના બળથી વિલક્ષણ સંયમસ્થાનની પ્રાપ્તિ થાય છે. વળી, બકુશ સાધુને

શરીર અને ઉપકરણને આશ્રયીને પ્રતિસેવનાનો સ્વભાવ છે. તેથી ક્યારેક વિપરીત પણ આચરણા કરે છે, છતાં નિર્ગ્રંથભાવને અનુકૂળ યત્ન પણ તે મહાત્માઓ સદા કરે છે. તેથી, બકુશ સંયમસ્થાન પુલાક આદિ અન્ય સંયમસ્થાન કરતાં વિલક્ષણ થાય છે. તેથી પુલાક આદિ સંયમસ્થાનોમાં તરતમતાના કેટલા ભેદોની પ્રાપ્તિ થાય તે બતાવવાર્થે કહે છે.

નિર્ગ્રંથ અને સ્નાતક સાધુમાં કાષાયિક અધ્યવસાય રહિત એક જ કષાયના ઉપશમરૂપ કે ક્ષયરૂપ સંયમસ્થાન વર્તે છે. તેથી તેઓનું સંયમસ્થાન જઘન્ય ઉત્કૃષ્ટાદિ ભેદોવાળું નહિ હોવાથી અજઘન્ય ઉત્કૃષ્ટ એક સંયમસ્થાન કહેવાય છે અને તે સંયમસ્થાન પુલાક સાધુ અને બકુશ સાધુને પ્રત્યેકને આશ્રયીને અસંખ્યગુણું છે; કેમ કે ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમના વૈચિત્ર્યથી પુલાક સાધુ ક્યારેક નીચેના સંયમસ્થાનમાં હોય છે તો ક્યારેક ઉત્કૃષ્ટ સંયમસ્થાનમાં હોય છે. તે સંયમસ્થાનો અસંખ્યાત હોય છે. તેથી નિર્ગ્રંથ-સ્નાતકની અપેક્ષાએ પુલાક સાધુઓનાં સંયમસ્થાનો અસંખ્યાતગુણાં છે, તેમ કહેલ છે. વળી, બકુશ સાધુને પુલાક કરતાં પણ અસંખ્યાતગુણાં સંયમસ્થાનો છે. આ રીતે તરતમતાના ભેદથી પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલનાં પણ અસંખ્યાતગુણાં સંયમસ્થાનોની પ્રાપ્તિ થાય છે. **॥૮૮-૮૯॥**

**અવતરણિકા :-**

**उक्तं संयमद्वारम् । अथ निकर्षद्वारमाह—**

**અવતરણિકાર્થ :-**

**સંયમદ્વાર કહેવાયું. હવે, નિકર્ષદ્વારને કહે છે—**

**ગાથા :-**

**संजोअणं णिगासो, पुलओ सट्ठाणि तत्थ पुलयसमो ।**
**हीणहिओ छट्ठाणा, परठाणि कसाइणो एवं ।।९०।।**

**ગાથાર્થ :-**

**સંયોજન નિકર્ષ છે. પુલાક સ્વસ્થાનમાં છે. ત્યાં=પુલાકના સ્વસ્થાનમાં, પુલાક સમ=એક પુલાક બીજા પુલાક સાથે સમ છે અથવા હીન-અધિક છ સ્થાન છે. એ રીતે કષાયકુશીલ પરસ્થાન છે. ।।૯૦।।**

**ટીકા :-**

**'संजोअणं'ति । 'संजोयनं' सजातीयविजातीयप्रतियोगिकतुल्यत्वादिधर्मसङ्घट्टनं निकर्षः । तत्र विचार्यमाणे स्वस्थाने सजातीये प्रतियोगिनि पुलाकः पुलाकेन तुल्यः, तुल्यविशुद्धिकपर्यवयोगात्, हीनस्तदपेक्षयाऽविशुद्धिपर्यवयोगात्, अधिकश्च तदपेक्षया विशुद्धपर्यवयोगात् । तत्र हीनोऽधिकश्च 'षट्स्थानात्' षट्स्थानकमाश्रित्य ज्ञेयस्तथाहि—अनन्तभागहीनो १ ऽसङ्ख्येयभागहीनः २ सङ्ख्येय-**

भागहीनः ३ सङ्ख्येयगुणहीनो ४ ऽसङ्ख्येयगुणहीनो ५ ऽनन्तगुणहीनश्च ६ इति । तथाहि–असद्भावस्थापनया पुलाकस्योत्कृष्टसंयमस्थानपर्यवाग्रं दश सहस्राणि १००००, तस्य सर्वजीवानन्तकेन शतपरिमाणतया कल्पितेन भागे हृते शतं लब्धम् १००, द्वितीयप्रतियोगिपुलाकचरणपर्यवाग्रं नव सहस्राणि नवशताधिकानि ९९००+१००, पूर्वभागहारलब्धशतस्य १०० तत्र प्रक्षेपे दश सहस्राणि जायन्ते, ततोऽसौ द्वितीयपुलाकः सर्वजीवानन्तभागहारलब्धेन शतेन हीन इत्यनन्तभागहीनः १। पूर्वोक्तपर्यायराशेर्दशसहस्रमानस्य लोकाकाशप्रदेशपरिमाणेनासङ्ख्येयकेन कल्पनया पञ्चाशत्प्रमाणेन भागे हृते लब्धे द्वे शते, द्वितीयप्रतियोगिपुलाकचरणपर्यवाग्रं नव सहस्राण्यष्टौ शतानि ९८००+२००, पूर्वभागलब्धायां द्विशत्यां तत्र प्रक्षिप्तायां दश सहस्राणि भवन्तीत्यतोऽसौ द्वितीयपुलाको लोकाकाशप्रदेशपरिमाणासङ्ख्येयभागहारलब्धेन शतद्वयेन हीन इत्यसङ्ख्येयभागहीनः २। तथा पूर्वकल्पितराशेर्दशसहस्रमितस्योत्कृष्टसङ्ख्येयकेन कल्पनया दशकपरिमाणेन भागे हृते लब्धं सहस्रम्, द्वितीयप्रतियोगिपुलाकचरणपर्यवाग्रं नव सहस्राणि ९०००, पूर्वभागलब्धे च सहस्रे तत्र प्रक्षिप्ते दश सहस्राणि भवन्ति, ततोऽसावुत्कृष्टसङ्ख्येयभागहारलब्धेन सहस्रेण हीन इति सङ्ख्येयभागहीनः ३। तथैकस्य पुलाकस्य चरणपर्यवाग्रं सहस्रदशकं कल्पितम्, द्वितीयप्रतियोगिपुलाकचरणपर्यवाग्रं सहस्रम्, ततश्चोत्कृष्टसङ्ख्येयकेन कल्पनया दशकपरिमाणेन गुणकारेण गुणितः सहस्रो राशिर्जायते दश सहस्राणि, स च तेनोत्कृष्टसङ्ख्येयकेन कल्पनया दशपरिमाणेन गुणकारेण हीनोऽनभ्यस्त इति सङ्ख्येयगुणहीनः ४। तथैकस्य पुलाकस्य चरणपर्यवाग्रं कल्पनया दश सहस्राणि, द्वितीयप्रतियोगिपुलाकचरणपर्यवाग्रं द्वे शते, ततश्च लोकाकाशप्रदेशपरिमाणेनासङ्ख्येयकेन कल्पनया पञ्चाशत्प्रमाणेन गुणकारेण गुणितो द्विशतिको राशिर्जायते दश सहस्राणि, स च तेन लोकाकाश-प्रदेशप्रमाणासङ्ख्येयकेन कल्पनया पञ्चाशत्प्रमाणेन गुणकारेण हीनोऽनभ्यस्त इत्यसङ्ख्येयगुणहीनः ५। तथैकस्य पुलाकस्य चरणपर्यवाग्रं कल्पनया सहस्रदशकम्, द्वितीयप्रतियोगिपुलाकचरणपर्यवाग्रं च शतम्, ततश्च सर्वजीवानन्तकेन कल्पनया शतपरिमाणेन गुणकारेण गुणितः शतिको राशिर्जायते दश सहस्राणि, स च तेन सर्वजीवानन्तकेन कल्पनया शतपरिमाणेन गुणकारेण हीनोऽनभ्यस्त इत्यनन्तगुणहीनः ६। एवमधिकषट्स्थानकशब्दार्थोऽप्येभिर्भागहारगुणकारैर्व्याख्येयः, तथाहि–एकस्य पुलाकस्य कल्पनया दश सहस्राणि चरणपर्यवाग्रम्, तदन्यस्य नव शताधिकानि नव सहस्राणि, ततो द्वितीयापेक्षया प्रथमोऽनन्तभागाधिकः १। तथा यस्य नव सहस्राण्यष्टौ शतानि चरणपर्यवाग्रं तस्मात्प्रथमोऽसङ्ख्येयभागाधिकः २। तथा यस्य नव सहस्राणि चरणपर्यवाग्रं तस्मात्प्रथमः सङ्ख्येयभागाधिकः ३। तथा यस्य चरणपर्यवाग्रं सहस्रमानं तदपेक्षया प्रथमः सङ्ख्येयगुणाधिकः ४। तथा यस्य चरणपर्यवाग्रं द्विशती तदपेक्षयाऽऽद्योऽसङ्ख्येयगुणाधिकः ५। तथा यस्य चरणपर्यवाग्रं

शतमानं तदपेक्षया प्रथमोऽनन्तगुणाधिकः ६ इति ।। 'परस्थाने' विजातीये प्रतियोगिनि विचार्यमाणे 'कषायिणः' कषायकुशीलस्यापेक्षया 'एवं' पुलाकवदेव-तुल्यो हीनोऽधिको वा षट्स्थानपतितः, कषायकुशीलस्थानानामादौ पुलाकस्थानसमधारया प्रवृत्तानामुपरिष्टात्तत्परित्यागेनानिर्ग्रन्थप्रारम्भं यावत्प्रवृद्धेः प्रदर्शितत्वादिति ।।९०।।

**ટીકાર્થ :-**

'संजोयनं' ..... प्रदर्शितत्वादिति ।। સંયોજન=સજાતીય-વિજાતીય પ્રતિયોગિક તુલ્યત્વાદિ ધર્મનું સંઘટ્ટન નિકર્ષ છે અર્થાત્ પુલાકાદિ છ નિર્ગ્રંથોના સજાતીય એવા અન્ય પુલાકાદિ નિર્ગ્રંથો અને વિજાતીય એવા બકુશાદિ નિર્ગ્રંથો સંબંધી તુલ્યત્વાદિ ધર્મનું સંયોજન નિકર્ષ છે. ત્યાં=નિકર્ષદ્વારમાં, વિચારણા કરતાં સ્વસ્થાનવાળા સજાતીય એવા પ્રતિયોગીમાં પુલાકની સાથે પુલાક તુલ્ય છે; કેમ કે તુલ્ય વિશુદ્ધિવાળા પર્યાયનો યોગ છે. હીન છે=પુલાકની સાથે અન્ય પુલાક હીન છે; કેમ કે તેની અપેક્ષાથી=કોઈ એક પુલાકની અપેક્ષાથી, અવિશુદ્ધ પર્યાયનો યોગ છે=બીજા પુલાક સાધુમાં સંયમનો અવિશુદ્ધ પર્યાયનો યોગ છે અને અધિક છે=કોઈક પુલાકની સાથે અન્ય પુલાક સાધુ અધિક સંયમસ્થાનવાળા છે; કેમ કે તેની અપેક્ષાથી=કોઈક એક પુલાકની વિવક્ષા કરી તેની અપેક્ષાથી, વિશુદ્ધ પર્યાયનો યોગ છે=અન્ય પુલાકમાં તે પુલાક કરતાં વિશેષ સંયમના પરિણામ રૂપ વિશુદ્ધ પર્યાયનો યોગ છે. ત્યાં=સજાતીયમાં તુલ્ય હીન અને અધિક બતાવ્યું ત્યાં, હીન અને અધિક છ સ્થાનથી=છ સ્થાનને આશ્રયીને જાણવા. તે આ પ્રમાણે – (૧) અનંતભાગહીન (૨) અસંખ્યાતભાગહીન (૩) સંખ્યાતભાગહીન (૪) સંખ્યાતગુણહીન (૫) અસંખ્યાતગુણહીન (૬) અનંતગુણહીન. તે આ પ્રમાણે – (૧) અસદ્ભાવની સ્થાપનાથી=અસંખ્યાત સંખ્યાત આદિને અસદ્ભાવ સ્થાપના દ્વારા પરિમિત સંખ્યાથી બોધ કરાવવા અર્થે કહે છે. પુલાકના ઉત્કૃષ્ટ સંયમસ્થાનના પર્યાયનું અગ્ર દશ હજાર છે=પુલાકનું ઉત્કૃષ્ટ અંતિમ સંયમસ્થાન દશ હજાર છે, તેનું સર્વ જીવથી અનંતક એવા સો પરિણામપણાથી કલ્પિત વડે ભાગ કરાયે છતે સો પ્રાપ્ત થાય. બીજા પ્રતિયોગી પુલાકના ચરણ પર્યાયનું અગ્ર=પ્રથમ પુલાક સાથે સંબંધવાળા એવા બીજા પુલાકનો ઉત્કૃષ્ટ ચારિત્ર પર્યાય ૯૯૦૦ છે. પૂર્વના ભાગહારથી પ્રાપ્ત થયેલા ૧૦૦નું ત્યાં પ્રક્ષેપ કરાયે છતે=૯૯૦૦માં પ્રક્ષેપ કરાયે છતે, દશ હજાર થાય છે. તેથી આ બીજો પુલાક સર્વ જીવના અનંતભાગહારથી પ્રાપ્ત થયેલ ૧૦૦ વડે હીન છે, એ અનંતભાગહીન છે અર્થાત્ છ સ્થાનની હાનિમાં અનંતભાગહીન રૂપ આ પ્રથમ હાનિનું સ્થાન છે. જે પ્રકારે પ્રથમ પુલાકને દશ હજાર સંયમસ્થાન હતા, તેનાં કરતાં બીજા પુલાકને ૯૯૦૦ સંયમસ્થાનની પ્રાપ્તિ થઈ, તે અનંતભાગ હાનિને જાણવાના ઉપાય સ્વરૂપ છે. (૨) પૂર્વમાં કહેલા પર્યાય રાશિવાળા દશ હજાર સંખ્યાવાળા લોકાલોક પ્રદેશના પરિમાણરૂપ અસંખ્યાત સંખ્યા વડે કલ્પનાથી પચાસ પ્રમાણથી ભાગ હરણ કરાયે છતે પ્રાપ્ત થયેલા ૨૦૦ હોતે છતે બીજા પ્રતિયોગી પુલાકનું ચરણપર્યાયનું અગ્ર ૯૮૦૦ થાય છે. પૂર્વભાગથી લબ્ધ બસો ત્યાં પ્રક્ષેપ કરાયે છતે=૯૮૦૦માં

પ્રક્ષેપ કરાયે છતે, દશ હજાર થાય છે. આથી આ બીજો પુલાક લોકાલોક પ્રદેશના પરિમાણવાળા અસંખ્ય ભાગાકારથી લબ્ધ એવા ૨૦૦થી હીન છે, તે અસંખ્યભાગહીન છે અર્થાત્ કોઈક બે પુલાક સાધુની વચમાં એક સાધુ ઉત્કૃષ્ટ સંયમસ્થાનમાં હોય, બીજો તેના કરતાં અસંખ્યભાગહીન સંયમસ્થાનમાં હોય તે સાધુનું સ્વરૂપ પ્રસ્તુત બસ્સોની સંખ્યાની ન્યૂનતાથી બતાવેલ છે. (૩) અને પૂર્વકલ્પિત રાશિરૂપ દશ હજારની સંખ્યાથી પ્રમિતની ઉત્કૃષ્ટ સંખ્યાવાળા કલ્પનાથી દશના પરિમાણથી ભાગ હરણ કરાયે છતે એક હજાર પ્રાપ્ત થાય છે. બીજા પ્રતિયોગી પુલાક ચારિત્રનું અગ્ર ૯૦૦૦ પ્રમાણ થાય છે અને પૂર્વભાગ લબ્ધ એવા તેમાં હજાર પ્રક્ષેપ કરાયે છતે તેમાં ૧૦,૦૦૦ થાય છે. તેથી, આ ઉત્કૃષ્ટ સંખ્યાત ભાગહારથી લબ્ધ હજારથી હીન છે. એથી સંખ્યાતભાગહીન છે=કોઈ બે પુલાક સાધુ સંયમસ્થાનમાં હોય છતાં પ્રથમ પુલાક કરતાં બીજા પુલાકનું સંખ્યાતભાગહીન સંયમસ્થાન કઈ રીતે પ્રાપ્ત થાય છે ? તે પ્રસ્તુત સંખ્યાના બળથી સ્પષ્ટ કરેલ છે. (૪) અને એક પુલાકનું ચરણપર્યાયનું અગ્ર હજાર છે. તેથી ઉત્કૃષ્ટ સંખ્યાવાળા કલ્પનાથી દશક પરિમાણવાળા ગુણાકારથી ગુણિત હજાર સંખ્યા દશ હજાર થાય છે અને તે=સંખ્યાતગુણહીન સંયમસ્થાનવાળા પુલાક, તે ઉત્કૃષ્ટ સંખ્યાવાળા કલ્પનાથી દશ પરિણામવાળા ગુણાકારથી હીન અનભ્યસ્ત છે. એથી સંખ્યેય ગુણહીન છે અર્થાત્ ઉત્કૃષ્ટ સંયમસ્થાનવાળા પુલાક કરતાં સંખ્યેયગુણહીનવાળા પુલાક સાધુ કેટલા હીન સંયમસ્થાનવાળા છે ? તે પ્રસ્તુત સંખ્યાથી બતાવેલ છે. (૫) હવે, એક પુલાક સાધુનો ચારિત્રપર્યાયનો અગ્રભાગ કલ્પનાથી દશ હજાર છે. બીજા પ્રતિયોગી પુલાકનો ચારિત્રપર્યાય અગ્ર બસો છે. તેથી લોકાકાશપ્રદેશના પરિમાણવાળા અસંખ્યાત કલ્પનાથી પચાસ પ્રમાણ ગુણાકારથી ગુણિત બસો રાશિ દશ હજાર થાય છે અને તે=બીજા પુલાક સાધુ, તે લોકાકાશ પ્રદેશપ્રમાણ અસંખ્યાત સંખ્યાથી કલ્પનાથી પચાસ પ્રમાણ ગુણાકારથી હીન અનભ્યસ્ત છે. એથી અસંખ્યગુણહીન છે. (૬) અને એક પુલાક સાધુના ચરણપર્યાયનું અગ્ર કલ્પનાથી દશ હજાર છે અને બીજા પ્રતિયોગી પુલાકના ચારિત્રપર્યાયનું અગ્ર સો છે અને તેથી સર્વ જીવની અનંત સંખ્યાવાળા કલ્પનાથી સો પરિમાણવાળા એવા ગુણાકારથી ગુણિત સોની રાશિ દશ હજાર થાય છે અને તે=અનંતગુણહીન સંયમસ્થાનવાળા પુલાક સાધુ, તે સર્વ જીવ અનંતક કલ્પનાથી સો પરિમાણવાળા ગુણાકારથી હીન અનભ્યસ્ત છે. એથી અનંતગુણહીન છે.

આ રીતે અધિક છ સ્થાનક શબ્દનો અર્થ પણ આ ભાગહાર ગુણાકાર વડે વ્યાખ્યેય છે. તે આ પ્રમાણે – એક પુલાકને કલ્પનાથી દશ હજાર ચરણપર્યાયનું અગ્ર છે. તેનાથી અન્યને ૯૯૦૦ છે. તેથી, બીજાની અપેક્ષાએ પ્રથમ પુલાક અનંતભાગ અધિક છે. ॥૧॥ અને જેને ૯૮૦૦ ચરણપર્યાય અગ્ર છે, તેનાથી પ્રથમ અસંખ્યાતભાગ અધિક જાણવો. ॥૨॥ અને જેને=જે સાધુને, ૯૦૦૦ ચરણપર્યાયનું અગ્ર છે, તેનાથી પ્રથમ સંખ્યેયભાગ અધિક છે. ॥૩॥ અને જેને ચરણપર્યાય અગ્ર હજાર પ્રમાણ છે, તેની અપેક્ષાએ પ્રથમને સંખ્યાતગુણ અધિક સંયમસ્થાન છે. ॥૪॥ અને જે સાધુને ચરણપર્યાયનું અગ્ર ૨૦૦ છે, તેની અપેક્ષાએ પ્રથમ સાધુ અસંખ્યેયગુણ અધિક છે. ॥૫॥ અને

**જેને=જે સાધુને, ચરણપર્યાયનું અગ્ર સો પ્રમાણ છે, તેની અપેક્ષાએ પ્રથમ સાધુ અનંતગુણ અધિક છે. ||૬||**

**પરસ્થાનમાં=વિજાતીય એવા પ્રતિયોગીમાં, વિચાર કરાયે છતે કષાયીની=કષાયકુશીલની અપેક્ષાથી, આ રીતે પુલાકની જેમ જ તુલ્ય, હીન અથવા અધિક ષટ્સ્થાન પતિત છે; કેમ કે કષાયકુશીલ સ્થાનોની આદિમાં પુલાક સ્થાનના સમઆધારપણાથી પ્રવૃત્ત સાધુઓને આગળમાં તેના પરિત્યાગથી આ નિર્ગ્રંથના પ્રારંભ સુધી=પુલાક અને કષાયકુશીલમાં પરસ્પર તુલ્ય સ્થાન કહ્યાં છે. હીન ષટ્સ્થાનપતિત અથવા અધિક ષટ્સ્થાનપતિત કહ્યાં છે, તેની વિચારણા કરવી જોઈએ; કેમ કે પૂર્વમાં બતાવેલું કે પુલાકનું જઘન્યસ્થાન અને કષાયકુશીલનું જઘન્યસ્થાન સમાનથી પ્રારંભ થાય છે અને કેટલાક સ્થાનો સુધી કષાયકુશીલ સાધુ અને પુલાક સાધુ સમાન રીતે ઉત્તરોત્તર વૃદ્ધિને પામે છે અને પુલાક સાધુનું ઉત્કૃષ્ટ સંયમસ્થાન પૂર્ણ થાય છે. ત્યારપછી પણ કષાયકુશીલ સાધુ નિર્ગ્રંથભાવ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે. તેથી એ ફલિત થાય કે એક કષાયકુશીલ અને પુલાક સાધુના સંયમસ્થાનની વિચારણા કરવામાં આવે તો કષાયકુશીલનું જે સંયમસ્થાન છે, તદ્તુલ્ય કષાયકુશીલનું સંયમસ્થાન પ્રાપ્ત થાય અને કોઈક કષાયકુશીલ સાધુ પુલાકના સંયમસ્થાનથી છ સ્થાન અધિક પણ પ્રાપ્ત થઈ શકે તો વળી કોઈક પુલાક સાધુ પણ કષાયકુશીલથી છ સ્થાન અધિક પણ પ્રાપ્ત થઈ શકે. વળી, પુલાકનું અંતિમસ્થાન પૂરું થાય, ત્યારપછી જે કષાયકુશીલ ઉત્તર ઉત્તરના સંયમસ્થાનને પ્રાપ્ત કરે છે, તેઓ પુલાક સાધુ કરતાં અધિક અધિક સંયમસ્થાનમાં જ વર્તનારા છે. પરંતુ પુલાકની સાથે તુલ્ય નથી કે હીન નથી. ||૯૦||**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત નિકર્ષદ્વાર છે અને નિકર્ષનો અર્થ સંયોજન છે. તેથી, સંયોજનનો અર્થ કરે છે કે પુલાક આદિ સાધુઓના પરસ્પર સંયમસ્થાનનું સંઘટ્ટન કરીએ તો કોણ કોનાથી અધિક છે કે કોણ કોનાથી હીન છે, તેનો બોધ થાય છે અને તે સંઘટ્ટન એક પુલાકની સાથે અન્ય પુલાકનું તુલ્યપણું, હીનપણું અને અધિકપણું કઈ રીતે છે ? તેની વિચારણાથી થાય છે. વળી, જેમ એક પુલાક સાધુના સંયમસ્થાન સાથે અન્ય પુલાક સાધુના સંયમસ્થાનની તુલ્યતા આદિની વિચારણા થાય છે, તેમ પુલાક સાધુની સાથે કષાયકુશીલ આદિ સાધુઓના સંયમસ્થાનની તુલ્યતાની વિચારણા થાય છે. ત્યાં છ સ્થાન બતાવવા માટે અનંતભાગની વૃદ્ધિ કે અનંતગુણની વૃદ્ધિ સર્વ જીવો કરતાં અનંતગુણની સંખ્યાથી થાય છે. અસંખ્યાતભાગની વૃદ્ધિ કે અસંખ્યાતગુણની વૃદ્ધિ સર્વ લોકાકાશના પ્રદેશની સંખ્યાથી થાય છે અને સંખ્યાતભાગની વૃદ્ધિ કે સંખ્યાતગુણની વૃદ્ધિ ઉત્કૃષ્ટ સંખ્યાથી થાય છે અર્થાત્ જઘન્ય અસંખ્યાતની સંખ્યામાં એક સંખ્યા ન્યૂન કરવાથી ઉત્કૃષ્ટ સંખ્યાતની પ્રાપ્તિ થાય છે અને પ્રસ્તુતમાં પુલાકના ઉત્કૃષ્ટ સંયમસ્થાનોને દશ હજારની સંખ્યાથી કલ્પના કરીને બતાવેલ છે, તે સ્થાનમાં અનંતભાગને બતાવવા અર્થે 'સો'ની કલ્પના કરી છે. અસંખ્યાતભાગને બતાવવા અર્થે 'પચાશ'ની કલ્પના કરી છે અને સંખ્યાતભાગને બતાવવા અર્થે 'દશ'ની કલ્પના કરી છે.

જેના બળથી છ સ્થાનની હાનિ-વૃદ્ધિ કઈ રીતે થાય છે ? તેનો બોધ થાય છે અને તે હાનિ-વૃદ્ધિ એક પુલાકની સાથે અન્ય પુલાકના સંયમસ્થાનની તુલના કરીને બતાવેલ છે. એ રીતે એક પુલાક સાધુના સંયમસ્થાનની સાથે અન્ય એવા કષાકુશીલ સાધુના સંયમસ્થાનની તુલના કરીને બતાવેલ છે. જેથી સંયમસ્થાનમાં તરતમતા કઈ રીતે વર્તે છે ? તેનો છદ્મસ્થને બોધ થાય છે. **॥૯૦॥**

**ગાથા :-**

**हीणोऽणंतगुणेणं अण्णेहिंतो सठाणि बउसो य ।**
**पडिसेवकसाईण य, तुल्लो छट्ठाणवडिओ वा ।।९१।।**

**ગાથાર્થ :-**

**અન્ય સાધુઓથી=પુલાક અને કષાયકુશીલથી અન્ય એવા બકુશ આદિ નિર્ગ્રંથોથી, અનંતગુણહીન પુલાક સાધુ હોય છે. બકુશ સ્વસ્થાનમાં અને પ્રતિસેવના અને કષાયકુશીલની અપેક્ષાએ પરસ્થાનમાં તુલ્ય અથવા છ સ્થાન પતિત છે. ।।૯૧।।**

**ટીકા :-**

**'हीणो'त्ति । 'अन्येभ्यः' पुलाककषायकुशीलव्यतिरिक्तेभ्यो बकुशप्रतिसेवाकुशीलनिर्ग्रन्थस्नातकेभ्योऽनन्तगुणेन हीनः पुलाको न तु तुल्योऽधिको वा, तदुक्तम्**—"बउसासेविणियंठगण्हायाणं हुज्जऽणंतगुणहीणो"त्ति । **आगमेऽप्युक्तम्**—"पुलाए णं भंते ! बउसस्स परठाणसन्निगासेणं चरित्तपज्जवेहिं किं हीणे तुल्ले अब्भहिए ? गोयमा ! हीणे णो तुल्ले णो अब्भहिए अणंतगुणहीणे । एवं पडिसेवणाकुसीलस्स वि । कसायकुसीलेणं समं छट्ठाणवडिए जहेव सट्ठाणे । णियंठस्स जहा बउसस्स । एवं सिणायस्स वि"त्ति । **केचित्तु प्रतिसेवनापुलाकापेक्षयाऽप्ययं षट्स्थानपतित इत्याहुः । बकुशश्च स्वस्थाने परस्थाने च प्रतिसेविकषायिणोरपेक्षया स्यात्तुल्यः, षट्स्थानपतितो वा हीनत्वाधिकत्वाभ्यां प्रागुक्तदिशा भावनीयः ।।९१।।**

**ટીકાર્થ :-**

**'अन्येभ्यः' ..... भावनीयः ।। અન્યથી=પુલાક અને કષાયકુશીલથી વ્યતિરિક્ત એવા બકુશ, પ્રતિસેવનાકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતકથી અનંતગુણહીનપુલાક છે. પરંતુ તુલ્ય અથવા અધિક નથી અર્થાત્ પૂર્વની ગાથામાં પુલાકનું અન્ય પુલાકની સાથે અને કષાયકુશીલની સાથે તુલ્યતાનું ભાવન કર્યું. તેનાથી વ્યતિરિક્ત બકુશ નિર્ગ્રંથ, પ્રતિસેવનાકુશીલ નિર્ગ્રંથ, નિર્ગ્રંથ નિર્ગ્રંથ અને સ્નાતક નિર્ગ્રંથથી પુલાક ઉત્કૃષ્ટ સંયમસ્થાનમાં રહેતો પણ તુલ્ય નથી અથવા અધિક નથી, પરંતુ હીન છે. તે કહેવાયું છે—**

"બકુશ, આસેવનીય, નિર્ગ્રંથ અને સ્નાતકથી અનંતગુણહીન થાય=પુલાક થાય."

**આગમમાં પણ કહેવાયું છે—**

"હે ભગવંત ! બકુશના પરસ્થાનના સન્નિકર્ષથી=પુલાકની અપેક્ષાએ બકુશનું સંયમસ્થાન પરસ્થાન છે, તેના સંબંધથી, ચારિત્રપર્યાયો વડે પુલાક હીન છે, તુલ્ય છે કે અભ્યધિક છે ? હે ગૌતમ ! હીન છે=બકુશના ચારિત્રની અપેક્ષાએ પુલાકનું ચારિત્ર હીન છે. તુલ્ય નથી, અભ્યધિક નથી, અનંતગુણહીન છે. આ રીતે પ્રતિસેવનાકુશીલનું પણ=જે રીતે બકુશના પરસ્થાન સંનિવેશથી ચારિત્રપર્યાય વડે પુલાક સાધુ અનંતગુણહીન છે, તેમ કહ્યું એ રીતે પ્રતિસેવનાકુશીલના પરસ્થાન સંનિવેશથી પુલાક સાધુ ચારિત્રપર્યાય વડે અનંતગુણહીન છે. કષાયકુશીલની સાથે છ સ્થાન પતિત છે. જે પ્રમાણે જ સ્વસ્થાનમાં=પુલાક સાધુ જે પ્રમાણે સ્વસ્થાનમાં છ સ્થાન પતિત છે તે પ્રમાણે જ કષાયકુશીલની સાથે છ સ્થાન પતિત છે. નિર્ગ્રંથનું જે પ્રમાણે બકુશનું=નિર્ગ્રંથની સાથે પુલાક સાધુનું ચારિત્ર જે પ્રકારે બકુશની સાથે છે અર્થાત્ બકુશની સાથે પુલકનું ચારિત્ર અનંતગુણહીન છે, તે પ્રકારે નિર્ગ્રંથની સાથે પણ અનંતગુણહીન છે. એ રીતે સ્નાતકનું પણ=નિર્ગ્રંથમાં જેમ કહ્યું એ રીતે સ્નાતકના પરસ્થાનની સાથે પુલાક સાધુનું સંયમસ્થાન અનંતગુણહીન છે."

**વળી, કેટલાક પ્રતિસેવના પુલાકની અપેક્ષાથી પણ આ=પુલાક સાધુ, ષટ્સ્થાન પતિત છે અર્થાત્ આગમના ઉદ્ધરણમાં પુલાક સાધુ કષાયકુશીલાદિની સાથે છ સ્થાન પતિત છે, તેમ કહ્યું ત્યાં કેટલાક વળી પ્રતિસેવના પુલાકની અપેક્ષાએ પણ અન્ય પુલાક સાધુ છ સ્થાન પતિત છે, એમ કહે છે અને બકુશ સ્વસ્થાનમાં તુલ્ય થાય અને પ્રતિસેવી અને કષાયકુશીલની અપેક્ષાએ પરસ્થાનમાં તુલ્ય થાય અર્થાત્ કોઈ બકુશ સાધુ અન્ય બકુશસાધુ સાથે સંયમસ્થાનમાં તુલ્ય થાય અથવા પ્રતિસેવી અને કષાયકુશીલની સાથે પણ તુલ્ય થાય અથવા હીનઅધિક દ્વારા પૂર્વમાં કહેલી દિશા વડે છ સ્થાન પતિત ભાવન કરવું અર્થાત્ એક બકુશ સાધુ અન્ય બકુશ સાધુ સાથે હીનઅધિક દ્વારા ષટ્સ્થાન પતિત જાણવા અથવા એક બકુશ સાધુ પ્રતિસેવી અને કષાયકુશીલ સાથે હીનઅધિક દ્વારા ષટ્સ્થાન પતિત જાણવા. ॥૯૧॥**

**ગાથા :-**

**पुलयाओऽणंतगुणो, णियंठण्हाएहिं णंतगुणहीणो ।**
**एवं सेविकसायी, कसायवि पुलाय छट्ठाणी ।।९२।।**

**ગાથાર્થ :-**

**પુલાકથી અનંતગુણ અધિક બકુશ સાધુ છે. નિર્ગ્રંથ સ્નાતકોથી અનંતગુણહીન બકુશ સાધુ છે. એ રીતે=ગાથા-૯૧માં બકુશ સાધુનું કહ્યું અને ગાથા-૯૨ના પૂર્વાર્ધમાં બકુશ સાધુનું કહ્યું એ રીતે, પ્રતિસેવી અને કષાયકુશીલ પણ જાણવા. કષાયવાળા પણ પુલાકથી છ સ્થાનીય છે. ॥૯૨॥**

**ટીકા :-**

'पुलयाउ'त्ति । पुलाकादनन्तगुणाधिकश्चारित्रपर्यायैः निर्ग्रन्थस्नातकेभ्यस्त्वनन्तगुणहीनो द्रष्टव्यः । एवं 'सेविकषायिणावपि' प्रतिसेवककषायकुशीलावपि स्वस्थाने तुल्यौ षट्स्थानपतितौ च, परस्थानेऽपि

प्रत्येकं बकुशादिभिस्तथा निर्ग्रन्थस्नातकाभ्यां त्वनन्तगुणहीनौ, पुलाकात्प्रतिसेवकश्चानन्तगुणाधिकः केवलं 'कषायवान्' कषायकुशीलः पुलाकापेक्षया षट्स्थानीयः, हीनत्वाधिक्याभ्यां षट्स्थानपतितः ।।९२।।

**ટીકાર્થ :-**

पुलाकादनन्त ..... षट्स्थानपतितः ।। **પુલાકથી ચારિત્રપર્યાય વડે અનંતગુણ અધિક, નિર્ગ્રંથ અને સ્નાતકથી અનંતગુણહીન જાણવો=બકુશ સાધુ જાણવો. એ રીતે સેવીકષાયી એવા બેને પણ= પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલને પણ, સ્વસ્થાનમાં તુલ્ય અને ષટ્સ્થાનપતિત જાણવા. પરસ્થાનમાં પણ પ્રત્યેક=પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ પ્રત્યેક, બકુશાદિની સાથે તુલ્ય હોય છે અથવા ષટ્સ્થાનપતિત હોય છે અને નિર્ગ્રંથ સ્નાતકોથી અનંતગુણહીન હોય છે. પુલાકથી પ્રતિસેવક અનંતગુણ અધિક છે=પુલાકસાધુથી પ્રતિસેવનાકુશીલ સાધુ અનંતગુણ અધિક છે. કેવલ કષાયવાળા= કષાયકુશીલ સાધુ, પુલાકની અપેક્ષાએ ષટ્સ્થાનીય છે=હીનઅધિક દ્વારા ષટ્સ્થાનપતિત છે. ।।૯૨।।**

**ભાવાર્થ :-**

પૂર્વની ગાથામાં બકુશ સાધુનું સ્વસ્થાનમાં અને પરસ્થાનમાં તુલ્ય અધિક શું છે તે બતાવ્યું. તે બકુશ શબ્દની અનુવૃત્તિ પ્રસ્તુત ગાથામાં છે. તેથી, પુલાકથી અનંતગુણ અધિક બકુશ સાધુ હોય છે; કેમ કે પુલાક સાધુનું ઉત્કૃષ્ટ સંયમસ્થાન પૂરું થાય છે. તેના ઉપરથી જ બકુશ સાધુનું જઘન્ય સંયમસ્થાન શરૂ થાય છે. તેથી, પુલાક સાધુમાં જેટલા ચારિત્રના પર્યાયો છે, તેના કરતાં અનંતગુણ અધિક બકુશ સાધુના ચારિત્રપર્યાયો છે.

વળી, નિર્ગ્રંથ અને સ્નાતક સાધુથી બકુશ સાધુના ચારિત્રપર્યાયો અનંતગુણ હીન છે. એ રીતે પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ પણ સ્વસ્થાનમાં તુલ્ય હોય છે અને છ સ્થાનપતિત હોય છે. તેથી, કોઈ પ્રતિસેવી સાધુ અન્ય પ્રતિસેવી સાધુની સાથે તુલના કરવામાં આવે તો બંનેના ચારિત્રપર્યાયો તુલ્ય પ્રાપ્ત થાય છે તો કોઈક સાધુની અપેક્ષાએ અન્ય સાધુના ચારિત્રપર્યાયો છ સ્થાનમાં રહેલા છે અર્થાત્ કોઈ ષટ્સ્થાનથી અધિક હોય છે અને કોઈ ષટ્સ્થાનથી હીન હોય છે.

વળી, પ્રતિસેવી કુશીલ અને કષાયકુશીલના પરસ્થાન બકુશાદિ છે અને બકુશાદિ સાધુઓ સાથે પણ તેઓ=પ્રતિસેવી કુશીલ અને કષાયકુશીલ સાધુ સંયમસ્થાનમાં તુલ્ય પ્રાપ્ત થઈ શકે છે કે ષટ્સ્થાનપતિત પણ પ્રાપ્ત થઈ શકે છે. નિર્ગ્રંથ સ્નાતકથી વળી પ્રતિસેવી કુશીલ અને અનંતગુણહીન હોય છે; કેમ કે કષાયકુશીલ દશમા ગુણસ્થાનક સુધી હોય છે. જ્યારે નિર્ગ્રંથ સ્નાતક અગિયારમા આદિ ઉપરના ગુણસ્થાનક સુધી હોય છે. તેથી, નિર્ગ્રંથ આદિ કરતાં પ્રતિસેવી કુશીલ અને કષાયકુશીલ અનંતગુણહીન જ પ્રાપ્ત થાય.

વળી, પુલાક સાધુથી જ પ્રતિસેવક સાધુ અનંતગુણ અધિક છે અર્થાત્ કોઈ પુલાક સાધુ પુલાકના ઉત્કૃષ્ટ સંયમસ્થાનમાં હોય ત્યાર પછીના જ સંયમસ્થાનમાં પ્રતિસેવક કુશીલ સાધુનું જઘન્ય સંયમસ્થાન શરૂ થાય છે. જે પુલાક સાધુના ઉત્કૃષ્ટ સંયમસ્થાન કરતાં અનંતગુણ અધિક છે. ફક્ત કષાયકુશીલ સાધુ

પુલાક સાધુની અપેક્ષાએ હીન અધિક દ્વારા છ સ્થાનપતિત છે; કેમ કે પુલાકનું અને કષાયકુશીલનું જઘન્ય સંયમસ્થાન સમાન રીતે શરૂ થાય છે. તેથી, કોઈ કષાયકુશીલ સાધુ નીચેના સંયમસ્થાનમાં હોય અને કોઈ પુલાક સાધુ ઉપરના સંયમસ્થાનમાં હોય તો છ સ્થાનની પ્રાપ્તિ થાય છે. **॥૯૨॥**

**ગાથા :-**

**णिग्गंथसिणायाणं, दोण्ह वि तुल्लत्तणं तु सट्ठाणे ।**
**परठाणेऽणंतगुणब्भहिअत्तं होइ इयरेहिं ।।९३।।**

**ગાથાર્થ :-**

**નિર્ગ્રંથ અને સ્નાતકોના બંનેનું પણ સ્વસ્થાનમાં તુલ્યપણું છે. પરસ્થાનમાં ઈતરોથી અનંતગુણ અભ્યધિકપણું છે. ॥૯૩॥**

**ટીકા :-**

**'णिग्गंथ'त्ति । निर्ग्रन्थस्नातकयोर्द्वयोरपि तु स्वस्थाने तुल्यत्वम्, एकसंयमस्थानवर्त्तित्वात् । परस्थाने तु 'इतरेभ्यः' पुलाकादिभ्योऽनन्तगुणाभ्यधिकत्वं भवति, विशुद्धतरसंयमपर्यायवत्त्वात् ।।९३।।**

**ટીકાર્થ :-**

निर्ग्रन्थस्नातक ..... पर्यायवत्त्वात् ।। નિર્ગ્રંથ અને સ્નાતક બંનેનું પણ વળી સ્વસ્થાનમાં તુલ્યપણું છે; કેમ કે એક સંયમસ્થાનવર્તીપણું છે. વળી, પરસ્થાનમાં=નિર્ગ્રંથ, સ્નાતક સાધુના પરસ્થાનમાં, ઈતરોથી=પુલાક આદિ સાધુઓથી, અનંતગુણ અભ્યધિકપણું હોય છે; કેમ કે વિશુદ્ધતર સંયમપર્યાય-વાનપણું છે=નિર્ગ્રંથ અને સ્નાતક સાધુઓમાં પુલાક આદિ સર્વ સાધુઓ કરતાં વિશુદ્ધતર સંયમપર્યાયો વર્તી રહ્યા છે. ॥૯૩॥

**અવતરણિકા :-**

**पर्यवाधिकारात्तेषामेव जघन्यादिभेदानां पुलाकादिसम्बन्धिनामल्पत्वादि प्ररूपयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

પર્યવનો અધિકાર હોવાથી=પુલાક આદિ સાધુઓમાં કેટલા ચારિત્રપર્યાયો છે, તેનો અધિકાર હોવાથી તેના જ પુલાક આદિ સંબંધી જઘન્યાદિ ભેદોના=ચારિત્રપર્યાયના જ પુલાક આદિ સંબંધી જઘન્યાદિ ભેદોના, અલ્પત્વાદિની પ્રરૂપણા કરતાં ગ્રંથકારશ્રી કહે છે—

**ગાથા :-**

**सकसायपुलायाणं, जहन्नया पज्जवा समा थोवा ।**
**तेहिंतोऽणंतगुणा, उक्किट्ठा ते पुलायस्स ।।९४।।**

**ગાથાર્થ :-**

**કષાયકુશીલ અને પુલાક સાધુના જઘન્ય પર્યાયો=ચારિત્રના પર્યાયો, સમાન છે અને થોડા છે=અન્ય ચારિત્રપર્યાયો કરતાં અતિ અલ્પ છે. તેનાથી અનંતગુણા ઉત્કૃષ્ટ તે=ચારિત્રપર્યાયો, પુલાકને છે. ॥૯૪॥**

**ટીકા :-**

**'सकसाय'त्ति । 'सकषायपुलाकयोः' कषायकुशीलपुलाकनिर्ग्रन्थयोर्जघन्याः पर्यायाः 'समाः' परस्परं तुल्याः, ते च सर्वस्तोकाः । 'तेभ्यः' सकषायपुलाकजघन्यपर्यायेभ्यः पुलाकस्य ते पर्याया उत्कृष्टा अनन्तगुणाः ।।९४।।**

**ટીકાર્થ :-**

'सकषायपुलाकयोः' ..... अनन्तगुणाः ।। **સકષાય પુલાકના=કષાયકુશીલ અને પુલાક નિર્ગ્રંથના જઘન્ય પર્યાયો=ચારિત્રની પરિણતિના જઘન્ય પર્યાયો, સમાન છે=તુલ્ય છે અને તે સર્વ થોડા છે. તેનાથી=કષાયકુશીલ અને પુલાકના સર્વ જઘન્ય પર્યાયોથી પુલાકના તે પર્યાયો=ચારિત્રના પર્યાયો, ઉત્કૃષ્ટ અનંતગુણા છે. ॥૯૪॥**

**ભાવાર્થ :-**

અચારિત્ર પર્યાય એટલે મોહના સંશ્લેષનો પરિણામ. ચારિત્રપર્યાય એટલે મોહના સંશ્લેષનો અભાવ અને તે અભાવ ચોવીશ પ્રકારના ગ્રંથોના ત્યાગને અનુકૂળ વ્યાપારથી નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત સાધુને પ્રગટે છે અને જેમ જેમ તેઓ નિર્ગ્રંથભાવને આસન્ન આસન્નતર થાય છે, તેમ તેમ ચારિત્રપર્યાયો અધિક અધિક ક્ષયોપશમને કારણે અધિક અધિક વૃદ્ધિ પામે છે અને તે ચારિત્રપર્યાયના અલ્પબહુત્વને પુલાક આદિ સાધુઓમાં બતાવવા અર્થે કહે છે. કષાયકુશીલ નિર્ગ્રંથ અને પુલાક નિર્ગ્રંથ બંનેના જઘન્ય પર્યાયો સમાન હોય છે અર્થાત્ શ્રાવકના ઉત્કૃષ્ટ દેશવિરતિના પર્યાય કરતાં અનંતગુણા હોવા છતાં ચારિત્રના સૌથી પ્રથમ ભૂમિકાના હોવાથી તે જઘન્ય પર્યાયો અનંતા હોવા છતાં ઉપરના સંયમનાં સ્થાનોની અપેક્ષાએ જઘન્ય છે અને કષાયકુશીલ નિર્ગ્રંથ અને પુલાકનિર્ગ્રંથ બંનેના તે ચારિત્રપર્યાયો પરસ્પર તુલ્ય છે અને ઉપરના ચારિત્રપર્યાયની અપેક્ષાએ તે સર્વ થોડા છે.

વળી, કષાયકુશીલના અને પુલાકના જઘન્ય ચારિત્રના પર્યાયોથી પુલાકસાધુના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યાયો અનંતગુણા છે. **॥૯૪॥**

**ગાથા :-**

**बउसासेवीण समा, जहन्नया तेहिं पुण अणंतगुणा ।**
**उक्किट्ठा ते बउसासेविकसाईणऽणंतगुणा ।।९५।।**

ગાથાર્થ :-

બકુશ અને આસેવીનાં જઘન્ય સ્થાનો સમાન છે. તેનાથી=પૂર્વગાથામાં કહેલા પુલાકના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યાયોથી, ફરી અનંતગુણા છે. બકુશસાધુ, આસેવીસાધુ અને કષાયીસાધુના તે=ચારિત્રના પર્યાયો, ક્રમસર અનંતગુણા છે. ॥૯૫॥

ટીકા :-

'बउसासेवि'त्ति । बकुशासेविनोर्जघन्याः पर्यायाः 'समाः' परस्परं तुल्याः, तेभ्यः पूर्वोक्तेभ्यः पुनरनन्तगुणाः । बकुशासेविकषायिणामुत्कृष्टाः 'ते' पर्यायाः पुनरनन्तगुणाः क्रमेण द्रष्टव्याः ।।९५।।

ટીકાર્થ :-

बकुशासेविनोर्जघन्याः ..... द्रष्टव्याः ।। બકુશ અને આસેવીકુશીલ સાધુના જઘન્ય પર્યાયો સમાન છે=પરસ્પર તુલ્ય છે. તે પૂર્વોક્તથી=પુલાકના જે ઉત્કૃષ્ટ સંયમના પર્યાયો હતા તેનાથી, વળી અનંતગુણા છે=બકુશ અને આસેવીકુશીલના જઘન્ય પર્યાયો અનંતગુણા છે. વળી, બકુશ, આસેવીકુશીલ અને કષાયકુશીલના ઉત્કૃષ્ટ તે પર્યાયો ફરી ક્રમસર અનંતગુણા જાણવા અર્થાત્ બકુશ અને આસેવીકુશીલના જઘન્ય પર્યાયોથી બકુશના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યાયો અનંતગુણા છે અને તેના કરતાં આસેવીકુશીલના અનંતગુણા છે અને તેનાથી કષાયકુશીલના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યાયો અનંતગુણા ક્રમસર જાણવા. ॥૯૫॥

ગાથા :-

अजहन्नुक्कोस समा, णिग्गंथसिणायगाण दुण्हं पि ।
पुव्विल्लेहिंतो पुण, अणंतगुणिया इमे हुंति ।।९६।।

ગાથાર્થ :-

અજઘન્ય ઉત્કૃષ્ટ છતાં બંને પણ નિર્ગ્રંથ અને સ્નાતક સમાન છે=ચારિત્રપર્યાયથી તુલ્ય છે. વળી, પૂર્વના નિર્ગ્રંથોથી અનંતગુણિત ચારિત્રપર્યાયોવાળા આ બંને હોય છે. ॥૯૬॥

ટીકા :-

'अजहन्नुक्कोस'त्ति । अजघन्योत्कृष्टाः सन्तः 'समाः' परस्परं तुल्याः पर्याया निर्ग्रन्थस्नातकयोर्द्वयोरपि । 'पूर्वेभ्यः' पुलाकादिपर्यायेभ्यः पुनः 'इमे' निर्ग्रन्थस्नातकपर्याया अनन्तगुणिता भवन्ति ।।९६।।

ટીકાર્થ :-

अजघन्योत्कृष्टाः ..... भवन्ति ।। નિર્ગ્રંથ અને સ્નાતક બેના પણ અજઘન્ય ઉત્કૃષ્ટ=અજઘન્ય

અનુત્કૃષ્ટ, પરસ્પર તુલ્ય પર્યાયો સમાન છે.

વળી, પૂર્વથી=પુલાકાદિ સાધુઓના પર્યાયોથી, આ=નિર્ગ્રંથ અને સ્નાતકના પર્યાયો, અનંતગુણિતા થાય છે=પુલાક આદિ પૂર્વના ત્રણેય સાધુઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે. તેથી વીતરાગ થવા માટે ઉદ્યમ કરનારા છે. જ્યારે નિર્ગ્રંથ અને સ્નાતક સાધુ વીતરાગ થઈ ચૂકેલા છે. તેથી તેઓના ચારિત્રપર્યાયોથી નિર્ગ્રંથ અને સ્નાતકના ચારિત્રપર્યાયો અનંતગુણા છે. ॥૯૬॥

**અવતરણિકા :-**

उक्तं निकर्षद्वारम् । अथ योगद्वारमाह—

**અવતરણિકાર્થ :-**

નિકર્ષદ્વાર કહેવાયું. હવે, યોગદ્વારને કહે છે—

**ગાથા :-**

**जोगो मणमाईओ, तत्थ चउण्हं हवंति तिण्णि वि ते ।**
**ण्हायस्स होइ भयणा, जं सो जोगी अजोगी य ।।९७।।**

**ગાથાર્થ :-**

યોગ મન આદિ છે. ત્યાં ચારેય પણ નિર્ગ્રંથોને તે=મન, વચન, કાયાના યોગો, ત્રણેય પણ હોય છે. સ્નાતકને ભજના હોય છે. જે કારણથી તે=સ્નાતક, યોગી=યોગવાળા અને અયોગી= યોગરહિત, હોય છે. ॥૯૭॥

**ટીકા :-**

'जोगो'त्ति । 'योगः' मनआदिको जीवव्यापारः, मनोयोगो वाग्योगः काययोगश्चेति त्रिविध इत्यर्थः । तत्र 'चतुर्णां' पुलाकबकुशकुशीलनिर्ग्रन्थानां त्रयोऽपि 'ते' योगा भवन्ति । स्नातकस्य पुनः'भजना' कदाचिद् योगत्रयवत्त्वं कदाचिच्च नेत्यर्थः, तथा चाह—यत् 'सः' स्नातको योगी अयोगी च भवति, तदिदमुक्तम्—"मणवयकाइयजोगा, एए उ सिणायओ अजोगी वि"त्ति ।।९७।।

**ટીકાર્થ :-**

'योगः' ..... अजोगी वि"त्ति ।। યોગ મન આદિ જીવવ્યાપાર છે=મનોયોગ, વચનયોગ અને કાયયોગ ત્રિવિધ જીવવ્યાપાર છે. ત્યાં=ત્રણેય યોગોમાં, ચારેય પણ પ્રકારના સાધુઓને=પુલાક, બકુશ, કુશીલ અને નિર્ગ્રંથ સાધુઓને, ત્રણેય પણ તે યોગો હોય છે. સ્નાતકને વળી ભજના છે= ક્યારેક યોગત્રયવાનપણું છે, ક્યારેક નથી અને તે રીતે કહે છે=સ્નાતકને યોગત્રયની ભજના છે, તેમ પૂર્વમાં કહ્યું તે રીતે ગાથામાં કહે છે. જે કારણથી તે સ્નાતક યોગી અને અયોગી છે=યોગવાળા છે

**અને યોગ વગરના છે. તે આ કહેવાયું છે–**

"આ મન, વચન, કાયાના યોગો છે. વળી, સ્નાતક અયોગી પણ છે." ॥૯૭॥

**ભાવાર્થ :-**

મન, વચન, કાયાનો વ્યાપાર એ જ આશ્રવ છે અને તેનાથી જ કર્મબંધ થાય છે અને આ ત્રણેય યોગો મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાયથી આક્રાંત હોય છે, ત્યારે જીવ વિપુલ કર્મ બાંધીને સંસારના પરિભ્રમણને પ્રાપ્ત કરે છે. સમ્યગ્દૃષ્ટિ જીવો કઈ રીતે આ મન-વચન-કાયાના યોગો વિપર્યાસ ઉત્પન્ન કરાવીને સંસારનું કારણ છે, તેને જોનારા છે અને કઈ રીતે મન-વચન-કાયાના યોગોને નિર્ગ્રંથભાવને અનુકૂળ પ્રવર્તાવીને સંસારનો ક્ષય થાય છે, તેને જોનારા છે અને તેવા સમ્યગ્દૃષ્ટિ જીવો શક્તિસંચય થાય ત્યારે નિર્ગ્રંથભાવને અનુકૂળ પ્રસ્થાન કરે છે અને તેવા નિર્ગ્રંથભાવ પ્રત્યે જનારા પુલાક સાધુ, બકુશ સાધુ, કુશીલ સાધુ નિર્ગ્રંથભાવ પ્રત્યે જઈ રહ્યા છે અને નિર્ગ્રંથ સાધુ નિર્ગ્રંથભાવને પામેલા છે. તે ચારેય સાધુઓને મન-વચન-કાયાના યોગો પ્રવર્તે છે. ફક્ત નિર્ગ્રંથભાવને અભિમુખ કે નિર્ગ્રંથભાવને પામેલા હોવાથી તેઓના મન-વચન-કાયાના યોગો અન્ય સંસારી જીવો કરતાં વિશુદ્ધ વર્તે છે અને ઘાતીકર્મના ક્ષયથી થયેલા સ્નાતક સાધુને કેવલી અવસ્થામાં યોગત્રય વર્તે છે અને યોગનિરોધ કરે છે, ત્યારે યોગનો અભાવ પ્રાપ્ત થાય છે. **॥૯૭॥**

**અવતરણિકા :-**

**उक्तं योगद्वारम् । अथोपयोगद्वारमाह–**

**અવતરણિકાર્થ :-**

**યોગદ્વાર કહેવાયું. હવે, ઉપયોગદ્વારને કહે છે–**

**ગાથા :-**

**सागाराणागारो, उवओगो ते उ दो वि सव्वेसिं ।**
**कोहाइआ कसाया, ते पुण चउरो वि आइतिए ।।९८।।**

**ગાથાર્થ :-**

**સાકાર, અનાકાર ઉપયોગ છે. તે બે ઉપયોગ સર્વને=સર્વ નિર્ગ્રંથોને, છે. ક્રોધાદિ કષાયો તે વળી ચારેય પણ આદિત્રિકમાં છે. ॥૯૮॥**

**ટીકા :-**

**'सागाराणागारो'त्ति । उपयुज्यत इति 'उपयोगः' ग्रहणपरिणामः, स द्विविधः-साकारोऽना-कारश्च । तत्र विशेषग्रहणाभिमुखः साकारः, सामान्यग्रहणाभिमुखश्चानाकारः तत्र तौ द्वावप्युपयोगौ सर्वेषां निर्ग्रन्थानां भवतः, सर्वजीवानामुपयोगद्वयस्वाभाव्यात् । उक्तमुपयोगद्वारम् ।। अथ**

**कषायद्वारमाह—कषस्य-संसारस्यायः-लाभो येभ्यस्ते 'कषायाः' क्रोधादयश्चत्वारः प्रसिद्धा एव । ते पुनश्चत्वारोऽपि 'आदित्रिके' पुलाकबकुशप्रतिसेवकलक्षणे भवन्ति ।।९८।।**

**ટીકાર્થ :-**

**उपयुज्यत ..... भवन्ति ।। યોજન કરે છે=વિષયોની સાથે જ્ઞાનનું યોજન કરે છે એ ઉપયોગ છે= ગ્રહણ પરિણામ છે અર્થાત્ જ્ઞેયના ગ્રહણનો પરિણામ છે. તે=ઉપયોગ, બે પ્રકારનો છે – (૧) સાકાર અને (૨) અનાકાર. ત્યાં=બે પ્રકારના ઉપયોગમાં, વિશેષના ગ્રહણને અભિમુખ પરિણામ સાકાર છે. સામાન્યના ગ્રહણને અભિમુખ પરિણામ અનાકાર છે. ત્યાં=બે પ્રકારના ઉપયોગમાં, તે બંને પણ ઉપયોગ સર્વ નિર્ગ્રંથોને છે; કેમ કે સર્વ જીવોનું ઉપયોગદ્ધય સ્વભાવપણું છે. ઉપયોગદ્વાર કહેવાયું. હવે, કષાયદ્વાર કહે છે – કષનો=સંસારનો, આય=લાભ, છે જેનાથી તે કષાયો ક્રોધાદિ ચાર પ્રસિદ્ધ જ છે. તે વળી, ચારેય પણ આદિત્રિકમાં=પુલાક, બકુશ અને પ્રતિસેવક લક્ષણ આદિત્રિકમાં, હોય છે. ॥૯૮॥**

**ભાવાર્થ :-**

જીવનું લક્ષણ 'ઉપયોગ' છે અને ઉપયોગ એટલે 'જ્ઞેયને ગ્રહણ કરવાનો પરિણામ' અને આ પ્રકારનો પરિણામ સર્વ જીવોને છે તોપણ અન્ય સંસારી જીવો જ્ઞેયને તે રીતે ગ્રહણ કરે છે. જેથી સંક્લેશને પામીને કર્મબંધને પ્રાપ્ત કરે છે અને સર્વ નિર્ગ્રંથોને પણ બંને પ્રકારના ઉપયોગો છે તોપણ તેઓ જ્ઞેયને યથાર્થ ગ્રહણ કરીને અનાદિનો સ્થિર થયેલો સંક્લેશનો પરિણામ હાનિ પામે તે પ્રકારે પ્રવર્તે છે અને પ્રથમના ચાર નિર્ગ્રંથો સંક્લેશનો પરિણામની હાનિ કરી રહ્યા છે અને પાછળના બે નિર્ગ્રંથો સંક્લેશ વગરના છે તોપણ સ્નાતક નિર્ગ્રંથ કેવળજ્ઞાનના ઉપયોગના બળથી જ કર્મબંધના કારણીભૂત યોગનો ઉચ્છેદ કરે છે. તે યોગોનો ઉચ્છેદ કેવળજ્ઞાનના ઉપયોગથી થાય છે.

હવે, કષાયદ્વાર બતાવે છે. આત્માને કસે=ક્લેશ ઉત્પન્ન કરાવે, તે કષ છે=સંસાર છે. તેનો લાભ જે અધ્યવસાયથી થાય છે, તે કષાય છે અને તે ક્રોધાદિ ચાર કષાયો પ્રસિદ્ધ જ છે અને પુલાક, બકુશ અને પ્રતિસેવક નિર્ગ્રંથ જો કે કષાયના ઉચ્છેદમાં વ્યાપારવાળા છે તોપણ તેઓ વિદ્યમાન કષાયને ગુણને અભિમુખ પ્રવર્તાવીને પ્રશસ્તકષાય દ્વારા અપ્રશસ્તકષાયના સંસ્કારો અને અપ્રશસ્તકષાયના આપાદક કર્મોને ક્ષીણ કરે છે. તેથી જ તે ત્રણેય મહાત્માઓ બાર કષાયના ક્ષયોપશમભાવમાં વર્તે છે તોપણ કષાયની પરિણતિ વગરના નથી. આથી જ સરાગ સંયમ પાળીને દેવગતિને અનુકૂળ પુણ્ય સંચય કરે છે અને કષાય ક્ષય કરવાને અનુકૂળ બળ સંચય કરે છે. **॥૯૮॥**

**ગાથા :-**

**सकसाए चउरो वा, तिण्णि दुवे वा वि इक्कओ लोहो ।**
**खीणुवसंतकसाओ, णिग्गंथो तक्खए ण्हाओ ।।९९।।**

ગાથાર્થ :-

અથવા કષાયકુશીલને ચાર હોય છે, ત્રણ હોય છે અથવા બે હોય છે અથવા એક લોભ હો છે. ક્ષીણ અથવા ઉપશાંત કષાયવાળા નિર્ગ્રંથ હોય છે. તેના ક્ષયમાં=કષાયના ક્ષયમાં, સ્નાત હોય છે. ॥૯૯॥

ટીકા :-

'सकसाए'त्ति । 'सकषाये' कषायकुशीले चत्वारो वा कषाया भवेयुर्यावदुपशमश्रेण्यां क्षपकश्रेण्य वा नान्यतमविच्छेदः, सञ्ज्वलनक्रोधे पुनरुपशान्ते क्षीणे वा त्रयः, माने विगते द्वौ वा, मायायां विगतायां सूक्ष्मसम्परायगुणस्थानक एकक एव लोभः । निर्ग्रन्थः क्षीणकषायो वोपशान्तकषाय वा । स्नातकस्तु तेषां कषायाणां क्षय एव भवति ।।९९।।

ટીકાર્થ :-

'सकषाये' ..... एव भवति ।। અથવા સકષાયમાં=કષાયકુશીલ નિર્ગ્રંથમાં, ચારેય કષાયો થાય યાવત્ ઉપશમશ્રેણીમાં કે ક્ષપકશ્રેણીમાં અન્યતમનો વિચ્છેદ ન થાય. ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીમ થતા અન્યતમના વિચ્છેદને સ્પષ્ટ કરે છે. વળી, સંજ્વલન ક્રોધ ઉપશાંત થયે છતે અથવા ક્ષીણ થ છતે ત્રણ કષાયો હોય છે=કષાયકુશીલ સાધુમાં ત્રણ કષાયો હોય છે અથવા માનકષાય નાશ થ છતે બે કષાયો હોય છે=કષાયકુશીલ સાધુને બે કષાયો હોય છે. વળી, માયાનો નાશ થયે છ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકમાં એક જ લોભ હોય છે=કષાયકુશીલને એક જ લોભ હોય છે. નિર્ગ્ર સાધુ ક્ષીણ કષાયવાળા અથવા ઉપશાંત કષાયવાળા હોય છે. વળી તે કષાયોના ક્ષયમાં જ સ્નાત થાય છે. ॥૯૯॥

અવતરણિકા :-

उक्तं कषायद्वारम् । अथ लेश्याद्वारमाह–

અવતરણિકાર્થ :-

કષાયદ્વાર કહેવાયું. હવે લેશ્યાદ્વારને કહે છે–

ગાથા :-

लेसा किण्हाईआ, अंततिए तत्थ होइ आइतियं ।
सकसाओ छसु सुक्का, णियंठि ण्हाए परमसुक्का ।।१००।।

ગાથાર્થ :-

લેશ્યા કૃષ્ણાદિ છે. ત્યાં=લેશ્યામાં, આદિત્રિકના સાધુઓ અંતિમ ત્રણ લેશ્યામાં થાય છે

કષાયવાળા સાધુ છ લેશ્યામાં હોય છે. નિર્ગ્રંથમાં શુક્લલેશ્યા છે=સ્નાતકમાં પરમશુક્લ લેશ્યા છે. ॥૧૦૦॥

**ટીકા :-**

'लेस'त्ति । लेश्या कृष्णादिका षड्विधा द्रव्यरूपा भावरूपा च । तत्र भावरूपा विशुद्धाऽविशुद्धा च । विशुद्धा कषायाणामुपशमात्क्षयाच्च जायमाना शुक्ला, क्षयोपशमाच्च तैजसपद्मशुक्लास्तिस्रः । अविशुद्धाश्च रागद्वेषमय्यस्तिस्रः कृष्णनीलकापोताख्या औदयिक्यः, एतन्निमित्तभूता च कर्मद्रव्यलेश्याऽपि षड्विधैव कृष्णादिकसञ्ज्ञा । तत्र शरीरनामकर्मद्रव्याण्येव कर्मद्रव्यलेश्येत्येके, यतो योगपरिणामाभावेऽयोगिनो लेश्याभाव इति योगपरिणामो लेश्या, स च योगः शरीरनामकर्मपरिणतिविशेष इति । अन्ये त्वाहुः—सामान्यतः कर्मद्रव्याण्येव द्रव्यलेश्याः, कर्मनिष्यन्दरूपत्वाल्लेश्यानां कर्मस्थितिहेतुत्वात्; योगपरिणामरूपत्वे योगानां प्रकृतिप्रदेशबन्धहेतुत्वेन तदनुपपत्तेः । न च कर्मनिष्यन्दरूपत्वे लेश्यानां समुच्छिन्नक्रियशुक्लध्यानदशायामपि कर्मचतुष्टयसद्भावेन लेश्यासद्भावापत्तिः, निष्यन्दवतो निष्यन्दध्रौव्याभावात् कदाचिन्निष्यन्दवत्स्वपि वस्तुषु तथाविधावस्थायां तदभावदर्शनात् । अपरे त्वाहुः—कार्मणशरीरवत्पृथगेव कर्माष्टकात्कर्मवर्गणानिष्पन्नानि कर्मलेश्याद्रव्याणीति प्रासङ्गिको विवेकः । अथ प्रकृतं प्रस्तुमः—'तत्र' षट्सु लेश्यासु 'आदित्रिकं' पुलाकबकुशप्रतिसेवाकुशीललक्षणम् 'अन्त्यत्रिके' तैजसपद्मशुक्ललेश्यालक्षणे भवति, तदुक्तम्—"पुलाए णं भंते ! किं सलेसे होज्जा अलेसे होज्जा ? गोयमा ! सलेसे हुज्जा णो अलेसे हुज्जा । जदि सलेस्से हुज्जा से णं भंते ! कतिसु लेसासु हुज्जा ? गोअमा ! तिसु विसुद्धलेसासु होज्जा, तंजहा–तेउपम्हसुक्कलेसाए । एवं बउसे वि, एवं पडिसेवणाकुसीले वि'त्ति । 'सकषायः' कषायकुशीलः षट्सु लेश्यासु भवति, तदुक्तम्—"कसायकुसीले पुच्छा, गोयमा ! सलेसे होज्जा णो अलेसे होज्जा । जइ सलेसे हुज्जा से णं भंते ! कइसु लेसासु हुज्जा ? गोयमा ! छसु लेसासु हुज्जा, तंजहा–किण्हलेसाए होज्जा जाव सुक्कलेसाए" । निर्ग्रन्थे एका शुक्ला लेश्या, तदुक्तम्—"णियंठे णं पुच्छा, गोयमा ! सलेसे हुज्जा नो अलेसे हुज्जा । जइ सलेसे हुज्जा से णं भंते ! कतिसु लेसासु हुज्जा ? गोयमा ! एगाए सुक्कलेसाए हुज्जा ।" 'स्नाते' स्नातके 'परमशुक्ला' शुक्लध्यानतृतीयभेदावसरे या लेश्या सा खलु परमशुक्ला, अन्या तु शुक्लैव, तथाऽपीतरजीवशुक्ललेश्याऽपेक्षया परमशुक्लैवेति ।।१००।।

**ટીકાર્થ :-**

लेश्या ..... परमशुक्लैवेति ।। લેશ્યા કૃષ્ણાદિ છ પ્રકારની દ્રવ્યરૂપ અને ભાવરૂપ છે. ત્યાં ભાવરૂપ લેશ્યા વિશુદ્ધ અને અવિશુદ્ધ છે. વિશુદ્ધ લેશ્યા કષાયોના ઉપશમથી કે ક્ષયથી થનારી શુક્લ છે અને ક્ષયોપશમથી થનારી વિશુદ્ધ લેશ્યા તેજો, પદ્મ અને શુક્લ ત્રણ લેશ્યા છે અને અવિશુદ્ધ લેશ્યા રાગદ્વેષમય કૃષ્ણ, નીલ, કાપોત નામની ઔદાયિકી ત્રણ છે અને આના નિમિત્તભૂત=ભાવલેશ્યાના

નિમિત્તભૂત, કર્મદ્રવ્યલેશ્યા પણ છ પ્રકારની જ કૃષ્ણાદિ સંજ્ઞાવાળી છે. ત્યાં=દ્રવ્ય અને ભાવલેશ્યામાં, શરીર નામકર્મનાં દ્રવ્યો જ કર્મદ્રવ્ય લેશ્યા છે, એ પ્રમાણે એક આચાર્ય કહે છે. જે કારણથી યોગપરિણામના અભાવમાં અયોગીને લેશ્યાનો અભાવ છે. એથી યોગનો પરિણામ લેશ્યા છે અને તે યોગ શરીર નામકર્મની પરિણતિ વિશેષ છે અર્થાત્ શરીર નામકર્મથી જીવોને ઔદારિક આદિ શરીરની પ્રાપ્તિ થાય છે અને તે ઔદારિક શરીરરૂપ જ મન-વચન-કાયાના યોગો છે. તેથી શરીર નામકર્મની જે પરિણતિઓ છે, તેમાંથી મન-વચન-કાયાના વ્યાપારરૂપ વિશેષ પરિણતિ લેશ્યા છે. વળી, અન્ય કહે છે – સામાન્યથી કર્મદ્રવ્યોથી જ દ્રવ્યલેશ્યા છે=કોઈ કર્મવિશેષ નહિ પરંતુ સામાન્યથી જે જીવ ઉપર કર્મદ્રવ્યો વર્તે છે, તે જ દ્રવ્યલેશ્યા છે; કેમ કે કર્મનિષ્યંદનરૂપપણું છે= જીવમાં જે કર્મો ઉદયમાં આવે છે અને નવાં બંધાય છે, તેનો જે પ્રવાહ ચાલે છે, તે રૂપ જ દ્રવ્યલેશ્યા છે. કેમ લેશ્યાને યોગપરિણામ રૂપે ન સ્વીકારતાં કર્મદ્રવ્યરૂપ લેશ્યાને સ્વીકારી ? તેમાં હેતુ કહે છે. લેશ્યાઓનું કર્મની સ્થિતિનું હેતુપણું હોવાથી, યોગપરિણામરૂપપણું હોતે છતે=લેશ્યાનું યોગપરિણામરૂપપણું હોતે છતે, યોગોનું પ્રકૃતિ અને પ્રદેશબંધનું હેતુપણું હોવાને કારણે તેની અનુપપત્તિ છે=કર્મની સ્થિતિના હેતુપણાની અનુપપત્તિ છે અને લેશ્યાનું કર્મનિસ્યંદનરૂપપણું હોતે છતે સમુચ્છિન્ન ક્રિયારૂપ શુક્લધ્યાનની દશામાં પણ અર્થાત્ યોગનિરોધકાલીન ચોથા શુક્લધ્યાનકાળમાં પણ કર્મચતુષ્ટયનો સદ્ભાવ હોવાથી=ચાર અઘાતીકર્મો વિદ્યમાન હોવાથી, લેશ્યાના સદ્ભાવની આપત્તિ છે એમ ન કહેવું; કેમ કે નિષ્યંદનવાળાના નિષ્યંદનના ધ્રૌવ્યનો અભાવ હોવાથી અર્થાત્ કર્મના નિષ્યંદનરૂપ લેશ્યા સ્વીકારી એથી નિષ્યંદનવાળાં કર્મદ્રવ્યો છે અને તેઓના નિષ્યંદનના ધ્રૌવ્યનો અભાવ હોવાથી, ક્યારેક નિષ્યંદનવાળી પણ વસ્તુમાં તેવી અવસ્થામાં તેના અભાવનું દર્શન છે=નિષ્યંદનના અભાવનું દર્શન છે. વળી, બીજા કહે છે – કાર્મણશરીરની જેમ કર્મઅષ્ટકથી પૃથગ્ જ કર્મવર્ગણાથી નિષ્પન્ન કર્મલેશ્યાદ્રવ્યો છે, એ પ્રમાણે=દ્રવ્યલેશ્યાના ત્રણ મતો બતાવ્યા, એ પ્રમાણે પ્રાસંગિક વિવેક છે=ભાવલેશ્યાના કથનના પ્રસંગથી પ્રાપ્ત દ્રવ્યલેશ્યા વિષયક જુદા જુદા મતોનો વિવેક છે. હવે પ્રકૃતને અમે કહીએ છીએ=ગાથામાં જે પુલાક આદિ સાધુઓમાં ભાવલેશ્યા પ્રકૃત છે, તેને અમે કહીએ છીએ. ત્યાં=છ લેશ્યામાં, આદિત્રિક=પુલાક, બકુશ અને પ્રતિસેવાકુશીલ રૂપ આદિત્રિક, અંત્યત્રિકમાં હોય છે=તેજો, પદ્મ અને શુક્લલેશ્યારૂપ પાછળની ત્રણ લેશ્યામાં હોય છે. તે કહેવાયું છે=પુલાક આદિ સાધુ તૈજસ આદિ લેશ્યામાં હોય છે, તે ભગવતીમાં કહેવાયું છે.

"હે ભગવંત ! પુલાક સાધુ સલેશ્યામાં હોય અથવા અલેશ્યામાં હોય ? ભગવાન કહે છે. હે ગૌતમ ! સલેશ્યામાં હોય, અલેશ્યામાં હોય નહિ. જો સલેશ્યામાં હોય તો હે ભગવંત ! તે=પુલાક સાધુ, કઈ લેશ્યામાં હોય ? ભગવાન કહે છે. હે ગૌતમ ! ત્રણ વિશુદ્ધ લેશ્યામાં હોય. તે આ પ્રમાણે – તેજો, પદ્મ અને શુક્લલેશ્યામાં હોય. એ પ્રમાણે બકુશમાં પણ જાણવું=પુલાકની જેમ જ બકુશમાં પણ ત્રણ લેશ્યા જાણવી. એ રીતે પ્રતિસેવનાકુશીલમાં પણ જાણવું=પુલાક, બકુશની જેમ પ્રતિસેવનાકુશીલમાં પણ ત્રણ વિશુદ્ધ લેશ્યામાં હોય છે. સકષાય=કષાયકુશીલ, છ લેશ્યાઓમાં હોય છે."

**તે કહેવાયું છે=કષાયકુશીલમાં છ લેશ્યા છે, તે ભગવતીમાં કહેવાયું છે.**

"કષાયકુશીલમાં પૃચ્છા છે. ભગવાન કહે છે – હે ગૌતમ ! સલેશ્યામાં હોય=કષાયકુશીલ લેશ્યાવાળા હોય. અલેશ્યાવાળા ન હોય. જો સલેશ્યામાં હોય=કષાયકુશીલ સાધુ સંલેશ્યાવાળા હોય તો હે ભગવંત ! તે=કષાયકુશીલ સાધુ કઈ લેશ્યામાં હોય ? ભગવાન કહે છે. હે ગૌતમ ! છ લેશ્યાઓમાં હોય. તે આ પ્રમાણે – કૃષ્ણલેશ્યામાં હોય યાવત્ શુક્લલેશ્યામાં હોય."

**નિર્ગ્રંથમાં એક શુક્લલેશ્યા હોય. તે કહેવાયું છે=ભગવતીમાં કહેવાયું છે–**

"નિર્ગ્રંથમાં પૃચ્છા છે. ભગવાન કહે છે. હે ગૌતમ ! સલેશ્યાવાળા હોય=નિર્ગ્રંથ સલેશ્યાવાળા હોય. અલેશ્યાવાળા ન હોય. જો સલેશ્યાવાળા હોય તો હે ભગવંત ! તે=નિર્ગ્રંથ, કેટલી લેશ્યામાં હોય ? ભગવાન કહે છે, હે ગૌતમ ! એક શુક્લલેશ્યામાં હોય."

**સ્નાતકમાં પરમશુક્લ=શુક્લધ્યાનના ત્રીજા ભેદના અવસરમાં જે લેશ્યા છે તે પરમશુક્લ લેશ્યા છે. વળી, અન્ય શુક્લ જ છે=કેવલી અવસ્થામાં શુક્લધ્યાનના ત્રીજા પાયા પૂર્વે સ્નાતકને જે લેશ્યા છે, તે શુક્લલેશ્યા જ છે તોપણ ઇતર જીવની શુક્લલેશ્યાની અપેક્ષાથી પરમશુક્લ જ છે. ॥૧૦૦॥**

**ભાવાર્થ :-**

પુલાક આદિ સાધુઓમાં કઈ લેશ્યા છે ? તેને બતાવનાર લેશ્યાદ્વાર છે અને તે લેશ્યા ભાવલેશ્યારૂપ જ છે તોપણ ભાવલેશ્યા દ્રવ્યલેશ્યા સાથે સંબંધિત છે. જેમ દ્રવ્યવેદના ઉદયરૂપ સ્ત્રી-પુરુષ આદિનું શરીર ભાવવેદના ઉદય પ્રત્યે કારણ છે, તેમ દ્રવ્યલેશ્યા પણ ભાવલેશ્યા પ્રત્યે કારણ છે. ત્યાં દ્રવ્યલેશ્યાના વિષયમાં ત્રણ મતો છે. તેને પ્રાસંગિક કથનરૂપે બતાવે છે અને ભાવલેશ્યા વિશુદ્ધ અને અવિશુદ્ધ એમ બે ભેદવાળી છે. વિશુદ્ધ લેશ્યા કષાયોના ઉપશમ કે ક્ષયથી નિર્ગ્રંથોને કે સ્નાતકોને થાય છે, તે શુક્લલેશ્યા છે. તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા કષાયોના ક્ષયોપશમથી થાય છે. જોકે મિથ્યાદૃષ્ટિ જીવો પણ તેજોલેશ્યા આદિ પ્રાપ્ત કરે છે, ત્યારે તેઓને મિથ્યાત્વની પ્રચુર અવસ્થામાં પણ કંઈક કષાયોનો ક્ષયોપશમભાવ થાય છે. આથી જ ચરમાવર્ત બહારના જીવો પણ કંઈક શુભ વિચારો કરે છે, ત્યારે કષાયોના ક્ષયોપશમથી તેઓને શુભલેશ્યા થાય છે. જેમ ઉપમિતિમાં બતાવેલ નંદિવર્ધનના જીવને હાથીના ભવમાં મૃત્યુ સમયે પોતાની સ્વાર્થી પ્રકૃતિ પ્રત્યે જે પશ્ચાત્તાપ થાય છે, તે મધ્યસ્થભાવરૂપ છે. તેથી કષાયોના ક્ષયોપશમથી જ થયેલ તે શુભલેશ્યાના બળથી રાજપુત્ર થાય છે. તેથી જ્યારે જ્યારે જીવને જે કાંઈ પણ દયા આદિનો પરિણામ થાય છે, તે ક્ષયોપશમભાવની શુભલેશ્યારૂપ હોય છે. ફક્ત મિથ્યાત્વની પ્રચુરતાને કારણે વિપર્યાસકાળમાં તે શુભભાવ મંદ કક્ષાનો હોય છે. આથી જ ધર્મસંગ્રહણીમાં તેને અવ્યક્ત ક્ષમાદિરૂપે સ્વીકારેલ છે.

વળી, અવિશુદ્ધ લેશ્યા રાગ-દ્વેષવાળી ઔદયિકભાવવાળી છે. તેથી વિષયોના રાગોથી કે કષાયોના વશથી જે અધ્યવસાય થાય છે, તે ઔદયિકભાવ સ્વરૂપ કૃષ્ણાદિ ત્રણ લેશ્યા સ્વરૂપ છે. વળી, ભાવલેશ્યાના નિમિત્તભૂત કર્મદ્રવ્યલેશ્યા પણ છ પ્રકારની છે. તેમાં એક મત અનુસાર શરીર નામકર્મના પરિણામરૂપ જ

કર્મદ્રવ્યલેશ્યા છે; કેમ કે જીવ મન-વચન-કાયાની જે પ્રવૃત્તિ કરે છે, તે યોગ સ્વરૂપ છે અને તે યોગ ભાવલેશ્યાનું કારણ છે. તેથી દ્રવ્યલેશ્યારૂપ છે અને શરીર નામકર્મના ઉદયથી જીવને શરીર મળેલું છે અને તે શરીરની સાથે જ મનઃપર્યાપ્તિ અને વચનપર્યાપ્તિ પ્રાપ્ત થાય છે, તે શરીર નામકર્મની પરિણતિરૂપ છે અને તેનાથી જ મનોયોગ, વચનયોગ, કાયયોગ પ્રવર્તે છે. તેથી તે ત્રણ યોગો શરીરનામકર્મની પરિણતિ-વિશેષ સ્વરૂપ છે માટે યોગના પરિણામરૂપ લેશ્યા માનનારા શરીરનામકર્મની પરિણતિવિશેષરૂપ દ્રવ્યલેશ્યા છે. એમ કહે છે.

વળી, બીજા મત અનુસાર સામાન્યથી સર્વ કર્મો જ દ્રવ્યલેશ્યા છે; કેમ કે કર્મનું નિષ્યંદન એ જ દ્રવ્યલેશ્યા છે અર્થાત્ એક કર્મ ઉદયમાં આવે છે અને જાય છે અને નવાં કર્મ બંધાય છે, એ રૂપ જીવમાં કર્મનો પ્રવાહ વર્તે છે, તે દ્રવ્યલેશ્યા છે. વળી, તેઓ યુક્તિ આપે છે કે મન-વચન-કાયાના યોગોને દ્રવ્યલેશ્યારૂપે સ્વીકારીએ તો યોગો પ્રકૃતિ અને પ્રદેશબંધના હેતુ છે, સ્થિતિબંધના હેતુ નથી અને લેશ્યા કર્મની સ્થિતિબંધનો હેતુ છે માટે યોગ પરિણામરૂપ લેશ્યા સ્વીકારી શકાય નહિ. વળી, યોગનિરોધકાળમાં ચાર અઘાતીકર્મોનો ઉદય વર્તે છે. તેથી કર્મનું નિષ્યંદન ત્યાં પણ છે, છતાં ત્યાં લેશ્યા નથી; કેમ કે અયોગી અવસ્થામાં લેશ્યા સંભવે નહિ. તેનું સમાધાન કરતાં તેઓ કહે છે કે કર્મ નિષ્યંદનવાળા કર્મોથી યુક્ત જીવો હોવા છતાં કર્મનું નિષ્યંદન ત્યાં નથી; કેમ કે માત્ર તે ચાર કર્મો ઉદયમાં આવીને જાય છે, નવાં બંધાતાં નથી. તેથી, નિષ્યંદનવાળા એવા આત્મામાં પણ કર્મના આગમન અને ઉદયરૂપ નિષ્યંદન નથી માટે યોગનિરોધકાળમાં લેશ્યા નથી.

વળી, ત્રીજા મત પ્રમાણે જેમ કાર્મણ શરીર એક શરીર છે, તેમ આઠ કર્મોની વર્ગણાથી નિષ્પન્ન થયેલ કર્મલેશ્યા દ્રવ્યો છે. જેમ, કર્મથી બનેલું કાર્મણશરીર નામકર્મ છે, તેમ કાર્મણ વર્ગણાથી બનેલી જ કર્મલેશ્યા દ્રવ્ય છે. આ રીતે પ્રાસંગિક દ્રવ્યલેશ્યાનું સ્વરૂપ બતાવ્યા પછી પુલાક આદિ સાધુઓમાં કઈ ભાવલેશ્યા છે, તે બતાવે છે. પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાધુમાં ત્રણ શુભલેશ્યા વર્તે છે; કેમ કે ભગવાનના વચનનું સ્મરણ કરીને તે મહાત્માઓ મોહનાશ માટે ઉદ્યમ કરતા હોય છે. તેથી ત્રણ શુભલેશ્યા વર્તે છે. કષાયકુશીલ સાધુમાં છ લેશ્યાઓ વર્તે છે. જોકે કષાયકુશીલ પણ પુલાક આદિ સાધુની જેમ જ ભવનો ઉચ્છેદ કરવા માટે યત્નશીલ છે. તેથી તેઓને ત્રણ શુભલેશ્યા સંભવી શકે. વળી, કષાયકુશીલ સાધુ પ્રતિસેવના કરવાના સ્વભાવવાળા નથી. તેથી પણ તેઓને અશુભલેશ્યા સંભવે નહિ. છતાં ભગવતીસૂત્રમાં બકુશ આદિને ત્રણ શુભલેશ્યા સ્વીકારી અને કષાયકુશીલને છ લેશ્યા ભગવતીસૂત્રમાં કેમ સ્વીકારી છે, તેની ચર્ચા ગાથા-૧૦૪માં આગળ બતાવશે. વળી નિર્ગ્રંથ સાધુને એક શુક્લલેશ્યા જ હોય છે. સ્નાતક સાધુને ત્રીજા શુક્લધ્યાનના પાયા વખતે પરમ શુક્લલેશ્યા હોય છે; કેમ કે ભવના કારણીભૂત યોગના ઉચ્છેદ માટે તીવ્ર વીર્યને પ્રવર્તાવે તેવી શુક્લલેશ્યા પરાકાષ્ઠાની છે તોપણ કેવલી અવસ્થામાં પરમશુક્લલેશ્યા નહિ હોવા છતાં બીજા જીવોની શુક્લલેશ્યા કરતાં શ્રેષ્ઠ શુક્લલેશ્યા કેવલીને છે; કેમ કે કેવલી પરહિતમાં રત હોય છે. **॥૧૦૦॥**

ગાથા :-

**लेसाभावो व भवे, खुड्डुणियंठिज्जयम्मि पुण भणियं ।**
**लेसा उ पुलागस्सा, उवरिल्लाओ भवे तिण्णि ।।१०१।।**

ગાથાર્થ :-

**અથવા લેશ્યાનો અભાવ થાય=સ્નાતકને લેશ્યાનો અભાવ થાય. વળી, ક્ષુલ્લક નિર્ગ્રંથીય અધ્યયનમાં આ કહેવાયું છે. પુલાકને ઉપરિતન ત્રણ લેશ્યા થાય. ।।૧૦૧।।**

ટીકા :-

'लेसाभावो व'त्ति । लेश्याऽभावो वा भवेत् स्नातकस्यायोगित्वदशायाम्, तदुक्तम्—"सिणाए पुच्छा, गोयमा ! सलेसे वा हुज्जा अलेसे वा हुज्जा । जइ सलेसे हुज्जा से णं भंते ! कतिसु लेसासु हुज्जा ? गोयमा ! एगाए परमसुक्कलेसाए हुज्ज"त्ति । अयं तावद् भगवत्यभिप्राय उक्तः, क्षुल्लक-निर्ग्रन्थीये पुनरिदं भणितम्—"लेश्यास्तु पुलाकस्योपरितन्यस्तिस्रो भवन्ति" ।।१०१।।

ટીકાર્થ :-

लेश्याऽभावो ..... भवन्ति" ।। અથવા સ્નાતકને અયોગિત્વદશામાં લેશ્યાનો અભાવ થાય. તે કહેવાયું છે=ભગવતીમાં કહેવાયું છે.

"સ્નાતકમાં પૃચ્છા છે. ભગવાન ઉત્તર આપે છે. હે ગૌતમ ! સલેશ્યામાં થાય અથવા અલેશ્યામાં થાય. જો સલેશ્યામાં થાય તો હે ભગવન્ ! તે=સ્નાતક, કઈ લેશ્યામાં થાય ? ભગવાન કહે છે, હે ગૌતમ ! એક પરમ શુક્લલેશ્યામાં થાય."

આ=ગાથા-૧૦૦માં અને પ્રસ્તુત ગાથાના પ્રથમ પાદમાં કહ્યું એ, ભગવતીનો અભિપ્રાય કહેવાયો. ક્ષુલ્લક નિર્ગ્રંથીમાં વળી આ કહેવાયું છે – વળી, પુલાકની લેશ્યા ઉપરની ત્રણ હોય છે. ।।૧૦૧।।

ભાવાર્થ :-

ગાથા-૧૦૦ના અંતમાં કહ્યું કે સ્નાતકને પરમ શુક્લલેશ્યા હોય. ત્યાં 'અથવા'થી કહે છે. સ્નાતકને અયોગીદશામાં લેશ્યાનો અભાવ પ્રાપ્ત થાય. ગાથા-૧૦૦ અને ગાથા-૧૦૧ના પ્રથમ પાદનું કથન ભગવતીના વચનાનુસાર છે. હવે, ક્ષુલ્લકનિર્ગ્રંથીના અધ્યયનમાં લેશ્યા વિષયક પુલાક આદિને શું કહેલું છે ? તે બતાવતાં કહે છે. પુલાકને ઉપરની ત્રણ શુદ્ધ લેશ્યા હોય છે. આ કથનની ભગવતી સાથે ક્ષુલ્લકનિર્ગ્રંથી અધ્યયનની એકવાક્યતા છે; કેમ કે ભગવતીમાં પણ પુલાક આદિ ત્રણ સાધુઓને તૈજસાદિ ત્રણ લેશ્યાઓ સ્વીકારી છે અને પ્રસ્તુત ક્ષુલ્લકનિર્ગ્રંથી અધ્યયનમાં પુલાકને ત્રણ શુભલેશ્યા સ્વીકારી છે. **।।૧૦૧।।**

**અવતરણિકા :-**

વળી, ક્ષુલ્લકનિર્ગ્રંથી અધ્યયન અનુસાર બકુશ આદિ અન્ય સાધુઓને કઈ લેશ્યાઓ હોય ? તે બતાવે છે–

**ગાથા :-**

**બઉસપડિસેવયાણં, સવ્વા લેસા હવંતિ ણાયવ્વા ।**
**પરિહારવિસુદ્ધીણં, તિણ્ણુવરિલ્લા કસાએ ય ।।૧૦૨।।**

**ગાથાર્થ :-**

**બકુશ, પ્રતિસેવક સાધુને સર્વ લેશ્યા જ્ઞાતવ્ય થાય છે અને પરિહાર વિશુદ્ધિવાળા કષાયકુશીલમાં ઉપરની ત્રણ લેશ્યા હોય છે. ।।૧૦૨।।**

**ટીકા :-**

**'बउस'त्ति । बकुशप्रतिसेवकयोः सर्वा लेश्या भवन्ति ज्ञातव्याः । परिहारविशुद्धिकचारित्रवतां 'कषाये' कषायकुशीले च 'उपरितन्यस्तिस्रः' लेश्यास्तेजःपद्मशुक्ला भवन्ति ।।१०२।।**

**ટીકાર્થ :-**

बकुशप्रति ..... भवन्ति ।। બકુશ અને પ્રતિસેવક સાધુને સર્વ લેશ્યા જ્ઞાતવ્ય થાય છે અને પરિહાર વિશુદ્ધિક ચારિત્રવાળા કષાયમાં=કષાયકુશીલ સાધુમાં, ઉપરની ત્રણ તેજો, પદ્મ, શુક્લ લેશ્યા હોય છે. ।।૧૦૨।।

**ગાથા :-**

**'णिग्गंथसुहुमरागे, सुक्का लेसा तहा सिणाए अ ।**
**सेलेसीपडिवण्णो, लेसाईओ मुणेअव्वो ।।१०३।।**

**ગાથાર્થ :-**

**નિર્ગ્રંથ અને સૂક્ષ્મ સંપરાયમાં શુક્લલેશ્યા અને તે પ્રકારે સ્નાતકમાં શુક્લલેશ્યા હોય છે. શૈલેશીને પામેલ સ્નાતક લેશ્યાતીત જાણવા. ।।૧૦૩।।**

**ટીકા :-**

**'णिग्गंथ'त्ति । निर्ग्रन्थे सूक्ष्मसम्पराये च चारित्रे तथा स्नातके च शैलेश्यर्वाक् शुक्ला लेश्या भवति । शैलेशीप्रतिपन्नस्तु स्नातको लेश्यातीतो ज्ञातव्यः । आह च वृत्तिकारः**–"पुलाकस्योत्तरास्तिस्रो लेश्या भवन्ति । बकुशप्रतिसेवनाकुशीलयोः सर्वा अपि । कषायकुशीलस्य परिहारविशुद्धेश्च तिस्र उत्तराः । सूक्ष्मसम्परायस्य निर्ग्रन्थस्नातकयोश्च शुक्लैव केवला भवति । शैलेशीप्रतिपन्नोऽलेश्यो भवति" **इति ।।१०३।।**

**ટીકાર્થ :-**

**निर्ग्रन्थे ..... इति ।। નિર્ગ્રંથમાં અને સૂક્ષ્મસંપરાય ચારિત્રમાં અને શૈલેશી પૂર્વે તે પ્રકારે સ્નાતકમાં શુક્લલેશ્યા હોય છે. વળી, શૈલેશીને પામેલ સ્નાતક લેશ્યાતીત જાણવા અને વૃત્તિકાર કહે છે=ક્ષુલ્લકનિર્ગ્રંથી અધ્યયનના વૃત્તિકાર કહે છે.**

"પુલાકને ઉપરની ત્રણ લેશ્યા હોય છે. બકુશ, પ્રતિસેવના કુશીલને સર્વ પણ લેશ્યા હોય છે અને કષાયકુશીલ એવા પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળાને ઉત્તરની ત્રણ લેશ્યા હોય છે. સૂક્ષ્મસંપરાય અને નિર્ગ્રંથ, સ્નાતક સાધુને કેવલ શુક્લ જ લેશ્યા હોય છે અને શૈલેશીને પામેલ અલેશ્યાવાળા હોય છે." **॥૧૦૩॥**

**ભાવાર્થ :-**

ભગવતીસૂત્રના વચનાનુસાર પુલાક આદિને કઈ લેશ્યાઓ હોય છે, તે પૂર્વમાં બતાવ્યું અને ક્ષુલ્લકનિર્ગ્રંથી અધ્યયન અનુસાર પુલાક આદિ સાધુઓને કઈ લેશ્યા હોય છે તે બતાવ્યું. તેમાં ભગવતી અનુસાર પુલાક આદિ ત્રણ સાધુઓને ઉપરની ત્રણ લેશ્યા સ્વીકારી. જ્યારે ક્ષુલ્લકનિર્ગ્રંથી અધ્યયન અનુસાર બકુશ અને પ્રતિસેવક સાધુને છ લેશ્યા સ્વીકારી. વળી, ભગવતીમાં કષાયકુશીલને છ લેશ્યા કહેલ. જ્યારે ક્ષુલ્લકનિર્ગ્રંથીય અધ્યયનમાં પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળાને ઉપરની ત્રણ લેશ્યા સ્વીકારી. કષાયકુશીલમાં કઈ લેશ્યા છે, તેની વિવક્ષા કરેલ નથી અને નિર્ગ્રંથ આદિ શેષ સાધુઓને ભગવતીનું વચન અને ક્ષુલ્લકનિર્ગ્રંથીય અધ્યયનનું વચન સમાન રીતે લેશ્યાનો સ્વીકાર કરે છે. આ વિષયમાં વિશેષ શું છે, તે સ્વયં ગ્રંથકારશ્રી આગળની ગાથામાં વર્ણન કરશે. ફક્ત લેશ્યા શબ્દ શ્લિષ ધાતુમાંથી બનેલ છે. તેથી કર્મબંધને અનુકૂળ એવો શ્લેષનો પરિણામ મન-વચન-કાયાના યોગરૂપ ભાવમલ છે. તેથી નિર્ગ્રંથને અને કેવલીને પણ કર્મબંધના કારણીભૂત એવો ભાવમલ હોવાથી લેશ્યાનો સ્વીકાર છે. **॥૧૦૩॥**

**અવતરણિકા :-**

**नन्वत्र कषायकुशीले षड्लेश्याऽभिधानं कथं युक्तम् ? संयतेषु लेश्यात्रयस्यैवाभिधानात्, आद्यानां तिसृणां लेश्यानां चतुर्ष्वेव गुणस्थानेषु परिसमाप्तेः, यदुक्तम्—"तिसु दुसु सुक्काइ गुणा चउ सग तेरि"त्ति तत आह—**

**અવતરણિકાર્થ :-**

**'ननु'થી શંકા કરે છે. અહીં=ભગવતીમાં, કષાયકુશીલ વિષયક છ લેશ્યાનું અભિધાન કેવી રીતે યુક્ત છે ? અર્થાત્ યુક્ત નથી; કેમ કે સંયતોમાં લેશ્યાત્રયનું જ અભિધાન છે. કેમ સંયતોમાં ત્રણ જ લેશ્યાઓ હોય છે ? અન્ય નહિ. તેમાં હેતુ કહે છે. પ્રથમની ત્રણ લેશ્યાઓની ચાર જ ગુણસ્થાનકોમાં પરિસમાપ્તિ છે. જે કહેવાયું છે=કર્મગ્રંથમાં કહેવાયું છે—**

"ત્રણ લેશ્યામાં ચાર ગુણસ્થાનકો, બે લેશ્યામાં સાત ગુણસ્થાનકો અને શુક્લલેશ્યામાં તેર ગુણસ્થાનકો હોય છે."

**'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. તેથી કહે છે='ननु'થી શંકા કરી કે કષાયકુશીલમાં છ લેશ્યા સંભવે નહિ, તેથી ગાથામાં કહે છે —**

ગાથા :-

एएसु छलेसाणं, भावपरावत्तिओ उ अभिहाणं ।
पुव्वपडिवन्नओ जं, अण्णयरीए उ लेसाए ।।१०४।।

ગાથાર્થ :-

**પુલાક આદિમાં છ લેશ્યાનું અભિધાન ભાવની પરાવૃત્તિથી છે. જે કારણથી પૂર્વ પ્રતિપન્ન એવા પુલાક આદિ અન્યતર લેશ્યામાં હોય છે. ।।૧૦૪।।**

ટીકા :-

**'एएसु'त्ति । 'एतेषु' पुलाकादिषु निर्ग्रन्थेषु मध्ये यथास्थानं षण्णां लेश्यानामभिधानं तु 'भावपरा-वृत्तितः' भावपरावृत्तिमपेक्ष्य, अवस्थिताः खलु तत्र प्रशस्तास्तिस्र एव लेश्याः, आद्यानां तु तास्वेव भावो भवतीत्येतावन्मात्रेणाभिप्रायेणेत्यर्थः । 'यत्' यस्मात्पूर्वप्रतिपन्नश्चारित्री अन्यतरस्यामपि लेश्यायां भणितः, तथा चावश्यकम्—**

"सम्मत्तसुअं सव्वासु लहइ सुद्धासु तीसु अ चरित्तं ।
पुव्वपडिवन्नओ पुण, अन्नयरीए उ लेस्साए ।।१।।" **त्ति ।**

**अत्र हि षट्स्वपि लेश्यासु सम्यक्त्वश्रुतप्रतिपत्तिर्द्रव्यलेश्यापेक्षयोक्ता, अवस्थितकृष्णादिद्रव्यलेश्यासु नारकादेरपि तेजोलेश्यादिद्रव्यसम्पर्कतः प्रतिभागादिमात्रभावेन तेजोलेश्यादिपरिणामसम्भवे तस्या युक्तत्वात्; भावलेश्यापेक्षया तु सम्यक्त्वादीनां प्रतिपद्यमानक उपरितनीषु तिसृष्वेव भवति । पूर्वप्रतिपन्नस्तु यथापरिणामं लेश्याद्रव्यान्तरसम्पर्कत उपजायमानायामन्यतरस्यामपि भवति, द्रव्यान्तरसम्पर्कतो लेश्यानां परिणामान्तरस्याभिहितत्वात् । तथा च प्रज्ञापनासूत्रम्—**"से नूणं भंते ! कण्हलेसा णीललेसं पप्प नो तारूवत्ताए नो तावन्नत्ताए नो तागंधत्ताए नो तारसत्ताए नो ताफासत्ताए भुज्जो भुज्जो परिणमइ ? हंता गोयमा ! किण्हलेसा नीललेसं पप्प नो तारूवत्ताए जाव परिणमइ । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ किण्हलेसा नीललेसं पप्प जाव णो परिणमइ ? गोयमा ! आगारभावमायाए वा से सिया पलिभागमायाए वा से सिया, कण्हलेसा णं सा णो खलु णीललेसा, तत्थगया उस्सक्कइ, से तेणट्ठेणं गोअमा ! एवं वुच्चइ किण्हलेसा नीलसेसं पप्प जाव णो परिणमइ ।" **अत्राकार एव भाव आकारभावः, आकारभाव एवाकारभावमात्रा, मात्राशब्दः खल्वाकारभावव्यतिरिक्तप्रतिबिम्बादिधर्मान्तरप्रतिषेधवाचकः, तेनाकारभावमात्रेणासौ स्यान्नीललेश्या न तु तत्स्वरूपापत्तितः । तथा प्रतिरूपो भागः प्रतिभागः-प्रतिबिम्बमित्यर्थः, प्रतिभाग एव प्रतिभागमात्रा, अत्र मात्राशब्दो वास्तवपरिणामप्रतिषेधवाचकतया प्रतिभागमात्रयाऽसौ नीललेश्या स्यान्न तु तत्स्वरूपतः, स्फटिक इवोपधानवशादुपधानरूप इति दृष्टान्तः, ततः स्वरूपेण कृष्णलेश्यैवासौ न नीललेश्या,**

किं तर्हि 'तत्रगतोत्सर्पति' तत्रगता-तत्रस्था स्वरूपस्थेत्यर्थः, नीललेश्यादिकं लेश्यान्तरं प्राप्योत्सर्पति-आकारभावं प्रतिबिम्बभावं वा नीललेश्यासम्बन्धिनमासादयति । एवम्-"णीललेसा काउलेसं पप्प जाव णीललेसा णं सा, णो खलु काउलेसा, तत्थगया उस्सक्कइ वा ओसक्कइ वा ।" तत्रगता-स्वरूपस्थैवोत्सर्पति-कापोतलेश्यासम्बन्धिनं भावमासादयति, अवसर्पति वा-कृष्णलेश्यां प्राप्य तद्भावमासादयतीत्यर्थः । "एवं काउलेसा तेउलेसं पप्प, तेउलेसा पम्हलेसं पप्प, पम्हलेसा सुक्कलेसं पप्प, एवं सुक्कलेसा पम्हलेसं पप्प, एवं किण्हलेसा नीललेसं काउलेसं जाव सुक्कलेसं पप्प, एवं इक्किक्का सव्वाहिं चारिज्जइ"त्ति । तदेवं चारित्रिणोऽपि प्रशस्तलेश्यावस्थितस्य कर्मगतिवैचित्र्यादध्यवसायोपनीतकृष्णादि-द्रव्यसंसर्गेण कृष्णादिसद्भावोऽप्यविरुद्धः, तदिदमुक्तमुत्तराध्ययनवृत्तावपि—"यदप्येषां संयमित्वेऽपि षड्लेश्याभिधानं तदप्याद्यानां भावपरावृत्तिमपेक्ष्य "अगारभावमायाए वा सिया पलिभागमायाए वा सिया' इत्याद्यागमप्रामाण्यादविरुद्धमेवेत्यलं प्रसङ्गेन" इति । ननु यद्येवं पूर्वप्रतिपन्ने लेश्याषट्कस्यापि सम्भवस्तदा कथं न पुलाकादौ तदभिधानं कषायकुशील एव च तदभिधानम् ? इति चेत्, अत्र केचित् पूर्वप्रतिपन्नः कषायकुशील एव गृह्यत इत्याहुः, तदुक्तं भगवतीवृत्तौ "सकषायमेवाश्रित्य-"पुव्वपडिवन्नओ पुण अण्णयरीए उ लेस्साए' इत्युक्तमिति संभाव्यत इति । इदं पुनरिहावधेयम्-अशुद्धलेश्यासद्भावे चारित्रिणां प्रमत्तताविशेषस्तत्र न तु कषायकुशीलता, प्रेमद्वेषविशेषरूपत्वादप्रशस्त-लेश्यानाम्, तदुक्तं पूज्यपादैः—"अविसुद्धभावलेसा, दुविहा णियमा उ होइ णायव्वा । पेज्जम्मि य दोसम्मि य"त्ति । तथा चान्यत्रापि कथं न तत्सम्भवः ?, किञ्चान्यस्यापि दशाविशेष आर्त्तरौद्रध्यान-सम्भवस्तावदिष्टः, तत्र चाप्रशस्तलेश्यानामेव सम्भव इति, अत एव षडशीतिके—"छसु सव्व"त्ति प्रतीकेनाविशेषतः षट्सु गुणस्थानकेषु लेश्याषट्कसम्भव उक्तः, उपपत्तिश्चात्राभिहिता—इह लेश्यानां प्रत्येकमसङ्ख्येयानि लोकाकाशप्रदेशप्रमाणान्यध्यवसायस्थानानि, ततो मन्दाध्यवसायस्थानापेक्षया शुक्ललेश्यादीनामपि मिथ्यादृष्ट्यादौ कृष्णलेश्यादीनामपि प्रमत्तगुणस्थानकेऽपि सम्भवो न विरुध्यत इति । ततोऽन्यत्रापि प्रमत्तसंयते मन्दानुभावानि कृष्णाद्यध्यवसायानि प्राप्यन्तेऽत एव कृष्णलेश्या मनःपर्यवज्ञानेऽपि पठिता, तथा चागमः—"कण्हलेसा णं भंते ! कइसु नाणेसु होज्जा ? गोयमा ! दोसु तिसु वा चउसु व"त्ति, एतच्च सूत्रं प्रमत्ततायां कृष्णादिलेश्यासद्भावमभ्युपगम्योपपादितं वृत्तिकृतेति, ततः कषायकुशीले तथाविधकषायसहकारेण संसर्गिकृष्णादिद्रव्यजनिता कृष्णादिलेश्याकार-रूपोत्कृष्टेति तद्विवक्षणम्, अन्यत्र तु तद्विपर्ययात्तदविवक्षणम्, सतोऽप्यर्थस्य कयाचिद् व्यपेक्षया क्वचिदनभिधानात्, अत एव "परिहारविसुद्धिए जहा पुलाए"त्ति भगवतीसूत्रे परिहारविशुद्धिके पुलाकातिदेशेन लेश्यात्रयमुक्तम् । अन्यत्र पुनरेतस्य लेश्याद्वारे इत्थमुक्तम्—

"लेसासु विसुद्धासुं पडिवज्जइ तीसु ण उण सेसासु ।
पुव्वपडिवन्नओ पुण, हुज्जा सव्वासु वि कहंचि ।।१।।
नच्चंतसंकिलिट्ठासु थोवकालं च हंदि इयरासु ।
चित्ता कम्माण गई, तहावि विरियं फलं देइ ।।२।।"**त्ति ।**

**बन्धस्वामित्वे कृष्णादिलेश्यात्रयस्याविरतिगुणस्थानकान्तत्वाभिधानमपि–"लेसा तिन्नि पमत्तंता" इति बृहद्बन्धस्वामित्वानुसारेणोपरिष्टात्तदविवक्षणादेव न तु तत्त्वतः, अन्यथा षडशीतिकेन सह विरोधप्रसङ्गादिति ।।१०४।।**

**ટીકાર્થ :-**

**'एतेषु' ..... प्रसङ्गादिति ।। વળી, આમનામાં=પુલાક આદિ નિર્ગ્રંથોમાં, યથાસ્થાન છ લેશ્યાઓનું અભિધાન ભાવપરાવૃત્તિથી=ભાવપરાવૃત્તિની અપેક્ષાએ છે. ખરેખર અવસ્થિત લેશ્યા ત્યાં=પુલાક આદિમાં, પ્રશસ્ત ત્રણ જ છે. વળી, તેઓમાં જ=પુલાક આદિ સાધુઓમાં જ, આદ્ય ત્રણ લેશ્યાનો ભાવ થાય છે એટલા માત્ર અભિપ્રાયથી છ લેશ્યાનું અભિધાન છે અર્થાત્ પુલાક આદિ સાધુઓ સતત નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે. તેથી જિનવચનાનુસાર ઉદ્યમ કરવાનો અધ્યવસાય તેઓને અવસ્થિત છે. તેથી તેઓને પ્રશસ્ત ત્રણ લેશ્યા જ અવસ્થિત હોય છે છતાં, પુલાક આદિ પોતપોતાના સ્થાનને અનુરૂપ કોઈક નિમિત્તને પામીને તેઓના ભાવની પરાવૃત્તિ થાય છે, ત્યારે કિંચિત્કાળને પામીને તેઓને અન્ય લેશ્યા પણ થાય છે. તેથી છ લેશ્યાનું કથન છે. જેથી કોઈ સાધુને શીતાદિ ઉપસર્ગોમાં ક્યારેક આર્તધ્યાન થાય ત્યારે અશુભલેશ્યા પણ આવે તોપણ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થાનનો અધ્યવસાય તેઓને અવસ્થિત હોવાથી ત્રણ શુભલેશ્યા હોય છે. જે કારણથી પૂર્વપ્રતિપન્ન ચારિત્રી=પૂર્વમાં જેણે ચારિત્ર સ્વીકાર્યું છે અને નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે, તેવા ચારિત્ર અન્યતર પણ લેશ્યામાં કહેવાયા છે અને તે રીતે આવશ્યક છે=પૂર્વમાં ચારિત્રને પામેલા અન્યતર પણ લેશ્યામાં હોય છે, એમ કહ્યું તે રીતે આવશ્યકનું વચન છે.**

"સમ્યક્ત્વ અને શ્રુતજ્ઞાન સર્વ લેશ્યાઓમાં પ્રાપ્ત થાય છે. ત્રણ શુદ્ધ લેશ્યામાં ચારિત્ર પ્રાપ્ત થાય છે. વળી, પૂર્વમાં પામેલ ચારિત્રી અન્ય લેશ્યામાં હોય છે."

**અહીં=આવશ્યકના ઉદ્ધરણમાં, છ પણ લેશ્યામાં સમ્યક્ત્વ અને શ્રુતની પ્રાપ્તિ દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ કહેવાઈ છે; કેમ કે અવસ્થિત કૃષ્ણાદિ દ્રવ્યલેશ્યામાં નારકાદિને પણ તેજોલેશ્યાદિ દ્રવ્યના સંપર્કથી પ્રતિભાગ આદિ માત્ર ભાવથી=પ્રતિબિંબ આદિ માત્ર ભાવથી, તેજોલેશ્યાદિ પરિણામનો સંભવ હોતે છતે તેનું=કૃષ્ણાદિ લેશ્યાનું, યુક્તપણું છે. વળી, ભાવલેશ્યાની અપેક્ષાથી સમ્યક્ત્વ આદિને પ્રાપ્ત કરતો જીવ=સમ્યક્ત્વ અને શ્રુતને પ્રાપ્ત કરતો જીવ, ઉપરિતન ત્રણ લેશ્યામાં જ હોય છે. વળી, પૂર્વમાં પામેલ=પૂર્વમાં સમ્યક્ત્વાદિને પામેલ જીવ યથાપરિણામ=જે પ્રકારે તેનો અધ્યવસાય વર્તે છે, તે પ્રમાણે લેશ્યા દ્રવ્યાંતરના સંપર્કથી નરકાદિમાં જે અવસ્થિત લેશ્યા છે, તેના કરતાં અન્ય**

**લેશ્યા દ્રવ્યના સંપર્કથી ઉત્પન્ન થતી અન્યતર પણ લેશ્યામાં થાય છે=પૂર્વ પ્રતિપન્ન જીવ છમાંથી કોઈ પણ લેશ્યામાં થાય છે; કેમ કે દ્રવ્યાંતરના સંપર્કથી=નારકી આદિ અવસ્થિત લેશ્યાવાળા જીવોને અન્ય એવી લેશ્યા દ્રવ્યના સંપર્કથી, લેશ્યાના પરિણામાંતરનું અભિહિતપણું છે અને તે રીતે પ્રજ્ઞાપનાસૂત્ર છે=અવસ્થિત લેશ્યાવાળા નારકદેવને અન્ય લેશ્યાના સંપર્કથી લેશ્યાનું પરિણામાંતર થાય છે, એમ પૂર્વમાં કહ્યું તે રીતે પ્રજ્ઞાપનાસૂત્ર છે.**

"હે ભગવંત ! તેની કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પ્રાપ્ત કરીને તદ્રૂપતાને પામતી નથી, તદ્વર્ણતાને પામતી નથી, તદ્ગંધતાને પામતી નથી, તદ્રસતાને પામતી નથી, તદ્સ્પર્શતાને પામતી નથી. ફરી ફરી પરિણમન પામે છે ? હે ગૌતમ ! કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પ્રાપ્ત કરીને તદ્રૂપતાને યાવત્ પરિણમન પામતી નથી. હે ભગવંત ! કયા અર્થથી તે આ પ્રમાણે કહે છે ? કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને યાવત્ પરિણમન પામતી નથી. ભગવાન કહે છે, હે ગૌતમ ! આકારભાવમાત્રથી તે થાય અથવા પ્રતિભાગમાત્રથી તે થાય તે કૃષ્ણલેશ્યા. તેમાં રહેલ નીલલેશ્યા ઉત્સર્પણ પામતી નથી. તે અર્થથી હે ગૌતમ ! તે આ પ્રમાણે કહેવાય છે. કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પ્રાપ્ત કરીને યાવત્ પરિણમન પામતી નથી."

**અહીં=પ્રજ્ઞાપનાસૂત્રના ઉદ્ધરણમાં, આકાર જ ભાવ આકારભાવ છે. આકારભાવ જ આકારભાવ માત્ર છે. માત્ર શબ્દ આકારભાવથી વ્યતિરિક્ત પ્રતિબિંબ આદિ રૂપ ધર્માંતરના પ્રતિષેધનો વાચક છે. તે આકારભાવમાત્રથી આ=કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા થાય. પરંતુ તેના સ્વરૂપની પ્રાપ્તિથી નીલલેશ્યા થાય નહિ. તેના સ્વરૂપની પ્રાપ્તિથી નથી=નીલલેશ્યાના સ્વરૂપની પ્રાપ્તિથી કૃષ્ણલેશ્યા નીલલેશ્યા નથી અને પ્રતિરૂપભાગ પ્રતિભાગ છે=પ્રતિબિંબ છે. પ્રતિભાગ જ પ્રતિભાગમાત્ર છે. અહીં= પ્રતિભાગમાત્રમાં, માત્ર શબ્દ વાસ્તવ પરિણામના પ્રતિષેધના વાચકપણારૂપ પ્રતિભાગમાત્રથી આ= કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા થાય, પરંતુ તેના સ્વરૂપથી નહિ=નીલલેશ્યાના સ્વરૂપથી કૃષ્ણલેશ્યા નીલલેશ્યા થતી નથી. સ્ફટિકની જેમ ઉપધાનના વશથી ઉપધાનરૂપ થાય એ પ્રમાણે દૃષ્ટાંત છે અર્થાત્ સ્ફટિક સામે નીલ આદિ વસ્તુ મૂકવામાં આવે તો સ્ફટિક નીલ દેખાય. પરંતુ નીલ થાય નહિ તેમ નીલલેશ્યાના સન્નિધાનથી કૃષ્ણલેશ્યા નીલલેશ્યા જેવી દેખાય. પરંતુ નીલ થાય નહિ એ દૃષ્ટાંત છે. તેથી=આકારભાવમાત્રથી કે પ્રતિભાગમાત્રથી નીલલેશ્યાને પામીને કૃષ્ણલેશ્યા નીલલેશ્યા થાય છે. તેથી સ્વરૂપથી કૃષ્ણલેશ્યા જ આ છે=નારકી આદિની જે દ્રવ્યકૃષ્ણલેશ્યા છે, તે કૃષ્ણલેશ્યા જ છે, એ નીલલેશ્યા નથી. તો શું છે ? એથી કહે છે. તેમાં રહેલ ઉત્સર્પણ પામે છે. તે અર્થને સ્પષ્ટ કરે છે. તત્રગત=તત્રસ્થ=સ્વરૂપસ્થ=કૃષ્ણલેશ્યા પોતાના કૃષ્ણલેશ્યા સ્વરૂપમાં રહેલી, નીલલેશ્યાદિ લેશ્યાંતરને પામીને ઉત્સર્પણ પામે છે=નીલલેશ્યા સંબંધી આકારભાવને અથવા પ્રતિબિંબભાવને પ્રાપ્ત કરે છે. (એ રીતે=જે રીતે નીલલેશ્યાને પામીને કૃષ્ણલેશ્યા ઉત્સર્પણ પામે છે, એ રીતે)**

"નીલલેશ્યા કાપોતલેશ્યાને પામીને યાવત્ નીલલેશ્યા આકારભાવમાત્રને પામે છે, એ પ્રમાણે સંબંધ છે અને તે= નીલલેશ્યા, કાપોતલેશ્યા નથી. ત્યાં રહેલ=સ્વરૂપમાં રહેલ, ઉત્સર્પણ કરે છે અથવા અવસર્પણ કરે છે."

**ત્યાં રહેલ=સ્વરૂપસ્થ જ, ઉત્સર્પણ કરે છે=કાપોતલેશ્યા સંબંધી ભાવને પ્રાપ્ત કરે છે અથવા અવસર્પણ કરે છે=કૃષ્ણલેશ્યાને પામીને નીલલેશ્યા તેના ભાવને પ્રાપ્ત કરે છે=કૃષ્ણલેશ્યા સંબંધી**

ભાવને પ્રાપ્ત કરે છે. "એ રીતે=જે રીતે નીલલેશ્યામાં કહ્યું એ રીતે કાપોતલેશ્યા તેજોલેશ્યાને પ્રાપ્ત કરીને તેજોલેશ્યા આકારભાવમાત્રને પ્રાપ્ત કરે છે. તેજોલેશ્યા પદ્મલેશ્યાને પ્રાપ્ત કરીને પદ્મલેશ્યાના આકારભાવમાત્રને પ્રાપ્ત કરે છે. પદ્મલેશ્યા શુક્લલેશ્યાને પ્રાપ્ત કરીને શુક્લલેશ્યાના આકારભાવમાત્રને પ્રાપ્ત કરે છે. એ રીતે શુક્લલેશ્યા પદ્મલેશ્યાને પામીને પદ્મલેશ્યાના આકારભાવમાત્રને પ્રાપ્ત કરે છે. એ રીતે કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા યાવત્ શુક્લલેશ્યાને પ્રાપ્ત કરીને તે તે લેશ્યાના આકારભાવમાત્રને પ્રાપ્ત કરે છે. એ રીતે એક એક લેશ્યાઓ સર્વની સાથે યોજન કરવી જોઈએ." આ રીતે=અત્યાર સુધી પ્રજ્ઞાપનાના સાક્ષીપાઠથી કહ્યું એ રીતે, પ્રશસ્ત લેશ્યામાં અવસ્થિત એવા ચારિત્રીને પણ કર્મગતિનું વૈચિત્ર્યપણું હોવાથી અધ્યવસાયથી પ્રાપ્ત કૃષ્ણાદિ દ્રવ્યના સંસર્ગથી કૃષ્ણાદિ લેશ્યાઓનો સદ્ભાવ પણ અવિરુદ્ધ છે. તે આ=ચારિત્રીને અવસ્થિત શુભલેશ્યા હોવા છતાં અશુભ દ્રવ્યલેશ્યાના સંસર્ગથી કૃષ્ણાદિ દ્રવ્યલેશ્યા થાય તેમ કહ્યું તે આ, ઉત્તરાધ્યયનની વૃત્તિમાં પણ કહેવાયું છે. "આમનું=ચારિત્રીનું સંયમીપણું હોતે છતે પણ જે છ લેશ્યાનું કથન કર્યું તે પણ આદ્ય ત્રણ લેશ્યાના ભાવની પરાવૃત્તિને આશ્રયીને આકારભાવમાત્રથી થાય અથવા પ્રતિભાગમાત્રથી થાય. ઈત્યાદિ આગમના પ્રામાણ્યથી અવિરોધ જ છે. એથી પ્રસંગથી સર્યું." 'નનુ'થી શંકા કરે છે. જો આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, પૂર્વપ્રતિપન્ન ચારિત્રીને છ લેશ્યાનો પણ સંભવ છે તો પુલાક આદિને કેમ તેનું અભિધાન નથી ?=છ લેશ્યાનું કથન નથી ? અને કષાયકુશીલને જ તેનું કથન છે ? અર્થાત્ ગાથા-૧૦૧, ૧૦૨માં ભગવતીના વચન અનુસાર કહ્યું કે પુલાક આદિને ઉપરની ત્રણ લેશ્યાઓ હોય છે ? અને કષાયકુશીલને છયે પ્રકારની લેશ્યા હોય છે. એ પ્રકારનું કથન કેમ કર્યું છે ? એમ જો પૂર્વપક્ષી શંકા કરે તો કહે છે. અહીં=ભગવતીમાં, કેટલાક પૂર્વ પ્રતિપન્ન કષાયકુશીલ જ ગ્રહણ કરાય છે એ પ્રમાણે કહે છે. ભગવતીની વૃત્તિમાં તે કહેવાયું છે. "સકષાયને જ આશ્રયીને પૂર્વપ્રતિપન્ન વળી અન્યતર લેશ્યામાં હોય છે, એ પ્રમાણે કહેવાયું છે. એ સંભાવના કરાય છે" અર્થાત્ ભગવતીની વૃત્તિમાં એ પ્રકારે સંભાવના કરાઈ છે. વળી અહીં=ભગવતીના પાઠમાં, આ અવધેય છે= તાત્પર્ય છે – ચારિત્રીને અશુદ્ધ લેશ્યાના સદ્ભાવમાં પ્રમત્તતા વિશેષ છે. વળી, ત્યાં=અશુદ્ધ લેશ્યામાં, કષાયકુશીલતા નથી; કેમ કે અપ્રશસ્ત લેશ્યાઓનું પ્રેમ અને દ્વેષ વિશેષરૂપપણું છે. પૂજ્યપાદ વડે કહેવાયું છે. "અવિશુદ્ધભાવલેશ્યા રાગમાં અને દ્વેષમાં નિયમા બે પ્રકારની જ્ઞાતવ્ય થાય છે અને એ રીતે=જે રીતે કષાયકુશીલને અશુભલેશ્યા થાય છે તે રીતે, અન્યત્ર પણ કેમ તેનો સંભવ નથી ? વળી, અન્યને પણ=કષાયકુશીલથી અન્યને પણ, દશાવિશેષમાં=પરિણતિવિશેષમાં, આર્તરૌદ્રધ્યાનનો સંભવ ઈષ્ટ છે અને ત્યાં=આર્તરૌદ્રધ્યાનકાળમાં જ અપ્રશસ્તલેશ્યાનો સંભવ છે. આથી જ ષડ્શીતિ ગ્રંથમાં "છયે ગુણસ્થાનકોમાં સર્વ=સર્વ લેશ્યાઓ, હોય છે" એ પ્રતીક દ્વારા અવિશેષથી=ગુણસ્થાનકોના ભેદ કર્યા વગર સામાન્યથી, છયે ગુણસ્થાનકોમાં છયે લેશ્યાનો સંભવ કહેવાયો છે અને અહીં=બધી લેશ્યામાં, ઉપપત્તિ કહેવાઈ છે. અહીં=લેશ્યાના વિચારમાં, લેશ્યાના પ્રત્યેકને આશ્રયીને=પ્રત્યેક લેશ્યાને આશ્રયીને, અસંખ્યાતા લોકાકાશ પ્રમાણ અધ્યવસાય સ્થાનો

છે=ચૌદ રાજલોકના જેટલા આકાશપ્રદેશો છે, તેના જેવા અન્ય અસંખ્યાત લોકાકાશોના પ્રદેશો ગ્રહણ કરીએ એટલા અધ્યવસાય સ્થાનો છે. તેથી મંદ અધ્યવસાય સ્થાનની અપેક્ષાથી મિથ્યાદૃષ્ટિ આદિમાં શુક્લલેશ્યાદિનો પણ સંભવ વિરુદ્ધ નથી. પ્રમત્ત ગુણસ્થાનકોમાં પણ કૃષ્ણલેશ્યાદિમાં પણ સંભવ વિરુદ્ધ નથી. તેથી પ્રમત્ત સંયતમાં મંદ અનુભાવવાળા કૃષ્ણાદિ અધ્યવસાયો પ્રાપ્ત થાય છે. આથી જ મનઃપર્યવજ્ઞાનમાં પણ અન્યત્ર પણ=અન્ય ગ્રંથોમાં પણ, કૃષ્ણલેશ્યા કહેવાઈ છે અને તે રીતે આગમ છે. "હે ભગવંત ! કૃષ્ણલેશ્યા કયાં જ્ઞાનોમાં થાય છે ? ભગવાન કહે છે, હે ગૌતમ ! બે જ્ઞાનોમાં, ત્રણ જ્ઞાનોમાં અને ચાર જ્ઞાનોમાં કૃષ્ણલેશ્યા થાય છે" અને આ સૂત્ર પ્રમત્તતામાં કૃષ્ણાદિ લેશ્યાના સદ્ભાવને સ્વીકારીને વૃત્તિકાર વડે ઉપપાદિત કરાયું છે. તેથી, કષાયકુશીલમાં તેવા પ્રકારના કષાયના સહકારથી=કૃષ્ણાદિ લેશ્યાની નિષ્પત્તિનું કારણ બને તેવા પ્રકારના કષાયોના સહકારથી, સંસર્ગી કૃષ્ણાદિ દ્રવ્યજનિત કૃષ્ણાદિ લેશ્યાના આકારરૂપ ઉત્કૃષ્ટતા છે. એથી તેનું વિવક્ષણ છે અર્થાત્ તે મહાત્માના ચિત્તમાં તો નિર્ગ્રંથભાવને અનુકૂળ પ્રસ્થાન હોવાથી અવસ્થિત શુભલેશ્યા હોવા છતાં કંઈક કષાયને વશ સંસર્ગી કૃષ્ણાદિ દ્રવ્ય ગ્રહણ કરે છે, ત્યારે તેમની શુદ્ધ લેશ્યા કૃષ્ણાદિ દ્રવ્યના આકારરૂપ ઉત્કટ થાય છે. તેથી તેનું કથન છે=કષાયકુશીલમાં કૃષ્ણાદિ લેશ્યાનું કથન છે. વળી, અન્યત્ર=પુલાક, બકુશ અને પ્રતિસેવના નિર્ગ્રંથમાં, તેનો વિપર્યય હોવાથી=કૃષ્ણાદિ લેશ્યાની ઉત્કટતાનો વિપર્યય હોવાથી, કૃષ્ણાદિ લેશ્યાનું અકથન છે; કેમ કે વિદ્યમાન પણ અર્થનું કોઈક વિવક્ષાથી ક્વચિત્ અનભિધાન છે અર્થાત્ પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલમાં કષાયકુશીલની જેમ સંસર્ગી કૃષ્ણાદિ દ્રવ્યથી જનિત કંઈક અંશથી કૃષ્ણાદિ લેશ્યારૂપ અર્થ વિદ્યમાન હોવા છતાં કોઈક અપેક્ષાથી તેનું કથન કરેલ નથી. આથી જ=વિવક્ષાવશ ક્યારેક અલ્પમાત્રામાં અશુભલેશ્યા હોય તોપણ તેની વિવક્ષા કરાતી નથી. આથી જ, પરિહારવિશુદ્ધિમાં જે પ્રમાણે પુલાકમાં એ પ્રમાણે ભગવતીસૂત્રમાં પરિહારવિશુદ્ધિ ચારિત્ર વિષયક પુલાકના અતિદેશથી=પુલાકની જેમ એ પ્રકારના અતિદેશથી, લેશ્યાત્રય કહેવાઈ. વળી, અન્યત્ર આને=પરિહારવિશુદ્ધિવાળા ચારિત્રીને, લેશ્યાદ્વારમાં આ પ્રમાણે કહેવાયું. શું કહેવાયું ? તે સ્પષ્ટ કરે છે. "વિશુદ્ધ એવી ત્રણ લેશ્યામાં સ્વીકાર કરે છે= પરિહારવિશુદ્ધિ ચારિત્રનો સ્વીકાર કરે છે, પરંતુ શેષ લેશ્યાઓમાં નહિ. વળી, પૂર્વપ્રતિપન્ન=પરિહારવિશુદ્ધિ ચારિત્ર પૂર્વમાં સ્વીકારેલ સાધુ, કથંચિત્ સર્વ પણ લેશ્યામાં હોય. ॥૧॥ અને અતિ સંક્લિષ્ટ લેશ્યાઓમાં ન હોય અને ઈતરમાં=અશુદ્ધ લેશ્યાઓમાં, થોડો કાલ હોય. કેમ થોડો કાલ અશુદ્ધ લેશ્યામાં હોય ? એથી કહે છે. કર્મોની ગતિ ચિત્ર છે અર્થાત્ મહાત્માઓને પણ વિશિષ્ટ કર્મ વિપાકમાં આવે છે, ત્યારે કંઈક લેશ્યાને અશુદ્ધ કરે તેવી કર્મોની સ્થિતિ છે તોપણ વીર્યફલને આપે છે=મહાત્માનું નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત એવું સદ્વીર્ય તે અશુભલેશ્યાને ક્ષીણ શક્તિવાળી કરીને શીઘ્ર શુભલેશ્યારૂપે પરિણમન પામે તેવું ફળ આપે છે. ॥૨॥" બંધસ્વામિત્વમાં કૃષ્ણાદિ લેશ્યાત્રયનું અવિરતિ ગુણસ્થાનકના અંતપણાનું અભિધાન પણ – "લેશ્યા ત્રણ પ્રમત્તગુણસ્થાનક અંત સુધી છે" એ પ્રમાણે બૃહત્ બંધસ્વામિત્વ અનુસારથી ઉપરમાં=પાંચમા આદિ ગુણસ્થાનકમાં અવિવક્ષાથી જ છે, પરંતુ તત્ત્વથી નથી. અન્યથા ષડ્શીતિક ગ્રંથની સાથે વિરોધનો પ્રસંગ છે. ॥૧૦૪॥

**ભાવાર્થ :-**

ગાથા-૧૦૦માં કહ્યું કે તૈજસ, પદ્મ અને શુક્લલેશ્યા કષાયોના ક્ષયોપશમથી થાય છે અને શુક્લલેશ્યા કષાયોના ઉપશમ અને ક્ષયથી પણ થાય છે અને કૃષ્ણાદિ ત્રણ લેશ્યા રાગાદિ પરિણામથી થાય છે માટે ઔદયિકભાવવાળી છે. તેથી, બાહ્ય પદાર્થને અવલંબીને ઋષિઓને પણ અલ્પ પણ રાગ-દ્વેષ પરિણામ થાય તો અશુભલેશ્યા આવે છે. વળી, ગાઢ મિથ્યાદૃષ્ટિ જીવોને પણ કોઈને દુ:ખી જોઈને કંઈક દયાનો પરિણામ થાય છે કે પોતે કરેલી અનુચિત પ્રવૃત્તિ પ્રત્યે પશ્ચાત્તાપનો પરિણામ થાય છે, ત્યારે શુભલેશ્યા આવે છે તોપણ ગાઢ મિથ્યાત્વ અવસ્થામાં અશુભલેશ્યા પ્રવર્તે છે અને કોઈક નિમિત્તે ક્યારેક શુભલેશ્યા પણ થાય છે. જેમ ઉપમિતિમાં નંદીવર્ધનના પૂર્વના ભવમાં હાથીના જીવને પોતાની અનુચિત પ્રવૃત્તિ પ્રત્યે પશ્ચાત્તાપ થાય છે, તે શુભલેશ્યાના બળથી તે રાજપુત્ર છે, છતાં વિપર્યાસ અનિવર્તનીય હોવાથી નંદીવર્ધનના ભવમાં પ્રચુર અશુભલેશ્યા કરીને નરકમાં જાય છે. વળી, તે રીતે જ મેઘકુમારના જીવને હાથીના ભવમાં દુ:ખિતો પ્રત્યે દયાનો પરિણામ થાય છે. જે શુભલેશ્યારૂપ છે અને તેના બળથી જ તે રાજપુત્ર થાય છે છતાં મિથ્યાત્વ મંદ હોવાથી તે શુભલેશ્યાના બળથી જ યોગમાર્ગને પામીને મેઘકુમાર સર્વાર્થસિદ્ધને પામી શક્યા.

વળી, કેટલાક જીવોને માનાદિ કષાયનો કે ઈર્ષ્યાદિ કષાયનો પરિણામ થાય છે અને તેનાથી જ ધર્મ કરે છે, છતાં તે કષાયોનો પરિણામ અશુભલેશ્યારૂપ હોવા છતાં નિવર્તન પામે તેવો હોય છે. તેથી તેઓની ધર્મની ક્રિયા પણ પ્રધાન ધર્મક્રિયા કહેવાય છે. આથી જ મહાનિશીથમાં કહેવાયું છે કે દ્વેષથી કે ઈર્ષ્યાદિથી ધર્મ કરનારા જીવો ધન્ય છે. આથી જ ગોવિંદાચાર્ય વાદને જીતવાના આશયથી દીક્ષા ગ્રહણ કરે છે, ત્યારે સ્વદર્શન પ્રત્યેનો રાગ હતો, તત્ત્વનો રાગ પ્રગટ થયેલ ન હતો, છતાં મિથ્યાત્વ મંદ હતું તેથી શાસ્ત્ર ભણતાં ભણતાં મિથ્યાત્વનું નિવર્તન થયું. માટે તેઓની વાદ અર્થે ગ્રહણ કરાયેલી દીક્ષાને પણ પ્રધાન દ્રવ્યક્રિયા કહેલ છે. વળી શુભ-અશુભલેશ્યા પ્રતિક્ષણ પરાવર્તન પામે છે અને પ્રચુર મિથ્યાત્વકાળમાં શુભલેશ્યા પણ તુચ્છ ભૌતિક ફળ આપીને નિષ્ફળ જાય છે અને મિથ્યાત્વની મંદ અવસ્થામાં શુભલેશ્યા તો મહાન ફળ આપે છે જેમ મેઘકુમારના જીવને હાથીના ભવમાં થયેલ શુભલેશ્યા પરંતુ અશુભલેશ્યા પણ મિથ્યાત્વ મંદ અવસ્થામાં શુભફળ આપે છે, જેમ ગોવિંદાચાર્યની ગ્રહણ કરાયેલ દીક્ષા. તેથી વિવેકવાળા જીવોને પ્રાયઃ અશુભલેશ્યા થતી નથી અને ક્યારેક અશુભલેશ્યા થાય છે તોપણ તેઓના વિવેકથી તે અશુભલેશ્યા હણાયેલી હોવાથી મંદ જ થાય છે અને શીઘ્ર નિવર્તન પામે છે. આ પ્રકારના લેશ્યાના પરિણામોને સામે રાખીને જુદા જુદા ગ્રંથોમાં ભિન્ન ભિન્ન વિવક્ષા કરેલ છે, તે સ્પષ્ટ કરવાર્થે પ્રસ્તુત ગાથાની અવતરણિકામાં કહ્યું કે આદ્ય ત્રણ લેશ્યા ચતુર્થ ગુણસ્થાનક સુધી જ હોય છે. ત્યારપછી અશુભ ત્રણ લેશ્યા હોતી નથી અને તેનો જ ખુલાસો પ્રસ્તુત ગાથાના અંતમાં કર્યો કે બંધસ્વામિત્વના અધિકારમાં પ્રમત્ત ગુણસ્થાનક સુધી છયે લેશ્યાઓ હોય છે. ફક્ત પાંચમા આદિ ગુણસ્થાનકોમાં અશુભલેશ્યાદિનો સંભવ પ્રાયઃ નથી. તેથી તેની વિવક્ષા કરી નથી; કેમ કે દેશવિરતિધર શ્રાવક મુનિભાવની શક્તિનો સંચય સતત કરે છે અને પ્રમત્ત મુનિ પણ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે. તેથી તેઓને પ્રાયઃ અશુભલેશ્યાનો સંભવ

નથી, ક્વચિત્ અશુભલેશ્યા થાય છે, તે પણ વિવેકથી અતિ હણાયેલ છે માટે મંદ એવી અશુભલેશ્યાની વિવક્ષા કરી નથી.

વળી, ભગવતીમાં પુલાક આદિ સાધુઓને ત્રણ લેશ્યા છે, તેમ કહ્યું તો વળી ક્ષુલ્લક નિર્ગ્રંથી અધ્યયનમાં પુલાક આદિ નિર્ગ્રંથોમાં છયે લેશ્યાઓનું અભિધાન છે, તે ભાવ પરાવૃત્તિને આશ્રયીને છે. અવસ્થિત તો તેઓને ત્રણ પ્રશસ્ત લેશ્યા જ હોય છે; કેમ કે પુલાક આદિ સાધુઓ નિર્ગ્રંથભાવના અત્યંત અર્થી છે. તેથી તેઓનો સતત યત્ન નિર્ગ્રંથભાવને અનુકૂળ વર્તે છે. જે શુભલેશ્યા સ્વરૂપ છે તોપણ કોઈક નિમિત્તને આશ્રયીને ભાવ પરાવર્તન થાય છે, ત્યારે પણ તેઓની અવસ્થિત શુભલેશ્યા નાશ પામતી નથી. પરંતુ પ્રતિબિંબભાવમાત્રથી કે આકારભાવમાત્રથી અશુભલેશ્યા થાય છે. જેમ નારકીઓને સતત અશુભલેશ્યા વર્તે છે તોપણ સમ્યક્ત્વ પામે છે, ત્યારે તેઓ તેજોલેશ્યા આદિના શુભ પુદ્ગલો ગ્રહણ કરે છે અને તેનું પ્રતિબિંબ તેઓની અશુભલેશ્યામાં પડે છે. તેના કારણે તે અશુભલેશ્યા પણ તેજો આદિ લેશ્યા જેવી દેખાય છે. જેમ સ્ફટિક સન્મુખ જપાકુસુમ મૂકવામાં આવે તો સ્ફટિક લાલ બનતું નથી પરંતુ લાલ વર્ણવાળું દેખાય છે. તેમ, નારકીને અવસ્થિત કૃષ્ણાદિ લેશ્યા છે તોપણ શુભભાવકાળમાં ગ્રહણ કરાયેલ તેજોલેશ્યા આદિ દ્રવ્યના સંપર્કને કારણે તે કૃષ્ણાદિ દ્રવ્યલેશ્યા તેજોલેશ્યાના વર્ણવાળી દેખાય છે. તેમ સુસાધુને પણ અવસ્થિત ત્રણ શુભલેશ્યા હોય છે. છતાં, કોઈક બલવાન નિમિત્તને પામીને ભાવપરાવૃત્તિ થાય ત્યારે પ્રતિબિંબભાવથી કે આકારભાવમાત્રથી અશુભલેશ્યા થાય છે તોપણ પુલાક આદિ સાધુઓને અવસ્થિત લેશ્યા તો ત્રણ પ્રશસ્ત જ છે, તેથી તેની વિવક્ષા કરીને ભગવતીમાં પુલાક આદિ સાધુને ત્રણ શુભલેશ્યા છે, તેમ કહેલ છે.

વળી, પરિહારવિશુદ્ધિવાળા કષાયકુશીલ ચારિત્રીને પણ અન્યત્ર છયે લેશ્યાઓ પૂર્વપ્રતિપન્નને આશ્રયીને કહેલ છે અને ભગવતીસૂત્રમાં પુલાકના અતિદેશથી પરિહારવિશુદ્ધિવાળા સાધુને લેશ્યાત્રય કહેલ છે, તે પણ અશુભલેશ્યા અતિ મંદ હોવાથી વિવક્ષા કરેલ નથી. તેથી એ ફલિત થાય કે ચાર જ્ઞાનવાળા મહાત્માઓ પણ પ્રમત્ત ગુણસ્થાનકમાં હોય ત્યારે અવસ્થિત શુભલેશ્યાવાળા હોવા છતાં પણ પ્રતિભાગમાત્રથી મંદ અનુભવવાળી કૃષ્ણાદિ લેશ્યાના અધ્યવસાયસ્થાનોને ક્યારેક પ્રાપ્ત કરે છે. **II૧૦૪II**

**અવતરણિકા :-**

**उक्तं लेश्याद्वारम् । अथ परिणामद्वारमाह—**

**અવતરણિકાર્થ :-**

**લેશ્યાદ્વાર કહેવાયું. હવે, પરિણામદ્વારને કહે છે—**

**ગાથા :-**

**णिग्गंथभावरूवो, परिणामो होइ वड्ढमाणाई ।**
**वड्ढंतहीयमाणयवट्ठिअपरिणामया तत्थ ।।१०५।।**

**सकसायंता णो हीयमाणभावा णियंठयसिणाया ।**
**समयमवट्ठियभावो, जहन्न समया उ सत्तियरो ।।१०६।।**
**आइल्लाण चउण्हं, समयंतमुहुत्तयाइं सेसाइं ।**
**णिग्गंथो अ दुहा वि हु, अंतमुहुत्तं पवड्ढंतो ।।१०७।।**

**ગાથાર્થ :-**

નિર્ગ્રંથભાવરૂપ વર્ધમાન આદિ પરિણામ હોય છે. ત્યાં વર્ધમાન, હીયમાન અને અવસ્થિત પરિણામવાળા સકષાયઅંતવાળા નિર્ગ્રંથો હોય છે. ।।૧૦૫।।

હીયમાન ભાવવાળા નિર્ગ્રંથ અને સ્નાતક હોતા નથી. અવસ્થિતભાવ જઘન્ય સમય હોય છે ઈતર=ઉત્કૃષ્ટ, સાતસમય અવસ્થિતભાવ હોય છે ? ।।૧૦૬।।

કોને હોય છે ? એથી કહે છે. આદિના ચારને સમય અવસ્થિત પરિણામ અને ઉત્કૃષ્ટ સાતસમય અવસ્થિત પરિણામ હોય છે. શેષ=વર્ધમાન અને હીયમાનભાવ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત આદિના ચાર નિર્ગ્રંથોને હોય છે, એમ અન્વય છે. બંને પણ પ્રકારના નિર્ગ્રંથો અંતર્મુહૂર્ત પ્રવર્ધમાન હોય છે. ।।૧૦૭।।

**ટીકા :-**

'णिग्गंथ'त्ति । 'निर्ग्रन्थभावरूपः' पुलाकादिपर्यायात्मा वर्द्धमानादिः परिणाम उच्यते, वर्द्धमानो हीयमानोऽवस्थितश्चेति त्रिविध इत्यर्थः । तत्र वर्द्धमानत्वं-पूर्वावधिकोत्कर्षशालित्वम्, हीयमानत्वं पूर्वावधिकापकर्षशालित्वम्, अवस्थितत्वं च पूर्वतुल्यत्वम् । तत्र वर्द्धमानहीयमानावस्थितपरिणामाः सकषायान्ता निर्ग्रन्था इत्युत्तरेण सम्बन्धः ।।१०५।।

'सकषायान्ताः' पुलाकबकुशप्रतिसेवनाकुशीलकषायकुशीलाः । निर्ग्रन्थस्नातकौ नो हीयमानभावौ, निर्ग्रन्थस्य हीयमानपरिणामत्वे कषायकुशीलत्वव्यपदेशान्निर्ग्रन्थहानिसामग्र्या अपकृष्टकषायकुशील-चारित्रजनकत्वादित्थमेवागमप्रामाण्यात् । स्नातकस्तु हानिकारणाभावादेव न हीयमानपरिणाम इति द्रष्टव्यम् । परिणामाधिकारादेव तत्कालमानमाह—'समयं'ति, समयमेकमवस्थितो भावो जघन्यः, 'इतरः' उत्कृष्टावस्थितपरिणामः सप्त समयाः ।।१०६।।

'आदिमानां चतुर्णां' पुलाकबकुशप्रतिसेवनाकुशीलकषायकुशीलानां 'शेषौ तु' वर्द्धमानहीयमानौ भावौ जघन्यतः समयमुत्कर्षतश्चान्तर्मुहूर्त्तम् । तत्र पुलाकस्य जघन्यत एकसमयस्थितिः प्रवर्द्धमानादि-भावेऽपि कषायविशेषेण बाधिते तस्मिन् समयानन्तरमेव कषायकुशीलत्वादिगमनेन भवति । बकुशादीनां त्वेकसमयता मरणादपीष्टा, पुलाकस्य तु मरणं नास्ति, उक्तञ्च—'पुलाके तत्थ णो मरइ'त्ति ।

पुलाको हि कषायकुशीलत्वादिपरिणामप्राप्त्यनन्तरमेव म्रियते, यच्च प्राक् पुलाकस्य कालगमनमुक्तं तद्भूतभावापेक्षयेति । वृद्धिहानिपरिणामयोरुत्कर्षत आन्तर्मुहूर्त्तकत्वं च तथास्वाभाव्यात् । निर्ग्रन्थश्च 'द्विधाऽपि' जघन्यत उत्कर्षतश्चेत्यर्थः, प्रवर्द्धमानो (अन्तर्मुहूर्त्तम्,) जघन्येनोत्कर्षेण च तस्यान्तर्मुहूर्त्तमेव वर्द्धमानपरिणामस्य भावात्, केवलोत्पत्तौ परिणामान्तरस्य भावात् । घातिकर्मच्छेदव्यापाररूपो हि निर्ग्रन्थपरिणामः, तदुपरमात्मा च केवलिपरिणाम इति व्यापारस्थैर्यलक्षणोऽनयोर्भेद इति ।।१०७।।

**ટીકાર્થ :-**

'निर्ग्रन्थभावरूपः' ..... सम्बन्धः ।। નિર્ગ્રંથભાવરૂપ=પુલાક આદિ પર્યાય સ્વરૂપ, વર્ધમાન આદિ પરિણામ કહેવાય છે અર્થાત્ વર્ધમાન, હીયમાન અને અવસ્થિત એ રૂપ ત્રિવિધ પરિણામ કહેવાય છે. ત્યાં=ત્રણ પ્રકારના પરિણામમાં વર્ધમાનપણું=પૂર્વની મર્યાદાથી ઉત્કર્ષશાલિપણું છે. હીયમાનપણું પૂર્વની મર્યાદાથી અપકર્ષશાલિપણું=પૂર્વમાં પ્રગટ કરાયેલો નિર્ગ્રંથભાવ કંઈક હીનતાને પામતું હીયમાનપણું છે અને અવસ્થિતપણું પૂર્વ તુલ્યપણું છે=જે નિર્ગ્રંથભાવ સંપન્ન થયો છે, તે અપ્રમાદથી વૃદ્ધિ પામતો નથી અને પ્રમાદથી હીન થતો નથી. પરંતુ કંઈક મંદ યત્નથી સુરક્ષિત રહે છે, તે અવસ્થિતપણું છે. ત્યાં=ત્રણ પ્રકારના પરિણામોમાં વર્ધમાન હીયમાન અવસ્થિત પરિણામવાળા સકષાયઅંતવાળા નિર્ગ્રંથો છે, એ પ્રકારે ઉત્તરની ગાથા સાથે સંબંધ છે. ।।૧૦૫।।

'सकषायान्ताः' .... समयाः ।। સકષાય અંતવાળા=પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ સકષાયઅંતવાળા વર્ધમાન આદિ ભાવોવાળા છે, એમ અન્વય છે. નિર્ગ્રંથ, સ્નાતક હીયમાનભાવવાળા નથી; કેમ કે નિર્ગ્રંથનું હીયમાન પરિણામપણું હોતે છતે કષાયકુશીલત્વનો વ્યપદેશ છે અર્થાત્ ઉપશમશ્રેણીમાં ચડેલા અગિયારમા ગુણસ્થાનકમાં રહેલા નિર્ગ્રંથ જ્યારે હીયમાન પરિણામવાળા થાય છે, ત્યારે દશમા આદિ ગુણસ્થાનકમાં આવીને કષાયકુશીલત્વના વ્યપદેશને પ્રાપ્ત કરે છે. કેમ નિર્ગ્રંથ સાધુ કષાયકુશીલ બને છે ? તેમાં હેતુ કહે છે. નિર્ગ્રંથની હાનિની સામગ્રીનું અપકૃષ્ટ એવા કષાયકુશીલ ચારિત્રનું જનકપણું છે=ઉપશમશ્રેણીમાં રહેલા નિર્ગ્રંથભાવની હાનિની સામગ્રી ઉપશમ પરિણામના ઉપયોગનો અભાવ છે. તેથી તે ઉપશમ મંદ થવાથી સૌથી અલ્પ એવા કષાયની પરિણતિવાળા કષાયકુશીલ ચારિત્રની પ્રાપ્તિ થાય છે અર્થાત્ દશમા ગુણસ્થાનકના અંતિમ સ્થાનમાં જે અલ્પ કષાય છે, તેવા કષાયની પરિણતિવાળા થાય છે.

અહીં પ્રશ્ન થાય કે નિર્ગ્રંથભાવની હાનિનો પરિણામ કષાયકુશીલ ચારિત્રનો જનક કેમ છે ? તેમાં હેતુ કહે છે. આ રીતે જ આગમનું પ્રામાણ્ય છે=નિર્ગ્રંથભાવની હાનિમાં જીવ કષાયકુશીલ થાય છે. એ રીતે જ આગમવચનથી સિદ્ધ થાય છે. વળી, હાનિના કારણનો અભાવ હોવાથી સ્નાતક હીયમાન પરિણામવાળા નથી, એ પ્રમાણે જાણવું. પરિણામનો અધિકાર હોવાથી જ=પરિણામદ્વાર પ્રસ્તુત હોવાને કારણે હાનિવૃદ્ધિરૂપ પરિણામનો અધિકાર હોવાથી જ, તેના કાળમાનને કહે છે, અવસ્થિતભાવ જઘન્ય એક સમય છે. ઈતર=ઉત્કૃષ્ટ અવસ્થિત પરિણામ, સાત સમય છે. ।।૧૦૬।।

'आदिमानां चतुर्णां' ..... इति ।। આદિમાન ચારનો=પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ એ ચારનો, જઘન્ય અવસ્થિતભાવ એક સમય છે અને ઉત્કૃષ્ટ અવસ્થિત પરિણામ સાત સમય છે, એમ પૂર્વગાથા સાથે સંબંધ છે. વળી, શેષ=અવસ્થિત પરિણામથી શેષ, એવા વર્ધમાન અને હીયમાન બે ભાવો જઘન્યથી એક સમય છે અને ઉત્કર્ષથી અંતર્મુહૂર્ત છે. ત્યાં=પુલાક આદિ ચારના વર્ધમાન, હીયમાન ભાવો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત કહ્યું તેમાં, પુલાકને જઘન્યથી એક સમયસ્થિતિ પ્રવર્ધમાન આદિ ભાવમાં પણ કષાય વિશેષથી તે બાધિત થયે છતે=પુલાકનો ભાવ બાધિત થયે છતે, સમય અનંતર જ=પ્રવર્ધમાન આદિ ભાવના પ્રથમ સમય અનંતર જ, કષાયકુશીલત્વાદિ ગમનથી થાય છે અર્થાત્ કોઈક પુલાક સાધુ વર્ધમાન ભાવવાળા હોય અથવા હીયમાનભાવવાળા હોય અને એક સમય તે વર્ધમાનભાવ કે હીયમાનભાવ પ્રાપ્ત કર્યા પછી તેમનો કષાયનો પરિણામ તે પ્રકારે પરાવર્તન થયો, જેના કારણે પુલાકભાવ બાધિત થાય છે. તેથી વર્ધમાન અથવા હીયમાનભાવમાં એક સમય રહ્યા પછી તરત કષાયકુશીલ આદિ કોઈ અન્ય નિર્ગ્રંથ થવાથી તે પુલાક સાધુને વર્ધમાન પરિણામ કે હીયમાન પરિણામ એક સમય પ્રાપ્ત થાય છે. વળી, બકુશ આદિની એકસમયતા મરણથી પણ ઇષ્ટ છે. વળી, પુલાકને મરણ નથી અર્થાત્ પુલાક સિવાયના બકુશ આદિ ત્રણ સાધુઓને પ્રવર્ધમાન કે હીયમાનની એક સમયની સ્થિતિ મરણથી પણ પ્રાપ્ત થાય છે કે બકુશ આદિના સંયમસ્થાનને છોડીને કષાયકુશીલત્વાદિના ગમનથી પણ પ્રાપ્ત થાય છે. વળી, પુલાકને પુલાકસ્થાનમાં મરણ નથી.

અને કહેવાયું છે – "પુલાક ત્યાં=પુલાકસ્થાનમાં મરતો નથી." हि=જે કારણથી, પુલાક સાધુ કષાયકુશીલત્વાદિના પરિણામને પ્રાપ્ત કરીને જ મરે છે અને જે પૂર્વમાં પુલાકનું કાલગમન કહેવાયું=કાળ કરીને ઉત્કૃષ્ટથી આઠમા દેવલોકે જાય તે રૂપ ગમન કહેવાયું, તે ભૂતકાળના ભાવની અપેક્ષાથી છે= ભૂતકાળમાં પુલાક હોય અને કષાયકુશીલ આદિ થઈને સ્વર્ગમાં જાય તો આઠમા દેવલોક સુધી જાય તે અપેક્ષાથી છે અને વૃદ્ધિ-હાનિ પરિણામનું ઉત્કર્ષથી પરિણામિકપણું અંતર્મુહૂર્તથી જ છે; કેમ કે તેવા પ્રકારનું સ્વભાવપણું છે=છદ્મસ્થ જીવના જ્ઞાનના ઉપયોગનું એવું જ સ્વભાવપણું છે કે અંતર્મુહૂર્ત સુધી વૃદ્ધિ કે હાનિના પરિણામને સ્પર્શી શકે, વધુ નહિ અને નિર્ગ્રંથ બંને પણ પ્રકારે=જઘન્યથી અને ઉત્કર્ષથી બંને પણ પ્રકારે, પ્રવર્ધમાન અંતર્મુહૂર્ત છે; કેમ કે જઘન્યથી અને ઉત્કર્ષથી તેના વર્ધમાન પરિણામનો અંતર્મુહૂર્ત જ ભાવ છે. કેમ અંતર્મુહૂર્ત પછી નિર્ગ્રંથનો વર્ધમાનભાવ નથી ? તેથી કહે છે, કેવલની ઉત્પત્તિમાં પરિણામાંતરનો ભાવ છે અર્થાત્ ઉપશમ નિર્ગ્રંથ હીયમાન થાય તો કષાયકુશીલ થાય છે. એમ પૂર્વમાં કહ્યું અને જે ક્ષપક નિર્ગ્રંથ છે, તે હંમેશાં પ્રવર્ધમાન પરિણામવાળા જ હોય છે અને તેઓ જઘન્યથી કે ઉત્કર્ષથી અંતર્મુહૂર્ત પરિણામવાળા હોય છે ત્યાર પછી તેઓને કેવલજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. તેથી નિર્ગ્રંથભાવનો ત્યાગ કરીને સ્નાતકભાવમાં આવે છે. માટે નિર્ગ્રંથનો પ્રવર્ધમાનભાવ અંતર્મુહૂર્ત જ છે. हि=જે કારણથી, ઘાતીકર્મના છેદના વ્યાપારરૂપ નિર્ગ્રંથ પરિણામ છે=ક્ષીણ કષાયવાળા નિર્ગ્રંથ ઘાતીકર્મના છેદને અનુકૂળ વ્યાપારવાળા હોય છે, તે જ

**તેઓનો વર્ધમાન પરિણામ હોય છે અને તેના ઉપરમ સ્વરૂપ કેવલી પરિણામ છે=નિર્ગ્રંથ પરિણામની વિશ્રાંતિ સ્વરૂપ કેવલજ્ઞાનનો પરિણામ છે. આ બેનો=ક્ષીણકષાયવાળા નિર્ગ્રંથ અને કેવલી એ બેનો વ્યાપાર સ્થૈર્યલક્ષણ ભેદ છે અર્થાત્ ક્ષીણકષાયવાળા નિર્ગ્રંથ ઘાતીકર્મના નાશ માટે વ્યાપારવાળા છે અને તેમને કેવલજ્ઞાન પ્રાપ્ત થવાથી ક્ષીણ એક પરિણામવાળા છે એ રૂપ ક્ષીણકષાયવાળા નિર્ગ્રંથ અને કેવલી વચ્ચે ભેદ છે. ॥૧૦૭॥**

**ભાવાર્થ :-**

પુલાક આદિ છ નિર્ગ્રંથો છે. તેમાં પુલાક સાધુ, બકુશ સાધુ, પ્રતિસેવના કુશીલ સાધુ અને કષાયકુશીલ સાધુ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે, પરંતુ નિર્ગ્રંથભાવ સ્થિર થયો નથી. તેથી તેઓમાં વર્તતો નિર્ગ્રંથ ભાવરૂપ પરિણામ ક્યારેક ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો હોય છે. ક્યારેક પ્રમાદવશ હીયમાન હોય છે અને ક્યારેક અવસ્થિત હોય છે. કઈ રીતે અવસ્થિત આદિ ત્રણ ભાવો પ્રથમના ચાર નિર્ગ્રંથમાં છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે.

પુલાક આદિ સાધુઓ ક્યારેક પ્રમાદવશ ન હોય તોપણ નિર્ગ્રંથભાવને અનુકૂળ સુદૃઢ વ્યાપાર અતિશય ન થાય તો જેટલો નિર્ગ્રંથભાવ પોતાનામાં નિષ્પન્ન થયો છે, તેટલો જ નિર્ગ્રંથભાવ ક્યારેક એક સમય અવસ્થિત રહે છે અને ત્યારપછી તે નિર્ગ્રંથભાવની વૃદ્ધિનો વ્યાપાર કે હાનિનો વ્યાપાર શરૂ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે પોતે જે નિર્ગ્રંથસ્થાનમાં છે, તે નિર્ગ્રંથસ્થાન વૃદ્ધિ વગરનું રહે છે કે હાનિ વગરનું રહે છે. ત્યારપછી તેઓનો પ્રમાદ હોય તો હાનિનો પરિણામ શરૂ થાય છે અને અપ્રમાદ હોય તો વૃદ્ધિનો પરિણામ શરૂ થાય છે. વળી, પુલાક આદિ ચાર નિર્ગ્રંથોને ક્યારેક ઉત્કૃષ્ટથી સાત સમય સુધી અવસ્થિત રહે છે. ત્યારપછી જો તેઓ પ્રમાદી થાય તો જે નિર્ગ્રંથભાવ પ્રગટ થયો છે, તે ક્રમસર અલ્પ અલ્પતર થાય છે અને જો તેઓ અપ્રમાદી થાય તો પૂર્વ પૂર્વના નિર્ગ્રંથભાવ કરતાં ઉત્તર ઉત્તરમાં વધતા નિર્ગ્રંથ પરિણામને પ્રાપ્ત કરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે ચિત્તમાં પ્રમાદનો સંશ્લેષ પ્રાપ્ત થાય તો એ નિર્ગ્રંથો પણ બાહ્ય નિમિત્તોને પ્રાપ્ત કરીને પ્રમાદના પરિણામવાળા થાય છે અને જિનવચનથી દૃઢ યત્નવાળા થાય તો પ્રગટ થયેલો નિર્ગ્રંથભાવ ઉત્તરોત્તર પ્રવર્ધમાન બને છે અને આદિના ચાર નિર્ગ્રંથોનો હાનિ થતો પરિણામ પણ અંતર્મુહૂર્તથી અધિક રહેતો નથી; કેમ કે સંસારથી અત્યંત ભય પામેલા હોવાથી ક્ષણભર પ્રમાદ સેવીને પણ ફરી અવસ્થિત પરિણામમાં કે વૃદ્ધિના પરિણામમાં તેઓ સ્થિર થાય છે.

વળી, એ ચારેય નિર્ગ્રંથો વર્ધમાન પરિણામવાળા હોય તોપણ છદ્મસ્થનો ઉપયોગ અંતર્મુહૂર્તનો હોવાથી એક અંતર્મુહૂર્ત પછી અન્ય ઉપયોગમાં જવાને કારણે તે વર્ધમાન પરિણામ અવસ્થિત પરિણામરૂપે થાય છે અને વર્ધમાન પરિણામ પછી તે મહાત્માઓનો ઉત્તરનો ઉપયોગ પ્રમાદવાળો બને તો હીયમાન પરિણામવાળા થાય છે. આ રીતે પ્રથમના ચાર નિર્ગ્રંથો ક્યારે અવસ્થિત પરિણામવાળા હોય છે, ક્યારે વર્ધમાન પરિણામવાળા હોય છે અને ક્યારે હીયમાન પરિણામવાળા છે, તે બતાવ્યું. હવે, બે પ્રકારના નિર્ગ્રંથો છે. તેઓ અંતર્મુહૂર્ત પ્રવર્ધમાન પરિણામવાળા જ હોય છે, તે સ્પષ્ટ કરે છે. બે પ્રકારના નિર્ગ્રંથોમાં એક

ઉપશાંત નિર્ગ્રંથ છે અને બીજા ક્ષીણકષાયવાળા નિર્ગ્રંથ છે અને જેઓ ઉપશમશ્રેણીને પામીને ઉપશાંત નિર્ગ્રંથ થયા છે, તેઓ હીયમાન પરિણામવાળા થાય તો બીજા સમયે કષાયકુશીલ બને છે અર્થાત્ કષાયકુશીલના ૧૦મા ગુણસ્થાનકમાં જે અપકૃષ્ટ કષાય છે, તે સ્થાનને પામે છે અને ત્યારપછી તે કષાયકુશીલમાં જ હીયમાન આદિ ભાવોને પામે છે. વળી જો ઉપશાંત નિર્ગ્રંથ-નિર્ગ્રંથભાવથી જ્યાં સુધી પાત ન પામે ત્યાં સુધી નિર્ગ્રંથભાવ પ્રવર્ધમાન પરિણામવાળો હોય છે અર્થાત્ ઉપશમભાવ જે પ્રકારનો પ્રગટ થયો છે, તેના સંસ્કારોને દૃઢ દૃઢતર કરે તેવો અને ઘાતીકર્મનો છેદ કરે તેવો નિર્ગ્રંથ પરિણામ હોય છે. છતાં ઉપશાંત નિર્ગ્રંથ અવશ્ય પાત પામે જ છે.

વળી, ક્ષીણ કષાયવાળા નિર્ગ્રંથ નિર્ગ્રંથસ્થાનથી પાત પામતા નથી અને પ્રાપ્ત થયેલા નિર્ગ્રંથભાવમાં તેઓનો શુક્લધ્યાનનો બીજો ઉપયોગ વર્તી રહ્યો છે. જેના બળથી અવશેષ ઘાતીકર્મના છેદને અનુકૂળ બળ સંચય કરે છે અને બારમા ગુણસ્થાનકના ચરમ બે સમયમાં અવશેષ ઘાતીકર્મના છેદને અનુકૂળ વ્યાપાર કરીને તેઓ કેવલી થાય છે અને કેવલજ્ઞાનની ઉત્પત્તિ પછી તેઓનો કોઈ વ્યાપાર નથી. યોગનિરોધના ઉચિત કાળે તે યોગી ત્રીજા શુક્લધ્યાનમાં યત્ન કરે છે અને યોગનિરોધકાળમાં ચોથા શુક્લધ્યાનને પ્રાપ્ત કરે છે, ત્યાં સુધી કેવલી કર્મના છેદને અનુકૂળ કોઈ વ્યાપારવાળા નથી. પરંતુ જે આયુષ્યકર્મ આદિ ચાર અઘાતીકર્મો છે, તેનું વેદન કરતા વિચરે છે. **॥૧૦૫-૧૦૬-૧૦૭॥**

**ગાથા :-**

**अंतमुहुत्तुक्कोसं, समयं च अवट्ठिओ जहन्नेणं ।**
**अण्णे अवट्ठियमिमं, उक्किट्ठं बिंति सग समया ।।१०८।।**

**ગાથાર્થ :-**

**અવસ્થિત નિર્ગ્રંથ અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ અને જઘન્યથી એક સમય હોય છે. આ=નિર્ગ્રંથ, ઉત્કર્ષથી અન્ય આચાર્યો સાત સમયો અવસ્થિત કહે છે. ।।૧૦૮।।**

**ટીકા :-**

**'अंतमुहुत्तुक्कोसं'ति । उत्कर्षतोऽन्तर्मुहूर्त्तं स्थितपरिणामानुवृत्तौ, जघन्येन च समयमेकं निर्ग्रन्थत्व-प्राप्तिसमयानन्तरमेव मरणादवस्थितो निर्ग्रन्थः । अन्ये पुनराचार्याः 'इमं' निर्ग्रन्थमुत्कृष्टमवस्थितं सप्त समयान् यावद् ब्रुवते, तदुक्तमुत्तराध्ययनवृत्तौ—'निर्ग्रन्था जघन्यत उत्कर्षतश्चान्तर्मुहूर्त्तं वर्द्धमाने परिणामे, अवस्थिते तु जघन्यत एकं समयमुत्कृष्टेनान्तर्मुहूर्त्तम्, तथा चागमः—'णियंठे णं भंते ! केवतियं वड्ढमाणपरिणामे हुज्जा ? गोयमा ! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं पि अंतोमुहुत्तं । केवतियं कालं अवट्ठियपरिणामे हुज्जा ? गोयमा ! जहन्नेणं एक्कं समयं उक्कोसेणं अंतोमुहुत्तं'ति । अपरे त्वयमुत्कृष्टतोऽवस्थितपरिणामे सप्त समयानित्याहुः' इति ।।१०८।।**

**ટીકાર્થ :-**

**उत्कर्षतोऽन्तर्मुहूर्त्तं ..... समयानित्याहुः' इति ।। સ્થિત પરિણામની અનુવૃત્તિ હોતે છતે ઉત્કર્ષથી અંતર્મુહૂર્ત નિર્ગ્રંથભાવ રહે છે અને જઘન્યથી એક સમય નિર્ગ્રંથ રહે છે. કઈ રીતે જઘન્યથી એક સમય અવસ્થિત નિર્ગ્રંથ પ્રાપ્ત થાય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે. નિર્ગ્રંથપણાની પ્રાપ્તિના સમય અનંતર જ મરણ થવાથી અવસ્થિત નિર્ગ્રંથ થાય છે=એક સમયની સ્થિતિવાળો અવસ્થિત નિર્ગ્રંથ થાય છે. વળી, આ=નિર્ગ્રંથ, ઉત્કૃષ્ટથી અવસ્થિત સાત સમયો સુધી અન્ય આચાર્ય કહે છે. ઉત્તરાધ્યયનની વૃત્તિમાં તે કહેવાયું છે – "નિર્ગ્રંથો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત વર્ધમાન પરિણામવાળા હોય છે. વળી, અવસ્થિત હોતે છતે=નિર્ગ્રંથભાવ અવસ્થિત હોતે છતે, જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે અને તે પ્રકારે આગમ છે. હે ભગવંત ! નિર્ગ્રંથો કેટલો કાળ વર્ધમાન પરિણામવાળા થાય ? ભગવાન કહે છે, હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત વર્ધમાન પરિણામવાળા થાય. ગૌતમસ્વામીજી પૂછે છે. અવસ્થિત પરિણામ હોતે છતે=નિર્ગ્રંથભાવનો અવસ્થિત પરિણામ હોતે છતે કેટલો કાળ હોય=તે અવસ્થિત પરિણામમાં તે નિર્ગ્રંથો કેટલો કાળ હોય ? ભગવાન કહે છે, હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત હોય છે." વળી, બીજા આચાર્યો આ=નિર્ગ્રંથ, ઉત્કૃષ્ટથી અવસ્થિત પરિણામમાં સાત સમય હોય છે, એ પ્રમાણે કહે છે. ।।૧૦૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં નિર્ગ્રંથો આદિના પરિણામો ક્યારે વર્ધમાન હોય છે, ક્યારે હીયમાન હોય છે અને ક્યારે અવસ્થિત હોય છે, તે બતાવ્યું અને અંતે બતાવ્યું કે બંને પણ નિર્ગ્રંથો પ્રવર્ધમાન પરિણામવાળા હોય છે. તેથી એ પ્રાપ્ત થાય કે ઉપશાંત નિર્ગ્રંથ અને ક્ષપક નિર્ગ્રંથ બંને પણ અંતર્મુહૂર્ત પ્રવર્ધમાન પરિણામવાળા હોય છે. વળી, જે ઉપશાંત નિર્ગ્રંથ છે, તે અગિયારમા ગુણસ્થાનકને પામીને અગિયારમા ગુણસ્થાનકમાં સ્થિત પરિણામવાળા હોય તો તે ઉત્કર્ષથી એક અંતર્મુહૂર્ત સુધી અગિયારમા ગુણસ્થાનકમાં રહે છે અને તે અગિયારમા ગુણસ્થાનકમાં અંતર્મુહૂર્ત સુધી ગાથા-૧૦૭માં કહ્યું તે પ્રમાણે પ્રવર્ધમાન પરિણામવાળા હોય છે.

વળી, કોઈ ઉપશમશ્રેણીવાળા નિર્ગ્રંથ અગિયારમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરીને બીજા જ સમયમાં મરણ પામે તો જઘન્યથી એક સમય નિર્ગ્રંથભાવમાં રહે છે. ત્યાર પછી સર્વાર્થસિદ્ધમાં જાય છે. તેથી નિર્ગ્રંથભાવ ત્યાં પ્રાપ્ત થતો નથી. વળી, અન્ય આચાર્ય કહે છે કે અગિયારમા ગુણસ્થાનકમાં અવસ્થિત પરિણામ અંતર્મુહૂર્ત ઉત્કર્ષનો નથી, પરંતુ સાત સમયનો છે. તેથી, અગિયારમા ગુણસ્થાનકને પામેલા મહાત્મા સાત સમય સુધીમાં આયુષ્ય ક્ષય ન થાય તો અવશ્ય કષાયકુશીલ આદિ સંયમસ્થાનોને પ્રાપ્ત કરે છે. નિર્ગ્રંથભાવમાં સાત સમયથી અધિક રહી શકતા નથી. **।।૧૦૮।।**

**ગાથા :-**

**ण्हायस्स वड्ढमाणो, अंतमुहुत्तं दुहा वि परिणामो ।**
**एवं ठिओ जहन्नो, उक्कोसो पुव्वकोडूणा ।।१०९।।**

ગાથાર્થ :-

સ્નાતકનો બંને પણ પ્રકારે વર્ધમાન પરિણામ અંતર્મુહૂર્ત છે. એ રીતે=વર્ધમાન પરિણામની જેમ, સ્થિત=સ્નાતકભાવમાં સ્થિત, જઘન્ય છે=અંતર્મુહૂર્ત જઘન્ય છે. ઉત્કૃષ્ટ કંઈક ઓછા પૂર્વકોડી છે. ॥૧૦૯॥

ટીકા :-

'ण्हायस्स'त्ति । 'स्नातस्य' स्नातकस्य 'द्विधाऽपि' जघन्यत उत्कर्षतश्च वर्द्धमानपरिणामोऽन्तर्मुहूर्त्तम्, शैलेश्यामेव तस्य वर्द्धमानपरिणामस्येष्यमाणत्वात्, तस्याश्च द्विधाऽप्यन्तर्मुहूर्त्तमानत्वात् । जघन्यः 'स्थितः' अवस्थितपरिणामोऽपि तस्य 'एवं' वर्द्धमानपरिणामवदन्तर्मुहूर्त्तमान एव, यः केवलज्ञानोत्पादानन्तरमन्तर्मुहूर्त्तमवस्थितपरिणामो भूत्वा शैलेशीं प्रतिपद्यते तदपेक्षया द्रष्टव्यः । उत्कृष्टस्तु स्नातकस्यावस्थितपरिणामः पूर्वकोटिरूना, नवभिर्वर्षैरिति परिष्कारः । पूर्वकोट्यायुषः पुरुषस्य जन्मतो जघन्येन नवसु वर्षेष्वतिगतेषु केवलज्ञानमुत्पद्यते, ततोऽसौ तदूनां पूर्वकोटीमवस्थितपरिणामः शैलेशीं यावद्विहरति, शैलेश्यां च वर्द्धमानपरिणामः स्यादित्येवमुत्कर्षतोऽवस्थितः परिणामः स्नातकस्य देशोना पूर्वकोटिरिति ।।१०९।।

ટીકાર્થ :-

'स्नातस्य' ..... पूर्वकोटिरिति ।। સ્નાતકનો=સ્નાતક સાધુનો, બંને પણ પ્રકારે=જઘન્ય, ઉત્કર્ષથી બંને પણ પ્રકારે, વર્ધમાન પરિણામ અંતર્મુહૂર્ત છે; કેમ કે શૈલેષીમાં જ તેને=સ્નાતક સાધુને, વર્ધમાન પરિણામ ઈચ્છાય છે અર્થાત્ સ્નાતક સાધુ કેવલી અવસ્થામાં ઘણો કાળ વિચરે છે તોપણ ત્યારે વર્ધમાન પરિણામ નથી, પરંતુ જ્યારે શૈલેશી ઉપર આરોહણ કરવાનો પ્રારંભ કરે છે, ત્યારે જ વર્ધમાન પરિણામ તેઓને થાય છે અને તેનું=શૈલેશી અવસ્થાનું, બંને પણ પ્રકારે=જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને પણ પ્રકારે, અંતર્મુહૂર્તમાનપણું છે. જઘન્યથી સ્થિત=અવસ્થિત પરિણામ પણ તેમનો=સ્નાતક મહાત્માનો, આ પ્રકારે=વર્ધમાન પરિણામની જેમ અંતર્મુહૂર્તમાન જ છે અર્થાત્ કોઈ કેવલી જઘન્યથી કેવલી અવસ્થામાં વર્તે તો તે અવસ્થિત પરિણામ અંતર્મુહૂર્તનો જ છે. કઈ રીતે સ્નાતક કેવલીનો જઘન્યકાળ અંતર્મુહૂર્તનો છે. તે સ્પષ્ટ કરે છે. કેવલજ્ઞાનના ઉત્પાદના અનંતર અંતર્મુહૂર્ત અવસ્થિત પરિણામવાળા થઈને જે સ્નાતક શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરે છે, તેમની અપેક્ષાએ જાણવો=તેમની અપેક્ષાથી સ્નાતકનો અવસ્થિત પરિણામ અંતર્મુહૂર્ત જાણવો. વળી, ઉત્કૃષ્ટથી સ્નાતક સાધુનો અવસ્થિત પરિણામ નવ વર્ષોથી ઊન પૂર્વકોટિ છે, એ પ્રકારનો પરિષ્કાર છે. કઈ રીતે સ્નાતક સાધુનો અવસ્થિત પરિણામ નવ વર્ષોથી ઓછા પૂર્વકોટિ છે તે સ્પષ્ટ કરે છે. પૂર્વકોટિ આયુષ્યવાળા પુરુષને જન્મથી માંડીને જઘન્યથી નવ વર્ષ પસાર થયે છતે કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે. ત્યારપછી આ=પૂર્વકોટિ આયુષ્યવાળા કેવલજ્ઞાનને પામેલા સાધુ નવ વર્ષ ન્યૂન પૂર્વકોટિ સુધી અવસ્થિત

**પરિણામવાળા શૈલેશી સુધી વિહરે છે અને શૈલેશી અવસ્થામાં વર્ધમાન પરિણામ થાય છે. એ રીતે= અત્યાર સુધી સ્પષ્ટતા કરી એ રીતે, સ્નાતકનો ઉત્કર્ષથી અવસ્થિત પરિણામ દેશથી ન્યૂન પૂર્વકોટિ છે. ॥૧૦૯॥**

**અવતરણિકા :-**

**नन्वनपगतमोहानां संयमस्थानतारतम्याद् वृद्धिर्युक्ता, निरन्तरोत्कृष्टसंयमस्थानधारासम्भवात्; निर्ग्रन्थस्नातकयोस्तु सा न संभवति संयमस्थानावैचित्र्यादित्यत आह—**

**અવતરણિકાર્થ :-**

**'ननु'થી શંકા કરે છે. મોહ જેમનો નાશ થયો નથી, તેવા સાધુઓની સંયમસ્થાનના તારતમ્યને કારણે વૃદ્ધિ યુક્ત છે; કેમ કે નિરંતર ઉત્કૃષ્ટ સંયમસ્થાનની ધારાનો સંભવ છે. વળી, નિર્ગ્રંથ અને સ્નાતક સાધુઓને તે=વૃદ્ધિ, સંભવતી નથી; કેમ કે સંયમસ્થાનનું અવૈચિત્ર્ય છે. એથી કહે છે—**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓએ મોહનાશ કર્યો નથી અને મોહનાશ કરવા માટે ઉદ્યમવાળા છે, તેવા પુલાક આદિ પ્રથમના ચાર સાધુઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોવાને કારણે તેઓના સંયમસ્થાનમાં તરતમતાની પ્રાપ્તિ થાય છે. તેથી તેઓના સંયમસ્થાનની વૃદ્ધિ સ્વીકારવી ઘટે છે; કેમ કે જો તે મહાત્માઓ અપ્રમાદથી યત્ન કરે તો નિરંતર ઉત્કૃષ્ટ સંયમસ્થાનની ધારા તેઓને પ્રાપ્ત થાય છે; પરંતુ નિર્ગ્રંથ સાધુઓ અને સ્નાતક સાધુઓ તો વીતરાગ છે. તેથી વીતરાગ થવાને અનુકૂળ તેઓમાં કોઈ યત્ન નથી. માટે, તેઓને સંયમની વૃદ્ધિ સંભવી શકે નહિ; કેમ કે વીતરાગતારૂપ સંયમસ્થાન તેઓને એકસમાન છે. આમ છતાં, પૂર્વની ગાથા-૧૦૭માં કહેલું કે નિર્ગ્રંથને અંતર્મુહૂર્ત વૃદ્ધિ હોય છે અને ગાથા-૧૦૯માં કહેલું કે સ્નાતકને પણ અંતર્મુહૂર્ત સંયમસ્થાનની વૃદ્ધિ હોય છે. તે કઈ રીતે સંગત થાય ? એથી કહે છે.

**ગાથા :-**

**णिग्गंथण्हायगाणं, वुड्ढी फलवुड्ढिणिम्मिया णेया ।**
**णो ठाणंतरजणिया, एगं ठाणं जओ दुण्हं ।।११०।।**

**ગાથાર્થ :-**

**નિર્ગ્રંથ અને સ્નાતકોના ફળની વૃદ્ધિથી નિર્મિત વૃદ્ધિ જાણવી. સ્થાનાંતરજનિત નથી. જે કારણથી બંનેનું=સ્નાતક અને નિર્ગ્રંથનું એક સ્થાન છે=પોતપોતાનું એક સંયમસ્થાન છે. ॥૧૧૦॥**

**ટીકા :-**

**'णिग्गंथ'त्ति । निर्ग्रन्थस्नातकयोर्वृद्धिः फलवृद्धिनिर्मिता ज्ञेया, उत्तरोत्तरोत्कृष्टफलधारोपधान-**

रूपमेव तयोः प्रवर्द्धमानत्वमित्यर्थः, न तु स्थानान्तरजनिता उत्कृष्टसजातीयस्थानप्रवाहरूपा, यतो द्वयोरप्येकमेव स्थानं कालभेदेऽपि न स्थानभावेन वैचित्र्यभागिति । अथैकरूपत्वे तस्य फलोत्कर्षभेदोऽपि कथम् ? इति चेदुच्यते—प्रयत्नविशेषरूपसहकारिवैचित्र्यात् । अथैवं सहकार्यपेक्षाकृतमपि वैचित्र्यं तस्य दुरपह्नवमिति चेत्, न, ईदृशस्य परप्रत्ययवैचित्र्यस्य स्वरूपवैचित्र्याप्रयोजकत्वादित्येतदधिकमध्यात्ममतपरीक्षावृत्तावुपपादितमस्माभिः ।।११०।।

**ટીકાર્થ :-**

निर्ग्रन्थस्नातक ..... मस्माभिः ।। નિર્ગ્રંથ અને સ્નાતકમાં ફલવૃદ્ધિથી નિર્મિત વૃદ્ધિ જાણવી અર્થાત્ ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ ફલધારાના ઉપધાનરૂપ જ તેઓનું પ્રવર્ધમાનપણું છે. પરંતુ ઉત્કૃષ્ટ સજાતીય સ્થાનના પ્રવાહરૂપ સ્થાનાંતરજનિત વૃદ્ધિ નથી અર્થાત્ નિર્ગ્રંથ અને સ્નાતક મહાત્મા નિર્જરારૂપ ફળની વૃદ્ધિ કરે છે. તેનાથી જ તેઓના ગુણસ્થાનકની વૃદ્ધિ છે. આથી નિર્ગ્રંથ અને સ્નાતક મહાત્મા પ્રથમ, બીજા આદિ સમયોમાં જે નિર્જરા કરે છે, તે પૂર્વ પૂર્વના સમયમાં થયેલી નિર્જરા ઉત્તર ઉત્તરના સમયમાં અધિક અધિક નિર્જરારૂપ ફલને પ્રાપ્ત કરવા રૂપ તેઓનું પ્રવર્ધમાન પરિણામપણું છે. પુલાક આદિની જેમ પૂર્વ પૂર્વ કરતાં ઉત્કૃષ્ટ સંયમસ્થાનની પ્રાપ્તિ સ્વરૂપ પ્રવર્ધમાનપણું નથી. જે કારણથી બંનેનું પણ=નિર્ગ્રંથ અને સ્નાતક બંને મહાત્માઓનું પણ, એક જ સ્થાન=વીતરાગભાવ રૂપ એક જ સ્થાન, કાલભેદમાં પણ સ્થાનભાવ વડે વૈચિત્ર્યભાવવાળું નથી અર્થાત્ નિર્ગ્રંથ સાધુને વીતરાગભાવ પ્રાપ્ત થયેલ છે અને સ્નાતક સાધુને કેવલજ્ઞાન પ્રાપ્ત થયેલ છે. તે એક જ સ્થાન ઉત્તરોત્તરકાલમાં પણ સમાન વર્તે છે. તેથી, કાલભેદથી તેઓમાં સંયમસ્થાનનું વૈચિત્ર્ય નથી માટે તેઓને પુલાક આદિની જેમ અન્ય અન્ય સ્થાનની પ્રાપ્તિ રૂપ વૃદ્ધિ નથી. હવે, એકરૂપપણામાં=નિર્ગ્રંથ અને સ્નાતક સાધુના એકરૂપપણામાં તેના ફળના ઉત્કર્ષનો ભેદ પણ કેવી રીતે છે ?=નિર્ગ્રંથ અને સ્નાતકના સંયમસ્થાનમાં પ્રતિસમય નિર્જરારૂપ ફલના ઉત્કર્ષનો ભેદ પણ કેવી રીતે છે ? એ પ્રમાણે જો પૂર્વપક્ષી શંકા કરે તો ઉત્તર આપે છે. પ્રયત્નવિશેષરૂપ સહકારીના વૈચિત્ર્યથી નિર્જરારૂપ ફલના ઉત્કર્ષનો ભેદ છે અર્થાત્ નિર્ગ્રંથ સાધુ શુક્લધ્યાનના બીજા પાદમાં હોય છે. તેથી, શુક્લધ્યાનનો જે પ્રયત્નવિશેષ છે, તે રૂપ સહકારીના વૈચિત્ર્યથી નિર્ગ્રંથને પ્રતિસમય પૂર્વ પૂર્વ કરતાં અધિક અધિક નિર્જરા થાય છે. સ્નાતક સાધુ યોગનિરોધ કરવા અર્થે ત્રીજા શુક્લધ્યાનનો પ્રારંભ કરે છે, ત્યારે ત્રીજા અને ચોથા શુક્લધ્યાનમાં તે મહાત્મા વીતરાગ હોવાને કારણે ભાવથી એકરૂપ હોવા છતાં શુક્લધ્યાનનો પ્રયત્નવિશેષ સહકારી હોવાથી તેના વૈચિત્ર્યને અનુરૂપ નિર્જરાનો પણ ઉત્કર્ષ થાય છે. अथथी પૂર્વપક્ષી કહે છે કે આ રીતે=નિર્ગ્રંથ અને સ્નાતકના સંયમનું સ્વરૂપ એકરૂપ હોવા છતાં પ્રયત્નવિશેષના સહકારીના વૈચિત્ર્યથી ફલના ઉત્કર્ષનો ભેદ છે એમ પૂર્વમાં કહ્યું એ રીતે, સહકારીની અપેક્ષાથી કરાયેલું પણ વૈચિત્ર્ય તેનું=નિર્ગ્રંથ અને સ્નાતકનું, અપલાપ ન કરી શકાય તેવું છે. એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે, એમ ન કહેવું; કેમ કે આવા પ્રકારના પરપ્રત્યયના

**વૈચિત્ર્યનું સ્વરૂપના વૈચિત્ર્યનું અપ્રયોજકપણું છે=નિર્ગ્રંથ સંપૂર્ણ રાગરહિત છે. તેથી વીતરાગ છે અને સ્નાતક ઘાતીકર્મ રહિત છે, તેથી મોહ અને અજ્ઞાન રહિત છે, તે સ્વરૂપમાં તેઓનું વૈચિત્ર્ય નથી અને તેઓ શુક્લધ્યાનમાં જે યત્ન કરે છે, તે યત્નજન્ય વૈચિત્ર્ય તેઓના સ્વરૂપનું વૈચિત્ર્ય કરવાનું કારણ બનતું નથી. એ અધિક અધ્યાત્મમત પરીક્ષામાં ગ્રંથકારશ્રી વડે ઉત્પાદન કરાયું છે. ।।૧૧૦।।**

**ભાવાર્થ :-**

નિર્ગ્રંથ અને સ્નાતકથી પૂર્વના પુલાક આદિ ચાર મહાત્માઓ અપ્રમાદ દ્વારા સંયમમાં યત્ન કરે છે, ત્યારે નિર્ગ્રંથભાવને આસન્ન આસન્નતર થાય છે. તેથી, તેઓમાં નિરંતર ઉત્કૃષ્ટ સંયમસ્થાનની ધારા સંભવી શકે છે. વળી, ઉપશાંત નિર્ગ્રંથ કે ક્ષપકનિર્ગ્રંથ વીતરાગ પરિણતિવાળા છે. તેથી તેઓમાં નિર્ગ્રંથતાની પરિણતિરૂપ સંયમની વૃદ્ધિ થતી નથી. પરંતુ, ઉપશાંતનિર્ગ્રંથ કે ક્ષપકનિર્ગ્રંથ શુક્લધ્યાનના બીજા પાદમાં વર્તે છે. તેથી નિર્ગ્રંથભાવની પ્રાપ્તિના સમયથી માંડીને ઉત્તરોત્તર સંયમસ્થાનની વૃદ્ધિ નહિ હોવા છતાં તે નિર્ગ્રંથ મહાત્માઓ શુક્લધ્યાનના પ્રયત્નવિશેષરૂપ સહકારીના બળથી સતત પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર ઉત્તર સમયમાં અધિક અધિક નિર્જરા કરે છે. તેથી નિર્જરારૂપ ફળની વૃદ્ધિથી જ ઉપશાંતનિર્ગ્રંથ કે ક્ષપકનિર્ગ્રંથની વૃદ્ધિ છે અર્થાત્ પ્રતિસમય તેઓમાં નિર્જરાની વૃદ્ધિ છે. વળી, સ્નાતક નિર્ગ્રંથ કેવલી છે અને તે કેવલી જ્યારે યોગનિરોધને અનુકૂળ ત્રીજા શુક્લધ્યાનમાં યત્ન કરે છે, ત્યારે તે કેવલી એવા સ્નાતક નિર્ગ્રંથને પણ નિર્જરારૂપ ફલની વૃદ્ધિ શુક્લધ્યાનના સહકારીના બળથી થાય છે. અહીં પ્રશ્ન થાય કે નિર્ગ્રંથ અને સ્નાતક મહાત્મા જે શુક્લધ્યાનનો પ્રયત્નવિશેષ કરે છે. તે પ્રયત્ન વિશેષ તે મહાત્માનો પોતાનો જ પરિણામ છે. તેથી, તેમના ચારિત્રમાં પણ વૈચિત્ર્ય સ્વીકારવું જોઈએ તેને ગ્રંથકારશ્રી કહે છે. પૂર્વના પુલાક આદિ મહાત્માઓ જેમ અપ્રમાદ દ્વારા સંયમસ્થાનની વૃદ્ધિ કરે છે, તેવી સંયમસ્થાનની વૃદ્ધિરૂપ વૈચિત્ર્ય નિર્ગ્રંથ અને સ્નાતકમાં નથી અને શુક્લધ્યાનને અનુકૂળ યત્નકૃત વૈચિત્ર્ય તેમના આત્મા ઉપર લાગેલા કર્મનાશ પ્રત્યેવિશેષ કારણ હોવા છતાં તેમના ચારિત્રમાં અતિશય કરવારૂપ વૈચિત્ર્યનું પ્રયોજક બનતું નથી. આના વિષયમાં સૂક્ષ્મ વિચારણા ગ્રંથકારશ્રીએ અધ્યાત્મમત પરીક્ષામાં કરેલ છે. જિજ્ઞાસુએ ત્યાંથી જાણવા યત્ન કરવો જોઈએ. **॥૧૧૦॥**

**અવતરણિકા :-**

**उक्तं परिणामद्वारम् । अथ बन्धद्वारमाह—**

**અવતરણિકાર્થ :-**

**પરિણામદ્વાર કહેવાયું. હવે, બંધદ્વારને કહે છે—**

**ગાથા :-**

**बंधो कम्मग्गहणं, तत्थ पुलायम्मि सत्त पयडीओ ।**
**बउसासेविसु अट्ठ वि, सकसाओ छसगअडबंधी ।।१११।।**

**ગાથાર્થ :-**

**બંધ કર્મોનું ગ્રહણ છે. ત્યાં પુલાકમાં સાત પ્રકૃતિનો બંધ છે. બકુશ અને આસેવી કુશીલમાં આઠ પણ પ્રકૃતિનો બંધ છે. કષાયકુશીલ છ, સાત અને આઠનો બંધક છે. ।।૧૧૧।।**

**ટીકા :-**

**'बंधो'त्ति । बन्धः कर्मणां ग्रहणं-प्राथम्येनाऽऽदानम् । 'तत्र' बन्धेऽधिकृते पुलाके सप्त प्रकृतयो भवन्ति, अयं खल्वाऽऽयुर्वर्जानि ज्ञानावरणीयादीनि सप्तैव कर्माणि बध्नाति न त्वायुः, तद्बन्धाध्यवसायस्थानानां तस्याभावादिति । बकुशासेविनोरष्टावपि प्रकृतयो बन्धे भवन्ति, आयुर्बन्धस्यापि तयोः सम्भवात् । 'सकषायः' कषायकुशीलः षड्बन्धकः सप्तबन्धकोऽष्टबन्धकश्च । तत्र सूक्ष्मसंपरायेऽप्रमत्तत्वेनायुर्बन्धाभावाद् बादरकषायोदयाभावेन च मोहनीयबन्धाभावात् षड्बन्धकः, प्रमत्ततादशायां चायुरबन्धकाले सप्तबन्धकः, तद्बन्धकाले चाष्टबन्धक इति ।।१११।।**

**ટીકાર્થ :-**

**बन्धः ..... चाष्टबन्धक इति ।। બંધ=કર્મોનું ગ્રહણ=પ્રથમપણાથી આદાન છે. ત્યાં=બંધ અધિકૃત હોતે છતે, પુલાકમાં સાત પ્રકૃતિઓ હોય છે. આ=પુલાક સાધુ, આયુષ્યને છોડીને જ્ઞાનાવરણ આદિ સાત જ કર્મોને બાંધે છે. આયુષ્યને બાંધતા નથી; કેમ કે તેમને=પુલાક સાધુને, આયુષ્યના બંધના અધ્યવસાયસ્થાનોનો અભાવ છે. બકુશ અને આસેવીકુશીલ સાધુની આઠેય પણ પ્રકૃતિઓ બંધમાં હોય છે; કેમ કે તે બેને=બકુશ અને આસેવીકુશીલ સાધુને આયુષ્યબંધનો પણ સંભવ છે. સકષાય=કષાયકુશીલ સાધુ છના બંધક છે, સાતના બંધક છે અને આઠના બંધક છે. ત્યાં=કષાયકુશીલ સાધુના બંધકની વિચારણામાં, સૂક્ષ્મ સંપરાયમાં અપ્રમત્તપણું હોવાને કારણે આયુષ્યબંધનો અભાવ હોવાથી અને બાદર કષાયના ઉદયનો અભાવ હોવાને કારણે મોહનીયના બંધનો અભાવ હોવાથી છના બંધક છે અને પ્રમત્તતા દશામાં આયુષ્યના અબંધકાળમાં સાતના બંધક છે. તેના બંધના કાળમાં=આયુષ્યના બંધના કાળમાં આઠના બંધક છે. ।।૧૧૧।।**

**ભાવાર્થ :-**

બંધ પ્રથમપણાથી કર્મનું ગ્રહણ છે. પ્રથમપણું કહેવાથી ઉદીરણા આદિ કર્મો દ્વારા જે ગ્રહણ છે, તેનું વ્યાવર્તન થાય છે અને પુલાક સાધુ નિર્ગ્રંથભાવમાં પ્રસ્થિત છે. તેથી બાર કષાયના ક્ષયોપશમભાવવાળા છે અને સંજ્વલનના ઉદય કે ક્ષયોપશમભાવવાળા છે અને તેના કૃત કંઈક કષાયોનો સંશ્લેષ મંદ મંદતર થઈ રહ્યો છે તોપણ તે મહાત્મા સંયમના બળથી જે સાત પ્રકૃતિઓ બાંધે છે, તે પ્રાયઃ પુન્ય પ્રકૃતિ સ્વરૂપ અને ભવના ઉચ્છેદનું કારણ બને તેવી પાપ પ્રકૃતિઓ અલ્પ અલ્પતર બાંધે છે અને પુલાક સાધુ પુલાક અવસ્થામાં આયુષ્યને બાંધતા નથી અને આયુષ્યને છોડીને જ્ઞાનાવરણ આદિ સાત પ્રકૃતિઓ બાંધે છે.

વળી, બકુશ અને આસેવીકુશીલ સાધુ પણ ચારિત્રના ક્ષયોપશમભાવવાળા હોવાથી પ્રાયઃ પુન્ય પ્રકૃતિઓ જ બાંધે છે અને તેઓને આયુષ્યબંધનો પણ સંભવ છે. તેથી આઠ પ્રકૃતિઓ પણ બાંધે છે અને આયુષ્યબંધ ન કરતા હોય તો સાત પ્રકૃતિઓ બાંધે છે અને પ્રમાદવશ હોય તો બકુશ અને આસેવીકુશીલ સાધુ પણ કંઈક પાપપ્રકૃતિઓ વિશેષ પણ બાંધે છે અને થયેલા અતિચારની શુદ્ધિમાં પ્રમાદ કરે તો ભવનપતિ આદિ દેવોનું પણ આયુષ્ય બાંધે છે. કષાયકુશીલ સાધુ દશમા સુધી હોય છે. તેથી ઉપશમશ્રેણીમાં કે ક્ષપકશ્રેણીમાં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકમાં આવે છે, ત્યારે અપ્રમત્ત ગુણસ્થાનકમાં હોવાથી આયુષ્યનો બંધ કરતા નથી અને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકમાં બાદરનો કષાયનો અભાવ હોવાથી મોહનીયનો પણ બંધ કરતા નથી. તેથી છના બંધક થાય છે.

વળી, કષાયકુશીલ સાધુ પ્રમત્ત ગુણસ્થાનકમાં હોય ત્યારે આયુષ્ય ન બાંધતા હોય તો સાતનો બંધ કરે છે અને આયુષ્યનો બંધ કરતા હોય ત્યારે આઠનો બંધ કરે છે. સામાન્યથી કષાયકુશીલ સાધુ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોવાને કારણે જે કર્મની પ્રકૃતિઓ બાંધે છે, તે સર્વ પ્રાયઃ પુણ્ય પ્રકૃતિઓ બાંધે છે. છતાં પ્રમાદવશ કોઈક અશુભ લેશ્યામાં જાય છે, ત્યારે અશુભ પ્રકૃતિઓ પણ બાંધે છે. **॥૧૧૧॥**

**ગાથા :-**

**उवसंतखीणमोहो णिग्गंथो वेअणिज्जमेविक्कं ।**
**ण्हाओ उ सायवेज्जं, बंधइ बंधेण रहिओ वा ।।११२।।**

**ગાથાર્થ :-**

**ઉપશાંત અને ક્ષીણમોહવાળા નિર્ગ્રંથ એક વેદનીય કર્મ બાંધે છે. વળી, સ્નાતક શાતાવેદનીય કર્મ બાંધે છે અથવા બંધરહિત છે. ।।૧૧૨।।**

**ટીકા :-**

**'उवसंत'त्ति । उपशान्तमोहः क्षीणमोहो वा निर्ग्रन्थ एकमेव वेदनीयं कर्म बध्नाति, बन्धहेतुषु योगानामेव सद्भावात् । स्नातकस्तु सातवेद्यं बध्नाति, बन्धेन रहितो वा, अयोग्यवस्थायां बन्धहेत्वभावादिति ।।११२।।**

**ટીકાર્થ :-**

उपशान्तमोहः ..... भावादिति ।। **ઉપશાંત મોહવાળા અને ક્ષીણ મોહવાળા નિર્ગ્રંથ એક જ વેદનીય કર્મ બાંધે છે; કેમ કે બંધ હેતુઓમાં=મિથ્યાત્વ આદિ પાંચ બંધ હેતુઓમાં યોગોનો જ સદ્ભાવ છે= યોગરૂપ એક જ બંધ હેતુનો સદ્ભાવ છે. વળી, સ્નાતક શાતાવેદ્ય કર્મને બાંધે છે અથવા અયોગી અવસ્થામાં બંધથી રહિત થાય છે; કેમ કે બંધ હેતુનો અભાવ છે અર્થાત્ અયોગી અવસ્થામાં યોગનિરોધને કારણે બંધ હેતુનો અભાવ છે. ।।૧૧૨।।**

**અવતરણિકા :-**

उक्तं बन्धद्वारम् । अथ वेदद्वारमाह—

**અવતરણિકાર્થ :-**

બંધદ્વાર કહેવાયું. હવે વેદદ્વાર=કર્મના ઉદયના વિપાકરૂપ વેદદ્વારને, કહે છે—

**ગાથા :-**

वेओ कम्माणुदओ, तत्थ य अडवेयगा उ चउरो वि ।
णिग्गंथो सत्तण्हं, चउण्ह पुण वेअगो ण्हाओ ।।११३।।

**ગાથાર્થ :-**

'વેદ કષાયનો ઉદય છે. ત્યાં ચારેય પણ સાધુઓ આઠના વેદક છે. નિર્ગ્રંથ સાધુ સાતના વેદક છે. સ્નાતક વળી ચાર કર્મના વેદક છે.' ।।૧૧૩।।

**ટીકા :-**

'वेउ'त्ति । वेदः कर्मणामुदयो विपाकानुभवनमिति यावत् । तत्र च विचार्यमाणे 'चत्वारोऽपि' पुलाकबकुशप्रतिसेवककषायकुशीला 'अष्टवेदकास्तु' नियमादष्टकर्मोदयवन्तः । निर्ग्रन्थः सप्तानां वेदकः, मोहनीयस्य क्षीणत्वादुपशान्तत्वाद्वा । स्नातकः पुनश्चतुर्णामघातिकर्मणां वेदकः ।।११३।।

**ટીકાર્થ :-**

वेदः ..... वेदकः ।। વેદ કર્મનો ઉદય છે અર્થાત્ વિપાકનો અનુભવ છે અને ત્યાં=કર્મના વિપાકની વિચારણા કરાયે છતે ચારેય પણ સાધુઓ=પુલાક, બકુશ, પ્રતિસેવક અને કષાયકુશીલ ચારેય પણ સાધુઓ, આઠના વેદક છે=નિયમથી આઠ કર્મોના ઉદયવાળા છે. વળી, નિર્ગ્રંથ સાધુ સાત કર્મોના વેદક છે; કેમ કે મોહનીયનું ક્ષીણપણું છે અથવા ઉપશાંતપણું છે. વળી, સ્નાતક ચાર અઘાતી કર્મોના વેદક છે. ।।૧૧૩।।

**અવતરણિકા :-**

उक्तं वेदद्वारम् । अथोदीरणद्वारमाह—

**અવતરણિકાર્થ :-**

વેદદ્વાર કહેવાયું. હવે, ઉદીરણાદ્વારને કહે છે—

**ગાથા :-**

उदयावलिआखेवो, जत्तेणोदीरणं अपत्तस्स ।
तत्थ पुलाओ छण्हं, उदीरगो तहसहावाओ ।।११४।।

**ગાથાર્થ :-**

**અપ્રાપ્ત એવા કર્મને યત્નથી ઉદય આવલિકામાં ક્ષેપ ઉદીરણા છે. ત્યાં પુલાક તથાસ્વભાવથી છનો ઉદીરક છે. ।।૧૧૪।।**

**ટીકા :-**

**'उदयावलिय'त्ति । 'अप्राप्तस्य' उदयावलिकानुपगतस्य कर्मणो यत्नेनोदयावलिकायां क्षेपः उदीरणम् । तत्र पुलाकः षण्णां प्रकृतीनामायुर्वेदनीयवर्जानामुदीरकः 'तथास्वाभाव्यात्' षण्णामेवोदीरणस्वाभाव्यात्; आयुर्वेदनीयप्रकृती खल्वयं नोदीरयति, तथाविधाध्यवसायाभावात्, किन्तु पूर्वं ते उदीर्य पुलाकतां गच्छति । एवमुत्तरत्रापि यो याः प्रकृतीर्नोदीरयति स ताः पूर्वमुदीर्य बकुशादितां प्राप्नोतीति द्रष्टव्यम् ।।११४।।**

**ટીકાર્થ :-**

**'अप्राप्तस्य' ..... द्रष्टव्यम् ।। અપ્રાપ્ત કર્મને=ઉદયઆવલિકામાં નહિ પ્રાપ્ત એવા કર્મને, યત્ન દ્વારા ઉદયઆવલિકામાં ક્ષેપ ઉદીરણ છે. ત્યાં=ઉદીરણની વિચારણામાં, પુલાક સાધુ આયુષ્ય અને વેદનીય વર્જ્ય છ પ્રકૃતિઓના ઉદીરક છે. કેમ આયુષ્ય અને વેદનીયની ઉદીરણા પુલાક સાધુ કરતા નથી ? તેમાં હેતુ કહે છે. તે પ્રકારનું સ્વભાવપણું છે=પુલાક સંયમસ્થાનનું છનું જ ઉદીરણા કરવાનું સ્વભાવપણું છે. આ=પુલાક સાધુ, આયુષ્ય અને વેદનીય પ્રકૃતિની ઉદીરણા કરતા નથી; કેમ કે તેવા પ્રકારના અધ્યવસાયનો અભાવ છે=આયુષ્યની ઉદીરણાને અનુકૂળ તેવા પ્રકારના અધ્યવસાયનો અભાવ છે. પરંતુ પૂર્વમાં તે બેની ઉદીરણા કરીને=આયુષ્યની અને વેદનીય એ બેની ઉદીરણા કરીને, પુલાકતાને પામે છે. એ રીતે=જે રીતે પુલાકમાં કહ્યું એ રીતે, ઉત્તરત્ર પણ=જે રીતે પુલાકમાં કહ્યું એ રીતે બકુશ આદિ સાધુઓમાં પણ, જે સાધુ જે પ્રકૃતિની ઉદીરણા કરતા નથી તે સાધુ તે પ્રકૃતિઓની પૂર્વમાં ઉદીરણા કરીને બકુશ આદિતાને પ્રાપ્ત કરે છે. એ પ્રમાણે જાણવું. ।।૧૧૪।।**

**ભાવાર્થ :-**

જીવ પોતાના અધ્યવસાયરૂપ કરણથી જેમ કર્મપ્રકૃતિનો બંધ કરે છે, તેમ પોતાના અધ્યવસાયથી કર્મની ઉદીરણા કરે છે. વસ્તુતઃ કર્મનો ઉદય સ્વતઃ આવે છે. જ્યારે કર્મનો બંધ અને કર્મની ઉદીરણા જીવના પ્રયત્નથી થાય છે. તેથી બંધનકરણ અને ઉદીરણાકરણ કહેવાય છે. ઉદય કરણ નથી, પરંતુ કર્મની ઉદય અને સત્તા એ અવસ્થા છે અને પુલાક સંયમસ્થાનનો તેવો જ સ્વભાવ છે કે આયુષ્યકર્મ અને વેદનીયકર્મની ઉદીરણાનો અધ્યવસાય થાય નહિ.

વળી, પૂર્વમાં અન્ય કોઈક કષાયકુશીલસ્થાનમાં રહીને પુલાક સાધુ આયુષ્ય અને વેદનીયની ઉદીરણા કરે છે. ત્યારપછી પુલાકતાને પામે છે. પુલાક થયા પછી આયુષ્ય અને વેદનીયની ઉદીરણાનો અધ્યવસાય તેમને થતો નથી. એ રીતે કોઈ બકુશ સાધુ આયુષ્ય કે વેદનીયને ન બાંધે તેવી અવસ્થામાં પ્રાપ્ત થવાના

હોય તેના પૂર્વે તે મહાત્મા કષાયકુશીલ આદિ કોઈક અવસ્થામાં તેની ઉદીરણા કરીને બકુશતા આદિને પ્રાપ્ત કરે છે. ત્યારપછી તે બકુશતામાં આયુષ્ય આદિ તે પ્રકૃતિની ઉદીરણા કરતા બંધ થાય છે. **॥૧૧૪॥**

**ગાથા :-**

**अट्ठण्हं सत्तण्ह व, बउसासेवी व छण्ह पयडीणं ।**
**एवं चिय सकसाओ, उदीरगो वा वि पंचण्हं ।।११५।।**

**ગાથાર્થ :-**

**બકુશ અને આસેવી આઠ પ્રકૃતિના, સાત પ્રકૃતિના કે છ પ્રકૃતિના ઉદીરક થાય છે. એ જ રીતે કષાયકુશીલ સાધુ ઉદીરક થાય છે અથવા પાંચના પણ ઉદીરક થાય છે. ॥૧૧૫॥**

**ટીકા :-**

**'अट्ठण्हं'ति । बकुशासेविनावष्टानां कर्मप्रकृतीनामुदीरकौ, आयुर्वर्जानां सप्तानां वा वेदनीयवर्जानां षण्णां वा । 'सकषायः' कषायकुशीलोऽपि 'एवमेव' बकुशासेविवदेवाष्टानां सप्तानां षण्णां वोदीरकः, वेद्यायुर्मोहनीयवर्जानां पञ्चानां वाऽप्युदीरकः ।।११५।।**

**ટીકાર્થ :-**

बकुशासेविनावष्टानां ..... वाऽप्युदीरकः ।। બકુશ-આસેવી સાધુઓ આઠેય કર્મની પ્રકૃતિના ઉદીરક હોય છે અથવા આયુષ્યને છોડીને સાત પ્રકૃતિના ઉદીરક હોય છે અથવા વેદનીયને છોડીને છ પ્રકૃતિના ઉદીરક હોય છે. સકષાય=કષાયકુશીલ પણ, એ રીતે જ=બકુશ, આસેવીની જેમ જ આઠ પ્રકૃતિના ઉદીરક હોય છે અથવા સાત પ્રકૃતિના ઉદીરક હોય છે અથવા છ પ્રકૃતિના ઉદીરક હોય છે. વેદનીય, આયુષ્ય અને મોહનીયને છોડીને પાંચ પ્રકૃતિના પણ ઉદીરક થાય છે=કષાયકુશીલ સાધુ ઉદીરક થાય છે. ॥૧૧૫॥

**ગાથા :-**

**णिग्गंथो पंचण्हं, दोण्हं व उदीरगो विणिद्दिट्ठो ।**
**दोण्हं चेव सिणाओ, उदीरणावज्जिओ व हवे ।।११६।।**

**ગાથાર્થ :-**

**નિર્ગ્રંથ પાંચના અથવા બેના ઉદીરક કહેવાયા છે. સ્નાતક બેના ઉદીરક અથવા ઉદીરણા વર્જિત થાય. ॥૧૧૬॥**

**ટીકા :-**

**'णिग्गंथो'त्ति । 'निर्ग्रन्थः' उपशान्तमोहः 'पञ्चानाम्' आयुर्वेदनीयमोहनीयवर्जानां 'द्वयोर्वा'**

क्षीणमोहो नामगोत्रयोरुदीरको विनिर्दिष्टो भगवद्भिः । स्नातकः 'द्वयोरेव' नामगोत्रयोरुदीरकः, आयुर्वेदनीये तु तस्य पूर्वोदीर्णे एव स्तः, उदीरणावर्जितो वा भवेदयोग्यवस्थायाम् ।।११६।।

**ટીકાર્થ :-**

**'निर्ग्रन्थः' ..... वस्थायाम् ।। નિર્ગ્રંથ=ઉપશાંત મોહવાળા નિર્ગ્રંથ, પાંચ પ્રકૃતિઓની=આયુષ્ય, વેદનીય અને મોહનીયથી રહિત પાંચ પ્રકૃતિઓની, ઉદીરણા કરે છે અથવા બેની=ક્ષીણમોહવાળા મહાત્મા નામ, ગોત્રના ઉદીરક ભગવાન વડે કહેવાયા છે. સ્નાતક બેના જ=નામ અને ગોત્ર બેના જ, ઉદીરક છે. વળી, આયુષ્ય અને વેદનીય તેના પૂર્વ ઉદીર્ણ જ હોય છે=ક્ષપકશ્રેણી માંડતા પૂર્વે જે આયુષ્ય અને વેદનીયની તેમણે ઉદીરણા કરી છે, તે ઉદીરણાને પામેલાં કર્મો સ્નાતક અવસ્થામાં ઉદીરણારૂપે વેદન થતા હોય છે. પરંતુ સ્નાતક અવસ્થામાં આયુષ્ય અને વેદનીયની ઉદીરણા થતી નથી અથવા અયોગી અવસ્થામાં ઉદીરણા વર્જિત થાય અર્થાત્ સર્વથા ઉદીરણા રહિત થાય. ।।૧૧૬।।**

**ભાવાર્થ :-**

નિર્ગ્રંથ અગિયારમા ગુણસ્થાનકે ઉપશાંત મોહવાળા હોય છે અને બારમા ગુણસ્થાનકે ક્ષીણમોહવાળા હોય છે. ઉપશાંત મોહવાળા નિર્ગ્રંથને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, નામ, ગોત્રની ઉદીરણા હોય છે; કેમ કે કષાયોનો ઉપશમ કરેલો છે. તેથી સત્તામાં રહેલા મોહની ઉદીરણા કરતા નથી અને અપ્રમત્ત અવસ્થામાં આયુષ્ય અને વેદનીયની ઉદીરણા થતી નથી. તેથી તે ત્રણ પ્રકૃતિને છોડીને શેષ પાંચ પ્રકૃતિની ઉદીરણા ઉપશાંત નિર્ગ્રંથને થાય છે.

વળી, ક્ષીણમોહવાળા બારમા ગુણસ્થાનકમાં હોય છે. બારમા ગુણસ્થાનકના અંતે તેઓ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો સર્વથા નાશ કરે છે. તેથી તે ત્રણેય પ્રકૃતિની ઉદીરણા દશમા ગુણસ્થાનક સુધી થાય છે, બારમામાં થતી નથી અને અપ્રમત્ત ગુણસ્થાનક હોવાથી ક્ષીણમોહવાળા આયુષ્ય અને વેદનીયની ઉદીરણા કરતા નથી અને મોહનીયનો સર્વથા નાશ થયેલો હોવાથી મોહનીયકર્મ સત્તામાં નથી. તેથી તેની ઉદીરણા પણ નથી. વળી, સ્નાતક નિર્ગ્રંથ સયોગી કેવલી અવસ્થામાં ઘાતીકર્મ રહિત હોવાથી ચાર અઘાતીમાંથી નામ અને ગોત્રની ઉદીરણા કરતા નથી અને આયુષ્ય તથા વેદનીયકર્મ વીતરાગ હોવાથી તેની ઉદીરણા થતી નથી તોપણ અપ્રમત્ત ગુણસ્થાનક પૂર્વે જે તેની ઉદીરણા કરેલી તે કર્મો કેવલીને પણ ઉદયઆવલિકામાં પ્રાપ્ત હોવાથી પૂર્વનાં ઉદિરિત એવાં તે કર્મો તેમને કેવલી અવસ્થામાં પણ વેદન થાય છે. પરંતુ કેવલજ્ઞાનકાળમાં ઉદીરણા કરતાં નથી. વળી, જ્યારે તે સ્નાતક મહાત્મા યોગનિરોધ કરે છે, ત્યારે અઘાતી કર્મોનો ઉદય હોવા છતાં ઉદીરણા નથી; કેમ કે ઉદીરણાકરણ ઉદીરણાને અનુકૂળ અધ્યવસાય સ્વરૂપ છે અને નિરુદ્ધ યોગવાળા મહાત્માને ઉદીરણાનો અધ્યવસાય સંભવતો નથી. **।।૧૧૬।।**

**અવતરણિકા :-**

**गतमुदीरणाद्वारम् । अथोपसम्पद्धानद्वारमाह—**

**અવતરણિકાર્થ :-**

ઉદીરણાદ્વાર પૂરું થયું. હવે, ઉપસંપદ્હાનદ્વારને કહે છે–

**ગાથા :-**

**उवसंपया य जहणं, मिलिअं उवसंपजहणमिय सिद्धं ।**
**मिलिअं च इमं भणिअं, णिच्चाणिच्चत्तसिद्धत्थं ।।११७।।**

**ગાથાર્થ :-**

**ઉપસંપદ્ અને હાન મિલિત ઉપસંપદ્હાન એ પ્રકારે સિદ્ધ છે=એ પ્રકારે રૂપ સિદ્ધ છે અને આ=ઉપસંપદ્હાન, નિત્યાનિત્યસિદ્ધિ માટે મિલિત કહેવાયું. ।।૧૧૭।।**

**ટીકા :-**

'उवसंपया य'त्ति । उपसम्पद् नाम-अन्यरूपापत्तिः, सा च हानं च-स्वरूपपरित्याग इति 'मिलितं' समाहारद्वन्द्वमहिम्नैकीकृतम् उपसम्पद्धानमिति रूपं सिद्धम् । मिलितं चेदं भणितं वस्तुनो नित्यानित्यत्वसिद्ध्यर्थम्, उभयोः कथञ्चिदेकत्वस्य समाहारार्थत्वात्, प्रकृतवदन्यत्रापि वस्तुनोऽन्यरूपापत्त्या ध्रुवत्वात् दलस्यैवान्यरूपापत्तेः, अन्यथाऽतिप्रसङ्गात्, स्वरूपपरित्यागेन चाध्रुवत्वात्, स्वस्यैव कथञ्चिद्विचलितत्वात्, भिन्ननाशसम्बन्धायोगात्, नाशस्यापि निरुच्यमाणस्योत्पत्तिवत्कथञ्चिद्भिन्नत्वाभिन्नत्वाभ्यामेव पर्यवसानादिति दिक् ।।११७।।

**ટીકાર્થ :-**

उपसम्पद् ..... नादिति दिक् ।। ઉપસંપદ્હાનનો અર્થ અને સમાસ સ્પષ્ટ કરે છે. ઉપસંપદ્ એટલે અન્ય રૂપની આપત્તિ અને તે એવું હાન=ઉપસંપદ્ એવું હાન ઉપસંપદ્હાન છે. 'હાન'નો અર્થ સ્પષ્ટ કરે છે. સ્વરૂપનો પરિત્યાગ હાન છે અને મિલિત એવું આ=ઉપસંપદ્હાન વસ્તુના નિત્યાનિત્યત્વની સિદ્ધિ માટે કહેવાયું છે; કેમ કે ઉભયના કથંચિત્ એકત્વના સમાહારનું અર્થપણું છે=ઉપસંપદ્હાન એ પ્રકારે જે મિલિતરૂપ કહ્યું તેમાં ઉપસંપદ્હાનનો સમાહાર દ્વન્દ્વ સમાસ કર્યો તેથી તે ઉપસંપદ્ અને હાનનું કથંચિત્ એકત્વપણું સિદ્ધ થાય છે અને ઉપસંપદ્ અને હાનનું કથંચિત્ એકત્વપણું સિદ્ધ થવાથી ઉપસંપદ્ શબ્દ દ્વારા નિત્યની સિદ્ધિ થાય છે અને હાન શબ્દ દ્વારા અનિત્યની સિદ્ધિ થાય છે તેથી વસ્તુ નિત્યાનિત્ય રૂપ છે, તેમ સિદ્ધ થાય છે. પ્રકૃતની જેમ અન્યત્ર પણ વસ્તુની અન્યરૂપતાની આપત્તિથી ધ્રુવપણું હોવાને કારણે નિત્યત્વની સિદ્ધિ છે, એમ અન્વય છે. કેમ વસ્તુના ધ્રુવપણાથી અન્યરૂપતાની સિદ્ધિ છે ? તેમાં હેતુ કહે છે. દલના જ અન્યરૂપની પ્રાપ્તિ હોવાથી ધ્રુવપણાની સિદ્ધિ છે. દલ જ અન્ય રૂપ કેમ પ્રાપ્ત થાય છે ? તેમાં હેતુ કહે છે. અન્યથા અતિપ્રસંગ હોવાને કારણે દલ

જ અન્યતારૂપ થાય છે અર્થાત્ જો દરેક વસ્તુના અનુગત કોઈ દ્રવ્યદલ ન હોય અને પૂર્વનો પર્યાય જ અન્ય રૂપે થતો હોય તો આ આનો પર્યાય છે, એવો નિયમ નહિ રહેવાથી ગમે તે પૂર્વના પર્યાયથી ગમે તે ઉત્તરના પર્યાયના સ્વીકારનો અતિપ્રસંગ પ્રાપ્ત થાય છે. આ રીતે ઉપસંપદ્ દ્વારા અન્ય પણ સર્વ વસ્તુઓ નિત્ય છે, તેમ સિદ્ધ કર્યું. હવે, હાન દ્વારા પ્રકૃતની જેમ સર્વ વસ્તુ અનિત્ય છે, તેમ બતાવે છે અને સ્વરૂપના પરિત્યાગથી અધ્રુવપણું હોવાથી પ્રકૃતની જેમ સર્વ વસ્તુ અનિત્ય છે, એમ સંબંધ છે અર્થાત્ દરેક વસ્તુ પૂર્વના પર્યાયરૂપ સ્વરૂપનો ત્યાગ કરીને ઉત્તરના પર્યાય રૂપે થાય છે. તેથી અધ્રુવપણું હોવાથી વસ્તુ અનિત્ય છે. અહીં પ્રશ્ન થાય કે દરેક વસ્તુ પૂર્વના સ્વરૂપનો પરિત્યાગ કેમ કરે છે ? તેથી બીજો હેતુ કહે છે. સર્વ જ વસ્તુનું કથંચિત્ વિચલિતપણું હોવાથી પૂર્વના પર્યાયનો ત્યાગ કરે છે માટે વસ્તુ કથંચિત્ અનિત્ય છે, એમ અન્વય છે. અહીં કોઈક કહે કે વસ્તુ અન્ય રૂપે થાય છે અને જે પૂર્વનું સ્વરૂપ નાશ પામે છે, તે નાશ તે વસ્તુથી ભિન્ન છે. તેથી વસ્તુ ધ્રુવ જ છે. નાશ વસ્તુનું સ્વરૂપ નથી. તેનું નિરાકરણ કરવા અર્થે અન્ય હેતુ કહે છે. ભિન્ન એવા નાશના સંબંધનો અયોગ છે=વસ્તુથી વસ્તુનો નાશ ભિન્ન હોય તો તે નાશનો સંબંધ વસ્તુ સાથે થઈ શકે નહિ. જેમ ઘટનો નાશ થાય છે, તે ઘટના દલરૂપ માટીથી ભિન્ન નથી. જો માટીથી ઘટનો નાશ ભિન્ન હોય તો તેનો સંબંધ માટી સાથે થઈ શકે નહિ માટે નાશ પણ નિત્ય વસ્તુ સાથે કથંચિત્ અભિન્ન છે માટે વસ્તુ નિત્યાનિત્ય સ્વરૂપ છે. અહીં પ્રશ્ન થાય કે સ્વરૂપના ત્યાગરૂપ વસ્તુનો જે નાશ છે, તે વસ્તુથી ભિન્ન છે કે અભિન્ન છે ? અને તે બંને પક્ષમાં દોષની પ્રાપ્તિ છે. તેના નિરાકરણ માટે અન્ય હેતુ કહે છે. કહેવાતા નાશનું પણ ઉત્પત્તિની જેમ કથંચિત્ ભિન્નત્વ અને અભિન્નત્વ દ્વારા જ પર્યવસન છે. ॥૧૧૭॥

**ભાવાર્થ :-**

પ્રસ્તુતમાં ઉપસંપદ્દ્હાન દ્વાર છે. જેના દ્વારા પુલાક આદિ સાધુઓના સ્વરૂપને આગળમાં બતાવવાના છે. પ્રથમ ઉપસંપદ અને હાન એ રૂપ કઈ રીતે બન્યું, તે બતાવતાં કહે છે. ઉપસંપદ્ એવું હાન એ પ્રકારે સમાહારદ્વન્દ્વથી એકરૂપ કરાયેલું ઉપસંપદ્દ્હાન એ રૂપ સિદ્ધ થાય છે અને ઉપસંપદ્નો અર્થ અન્યરૂપતાની પ્રાપ્તિ છે અને દરેક દ્રવ્ય નિત્ય છે છતાં અન્ય અન્ય રૂપે થાય છે. તેથી અન્યરૂપતાની પ્રાપ્તિ દ્વારા નિત્ય દ્રવ્યની સિદ્ધિ થાય છે અને હાન શબ્દ દ્વારા વસ્તુનું પૂર્વનું સ્વરૂપ છે, તેનો ત્યાગ થાય છે અને દરેક વસ્તુ અન્યરૂપતાને પામે છે, ત્યારે તેના પૂર્વ સ્વરૂપનો ત્યાગ થાય છે. તેથી પૂર્વ સ્વરૂપના ત્યાગરૂપ જ અન્ય સ્વરૂપની પ્રાપ્તિ છે. તેથી અન્યરૂપતાની પ્રાપ્તિ અને પૂર્વ સ્વરૂપનો ત્યાગ એ એકરૂપતાને પામેલ છે અને પૂર્વ સ્વરૂપના ત્યાગ દ્વારા અનિત્યતાની સિદ્ધિ છે અને અન્યરૂપતાની પ્રાપ્તિ દ્વારા નિત્યતાની સિદ્ધિ છે; કેમ કે નિત્ય એવી વસ્તુ જ અન્યરૂપતાને પામે છે. પરંતુ નાશ પામતી નથી અને જ્યારે નિત્ય વસ્તુ અન્યરૂપતાને પામે છે, ત્યારે તે વસ્તુનું પૂર્વનું સ્વરૂપ નાશ પામે છે. તેથી દરેક વસ્તુ નિત્યાનિત્યરૂપ છે, તેની સિદ્ધિ થાય છે. **॥૧૧૭॥**

ગાથા :-

चइऊण पुलायत्तं, तत्थ कसाई हवे अविरओ वा ।
बउसत्तचुओ वि तहा, पडिसेवी सावगो वा वि ।।११८।।

ગાથાર્થ :-

ત્યાં=ઉપસંપદ્હાનમાં, પુલાકપણાનો ત્યાગ કરીને કષાયકુશીલ થાય અથવા અવિરત થાય. બકુશપણાથી ચ્યુત પણ તે પ્રકારે=પુલાકની જેમ, કષાયકુશીલ અથવા અવિરત થાય અથવા પ્રતિસેવી થાય અથવા શ્રાવક પણ થાય. ।।૧૧૮।।

ટીકા :-

'चइऊण'त्ति । 'तत्र' उपसम्पद्धाने विचार्ये पुलाकत्वं त्यक्त्वा पुलाकः 'कषायी' कषायकुशीलो भवेत् संयतः सन् 'अविरतो वा' असंयतो वा । तत्र संयतस्य सतः पुलाकस्य कषायकुशील एव गमनम्, तत्सदृशसंयमस्थानसद्भावात् । एवं यस्य यत्सदृशानि संयमस्थानानि सन्ति स तद्भावमुपसंपद्यते मुक्त्वा कषायकुशीलादीन्, कषायकुशीलो हि विद्यमानस्वसदृशसंयमस्थानकान् पुलाकादिभावानुपसम्पद्यतेऽविद्यमानसमानसंयमस्थानकं च निर्ग्रन्थभावम्, निर्ग्रन्थस्तु कषायित्वं स्नातकत्वं वा याति, स्नातकस्तु सिध्यत्येवेति । बकुशत्वच्युतोऽपि बकुशः 'तथा' पुलाकवदेव कषायी भवेदविरतो वा, प्रतिसेवी श्रावकोऽपि वा भवेत् ।।११८।।

ટીકાર્થ :-

'तत्र' ..... वा भवेत् ।। ત્યાં=ઉપસંપદ્હાન વિચાર્ય હોતે છતે=વિચારણીય હોતે છતે, પુલાકપણું છોડીને પુલાક સાધુ કષાયી=કષાયકુશીલ થાય અથવા સંયત છતાં=પુલાક સાધુ પુલાક અવસ્થામાં સંયત છતાં, અવિરત થાય=અસંયત થાય. ત્યાં સંયત છતાં પુલાકનું કષાયકુશીલમાં જ ગમન છે= પુલાક સાધુ સંયતમાંથી અસંયતમાં ન જતા હોય, પરંતુ સંયતરૂપે સુપ્રણિધાન દ્વારા રહેતા હોય અને અન્ય સ્વરૂપની પ્રાપ્તિ થતી હોય તો પુલાક સાધુનું કષાયકુશીલમાં જ ગમન છે; કેમ કે તત્સદૃશ સંયમસ્થાનનો સદ્ભાવ છે=પુલાક સાધુને પુલાકસદૃશ સંયમસ્થાન કષાયકુશીલમાં જ છે અન્યત્ર નથી, તેથી પુલાક સાધુ કષાયકુશીલમાં જ જાય છે. આ રીતે જે સાધુનાં જે સદૃશ સંયમસ્થાનો છે, તે સાધુ કષાયકુશીલ આદિને છોડીને તેના ભાવને પ્રાપ્ત કરે છે. हि=જે કારણથી, કષાયકુશીલ વિદ્યમાન સ્વસદૃશ સંયમસ્થાનો રૂપ પુલાક આદિ ભાવોને પ્રાપ્ત કરે છે અને અવિદ્યમાન સમાન સંયમસ્થાનક એવા નિર્ગ્રંથભાવને પ્રાપ્ત કરે છે. વળી, નિર્ગ્રંથ કષાયિત્વને પ્રાપ્ત કરે છે=ઉપશાંત નિર્ગ્રંથ હોય તો કષાયકુશીલ સંયમસ્થાનને પ્રાપ્ત કરે છે અથવા સ્નાતક થાય છે અર્થાત્ ક્ષીણ નિર્ગ્રંથ હોય તો સ્નાતક થાય છે. વળી, સ્નાતક સિદ્ધ જ થાય છે. બકુશત્વથી ચ્યુત થયેલા પણ

**બકુશ સાધુ તે પ્રકારે જ=પુલાકની જેમ જ, કષાયકુશીલ થાય, અવિરત થાય અથવા પ્રતિસેવી થાય=પ્રતિસેવી કષાયકુશીલ થાય અથવા શ્રાવક થાય. ॥૧૧૮॥**

**ભાવાર્થ :-**

પુલાક સાધુ અને કષાયકુશીલ સાધુ સર્વ જઘન્યસ્થાનથી શરૂ થાય છે અને કેટલાંક સંયમસ્થાનો પછી પુલાકનું સંયમસ્થાન ઉત્કૃષ્ટ પ્રાપ્ત થાય છે. ત્યારપછી પુલાક નિર્ગ્રંથ ઉપરના સંયમસ્થાનવાળા કોઈ નથી. વળી, પુલાક સદૃશ સંયમસ્થાનથી કષાયકુશીલનું જઘન્ય સંયમસ્થાન શરૂ થાય છે. ત્યાં સુધી પુલાક સાધુનાં સંયમસ્થાનો અને કષાયકુશીલના સંયમસ્થાનો સદૃશ સંયમસ્થાનો કહેવાય છે. વળી, કોઈ પુલાક સાધુ પોતાના સંયમસ્થાનમાં હોય ત્યારે ક્વચિત્ અવસ્થિત પરિણામવાળા હોય છે, ક્વચિત્ ઉપર ઉપરના સંયમસ્થાનમાં જાય છે, ક્વચિત્ પ્રમાદવશ પુલાકના નીચેના સ્થાનમાં જાય છે, ત્યારે તે પુલાક સાધુને આશ્રયીને ઉપસંપદ્હાન દ્વારની પ્રાપ્તિ થતી નથી. પરંતુ જ્યારે તે પુલાક સાધુ પ્રમાદવશ સંયમથી ચ્યુત થાય અને અવિરતિવાળા થાય તો ઉપસંપદ્હાન દ્વારની પ્રાપ્તિ થાય છે; કેમ કે અસંયમરૂપ અન્યરૂપતાની પ્રાપ્તિ છે અને પુલાકરૂપ સંયમસ્થાનનો ત્યાગ છે.

વળી, કોઈ પુલાક સાધુ પુલાક સદૃશ કષાયકુશીલ સ્થાનને પ્રાપ્ત કરે છે, ત્યારે તે પુલાકત્વનો ત્યાગ કરે છે અને કષાયકુશીલરૂપ અન્યરૂપતાને પ્રાપ્ત કરે છે. તેથી ઉપસંપદ્હાન દ્વારની પ્રાપ્તિ છે. પરંતુ પુલાક સદૃશ કષાયકુશીલનાં સંયમસ્થાનો છે, તે સદૃશ સંયમસ્થાનમાં જ પુલાક સાધુ જઈ શકે છે. પરંતુ પુલાક સ્થાનના સદૃશ કષાયકુશીલના સ્થાનને છોડીને કષાયકુશીલના ઉપરના સ્થાનને પુલાક સાધુ પ્રાપ્ત કરી શકતા નથી. છતાં કષાયકુશીલના સ્થાનને પ્રાપ્ત કર્યા પછી વીર્યનો પ્રકર્ષ થાય તો ઉપર ઉપરના સ્થાનમાં પણ જઈ શકે છે.

જેમ પુલાક સાધુ પોતાના સદૃશ કષાયકુશીલના સંયમસ્થાનને ઉપસંપદ્હાન દ્વારા પ્રાપ્ત કરી શકે છે, એ રીતે કષાયકુશીલ આદિ સાધુઓમાંથી પણ જેઓનાં જે બકુશ આદિ સાથે સદૃશ સંયમસ્થાનો છે, તેને ઉપસંપદ્હાન દ્વારા પ્રાપ્ત કરી શકે છે. જેમ, પુલાક સાધુનાં સંયમસ્થાન પૂરા થયા પછી ઉપરના સ્થાનથી બકુશનાં અને પ્રતિસેવનાકુશીલના સંયમસ્થાનો શરૂ થાય છે અને તત્સદૃશ કષાયકુશીલનાં પણ સંયમસ્થાનો છે. તેથી કોઈ કષાયકુશીલ સાધુ પ્રમાદવશ થાય તો અવિરતિ આદિને પ્રાપ્ત કરે. પરંતુ પ્રમાદવશ ન થાય તો પોતાના સદૃશ બકુશ સંયમસ્થાનને કે પ્રતિસેવનાકુશીલ સંયમસ્થાનને પ્રાપ્ત કરી શકે છે અને તે ઉપસંપદ્હાન દ્વારા બકુશના કે પ્રતિસેવનાના પોતાના સદૃશ સંયમસ્થાનને પ્રાપ્ત કરી શકે છે, ઉપરના નહિ. તે વખતે કષાયકુશીલને પણ બકુશની જેમ કે પ્રતિસેવનાકુશીલની જેમ સંયમસ્થાનમાં પણ કોઈક સ્વભાવનું પરિવર્તન થાય છે.

વળી, બકુશનાં સંયમસ્થાનો પણ કેટલાંક સ્થાન ગયા પછી ઉપરમાં વિચ્છેદ પામે છે. છતાં પ્રતિસેવના-કુશીલનાં સંયમસ્થાનો ઉપરમાં જાય છે. તેથી, કષાયકુશીલ સાધુ બકુશના સંયમસ્થાનથી ઉપરના સ્થાનમાં હોય તો ઉપસંપદ્હાન દ્વારા બકુશના સંયમસ્થાનમાં જતા નથી, પરંતુ સ્વસદૃશ પ્રતિસેવનાકુશીલના

સંયમસ્થાનમાં જઈ શકે છે અને પ્રતિસેવનાકુશીલનાં સંયમસ્થાનો ઉપરમાં જતાં વિચ્છેદ પામે છે. ત્યારપછી પણ કષાયકુશીલનાં સંયમસ્થાનો વર્તે છે. તે સંયમસ્થાનોમાં વર્તતા કષાયકુશીલ અપ્રમાદભાવની વૃદ્ધિ થાય તો ઉપસંપદ્હાન દ્વારા નિર્ગ્રંથભાવને પ્રાપ્ત કરે છે અને કોઈ કષાયકુશીલ સાધુ પ્રમાદી થાય તો ઉપરના ભાવથી અધોગમન પણ કરે છે. ત્યારે નીચેનાં કષાયકુશીલનાં સ્થાનો પ્રાપ્ત થાય છે. પરંતુ ઉપસંપદ્હાનદ્વારની પ્રાપ્તિ થતી નથી અને તે કષાયકુશીલ સાધુ પ્રમાદી થાય તો અવિરત સમ્યગ્દૃષ્ટિ થાય ત્યારે ઉપસંપદ્હાનદ્વારની પ્રાપ્તિ થાય છે, પ્રતિસેવીકુશીલ થાય ત્યારે પણ ઉપસંપદ્હાનદ્વારની પ્રાપ્તિ થાય છે અને શ્રાવક થાય ત્યારે પણ ઉપસંપદ્દ્વારની પ્રાપ્તિ થાય છે.

પુલાકાદિનાં સંયમસ્થાનો કઈ રીતે ઉત્તરોત્તર વધે છે. તે બાજુના પાના ઉપર દોરેલ આકૃતિ પરથી જાણવાં.

**આકૃતિ :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પુલાક સાધુનાં સંયમસ્થાનો | બકુશ સાધુનાં સંયમસ્થાનો | પ્રતિસેવી સાધુનાં સંયમસ્થાનો | કષાયકુશીલ સાધુનાં સંયમસ્થાનો. **॥૧૧૮॥** | નિર્ગ્રંથ | સ્નાતક |

**ગાથા :-**

**सेवित्तचुओ बउसो, कसायवं सावगो अविरओ वा ।**
**अण्णयरो व चउण्हं, सड्ढो वऽजयो कसायचुओ ।।११९।।**

**ગાથાર્થ :-**

**સેવિત્વથી ચ્યુત સાધુ બકુશ, કષાયકુશીલ શ્રાવક અથવા અવિરત થાય. કષાયથી ચ્યુત= કષાયકુશીલપણાથી ચ્યુત એવા કષાયકુશીલ સાધુ, ચારમાંથી અન્યતર અથવા શ્રાવક અથવા અવિરત થાય. ॥૧૧૯॥**

**ટીકા :-**

**'सेवित्तचुओ'त्ति । 'सेवित्वच्युतः' प्रतिसेवकत्वच्युतः प्रतिसेवाकुशीलो बकुशो वा भवेत्, 'कषायवान्' कषायकुशीलो वा श्रावको वाऽविरतो वा भवेत् । 'कषायच्युतः' कषायकुशीलत्वात्परिभ्रष्टः कषाय-कुशीलः 'चतुर्णां' पुलाकबकुशप्रतिसेवकनिर्ग्रन्थानामन्यतरो वा स्यात् 'श्राद्धो वा' देशविरतः 'अयतो वा' अविरतो वा स्यात् ।।११९।।**

**ટીકાર્થ :-**

'सेवित्वच्युतः' ..... वा स्यात् ।। **સેવિત્વથી ચ્યુત=પ્રતિસેવકત્વથી ચ્યુત થયેલા પ્રતિસેવાકુશીલ સાધુ, બકુશ થાય, કષાયકુશીલ થાય અથવા શ્રાવક થાય અથવા અવિરત થાય અર્થાત્ અવિરત**

સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ પણ થાય. વળી, કષાયથી ચ્યુત થયેલ સાધુ=કષાયકુશીલત્વથી પરિભ્રષ્ટ કષાયકુશીલ સાધુ, ચારેયના=પુલાક, બકુશ, પ્રતિસેવક અને નિર્ગ્રંથના અન્યતર થાય અથવા શ્રાદ્ધ=દેશવિરત થાય અથવા અયત થાય=અવિરત થાય=અવિરતસમ્યગ્દૃષ્ટિ થાય અથવા મિથ્યાદૃષ્ટિ થાય. ।।૧૧૯।।

ગાથા :-

णिग्गंथत्तचुओ पुण, सकसाओ ण्हायगो अविरओ वा ।
चइऊण ण्हायगत्तं, ण्हाओ सिद्धो च्चिय हविज्जा ।।१२०।।

ગાથાર્થ :-

વળી, નિર્ગ્રંથથી ચ્યુત થયેલા સાધુ કષાયકુશીલ થાય, સ્નાતક થાય કે અવિરત થાય. સ્નાતકત્વને છોડીને સ્નાતક સિદ્ધ જ થાય. ।।૧૨૦।।

ટીકા :-

'णिग्गंथत्तचुओ'त्ति । निर्ग्रन्थत्वच्युतः पुनर्निर्ग्रन्थः 'सकषायः' कषायकुशीलो भवेत्, उपशमनिर्ग्रन्थस्य श्रेणितः प्रच्यवमानस्य संयमपरिणामे सति कषायकुशीलस्यैव भावात्; स्नातको वा, क्षीणमोहनिर्ग्रन्थस्य केवलोत्पादे स्नातकत्वस्यैव भावात्; अविरतो वा, श्रेणिमस्तकेषु मृतस्य तस्य देवत्वेनोत्पादात्, तत्र च ध्रुवमसंयतत्वस्य भावात्, न तु संयतासंयतोऽसौ भवति, देवत्वे तदभावात् । यद्यपि च श्रेणिपतितोऽसौ संयतासंयतोऽपि भवति तथापि नासाविहोक्तः, अनन्तरतया तदभावात्, अत एव पुलाकस्यापि कषायकुशीलत्वप्राप्तिक्रमेण श्राद्धत्वभावेऽपि न तदुक्तिरिति वदन्ति । 'स्नातः' स्नातकः स्नातकत्वं त्यक्त्वा सिद्ध एव भवेत्, उक्तञ्च—"सिणाए पुच्छा, गोयमा ! सिद्धिगइं उवसंपज्जइ"त्ति ।।१२०।।

ટીકાર્થ :-

निर्ग्रन्थत्वच्युतः ..... उवसंपज्जइ"त्ति ।। નિર્ગ્રંથપણાથી ચ્યુત થયેલ વળી નિર્ગ્રંથ કષાયવાળા= કષાયકુશીલ, થાય; કેમ કે શ્રેણીથી પાત પામેલા ઉપશમનિર્ગ્રંથનો સંયમનો પરિણામ હોતે છતે કષાયકુશીલનો જ ભાવ છે અથવા સ્નાતક થાય=નિર્ગ્રંથ સ્નાતક થાય; કેમ કે ક્ષીણમોહવાળા નિર્ગ્રંથને કેવળજ્ઞાન ઉત્પન્ન થયે છતે સ્નાતકત્વનો જ ભાવ છે અથવા અવિરત થાય=નિર્ગ્રંથપણાથી ચ્યુત થયેલા નિર્ગ્રંથ અવિરત થાય; કેમ કે શ્રેણિના મસ્તકમાં ઉપશમશ્રેણીના મસ્તકરૂપ એવા અગિયારમા ગુણસ્થાનકમાં, મરેલા એવા તેમનું દેવપણાથી ઉત્પાદ છે અને ત્યાં નક્કી અસંયતત્વનો ભાવ છે. વળી, સંયતઅસંયત આ થતા નથી=નિર્ગ્રંથથી ચ્યુત થયેલા સાધુ દેશવિરતિવાળા થતા નથી; કેમ કે દેવપણામાં તેનો અભાવ છે=દેશવિરતિનો અભાવ છે. જોકે શ્રેણીથી પડેલા આ=

**ઉપશમશ્રેણીથી પડેલા આ, સાધુ સંયત-અસંયત પણ થાય છે તોપણ અહીં=ઉપસંપદ્હાનદ્વારમાં આ=શ્રેણીથી પડેલા દેશવિરત થાય છે એ, કહેવાયું નથી; કેમ કે અનંતરપણાથી તેનો અભાવ છે=નિર્ગ્રંથના હાનના અનંતરપણાથી દેશવિરતિનો અભાવ છે આથી જ=નિર્ગ્રંથપણાથી ચ્યુત નિર્ગ્રંથના અનંતરપણાથી દેશવિરતિને પામતા નથી. આથી જ, પુલાકને પણ કષાયકુશીલત્વની પ્રાપ્તિના ક્રમથી શ્રાવકપણાની પ્રાપ્તિમાં પણ તેનું કથન નથી એ પ્રમાણે કહે છે અર્થાત્ ગાથા-૧૧૮માં પુલાક સાધુ કષાયકુશીલ થાય અને સંયત છતો અસંયત થાય ઈત્યાદિ કહ્યું. પરંતુ પુલાક સાધુ અનંતરમાં શ્રાવકપણાને પામતા નથી, પરંતુ કષાયકુશીલની પ્રાપ્તિના ક્રમથી શ્રાવકપણાને પામે છે માટે પુલાક સાધુ ઉપસંપદ્હાનદ્વારમાં શ્રાવકપણાના ભાવમાં પણ પ્રાપ્ત થતા નથી એમ કેટલાક કહે છે; કેમ કે પુલાક સાધુ સીધા શ્રાવકપણાને પામતા નથી. સ્નાતક સાધુ સ્નાતકપણાનો ત્યાગ કરીને સિદ્ધ જ થાય અને કહેવાયું છે – "સ્નાતક પૃચ્છા કરે છે. ભગવાન કહે છે હે ગૌતમ ! સિદ્ધિગતિમાં પ્રાપ્ત થાય છે=સ્નાતક સાધુ સિદ્ધિગતિને પામે છે." ॥૧૨૦॥**

**ભાવાર્થ :-**

નિર્ગ્રંથ સાધુ ઉપશમશ્રેણીવાળા હોય છે અને ક્ષપકશ્રેણીવાળા હોય છે અને નિર્ગ્રંથ સાધુ ઉપશમશ્રેણીથી પડે તો કષાયકુશીલ થાય છે અને ઉપશમશ્રેણીમાં અગિયારમે ગુણસ્થાનકેથી કાળ કરે તો દેવભવમાં જાય છે. તેથી અવિરત સમ્યગ્દૃષ્ટિ થાય છે. વળી, નિર્ગ્રંથ સાધુ ક્ષપકશ્રેણીવાળા હોય તો સ્નાતક થાય છે અને સ્નાતક સાધુ અવશ્ય સિદ્ધ થાય છે. ઉપશાંત નિર્ગ્રંથવાળા કષાયકુશીલ થઈને પાત પામતા પામતા દેશવિરત પણ થાય છે છતાં નિર્ગ્રંથભાવથી ચ્યવીને સીધા દેશવિરત થતા નથી, પરંતુ દશમા ગુણસ્થાનકમાં આવીને કષાયકુશીલ થાય છે અને ત્યાંથી ક્રમસર ઊતરતા ઊતરતા દેશવિરત ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. **॥૧૨૦॥**

**અવતરણિકા :-**

**स्नातकत्वत्यागेन सिद्धत्वप्राप्त्यभिधाने चारित्रानुवृत्तिर्भवेन्न वा ? इत्यत आह–**

**અવતરણિકાર્થ :-**

**સ્નાતકત્વના ત્યાગથી સિદ્ધપણાની પ્રાપ્તિનું અભિધાન હોતે છતે ચારિત્રની અનુવૃત્તિ થાય અથવા ન થાય અર્થાત્ સિદ્ધમાં ચારિત્રની પ્રાપ્તિ થાય અથવા ન થાય. એ પ્રકારની શંકાથી કહે છે–**

**ગાથા :-**

**ण्हायत्तविगमओ च्चिय, णोचारित्ती य णोअचारित्ती ।**
**सिद्धो ण चरणमित्ताभावा इय बिंति आयरिया ।।१२१।।**

**ગાથાર્થ :-**

**સ્નાતકના વિગમનથી જ સિદ્ધ નોચારિત્રી નોઅચારિત્રી છે. ચારિત્ર માત્રના અભાવથી નહિ, એ પ્રમાણે આચાર્ય=હરિભદ્રસૂરિ, કહે છે. ।।૧૨૧।।**

**ટીકા :-**

**'ण्हायत्त'त्ति । 'स्नातकत्वविगमत एव' अघातिकर्मनिर्जरणविशेषितचारित्रदेशविगमादसंयतत्वानुपसम्पत्तेश्च सिद्धो नोचारित्री नोअचारित्री भणितः, न तु चरणमात्राभावात्; असंयतत्वोपसम्पत्तिप्रसङ्गादिति ब्रुवत आचार्या हरिभद्रसूरयः । तदुक्तं शास्त्रवार्त्तासमुच्चये—**

"चारित्रपरिणामस्य निवृत्तिर्न च सर्वथा ।

सिद्ध उक्तो यतः शास्त्रे, न चारित्री न चेतरः ।।१।।" **इति ।**

**मतान्तरे तु सिद्धानां निषिद्धमेव चारित्रम्, नोचारित्रित्वनोअचारित्रित्वाभिधानस्य नोभव्यत्वनोअभव्यत्वाद्यभिधानवदेवोपपत्तेरित्यधिकमेतद्वृत्तावेवोपपादितमस्माभिः ।।१२१।।**

**ટીકાર્થ :-**

**'स्नातकत्वविगमत ..... तमस्माभिः ।। સ્નાતકત્વના વિગમનથી જ=અઘાતીકર્મના નિર્જરણથી વિશેષિત એવા ચારિત્રદેશના વિગમનથી અને અસંયતત્વની અનુપપત્તિથી સિદ્ધ નોચારિત્રી નોઅચારિત્રી કહેવાયા છે અર્થાત્ સ્નાતક સાધુ શેષ અઘાતીકર્મની નિર્જરા કરે ત્યારે તે અઘાતી કર્મની નિર્જરાથી વિશેષિત એવા ચારિત્રરૂપ એકદેશનું વિગમન થાય છે અને સંસારી જીવોમાં જેવું અસંયમપણું છે તેવું અસંયમપણું સિદ્ધમાં નથી. તેથી સિદ્ધના જીવો નોચારિત્રી નોઅચારિત્રી કહેવાયા છે પરંતુ ચારિત્રમાત્રના અભાવથી નોચારિત્રી નોઅચારિત્રી કહેવાયા નથી; કેમ કે અસંયતત્વની ઉત્પત્તિનો પ્રસંગ છે અર્થાત્ ચારિત્રના અભાવમાત્રથી સિદ્ધને નોચારિત્રી નોઅચારિત્રી કહેવામાં આવે તો સિદ્ધના જીવોમાં સંસારી જીવોની જેમ અસંયતપણાની પ્રાપ્તિનો પ્રસંગ છે. એ પ્રમાણે આચાર્ય હરિભદ્રસૂરિ કહે છે. શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં તે કહેવાયું છે —**

"ચારિત્ર પરિણામની નિવૃત્તિ છે અને સર્વથા નથી અર્થાત્ સિદ્ધમાં ચારિત્રના પરિણામની નિવૃત્તિ છે અને સર્વથા ચારિત્રના પરિણામની નિવૃત્તિ નથી. જે કારણથી શાસ્ત્રમાં સિદ્ધના જીવ ચારિત્રી નથી અને ઇતર નથી", **એમ કહેવાયા છે.**

**વળી, મતાંતરમાં સિદ્ધોને ચારિત્ર નિષિદ્ધ જ છે; કેમ કે નોચારિત્રીત્વ અને નોઅચારિત્રીત્વના અભિધાનનું નોભવ્યત્વ અને નોઅભવ્યત્વાદિના અભિધાનની જેમ જ ઉપપત્તિ છે, એ પ્રમાણે અધિક આની વૃત્તિમાં=શાસ્ત્રવાર્તાસમુચ્ચયની ટીકામાં, અમારા વડે ઉપપાદિત કરાયું છે. ।।૧૨૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ઉપસંપદ્દ્હાનદ્વાર બતાવ્યું અને તેમાં કહ્યું કે સ્નાતક સ્નાતકત્વનો ત્યાગ કરીને સિદ્ધત્વને પ્રાપ્ત કરે છે. તેથી જિજ્ઞાસા થાય કે સિદ્ધમાં ચારિત્ર અનુવૃત્તિ રૂપે રહે છે કે નહિ ? જેમ સંસાર અવસ્થામાં પ્રાપ્ત થયેલું સમ્યક્ત્વ સિદ્ધ અવસ્થામાં અનુવૃત્તિ રૂપે રહે છે અથવા સંસારઅવસ્થામાં પ્રાપ્ત થયેલું કેવલજ્ઞાન સિદ્ધ અવસ્થામાં અનુવૃત્તિ રૂપે રહે છે તેમ ચારિત્ર સિદ્ધઅવસ્થામાં રહે છે કે નથી રહેતું એ પ્રકારની શંકા થાય એથી કહે છે. સ્નાતકભાવના વિગમનથી જ સિદ્ધના જીવો નોચારિત્રી નોઅચારિત્રી કહેવાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે કેવળજ્ઞાન પછી યોગનિરોધકાળમાં મહાત્મા અઘાતીકર્મના નિર્જરણથી વિશેષિત એવા જ્ઞાન-દર્શન-ચારિત્રના પરિણામવાળા હોય છે. તેમાં જે ચારિત્રરૂપ દેશ છે, તેનો સિદ્ધમાં અભાવ થાય છે; કેમ કે યોગનિરોધકાળમાં મહાત્મા શુક્લધ્યાનના ચોથા પાયામાં ઉદ્યમવાળા છે અને તે વ્યાપારરૂપ ચારિત્રનો અંશ મોક્ષમાં નથી; કેમ કે નિર્જરાના પ્રયોજનથી સર્વ સંવરરૂપ યોગનિરોધમાં કેવલી પ્રયત્ન કરે છે. હવે, સિદ્ધ અવસ્થામાં નિર્જરાનું પ્રયોજન નહિ હોવાથી તેવો કોઈ ચારિત્રનો વ્યાપાર નથી.

વળી, ચારિત્રના અભાવવાળા જીવો સંસારમાં અસંયમવાળા હોય છે અને તેવો અસંયમનો પરિણામ પણ સિદ્ધમાં નથી. તે બતાવવા માટે કહ્યું કે સિદ્ધના જીવો નોચારિત્રી છે=ચારિત્રવાળા નથી અને નોઅચારિત્રી છે=સંસારી જીવો જે પ્રકારે અસંયમવાળા છે, તે પ્રકારે અસંયમવાળા સિદ્ધના જીવો નથી; કેમ કે નિર્જરાને અનુકૂળ વ્યાપારરૂપ ચારિત્ર જેમ સિદ્ધમાં નથી, તેમ કર્મબંધને અનુકૂળ અસંયમરૂપ અચારિત્ર પણ સિદ્ધમાં નથી, એ પ્રમાણે શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં પૂ.આ. હરિભદ્રસૂરિજીએ કહ્યું છે.

વળી, સિદ્ધાંતવાદીના મતમાં સિદ્ધોને ચારિત્ર નિષિદ્ધ જ છે; કેમ કે સિદ્ધાંતવાદી કહે છે કે કર્મોની નિર્જરાને અનુકૂળ યત્નરૂપ જ ચારિત્ર છે અને તેનો નિષેધ કરવા માટે જ સિદ્ધોને નોચારિત્રી-નોઅચારિત્રી કહ્યા છે. જેમ ભવ્ય જીવો મોક્ષમાં જાય છે, ત્યારે તેમને નોભવ્ય નોઅભવ્ય કહેવાય છે અને ભવ્યપણું એટલે મોક્ષમાં જવાની યોગ્યતા અને સિદ્ધમાં મોક્ષમાં જવાની યોગ્યતા સંસારઅવસ્થામાં હતી તેનો નાશ થાય છે. તેથી સિદ્ધના જીવોને નોભવ્ય-નોઅભવ્ય કહેવાય છે. તેમ સંસારઅવસ્થામાં નિર્જરાને અનુકૂળ વ્યાપારરૂપ ચારિત્ર મુનિઓમાં હોય છે અને તે વ્યાપાર પ્રકર્ષવાળો યોગનિરોધકાળમાં છે અને તે જ ચારિત્ર છે અને સિદ્ધ અવસ્થામાં તેવું ચારિત્ર નથી, તેમ મતાંતરથી સ્વીકાર કરાય છે, એ પ્રકારે ગ્રંથકારશ્રીએ શાસ્ત્રવાર્તાસમુચ્ચયની વૃત્તિમાં કહેલ છે. **॥૧૨૧॥**

**અવતરણિકા :-**

**गतमुपसम्पद्धानद्वारम् । अथ सञ्ज्ञाद्वारमाह–**

**અવતરણિકાર્થ :-**

**ઉપસંપદ્દ્હાનદ્વાર પૂરું થયું. હવે સંજ્ઞાદ્વારને કહે છે–**

ગાથા :-

सन्ना साभिस्संगं, चित्तं सण्णोवउत्तया णेव ।
ण्हायणियंठपुलाया, तत्थण्णे हुंति दुविहा वि ।।१२२।।

ગાથાર્થ :-

સંજ્ઞા સાભિષ્વંગ ચિત્ત છે. સ્નાતક, નિર્ગ્રંથ, પુલાક સાધુઓ સંજ્ઞામાં ઉપયુક્ત નથી જ. ત્યાં=સંજ્ઞાદ્વારમાં, અન્ય=પૂર્વના ત્રણ નિર્ગ્રંથોથી અન્ય એવા બકુશાદિ બે પ્રકારે પણ હોય છે. ॥૧૨૨॥

ટીકા :-

'सन्न'त्ति । सञ्ज्ञा 'साभिष्वङ्गं' नैरन्तर्यादराभ्यां सप्रतिबन्धं चित्तम्, आहारभयमैथुनपरिग्रह-सञ्ज्ञाभेदम्, तदुक्तम्—"सञ्ज्ञानं सञ्ज्ञा, मोहाभिव्यक्तं चैतन्यमित्यर्थः" इति । 'तत्र' सञ्ज्ञायां विचार्यायां स्नातकनिर्ग्रन्थपुलाका नैव सञ्ज्ञोपयुक्ताः, आहाराद्युपभोगेऽपि तत्रानभिष्वङ्गात्, आहाराद्यभिष्वङ्गवतामेव सञ्ज्ञोपयुक्तत्वात् । ननु निर्ग्रन्थस्नातकावेवंभूतौ युक्तौ वीतरागत्वात्, न तु पुलाकः सरागत्वात् ?, नैवम्, नहि सरागत्वे निरभिष्वङ्गता सर्वथा नास्तीति वक्तुं शक्यते, बकुशादीनां सरागत्वेऽपि निःसङ्गताया अपि प्रतिपादितत्वात्, अत एवाह—'अन्ये' बकुशादयो द्विविधा अपि भवन्ति, तथाविधसंयमस्थानाभावात् सञ्ज्ञोपयुक्ता नोसञ्ज्ञोपयुक्ताश्च भवन्तीत्यर्थः । नन्वेवं बकुशादीनां सञ्ज्ञोपयोगकाले साभिष्वङ्गं चित्तं प्राप्तम्, तथा च सामायिकव्याघातः, तस्य निरभिष्वङ्गचित्तरूपत्वात्, तदुक्तं साधुधर्मविधिपञ्चाशके—

"समभावो सामइअं, तणकंचणसत्तुमित्तविसउ त्ति ।
णिरभिस्संगं चित्तं, उचियपवित्तिप्पहाणं च ।।१।।"

मैवम्, ध्यानयोगरूपस्यैव तस्य तल्लक्षणप्रतिपादनात्, व्युत्थानदशायामाहाराद्यभिष्वङ्गेण तदतिचारेऽपि तच्छक्तिनिवृत्त्यभावादिति ।।१२२।।

ટીકાર્થ :-

सञ्ज्ञा ..... भावादिति ।। સંજ્ઞા સાભિષ્વંગચિત્ત છે=નૈરંતર્ય અને આદરથી પ્રતિબંધવાળું ચિત્ત છે=વિષયોમાં સંશ્લેષવાળું ચિત્ત છે અને તે સંજ્ઞા ચાર ભેદવાળી છે. આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા. તે કહેવાયું છે. સંજ્ઞાન સંજ્ઞા છે=મોહથી અભિવ્યક્ત થતું ચૈતન્ય એ પ્રકારનો અર્થ છે. ત્યાં=સંજ્ઞાની વિચારણામાં સ્નાતક, નિર્ગ્રંથ, પુલાકો સંજ્ઞામાં ઉપયુક્ત નથી જ; કેમ કે આહારાદિના ઉપભોગમાં પણ ત્યાં=આહારમાં, અનભિષ્વંગ છે. અહીં પ્રશ્ન થાય કે આહારાદિમાં

અનભિષ્વંગ હોવાથી સ્નાતક આદિ ત્રણ નિર્ગ્રંથોને સંજ્ઞા કેમ નથી ? તેમાં બીજો હેતુ કહે છે. આહારાદિમાં અભિષ્વંગવાળા જીવોને જ સંજ્ઞામાં ઉપયુક્તપણું છે. 'નનુ'થી શંકા કરે છે. નિર્ગ્રંથ અને સ્નાતક આવા પ્રકારના યુક્ત છે=સંજ્ઞા વગરના યુક્ત છે; કેમ કે વીતરાગપણું છે. વળી, પુલાકને નથી=સંજ્ઞા વગરના નથી; કેમ કે સરાગપણું છે. એ પ્રકારની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે એમ નથી= પુલાક સંજ્ઞાવાળા છે, એમ નથી. हि=જે કારણથી, સરાગપણામાં સર્વથા નિરભિષ્વંગતા નથી એ પ્રમાણે કહેવું શક્ય નથી; કેમ કે બકુશાદિ સાધુઓનું સરાગપણું હોવા છતાં પણ નિઃસંગતાનું પણ પ્રતિપાદિતપણું છે અર્થાત્ બકુશાદિ સાધુઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે. છતાં વીતરાગ થયા નથી. તેથી રાગવાળા છે તોપણ તત્ત્વના ભાવનથી જ્યારે ઉપયુક્ત છે, ત્યારે તેઓમાં નિઃસંગતા પણ છે. તેમ શાસ્ત્રમાં પ્રતિપાદિતપણું છે. આથી જ=બકુશાદિ નિઃસંગ પણ હોય છે આથી જ, કહે છે. અન્ય=બકુશાદિ=પૂર્વમાં કહેલ સ્નાતક, નિર્ગ્રંથ અને પુલાકથી અન્ય એવા બકુશાદિ સાધુઓ, બંને પ્રકારે પણ થાય છે=તેવા પ્રકારનાં સંયમસ્થાનોનો અભાવ હોવાથી સંજ્ઞા ઉપયુક્ત અને નોસંજ્ઞા ઉપયુક્ત થાય છે અર્થાત્ બકુશ આદિ સાધુઓને વીતરાગની જેમ અસ્ખલિત સંજ્ઞા વગર રહી શકે તેવાં સ્થિર સંયમસ્થાનનો અભાવ હોવાથી ક્યારેક સંજ્ઞામાં ઉપયુક્ત હોય છે અને ક્યારેક તત્ત્વથી ભાવિત હોય છે, ત્યારે નોસંજ્ઞામાં ઉપયુક્ત હોય છે અર્થાત્ સંજ્ઞાના ઉચ્છેદને અનુકૂળ વ્યાપારમાં ઉપયુક્ત હોય છે. 'નનુ'થી શંકા કરે છે. આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, બકુશાદિ સાધુઓને સંજ્ઞાના ઉપયોગકાળમાં સાભિષ્વંગચિત્ત પ્રાપ્ત થયું=વિષયોમાં અભિષ્વંગવાળું ચિત્ત પ્રાપ્ત થયું અને તે રીતે=વિષયોમાં અભિષ્વંગ છે તે રીતે, સામાયિકનો વ્યાઘાત છે=બકુશાદિ સાધુઓમાં સામાયિકના પરિણામનો વ્યાઘાત છે; કેમ કે તેનું=સામાયિકના પરિણામનું, નિરભિષ્વંગચિત્તરૂપપણું છે. સાધુધર્મની વિધિના પંચાશકમાં તે કહેવાયું છે –

"સમભાવરૂપ સામાયિક છે. શેમાં સમભાવ છે ? તે સ્પષ્ટ કરે છે. તૃણ, કંચન, શત્રુ, મિત્રના વિષયવાળો સમભાવ છે. વળી, સમભાવમાં કેવું ચિત્ત હોય છે, તે સ્પષ્ટ કરતાં કહે છે. નિરભિષ્વંગ ચિત્ત હોય છે અને ઉચિત પ્રવૃત્તિ પ્રધાન હોય છે." ।।૧।।

પૂર્વમાં કહ્યું કે બકુશાદિ સાધુઓને સંજ્ઞાના ઉપયોગકાળમાં સામાયિકનો વ્યાઘાત છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – એ પ્રમાણે નથી; કેમ કે ધ્યાનયોગરૂપ જ તેના=સામાયિકના, તે લક્ષણનું પ્રતિપાદન છે. વળી વ્યુત્થાનદશામાં આહાર આદિના અભિષ્વંગથી તેના અતિચારમાં પણ=સામાયિકના અતિચારમાં પણ, તેની શક્તિની નિવૃત્તિનો અભાવ છે=બકુશાદિ સાધુઓમાં સામાયિકની શક્તિની નિવૃત્તિનો અભાવ છે. ।।૧૨૨।।

**ભાવાર્થ :-**

સંજ્ઞા મોહથી અભિવ્યક્ત ચૈતન્ય સ્વરૂપ છે અને તેનો જ અર્થ કરતાં કહે છે. સાભિષ્વંગ ચિત્ત સંજ્ઞા છે. સાભિષ્વંગનો અર્થ કરે છે કે નૈરંતર્યથી અને આદરથી આહારાદિમાં પ્રતિબંધ સહિત ચિત્ત સાભિષ્વંગ

ચિત્ત છે. તેથી એ પ્રાપ્ત થાય કે આહાર વાપરતી વખતે આ સુંદર છે, આ અસુંદર છે ઇત્યાદિ સતત સુંદર આહારમાં આદરની પરિણતિ વર્તતી હોય તે સંજ્ઞા છે. ત્યાં 'નૈરંતર્ય'થી એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે અનુકૂળ આહારમાં કંઈક ક્ષણો આદરનો અનુભવ થાય તે નૈરંતર્યથી છે. તેથી તે અભિષ્વંગના પરિહાર અર્થે જ સુસાધુ આહારાદિ વાપરતા પૂર્વે જિનવચનથી અતિશય ભાવિત થઈને વાપરે છે. જેથી આહારના નિમિત્તને પામીને ચિત્ત સંશ્લેષને પામે નહિ. તેમ આલોકના મનુષ્યાદિથી પોતાની અપકીર્તિ થશે, કોઈક પ્રતિકૂળતાઓ થશે ઇત્યાદિ ભયસંજ્ઞા ઉત્પન્ન ન થાય તેમ પરલોકના ભયના પરિહાર અર્થે, પશુ આદિના કે દેવાદિના ભયના પરિહાર અર્થે નિર્ભયત્વ ભાવનાથી આત્માને ભાવિત કરે છે.

વળી, અત્યંત ભાવિત સાધુ આજીવિકાનો, રોગનો કે મૃત્યુ આદિનો પણ ભય ન થાય, તે રીતે ચિત્તને સંપન્ન કરે છે. વળી, કામના સૂક્ષ્મ પણ વિકારો ન થાય તે રીતે ચિત્તને સંવૃત કરે છે અને કોઈ પણ બાહ્ય પદાર્થ વસ્ત્ર, પાત્ર, વસ્તી આદિમાં કે શ્રાવકો આદિમાં મમત્વ ન થાય તે રીતે અપરિગ્રહ ભાવનાથી આત્માને ભાવિત કરે છે. જેથી નિમિત્તને પામીને ક્યાંય સાભિષ્વંગ ચિત્ત થાય નહિ. છતાં છદ્મસ્થ અવસ્થામાં સંપૂર્ણ સાભિષ્વંગ ચિત્તનો પરિહાર ક્યારેય સુસાધુ પણ ન કરી શકે. તો પણ નિરભિષ્વંગ ચિત્ત માટે જ સુસાધુઓ યત્નવાળા હોય છે. આથી જ તેઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત કહેવાય છે. તેમાં સ્નાતક ઘાતીકર્મ રહિત છે અને નિર્ગ્રંથ ઉપશાંત વીતરાગ કે ક્ષીણ વીતરાગ છે. તેથી તેઓને સાભિષ્વંગ ચિત્તરૂપ સંજ્ઞાનો ઉપયોગ નથી જ હોતો.

વળી, પુલાક સાધુ સંયમસ્થાનની અપેક્ષાએ નીચેનાં સ્થાનોમાં હોવા છતાં તે પ્રકારે તત્ત્વથી ભાવિત છે કે જેથી આહારના ઉપભોગકાળમાં પણ સંજ્ઞા ઉત્થિત થતી નથી. વસ્તીમાં ઊતર્યા હોય ત્યાં પણ પરિગ્રહ સંજ્ઞા થતી નથી. તેથી સંજ્ઞાના ઉપયોગ વગરના સ્નાતક નિર્ગ્રંથની જેમ પુલાક સાધુ પણ છે.

વળી, બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાધુ ક્યારેક સંજ્ઞામાં ઉપયુક્ત હોય છે તો ક્યારેક નોસંજ્ઞામાં ઉપયુક્ત હોય છે અર્થાત્ બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાધુ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે. તેથી સંજ્ઞા ન ઊઠે તે પ્રકારે જે ભાવિત ચિત્તવાળા છે તોપણ પ્રમત્ત અવસ્થામાં નિમિત્તને પામીને આહાર વાપરતાં ક્યારેક અનુકૂળ પદાર્થમાં અલ્પ પણ રાગ થાય ત્યારે તેઓનું સાભિષ્વંગચિત્ત બને છે તો પણ પ્રધાન રૂપે બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાધુ નોસંજ્ઞામાં ઉપયુક્ત હોય છે અર્થાત્ ઇન્દ્રિયો વિષયોમાં સંશ્લેષ ન પામે તે પ્રકારના જ્ઞાનમાં જ ઉપયુક્ત હોય છે. છતાં બકુશાદિ સાધુઓને ક્યારેક સંજ્ઞાનો પણ ઉપયોગ વર્તે છે.

ત્યાં પૂર્વપક્ષી પ્રશ્ન કરે છે કે સામાયિક નિરભિષ્વંગ ચિત્તરૂપ છે અને બકુશ અને પ્રતિસેવનાકુશીલ જ્યારે સાભિષ્વંગ ચિત્તવાળા હોય ત્યારે સામાયિકનો પરિણામ કઈ રીતે સંભવે ? એથી કહે છે. સામાયિકના લક્ષણમાં જે નિરભિષ્વંગ ચિત્ત કહ્યું છે, તે જે સાધુ સામાયિકના સ્વરૂપના ચિંતવનમાં ઉપયુક્ત હોય ત્યારે તે સામાયિકનું લક્ષણ તેમાં ઘટે છે; કેમ કે ધ્યૈ ધાતુ ચિંતા અર્થમાં છે અને સામાયિકના સ્વરૂપના ચિંતવનકાળમાં નિરભિષ્વંગ ચિત્તના રાગવાળા બકુશ અને પ્રતિસેવનાકુશીલ સાધુને પણ નોસંજ્ઞાનો જ ઉપયોગ હોય છે. પરંતુ સંજ્ઞાનો ઉપયોગ હોતો નથી. આમ છતાં વ્યુત્થાનદશામાં અર્થાત્ સુપ્રણિધાનપૂર્વક

સૂત્રાનુસાર ચિત્ત પ્રવર્તતું ન હોય ત્યારે નિમિત્તોને સ્પર્શે તેવી ચિત્તની વ્યુત્થાનદશા આવે છે, ત્યારે નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત એવા બકુશ, પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ સાધુઓને પણ આહારાદિનો અભિષ્વંગ થવાને કારણે સામાયિકમાં અતિચાર પ્રાપ્ત થાય છે તોપણ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થાનનો દૃઢ સંકલ્પ ચિત્તમાં વર્તતો હોવાથી સામાયિકની શક્તિની નિવૃત્તિનો અભાવ છે અર્થાત્ આહારાદિ સંજ્ઞાના નિમિત્તને પામીને પણ તે મહાત્મા સામાયિકના પરિણામને અભિમુખ શીઘ્ર જનારા બને તેવી શક્તિ આહારાદિ સંજ્ઞાકાળમાં પણ વિદ્યમાન છે. જેમ અતિ ઠંડીમાં શીત વેદનાથી અભિભૂત થાય ત્યારે શીત પ્રત્યે ઈષદ્ દ્વેષની પ્રાપ્તિ થાય તોપણ સામાયિકના પરિણામને અભિમુખ ચિત્ત હોવાથી તે મહાત્મા શીઘ્ર સામાયિકના પરિણામના રક્ષણ માટે યત્ન કરે છે. **॥૧૨૨॥**

**અવતરણિકા :-**

**व्याख्यानान्तरमाह—**

**અવતરણિકાર્થ :-**

**વ્યાખ્યાનાંતરને કહે છે=સંજ્ઞાદ્વાર વિષયક વ્યાખ્યાનાંતરને કહે છે—**

**ગાથા :-**

**भगवइचुण्णीइ पुणो, णोसण्णा होइ नाणसण्ण त्ति ।**
**भणियं तत्थ वि नाणप्पाहण्णा अण्णपडिसेहो ।।१२३।।**

**ગાથાર્થ :-**

**વળી, ભગવતીની ચૂર્ણિમાં 'નોસંજ્ઞા' જ્ઞાનસંજ્ઞા છે એ પ્રમાણે કહેવાયું છે. ત્યાં પણ=ભગવતીની ચૂર્ણિના વ્યાખ્યાનમાં પણ, જ્ઞાનપ્રધાનથી અન્યનો પ્રતિષેધ છે=અન્ય આહારાદિ સંજ્ઞાઓનો પ્રતિષેધ છે. ।।૧૨૩।।**

**ટીકા :-**

**'भगवइ'त्ति । भगवतीचूर्णौ पुनः—"पुलाए णं भंते ! किं सण्णोवउत्ते हुज्जा णोसण्णोवउत्ते हुज्जा ? गोयमा ! णोसण्णोवउत्ते हुज्जा । बउसे णं पुच्छा, गोयमा ! सण्णोवउत्ते वा हुज्जा णोसण्णोवउत्ते वा हुज्जा । एवं पडिसेवणाकुसीले वि । एवं कसायकुसीले वि । णियंठे सिणाए अ जहा पुलाए"त्ति सूत्रव्याख्यानाधिकारे "नोसञ्ज्ञा ज्ञानसञ्ज्ञा भवति" इति भणितं 'तत्रापि' व्याख्याने ज्ञानप्राधान्यादन्यासाम्-आहारादिसञ्ज्ञानां निषेध एवाभिप्रेत इति दृश्यम् । पुलाकनिर्ग्रन्थस्नातकाः 'नोसञ्ज्ञोपयुक्ताः' ज्ञानप्रधानोपयोगवन्तो न पुनराहारादिसञ्ज्ञोपयुक्ताः, बकुशादयस्तूभयथाऽपि, तथाविधसंयमस्थानाभावादिति ।।१२३।।**

**ટીકાર્થ :-**

**भगवतीचूर्णौ ..... भावादिति ।। ભગવતીની ચૂર્ણિમાં વળી કહેવાયું છે – "હે ભગવંત ! પુલાક સંજ્ઞામાં ઉપયુક્ત થાય ? નોસંજ્ઞા ઉપયુક્ત થાય ? ભગવાન કહે છે, હે ગૌતમ ! નોસંજ્ઞામાં ઉપયુક્ત થાય. બકુશ વિષયક પૃચ્છા. ભગવાન કહે છે, હે ગૌતમ ! સંજ્ઞામાં ઉપયુક્ત થાય=બકુશ સાધુ સંજ્ઞામાં ઉપયુક્ત થાય અથવા નોસંજ્ઞામાં ઉપયુક્ત થાય. એ રીતે પ્રતિસેવનાકુશીલમાં પણ જાણવું=બકુશની જેમ જાણવું. એ રીતે કષાયકુશીલમાં પણ જાણવું=બકુશની જેમ કષાયકુશીલમાં પણ જાણવું. નિર્ગ્રંથમાં અને સ્નાતકમાં, જે પ્રમાણે પુલાકમાં અર્થાત્ જે પ્રમાણે પુલાક સંજ્ઞામાં ઉપયુક્ત નથી, પરંતુ નોસંજ્ઞામાં ઉપયુક્ત છે, તેમ નિર્ગ્રંથ અને સ્નાતક પણ નોસંજ્ઞામાં ઉપયુક્ત છે." સૂત્રના વ્યાખ્યાનના અધિકારમાં "નોસંજ્ઞા જ્ઞાનસંજ્ઞા છે" એ પ્રકારે કહેવાયું છે. ત્યાં પણ=ભગવતીના વ્યાખ્યાનમાં પણ, જ્ઞાનપ્રાધાન્યથી અન્યનો=આહારાદિ સંજ્ઞાનો, નિષેધ જ અભિપ્રેત છે, એ પ્રમાણે જાણવું અર્થાત્ પુલાકાદિને નોસંજ્ઞા છે એમ કહ્યું અને નોસંજ્ઞાનો અર્થ જ્ઞાનસંજ્ઞા છે એમ કહ્યું તેથી આહારાદિ સંજ્ઞાનો નિષેધ જ તેઓમાં છે એમ કહેવાયું છે. પુલાક, નિર્ગ્રંથ, સ્નાતક નોસંજ્ઞા ઉપયુક્ત છે=જ્ઞાનપ્રધાન ઉપયોગવાળા છે, પરંતુ આહારાદિ સંજ્ઞામાં ઉપયુક્ત નથી. બકુશાદિ વળી ઉભયથા પણ ઉપયુક્ત છે; કેમ કે માત્ર જ્ઞાનસંજ્ઞામાં જ રહી શકે તેવા પ્રકારના સંયમસ્થાનનો અભાવ છે. ।।૧૨૩।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૨૨માં સંજ્ઞા સાભિષ્વંગ ચિત્તરૂપ છે, તેમ બતાવીને સ્નાતક, નિર્ગ્રંથ અને પુલાકને સંજ્ઞાનો ઉપયોગ હોતો નથી, તેમ બતાવ્યું અને અન્ય સાધુઓને ક્યારેક સંજ્ઞા હોય છે અને ક્યારેક નોસંજ્ઞા હોય છે, તેમ બતાવ્યું. જ્યારે ગાથા-૧૨૩માં ભગવતીસૂત્રની ચૂર્ણિ અનુસાર સંજ્ઞા અને નોસંજ્ઞા છે, તેમ કહ્યું અને જ્ઞાનપ્રધાન નોસંજ્ઞા છે, તેમ બતાવ્યું. તેથી, સંજ્ઞાના સ્પર્શ વગરનો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનનો ઉપયોગ નોસંજ્ઞા છે. તેની સ્પષ્ટતા કરી અને કોને સંજ્ઞા નથી હોતી અને કોને સંજ્ઞા હોય છે, તે સર્વ કથન ગાથા-૧૨૨, ૧૨૩માં સમાન છે. ફક્ત પુલાક સાધુ નિર્ગ્રંથ અને સ્નાતકની જેમ સંજ્ઞાવાળા નથી, તેમ કહ્યું. વળી, પુલાક સાધુનું સંયમસ્થાન અસાર ધાન્યકણ જેવું છે, એમ પૂર્વમાં બતાવેલ અને ગાથા-૯માં કહેલ કે આસેવના પુલાક પાંચ પ્રકારના છે. તેથી જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરેની આસેવનામાં કંઈક સ્ખલિત હોય છે તોપણ સંજ્ઞાઓથી પર હોય છે અને બકુશ-કુશીલથી સંયમસ્થાનોના નીચા કંડકોમાં હોય છે, છતાં સંજ્ઞાઓથી પર હોય છે. જેમ આનંદ, કામદેવાદિ શ્રાવકો દેશવિરતિવાળા હતા અને દેવતાઓના ઉપસર્ગમાં પણ નિષ્પ્રકંપ રહ્યા અને કોઈ સાધુએ તેવી નિષ્પ્રકંપતાને પ્રાપ્ત કરેલ ન હોય છતાં બાર કષાયના ક્ષયોપશમની પરિણતિવાળા હોય તો આનંદ, કામદેવથી પણ ઊંચા સંયમસ્થાનમાં છે; કેમ કે ભાવથી સાધુ છે. બકુશાદિ સાધુઓ કરતાં નીચા સંયમસ્થાનમાં હોવા છતાં પુલાક સાધુ સંજ્ઞાઓથી પર હોય છે; કેમ કે જિનવચનનું પ્રામાણ્ય છે. **॥૧૨૩॥**

**અવતરણિકા :-**

उक्तं सञ्ज्ञाद्वारम् । अथाऽऽहारद्वारमाह—

**અવતરણિકાર્થ :-**

સંજ્ઞાદ્વાર કહેવાયું. હવે આહારદ્વારને કહે છે—

**ગાથા :-**

**आहारो कवलाई, चउरो आहारगा तहिं पढमा ।**
**आहारओ अणाहारओ व हुज्जा सिणाओ उ ।।१२४।।**

**ગાથાર્થ :-**

**આહાર કવલાદિ છે. ત્યાં પ્રથમના ચાર સાધુઓ આહારક છે. વળી, સ્નાતક આહારક અથવા અનાહારક થાય. ।।૧૨૪।।**

**ટીકા :-**

'आहारो'त्ति । आहारः 'कवलादिः' कवलौजोलोमाहाराद्यन्यतरः । 'तत्र' आहारे चिन्त्यमाने 'चत्वारः प्रथमा निर्ग्रन्थाः' पुलाकबकुशकुशीलनिर्ग्रन्थाख्या आहारका एव न त्वनाहारकाः, विग्रह-गत्यादीनामनाहारकत्वकारणानामभावादिति । स्नातकस्तु आहारकोऽनाहारको वा भवेत्, केवलि-समुद्घाते तृतीयचतुर्थपञ्चमसमयेष्वयोग्यवस्थायां चानाहारकः स्यात्, ततोऽन्यत्र पुनराहारक इति ।।१२४।।

**ટીકાર્થ :-**

आहारः ..... पुनराहारक इति ।। આહાર કવલાદિ છે=કવલ આહાર, ઓજસ આહાર, લોમાહાર અન્યતર છે. ત્યાં=આહારનું ચિંતવન કરાયે છતે, ચાર પ્રથમના નિર્ગ્રંથો=પુલાક, બકુશ, કુશીલ અને નિર્ગ્રંથ નામના ચાર નિર્ગ્રંથો, આહારક જ હોય છે, અનાહારક નહિ અર્થાત્ સંયમદેહના નિર્વાહ અર્થે આહાર ગ્રહણ કરતા હોય ત્યારે આહારસંજ્ઞા નહિ હોવા છતાં આહારક જ છે, અનાહારક નથી; કેમ કે વિગ્રહ ગતિ આદિ રૂપ અનાહારકત્વનાં કારણોનો અભાવ છે. વળી, સ્નાતક આહારક અથવા અનાહારક થાય; કેમ કે કેવલિસમુદ્ઘાતમાં ત્રીજા, ચોથા અને પાંચમા સમયમાં અને અયોગી અવસ્થામાં અનાહારક થાય. વળી, તેનાથી અન્યત્ર=કેવલીસમુદ્ઘાતથી અન્યત્ર, આહારક થાય. ।।૧૨૪।।

**અવતરણિકા :-**

उक्तमाहारद्वारम् । अथ भवद्वारमाह—

**અવતરણિકાર્થ :-**

આહારદ્વાર કહેવાયું. હવે ભવદ્વાર કહે છે–

**ગાથા :-**

**जम्मं भवो जहण्णो, इक्को पंचण्ह सो कमेणियरे ।**
**पुलयस्स तिण्णि तिण्हं, तु अट्ठ तिन्नेव इक्को य ।।१२५।।**

**ગાથાર્થ :-**

**જન્મ ભવ છે. જઘન્ય પાંચેયનો પણ=પુલાકાદિ પાંચેયનો પણ, એક છે. તે ક્રમથી ઈતરવાળો છે=જઘન્યથી એક છે તે ક્રમથી ઈતર ચારિત્રવાળો છે. પુલાકના ત્રણ ભવો ઉત્કૃષ્ટથી છે. ત્રણના=બકુશ, પ્રતિસેવક અને કષાયકુશીલ એ ત્રણના, આઠ ભવ=ઉત્કૃષ્ટથી આઠ ભવ, ત્રણ જ=નિર્ગ્રંથના ત્રણ જ, એક જ=સ્નાતકનો એક જ. ।।૧૨૫।।**

**ટીકા :-**

'जम्मं'ति । भवो जन्म, तच्च चारित्रयुतं द्रष्टव्यम् । तत्र पञ्चानामपि जघन्यो भव एक एव, जघन्येनैकेनैव भवेन सिद्धिगमनात् । 'इतरे' उत्कृष्टाश्च भवाः क्रमेण पुलाकस्य त्रयः, 'त्रयाणां तु' बकुशप्रतिसेवककषायकुशीलानामष्टौ, त्रयश्च निर्ग्रन्थस्य, एकश्च स्नातकस्येति । तत्र पुलाको जघन्यत एकस्मिन् भवग्रहणे भूत्वा कषायकुशीलत्वादिकं संयतत्वान्तरमेकशोऽनेकशो वाऽनुभूय तत्रैव भवे भवान्तरे वा सिद्धिमवाप्नोति, उत्कृष्टतस्तु देवादिभवान्तरितान् त्रीन् भवान् पुलाकत्वमवाप्नोति । बकुशादिस्त्वेकत्र भवे कश्चिद् बकुशत्वादिकमवाप्य कषायकुशीलत्वादिप्राप्तिक्रमेण सिध्यति, कश्चित्त्वेकत्र भवे बकुशत्वादिकमवाप्य भवान्तरेषु तदन्यानि संयतत्वान्यनुभूय सिध्यतीत्यत उच्यते–जघन्येनैकभवग्रहणमुत्कर्षतोऽष्टौ भवग्रहणानि चरणमात्रमाप्यते । तत्र कश्चित्तान्यष्टौ बकुशादितया पर्यन्तिमभवसकषायत्वादियुक्तया कश्चित्तु प्रतिभवं प्रतिसेवाकुशीलत्वादियुक्तया पूरयति । निर्ग्रन्थो जघन्यत एकत्र भवग्रहणे स्नातकत्वं प्राप्य सिध्यति, उत्कर्षतश्च देवादिभवान्तरिततया द्वयोर्भवयोरुपशमनिर्ग्रन्थत्वं प्राप्य तृतीयभवे क्षीणमोहः सन् स्नातकत्वं प्राप्य सिध्यति । स्नातकस्य त्वजघन्यानुत्कृष्ट एक एव भव इति ज्ञेयम् ।।१२५।।

**ટીકાર્થ :-**

भवो जन्म, ..... इति ज्ञेयम् ।। ભવ જન્મ છે અને તે ચારિત્રયુક્ત જાણવો=પુલાકાદિ નિર્ગ્રંથોનો ચારિત્રયુક્ત જાણવો. ત્યાં=ભવદ્વારમાં, પાંચેય પણ સાધુઓનો જઘન્યથી એક જ ભવ છે; કેમ કે જઘન્યથી એક જ ભવ વડે સિદ્ધિનું ગમન છે. ઈતર=ઉત્કૃષ્ટ ભવ, ક્રમથી પુલાકના ત્રણ છે. વળી,

ત્રણેયના=બકુશ, પ્રતિસેવનાકુશીલ, કષાયકુશીલો ત્રણેયના, આઠ ભવો છે અને નિર્ગ્રંથના ત્રણ ભવો છે=ઉપશાંત નિર્ગ્રંથના ત્રણ ભવો છે અને સ્નાતકનો એક ભવ છે. ત્યાં=પુલાકાદિ પાંચેય સાધુઓને જઘન્યથી એક ભવ કહ્યો અને ઉત્કૃષ્ટથી જુદા જુદા ભવ બતાવ્યા. તેમાં, પુલાક સાધુ જઘન્યથી એક ભવગ્રહણમાં થઈને=એકભવગ્રહણમાં પુલાક થઈને, કષાયકુશીલત્વાદિ સંયમાંતરને એક વખત કે અનેક વખત અનુભવીને તે જ ભવમાં કે ભવાંતરમાં સિદ્ધિને પામે છે અર્થાત્ કોઈ પુલાક જે ભવમાં પુલાક થયેલ છે, તે જ ભવમાં કષાયકુશીલાદિ સંયમસ્થાનને પામીને મોક્ષમાં જાય તો પુલાકનો એક ભવ પ્રાપ્ત થાય છે. વળી, તે પુલાક જ અન્ય ભવોમાં જઈને પુલાક સંયમસ્થાનને પામ્યા વગર કષાયકુશીલાદિ સંયમસ્થાનને પામીને મોક્ષમાં જાય તો પુલાકનો એક ભવ પ્રાપ્ત થાય છે. વળી, ઉત્કૃષ્ટથી દેવાદિ ભવોથી અંતરિત ત્રણ ભવોને પુલાકપણા રૂપે પ્રાપ્ત કરે છે અર્થાત્ કોઈ પુલાક સાધુ ભિન્ન ભિન્ન ત્રણ ભવોમાં પુલાકપણાને પામે ત્યારપછી ત્રીજા ભવમાં કષાયકુશીલાદિ થઈને મોક્ષમાં જાય છે. ક્વચિત્ ત્રણ વખત પુલાકપણાને પામ્યા પછી પાત પામીને દેવાદિ ભવમાં કે નરકાદિ ભવમાં જાય તોપણ ચોથી વખત પુલાકપણું પ્રાપ્ત થતું નથી. પરંતુ અવશ્ય કોઈક ભવમાં કષાયકુશીલ આદિ સંયમસ્થાનને પામીને તે મહાત્મા મોક્ષમાં જાય છે. તેથી આખા ભવચક્રમાં ઉત્કૃષ્ટથી પુલાકપણાની ત્રણ વખત પ્રાપ્તિ થાય છે. વળી, બકુશાદિ સાધુ કોઈ એક ભવમાં કોઈક બકુશત્વાદિને પામીને કષાયકુશીલત્વાદિની પ્રાપ્તિના ક્રમથી સિદ્ધ થાય છે. ક્વચિત્ એક ભવમાં બકુશપણાને પામીને ભવાંતરોમાં તેનાથી અન્ય=બકુશત્વાદિથી અન્ય, સંયતપણાનો અનુભવ કરીને સિદ્ધ થાય છે. આથી કહેવાય છે – જઘન્યથી એક ભવ ગ્રહણ અને ઉત્કર્ષથી આઠ ભવના ગ્રહણરૂપ ચરણ માત્ર પ્રાપ્ત કરાય છે અર્થાત્ કોઈ સાધુ બકુશ આદિ સંયમસ્થાનને પામે અને તે જ ભવમાં કષાયકુશીલ આદિ થઈને મોક્ષમાં જાય અથવા કોઈક સાધુ તે જ ભવમાં બકુશત્વાદિને પામીને અન્ય ભવમાં બકુશત્વાદિને પામે નહિ, પરંતુ કષાયકુશીલાદિ થઈને સિદ્ધ થાય તો તે સાધુને આખા ભવચક્રમાં એક વખત બકુશત્વાદિની પ્રાપ્તિ થઈ અને સિદ્ધ થયા. તેથી જઘન્યથી બકુશત્વાદિનું એક ભવગ્રહણ પ્રાપ્ત થાય છે અને ઉત્કર્ષથી આઠ ભવ સુધી ચારિત્ર માત્ર પ્રાપ્ત થાય છે. પરંતુ તે ચારિત્ર બકુશત્વ જ હોય એવો નિયમ નથી. અન્ય કોઈ પણ ચારિત્ર પામીને મોક્ષમાં જાય છે. ત્યાં= આઠ ભવગ્રહણ ચારિત્ર માત્ર પ્રાપ્ત થાય છે ત્યાં, કોઈક સાધુ તે આઠેય ભવો બકુશાદિપણાથી અને અંતિમ ભવ સકષાયત્વાદિયુક્તપણાથી પૂરે છે. વળી, કોઈક સાધુ પ્રતિભવ પ્રતિસેવાકુશીલત્વાદિ યુક્તપણાથી પૂરે છે અર્થાત્ ઉત્કૃષ્ટથી ચારિત્રના આઠ ભવો થાય છે. તે આઠ ભવોમાં પણ અનેક વિકલ્પો છે અને તે વિકલ્પો સ્પષ્ટ કરે છે. કોઈક સાધુ આખા ભવચક્રમાં તે આઠેય ચારિત્રના પરિણામને બકુશત્વાદિ રૂપે પ્રાપ્ત કરીને આઠમા બકુશત્વાદિના ભવમાં સકષાયીત્વાદિને કરીને પૂર્ણ કરે છે તો વળી અન્ય કોઈ સાધુ દરેક ભવમાં સાધુપણું ગ્રહણ કરીને પ્રતિસેવાકુશીલત્વાદિ યુક્તપણાથી આઠ ભવો કરે છે અને અંતિમ ભવમાં કષાયકુશીલત્વાદિ થઈને મોક્ષમાં જાય છે. નિર્ગ્રંથ જઘન્યથી એક ભવગ્રહણમાં સ્નાતકપણાને પામીને સિદ્ધ થાય છે અર્થાત્ બારમા ગુણસ્થાનકમાં રહેલ નિર્ગ્રંથ

**જઘન્યથી એક ભવમાં સ્નાતકપણાને પામીને સિદ્ધ થાય છે. વળી, ઉપશાંત નિર્ગ્રંથ પણ જઘન્યથી તે જ ભવમાં ક્ષપકશ્રેણીને પામીને સ્નાતક થાય છે અને સિદ્ધ થાય છે અને ઉત્કર્ષથી=ઉપશાંતનિર્ગ્રંથ ઉત્કર્ષથી, દેવાદિ ભવના અંતરિતપણાથી બે ભવમાં ઉપશાંતનિર્ગ્રંથપણાને પામીને ત્રીજા ભવમાં ક્ષીણ મોહવાળા છતાં સ્નાતકપણાને પામીને સિદ્ધ થાય છે. વળી, સ્નાતકનો અજઘન્ય અનુત્કૃષ્ટ એક જ ભવ છે, એ પ્રમાણે જાણવું. ।।૧૨૫।।**

**ભાવાર્થ :-**

ભવદ્વાર બતાવતાં કહે છે. ભવ જન્મ છે છતાં પ્રસ્તુતમાં માત્ર જન્મનું ગ્રહણ નથી, પરંતુ ચારિત્રયુક્ત જન્મનું ગ્રહણ છે અને તે ચારિત્રયુક્ત ભવ પુલાકાદિ પાંચેય સાધુઓને જઘન્યથી એક થાય છે. કઈ રીતે જઘન્યથી એક થાય છે ? તે પુલાકાદિમાં બતાવતાં કહે છે. કોઈ પુલાક સાધુ કોઈક ભવમાં પુલાકપણું પામે તે જ ભવમાં કષાયકુશીલ થઈને મોક્ષમાં જાય તો જઘન્યથી એક ભવ પુલાકની પ્રાપ્તિ થાય. વળી, કોઈ સાધુ પુલાક ચારિત્રને પામ્યા પછી બીજા ભવમાં દેવભવમાં જાય અને પ્રમાદવશ નરકાદિમાં પણ જાય અને ફરી પુલાક ચારિત્રને છોડીને કષાયકુશીલાદિ ચારિત્રને પામીને મોક્ષમાં જાય તો પુલાકનો જઘન્યથી એક ભવ જ પ્રાપ્ત થાય છે.

વળી, કોઈ સાધુ ઉત્કૃષ્ટથી પુલાકપણું પામે તો અન્ય ભવોના આંતરાથી યુક્ત ત્રણ ભવમાં પુલાકપણું પામી શકે છે. ત્યારપછી પ્રમાદ ન કરે તો કષાયકુશીલાદિ થઈને મોક્ષમાં જાય છે અને પ્રમાદ કરે તો ત્રણ વખત પુલાક થયા પછી ભવચક્રમાં પરિભ્રમણ કરીને પુલાકને છોડીને બકુશાદિ ચારિત્ર પ્રાપ્ત કરીને ઉત્કૃષ્ટથી આઠ ભવમાં ચારિત્રને પામીને અવશ્ય મોક્ષમાં જાય છે.

વળી, કોઈ સાધુ બકુશપણું એક ભવમાં પામે ત્યારપછી તે જ ભવમાં કષાયકુશીલાદિ થઈને મોક્ષમાં જાય તો એક ભવ બકુશ ચારિત્રની પ્રાપ્તિ થાય. વળી, બકુશ ચારિત્રવાળા જ મુનિ તે ભવમાં દેવગતિમાં જાય અને પછી મનુષ્યભવને પામીને કે કંઈક ભવોને કરીને કષાયકુશીલ આદિ ચારિત્રની પ્રાપ્તિના ક્રમથી સિદ્ધ થાય તોપણ બકુશ ચારિત્રનો જઘન્યથી એક ભવ પ્રાપ્ત થાય છે.

વળી, કોઈ સાધુ બકુશ ચારિત્ર પાળીને દેવ ભવમાં જાય, ફરી બકુશ ચારિત્ર પ્રાપ્ત કરે, એ રીતે ઉત્કૃષ્ટથી આઠ ભવો બકુશ ચારિત્રને પામીને અંતિમ ભવમાં કષાયકુશીલાદિ થઈને અવશ્ય મોક્ષમાં જાય છે. આ રીતે પ્રતિસેવનાકુશીલ પણ બકુશની જેમ જઘન્યથી એક ભવ પ્રાપ્ત કરે છે અને ઉત્કૃષ્ટથી આઠ ભવ પ્રાપ્ત કરે છે. એ રીતે જ કોઈ સાધુ કષાયકુશીલ થાય અને તે જ ભવમાં મોક્ષમાં જાય તો જઘન્યથી એક ભવની પ્રાપ્તિ થાય છે અને તે ભવમાં મોક્ષમાં ન જાય તો અન્ય ભવોમાં પણ કષાયકુશીલ થયા વગર મોક્ષની પ્રાપ્તિ નથી. એથી બે આદિ ભવો કષાયકુશીલ થયા પછી ઉત્કૃષ્ટથી આઠ ભવો કષાયકુશીલના કે અન્ય બકુશાદિ ચારિત્રના ભવોથી અંતરિત કષાયકુશીલના ભવ કરીને અવશ્ય મોક્ષમાં જાય છે.

સંક્ષેપથી કોઈ પણ ચારિત્ર આઠ ભવમાં પ્રાપ્ત થતું હોય તો આઠમા ભવે તે મહાત્મા ક્ષપકશ્રેણીને પામીને અવશ્ય મોક્ષમાં જાય છે. વળી, નિર્ગ્રંથ ક્ષપકશ્રેણીવાળા હોય તો એ જ ભવમાં સ્નાતક થઈને સિદ્ધ

થાય છે. તેથી એક ભવની પ્રાપ્તિ છે. વળી, ઉપશમશ્રેણીવાળા નિર્ગ્રંથ હોય તો શ્રેણીથી પાત પામીને દેવાદિ ભવો કરીને અર્થાત્ દેવ ભવમાં જાય અને પ્રમાદવશ યાવત્ નિગોદમાં જાય તોપણ બે ભવમાં ઉપશમ નિર્ગ્રંથપણાને પામીને ત્રીજા ભવમાં ક્ષીણ નિર્ગ્રંથ થઈને સ્નાતકપણું પ્રાપ્ત કરે છે અને મોક્ષમાં જાય છે.

વળી, સ્નાતક ઘાતીકર્મના ક્ષયવાળા હોવાથી તે જ ભવમાં મોક્ષમાં જાય છે. **॥૧૨૫॥**

**અવતરણિકા :-**

**उक्तं भवद्वारम् । अथाकर्षद्वारमाह–**

**અવતરણિકાર્થ :-**

**ભવદ્વાર કહેવાયું. હવે, આકર્ષદ્વારને કહે છે–**

**ગાથા :-**

**तप्पढमतया गहणं, आगरिसो ते कमेण इक्कभवे ।**
**पुलयस्स तिण्णि तिण्हं, सयग्गसो दुन्नि इक्को य ।।१२६।।**

**ગાથાર્થ :-**

**તેનું પ્રથમપણાથી ગ્રહણ આકર્ષ છે. તે આકર્ષો ક્રમથી એક ભવમાં પુલાક સાધુને ત્રણ છે. ત્રણ સાધુઓને શત પૃથક્ત્વ છે. બે છે=નિર્ગ્રંથને બે છે. એક છે=સ્નાતકને એક છે. ॥૧૨૬॥**

**ટીકા :-**

**'तप्पढमतय'त्ति । तस्य-अधिकृतव्यक्तिविशेषस्य प्रथमतया ग्रहणमाकर्षः । ते क्रमेणैकस्मिन् भवे पुलाकस्य त्रयः । 'त्रयाणां' बकुशप्रतिसेवककषायकुशीलानां 'सयग्गसो'त्ति शतपरिमाणेन शतपृथक्त्वमिति भावः, उक्तञ्चावश्यके–"सयपुहुत्तं च होइ विरईए"त्ति । भगवत्यां चोक्तम्– "बउसस्स णं पुच्छा, गोयमा ! जहण्णेणं एक्को उक्कोसेणं सयग्गसो । एवं पडिसेवणाकुसीले वि कसायकुसीले वि" । निर्ग्रन्थस्य द्वावाकर्षौ, एकत्र भवे वारद्वयमुपशमश्रेणिकरणादुपशमनिर्ग्रन्थत्वे द्रष्टव्यौ, उपशमक्षपकश्रेणिद्वयं त्वेकत्र भवे न संभवति, उक्तञ्च कल्पाध्ययने–**

"एवं अप्परिवडिए, सम्मत्ते देवमणुअजम्मेसु ।
अण्णयरसेढिवज्जं, एगभवेणं च सव्वाइं ।।१।।"

सर्वाणि-सम्यक्त्वदेशविरत्यादीनि । **अन्यत्राप्युक्तम्–**

"मोहोपशम एकस्मिन्, भवे द्विः स्यादसन्ततः ।
यस्मिन् भवे तूपशमः, क्षयो मोहस्य तत्र न ।।१।।" **इति ।**

अयं तावत्सैद्धान्तिकाभिप्रायः । कार्मग्रन्थिकास्त्वाहुः-"य उत्कर्षत एकस्मिन् भवे द्वौ वारावुपशमश्रेणिं प्रतिपद्यते तस्य तस्मिन् भवे नियमादेव क्षपकश्रेण्यभावः, यः पुनरेकवारं प्रतिपद्यते तस्य क्षपकश्रेणिर्भवेदपि" । उक्तञ्च सप्ततिकाचूर्णौ-"जो दुवारे उपसमसेढिं पडिवज्जइ तस्स णियमा तम्मि भवे खवगसेढी णत्थि, जो इक्कसिं उवसमसेढिं पडिवज्जइ तस्स खवगसेढी हुज्जाव"त्ति । एकश्च स्नातकस्याकर्षः तस्य प्रतिपाताभावादाकर्षान्तरासम्भवात् ।।१२६।।

**ટીકાર્થ :-**

तस्य- ..... सम्भवात् ।। તેનું=અધિકૃત વ્યક્તિવિશેષનું=સમ્યક્ત્વ, દેશવિરતિ કે સર્વવિરતિ ચારિત્રરૂપ અધિકૃત વ્યક્તિવિશેષનું, પ્રથમપણાથી ગ્રહણ આકર્ષ છે. તે=આકર્ષો, ક્રમથી એક ભવમાં પુલાકના ત્રણ થાય છે અર્થાત્ કોઈક સાધુ પ્રથમ વખતે પુલાક બને ત્યારે આકર્ષથી પુલાક ચારિત્રનું ગ્રહણ પ્રાપ્ત થાય. ત્યાર પછી પુલાક ચારિત્રથી પાત પામે અને અચારિત્રી થાય કે અન્ય કષાયકુશીલ આદિ થાય અને ફરી પુલાકમાં આવે તો આકર્ષ દ્વારા એક ભવમાં ત્રણ વખત પુલાકનો પરિણામ પ્રાપ્ત થાય છે. ત્રણેયનું=બકુશ, પ્રતિસેવક અને કષાયકુશીલોનું શતપરિણામથી=શતપૃથક્ત્વ આકર્ષથી પ્રાપ્ત થાય છે=બસોથી નવસો વખત એક ભવમાં ફરી ફરી બકુશાદિ ત્રણમાંથી કોઈ પણ સાધુપણું પ્રાપ્ત થઈ શકે છે અને આવશ્યકમાં કહેવાયું છે. "વિરતિમાં=સર્વવિરતિમાં, શતપૃથક્ત્વ=બસોથી નવસો, આકર્ષો થાય છે" અને ભગવતીમાં કહેવાયું. "બકુશની પૃચ્છા છે=બકુશને ભવચક્રમાં કેટલા આકર્ષો થાય છે ? એ પ્રકારની ગૌતમસ્વામીની પૃચ્છા છે." ભગવાન કહે છે, હે ગૌતમ ! જઘન્યથી એક આકર્ષ હોય છે=પ્રથમ વખત જ બકુશ ચારિત્રની પ્રાપ્તિ થાય છે. ત્યારપછી પાત થાય નહિ અને પાત થાય તો ફરી વખત બકુશપણું પ્રાપ્ત થાય નહિ, એ રૂપ એક આકર્ષ છે, ઉત્કૃષ્ટથી બસોથી નવસોરૂપ શતપૃથક્ત્વ આકર્ષ છે અર્થાત્ એક ભવમાં બકુશપણાથી પાત પામે અને ફરી બકુશપણાને પામે એ રીતે ઉત્કૃષ્ટથી બસોથી નવસો વખત બકુશ ચારિત્ર પ્રાપ્ત થાય છે. એ રીતે પ્રતિસેવનાકુશીલમાં પણ બસોથી નવસો વખત ઉત્કૃષ્ટથી ચારિત્ર પ્રાપ્ત થાય છે. કષાયકુશીલમાં પણ ઉત્કૃષ્ટથી બસોથી નવસો આકર્ષ પ્રાપ્ત થાય છે." નિર્ગ્રંથના બે આકર્ષો છે. કઈ રીતે બે આકર્ષો છે ? એક ભવમાં બે વખત ઉપશમશ્રેણી કરવાથી ઉપશમ નિર્ગ્રંથપણામાં જાણવા=બે આકર્ષો જાણવા. વળી, ઉપશમ અને ક્ષપકશ્રેણી દ્વય એક ભવમાં સંભવતી નથી અને કલ્પ અધ્યયનમાં કહેવાયું છે —

"આ રીતે અપ્રતિપતિત સમ્યક્ત્વ હોતે છતે દેવ-મનુષ્યજન્મમાં અન્યતર શ્રેણીને છોડીને અથવા એક ભવથી સર્વને પ્રાપ્ત કરે છે." ।।૧।।

ઉદ્ધરણમાં 'सव्वाइं' શબ્દ છે તેનો અર્થ કરે છે. સર્વને=સમ્યક્ત્વ, દેશવિરતિ આદિ સર્વ ચારિત્રને પ્રાપ્ત કરે છે અર્થાત્ કોઈ જીવ સમ્યક્ત્વ પામ્યા પછી સમ્યક્ત્વથી પાત ન પામે તો દેવ-મનુષ્યજન્મમાં અન્યતર શ્રેણીને છોડીને સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ કે કોઈ એક શ્રેણી પ્રાપ્ત કરે છે અને કોઈ એક ભવથી સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ અને અન્યતર ભવને પ્રાપ્ત કરે છે. અન્યત્ર પણ કહેવાયું છે=બીજા ગ્રંથોમાં પણ કહેવાયું છે.

"એક ભવમાં વિલંબનથી બે વખત મોહનો ઉપશમ થાય. વળી, જે ભવમાં ઉપશમ છે ત્યાં=તે ભવમાં, મોહનો ક્ષય નથી." ॥૧॥

**વળી, આ સૈદ્ધાંતિકનો અભિપ્રાય છે. વળી, કાર્મગ્રંથિકો કહે છે=કર્મગ્રંથના વચનાનુસાર સ્વીકારનારા કહે છે. "જે સાધુ ઉત્કર્ષથી એક ભવમાં બે વખત ઉપશમશ્રેણીને પ્રાપ્ત કરે છે, તેને=તે સાધુને, તે ભવમાં નિયમથી જ ક્ષપકશ્રેણીનો અભાવ છે. વળી, જે સાધુ એકવાર ઉપશમશ્રેણીને પ્રાપ્ત કરે છે, તેને ક્ષપકશ્રેણી થાય પણ." અને સપ્તતિકા ચૂર્ણિમાં કહેવાયું છે – "જે સાધુ બે વાર ઉપશમશ્રેણીને પ્રાપ્ત કરે છે, તેને નિયમા તે ભવમાં ક્ષપકશ્રેણી નથી. જે સાધુ એક વખત ઉપશમશ્રેણીને સ્વીકારે છે, તે સાધુને ક્ષપકશ્રેણી થાય પણ" અને સ્નાતકનો એક આકર્ષ છે; કેમ કે તેને=સ્નાતક સાધુને, પ્રતિપાતનો અભાવ હોવાથી આકર્ષાંતરનો અસંભવ છે. ॥૧૨૬॥**

**ભાવાર્થ :-**

ગુણસ્થાનકને પ્રથમપણાથી પ્રાપ્ત કરાય તેને આકર્ષ કહેવાય છે. જેમ કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ ગ્રંથિદેશમાં આવેલ હોય ત્યારપછી અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ દ્વારા સમ્યક્ત્વને પ્રાપ્ત કરે તે સમ્યક્ત્વની પ્રાપ્તિ આકર્ષથી કરેલી કહેવાય છે અને તે જીવ સમ્યક્ત્વ પામે ત્યારે મિથ્યાત્વના પુંજને સમ્યક્ત્વમોહનીય મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય રૂપે વિભક્ત કરે છે અને સમ્યક્ત્વમાં સ્થિર હોય તો સમ્યક્ત્વમોહનીયના દળિયા વિપાકથી આવે છે અને મિથ્યાત્વમોહનીય તથા મિશ્રમોહનીયના દળિયા પ્રદેશોદયથી આવે છે અને સમ્યક્ત્વમોહનીયના દળિયાથી જ પ્રમાદવશ થાય ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે અને પ્રમાદમાં સાવધાન ન થાય તો મિથ્યાત્વના દળિયા વિપાકોદયથી પ્રાપ્ત થાય છે અને સમ્યક્ત્વમોહનીયના દળિયા પ્રદેશોદયથી આવે છે અને તે જીવ ફરી તત્ત્વની વિચારણામાં અપ્રમાદવાળો થાય તો અપૂર્વકરણાદિ કર્યા વગર જ આકર્ષથી સમ્યક્ત્વને પામે છે; કેમ કે સત્તામાં રહેલા સમ્યક્ત્વમોહનીયના દળિયા વિપાકમાં આવે છે અને મિથ્યાત્વના દળિયા પ્રદેશથી ઉદયમાં આવે છે. તેથી, પ્રથમનું સમ્યક્ત્વ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ દ્વારા પ્રાપ્ત થયેલું અને તે પણ આકર્ષથી જ થયેલ. ત્યારપછી તત્ત્વના ભાવનથી ફરી સમ્યક્ત્વ થાય છે, તે પણ આકર્ષથી જ થાય છે. તેમ બકુશ, પ્રતિસેવક અને કષાયકુશીલરૂપ ત્રણેય ચારિત્રો જીવને પ્રથમવાર જ્યારે પ્રાપ્ત થાય છે, ત્યારે અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણથી જ થાય છે અને તેવા ચારિત્રી પ્રમાદવશ અચારિત્રના પરિણામને પ્રાપ્ત કરે તો ફરી આકર્ષ દ્વારા તે બકુશાદિ ચારિત્રને પ્રાપ્ત કરે છે અને તે રીતે પાત અને ફરી પ્રાપ્તિ કે બકુશ ચારિત્રમાંથી પ્રતિસેવકાદિ ચારિત્રમાં જઈને ફરી બકુશત્વની પ્રાપ્તિ આકર્ષથી થાય છે અને તેવા આકર્ષો બકુશાદિ ત્રણે સાધુઓને એક ભવમાં ઉત્કર્ષથી શતપૃથક્ત્વ=બસોથી નવસો, પ્રાપ્ત થાય છે. તે જ રીતે પુલાકને પણ પુલાકપણાની પ્રાપ્તિ અને પુલાકપણાના પાતથી એક ભવમાં ત્રણ આકર્ષની પ્રાપ્તિ થાય છે.

વળી, નિર્ગ્રંથપણાની પ્રાપ્તિ એક ભવમાં બે વખત થાય છે; કેમ કે એક ભવમાં કોઈક જીવ બે વખત ઉપશમશ્રેણી પ્રાપ્ત કરી શકે છે. **॥૧૨૬॥**

ગાથા :-

उक्कोसओ जहन्नो, एगो सव्वेसि दुन्नि नाणभवे ।
उक्कोसओ अ णेया, सत्त पुलायस्स आगरिसा ।।१२७।।

ગાથાર્થ :-

ઉત્કર્ષથી કહેવાયું. જઘન્યથી સર્વને એક થાય છે. જુદા જુદા ભવોમાં જઘન્યથી બે થાય છે અને પુલાકને ઉત્કર્ષથી સાત આકર્ષો જાણવા. ।।૧૨૭।।

ટીકા :-

'उक्कोसओ'त्ति । इदं तावदुत्कर्षत उक्तम् । जघन्यतः पुनः 'सर्वेषां' पुलाकादीनामेकः एवाकर्षः, एकभवे एकवारं पुलाकादिप्राप्त्यैव सिद्धिगमनात् । 'नाणभवे'त्ति नानाभवेषु सर्वेषां द्वावाकर्षौ, एक आकर्ष एकत्र भवे द्वितीयोऽन्यत्रेत्येवं पुलाकादीनामाकर्षद्वयसम्भवात् । उत्कर्षतश्च नानाभवेषु पुलाकस्य सप्ताकर्षा ज्ञेयाः, पुलाकत्वमुत्कर्षतस्त्रिषु भवेषु स्यात्, एकत्र च तदुत्कर्षतो वारत्रयं भवति, ततश्च प्रथमभवे एक आकर्षोऽन्यत्र च भवद्वये त्रयस्त्रय इत्यादिविकल्पैः सप्त ते भवन्तीति ।।१२७।।

ટીકાર્થ :-

इदं ..... भवन्तीति ।। આ=ગાથા-૧૨૬માં કહ્યું એ, ઉત્કર્ષથી કહેવાયું=પુલાક આદિના ઉત્કર્ષથી કેટલા આકર્ષો હોય છે એ કહેવાયું. વળી, જઘન્યથી સર્વને=પુલાકાદિ પાંચેય નિર્ગ્રંથોને, એક જ આકર્ષ હોય છે; કેમ કે એક ભવમાં એકવાર પુલાકાદિની પ્રાપ્તિથી જ સિદ્ધિનું ગમન છે. જુદા જુદા ભવોમાં સર્વને બે આકર્ષ થાય છે. એક આકર્ષ એક ભવમાં અને બીજો આકર્ષ અન્ય ભવમાં, એ રીતે પુલાકાદિને આકર્ષદ્વયનો સંભવ છે અને ઉત્કર્ષથી જુદા જુદા ભવોમાં પુલાક સાધુને સાત આકર્ષો જાણવા. પુલાકત્વ ઉત્કર્ષથી ત્રણ ભવોમાં થાય=ગાથા-૧૨૫માં ભવદ્વારમાં કહેલ કે પુલાકના ઉત્કૃષ્ટ ત્રણ ભવો થાય. તે પ્રમાણે પુલાકપણું ઉત્કર્ષથી ત્રણ ભવોમાં થાય અને એક ભવમાં તે=આકર્ષ, ઉત્કર્ષથી ત્રણ વાર થાય=ગાથા-૧૨૬માં કહ્યું કે ક્રમથી એક ભવમાં પુલાકને ત્રણ આકર્ષો થાય છે. તેથી, ઉત્કર્ષથી પુલાકપણું ત્રણ વખત એક ભવમાં થાય છે અને તેથી=આ બંને કથનો કર્યાં તેથી, પ્રથમ ભવમાં એક આકર્ષ થાય છે=ભવચક્રમાં જે સાધુ ત્રણ વખત પુલાકપણું પામે છે, તે સાધુને પ્રથમ ભવમાં એક આકર્ષ થાય છે અને અન્ય બે ભવમાં ત્રણ ત્રણ આકર્ષો થાય છે. ઈત્યાદિ વિકલ્પોથી અર્થાત્ કોઈ પુલાક સાધુને પ્રથમ ભવમાં ત્રણ થાય અને બીજા ભવમાં એક થાય અને ત્રીજા ભવમાં ત્રણ થાય. વળી, અન્ય કોઈને પ્રથમ બે ભવોમાં ત્રણ ત્રણ થાય અને અન્ય ભવમાં એક થાય. એ પ્રકારના વિકલ્પોથી તે=આકર્ષ, સાત થાય છે. ।।૧૨૭।।

ગાથા :-

बउसाईणं तिण्हं, हुंति सहस्सग्गसो उ आगरिसा ।
पंचेव णियंठम्मी, ण्हायम्मि भवंतरं णत्थि ।।१२८।।

ગાથાર્થ :-

બકુશાદિ ત્રણને સહસ્ર પૃથક્ત્વ આકર્ષ થાય છે. નિર્ગ્રંથમાં પાંચ જ થાય છે. સ્નાતકમાં ભવાંતર નથી. ।।૧૨૮।।

ટીકા :-

'बउसाईणं'ति । 'बकुशादीनां त्रयाणां' बकुशप्रतिसेवककषायकुशीलानामाकर्षा भवन्ति 'सहस्सग्गसो'त्ति सहस्रपरिमाणेन सहस्रपृथक्त्वमिति भावः, तेषां खल्वष्टौ भवग्रहणान्युक्तानि, एकत्र च भवग्रहणे उत्कर्षत आकर्षाणां शतपृथक्त्वमुक्तम्, तत्र यदाऽष्टसु भवग्रहणेषूत्कर्षतो नव नव प्रत्येकमाकर्षशतानि भवन्ति तदा नवानां शतानामष्टाभिर्गुणनात् सप्त सहस्राणि शतद्वयाधिकानि स्युरिति । निर्ग्रन्थे पञ्चैवाकर्षाः, निर्ग्रन्थस्योत्कर्षतस्त्रीणि भवग्रहणानि, एकत्र च भवे द्वावाकर्षा-वित्येवमेकत्र द्वावपरत्र च द्वौ अन्यत्र चैकं क्षपकनिर्ग्रन्थत्वाकर्षं कृत्वा सिध्यतीति । स्नातके भवान्तरं नास्ति, अतो नानाभविकाकर्षचिन्ता तत्र दुरापास्तैवेति भावः ।।१२८।।

ટીકાર્થ :-

'बकुशादीनां ..... दुरापास्तैवेति भावः ।। બકુશાદિ ત્રણ સાધુઓના=બકુશ, પ્રતિસેવક, કષાયકુશીલોના સહસ્ર પરિમાણથી=સહસ્ર પૃથક્ત્વ પરિમાણથી, આકર્ષો થાય છે. તેઓને ખરેખર આઠ ભવગ્રહણો કહેવાયા છે=બકુશાદિના આઠ ભવો ઉત્કૃષ્ટથી કહેવાયા છે અને એક ભવમાં ઉત્કર્ષથી આકર્ષોનું સત્પૃથક્ત્વ કહેવાયું. ત્યાં=બકુશાદિ ચારિત્રમાં, જ્યારે આઠેય ભવગ્રહણોમાં ઉત્કર્ષથી પ્રત્યેક ભવને આશ્રયીને નવસો નવસો આકર્ષો થાય છે, ત્યારે નવસોને આઠથી ગુણવાને કારણે સાત હજાર બસો થાય. નિર્ગ્રંથમાં પાંચ જ આકર્ષો થાય છે. કઈ રીતે પાંચ થાય છે ? તે બતાવે છે. નિર્ગ્રંથ સાધુના ઉત્કર્ષથી ત્રણ ભવગ્રહણો છે અને એક ભવમાં બે આકર્ષો થાય છે. એ રીતે=એક ભવમાં બે આકર્ષ થાય છે, એ રીતે એક ભવમાં બે અને બીજા ભવમાં બે, અન્યત્ર=ત્રીજા ભવમાં એક, ક્ષપક નિર્ગ્રંથત્વના આકર્ષને કરીને સિદ્ધ થાય છે. સ્નાતકમાં ભવાંતર નથી. આથી ત્યાં=સ્નાતકમાં, જુદા જુદા ભવને આશ્રયીને આકર્ષની ચિંતા થાય એમ જ નથી. ।।૧૨૮।।

ભાવાર્થ :-

ગાથા-૧૨૬માં ઉત્કર્ષથી એક ભવમાં કોને કેટલા આકર્ષો થાય છે, તે બતાવ્યું. હવે જઘન્યથી પુલાકાદિ સાધુઓને એક ભવમાં કેટલા આકર્ષો થાય છે અને અનેક ભવોમાં જઘન્યથી કેટલા આકર્ષો થાય છે તે

બતાવે છે. પુલાકાદિ સર્વ સાધુઓને એક ભવમાં એક જ આકર્ષ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે પુલાકથી માંડીને સ્નાતક સુધીના સર્વ સાધુઓને એક ભવમાં એક આકર્ષ થાય છે અને ત્યારપછી અવશ્ય મોક્ષમાં જાય છે. જેમ કોઈ સાધુ પ્રથમવાર પુલાકપણાને પામે ત્યાર પછી કષાયકુશીલ થઈને મોક્ષમાં જાય તો પુલાકપણાનો આકર્ષ એક જ પ્રાપ્ત થાય છે. તે રીતે બકુશાદિ સાધુ પણ એક ભવમાં જ બકુશપણાને પામે ત્યારે એક આકર્ષ પ્રાપ્ત થાય છે. ત્યારપછી કષાયકુશીલ થઈને મોક્ષમાં જાય તો એક આકર્ષની પ્રાપ્તિ થાય છે.

વળી, કોઈ પુલાક સાધુને એક ભવમાં પુલાકપણાની પ્રાપ્તિ થાય ત્યારે એક આકર્ષની પ્રાપ્તિ થાય. ત્યાર પછી તે કષાયકુશીલ થઈને દેવાદિ ભવમાં જાય. ફરી બીજા ભવમાં કષાયકુશીલ થઈને મોક્ષમાં જાય તોપણ જઘન્યથી પુલાકને એક આકર્ષની પ્રાપ્તિ થાય છે; કેમ કે બીજા ભવમાં પુલાકપણાની પ્રાપ્તિ થઈ નથી. એ રીતે બકુશાદિ સાધુઓ પણ એક ભવમાં બકુશ થઈને, ત્યાર પછી કષાયકુશીલાદિ થઈને મોક્ષમાં જાય તો બકુશ ચારિત્રના જઘન્યથી એક આકર્ષની પ્રાપ્તિ થાય છે. પ્રતિસેવકકુશીલ પણ એક ભવમાં એક આકર્ષ પામીને કષાયકુશીલ થાય અને મોક્ષમાં જાય તો એક ભવમાં એક આકર્ષની પ્રાપ્તિ થાય છે.

વળી, કોઈ કષાયકુશીલ સાધુ કષાયકુશીલ થયા પછી પાત ન પામે અને તે જ ભવમાં મોક્ષમાં જાય તો જઘન્યથી એક આકર્ષની પ્રાપ્તિ થાય. વળી, કષાયકુશીલ સાધુ તે ભવમાં મોક્ષમાં ન જાય તો ફરી બીજા ભવમાં કષાયકુશીલ થયા વગર મોક્ષમાં જઈ શકે નહિ. તેથી, બકુશ અને પ્રતિસેવક જેમ બીજા ભવમાં કષાયકુશીલ થઈને મોક્ષમાં જાય તો જઘન્યથી એક આકર્ષ પ્રાપ્ત થાય છે, તેમ કષાયકુશીલને બીજા ભવની પ્રાપ્તિ થાય તો જઘન્યથી એક આકર્ષની પ્રાપ્તિ થાય નહિ. પરંતુ બે આકર્ષથી મોક્ષમાં જઈ શકે છે.

વળી, અનેક ભવોની દૃષ્ટિએ વિચારીએ તો જઘન્યથી બધાને બે આકર્ષ થાય છે અર્થાત્ સ્નાતકને અને પુલાક સાધુને છોડીને અન્ય સર્વને બે આકર્ષ થાય છે. તેથી, અનેક ભવોની દૃષ્ટિએ વિચારીએ તો જઘન્યથી બે ભવ ગ્રહણ કરવા પડે અને જે સાધુ બે ભવમાં પુલાકાદિને પ્રાપ્ત કરે તો તેમને જઘન્યથી બે આકર્ષોની પ્રાપ્તિ થાય. વળી, ઉત્કર્ષથી અનેક ભવોને આશ્રયીને વિચારીએ તો પુલાકને સાત આકર્ષો થાય છે. જેમ કોઈ સાધુ આખા ભવચક્રમાં ત્રણ વખત પુલાકપણું પામે પછી અવશ્ય મોક્ષમાં જાય છે અને એક ભવમાં પુલાકપણાની પ્રાપ્તિ આકર્ષ દ્વારા ત્રણ વખત થઈ શકે છે. તે પ્રમાણે ત્રણ ભવમાં પુલાકપણું વિચારીએ તો નવ વખત પ્રાપ્ત થઈ શકે તોપણ તે ત્રણ ભવોમાંથી કોઈ એક ભવમાં પુલાકપણું આકર્ષ દ્વારા એક જ વખત પ્રાપ્ત થાય છે. તેથી પુલાકપણું ઉત્કૃષ્ટથી સાત વખત પ્રાપ્ત થાય છે.

આ રીતે પુલાકાદિ સાધુઓનો એક ભવને આશ્રયીને અને અનેક ભવોને આશ્રયીને જઘન્યથી કેટલા આકર્ષો થાય છે, તે બતાવ્યું. ત્યારપછી અનેક ભવોમાં ઉત્કર્ષથી પુલાક ચારિત્રના કેટલા આકર્ષો થાય છે તે બતાવ્યા. હવે, બકુશાદિ અન્ય ચારિત્રીઓને ઉત્કર્ષથી કેટલા આકર્ષો થાય છે, તે બતાવે છે. બકુશ ચારિત્રી, પ્રતિસેવક ચારિત્રી અને કષાયકુશીલ ચારિત્રી અનેક ભવોમાં આકર્ષ દ્વારા ફરી ફરી બકુશત્વને સહસ્ર પૃથક વખત પ્રાપ્ત કરે છે અને તે સહસ્ર પૃથક્ સાત હજાર બસો સુધી ઉત્કર્ષથી થઈ શકે છે. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ મહાત્મા બકુશ ચારિત્રને પામ્યા પછી ચારિત્રથી પાત પામે કે કષાયકુશીલાદિ અન્ય

ચારિત્રને પામે અને ફરી બકુશત્વને પ્રાપ્ત કરે, એ રીતે એક ભવમાં ઉત્કર્ષથી નવસો વખત પ્રાપ્ત થાય અને તે રીતે આઠ ભવો સુધી દરેક ભવમાં બકુશ ચારિત્રને પામે અને વારંવાર પાત આદિ દ્વારા અચારિત્રી થાય કે અન્ય ચારિત્રી થાય અને ફરી બકુશપણાને પામે તે રીતે આખા ભવચક્રમાં આઠ ભવગ્રહણ સુધી ફરી ફરી બકુશ ચારિત્રની પ્રાપ્તિ સાત હજાર બસો વખત ઉત્કર્ષથી પ્રાપ્ત થઈ શકે છે. તે રીતે પ્રતિસેવના-કુશીલ અને કષાયકુશીલમાં પણ ઉત્કર્ષથી સાત હજાર બસો વખત પ્રાપ્તિ થાય છે. ફક્ત બકુશ ચારિત્રી અને પ્રતિસેવક ચારિત્રી કષાયકુશીલ થઈને જ નિર્ગ્રંથભાવને પ્રાપ્ત કરી શકે છે. જ્યારે કષાયકુશીલ સાધુ સ્વયં ઉત્તરોત્તરના કષાયકુશીલના સંયમસ્થાનને પ્રાપ્ત કરીને નિર્ગ્રંથભાવને પામે છે.

વળી, નિર્ગ્રંથમાં ઉપશાંત નિર્ગ્રંથ હોય છે, તેઓને આખા ભવચક્રમાં ઉત્કર્ષથી પાંચ આકર્ષો પ્રાપ્ત થાય છે; કેમ કે નિર્ગ્રંથ સાધુના ઉત્કર્ષથી ત્રણ ભવો થાય છે. તેમાં કોઈ મહાત્મા એક ભવમાં બે વખત ઉપશમશ્રેણી પર આરોહણ કરીને અગિયારમા ગુણસ્થાનકે નિર્ગ્રંથ થાય, ત્યાર પછી પાત પામીને દેવભવમાં જાય કે પ્રમાદવશ દુર્ગતિઓમાં પણ પરિભ્રમણ કરે. ફરી કોઈક ભવોમાં સંયમ ગ્રહણ કરીને ઉપશમશ્રેણી પ્રાપ્ત કરે. ત્યારે ફરી બે વખત ઉપશમશ્રેણી પામીને નિર્ગ્રંથભાવને પ્રાપ્ત કરે. ત્યાર પછી દેવાદિ ભવમાં જઈને મનુષ્યભવની પ્રાપ્તિથી અવશ્ય ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરે, ત્યારે ફરી નિર્ગ્રંથભાવની પ્રાપ્તિ થાય છે. તેથી ફલિત થાય છે કે મહાપરાક્રમ કરીને ઉપશમશ્રેણીને પામેલા જીવો પણ પ્રમાદવશ ફરી સંસારની કદર્થના પામે છે છતાં નિર્ગ્રંથભાવની પ્રાપ્તિ આખા ભવચક્રમાં પાંચ વખતથી વધુ વખત પ્રાપ્ત થતી નથી.

વળી, સ્નાતક ચાર ઘાતીકર્મોના ક્ષયથી થનારા છે. તેથી તેઓને ભવાંતરપ્રાપ્તિ થતી નથી. ફક્ત સ્નાતક થાય છે, ત્યારે એક જ આકર્ષ પ્રાપ્ત થાય છે.

અહીં આકર્ષદ્વાર, પરિણામદ્વાર અને ઉપસંપદ્હાનદ્વાર ત્રણેય દ્વારો બકુશાદિ ચારિત્રમાં કઈ રીતે થાય છે ? તેની વિચારણા કરવાથી માર્ગાનુસારી બોધ થાય છે. જેમ કોઈ બકુશ ચારિત્રી પરિણામદ્વારની અપેક્ષાએ ક્યારેક બકુશના કોઈક સંયમસ્થાનમાં અવસ્થિત હોય છે. ક્યારેક ઉપર ઉપરના સંયમસ્થાનમાં જાય છે તો ક્યારેક નીચે નીચેના સંયમસ્થાનમાં પણ આવે છે, ત્યારે માત્ર પરિણામદ્વારની જ પ્રાપ્તિ છે. વળી, તે બકુશ ચારિત્રી જ પ્રમાદવશ અચારિત્રી થાય, ફરી તત્ત્વના ભાવનથી બકુશ ચારિત્રને પ્રાપ્ત કરે, ત્યારે આકર્ષની પ્રાપ્તિ થાય છે; કેમ કે પ્રથમ વખત બકુશ ચારિત્ર પામે ત્યારે આકર્ષથી જેમ બકુશ ચારિત્ર પ્રાપ્ત થયું તેમ પાત પછી પણ ફરી ચારિત્રના સ્વરૂપનું પારમાર્થિક પર્યાલોચન કરવાથી આકર્ષ દ્વારા ફરી બકુશ ચારિત્રની પ્રાપ્તિ થાય છે અને તે વખતે તે મહાત્મા પ્રથમ વખત બકુશ ચારિત્રને પામીને જે પાત પામ્યા ત્યાં ઉપસંપદ્હાનદ્વારની પ્રાપ્તિ થાય છે. **॥૧૨૭-૧૨૮॥**

**અવતરણિકા :-**

**कथितमाकर्षद्वारम् । अथ कालद्वारमाह—**

**અવતરણિકાર્થ :-**

**આકર્ષદ્વાર કહેવાયું. હવે કાલદ્વારને કહે છે—**

ગાથા :-

कालो ठाणं सो खलु, अंतमुहुत्तं दुहा पुलायस्स ।
तिण्ह जहण्णो समओ, उक्किट्ठो पुव्वकोडूणा ।।१२९।।

ગાથાર્થ :-

કાલ સ્થાન છે. તે ખરેખર પુલાકને બે પ્રકારનો અંતર્મુહૂર્ત છે. ત્રણ સાધુઓને=બકુશાદિ ત્રણ મહાત્માઓને, જઘન્ય સમય છે. ઉત્કૃષ્ટ કંઈક ઊન પૂર્વકોટિ છે. ।।૧૨૯।।

ટીકા :-

'कालो ठाणं'ति । काल इह 'स्थानं' तद्भावेनावस्थानमानमुच्यते । स खलु 'द्विधा' जघन्यत उत्कर्षतश्च, पुलाकस्यान्तर्मुहूर्त्तम्, पुलाकत्वं प्रतिपन्नः खल्वन्तर्मुहूर्त्तापरिपूर्त्तौ न म्रियते नापि प्रतिपततीति जघन्यतोऽन्तर्मुहूर्त्तमुत्कर्षतोऽप्यन्तर्मुहूर्त्तम्, एतत्प्रमाणत्वादेव तत्स्वभावस्येति । 'त्रयाणां' बकुशप्रतिसेवक-कषायकुशीलानां जघन्यः 'समयः' कालः, बकुशादेश्चरणप्रतिपत्त्यनन्तरसमय एव मरणसम्भवात् । उत्कर्षतः पूर्वकोटी 'ऊना' देशोना, सा च पूर्वकोट्यायुषोऽष्टवर्षान्ते चरणप्रतिपत्तौ द्रष्टव्या ।।१२९।।

ટીકાર્થ :-

काल इह ..... द्रष्टव्या ।। અહીં=સંયમસ્થાનમાં, કાલસ્થાન છે=તે ભાવથી અવસ્થાનનું પ્રમાણ કહેવાય છે=પુલાક આદિ ભાવથી કેટલા સમય સુધી અવસ્થાન થઈ શકે તેનું પ્રમાણ કહેવાય છે. તે=ગુણસ્થાનકમાં અવસ્થાનનો કાલ, બે પ્રકારે=જઘન્યથી અને ઉત્કર્ષથી બે પ્રકારે, પુલાકનો અંતર્મુહૂર્ત છે. પુલાકપણાને પામેલા અંતર્મુહૂર્ત પૂરું થયા વગર મૃત્યુ પામતા નથી. વળી, પાત પણ પામતા નથી. એથી જઘન્યથી અંતર્મુહૂર્ત છે. ઉત્કર્ષથી પણ અંતર્મુહૂર્ત છે=પુલાકના સંયમસ્થાનનો અવસ્થાનકાળ ઉત્કર્ષથી પણ અંતર્મુહૂર્ત છે; કેમ કે તદ્સ્વભાવનું=પુલાકત્વ સ્વભાવનું, આટલું પ્રમાણપણું છે=એક અંતર્મુહૂર્તમાં તે અવશ્ય અન્ય ચારિત્રને પ્રાપ્ત કરે છે કે પાત પામે છે. ત્રણેયનું=બકુશ, પ્રતિસેવક અને કષાયકુશીલ સાધુઓનો જઘન્ય કાલસમય છે=એક સમય છે; કેમ કે બકુશાદિ ચારિત્રની પ્રાપ્તિના અનંતર સમયમાં જ મરણનો સંભવ છે. ઉત્કર્ષથી ઊન પૂર્વકોટિ છે=દેશથી ઊન પૂર્વકોટિ વર્ષ છે અને તે=ઉત્કર્ષથી દેશ ઊન પૂર્વકોટિ ચારિત્રની પ્રાપ્તિ, પૂર્વકોટિ આયુષ્યવાળાને આઠ વર્ષના અંતમાં ચારિત્રની પ્રાપ્તિ થયે છતે જાણવી. ।।૧૨૯।।

ભાવાર્થ :-

કોઈ સાધુ સંયમસ્થાનને પ્રાપ્ત કર્યા પછી તે સંયમસ્થાનથી પાત ન પામે અને તેના તે સંયમસ્થાનમાં કેટલો કાળ રહી શકે છે, તે કાલદ્વારથી બતાવાય છે. પુલાક સાધુ પુલાકપણાને પામ્યા પછી જઘન્યથી પણ અંતર્મુહૂર્ત પુલાકપણામાં જ રહે છે, તેના પૂર્વે પાત પામતા નથી અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત પછી તે

પુલાક સાધુ કાં પાત પામશે કાં કષાયકુશીલ સંયમસ્થાનમાં જશે. પરંતુ પુલાકપણામાં અંતર્મુહૂર્તથી અધિક અવસ્થાન નથી.

વળી, બકુશ, પ્રતિસેવક અને કષાયકુશીલ સાધુ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ દ્વારા સંયમસ્થાનને પ્રાપ્ત કરવા યત્ન કરે છે અને અનિવૃત્તિકરણ સુધી સંયમસ્થાનની પ્રાપ્તિ થયેલ નહિ, પરંતુ અનિવૃત્તિકરણની સમાપ્તિના પછીના સમયે તે તે ચારિત્ર પ્રાપ્ત થતું બીજા સમયે આયુષ્ય પૂર્ણ થાય તો એક સમય માત્ર જ ચારિત્રનો પરિણામ સ્પર્શે છે. ત્યારપછી મૃત્યુ થવાને કારણે દેવભવમાં અવિરતિની પ્રાપ્તિ થાય છે. આ કથનથી પણ જણાય છે કે તત્ત્વના શ્રવણકાળમાં કોઈ મહાત્મા નિર્ગ્રંથભાવના પારમાર્થિક સ્વરૂપનું શ્રવણ કરતા હોય ત્યારે ચારિત્રની પ્રાપ્તિને અનુકૂળ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ થવાનો સંભવ રહે છે અને અનિવૃત્તિકરણ કરીને શ્રવણકાળમાં જ એક સમય ચારિત્રને સ્પર્શીને સુખપૂર્વક વૈમાનિક દેવભવને પ્રાપ્ત કરે છે.

વળી, ઉત્કર્ષથી કોઈ સાધુ બકુશાદિ સંયમસ્થાનને પામેલા હોય અને તે જ સંયમસ્થાનમાં પાત વગર આઠ વર્ષ ઓછા પૂર્વકોટિ વર્ષ સુધી રહી શકે છે; કેમ કે જેનું ચિત્ત તત્ત્વથી ભાવિત છે, અંતરંગ કષાયો સ્ખલના કરે તે રીતે પ્રવર્તતા નથી, પરંતુ તત્ત્વના ભાવનથી મૂર્ચ્છિત અવસ્થા જેવા છે, તેના કારણે સ્વીકારાયેલી સંયમની પરિણતિમાં દેશ ઊન પૂર્વકોટિ વર્ષ સુધી સ્ખલના વગર રહી શકે છે. ક્વચિત્ સૂક્ષ્મ પ્રમાદ થાય તોપણ અતિચારથી અધિક દોષની પ્રાપ્તિ થતી નથી. તેથી, સંયમસ્થાનથી પાત ન થાય તે રીતે અતિચારની શુદ્ધિ કરે છે. **॥૧૨૯॥**

**ગાથા :-**

**णिग्गंथे अ जहन्नो, समओ अंतोमुहुत्तयं इयरो ।**
**इय भगवईइ भणियं, अंतमुहुत्तं दुहा वऽण्णे ।।१३०।।**

**ગાથાર્થ :-**

**અને નિર્ગ્રંથમાં જઘન્ય સમય અને ઈતર=ઉત્કૃષ્ટ, અંતર્મુહૂર્ત છે, એ પ્રમાણે ભગવતીમાં કહેવાયું છે. વળી, અન્ય બંને પ્રકારે પણ અંતર્મુહૂર્ત કહે છે. ।।૧૩૦।।**

**ટીકા :-**

**'णिग्गंथे अ'त्ति । निर्ग्रन्थे च जघन्यः कालः समयः, उपशान्तमोहस्य प्रथमसमय एव मरणसम्भवात् । 'इतरः' उत्कृष्टः कालोऽन्तर्मुहूर्त्तम्, निर्ग्रन्थाद्धाया एतत्प्रमाणत्वात्, इत्येतद् भगवत्यां भणितम्, तथा च तदालापः—"णियंठे पुच्छा, गोयमा ! जहण्णेणं एक्कं समयं उक्कोसेणं अंतोमुहुत्तं"ति । अन्ये पुनः 'द्विधाऽपि' जघन्यत उत्कर्षतश्चान्तर्मुहूर्त्तं निर्ग्रन्थकालं ब्रुवते, तदुक्तमुत्तराध्ययनवृत्तौ— "अन्ये तु निर्ग्रन्थेऽपि जघन्यत उत्कृष्टतश्चान्तर्मुहूर्त्तमेवेति मन्यन्ते" इति ।।१३०।।**

**ટીકાર્થ :-**

**निर्ग्रन्थे च ..... मन्यन्ते" इति ।। અને નિર્ગ્રંથમાં જઘન્ય કાળ સમય છે=એક સમય છે; કેમ કે ઉપશાંતમોહવાળાને પ્રથમ સમયમાં જ=નિર્ગ્રંથભાવની પ્રાપ્તિના પ્રથમ સમયમાં જ, મરણનો સંભવ છે. વળી, ઈતર=ઉત્કૃષ્ટકાળ, અંતર્મુહૂર્ત છે; કેમ કે નિર્ગ્રંથના કાળમાનનું આટલું પ્રમાણપણું છે. એ પ્રમાણે આ=નિર્ગ્રંથનો જઘન્ય અને ઉત્કૃષ્ટકાળ એ ભગવતીમાં કહેવાયો છે અને તે પ્રમાણે તેનો આલાપ છે=ભગવતીનું કથન છે – "નિર્ગ્રંથમાં પૃચ્છા=નિર્ગ્રંથ વિષયક કાળમાનમાં પૃચ્છા. ભગવાન ઉત્તર આપે છે. હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત." વળી, અન્ય બંને પણ= જઘન્યથી અને ઉત્કૃષ્ટથી નિર્ગ્રંથકાળને અંતર્મુહૂર્ત કહે છે. તે ઉત્તરાધ્યયન વૃત્તિમાં કહેવાયું છે. વળી, અન્ય નિર્ગ્રંથમાં પણ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત જ માને છે. ॥૧૩૦॥**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્મા નિર્ગ્રંથભાવને અભિમુખ પરિણામવાળા હોય અને ઉપશમશ્રેણી માંડી નથી તોપણ ઉપશમશ્રેણીને અભિમુખ વીર્ય ઉલ્લસિત થઈ રહ્યું છે, તેઓ પ્રમત્તગુણસ્થાનકે અનુત્તર દેવભવનું આયુષ્ય બાંધીને ઉપશમશ્રેણી માંડે અને અગિયારમા ગુણસ્થાનકને સ્પર્શે તે જ સમયે જો આયુષ્ય પૂર્ણ થાય તો નિર્ગ્રંથનો જઘન્યકાળ એક સમયનો પ્રાપ્ત થાય છે; કેમ કે અગિયારમા ગુણસ્થાનકના પ્રથમ સમયે જ તે મહાત્મા ઉપશાંત નિર્ગ્રંથ થયા અને કાળ કરીને દેવભવમાં અવિરતિના ઉદયવાળા થાય છે.

વળી, કોઈ મહાત્મા અગિયારમા ગુણસ્થાનકે આવીને ઉપશાંત નિર્ગ્રંથ થાય ત્યાર પછી અવશ્ય અંતર્મુહૂર્તમાં નિર્ગ્રંથભાવમાં રહીને પ્રતિલોમથી ઉપશમશ્રેણીથી નીચેના ગુણસ્થાનકમાં જાય છે. તેથી ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્તથી અધિક ઉપશાંત નિર્ગ્રંથનો કાળ નથી અને ક્ષપક નિર્ગ્રંથ પણ અંતર્મુહૂર્તમાં ઘાતીકર્મનો ક્ષય કરીને અવશ્ય સ્નાતક થાય છે. તેથી, અંતર્મુહૂર્તથી અધિક નિર્ગ્રંથભાવમાં કોઈ મહાત્મા રહેતા નથી. અહીં, મતાંતરથી જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત જ છે. **॥૧૩૦॥**

**ગાથા :-**

**ण्हाए अंतमुहुत्तं, जहन्नओ इयरओ अ पुव्वाणं ।**
**देसूणा कोडी खलु, एगत्तेणं इमं भणियं ।।१३१।।**

**ગાથાર્થ :-**

**સ્નાતકમાં જઘન્યથી કાળ અંતર્મુહૂર્ત છે. ઈતર=ઉત્કૃષ્ટ કાળ, દેશોન પૂર્વકોટિ છે. આ=ગાથા-૧૨૯, ૧૩૦, ૧૩૧માં કહ્યું એ, એકત્વથી કહ્યું છે=પુલાકાદિ એક વ્યક્તિને આશ્રયીને કહ્યું છે. ॥૧૩૧॥**

**ટીકા :-**

**'ण्हाए'त्ति । 'स्नाते' स्नातके जघन्यतः कालोऽन्तर्मुहूर्त्तम्, आयुष्कान्तिममुहूर्त्ते केवलोत्पत्तौ**

स्नातकस्य जघन्यत एतावत्कालस्य प्राप्यमाणत्वात् । 'इतरः' उत्कृष्टश्च कालः पूर्वाणां कोटी खलु देशोना, इदमेकत्वेन पुलाकादीनामेकत्वापेक्षया भणितम् ।।१३१।।

**ટીકાર્થ :-**

'स्नाते' ..... भणितम् ।। સ્નાતકમાં જઘન્યથી કાળ અંતર્મુહૂર્ત છે; કેમ કે આયુષ્યના અંતિમ મુહૂર્તમાં કેવલ ઉત્પત્તિ થયે છતે સ્નાતકનું જઘન્યથી આટલા કાળનું પ્રાપ્યમાણપણું છે. વળી, ઉત્કૃષ્ટ કાળ=સ્નાતકનો કાળ, દેશથી ઊન પૂર્વકોટિ વર્ષ છે. આ=ગાથા-૧૨૯થી અત્યાર સુધી કહ્યું એ, એકત્વથી=એક પુરુષને આશ્રયીને એકપણાથી અર્થાત્ પુલાકાદિની એકપણાની અપેક્ષાથી કહેવાયું છે. ॥૧૩૧॥

**અવતરણિકા :-**

अथानेकत्वापेक्षयोच्यते–

**અવતરણિકાર્થ :-**

હવે, અનેકત્વની અપેક્ષાથી=અનેક પુલાકાદિ સાધુઓની અપેક્ષાથી, કહેવાય છે=જઘન્ય, ઉત્કૃષ્ટકાળમાં કહેવાય છે–

**ગાથા :-**

**बउसाई सव्वद्धं, पुहुत्तओ तह पुलायणिग्गंथा ।**
**इक्कसमयं जहन्ना, इयरे अंतोमुहुत्तं तु ।।१३२।।**

**ગાથાર્થ :-**

**બકુશાદિ પૃથક્પણાથી=અનેકપણાથી, સર્વ અદ્ધા હોય છે=સર્વ કાળ હોય છે અને પુલાક અને નિર્ગ્રંથ સાધુ જઘન્યથી એકસમય હોય છે. ઉત્કૃષ્ટથી વળી અંતર્મુહૂર્ત હોય છે. ॥૧૩૨॥**

**ટીકા :-**

'बउसाइ'त्ति । 'पृथक्त्वतः' पृथक्त्वं-नानात्वं ततः-तदपेक्ष्येत्यर्थः बकुशादयः 'सर्वाद्धं' सर्वकालं भवन्ति, प्रत्येकं तेषां बहुस्थितिकत्वात् । तथा पुलाकनिर्ग्रन्थौ 'जघन्यौ' जघन्यकालौ एकसमयं भवतः । तत्र पृथक्त्वेन निर्ग्रन्थैकसमयभावना एकत्वपक्षवदेव, निर्ग्रन्थानामुपशान्तमोहे समसमयमेव समयानन्तरं मरणसम्भवात् । पुलाकानां पृथक्त्वेन जघन्यत एकसमयभावना चेयम् – एकस्य पुलाकस्य योऽन्तर्मुहूर्त्तकालः तस्यान्त्यसमयेऽन्यः पुलाकत्वं प्रपन्न इत्येवं जघन्यत्वविवक्षायां द्वयोः पुलाकयोरेकत्र समये सद्भावः, द्वित्वे च जघन्यं पृथक्त्वं भवतीति । 'इतरौ' उत्कृष्टकालौ पुलाकनिर्ग्रन्थौ 'अन्तर्मुहूर्त्तं तु' अन्तर्मुहूर्त्तमेव भवतः । यद्यपि पुलाका उत्कर्षत एकदा सहस्रपृथक्त्वपरिमाणाः

प्राप्यन्ते तथाऽप्यन्तर्मुहूर्त्तत्वात्तदद्धाया बहुत्वेऽपि तेषामन्तर्मुहूर्त्तमेव तत्कालः, केवलं बहूनां स्थितौ यदन्तर्मुहूर्त्तं तदेकपुलाकस्थित्यन्तर्मुहूर्त्तान्महत्तरमित्यवसेयम् । निर्ग्रन्थेऽप्येवमेव भावनीयम् ।।१३२।।

**ટીકાર્થ :-**

**'पृथक्त्वतः' ..... भावनीयम् ।। પૃથક્ત્વથી અર્થાત્ પૃથક્ત્વ જુદાજુદાપણું છે. તેનાથી=જુદા જુદા બકુશાદિ સાધુઓને આશ્રયીને, એ પ્રકારનો અર્થ છે. બકુશાદિ સાધુઓ સર્વ કાળ હોય છે; કેમ કે પ્રત્યેકને આશ્રયીને તેઓનું બહુસ્થિતિકપણું છે અર્થાત્ બકુશ, પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ સાધુ સર્વ કાળ પ્રાપ્ત થાય છે, તેનો વિરહકાળ નથી; કેમ કે કોઈ એક બકુશાદિ સાધુને આશ્રયીને તેઓ દીર્ઘકાળ સુધી બકુશાદિ ભાવમાં રહી શકે છે. તેથી વિરહકાળ નથી અને પુલાક અને નિર્ગ્રંથ બે સાધુઓનો જઘન્યકાળ એક સમય છે; કેમ કે ત્યાં પૃથક્ત્વપણાથી=જુદા જુદા પુલાકના અવલંબનથી નિર્ગ્રંથના એક સમયની ભાવના એકત્વ પક્ષની જેમ જ છે; કેમ કે નિર્ગ્રંથોનું=અનેક નિર્ગ્રંથોનું, ઉપશાંત મોહમાં સાથે જ એક સમય અનંતર મરણનો સંભવ છે અને પુલાકોનું પૃથક્પણાથી જઘન્યથી એક સમયની ભાવના આ છે. એક પુલાકનો જે અંતર્મુહૂર્તકાળ છે, તેના અંત્ય સમયમાં અન્ય પુલાકપણાને પામે છે. એ રીતે જઘન્યત્વની વિવક્ષામાં બંને પુલાકોનો એક સમયમાં સદ્ભાવ છે અને બે પુલાકપણામાં જઘન્ય પૃથક્ત્વ થાય છે=જઘન્ય નાનાપણું થાય છે.**

પુલાક અને નિર્ગ્રંથ સાધુઓમાં અનેક પુલાકો અને નિર્ગ્રંથોને આશ્રયીને જઘન્યકાળ એક સમય કઈ રીતે થાય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે. અનેક નિર્ગ્રંથને આશ્રયીને નિર્ગ્રંથના એક સમયની ભાવના એક નિર્ગ્રંથમાં જેમ કરી એમ જ જાણવી; કેમ કે એકસાથે ચાર-પાંચ મહાત્માઓ આયુષ્ય બાંધીને ઉપશમશ્રેણી પર ચઢે અને ઉપશાંત મોહ ગુણસ્થાનકને પામીને ઉપશાંતમોહ અવસ્થાને એક સમયે સ્પર્શે અને તે સર્વ મહાત્માઓ કાળ કરીને અનુત્તરમાં જાય ત્યારે નિર્ગ્રંથભાવની પ્રાપ્તિવાળા જગતમાં અનેક જીવોને આશ્રયીને પણ એક જ સમય પ્રાપ્ત થાય છે. ફક્ત તે સમયે કોઈક ક્ષીણ નિર્ગ્રંથ વિદ્યમાન નથી. તેથી એક સમયની પ્રાપ્તિ થઈ. જો ક્ષીણ કષાયવાળા નિર્ગ્રંથ તે વખતે જ કોઈ હોય તો તે ક્ષપક નિર્ગ્રંથનો કાળ અંતર્મુહૂર્ત હોવાથી એક સમયનો પ્રાપ્ત થાય નહિ. વળી, પુલાક સાધુનો જઘન્યકાળ પણ અંતર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટકાળ પણ અંતર્મુહૂર્ત છે. પરંતુ અનેક પુલાકોનો જઘન્યકાળ એક સમય પ્રાપ્ત થઈ શકે છે. કઈ રીતે પ્રાપ્ત થઈ શકે છે ? તે સ્પષ્ટ કરે છે. બે પુલાક હોય તોપણ જઘન્યથી અનેક કહેવાય છે અને કોઈ એક પુલાક સાધુ પુલાકપણાને પામ્યા તે પુલાક સાધુના અંતર્મુહૂર્તકાળનો જે છેલ્લો સમય છે, તે સમયે જ અન્ય કોઈ સાધુ પુલાક ચારિત્રને પ્રાપ્ત કરે તો તે એક સમયમાં બે પુલાક સાધુની પ્રાપ્તિ થાય અને તે પૂર્વના પુલાક સાધુ તો અંત્ય સમય પછી કષાયકુશીલ આદિ થઈને પુલાકત્વનો ત્યાગ કરે છે. તેથી, અંત્ય સમય પછી બીજા પુલાક થયેલા સાધુ અંતર્મુહૂર્ત રહેશે તોપણ અનેક પુલાકની પ્રાપ્તિ નથી, પરંતુ એક પુલાકની પ્રાપ્તિ છે. તેથી એક સમયમાં બે પુલાકોની પ્રાપ્તિ થઈ. તેથી અનેક પુલાકોને આશ્રયીને એક સમયની પ્રાપ્તિ સંગત છે.

**ઈતર=ઉત્કૃષ્ટકાળવાળા પુલાક અને નિર્ગ્રંથ સાધુ બંને, અંતર્મુહૂર્ત જ હોય છે. જોકે પુલાક**

**સાધુઓ ઉત્કર્ષથી એક સાથે બે હજારથી નવ હજાર પરિમાણવાળા પ્રાપ્ત થાય છે. તેના કાલનું=પુલાકના કાલનું, અંતર્મુહૂર્તપણું હોવાથી બહુપણામાં પણ તેઓને અંતર્મુહૂર્ત જ તે કાળ છે=પુલાકપણાનો તે કાળ છે. ફક્ત ઘણાની સ્થિતિમાં જે અંતર્મુહૂર્ત છે, તે એક પુલાકની સ્થિતિના અંતર્મુહૂર્તથી મોટું અંતર્મુહૂર્ત છે, એ પ્રમાણે જાણવું અર્થાત્ જગતમાં ઉત્કૃષ્ટથી બે હજારથી નવ હજાર પુલાક સાધુ થાય છે, તે સર્વ એક જ સમયે થયા હોય તો તે અંતર્મુહૂર્ત પછી અવશ્ય તેઓ પુલાકપણાનો ત્યાગ કરે છે અને કોઈક કોઈક સમયને આશ્રયીને ભિન્ન ભિન્ન સમયને આશ્રયીને બે હજારથી નવ હજાર પુલાકો થયા હોય તો એક પુલાક સાધુની સ્થિતિના અંતર્મુહૂર્ત સ્થિતિ કરતાં કંઈક મોટા અંતર્મુહૂર્ત સુધી પુલાક સાધુઓની પ્રાપ્તિ થાય. ત્યાર પછી તે પુલાક સાધુનો વિરહ પ્રાપ્ત થાય. તેથી અનેક પુલાકને આશ્રયીને પણ મોટા અંતર્મુહૂર્તથી અધિકાળ પ્રાપ્ત થતો નથી. નિર્ગ્રંથનું પણ અંતર્મુહૂર્ત પુલાકની જેમ જ ભાવન કરવું અર્થાત્ કોઈ નિર્ગ્રંથ સાધુઓ એકસાથે અનેક થયા હોય અને કોઈ સમયના આંતરાથી તે અનેક નિર્ગ્રંથો થયા હોય તોપણ અંતર્મુહૂર્ત પછી તે ઉપશમશ્રેણીવાળા નિર્ગ્રંથો કાળ કરીને અનુત્તરમાં જશે કે ઉપશમશ્રેણીથી પ્રતિલોમ પરિણામ દ્વારા નીચે ઊતરશે. તેથી અનેક નિર્ગ્રંથોને આશ્રયીને પણ કંઈક દીર્ઘકાળવાળો અંતર્મુહૂર્ત પ્રાપ્ત થાય છે. જોકે તે વખતે કોઈક ક્ષપક નિર્ગ્રંથ હોય તે પણ અંતર્મુહૂર્તમાં જ સ્નાતક થાય છે. તેથી, અંતર્મુહૂર્ત પછી અનેક નિર્ગ્રંથોને આશ્રયીને પણ વિરહકાળ પ્રાપ્ત થાય છે. માટે, ઉત્કૃષ્ટથી અનેક જીવોને આશ્રયીને પણ નિર્ગ્રંથભાવની પ્રાપ્તિ અંતર્મુહૂર્તની જ છે. ॥૧૩૨॥**

**ભાવાર્થ :-**

બકુશાદિ સાધુઓ અનેકને આશ્રયીને સદા પ્રાપ્ત થાય છે. પુલાક, નિર્ગ્રંથ સાધુ સદા પ્રાપ્ત થતા નથી ઇત્યાદિ જે કથન કર્યું, તેમાં લોકસ્થિતિ કારણ છે અર્થાત્ લોકસ્થિતિનો એવો જ સ્વભાવ છે કે આટલા જ કાળ સુધી તેઓ પ્રાપ્ત થઈ શકે અધિક નહિ ઇત્યાદિ નિયમો લોકસ્થિતિ અનુસાર થાય છે અને પુલાકાદિ સાધુઓ સંયમસ્થાનને પ્રાપ્ત કરે છે. તેમાં તે જીવોનો તથાપ્રકારનો પ્રયત્ન અને તે પ્રકારનાં તેઓનાં કર્મો ઉભયના બળથી તે તે સંયમસ્થાનો પ્રાપ્ત થાય છે. આથી જ માત્ર કર્મથી ગુણસ્થાનકો પ્રાપ્ત થતાં નથી કે માત્ર પુરુષકારથી ગુણસ્થાનકો પ્રાપ્ત થતા નથી. પરંતુ તે તે ગુણસ્થાનકની પ્રાપ્તિમાં બાધક કર્મો સોપક્રમ હોય અને જીવમાં તથાપ્રકારનું જ્ઞાનાવરણીય, દર્શનમોહનીય કર્મ ક્ષયોપશમભાવવાળું હોય અને તેને અવલંબીને જીવ તે ગુણની પ્રાપ્તિને અનુરૂપ યત્ન કરે, ત્યારે ગુણસ્થાનકનાં બાધક સોપક્રમ કર્મો ક્ષયોપશમ આદિ ભાવોને પામીને જીવને તે તે સંયમસ્થાનની પ્રાપ્તિ કરાવે છે. **॥૧૩૨॥**

**અવતરણિકા :-**

**उक्तं कालद्वारम् । अथान्तरद्वारमाह—**

**અવતરણિકાર્થ :-**

**કાલદ્વાર કહેવાયું. હવે, અંતરદ્વારને કહે છે—**

ગાથા :-

पुणपत्तिमज्झकालो, अंतरमेअं तु होइ पंचण्हं ।
अंतमुहुत्त जहन्नं, उक्किट्ठमवड्ढपरिअट्टो ।।१३३।।

ગાથાર્થ :-

ફરી પ્રાપ્તિનો મધ્યકાળ અંતર થાય છે. પુલાકાદિ પાંચેય સાધુઓનું જઘન્ય અંતર અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ અંતર કંઈક ન્યૂન અર્ધપુદ્‌ગલપરાવર્તન. ।।૧૩૩।।

ટીકા :-

'पुणपत्ति'त्ति । पुनःप्राप्तिः-प्रतिपतितस्य सतोऽन्यो लाभस्तन्मध्यः कालोऽन्तरमुच्यते । एतत्पुनः 'पञ्चानां' पुलाकबकुशप्रतिसेवककषायकुशीलनिर्ग्रन्थानां जघन्यमन्तर्मुहूर्त्तं भवति, पुलाकादिर्भूत्वा ततः प्रतिपतितो जघन्यतोऽन्तर्मुहूर्त्तं स्थित्वा पुनः पुलाकादिर्भवतीति । उत्कृष्टमन्तरं पुलाकादीनाम् 'अपार्द्धपरावर्त्तः' अर्द्धमात्रपुद्गलपरावर्त्त इत्यर्थः, अयं च देशोनो द्रष्टव्यः, उक्तञ्च भगवत्याम्— "पुलागस्स णं भंते ! केवइअं कालं अंतरं होइ ? गोयमा ! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं अणंतं कालं अणंताओ ओसप्पिणीउस्सप्पिणिओ कालओ, खेत्तओ अवड्ढं पोग्गलपरिअट्टं देसूणं, एवं जाव णियंठस्स"त्ति ।।१३३।।

ટીકાર્થ :-

पुनःप्राप्तिः- ..... णियंठस्स"त्ति ।। પુનઃ પ્રાપ્તિ=પડેલા છતાં સાધુને અન્ય લાભ=ફરી તે સાધુપણાની પ્રાપ્તિ, તેનો મધ્યકાળ=તે બે સાધુપણાની પ્રાપ્તિનો મધ્યકાળ, અંતર કહેવાય છે અર્થાત્ કોઈ પુલાક સાધુ પુલાકત્વનો ત્યાગ કરીને ફરી કેટલાક કાળ પછી પુલાકપણાને પામે તે બેનો વચલો કાળ અંતરકાળ કહેવાય છે. વળી, આ=અંતરકાળ, પાંચેયનો=પુલાક સાધુ, બકુશ સાધુ, પ્રતિસેવકસાધુ, કષાયકુશીલ સાધુ અને નિર્ગ્રંથ સાધુઓનો, જઘન્યથી અંતર્મુહૂર્ત થાય છે. કઈ રીતે જઘન્યથી અંતર્મુહૂર્ત થાય છે ? તે સ્પષ્ટ કરે છે. પુલાકાદિ થઈને ત્યારપછી પ્રતિપતિત થયેલા=પુલાક આદિપણાથી પાત થયેલા, જઘન્યથી અંતર્મુહૂર્ત રહીને=પુલાકાદિથી પાત પામીને જે અવસ્થામાં રહ્યા હોય તે અવસ્થામાં જઘન્યથી અંતર્મુહૂર્ત રહીને, ફરી પુલાકાદિ થાય છે. પુલાકાદિનું ઉત્કૃષ્ટ અંતર અર્ધ માત્ર પુદ્‌ગલપરાવર્ત છે અને આ=અર્ધમાત્ર પુદ્‌ગલપરાવર્ત, દેશથી ન્યૂન જાણવું અને ભગવતીમાં કહેવાયું છે – "હે ભગવાન ? પુલાકનો કેટલો અંતરકાળ હોય છે ? ભગવાન કહે છે, હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનંતકાળ. કેટલો અનંતકાળ ? તે સ્પષ્ટ કરતાં કહે છે, અનંત ઉત્સર્પિણી અવસર્પિણીકાળથી અનંતકાળ છે. ક્ષેત્રથી દેશ ઊન અર્ધપુદ્‌ગલપરાવર્તન છે. આ રીતે=પુલાકમાં કહ્યું એ રીતે, યાવત્ નિર્ગ્રંથનો જઘન્ય ઉત્કૃષ્ટકાળ કાઢવો." ।।૧૩૩।।

**ભાવાર્થ :-**

સંસારથી ભય પામેલા મહાત્માઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોય છે. મહાધૃતિના બળથી મોહનો નાશ કરતાં હોય છે છતાં કોઈક નિમિત્તને પામીને જીવ પ્રમાદને અભિમુખ થાય ત્યારે તે નિર્ગ્રંથભાવથી પાત પામીને અસંયત થાય છે. વળી તે મહાત્મા અંતર્મુહૂર્તમાં જ જાગૃત થઈને નિર્ગ્રંથભાવમાં જ ફરી પ્રસ્થિત થાય છે, ત્યારે જઘન્ય અંતરકાલ પ્રાપ્ત થાય છે.

વળી, તે મહાત્મા પ્રમાદમાં પડ્યા પછી તે ભવમાં જાગૃત ન થાય અને પ્રમાદની વૃદ્ધિને અભિમુખ જ ચિત્ત વર્તે તો ઉત્કૃષ્ટથી કંઈક ઊન અર્ધપુદ્ગલપરાવર્ત અંતર પ્રાપ્ત થાય છે અને કેટલાક મહાત્માઓને મધ્યમ અંતર પણ પ્રાપ્ત થાય છે અને ઉત્કૃષ્ટ અંતર તીર્થંકરની આજ્ઞાના ઉપેક્ષાજન્ય સંક્લેશકૃત છે. તેથી, કેટલાક ઉત્સૂત્રભાષણથી તેઓ સંક્લેશ પ્રાપ્ત કરે છે તો કેટલાક મહાત્મા ઉત્સૂત્ર આચરણાથી પણ અનંતકાળ કરે છે; કેમ કે સંયમજીવનમાં પોતાની વિપરીત આચરણા પ્રત્યે નિઃસૂગતા=લેશ પણ સૂગ ન થાય, તેવો ક્લિષ્ટ અધ્યવસાય થાય તો તે વિપરીત આચરણાના દૃઢ સંસ્કારો ઘણા ભવો સુધી માર્ગના બાધક બને છે. આથી જ ઉપદેશપદમાં શીતલવિહારી સાધુ સંયમ ગ્રહણ કરીને કેટલાક કાળ સુધી ભાવથી સાધુપણું પાળ્યા પછી પણ પ્રમાદવશ નિઃસૂક પરિણામથી શિથિલ આચારો પાળીને અનંતકાળ ભટકે છે. તેમ પુલાક આદિથી માંડીને નિર્ગ્રંથ સુધીના સાધુઓ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્તકાળ સુધી સંસારમાં ભટકે છે અને નિર્ગ્રંથ સાધુ ઉપશમશ્રેણીએ ચડેલા અગિયારમા ગુણસ્થાનકને પામેલા મહાત્મા છે. વળી વીતરાગતાના સુખને સ્પર્શેલા છે તોપણ પ્રમાદવશ માનખ્યાતિ આદિમાં આસક્ત થાય તો વિષયો પ્રત્યેના ગાઢ રાગના સંસ્કારો ફરી પ્રજ્વલિત થવાથી અનંતકાળ પરિભ્રમણ પ્રાપ્ત થઈ શકે છે.

ભગવતીના ઉદ્ધરણમાં દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત કહ્યું, ત્યાં ક્ષેત્રથી એ પ્રાપ્ત થાય કે પુલાક આદિ સાધુ પાત પામ્યા પછી જે ક્ષેત્રમાં કાળ કરે તે ક્ષેત્રથી કાળ કર્યા પછી સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં ફરી કોઈક ભવમાં તે ક્ષેત્રની નજીકના ક્ષેત્રને સ્પર્શીને કાળ કરે, ફરી સંસારમાં ભટકીને તેના નજીકના ક્ષેત્રમાં કાળ કરે એ રીતે ચૌદ રાજલોકનાં સર્વ ક્ષેત્રોને સ્પર્શે તે ક્ષેત્રથી એક પુદ્ગલપરાવર્તન છે. તેવા એક પુદ્ગલપરાવર્તથી કંઈક ન્યૂન એવું અર્ધપુદ્ગલપરાવર્તન પરિભ્રમણ કર્યા પછી તે મહાત્માને ફરી તે પુલાકાદિ ચારિત્રની પ્રાપ્તિ થાય છે. તેટલો ઉત્કૃષ્ટ અંતરકાળ છે. **॥૧૩૩॥**

**ગાથા :-**

**ण्हायस्स णत्थि एअं, समयं तु जहन्नओ पुलायाणं ।**
**उक्किट्ठमंतरं पुण, तेसिं संखिज्जवासाइं ।।१३४।।**

**ગાથાર્થ :-**

**સ્નાતકનું આ=અંતર, નથી. પુલાક સાધુઓનું જઘન્યથી અંતર એક સમય છે. વળી, ઉત્કૃષ્ટ તેઓનું અંતર સંખ્યાતાં વર્ષો છે. ॥૧૩૪॥**

**ટીકા :-**

'ण्हायस्स'त्ति । स्नातस्य 'एतत्' अन्तरं नास्ति, प्रतिपाताभावात् । एतदेकत्वमधिकृत्योक्तम् । अथ पृथक्त्वमधिकृत्योच्यते—पुलाकानां बहूनां जघन्यतः 'समयं तु' समयमेवान्तरम् । उत्कृष्टं पुनरन्तरं 'तेषां' पुलाकानां सङ्ख्येयानि वर्षाणि ।।१३४।।

**ટીકાર્થ :-**

स्नातस्य .... वर्षाणि ।। સ્નાતકને આ અંતર નથી; કેમ કે પ્રતિપાતનો અભાવ છે. આ=ગાથા-૧૩૩થી માંડીને અત્યાર સુધી પુલાક આદિ પાંચ અને સ્નાતકનું કેટલું જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર છે એ, એકત્વને આશ્રયીને કહેવાયું=કોઈક એક પુલાક આદિ સાધુને આશ્રયીને કહેવાયું. હવે, પૃથક્ત્વને આશ્રયીને=પુલાક આદિ જુદા જુદા સાધુઓને આશ્રયીને કહેવાય છે. ઘણા પુલાકોનું જઘન્યથી અંતર 'સમય જ' છે=એક સમય છે અર્થાત્ અઢી દ્વીપમાં વર્તતા જે કોઈ પુલાક સાધુ હોય તે સર્વને ગ્રહણ કરીને વિચારીએ તો પુલાક થયા પછી અન્ય કોઈ પુલાક અઢી દ્વીપમાં પ્રાપ્ત ન થાય તેવું અંતર જઘન્યથી એક સમય થાય છે. વળી, ઉત્કૃષ્ટથી અંતર તેઓનું=પુલાક સાધુઓનું, સંખ્યાતા વર્ષ છે. ।।૧૩૪।।

**ગાથા :-**

समयं णिग्गंथाणं, जहन्नमुक्किट्ठयं तु छम्मासा ।
सेसाणं तु चउण्हं, धुवत्तओ अंतरं णत्थि ।।१३५।।

**ગાથાર્થ :-**

નિર્ગ્રંથોનું જઘન્ય અંતર સમય છે. વળી, ઉત્કૃષ્ટ છ માસ છે. શેષ ચાર સાધુઓનું અંતર નથી; કેમ કે ધ્રુવપણું છે. ।।૧૩૫।।

**ટીકા :-**

'समयं'ति । निर्ग्रन्थानां जघन्यमन्तरं समयमेकमेव भवति, उत्कृष्टकं त्वन्तरं षण्मासान् यावत्, ततः परमवश्यं श्रेणिप्रतिपत्तेः, उक्तं हि—"सेढिं णियमा छम्मासाओ पडिवज्जंति"त्ति । 'शेषाणां तु चतुर्णां' बकुशप्रतिसेवककषायकुशीलस्नातकानां 'ध्रुवत्वतः' महाविदेहे सदा सद्भावान्नास्त्यन्तरम् ।।१३५।।

**ટીકાર્થ :-**

निर्ग्रन्थानां ..... स्त्यन्तरम् ।। નિર્ગ્રંથોનું=અઢી દ્વીપમાં વર્તતા સર્વ નિર્ગ્રંથોનું, જઘન્ય અંતર એક જ સમય છે. વળી, ઉત્કૃષ્ટ અંતર છ માસ છે; કેમ કે ત્યારપછી અવશ્ય શ્રેણીની પ્રાપ્તિ છે=કોઈક

મહાત્માને ઉપશમ કે ક્ષપકશ્રેણીની અવશ્ય પ્રાપ્તિ છે અને કહેવાયું છે – "છ માસથી=છ માસના અંતરથી નિયમા શ્રેણીને પ્રાપ્ત કરે છે." વળી, શેષ ચાર સાધુઓનું=બકુશ, પ્રતિસેવક, કષાયકુશીલ અને સ્નાતકોનું, ધ્રુવપણું હોવાથી=મહાવિદેહમાં સદા સદ્ભાવ હોવાથી અંતર નથી. ॥૧૩૫॥

**અવતરણિકા :-**

उक्तमन्तरद्वारम् । अथ समुद्घातद्वारमाह–

**અવતરણિકાર્થ :-**

અંતરદ્વાર કહેવાયું. હવે, સમુદ્ઘાતદ્વારને કહે છે–

**ગાથા :-**

समुघाय वेअणाई, पुलए वेयणकसायमरणे ते ।
पंच बउससेवीणं, वेउव्वियतेअगेहिं सह ॥१३६॥

**ગાથાર્થ :-**

સમુદ્ઘાત વેદન આદિ છે. તે=સમુદ્ઘાતો, પુલાકમાં વેદના, કષાય અને મરણ છે. બકુશ અને પ્રતિસેવી સાધુને વૈક્રિય અને તૈજસ સહિત પાંચ સમુદ્ઘાત છે. ॥૧૩૬॥

**ટીકા :-**

'समुघाय'त्ति । सं-सामस्त्येन उत्-प्राबल्येन हननम्-आत्मप्रदेशानां बहिर्निःसारणं समुद्घातो वेदनादिः सप्तविधः । 'ते' समुद्घाता वेदनाकषायमरणाख्यास्त्रयः पुलाके भवन्ति, पुलाकस्य मरणाभावेऽपि समुद्घातान्निवृत्तस्य कषायकुशीलत्वादिपरिणामे सति मरणभावान्मारणान्तिकसमुद्घाताविरोधात् । 'बकुशसेविनोः' बकुशप्रतिसेवाकुशीलयोर्वैक्रियतैजससमुद्घाताभ्यां सह ते त्रयो मिलिताः पञ्च समुद्घाता भवन्ति ॥१३६॥

**ટીકાર્થ :-**

सं-सामस्त्येन ..... भवन्ति ॥ સમુદ્ઘાત શબ્દમાં 'सं' શબ્દ 'સામસ્ત્યથી'ના અર્થમાં છે. 'उत्' શબ્દ 'પ્રાબલ્યથી'ના અર્થમાં છે. 'घात' શબ્દ 'हननम्' અર્થમાં છે. તેનાથી શું પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરે છે. આત્મપ્રદેશોને બહાર કાઢવા સમુદ્ઘાત છે અને તે વેદનાદિ સાત પ્રકારનો છે અર્થાત્ સંપૂર્ણપણાથી અને પ્રબલ પ્રયત્નથી દેહમાં રહેલા આત્મપ્રદેશોને બહાર કાઢવાની ક્રિયા સમુદ્ઘાત છે અને તે ક્રિયા વેદનાદિને કારણે જીવ કરે છે અને તે વેદનાદિના સાત ભેદો છે. તેથી સમુદ્ઘાત સાત પ્રકારનો છે. તે=સમુદ્ઘાતો, વેદના, કષાય અને મરણ રૂપ ત્રણ પુલાકમાં થાય છે. પુલાક સાધુને મરણનો અભાવ હોવા છતાં પણ સમુદ્ઘાતથી નિવૃત્ત એવા પુલાકનું કષાયકુશીલત્વાદિ પરિણામ થયે છતે મરણનો

**ભાવ હોવાથી મારણાંતિક સમુદ્ઘાતનો અવિરોધ છે અર્થાત્ પુલાક સંયમમાં મૃત્યુ થતું નથી, પરંતુ પુલાક સંયમકાળમાં મરણની નજીક અવસ્થાવાળા કોઈ સાધુ મારણાંતિક સમુદ્ઘાત કરે ત્યારપછી કષાયકુશીલ આદિ પરિણામને પામીને મૃત્યુ પામે. તેથી પુલાકને મારણાંતિક સમુદ્ઘાતનો સંભવ છે. બકુશ અને સેવીને=બકુશ સાધુને અને પ્રતિસેવનાકુશીલ સાધુને, વૈક્રિય=તૈજસ સમુદ્ઘાતોથી સહિત ત્રણ મિલિત=પૂર્વમાં કહેલા ત્રણથી યુક્ત, પાંચ સમુદ્ઘાતો હોય છે. ।।૧૩૬।।**

**ભાવાર્થ :-**

વૈક્રિય લબ્ધિવાળા વૈક્રિયલબ્ધિને સ્ફુરણ કરવાર્થે સમુદ્ઘાત કરે છે, ત્યારે પોતાના આત્મપ્રદેશો શરીરમાંથી બહાર કાઢીને વૈક્રિયપુદ્ગલો ગ્રહણ કરે છે અને તેનાથી વૈક્રિય શરીર બનાવે છે. તેથી વૈક્રિય શરીર બનાવવા અર્થે જેમ સમુદ્ઘાત થાય છે, તેમ વેદનાદિ સાત કારણોથી સાત સમુદ્ઘાત થાય છે. (૧) વેદના સમુદ્ઘાત, (૨) કષાય સમુદ્ઘાત, (૩) મરણ સમુદ્ઘાત, (૪) વૈક્રિય સમુદ્ઘાત, (૫) તૈજસ સમુદ્ઘાત, (૬) આહાર સમુદ્ઘાત, (૭) કેવલી સમુદ્ઘાત. વેદનાથી વ્યાકુળ થયેલો જીવ પોતાના આત્મપ્રદેશો બહાર કાઢીને ફરી અંતર્મુહૂર્તમાં શરીરસ્થ થાય છે, ત્યારે વેદના સમુદ્ઘાત થાય છે. વળી, કષાયથી આકુળ થયેલો જીવ આત્મપ્રદેશોને બહાર કાઢીને સમુદ્ઘાત કરે છે. ત્યારપછી અંતર્મુહૂર્તમાં શરીરસ્થ થાય છે. તેમ મરણકાળ નજીક આવે છે, ત્યારે મરણ વખતે પ્રાયઃ મારણાંતિક સમુદ્ઘાત થાય છે અને અંતર્મુહૂર્તમાં સમુદ્ઘાતથી નિવૃત્ત થાય છે અને પુલાક સાધુને આ ત્રણ સમુદ્ઘાતો સંભવી શકે છે. જોકે પુલાક સાધુ પુલાકપણામાં અંતર્મુહૂર્ત જ રહે છે અને પુલાક સંયમમાં મરણ થતું નથી તોપણ કોઈ મહાત્મા પુલાક સંયમસ્થાનને પામ્યા હોય અને મરણ આસન્ન હોય ત્યારે મરણ અર્થે સમુદ્ઘાત કરે છે અને સમુદ્ઘાત કર્યા પછી કષાયકુશીલપણાને કે અસંયમપણાને પ્રાપ્ત કરીને મૃત્યુ પામે છે.

વળી, બકુશ સાધુ અને પ્રતિસેવનાકુશીલ સાધુમાંથી કોઈકને વૈક્રિય લબ્ધિ હોય અને કોઈક પ્રયોજનથી વૈક્રિય શરીર બનાવે ત્યારે તેઓને પૂર્વના ત્રણ સમુદ્ઘાતથી સહિત વૈક્રિય સમુદ્ઘાતની પ્રાપ્તિ થાય છે. વળી, કોઈ બકુશ સાધુ અને પ્રતિસેવાકુશીલ સાધુને તેજોલેશ્યાની લબ્ધિ પ્રાપ્ત થઈ હોય અને સંયમના રક્ષણ આદિ કોઈક પ્રયોજનથી તે મહાત્મા તેજોલેશ્યાનો ઉપયોગ કરે ત્યારે તૈજસ સમુદ્ઘાતની પ્રાપ્તિ થાય છે.

આ રીતે બકુશ અને પ્રતિસેવનાકુશીલને પ્રસંગ અનુસાર પાંચ સમુદ્ઘાતો પ્રાપ્ત થઈ શકે છે. **॥૧૩૬॥**

**ગાથા :-**

**आहारएण सहिआ, सकसाए छप्पि णो णियंठम्मि ।**
**केवलिअसमुग्घाओ, इक्को च्चिय होइ ण्हायम्मि ।।१३७।।**

**ગાથાર્થ :-**

**આહારક સહિત કષાયકુશીલમાં છ પણ સમુદ્ઘાતો થાય છે. નિર્ગ્રંથમાં નથી=સમુદ્ઘાતો નથી. સ્નાતકમાં એક જ કેવલી સમુદ્ઘાત થાય છે. ।।૧૩૭।।**

**ટીકા :-**

**'आहारएण'त्ति । 'आहारकेण' समुद्घातेन सहिताः 'सकषाये' कषायकुशीले षडपि समुद्घाता भवन्ति । निर्ग्रन्थे 'नो' नैव समुद्घाताः, असमुद्घातैरेव निर्ग्रन्थभावस्पर्शात् । स्नातके एक एव केवलिसमुद्घातो भवति ।।१३७।।**

**ટીકાર્થ :-**

'आहारकेण' ..... भवति ।। **આહારક સમુદ્ઘાતથી સહિત સકષાયમાં=કષાયકુશીલ સાધુમાં, છ પણ સમુદ્ઘાત સંભવે છે. નિર્ગ્રંથમાં સમુદ્ઘાતો નથી જ. અસમુદ્ઘાતોથી જ નિર્ગ્રંથભાવોનો સ્પર્શ છે. સ્નાતકમાં એક જ કેવલી સમુદ્ઘાત થાય છે. ।।૧૩૭।।**

**ભાવાર્થ :-**

ચૌદ પૂર્વધર આહારકલબ્ધિવાળા કોઈક સાધુને સંશય થાય ત્યારે આહારકશરીર દ્વારા તીર્થંકર આદિ પાસે જઈને શંકાનું નિવારણ કરે છે, ત્યારે આહારક શરીર બનાવવાર્થે આહારક સમુદ્ઘાત કરે છે અને તેવા ચૌદ પૂર્વધર સાધુ કષાયકુશીલ જ હોય. પરંતુ પુલાક, બકુશાદિ કોઈક સંયમસ્થાનમાં હોતા નથી. તેથી કષાયકુશીલમાં પૂર્વના પાંચેય સમુદ્ઘાતો સંભવે છે, તેમ આહારક સમુદ્ઘાત પણ સંભવે છે.

વળી, નિર્ગ્રંથ સાધુ ઉપશમશ્રેણીમાં કાળ કરે છે છતાં તેઓને મારણાંતિક સમુદ્ઘાત પણ થતો નથી. ક્વચિત્ ઘાણી આદિમાં પિલાતા મહાત્માઓ ક્ષપકશ્રેણીને પામે છે, ત્યારે બારમા ગુણસ્થાનકે નિર્ગ્રંથભાવને પામેલા છે, ત્યારે તે મહાત્માને વેદના સમુદ્ઘાત પણ થતો નથી. કષાય સમુદ્ઘાત પણ થતો નથી કે મરણનો સમુદ્ઘાત પણ થતો નથી. ફક્ત સ્નાતક થાય ત્યારે તે નિર્ગ્રંથોને નિર્ગ્રંથ અવસ્થાની ઉત્તરમાં કેવલી સમુદ્ઘાત સંભવે છે. **॥૧૩૭॥**

**અવતરણિકા :-**

**उक्तं समुद्घातद्वारम् । अथ क्षेत्रद्वारमाह—**

**અવતરણિકાર્થ :-**

**સમુદ્ઘાતદ્વાર કહેવાયું. હવે, ક્ષેત્રદ્વાર કહે છે—**

**ગાથા :-**

**खित्तमवगाहणा सा, लोआसंखिज्जभागि पंचण्हं ।**
**ण्हायस्स असंखिज्जे, असंखभागेसु लोए वा ।।१३८।।**

**ગાથાર્થ :-**

**ક્ષેત્ર અવગાહના છે. તે પાંચની=પુલાક આદિ પાંચ સાધુઓની, લોકના અસંખ્યાતભાગમાં છે. સ્નાતકની અસંખ્યાતભાગમાં, અસંખ્યાતભાગોમાં અથવા લોકમાં છે. ।।૧૩૮।।**

**ટીકા :-**

'खित्त'मिति । क्षेत्रमवगाहना-स्वव्याप्यनभःप्रदेशसंयोग इति यावत् । सा 'पञ्चानां' पुलाकबकुश-प्रतिसेवककषायकुशीलनिर्ग्रन्थानां लोकाऽसङ्ख्येयभागे, पुलाकादीनां शरीरस्य लोकाऽसङ्ख्येय-भागमात्रावगाहित्वात् । स्नातकस्यावगाहना लोकस्यासङ्ख्येये भागे, शरीरस्थतादशायाम् दण्डक-पाटकरणदशायाम्; असङ्ख्येयेषु भागेषु वा, मन्थिकरणकाले बहोर्लोकस्य व्याप्ततया स्तोकस्य चाव्याप्ततयोक्तत्वाल्लोकस्यासङ्ख्येयभागेषु स्नातकस्य वृत्तिसम्भवात्; 'लोके वा' सर्वत्र लोकपूरण-दशायां । उक्तञ्च भगवत्यां—"सिणाए णं पुच्छा, गोयमा ! णो संखेज्जइभागे हुज्जा असंखेज्जइभागे हुज्जा णो संखेज्जेसु भागेसु हुज्जा असंखेज्जेसु भागेसु हुज्जा सव्वलोए वा हुज्ज"त्ति । चूर्णिकारस्त्वाह—"सङ्ख्येयभागादिषु सर्वेषु भवति" इति ।।१३८।।

**ટીકાર્થ :-**

क्षेत्रमवगाहना- ..... भवति" इति ।। ક્ષેત્રઅવગાહના છે=પોતાને વ્યાપ્ય આકાશપ્રદેશનો સંયોગ ક્ષેત્ર છે અર્થાત્ પુલાકાદિ સાધુઓ જે આકાશપ્રદેશ ઉપર રહેલા હોય તે આકાશપ્રદેશની સાથે તેમના આત્મપ્રદેશોનો સંયોગ છે તે ક્ષેત્ર કહેવાય છે. પાંચ સાધુઓની=પુલાક, બકુશ, પ્રતિસેવક અને કષાયકુશીલ અને નિર્ગ્રંથોની, તે=અવગાહના, લોકના અસંખ્યાતભાગમાં છે; કેમ કે પુલાક આદિ સાધુઓના શરીરનું લોકના અસંખ્યાતભાગ માત્ર અવગાહીપણું છે. સ્નાતકની અવગાહના શરીરસ્થદશામાં અને દંડકપાટકરણ દશામાં લોકના અસંખ્યાત ભાગમાં હોય છે અથવા મંથીકરણકાળમાં અસંખ્યાતા ભાગોમાં હોય છે; કેમ કે બહુલોકનું વ્યાપ્ત હોવાથી અને થોડાક લોકનું અવ્યાપ્તપણાથી ઉક્તપણું હોવાને કારણે લોકના અસંખ્યાતા ભાગોમાં સ્નાતકની વૃત્તિનો સંભવ છે અથવા લોકમાં=સર્વત્ર=ચૌદ રાજલોકમાં, લોકપૂરણદશામાં હોય છે અને ભગવતીમાં કહેવાયું છે – "સ્નાતકમાં પૃચ્છા છે=અવગાહનાની પૃચ્છા છે." ભગવાન ઉત્તર આપે છે. "હે ગૌતમ ! સંખ્યાતભાગમાં નથી=સ્નાતક સાધુની અવગાહના સંખ્યાતા ભાગોમાં નથી, અસંખ્યાતા ભાગોમાં થાય અથવા સર્વ લોકમાં થાય." વળી, ચૂર્ણિકાર કહે છે – "સંખ્યેય ભાગાદિ સર્વોમાં થાય છે." ।।૧૩૮।।

**ભાવાર્થ :-**

પુલાકાદિ સાધુઓ ચૌદ રાજલોક અંતરવર્તી કેટલાક ક્ષેત્રને અવગાહન કરીને રહેલા છે, તે બતાવે છે. પુલાકાદિ પાંચ સાધુઓ લોકના અસંખ્યાત ભાગમાં જ અવગાહના કરે છે. જોકે નિર્ગ્રંથને છોડીને પુલાકાદિ સાધુઓ સમુદ્ઘાત કરતા હોય ત્યારે આત્મપ્રદેશો દેહથી બહાર નીકળે છે તોપણ તે અવગાહના લોકના અસંખ્યાતભાગમાં જ થાય છે. વળી, સ્નાતક સાધુ કેવલી સમુદ્ઘાત કરે છે અને કેવલી સમુદ્ઘાત નથી કરતા, તેવી બે અવસ્થાવાળા છે અને જ્યારે શરીરમાં જ રહેલા છે. સમુદ્ઘાત કરતા નથી, ત્યારે સ્નાતકના શરીરની અવગાહના લોકના અસંખ્યાતભાગમાં હોય છે. વળી, સમુદ્ઘાતકાળમાં પણ દંડ,

કપાટ કરે છે, ત્યારે ચૌદ રાજલોક વ્યાપી દંડ અને કપાટ થાય છે તોપણ તેમની અવગાહના લોકના અસંખ્યાતભાગમાં જ હોય છે. પરંતુ લોકના અસંખ્યાતભાગોમાં નથી. વળી, કપાટ કર્યા પછી મંથીકરણ કરે છે, ત્યારે સ્નાતક સાધુની અવગાહના લોકના અસંખ્યાતભાગોમાં હોય છે; કેમ કે લોકના બહુ ભાગમાં તેમના આત્મપ્રદેશો વિસ્તાર પામેલા હોય છે. વળી, લોકનું પૂરણ થાય ત્યારે સમુદ્ઘાતકાળમાં સ્નાતક સાધુ સર્વલોક વ્યાપી હોય છે. **II૧૩૮II**

**અવતરણિકા :-**

**समर्थितमवगाहनाद्वारम् । अथ स्पर्शनाद्वारमतिदिशन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**અવગાહનાદ્વાર સમર્થિત કરાયું. હવે, સ્પર્શનાદ્વારનો અતિદેશ કરતાં ગ્રંથકારશ્રી કહે છે—**

**ગાથા :-**

**एवं चेव य फुसणा, णवरि विसेसो उ खित्तफुसणाण ।**
**एगपएसं खित्तं, फुसणा पुण पासओ वि हवे ।।१३९।।**

**ગાથાર્થ :-**

**અને આ રીતે જ સ્પર્શના છે. ફક્ત ક્ષેત્ર અને સ્પર્શનાનો ભેદ છે. એક પ્રદેશ=એક પ્રદેશથી વિભક્ત, ક્ષેત્ર છે. વળી પાસેથી સ્પર્શના થાય. ।।૧૩૯।।**

**ટીકા :-**

**'एवं चेव य'त्ति । 'एवं चैव' क्षेत्रवदेव स्पर्शना, नवरं क्षेत्रस्पर्शनयोस्तु विशेषो वाच्यः, तत्र 'एकप्रदेशम्' अवगाह्यसमव्याप्तप्रदेशावच्छिन्नं नभः क्षेत्रम् । स्पर्शना पुनः पार्श्वतोऽपि भवेत् । संयोगमात्रं स्पर्शना, व्याप्त्याख्यः संयोगस्तु क्षेत्रमिति फलितार्थः । अत एव वृत्तिद्वैविध्यसिद्धौ कार्त्स्न्यैकदेशविकल्पाभ्यामवयवावयव्यादिभेदाभेदसाधनं सम्मत्यादौ व्यवस्थितमिति विचारणीयं प्रामाणिकैः ।।१३९।।**

**ટીકાર્થ :-**

**'एवं चैव' ..... प्रामाणिकैः ।। આ રીતે જ=ક્ષેત્રની જેમ જ, સ્પર્શના છે. ફક્ત ક્ષેત્ર અને સ્પર્શનાનો ભેદ વાચ્ય છે. ત્યાં એક પ્રદેશ=અવગાહ્યના સમવ્યાપ્ત પ્રદેશથી અવચ્છિન્ન આકાશ ક્ષેત્ર છે=આકાશમાં જે વસ્તુ રહે તે અવગાહક છે અને તેનાથી અવગાહ્ય આકાશ છે અને અવગાહકની સાથે અવગાહ્યના સમવ્યાપ્ત પ્રદેશવાળું આકાશ ક્ષેત્ર છે. વળી, સ્પર્શના પાસેથી પણ થાય છે=અવગાહનાના આકાશપ્રદેશોથી પાસેના આકાશપ્રદેશમાં પણ સ્પર્શના થાય છે. સંયોગ માત્ર સ્પર્શના છે. વળી, વ્યાપ્તિ નામવાળો**

**સંયોગ ક્ષેત્ર છે. આથી જ વૃત્તિના દ્વૈવિધ્યની સિદ્ધિ હોતે છતે કાત્સ્ર્ય અને એક દેશના વિકલ્પથી અવયવ અને અવયવી આદિના ભેદાભેદનું સાધન=ભેદાભેદની સિદ્ધિ, સંમતિ આદિમાં વ્યવસ્થિત છે. એ પ્રમાણે પ્રામાણિક પુરુષો વડે વિચારવું જોઈએ. ॥૧૩૯॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ક્ષેત્રદ્વાર બતાવ્યું. તેમાં પુલાકાદિની સ્પર્શના પણ ક્ષેત્રની જેમ જ છે. અન્ય કોઈ ભેદ નથી. ફક્ત ક્ષેત્ર અને સ્પર્શનાનો ભેદ છે. શું ભેદ છે ? જે પ્રદેશમાં પુલાકાદિ સાધુ અવગાહીને રહેલા હોય, સાધુના દેહથી વ્યાપ્ત આકાશપ્રદેશ તેમનું ક્ષેત્ર કહેવાય છે અને સ્પર્શના પાસેના આકાશપ્રદેશોની થાય છે. જેમ પરમાણુઓની અવગાહના એકપ્રદેશમાં હોય છે અને તેની સ્પર્શના ચાર દિશામાં ચાર આકાશપ્રદેશો, ઉપર અને નીચેની દિશામાં બે આકાશપ્રદેશો અને અવગાહનાવાળું એક આકાશપ્રદેશ એમ સાત પ્રદેશની સ્પર્શના કહેવાય છે. તે રીતે પુલાક આદિ સાધુ જે શરીરથી કે જે સમુદ્દ્ઘાતાદિ અવસ્થાથી જેટલા ક્ષેત્રમાં વ્યાપ્ત હોય તે તેમની અવગાહનાનું ક્ષેત્ર કહેવાય છે અને જે ક્ષેત્રમાં અવગાહીને રહેલા છે. તેની ચારેય દિશામાં અને ઉપર અને નીચેની એમ છએ દિશાઓમાં નજીકના આકાશપ્રદેશની સ્પર્શના અવગાહનાની સ્પર્શના કરતાં અધિક છે.

સ્પર્શના અવગાહનાથી કંઈક અધિક ક્ષેત્રમાં છે છતાં અવગાહનાના ક્ષેત્રમાં કંઈક સ્પર્શના છે. આથી જ વૃત્તિનું દ્વૈવિધ્ય સિદ્ધ થયે છતે સર્વાંશથી અને દેશવિકલ્પથી અવયવ અને અવયવી આદિના ભેદાભેદની સિદ્ધિ સન્મતિ આદિ ગ્રંથોમાં વ્યવસ્થાપન કરેલ છે. જેનાથી સ્યાદ્વાદની સિદ્ધિ થાય છે. જેનો પ્રામાણિક પુરુષોએ વિચાર કરવો જોઈએ.

આશય એ છે કે ન્યાયદર્શનવાળા અવયવ અને અવયવીનો એકાંત ભેદ સ્વીકારે છે અને કહે છે કે અવયવીમાં અવયવો સમવાય સંબંધી રહે છે અને તે વચન અનુસાર વિચારીએ તો મનુષ્યનો દેહ અવયવી છે અને તેનાં આઠ અંગો અવયવો છે અને અવયવીરૂપ દેહમાં અવયવીથી ભિન્ન એવા આઠ અવયવો સમવાય સંબંધથી રહેલા છે. તેમ સ્થાપન કરીને નૈયાયિકો અવયવ-અવયવીનો એકાંત ભેદ સ્થાપન કરે છે. જે પ્રત્યક્ષ અનુભવથી વિરુદ્ધ છે. તે બતાવવા અર્થે સંમતિમાં કહ્યું છે કે સંપૂર્ણ અવયવી છે અને દેશ અવયવ છે, એ વિકલ્પોથી જ અવયવ-અવયવીનો ભેદાભેદ છે અર્થાત્ અવયવી સંપૂર્ણ ભેદો છે અને અવયવ તેનો એક દેશ છે. તેથી, ઘટ-પટની જેમ અવયવ-અવયવીનો ભેદ નથી, પરંતુ અવયવો અવયવીના એક દેશરૂપ છે. તે અપેક્ષાએ ભેદ છે તોપણ તે દેશ અવયવીનો જ એક ભાગ હોવાથી અવયવી સાથે તે અવયવોનો અભેદ પણ છે. જેમ અવગાહના સ્પર્શનાનો એક દેશ છે અને સ્પર્શના અવગાહનાના એક દેશ કરતાં કંઈક અધિક છે. તેથી, જેમ અવગાહના અને સ્પર્શનાનો ભેદાભેદ છે, તેમ અવયવ-અવયવી આદિનો ભેદાભેદ છે માટે એકાંત ભેદપક્ષ એકાંત અભેદપક્ષ મિથ્યાવાદ છે, તે પ્રામાણિક પુરુષોએ વિચારવું જોઈએ. **॥૧૩૯॥**

**અવતરણિકા :-**

उक्तं स्पर्शनाद्वारम् । अथ भावद्वारमाह—

**અવતરણિકાર્થ :-**

સ્પર્શનાદ્વાર કહેવાયું. હવે, ભાવદ્વારને કહે છે—

**ગાથા :-**

**भावो ओदइआई, चउरो तत्थ उ खओवसमिअम्मि ।**
**ण्हाओ खाइअभावे, उवसमि खइए व णिग्गंथो ।।१४०।।**

**ગાથાર્થ :-**

**ભાવ ઔદયિક આદિ છે. ત્યાં ચાર=પુલાકાદિ ચાર, ક્ષાયોપશમિકભાવમાં છે. નિર્ગ્રંથ ઔપશમિક અને ક્ષાયિકભાવમાં છે. ।।૧૪૦।।**

**ટીકા :-**

'भावो'त्ति । भवनं 'भावः' आत्मपरिणाम औदयिकादिः । 'तत्र' विचार्ये "पुलाकादयः चत्वारः" पुलाकबकुशप्रतिसेवककषायकुशीलाः क्षायोपशमिके भावे भवन्ति । स्नातकः क्षायिकभावे । निर्ग्रन्थ औपशमिके क्षायिके वा, तथा च प्रज्ञप्तिः—"पुलाए णं भंते ! कतरम्मि भावे हुज्जा ? गोयमा ! खओवसमिए भावे हुज्जा, एवं जाव कसायकुसीले । णियंठे पुच्छा, गोयमा ! उवसमिए वा खइए वा भावे हुज्जा । सिणाए पुच्छा, गोयमा ! खइए भावे हुज्ज"त्ति ।।१४०।।

**ટીકાર્થ :-**

भवनं ..... हुज्ज"त्ति ।। ભવન ભાવ છે=ઔદયિક આદિ રૂપ આત્માનો પરિણામ છે. ત્યાં=ભાવદ્વાર, વિચાર કરવા યોગ્ય હોતે છતે, પુલાકાદિ ચાર=પુલાક, બકુશ, પ્રતિસેવક અને કષાયકુશીલ, ક્ષાયોપશમિકભાવમાં હોય છે. સ્નાતક ક્ષાયિકભાવમાં હોય છે. નિર્ગ્રંથ ઔપશમિક અથવા ક્ષાયિકભાવમાં હોય છે અને તે પ્રકારે પ્રજ્ઞપ્તિ છે=ભગવતી છે – "હે ભગવંત ! પુલાક કયા ભાવમાં હોય ? ભગવાન કહે છે, હે ગૌતમ ! ક્ષાયોપશમિકભાવમાં હોય છે. એ રીતે=જે રીતે પુલાક હોય છે, એ રીતે, યાવત્ કષાયકુશીલ સાધુ ક્ષાયોપશમિકભાવમાં હોય છે. નિર્ગ્રંથમાં પૃચ્છા છે. ભગવાન કહે છે, હે ગૌતમ ! ઔપશમિકભાવમાં અથવા ક્ષાયિકભાવમાં હોય=નિર્ગ્રંથ સાધુ હોય. સ્નાતકમાં પૃચ્છા. ભગવાન કહે છે, હે ગૌતમ ! ક્ષાયિકભાવમાં હોય=સ્નાતક સાધુ ક્ષાયિકભાવમાં હોય." ।।૧૪૦।।

**ભાવાર્થ :-**

પુલાકાદિ ચાર સાધુઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત હોય છે, ત્યારે ક્ષાયોપશમિકભાવમાં હોય છે. છતાં

સંજ્વલન કે નવ નોકષાયમાંથી કોઈક કષાયના ઉદયથી ઉપયોગની સ્ખલના થાય છે, ત્યારે અંતરંગ રીતે ક્ષાયોપશમિકભાવના પ્રસ્થાનનો અધ્યવસાય જીવંત હોવા છતાં ઉપયોગરૂપે સંજ્વલનાદિ કષાયમાંથી કોઈક ઔદયિકભાવ પણ સ્પર્શે છે. જેમ ઉચિતસ્થાનના બોધપૂર્વક ઉચિતસ્થાને જવા માટે પ્રસ્થિત પથિક કંટકાદિથી સ્ખલના પામે ત્યારે તેની ગમનક્રિયા ક્ષણભર શિથિલ થાય છે અર્થાત્ અગમનની પ્રવૃત્તિ થાય છે તોપણ ઉચિત સ્થાને ગમનની પરિણતિ વિદ્યમાન હોય છે. તેમ પુલાકાદિમાં પણ ઇષ્ટ એવા ક્ષાયોપશમિકભાવની વૃદ્ધિ દ્વારા ક્ષાયિકભાવ તરફ ગમન કરવાની ઇચ્છા અત્રુટિત વિદ્યમાન છે તો પણ વિઘ્ન આપાદક સંજ્વલનાદિ કષાયોથી કંઈક ઔદયિકાદિ ભાવો સ્પર્શે છે. જે અબલવાન છે અને અલ્પકાળભાવિ છે અને બલવાન ક્ષાયોપશમિકભાવ છે, જે સતત ઇષ્ટ એવા ક્ષાયિકભાવને અભિમુખ પુલાકાદિ ચાર સાધુને પ્રવર્તાવે છે. તેથી તેઓ ક્ષાયોપશમિકભાવમાં છે, તેમ કહેલ છે. અતિચારકાલીન અલ્પ કષાયો જનિત ઔદયિકભાવની વિવક્ષા કરી નથી. **॥૧૪૦॥**

**અવતરણિકા :-**

**ननु पुलाकादीनां क्षायोपशमिकादेरेव भावस्य कथं निर्द्धारणम्, मनुष्यत्वादीनामौदयिकादीनामपि भावानां संभवात्, अत आह—**

**અવતરણિકાર્થ :-**

**પુલાકાદિ સાધુઓના ક્ષાયોપશમિક જ ભાવનું કેવી રીતે નિર્દ્ધારણ છે ? અર્થાત્ ક્ષાયોપશમિકાદિ જ ભાવ છે તેમ કહી શકાય નહિ; કેમ કે મનુષ્યત્વાદિ ઔદયિકભાવોનો પણ સંભવ છે. આથી કહે છે=આ પ્રકારની શંકાના સમાધાન અર્થે કહે છે –**

**ગાથા :-**

**णिग्गंथत्तणिमित्तं, भावं अहिगिच्च भणियमेअं तु ।**
**मणुअत्ताईण अओ, ओदइआदीण ण णिसेहो ।।१४१।।**

**ગાથાર્થ :-**

**નિર્ગ્રંથ નિમિત્તભાવને આશ્રયીને આ=ગાથા-૧૪૦માં કહેવાયું એ, કહેવાયું છે. આથી મનુષ્યત્વાદિ ઔદાયિકાદિ ભાવોનો નિષેધ નથી. ।।૧૪૧।।**

**ટીકા :-**

**'णिग्गंथत्त'त्ति । निर्ग्रन्थत्वनिमित्तं भावमधिकृत्यैतद् भणितम्, अतो मनुष्यत्वादीनामौदयिकादीनां भावानां सतां न निषेधः, जन्यजनकभावसम्बन्धेन भाववृत्तितैवात्र विचारयितुमुपक्रान्तेति गर्भार्थः । तदाहोत्तराध्ययनवृत्तिकृत् – "इह तु पुलाकादयो निर्ग्रन्थाः, निर्ग्रन्थत्वं तु चारित्रनिमित्तमिति**

**तद्धेतुभूतस्यैव भावस्य विवक्षितत्वादित्थमभिधानम्, अन्यथा मनुष्यत्वादेरौदयिकादिभावस्य सम्भवात्" इति ।।१४१।।**

**ટીકાર્થ :-**

**निर्ग्रन्थत्वनिमित्तं ..... सम्भवात्" इति ।। નિર્ગ્રંથત્વના નિમિત્ત એવા ભાવને આશ્રયીને આ કહેવાયું=પુલાક આદિ સાધુઓ ક્ષાયોપશમિકાદિ ભાવમાં છે, તેમ કહેવાયું. આથી મનુષ્યત્વાદિ ઔદયિકભાવોની સત્તાનો નિષેધ નથી=પુલાકાદિ સાધુમાં ઔદયિકભાવોની સત્તાનો નિષેધ નથી. કેમ નિર્ગ્રંથત્વ નિમિત્તભાવને આશ્રયીને કહ્યું છે ? એથી કહે છે. જન્યજનકભાવના સંબંધથી ભાવવૃત્તિતા જ અહીં=પુલાક આદિ સાધુમાં, વિચારવા માટે ઉપક્રાંત છે, એ પ્રકારે ગર્ભાર્થ છે અર્થાત્ ક્ષાયોપશમિકભાવ નિર્ગ્રંથભાવનો જનક છે અને નિર્ગ્રંથભાવ જન્ય છે એ પ્રકારના જન્યજનકભાવના સંબંધથી પુલાક આદિ સાધુમાં કયો ભાવ વૃત્તિ છે તેની વિચારણા કરવા માટે ભાવદ્વારનો ઉપક્રમ કરાયો છે. તેથી ઔદયિક એવા મનુષ્યભાવો હોવા છતાં તેની વિવક્ષા કરી નથી. તેને=પુલાક આદિમાં મનુષ્ય આદિ રૂપ ઔદયિકભાવો હોવા છતાં તેની વિવક્ષા કરી નથી તેને, ઉત્તરાધ્યયન વૃત્તિકાર કહે છે – "વળી, અહીં પુલાક આદિ નિર્ગ્રંથો છે અને નિર્ગ્રંથપણું ચારિત્રનું નિમિત્ત છે. એથી તદ્‌હેતુભૂત જ ભાવનું વિવક્ષિતપણું હોવાથી આ રીતે અભિધાન છે=પુલાકાદિને ક્ષાયોપશમિકાદિભાવો છે, એ પ્રકારનું અભિધાન છે. અન્યથા=નિર્ગ્રંથભાવના હેતુભૂત ભાવની જ વિવક્ષા ન હોય તો મનુષ્યત્વ આદિ ઔદયિકભાવનો સંભવ છે=પુલાક આદિ સાધુઓમાં મનુષ્યત્વપણું, પંચેન્દ્રિયપણું ઇત્યાદિ ભાવોનો સંભવ છે. ।।૧૪૧।।**

**ભાવાર્થ :-**

પુલાક આદિ પાંચ નિર્ગ્રંથોમાં ક્ષાયોપશમિકભાવ, ઔપશમિકભાવ અને ક્ષાયિકભાવ છે. તેમ ગાથા-૧૪૦માં કહ્યું. તેથી પુલાક આદિ ચાર સાધુઓ ક્ષાયોપશમિકભાવમાં છે, નિર્ગ્રંથ ઔપશમિકભાવમાં છે અને સ્નાતક ક્ષાયિકભાવમાં છે તેમ પ્રાપ્ત થાય. વસ્તુતઃ જેમ પુલાકાદિ સાધુઓમાં ક્ષાયોપશમિકાદિભાવો છે, તેમ મનુષ્યત્વાદિ ઔદયિકભાવો પણ છે અને જીવત્વાદિ રૂપ પારિણામિકભાવો પણ છે છતાં તેની વિવક્ષા ભાવદ્વારમાં કરેલ નથી; કેમ કે નિર્ગ્રંથભાવ પ્રત્યે જવા માટે આ ત્રણ ભાવો જ કારણ છે. સંપૂર્ણ નિર્ગ્રંથ સિદ્ધના જીવો છે; કેમ કે કર્મરૂપી બંધનરૂપ ગ્રંથ નથી. કષાયોની પરિણતિરૂપ ગ્રંથ નથી અને દેહરૂપ પણ ગ્રંથ નથી. તેથી, નિર્ગ્રંથપણું સિદ્ધ અવસ્થામાં જ છે. તેના પ્રત્યે જનાર ક્ષાયિકભાવ છે, જે સ્નાતકને કે ક્ષીણ નિર્ગ્રંથને હોય છે અને તે ક્ષાયિકભાવ પ્રત્યે જનાર ઔપશમિકભાવ હોય છે. જે ઉપશાંત નિર્ગ્રંથને હોય છે. વળી, ક્ષાયિક નિર્ગ્રંથ અને ઉપશાંત નિર્ગ્રંથ પ્રત્યે જવામાં ક્ષાયોપશમિકભાવ પ્રબળ કારણ છે. આથી જ પુલાકાદિ સાધુઓ 'ग्रंथम् चयेज्जा' એ સૂત્રનું અવલંબન લઈને પ્રસ્તુત ગ્રંથના પ્રારંભમાં બતાવેલ ચોવીશ બાહ્ય અને અભ્યંતર ગ્રંથોનો ત્યાગ કરીને ક્ષાયોપશમિકભાવથી નિર્ગ્રંથભાવમાં પ્રસ્થિત થાય છે. આથી જ પુલાકાદિ સાધુઓને બાર કષાયોનો ક્ષયોપશમભાવ વર્તે છે અને તે ક્ષયોપશમભાવના

બળથી જ તેઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે. ફક્ત સંજ્વલનના કષાયો અને નવ નોકષાયો ક્ષયોપશમભાવમાં વર્તતા ન હોય ત્યારે કંઈક અતિચાર ઉત્પન્ન કરે છે અને જ્યારે તે કષાયો અને નોકષાયો પણ જે મહાત્માના ક્ષયોપશમભાવમાં વર્તતા હોય ત્યારે અસ્ખલિત નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થાન થાય છે. આથી જ પુલાક આદિ સાધુઓ પણ જ્યારે તરંગ વગરના સ્થિર સમુદ્ર જેવા કષાયોના તરંગ વગરના શુદ્ધ આત્માનું ભાવન કરે છે, ત્યારે સંજ્વલન આદિ કષાયોનો ક્ષયોપશમભાવ વર્તતો હોવાથી અપ્રમાદથી નિર્ગ્રંથભાવમાં પ્રસ્થિત હોય છે. **॥૧૪૧॥**

**અવતરણિકા :-**

**उक्तं भावद्वारम् । अथ परिमाणद्वारमाह—**

**અવતરણિકાર્થ :-**

**ભાવદ્વાર કહેવાયું. હવે, પરિમાણદ્વારને કહે છે—**

**ગાથા :-**

**परिमाणं संखा सा, पडिवज्जंताण सयपुहुत्तंता ।**
**सहसपुहुत्तंता पडिवण्ण पुलायाण इक्काई ।।१४२।।**

**ગાથાર્થ :-**

**પરિમાણ સંખ્યા છે. તે=સંખ્યા, પ્રતિપદ્યમાન પુલાકોની શતપૃથક્ત્વ અંતવાળી છે અને પ્રતિપન્ન પુલાકોની એકાદિ સહસ્રપૃથક્ અંતવાળી છે. ।।૧૪૨।।**

**ટીકા :-**

**'परिमाणं'ति । परिमाणं सङ्ख्या सा प्रतिपद्यमानानां पुलाकानामेकादिः शतपृथक्त्वान्ता, अयं भावः — पुलाकाः प्रतिपद्यमानाः कदाचित्सन्ति कदाचिच्च न सन्ति, यदि सन्ति तदा जघन्यत एको द्वौ वा त्रयो वा, उत्कर्षतः शतपृथक्त्वम् । पूर्वप्रतिपन्नपुलाका अपि कदाचित्सन्ति कदाचिच्च न सन्ति, यदि सन्ति तदा जघन्यत एको द्वौ वा त्रयो वा, उत्कर्षतः सहस्रपृथक्त्वमिति । प्रतिपन्नपुलाकानामेकादिसहस्रपृथक्त्वान्ता सङ्ख्या ।।१४२।।**

**ટીકાર્થ :-**

**परिमाणं ..... सङ्ख्या ।। પરિમાણ સંખ્યા છે. તે પ્રતિપદ્યમાન પુલાક સાધુઓની એક આદિવાળી અને શતપૃથક્ત્વ અંતવાળી સંખ્યા છે. આ ભાવ છે=પ્રસ્તુત કથનનું આ તાત્પર્ય છે. પુલાકપણાને પામતા પુલાક સાધુઓ ક્યારેક છે અને ક્યારેક નથી. જો છે તો જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ છે. ઉત્કર્ષથી શતપૃથક્ત્વ છે=બસોથી નવસો સંખ્યામાં પુલાક સાધુ હોય છે. પૂર્વમાં પામેલા**

**પુલાક સાધુઓ પણ ક્યારેક છે ક્યારેક નથી. જો છે તો જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ છે. ઉત્કર્ષથી સહસ્ર પૃથક્ત્વ છે=બે હજારથી નવ હજાર છે. પ્રતિપન્ન પુલાકોની એકાદિથી માંડીને સહસ્ર પૃથક્ત્વ અંતવાળી સંખ્યા છે. ।।૧૪૨।।**

**ભાવાર્થ :-**

પરિમાણદ્વારમાં પુલાક સાધુઓનું જઘન્ય પરિમાણ અને ઉત્કૃષ્ટ પરિમાણ બતાવેલ છે અને જેઓ પુલાક સંયમસ્થાનને અનુકૂળ પરિણતિને સ્પર્શી રહ્યા છે, તેઓ પ્રતિપદ્યમાન પુલાક સાધુઓ છે અને પુલાક સંયમસ્થાનને પ્રાપ્ત કરીને તે સંયમસ્થાનમાં સ્થિર થયેલા સાધુઓ પ્રતિપન્ન પુલાક સાધુઓ છે અને તેઓની સંખ્યાનું સમાલોચન કરવાથી તેવા ઉત્તમ પુરુષોની વિપુલ સંખ્યા શ્રવણ કરીને પણ તેવા ઉત્તમ પુરુષો પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે. તેથી પુલાક નિર્ગ્રંથના પારમાર્થિક સ્વરૂપના બોધપૂર્વક તેઓના સંખ્યાના પરિમાણનું ભાવન કરવાથી વિપુલ નિર્જરાની પ્રાપ્તિ થાય છે. **।।૧૪૨।।**

**ગાથા :-**

**सेविबउसा वि एवं, पडिवज्जंता जहन्नमुक्किट्ठा ।**
**पडिवन्नगा उ णियमा, हवंति कोडीसयपुहुत्तं ।।१४३।।**

**ગાથાર્થ :-**

**પ્રતિસેવક અને બકુશ સાધુઓ આ રીતે=પુલાકની જેમ સ્વીકારતા, જઘન્ય-ઉત્કૃષ્ટ છે. વળી, પૂર્વમાં પામેલા નિયમથી કોટિશત પૃથક્ત્વ છે. ।।૧૪૩।।**

**ટીકા :-**

**'सेविबउसा वि'त्ति । सेविबकुशा अपि प्रतिपद्यमानकाः 'एवं' पुलाकवदेव कदाचित्सन्ति कदाचिन्न सन्ति, यदि सन्ति तदा जघन्यत एको द्वौ वा त्रयो वा, उत्कृष्टतः शतपृथक्त्वम् । प्रतिपन्नकास्तु जघन्यका उत्कृष्टाश्च नियमात्कोटिशतपृथक्त्वं भवन्ति ।।१४३।।**

**ટીકાર્થ :-**

**सेविबकुशा ..... भवन्ति ।। સેવી બકુશ પણ=પ્રતિસેવી અને બકુશ સાધુઓ પણ, પ્રતિપદ્યમાનક આ રીતે=પુલાકની જેમ જ, ક્યારેક હોય છે, ક્યારેક નથી હોતા. જો છે તો જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ હોય છે. ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ હોય છે. વળી, પ્રતિપન્ન પ્રતિસેવાકુશીલ અને બકુશ સાધુઓ જઘન્ય અને ઉત્કૃષ્ટ નિયમથી સો ક્રોડ પૃથક્ત્વ હોય છે=બસો ક્રોડથી નવસો ક્રોડ હોય છે. ।।૧૪૩।।**

**ભાવાર્થ :-**

જેઓ નિર્ગ્રંથભાવના પારમાર્થિક સ્વરૂપને જાણીને મારે નિર્ગ્રંથ થવું છે, તે પ્રકારના પ્રણિધાનપૂર્વક નિર્ગ્રંથના સ્વરૂપનું સમ્યક્ સમાલોચન કરે છે, નિર્ગ્રંથભાવના થવાના કારણીભૂત નામાદિ ચાર નિક્ષેપાઓનું

સ્વરૂપ ભાવન કરે છે અથવા સાધુની પ્રતિદિન સામાચારી, દશવિધ સામાચારી આદિ ભાવોનું ભાવન કરે છે અને તેના બળથી થયેલા પાંચ પ્રકારના નિર્ગ્રંથોના સ્વરૂપનું ભાવન કરે છે કે તે ભાવને પ્રગટ કરવાર્થે સંયમગ્રહણની વિવેકપૂર્વકની ક્રિયા કરે છે, તેઓ સુપ્રણિધાનના બળથી પ્રતિસેવીકુશીલ કે બકુશ ચારિત્રને પ્રાપ્ત કરે છે અને પ્રતિપદ્યમાન એવા તેઓની જઘન્ય-ઉત્કૃષ્ટ સંખ્યાનું સ્મરણ કરે છે અને પૂર્વપ્રતિપન્ન જઘન્યથી પણ નિયમથી કોટિશતપૃથક્ત્વ છે અને ઉત્કૃષ્ટથી તે કોટિશતપૃથક્ત્વ અધિક સંખ્યાવાળું છે, તેમ ભાવન કરીને તે મહાત્મા પ્રત્યે પૂજ્યભાવવાળા થાય છે અને વિપુલ સંખ્યા સાંભળીને હર્ષિત થાય છે. તેઓના ચારિત્રનાં પ્રતિબંધક કર્મો પણ કંઈક કંઈક શિથિલ થાય છે. **॥૧૪૩॥**

**ગાથા :-**

**इक्काई सकसाया, सहसपुहुत्तं सिया पवज्जंता ।**
**उक्किट्ठियरे कोडीसहसपुहुत्तं तु पडिवन्ना ।।१४४।।**

**ગાથાર્થ :-**

**કષાયવાળા એકાદિથી માંડીને સહસ્રપૃથક્ પ્રતિપદ્યમાન થાય છે. વળી, પૂર્વ પ્રતિપન્ન=પૂર્વમાં પામેલા, ઉત્કૃષ્ટ અને ઈતર=જઘન્ય, કોટિસહસ્રપૃથક્ત્વ હોય છે. ॥૧૪૪॥**

**ટીકા :-**

**'इक्काइ'त्ति । 'सकषायाः' प्रतिपद्यमानकाः कदाचित्सन्ति कदाचिन्न सन्ति, यदि सन्ति तदा जघन्येनैको द्वौ वा त्रयो वा, उत्कर्षतस्तु सहस्रपृथक्त्वमिति स्यात्, प्रपद्यमानाः सकषाया एकादयः सहस्रपृथक्त्वं भवन्ति । प्रतिपन्नास्तु सकषाया उत्कृष्टा 'इतरे च' जघन्याः कोटीसहस्रपृथक्त्वं भवन्ति ।।१४४।।**

**ટીકાર્થ :-**

**'सकषायाः' ..... भवन्ति ।। કષાયવાળા=કષાયકુશીલ નિર્ગ્રંથ, પ્રતિપદ્યમાન ક્યારેક હોય છે, ક્યારેક નથી હોતા. જો છે=પ્રતિપદ્યમાન છે, તો જઘન્યથી એક, બે અથવા ત્રણ હોય છે. વળી, ઉત્કર્ષથી સહસ્રપૃથક્ત્વ થાય=બે હજારથી નવ હજાર થાય=કષાયકુશીલ સંયમસ્થાનને પામતા સકષાયવાળા એકાદિથી માંડીને સહસ્રપૃથક્ત્વ થાય છે. વળી, પામેલા=કષાયકુશીલ સંયમસ્થાનને પામેલા કષાયવાળા ઉત્કૃષ્ટથી અને ઈતર=જઘન્યથી, કોટિસહસ્રપૃથક્ત્વ=બે હજારથી નવ હજાર ક્રોડ, હોય છે. ॥૧૪૪॥**

**ભાવાર્થ :-**

પાંચ પ્રકારના નિર્ગ્રંથોમાં કષાયકુશીલ નિર્ગ્રંથ સંયમસ્થાન છે અને તેને પામનારા સતત પ્રાપ્ત થતા નથી તોપણ કોઈક કાળમાં એકસાથે બે હજારથી નવ હજાર મહાત્માઓ તે સંયમસ્થાનને પ્રાપ્ત કરે છે.

બહુલતાએ સાધુવેશ ગ્રહણ કરીને પામનારા હોય છે છતાં કેટલાક ગૃહસ્થવેશમાં કે અન્ય લિંગમાં તે સંયમસ્થાનને પામનારા હોય છે; કેમ કે નિષ્કષાય અવસ્થા જ જીવની સુંદર અવસ્થા છે, કષાય અવસ્થા જ જીવની વ્યાકુળ અવસ્થા છે. એ પ્રકારના સૂક્ષ્મ બોધપૂર્વક કષાયોના ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ વીર્ય ઉલ્લસિત થાય તો પ્રથમના બાર કષાયોના ક્ષયોપશમથી નિર્ગ્રંથભાવને અનુકૂળ અંતરંગ વીર્ય ઉલ્લસિત થાય છે, ત્યારે કષાયકુશીલ સંયમસ્થાનની પ્રાપ્તિ થાય છે.

વળી, સંસારમાં સદા જઘન્યથી પણ તેવા મહાત્માઓ બે હજારથી નવ હજાર ક્રોડ સુધીના હોય છે. વળી, ઉત્કૃષ્ટથી પણ તેટલા જ હોય છે. ફક્ત ઉત્કૃષ્ટ કરતાં જઘન્ય સંખ્યા કંઈક ન્યૂન જાણવી. **॥૧૪૪॥**

**ગાથા :-**

**पडिवज्जंत णियंठा, बासट्ठं जा सयं तु इक्काई ।**
**खवगाणं अट्ठसयं, उवसमगाणं तु चउवन्ना ।।१४५।।**

**ગાથાર્થ :-**

**પ્રાપ્ત કરતાં નિર્ગ્રંથો એક, બે આદિ યાવત્ એકસો બાસઠ હોય છે. ક્ષપક નિર્ગ્રંથો એકસો આઠ, ઉપશામક નિર્ગ્રંથો ચોપન હોય છે. ।।૧૪૫।।**

**ટીકા :-**

**'पडिवज्जंत'त्ति । निर्ग्रन्थाः प्रतिपद्यमानकाः कदाचित्सन्ति कदाचिन्न सन्ति, यदि सन्ति तदा जघन्येनैको द्वौ वा त्रयो वा, उत्कृष्टतस्तु द्विषष्ट्यधिकं शतम् । क्षपकानामष्टाधिकं शतम् । उपशामकानां तु चतुष्पञ्चाशत् ।।१४५।।**

**ટીકાર્થ :-**

**निर्ग्रन्थाः ..... चतुष्पञ्चाशत् ।। નિર્ગ્રંથો=ઉપશાંતનિર્ગ્રંથો કે ક્ષીણ કષાયવાળા નિર્ગ્રંથો, પ્રાપ્ત કરતાં=નિર્ગ્રંથસ્થાનને પ્રાપ્ત કરતાં, ક્યારેક હોય છે, ક્યારેક નથી. જો છે તો જઘન્યથી એક અથવા બે અથવા ત્રણ થાય છે. વળી, ઉત્કૃષ્ટથી એકસો બાસઠ થાય છે અને ક્ષપક એકસો આઠ થાય છે. વળી, ઉપશામકનિર્ગ્રંથ ચોપન થાય છે. ।।૧૪૫।।**

**ભાવાર્થ :-**

ગ્રંથના ત્યાગ અર્થે જ મુનિઓ પ્રયત્ન કરે છે અને ગ્રંથના ત્યાગ માટે યત્ન કરનારા મુનિઓ નિર્ગ્રંથ થઈ રહ્યા છે. તેથી 'થતા હોય તે થયા' એ નિયમ પ્રમાણે પુલાકાદિને પણ નિર્ગ્રંથ કહેવાય છે. પરંતુ જેઓએ કષાયોને સંપૂર્ણ ઉપશમ કર્યા છે કે ક્ષય કર્યા છે, તેઓ નિર્ગ્રંથ છે અને તેવા નિર્ગ્રંથો ઉત્કૃષ્ટથી એકસો બાસઠ પ્રાપ્ત થાય છે અને ક્યારેક ક્ષીણ કર્યા છે સર્વ કષાયો જેણે એવા ઉત્કૃષ્ટથી એકસો આઠ પ્રાપ્ત થાય છે. વળી, કેવલ ઉપશાંતકષાયવાળા નિર્ગ્રંથો ચોપન પ્રાપ્ત થાય છે. આ રીતે નિર્ગ્રંથનું સ્વરૂપ,

નિર્ગ્રંથની સંખ્યા આદિ ભાવન કરવાથી નિર્ગ્રંથભાવ પ્રત્યે રાગ પ્રવર્ધમાન થાય છે અને નિર્ગ્રંથભાવ પ્રત્યેનો પ્રવર્ધમાન રાગ જ વીર્યના પ્રકર્ષથી નિર્ગ્રંથભાવની પ્રાપ્તિનું કારણ બને છે. **॥૧૪૫॥**

**ગાથા :-**

**पुव्वपडिवन्नया जइ, इक्काई जाव सयपुहुत्तं ते ।**
**पडिवज्जंता ण्हाया, अट्ठसयं जाव समयम्मि ।।१४६।।**

**ગાથાર્થ :-**

**પૂર્વપ્રતિપન્ન તેઓ=નિર્ગ્રંથો, જો છે તો એકાદિથી માંડીને યાવત્ શતપૃથક્ત્વ છે. પ્રાપ્ત કરતાં સ્નાતક એક સમયમાં યાવત્ એકસો આઠ હોય છે. ।।૧૪૬।।**

**ટીકા :-**

**'पुव्वपडिवन्नय'त्ति । पूर्वप्रतिपन्ना यदि ते निर्ग्रन्था भवन्ति तदा एकादयो यावत् शतपृथक्त्वम्, जघन्यत एको द्वौ वा त्रयो वा, उत्कृष्टतस्तु शतपृथक्त्वमित्यर्थः । प्रतिपद्यमानाः स्नातका यदि भवन्ति तदा समये एकस्मिन्नष्टशतं यावत्, जघन्यत एको द्वौ वा त्रयो वा, उत्कृष्टतस्त्वष्टशतमित्यर्थः ।।१४६।।**

**ટીકાર્થ :-**

**पूर्वप्रतिपन्ना ..... शतमित्यर्थः ।। પૂર્વપ્રતિપન્ન જો તે નિર્ગ્રંથો છે તો એકાદિ યાવત્ શતપૃથક્ત્વ છે=બસોથી નવસો છે અર્થાત્ જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ છે=બસોથી નવસો છે. પ્રતિપદ્યમાન સ્નાતકો=સ્નાતક અવસ્થાને પામતા સાધુઓ જો છે તો એક સમયમાં એકસો આઠ છે=ઘાતીકર્મોનો ક્ષય કરવા માટે ઉલ્લસિત થયેલા વીર્યવાળા સ્નાતકો એકસો આઠ પ્રાપ્ત થાય છે અર્થાત્ જઘન્ય એક, બે અથવા ત્રણ હોય છે, ઉત્કૃષ્ટથી એકસો આઠ હોય છે. ।।૧૪૬।।**

**ભાવાર્થ :-**

નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત મહાત્માઓ સંપૂર્ણ કર્મનાશ માટે ઉદ્યમ કરનારા છે તોપણ પુલાક આદિ સાધુઓ કષાયોના ઉન્મૂલન માટે જ ઉદ્યમવાળા છે. નિર્ગ્રંથોએ કષાયોનો ઉપશમ કર્યો કે કષાયોનો નાશ કર્યો છે. જ્યારે સ્નાતક મહાત્માઓએ સંસારના બીજભૂત ચારેય ઘાતીકર્મોનો નાશ કર્યો છે, તેવા ઋષિઓ છે અને તેઓ સ્નાતકપણાને પામતા એક સમયમાં ઉત્કૃષ્ટથી એકસો આઠ પ્રાપ્ત થાય છે. જેમના સ્વરૂપના સ્મરણ માત્રથી પણ વિપુલ નિર્જરા પ્રાપ્ત થાય છે. **॥૧૪૬॥**

**ગાથા :-**

**पुव्वपवन्ना ते पुण, कोडिपुहुत्तं जहन्नया हुंति ।**
**तह उक्कोसा इयरं, पुहुत्तमहियं जहन्नाओ ।।१४७।।**

**ગાથાર્થ :-**

**પૂર્વપ્રતિપન્ન તે=સ્નાતકો, વળી જઘન્યથી કોટિપૃથક્ત્વ હોય છે અને તે પ્રકારે ઉત્કૃષ્ટથી હોય છે. ઈતર=ઉત્કૃષ્ટ પૃથક્ત્વ, જઘન્યથી અધિક જાણવું. ।।૧૪૭।।**

**ટીકા :-**

**'पुव्वपवन्न'त्ति । पूर्वप्रपन्नाः पुनः 'ते' स्नातकाः जघन्यकाः कोटिपृथक्त्वं भवन्ति, उत्कृष्टा अपि 'तथा' कोटिपृथक्त्वमेव । अयं पुनर्विशेषः-जघन्यात्पृथक्त्वात् 'इतरत्' उत्कृष्टं पृथक्त्वं प्रतिस्थान-मुच्यमानमधिकं मन्तव्यमिति । आह चोत्तराध्ययनवृत्तिकृत्-"इह च जघन्यत उत्कृष्टतस्तु पृथक्त्वमेवोच्यते, तत्र तज्जघन्यं लघुतरम्, उत्कृष्टं बृहत्तरमिति भावनीयम्" इति ।।१४७।।**

**ટીકાર્થ :-**

**पूर्वप्रपन्नाः ..... भावनीयम्" इति ।। વળી, પૂર્વપ્રતિપન્ન તે=સ્નાતકો, જઘન્યથી કોટિપૃથક્ત્વ હોય છે. ઉત્કૃષ્ટથી પણ કોટિપૃથક્ત્વ હોય છે. વળી, આ વિશેષ છે. જઘન્ય પૃથક્ત્વથી ઈતર=ઉત્કૃષ્ટ પૃથક્ત્વ, પ્રતિસ્થાન=દરેક સ્થાનોમાં, કહેવાતું અધિક જાણવું=જઘન્ય કરતાં ઉત્કૃષ્ટ અધિક જાણવું અને ઉત્તરાધ્યયનના વૃત્તિકાર કહે છે – "અને અહીં=ઉત્તરાધ્યયનમાં, જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પૃથક્ત્વ જ કહેવાય છે. ત્યાં તે જઘન્ય લઘુતર છે=બેથી નવની સંખ્યામાં લઘુતર સંખ્યાવાળું છે. ઉત્કૃષ્ટ બૃહત્તર છે=મોટી સંખ્યાવાળું છે. ।।૧૪૭।।**

**ભાવાર્થ :-**

સ્નાતક સાધુ ઘાતીકર્મના ક્ષયથી થયેલા કેવલી, તીર્થંકરો આદિ છે અને તેઓની જઘન્ય સંખ્યા કોટિપૃથક્ત્વ છે અર્થાત્ બે ક્રોડથી નવ ક્રોડની વચમાં છે અને ઉત્કૃષ્ટથી પણ બે ક્રોડથી નવ ક્રોડ છે. ફક્ત તેઓની ઉત્કૃષ્ટ સંખ્યા જઘન્ય સંખ્યાથી અધિક છે; કેમ કે કોઈક કાળમાં કેવલીઓ જઘન્યથી પ્રાપ્ત થાય છે તો કોઈક કાળમાં ઉત્કૃષ્ટથી પ્રાપ્ત થાય છે તો વળી, કોઈક કાળમાં મધ્યમથી પણ પ્રાપ્ત થાય છે.

આ રીતે પાંચ પ્રકારના નિર્ગ્રંથોના સમ્યક્ સ્વરૂપનું ભાવન કરીને એવા સાધુ, સાધ્વી, દેશવિરતિધર અને સમ્યગ્દૃષ્ટિ પણ અસંખ્યા જગતમાં સદા પ્રાપ્ત થાય છે અને તે અસંખ્યાતા પણ ઘણા વિપુલ પ્રમાણમાં છે અને સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ આવા ગુણોથી કલિત છે અને આવી વિપુલ સંખ્યામાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી વિદ્યમાન છે, તેમ ભાવન કરી જેઓ ચતુર્વિધ સંઘ પ્રત્યે ભક્તિના પ્રકર્ષવાળા થાય છે, તેઓ સંભવનાથ ભગવાનની જેમ ભક્તિના પ્રકર્ષથી તીર્થંકરનામકર્મ પણ ઉપાર્જન કરી શકે છે. તેથી, ચતુર્વિધ સંઘ અંતર્ગત નિર્ગ્રંથો, નિર્ગ્રંથ પ્રત્યે પ્રસ્થિત એવા પુલાકાદિ સાધુઓ અને તે સર્વમાં ચરમસીમાએ રહેલા સ્નાતકો કેવી ઉત્તમ પરિણતિવાળા છે અને કેટલી સંખ્યામાં છે ઇત્યાદિના ભાવનથી પણ પરિમિત સંસારીપણાની પ્રાપ્તિ થાય છે. **।।૧૪૭।।**

**અવતરણિકા :-**

कषायकुशीलपरिमाणे आक्षेपमाह–

**અવતરણિકાર્થ :-**

કષાયકુશીલના પરિમાણમાં આક્ષેપને કહે છે=પૂર્વમાં કષાયકુશીલ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કેટલા હોય છે તે બતાવ્યું. તે પરિમાણમાં કોઈક દોષની સંભાવનાથી આક્ષેપને કરે છે–

**ગાથા :-**

कोडीसहसपुहुत्तं, नणु माणं सव्वसंजयाण मयं ।
इह सकसायाण तयं, भणियं, एसो खलु विरोहो ।।१४८।।

**ગાથાર્થ :-**

ખરેખર સર્વ સંયતોનું કોટિસહસ્રપૃથક્ત્વમાન કહેવાયું. અહીં કષાયવાળા સાધુઓનું તે કહેવાયું. આ ખરેખર વિરોધ છે. ।।૧૪૮।।

**ટીકા :-**

'कोडीसहसपुहुत्तं'ति । ननु सर्वसंयतानां मानं कोटिसहस्रपृथक्त्वं मतं "कोडीसहसपुहुत्तं जईण"त्ति वचनात्, इह 'तत्' कोटीसहस्रपृथक्त्वमानं 'सकषायाणां' कषायकुशीलानां भणितम् । एष खलु विरोधः पुलाकादिमानानामाधिक्यात्, विशेषसङ्ख्यया सामान्यसङ्ख्याव्याघातादिति भावः ।।१४८।।

**ટીકાર્થ :-**

ननु ..... घातादिति भावः ।। ખરેખર સર્વ સંયતોનું પ્રમાણ કોટિસહસ્રપૃથક્ત્વ મનાયું; કેમ કે "કોટિસહસ્રપૃથક્ત્વ યતિઓ છે" એ પ્રકારનું વચન છે. અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, તે=કોટિસહસ્રપૃથક્ત્વ પ્રમાણ, કષાયવાળા=કષાયકુશીલોનું કહેવાયું. આ ખરેખર વિરોધ છે=સર્વ સાધુઓનું અને કષાયકુશીલોનું સમાન પ્રમાણ કહ્યું, એ ખરેખર વિરોધ છે; કેમ કે પુલાક આદિના પ્રમાણનું આધિક્ય હોવાથી વિશેષ સંખ્યા વડે સામાન્ય સંખ્યાનો વ્યાઘાત છે અર્થાત્ કષાયકુશીલમાં પુલાક-બકુશ આદિ અન્ય નિર્ગ્રંથોની સંખ્યાનું આધિક્ય થવાને કારણે વિશેષ સંખ્યાની પ્રાપ્તિ હોવાથી કષાયકુશીલ અને સર્વ સાધુઓની સામાન્ય સંખ્યાનો વ્યાઘાત થાય છે. ।।૧૪૮।।

**અવતરણિકા :-**

समाधत्ते–

**અવતરણિકાર્થ :-**

સમાધાન કરે છે=પૂર્વગાથામાં કરેલ શંકાનું સમાધાન કરે છે–

ગાથા :-

णेवं सकसायाणं, पुहुत्तयं मज्झिमं तु काउं जे ।
अण्णेसिं संखाए, अंतब्भावो जओ इट्ठो ।।१४९।।

ગાથાર્થ :-

આ પ્રમાણે નથી; કેમ કે સકષાયોનું પૃથક્ત્વ મધ્યમ પૃથક્ત્વ કરીને અન્યોની સંખ્યાનો અંતર્ભાવ જે કારણથી ઈષ્ટ છે. ગાથામાં જે શબ્દ પાદપૂરણમાં છે. ।।૧૪૯।।

ટીકા :-

'णेवं'ति । 'नैवं' यथोक्तं त्वया, यतः सकषायाणां पृथक्त्वं मध्यमं 'कृत्वा' बुद्धावारोप्य 'अन्येषां' पुलाकादीनां सङ्ख्याया अन्तर्भाव इष्ट इति । न च 'एवमप्युत्कृष्टपरिमाणसमाधानेऽपि जघन्यपरिमाणसमाधानानुपपत्तिः, जघन्यतोऽपि सामान्यसंयतानां कोटिसहस्रद्वयमानत्ववचनात्, कषायकुशीलानामप्येतावन्मानत्वात्' इति वाच्यम्, कषायकुशीलापेक्षयैव सामान्यमानवचन-सम्भावनादवशिष्टाधिक्ये दोषाभावात्, उक्तञ्च भगवतीवृत्तिकृता—"ननु सर्वसंयतानां कोटीसहस्रपृथक्त्वं श्रूयते, इह तु केवलानामेव कषायकुशीलानां तदुक्तम्, ततः पुलाकादिमानानि ततोऽतिरिच्यन्त इति कथं न विरोधः ? उच्यते—कषायकुशीलानां यत्कोटीसहस्रपृथक्त्वं तद् द्वित्रादिकोटीसहस्ररूपं कल्पयित्वा पुलाकबकुशादिसङ्ख्या तत्र प्रवेश्यते, ततः समस्तसंयतमानं यदुक्तं तन्नातिरिच्यते' इति ।।१४९।।

ટીકાર્થ :-

'नैवं' ..... तिरिच्यते' इति ।। આ પ્રમાણે નથી. જે પ્રમાણે તારા વડે કહેવાયું=પૂર્વપક્ષી વડે કહેવાયું. જે કારણથી કષાયવાળાઓનું પૃથક્ત્વ=કષાયકુશીલ સાધુઓનું પૃથક્ત્વ, મધ્યમ કરીને=બુદ્ધિમાં આરોપણ કરીને, અન્ય પુલાક આદિઓના સંખ્યાનો અંતર્ભાવ ઈષ્ટ છે અને આ રીતે પણ=ગ્રંથકારશ્રીએ સમાધાન આપ્યું એ રીતે પણ, ઉત્કૃષ્ટ પરિમાણનું સમાધાન થયે છતે પણ જઘન્ય પરિમાણના સમાધાનની અનુપપત્તિ છે=કષાયકુશીલ સાધુઓ જઘન્યથી કોટિસહસ્રપૃથક્ત્વ છે. તેમાં અન્યનો અંતર્ભાવ કરવાથી તે જઘન્ય સંખ્યામાં આધિક્યની પ્રાપ્તિ થવાથી જઘન્ય રૂપે કષાયકુશીલ અલ્પ પ્રાપ્ત થશે. તેથી તેના સમાધાનની અનુપપત્તિ છે; કેમ કે જઘન્યથી પણ સામાન્ય સંયતોનું કોટિસહસ્રદ્વયમાનપણાનું વચન છે. કષાયકુશીલોનું પણ એટલું જ માનપણું છે માટે જઘન્ય પરિમાણમાં સમાધાનની અનુપપત્તિ છે એમ ન કહેવું; કેમ કે કષાયકુશીલની અપેક્ષાથી જ સામાન્ય પરિમાણના વચનની સંભાવના હોવાથી અવશિષ્ટના આધિક્યમાં દોષનો અભાવ છે અને ભગવતીના વૃત્તિકાર વડે કહેવાયું છે – "સર્વ સંયતોનું કોટિસહસ્રપૃથક્ત્વ સંભળાય છે. વળી, અહીં=પ્રસ્તુત

**ભગવતીસૂત્રમાં, કેવલ જ કષાયકુશીલોનું તે કહેવાયું=કોટિસહસ્રપૃથક્ત્વપણું કહેવાયું. તેથી પુલાકાદિ પ્રમાણો=પુલાક આદિ સાધુઓની સંખ્યા, તેનાથી=કષાયકુશીલોની સંખ્યાથી અધિક થાય છે=સર્વ સંયતોની સંખ્યા અધિક થાય છે. એથી કેવી રીતે વિરોધ નથી ? ઉત્તર આપે છે – કષાયકુશીલોનું જે કોટિસહસ્રપૃથક્ત્વપણું છે, તે બે-ત્રણ આદિ કોટિસહસ્ર રૂપ કલ્પના કરીને પુલાક બકુશાદિની સંખ્યા ત્યાં=કષાયકુશીલોની સંખ્યામાં, પ્રવેશ કરાય છે. તેથી, બધા સંયતોનું પ્રમાણ જે કહેવાયું, તે અધિક થતું નથી=કોટિસહસ્રપૃથક્ત્વથી અધિક થતું નથી. ।।૧૪૯।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં પૂર્વપક્ષીએ શંકા કરી કે સર્વ સાધુઓ કોટિસહસ્રપૃથક્ત્વ હોય તો કષાયકુશીલને કોટિસહસ્રપૃથક્ત્વ કહી શકાય નહિ; કેમ કે કષાયકુશીલ સિવાયના પુલાકાદિ અન્ય સાધુઓ છે, તેઓની સંખ્યા કષાયકુશીલમાં પ્રક્ષેપ કરવાથી વિશેષ સંખ્યાની પ્રાપ્તિ થાય છે. તેથી કષાયકુશીલ અને સર્વ સાધુઓની સામાન્યથી સમાન સંખ્યા કહી તેનો વ્યાઘાત થાય છે. તેનું સમાધાન કરે છે. કષાયકુશીલનું જે કોટિસહસ્રપૃથક્ત્વ છે, તે મધ્યમ ગ્રહણ કરવું અને તેમાં પુલાકાદિ અન્ય સાધુઓની સંખ્યા પ્રવેશ કરવાથી પણ સર્વ સાધુઓ કોટિસહસ્રપૃથક્ત્વથી અધિક પ્રાપ્ત થશે નહિ. ફક્ત સર્વ સાધુઓનું કોટિસહસ્રપૃથક્ત્વ વિપુલ સંખ્યાવાળું છે અને કષાયકુશીલ સાધુઓનું કોટિસહસ્રપૃથક્ત્વ કંઈક ન્યૂન સંખ્યાવાળું છે. આ રીતે ઉત્કૃષ્ટ કોટિસહસ્રપૃથક્ત્વને આશ્રયીને આવતા વિરોધનો પરિહાર કર્યો ત્યાં પ્રશ્ન થાય કે જઘન્યથી સર્વ સાધુઓ પણ કોટિસહસ્રપૃથક્ત્વ પ્રમાણ છે. તે ઉત્કૃષ્ટની અપેક્ષાએ ન્યૂન સંખ્યાવાળા કોટિસહસ્રપૃથક્ત્વરૂપ છે અને કષાયકુશીલ પણ જઘન્યથી કોટિસહસ્રપૃથક્ત્વ પ્રમાણ કહ્યા ત્યાં કષાયકુશીલની જઘન્ય સંખ્યામાં બકુશાદિની જઘન્ય સંખ્યાનો પ્રવેશ થવાથી જઘન્યથી સર્વ સાધુઓ અધિક પ્રાપ્ત થશે અર્થાત્ કષાયકુશીલથી અધિક પ્રાપ્ત થશે. તેથી, જઘન્ય પક્ષમાં દોષનું નિવારણ થઈ શકશે નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે.

જઘન્યથી સર્વ સાધુઓનું કોટિસહસ્રપૃથક્ત્વમાન કહેલ છે. તે કષાયકુશીલની અપેક્ષાએ છે. તેથી તે સ્થાનમાં અન્ય સાધુઓની સંખ્યાનો પ્રવેશ કરવાથી જે આધિક્યની પ્રાપ્તિ છે, તે દોષરૂપ નથી. **।।૧૪૯।।**

**અવતરણિકા :-**

**उक्तं परिमाणद्वारम् । अथाल्पबहुत्वद्वारमाह—**

**અવતરણિકાર્થ :-**

**પરિમાણદ્વાર કહેવાયું. હવે, અલ્પબહુત્વદ્વારને કહે છે—**

**ગાથા :-**

**हीणाहियत्तसंखा, अप्पबहुत्तं णियंठयपुलाया ।**
**ण्हाया तिण्णि य थोवा, संखिज्जगुणा कमा तत्थ ।।१५०।।**

ગાથાર્થ :-

હીન-અધિક સંખ્યા અલ્પબહુત્વ છે. ત્યાં નિગ્રંથ, પુલાક, સ્નાતક અને ત્રણ=બકુશાદિ ત્રણ, થોડા=પૂર્વપૂર્વના થોડા, ક્રમસર સંખ્યાતગુણા છે. ।।૧૫૦।।

ટીકા :-

'हीणाहियत्तसंख'त्ति । हीनाधिकत्वसङ्ख्यं परस्परं भेदेष्वल्पबहुत्वमुच्यते । तत्र विचारणीये निर्ग्रन्थाः पुलाकाः स्नातकाः 'त्रयश्च' बकुशप्रतिसेवककषायकुशीलाः क्रमात् स्तोकाः सङ्ख्येय-गुणाश्च । इयं भावना — सर्वस्तोका निर्ग्रन्थाः, तेषामुत्कर्षतोऽपि शतपृथक्त्वसङ्ख्यत्वात्; तेभ्यः पुलाकाः सङ्ख्येयगुणाः, सहस्रपृथक्त्वसङ्ख्यत्वात्; तेभ्यः स्नातकाः सङ्ख्येयगुणाः, कोटीपृथक्त्व-मानत्वात्; तेभ्यो बकुशाः सङ्ख्येयगुणाः, कोटीशतपृथक्त्वमानत्वात्; तेभ्यः प्रतिसेवनाकुशीलाः सङ्ख्येयगुणाः, तत्रोपपत्तिः सूत्र एव वक्ष्यते; तेभ्यः कषायकुशीलाः सङ्ख्येयगुणाः, तेषां कोटीसहस्र-पृथक्त्वमानतयोक्तत्वादिति ।।१५०।।

ટીકાર્થ :-

हीनाधिकत्व ..... तयोक्तत्वादिति ।। ભેદોમાં=પુલાકાદિ ભેદોમાં, હીન અધિકત્વરૂપ સંખ્યાપણું અલ્પબહુત્વ કહેવાય છે. તે વિચારણીય હોતે છતે=અલ્પબહુત્વ વિચારણીય હોતે છતે, નિગ્રંથો, પુલાકો, સ્નાતકો અને ત્રય=બકુશ, પ્રતિસેવક અને કષાયકુશીલ, ક્રમસર, થોડા અને સંખ્યાતગુણા છે. આ ભાવના છે=પુલાક આદિ સાધુઓ થોડા છે અને અન્ય સંખ્યાગુણા છે તેની આ ભાવના છે — સર્વ થોડા નિગ્રંથો છે; કેમ કે તેઓનું ઉત્કર્ષથી પણ શતપૃથક્ત્વ સંખ્યેયપણું છે=જગતમાં નિગ્રંથ સાધુઓ ઉત્કર્ષથી વર્તતા હોય તોપણ બસોથી નવસો હોય છે. તેથી સર્વ થોડા છે. તેઓથી પુલાક સાધુઓ સંખ્યેયગુણા છે; કેમ કે સહસ્રપૃથક્ત્વ સંખ્યાપણું છે. તેઓથી=પુલાક સાધુઓથી, સ્નાતક સાધુઓ સંખ્યેયગુણા છે; કેમ કે કોટિપૃથક્ત્વમાનપણું છે=બે ક્રોડથી નવ ક્રોડ સ્નાતક સાધુઓ ઉત્કર્ષથી વર્તે છે. તેઓથી બકુશ સાધુઓ સંખ્યેયગુણા છે; કેમ કે કોટિશતપૃથક્ત્વમાન છે=બસોથી નવસો ક્રોડ પ્રમાણ બકુશ સાધુઓ છે. તેઓથી=બકુશ સાધુઓથી, પ્રતિસેવનાકુશીલ સાધુઓ સંખ્યેયગુણા છે. તેમાં=બકુશ સાધુઓથી પ્રતિસેવનાકુશીલ સાધુઓ સંખ્યેયગુણા છે, એમ કહ્યું તે કથનમાં, ઉપપત્તિ=સંગતિ, સૂત્રમાં જ કહેવાશે=આગળની ગાથારૂપ સૂત્રમાં જ કહેવાશે. તેઓથી=પ્રતિસેવનાકુશીલ સાધુઓથી કષાયકુશીલ સાધુઓ સંખ્યેયગુણા છે; કેમ કે તેઓનું કોટિસહસ્રપૃથક્ત્વમાનપણાથી ઉક્તપણું છે= કષાયકુશીલ સાધુઓ ઉત્કર્ષથી બે હજારથી નવ હજાર ક્રોડ પ્રમાણ હોય છે. ।।૧૫૦।।

ભાવાર્થ :-

પુલાક આદિ સાધુઓ ભવના ક્ષયમાં મહાઉદ્યમ કરનારા છે. તેઓના પારમાર્થિક સ્વરૂપનો સમ્યક્ બોધ કરીને તેઓની કેટલી સંખ્યા છે ? તેઓમાં કોણ સંખ્યાથી હીન છે ? કોણ સંખ્યાથી અધિક છે ? ઇત્યાદિ

સમાલોચના કરવાથી ઉત્તમ પુરુષોની સંખ્યાનું, જગતના સ્વભાવનું અને ઉત્તમ પુરુષોની ઉત્તમતાનું સ્મરણ થાય છે. જેથી વિપુલ નિર્જરા થાય છે. **॥૧૫૦॥**

**અવતરણિકા :-**

**ननु बकुशप्रतिसेवकयोः कोटीशतपृथक्त्वमानतयैवोक्तत्वात्कथं प्रतिसेवकानां बकुशेभ्यः सङ्ख्येयगुणत्वम् ? इत्याशङ्कायामाह—**

**અવતરણિકાર્થ :-**

**બકુશ અને પ્રતિસેવકનું કોટિશતપૃથક્ત્વમાનપણાથી=બસોથી નવસો ક્રોડ પ્રમાણપણાથી ઉક્તપણું હોવાને કારણે બકુશોથી પ્રતિસેવક સાધુઓનું સંખ્યાતગુણપણું કેવી રીતે થાય ? એ આશંકામાં કહે છે—**

**ગાથા :-**

**बउसपडिसेवगाणं, आवाया जइ वि तुल्लया भाइ ।**
**कोडीण सयपुहुत्तं, तहवि विचित्तं ति णो दोसो ।।१५१।।**

**ગાથાર્થ :-**

**જોકે આપાતથી બકુશ, પ્રતિસેવક સાધુઓની તુલ્યતા ભાસે છે તોપણ કોટિશતપૃથક્ત્વ વિચિત્ર છે=તરતમતાના અનેક ભેદવાળું છે, એથી દોષ નથી. ।।૧૫૧।।**

**ટીકા :-**

**'बउस'त्ति । बकुशप्रतिसेवकानां 'आपातात्' यथाश्रुतार्थश्रवणमात्राद् यद्यपि तुल्यता भाति तथापि कोटीनां शतपृथक्त्वं परस्परं विचित्रमिति न दोषः, उक्तञ्च — "पडिसेवणाकुसीला संखेज्जगुण"त्ति । कथमेतत्, तेषामप्युत्कर्षतः कोटीशतपृथक्त्वमानतयोक्तत्वात् ? सत्यम्, किन्तु बकुशानां यत्कोटीशतपृथक्त्वं तद् द्वित्रादिकोटीशतमानम्, प्रतिसेवकानां तु कोटीशतपृथक्त्वं चतुःषट्कोटीशतमानमिति न विरोध इति ।।१५१।।**

**ટીકાર્થ :-**

**बकुशप्रतिसेवकानां ..... विरोध इति ।। બકુશ અને પ્રતિસેવક સાધુઓનું આપાતથી=યથાશ્રુતાર્થ-શ્રવણમાત્રથી=શાસ્ત્રમાં કોટિશતપૃથક્ત્વમાન કહ્યું તે શ્રવણ માત્રથી, જોકે તુલ્યતા ભાસે છે તોપણ કોટિઓનું શતપૃથક્ત્વ પરસ્પર વિચિત્ર છે એથી દોષ નથી અને કહેવાયું છે=બકુશ સાધુઓથી પ્રતિસેવનાકુશીલ અધિક છે, તે કહેવાયું છે, પ્રતિસેવનાકુશીલ સાધુ સંખ્યાતગુણા છે. આ કેવી રીતે છે ?=બકુશ કરતાં પ્રતિસેવનાકુશીલ સાધુ સંખ્યાતગુણા છે એ કેવી રીતે છે ? અર્થાત્ સંગત નથી;**

કેમ કે તેઓનું પણ=પ્રતિસેવનાકુશીલ સાધુઓનું પણ, ઉત્કર્ષથી કોટિશતપૃથક્ત્વમાનપણાથી ઉક્તપણું છે અર્થાત્ બકુશ સાધુઓ અને પ્રતિસેવનાકુશીલ સાધુઓ બંને ઉત્કર્ષથી કોટિશતપૃથક્ત્વ પ્રમાણ છે માટે પ્રતિસેવનાકુશીલ બકુશ કરતાં સંખ્યાતગુણા થાય નહિ એ પ્રકારની શંકા છે. તેનો ઉત્તર આપતાં કહે છે. તારી શંકા સાચી છે, પરંતુ બકુશ સાધુઓનું જે કોટિશતપૃથક્ત્વ છે, તે બે-ત્રણ આદિ કોટિશતપ્રમાણ છે=બસો-ત્રણસો ક્રોડ પ્રમાણ બકુશ સાધુઓ છે. વળી, પ્રતિસેવનાકુશીલનું કોટિશતપૃથક્ત્વ ચાર-છ કોટિશતમાન છે=ચારસો-છસો ક્રોડ પ્રમાણ છે. એથી વિરોધ નથી અર્થાત્ બકુશ સાધુઓ કરતાં પ્રતિસેવનાકુશીલ સાધુઓ સંખ્યાતગુણા કહ્યા, તેમાં વિરોધ નથી. ॥૧૫૧॥

**અવતરણિકા :-**

निर्ग्रन्थप्ररूपणायाः परिसमाप्तिं निरूपयन्नेतेषां भावनिर्ग्रन्थत्वमवधारयति—

**અવતરણિકાર્થ :-**

નિર્ગ્રંથ પ્રરૂપણાની પરિસમાપ્તિને નિરૂપણ કરતાં આમનું=પુલાકાદિ સાધુઓનું ભાવનિર્ગ્રંથપણું અવધારણ કરે છે=ભાવનિર્ગ્રંથપણું જ છે, તે સ્પષ્ટ કરે છે—

**ગાથા :-**

**इय णिग्गंथसरूवं, भणियं सम्मं सुआणुसारेणं ।**
**एएसिं अण्णयरो, भावणियंठो मुणेयव्वो ।।१५२।।**

**ગાથાર્થ :-**

**આ પ્રકારથી નિર્ગ્રંથનું સ્વરૂપ શ્રુતાનુસારથી સમ્યગ્ કહેવાયું. આમના અન્યતર=પુલાકાદિમાંથી અન્યતર, ભાવનિર્ગ્રંથ જાણવા. ।।૧૫૨।।**

**ટીકા :-**

'इय'त्ति । 'इति' अमुना प्रकारेण निर्ग्रन्थस्वरूपं भणितं 'सम्यग्' यथास्थितं 'श्रुतानुसारेण' भगवत्याद्यानुकूल्येन । 'एतेषां' पुलाकादीनामन्यतरो यः कश्चन भावनिर्ग्रन्थो ज्ञातव्यः ।।१५२।।

**ટીકાર્થ :-**

'इति' .... ज्ञातव्यः ।। આ પ્રકારથી=અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રકારથી, નિર્ગ્રંથનું સ્વરૂપ સમ્યગ્=યથાવસ્થિત, શ્રુતાનુસારથી=ભગવતી આદિના અનુકૂલપણાથી કહેવાયું. આમના અન્યતર= પુલાકાદિમાંથી અન્યતર, જે કોઈ છે તે ભાવનિર્ગ્રંથ જાણવા. ॥૧૫૨॥

**ગાથા :-**

**इयरे दव्वणियंठा, तं दव्वत्तं तु हुज्ज दुविअप्पं ।**
**एगं अप्पाहण्णे, इयर पुण भावहेउत्ते ।।१५३।।**

**ગાથાર્થ :-**

**ઈતર=પુલાક આદિથી ઈતર દ્રવ્ય નિર્ગ્રંથો છે. વળી તે દ્રવ્યપણું બે વિકલ્પોવાળું છે. એક અપ્રધાનપણામાં વળી ઈતરભાવના હેતુપણામાં છે. ।।૧૫૩।।**

**ટીકા :-**

**'इयरे'त्ति । 'इतरे' पुलाकादिबहिर्भूता द्रव्यनिर्ग्रन्था भवन्ति, निर्ग्रन्थभावविरहात् । तत्तु द्रव्यत्वं द्विविकल्पं भवेत्, एकम् 'अप्राधान्ये' भावविपरीतत्वेनाप्रशस्तत्वे, इतरत्पुनः भावहेतुत्वे, प्राधान्य-भावहेतुत्वविषयभेदाद् द्रव्यपदशक्तिः सामयिकी द्विधेति भावः ।।१५३।।**

**ટીકાર્થ :-**

**'इतरे' ..... द्विधेति भावः ।। ઈતર=પુલાક આદિથી બહિર્ભૂત, દ્રવ્ય નિર્ગ્રંથો થાય છે; કેમ કે નિર્ગ્રંથભાવનો વિરહ છે=ગ્રંથના ત્યાગને અનુકૂળ સુદૃઢ વ્યાપારરૂપ નિર્ગ્રંથભાવનો અભાવ છે. વળી, તે દ્રવ્યપણું બે વિકલ્પવાળું થાય. એક=એક દ્રવ્યપણું અપ્રાધાન્યમાં છે=ભાવથી વિપરીતપણાને કારણે અપ્રશસ્તપણામાં છે. વળી, ઈતર=ઈતરદ્રવ્યપણું, ભાવના હેતુપણામાં છે. તે જ કથનને સ્પષ્ટ કરે છે. અપ્રાધાન્ય અને ભાવના હેતુત્વરૂપ વિષયના ભેદથી=અપ્રાધાન્યરૂપ વિષય અને ભાવના હેતુત્વરૂપ વિષયના ભેદથી, સમય સંબંધી=શાસ્ત્ર સંબંધી, દ્રવ્ય પદની શક્તિ બે પ્રકારથી છે. ।।૧૫૩।।**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે પુલાક આદિ સાધુઓ સ્વસ્વભૂમિકા અનુસાર બાહ્ય અને અભ્યંતર ગ્રંથોનો ત્યાગ કરીને નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે. તેથી જે કરાતું હોય તે કરાયું, એ ન્યાયથી ભાવનિર્ગ્રંથ છે. જોકે નિર્ગ્રંથ અને સ્નાતક તો નિર્ગ્રંથભાવને પામેલા છે તોપણ પારમાર્થિક નિર્ગ્રંથભાવ તો સિદ્ધ અવસ્થામાં છે; કેમ કે કષાયોરૂપ ગ્રંથ નથી કે શરીરરૂપ ગ્રંથ નથી કે કર્મરૂપ ગ્રંથ નથી. તેથી, સર્વ ગ્રંથોના ત્યાગથી થયેલા નિર્ગ્રંથભાવવાળા સિદ્ધના જીવો છે અને તે ભાવને અતિ આસન્ન સ્નાતક નિર્ગ્રંથ છે અને સ્નાતક નિર્ગ્રંથને આસન્ન નિર્ગ્રંથ નિર્ગ્રંથ છે અને પુલાકાદિ નિર્ગ્રંથો નિર્ગ્રંથ નિર્ગ્રંથભાવને અભિમુખ પ્રસ્થિત છે. તેથી ભાવનિર્ગ્રંથ છે. આના સિવાયના સાધુવેશમાં રહેલા દ્રવ્યનિર્ગ્રંથ છે. જેમ ભાવવેદનો ઉદય કામના વિકાર સ્વરૂપ છે અને તેના કારણીભૂત પુરુષ, સ્ત્રી કે નપુંસકનું શરીર દ્રવ્યવેદ છે, તેમ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત પુલાક આદિ સાધુઓ છે અને અન્ય સાધુવેશમાં હોવા છતાં નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત નહિ હોવાથી દ્રવ્યનિર્ગ્રંથ છે.

વળી તે દ્રવ્યનિર્ગ્રંથપણું બે પ્રકારનું છે. એક અપ્રધાન અર્થમાં અને બીજુ ભાવના હેતુપણામાં છે. તેથી એ ફલિત થાય કે જેઓએ નિર્ગ્રંથનો વેશ ધારણ કર્યો છે અને ભાવનિર્ગ્રંથને અભિમુખ લેશ પણ પરિણામ નથી, પરંતુ ભાવનિર્ગ્રંથથી વિપરીત દિશામાં જ તેઓની પરિણતિ પ્રવર્તે છે. તેથી અપ્રશસ્ત દ્રવ્યનિર્ગ્રંથ છે. વળી, જેઓ સાધુવેશમાં છે, ભાવનિર્ગ્રંથના સ્વરૂપને જાણે છે, સત્ત્વની અલ્પતાને કારણે નિર્ગ્રંથભાવ પ્રત્યે

પ્રસ્થિત થઈ શકતા નથી તોપણ ભાવનિર્ગ્રંથ પ્રત્યે દૃઢરાગને કારણે ભાવનિર્ગ્રંથને અનુકૂળ બળ સંચય કરી રહ્યા છે. તેથી સંયમની તે તે ક્રિયાઓ દ્વારા નિર્ગ્રંથભાવ પ્રત્યે નહિ પ્રસ્થિત થવા છતાં ભાવનિર્ગ્રંથને અભિમુખ એવી કંઈક શુભપરિણતિઓ કરીને તે તે આચારો પાળે છે. તેઓનું દ્રવ્યસાધુપણું ભાવનું હેતુપણું હોવાથી પ્રાધાન્ય અર્થમાં છે. તેથી એ ફલિત થાય કે પુલાક આદિ ભાવનિર્ગ્રંથો છે. પ્રધાન દ્રવ્યનિર્ગ્રંથો ભાવનિર્ગ્રંથ નહિ હોવા છતાં ભાવનિર્ગ્રંથના હેતુ છે અને અપ્રધાન સાધુવેશધારી દ્રવ્યનિર્ગ્રંથો વેશવિડંબક છે. **॥૧૫૨-૧૫૩॥**

**અવતરણિકા :-**

**एतद्विषयविभागमाह—**

**અવતરણિકાર્થ :-**

**આના વિષય વિભાગને કહે છે=પ્રધાન-અપ્રધાન દ્રવ્યનિર્ગ્રંથના વિષય વિભાગને કહે છે—**

**ગાથા :-**

**णिद्धंधसाण पढमं, पासत्थाईण पाववुड्ढिकरं ।**
**संविग्गपक्खिआणं, बितियं मग्गाणुसारीणं ।।१५४।।**

**ગાથાર્થ :-**

**નિર્ધ્વંસ એવા પાસત્થાદિનું પ્રથમ=અપ્રધાનદ્રવ્યત્વ પાપવૃદ્ધિને કરનારું છે. સંવિગ્નપાક્ષિક માર્ગાનુસારીઓનું બીજું દ્રવ્યત્વ છે. ।।૧૫૪।।**

**ટીકા :-**

**'णिद्धंधसाण'त्ति । 'निद्धन्धसानां' प्रवचननिरपेक्षप्रवृत्तीनां पार्श्वस्थादीनां 'पापवृद्धिकरं' साधुत्वभ्रमजननद्वारा लोकानामात्मनां च क्लिष्टकर्मप्रवर्द्धकं 'प्रथमम्' अप्राधान्यलक्षणं द्रव्यत्वम्, सारविरहितबाह्यरूपस्याप्रधानत्वात् । 'द्वितीयं' भावहेतुत्वलक्षणं द्रव्यत्वं "मार्गानुसारिणां" संयमानुकूलप्रवृत्तिमतां संविग्नपाक्षिकाणाम् ।।१५४।।**

**ટીકાર્થ :-**

**'निद्धन्धसानां' ..... संविग्नपाक्षिकाणाम् ।। નિર્ધ્વંસ પરિણામવાળા=પ્રવચનનિરપેક્ષ પ્રવૃત્તિવાળા, પાસત્થાદિઓનું પ્રથમ=અપ્રધાન લક્ષણ, દ્રવ્યત્વ છે. તે અપ્રધાન લક્ષણદ્રવ્યત્વ કેવું છે ? તે સ્પષ્ટ કરે છે. પાપવૃદ્ધિને કરનારું છે. કઈ રીતે પાપવૃદ્ધિને કરનારું છે ? તે સ્પષ્ટ કરે છે. લોકોને અને પોતાને સાધુત્વના ભ્રમના જનન દ્વારા ક્લિષ્ટ કર્મોનું પ્રવર્દ્ધક એવું અપ્રધાનલક્ષણદ્રવ્યત્વ છે; કેમ કે સારથી**

**રહિત બાહ્ય રૂપનું=બાહ્ય સાધુપણાનું, અપ્રધાનપણું છે. માર્ગાનુસારી સંયમને અનુકૂળ પ્રવૃત્તિવાળા સંવિગ્નપાક્ષિકોનું બીજું ભાવનાહેતુત્વ લક્ષણદ્રવ્યત્વ છે. ।।૧૫૪।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે પુલાક આદિ ભાવસાધુઓથી બહિર્ભૂત એવા સાધુવેશધારી દ્રવ્યનિર્ગ્રંથો છે અને તે દ્રવ્યનિર્ગ્રંથપણું બે અપેક્ષાએ છે. એક સાધુના વેશમાત્રપણું છે, સાધુની બાહ્ય આચરણા છે. પરંતુ મોહનાશને અનુકૂળ લેશ પણ માર્ગાનુસારી ક્રિયાઓ નથી. સ્વચ્છંદ મતિથી સેવાયેલી સંયમની ક્રિયામાત્ર છે, તેવા નિર્ધ્વંસ પરિણામવાળા ભગવાનના વચન નિરપેક્ષ સંયમી યથાતથા પ્રવૃત્તિ કરનારા પાસત્થાદિનું દ્રવ્ય નિર્ગ્રંથપણું પાપની વૃદ્ધિને કરનારું છે; કેમ કે સાધુના વેશમાં રહીને સ્વમતિ અનુસાર પ્રવૃત્તિ કરનારા જીવોની આચરણામાં અન્ય જીવોને આ સાધુપણું છે, તેવો ભ્રમ પેદા કરાવીને લોકોને અધર્મની પ્રવૃત્તિમાં ધર્મબુદ્ધિ પેદા કરાવે છે. તેથી, તેવા સાધુપણાની અનુમોદના કરીને મુગ્ધ જીવો ક્લિષ્ટ કર્મો બાંધે છે; કેમ કે જેમ ભોગાદિમાં સારબુદ્ધિ ક્લિષ્ટ કર્મબંધનું કારણ છે, તેમ લેશ પણ વિવેક વગરની સંયમની બાહ્ય આચરણા અસાર આચરણા હોવાથી તેવી આચરણામાં મુગ્ધ જીવોને આ કલ્યાણને અનુકૂળ આચરણા છે, તેવો વિપર્યાસ થવાથી મુગ્ધ જીવો ક્લિષ્ટ કર્મો બાંધે છે. વળી, પાસત્થાદિ સાધુઓ પણ ભગવાનના વચનથી નિરપેક્ષ સ્વમતિ કલ્પિત આચરણા કરીને હું ધર્મ કરું છું, લોકોથી પૂજ્ય છું ઇત્યાદિ ક્લિષ્ટ ભાવો કરીને ક્લિષ્ટ કર્મો બાંધે છે. તેથી તેઓનું દ્રવ્ય નિર્ગ્રંથપણું અપ્રધાન છે.

વળી, જેઓ ભાવનિર્ગ્રંથના પરમાર્થને જાણે છે, ભાવનિર્ગ્રંથ થવાના અત્યંત અર્થી છે, છતાં જિનવચનાનુસાર સંયમની પ્રવૃત્તિ કરવામાં દૃઢ ધૃતિબળવાળા નથી, પરંતુ સુખશીલ સ્વભાવને કારણે સંયમની આચરણા પ્રમાદવશ કરે છે. જેથી સંયમની આચરણા નિર્ગ્રંથભાવને અભિમુખ પ્રસ્થાન કરાવવા સમર્થ બનતી નથી તોપણ માર્ગને યથાર્થ જાણનારા, માર્ગાનુસારી બુદ્ધિવાળા, સંયમને અનુકૂળ કંઈક ઉચિત પ્રવૃત્તિઓ પણ કરે છે અને જે પોતાની પ્રમાદવશ આચરણા છે, તેની નિંદા-ગર્હા કરે છે અને યોગ્ય જીવોને ભાવસાધુપણાનો માર્ગ યથાર્થ પ્રકાશન કરે છે. તેથી સંવિગ્ન એવા સુસાધુના ગુણોના પક્ષપાતવાળા હોવાથી સંવિગ્નપાક્ષિક કહેવાય છે. તેઓનું દ્રવ્યનિર્ગ્રંથપણું સાક્ષાત્ ભાવનિર્ગ્રંથનું કારણ નહિ હોવા છતાં પરંપરાએ ભાવનિર્ગ્રંથપણાનું કારણ છે; કેમ કે પોતાની પ્રમાદ આચરણાને નિંદા-ગર્હા દ્વારા શિથિલ કરે છે, જિનવચનાનુસાર યત્કિંચિત્ આચરણા કરીને માર્ગના પક્ષપાતને દૃઢ કરે છે અને યોગ્ય જીવોને ભાવનિર્ગ્રંથપણાની ઉચિત પ્રવૃત્તિઓ બતાવીને સન્માર્ગની પ્રાપ્તિ કરાવનારા બને છે. તેથી તેઓનું દ્રવ્યસાધુપણું પ્રધાન દ્રવ્ય છે. **।।૧૫૪।।**

**અવતરણિકા :-**

**एतेषां मार्गानुसारित्वमेव समर्थयति—**

**અવતરણિકાર્થ :-**

**આમનું=સંવિગ્નપાક્ષિકનું જ માર્ગાનુસારીપણું સમર્થિત કરે છે—**

**ગાથા :-**

**मग्गाणुसारिणो खलु, संविग्गा सुद्धमग्गकहणगुणा ।**
**इय एएसिं वयणे, अविगप्पेणं तहक्कारो ।।१५५।।**

**ગાથાર્થ :-**

**સંવિગ્નપાક્ષિકો શુદ્ધ માર્ગકથનના ગુણવાળા હોવાથી નિશ્ચિત માર્ગાનુસારી છે. આનાથી આમના વચનમાં=સંવિગ્નપાક્ષિકના વચનમાં, અવિકલ્પથી તથાકાર પ્રતિપાદિત કરાયો છે. ।।૧૫૫।।**

**ટીકા :-**

**'मग्गाणुसारिणो'त्ति । 'संविग्नाः' संविग्नपाक्षिकाः 'खलु' निश्चितं शुद्धमार्गकथनगुणान्-मार्गानुसारिणः । न हि चारित्ररूपशुद्धमार्गानुसारित्वं विना शुद्धमार्गकथकत्वं संभवति, 'इति' अनेन शुद्धमार्गकथनगुणेन हेतुना 'एतेषां' संविग्नपाक्षिकाणां वचनेऽविकल्पेन तथाकारः पञ्चाशकादौ प्रतिपादित इति शेषः ।।१५५।।**

**ટીકાર્થ :-**

**'संविग्नाः' ..... इति शेषः ।। સંવિગ્ન=સંવિગ્નપાક્ષિક સાધુઓ, શુદ્ધમાર્ગકથનના ગુણોવાળા હોવાથી નિશ્ચિત માર્ગાનુસારી છે. हि=જે કારણથી, ચારિત્રરૂપ શુદ્ધ માર્ગના અનુસારીપણા વગર શુદ્ધ માર્ગકથકપણું સંભવતું નથી. આ શુદ્ધ માર્ગકથકપણારૂપ હેતુથી આમના=સંવિગ્નપાક્ષિકના વચનમાં અવિકલ્પથી તથાકાર પંચાશક આદિમાં પ્રતિપાદિત છે. ગાથામાં 'પ્રતિપાદિત' છે, એ અધ્યાહાર છે. ।।૧૫૫।।**

**ભાવાર્થ :-**

સાધુવેશમાં પાસત્થા પણ છે, સાધુવેશમાં સંવિગ્નપાક્ષિક પણ છે અને સંવિગ્નપાક્ષિક સાધુની કંઈક કંઈક આચરણાઓ પ્રમાદથી થતી હોવાને કારણે પાસત્થાદિ તુલ્ય છે. છતાં તેઓ માર્ગાનુસારી કેમ છે ? તે સ્પષ્ટ કરવાર્થે કહે છે. સંવિગ્નપાક્ષિક સાધુઓ પોતાની પ્રમાદી આચરણાથી યોગ્ય જીવોને ભ્રમ ન થાય કે આ જ માર્ગ છે. તેથી પોતાની હીનતા બતાવીને પણ શુદ્ધ માર્ગનું કથન કરે છે; કેમ કે સંવિગ્ન સાધુ જેવો સંવેગ તેઓમાં નથી તોપણ સંવિગ્ન સાધુ પ્રત્યેના ગુણોનો તીવ્ર પક્ષપાત છે. તેથી સંવિગ્ન સાધુઓના ગુણો પ્રત્યે બહુમાનભાવ છે અને પોતાની પ્રમાદી આચરણા પોતાના અહિતનું કારણ છે, તેવી સ્થિરબુદ્ધિ હોવાથી સદા તેની નિંદા-ગર્હા કરે છે અને યોગ્ય જીવોને કલ્યાણનો શુદ્ધ માર્ગ બતાવે છે. જેમ મરીચિ સાધુવેશને છોડીને ત્રિદંડી થયેલા તોપણ તેમની પાસે ધર્મપૃચ્છા કરવા માટે જે કોઈ આવતા હતા, તેઓને ભાવસાધુનું યથાર્થ સ્વરૂપ બતાવીને આનાથી જ ભવનો નિસ્તાર છે, એમ બતાવતા હતા. આથી જ તેમનાથી બોધ પામેલને પણ સુસાધુ પાસે મોકલતા હતા. તેમ સંવિગ્નપાક્ષિક પણ યોગ્ય જીવોને ભવનું

સ્વરૂપ બતાવે અને ભવના સ્વરૂપને જાણીને ભવથી વિરક્ત થયેલા જીવોને ભવથી નિસ્તારના કારણીભૂત ભાવસાધુનું પારમાર્થિક સ્વરૂપ શ્રોતાની બુદ્ધિને અનુરૂપ યથાર્થ બતાવનારા સંવિગ્નપાક્ષિક હોય છે. તેથી તેઓની બુદ્ધિ માર્ગાનુસારી હોય છે અને આ શુદ્ધ માર્ગના કથનના ગુણથી જ સંવિગ્નપાક્ષિક સાધુઓના ઉપદેશના વચનમાં અવિકલ્પથી તથાકાર કરવાનું પંચાશક આદિ ગ્રંથોમાં પૂ.આ. હરિભદ્રસૂરિજીએ પ્રતિપાદિત કરેલ છે. તેથી સુગુરુનું વચન જેમ પ્રમાણભૂત છે, તેમ સંવિગ્નપાક્ષિકનું વચન પણ પ્રમાણભૂત છે. માટે તેઓ જ્યારે ઉપદેશ આપતા હોય ત્યારે તેઓ જે માર્ગ બતાવે તેનો બોધ કર્યા પછી "તમે કહો છો, તે પ્રકારે જ છે." એ અર્થને બતાવવા માટે સુસાધુ તથાકાર સામાચારીનું પાલન કરે છે. જેથી તેમના વચનથી થયેલા નિર્ણયમાં રુચિનો અતિશય થવાથી દર્શનશુદ્ધિ થાય છે. **॥૧૫૫॥**

**અવતરણિકા :-**

**इत्थं च भावनिर्ग्रन्थानामुग्रविहारिणां द्रव्यनिर्ग्रन्थानां च संविग्नपाक्षिकाणामुभयेषामपि यथायोगं गुरुत्वं तरतमभावेन संसिद्धमित्याह—**

**અવતરણિકાર્થ :-**

**અને આ રીતે ઉગ્રવિહારી એવા ભાવનિર્ગ્રંથો અને સંવિગ્નપાક્ષિક એવા દ્રવ્યનિર્ગ્રંથો રૂપ ઉભયનું પણ યથાયોગ્ય ગુરુપણું તરતમભાવથી સંસિદ્ધ છે એને કહે છે—**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી પુલાકાદિ સાધુઓનું સ્વરૂપ બતાવ્યું. એ રીતે પુલાક આદિ સાધુઓ વારંવાર નિસ્તરંગ સમુદ્ર જેવા આત્માનું સ્વરૂપ ભાવન કરીને કષાયોના કાલુષ્ય વગરના આત્માના સ્વરૂપને પ્રગટ કરવાર્થે ઉગ્ર પ્રયત્ન કરનારા છે. અનાદિ ભવઅભ્યાસને કારણે ક્વચિત્ ક્યાંક સ્ખલના થાય છે તોપણ નિર્ગ્રંથ ભાવ પ્રત્યે સુદૃઢ યત્ન કરીને પ્રવર્તનારા છે. તેથી ઉગ્ર વિહારી છે માટે ભાવનિર્ગ્રંથ છે અર્થાત્ ભાવથી નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે અને સંવિગ્નપાક્ષિક સાધુઓ ગાથા-૧૫૪, ૧૫૫માં બતાવ્યું એ રીતે દ્રવ્યનિર્ગ્રંથ છે. વળી, જેમ સુસાધુ શુદ્ધ માર્ગને બતાવીને જીવોના કલ્યાણનું એક કારણ હોવાથી કલ્યાણના અર્થી જીવોને ગુરુ રૂપે આશ્રયણીય છે, તેમ સંવિગ્નપાક્ષિક પણ શુદ્ધ માર્ગને બતાવનારા હોવાથી કલ્યાણના અર્થી જીવોને ગુરુ રૂપે આશ્રયણીય છે. છતાં ભાવનિર્ગ્રંથ સ્વયં આચરણા કરીને અને ઉપદેશ આપીને આશ્રિતોને તારનારા છે. તેથી ભાવનિર્ગ્રંથોની શુદ્ધ આચરણા અને શુદ્ધ ઉપદેશ એ બંનેના અવલંબનથી યોગ્ય જીવો સુખપૂર્વક માર્ગમાં પ્રવર્તી શકે છે. તેથી ભાવનિર્ગ્રંથો ગુરુ તરીકે પ્રથમ આશ્રયણીય છે અને તેમના વિરહકાળમાં ભાવનિર્ગ્રંથની જેમ જ શુદ્ધ માર્ગને બતાવનારા અને યોગ્ય જીવોને શુદ્ધ માર્ગમાં પ્રવર્તાવનારા સંવિગ્નપાક્ષિક હોવાથી ગુરુ તરીકે આશ્રયણીય છે. તે બતાવવા માટે જ અહીં કહ્યું કે બંનેમાં ગુરુપણું સંસિદ્ધ છે.

**ગાથા :-**

**भावणियंठाण तओ, णेयं अविगप्पगज्झवयणाणं ।**
**संविग्गपक्खिआणं, दव्वणियंठाण य गुरुत्तं ।।१५६।।**

**ગાથાર્થ :-**

**તેથી ભાવનિર્ગ્રંથોનું અને અવિકલ્પ ગ્રાહ્ય વચનવાળા દ્રવ્યનિર્ગ્રંથ એવા સંવિગ્નપાક્ષિકોનું ગુરુપણું જાણવું. ।।૧૫૬।।**

**ટીકા :-**

**'भाव'त्ति स्पष्टा । नवरम् – 'अविगप्पगज्झवयणाणं'ति अविकल्पतथाकारविषयवचनानामित्यर्थः, अयमेव गुणः साधारणगुरुत्वगमक इति भावः ।।१५६।।**

**ટીકાર્થ :-**

**नवरम् – ..... इति भावः ।। ફક્ત અવિકલ્પ તથાકાર વિષયવાળાં વચનો છે જેમનાં તેઓનો આ જ ગુણ સાધારણગુરુત્વનો ગમક છે. ।।૧૫૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ભાવનિર્ગ્રંથોનું સ્વરૂપ બતાવ્યું. ત્યારપછી બે પ્રકારના દ્રવ્યનિર્ગ્રંથો બતાવ્યા. તેમાં પાસત્થાદિ અપ્રધાન દ્રવ્યનિર્ગ્રંથો છે, તેમ બતાવ્યું અને સંવિગ્નપાક્ષિક માર્ગાનુસારી ગુણવાળા છે માટે તેમના વચનમાં અવિકલ્પથી તથાકાર કરવો જોઈએ તેમ બતાવ્યું. હવે, પ્રસ્તુત ગ્રંથમાં કયા ગુરુ આશ્રયણીય છે, તેનો બોધ કરાવવાર્થે યત્ન છે અને તેના યત્ન સ્વરૂપે જ ભાવનિર્ગ્રંથનું સ્વરૂપ બતાવ્યું અને સંવિગ્નપાક્ષિકનું સ્વરૂપ બતાવ્યું. તેથી ફલિત થયું કે ભાવનિર્ગ્રંથોનું ગુરુપણું છે અને અવિકલ્પથી ગ્રાહ્ય વચનવાળા સંવિગ્નપાક્ષિક રૂપ દ્રવ્યનિર્ગ્રંથોનું ગુરુપણું છે. ફક્ત અવિકલ્પથી તથાકારના વિષયવાળાં વચનોથી સંવિગ્નપાક્ષિકનું ગુરુપણું છે. જ્યારે સુસાધુનું શુદ્ધ આચરણા અને શુદ્ધ માર્ગના દર્શક ઉભયગુણથી ગુરુત્વ છે, તે રૂપ તરતમભાવથી સુસાધુમાં અને સંવિગ્નપાક્ષિકમાં ગુરુત્વ સિદ્ધ છે. **।।૧૫૬।।**

**અવતરણિકા :-**

**ननु यद्येवं द्रव्यनिर्ग्रन्थानां संविग्नपाक्षिकाणामपि गुरुत्वं व्यवस्थापितं तदा गुरुतत्त्वनिश्चयार्थमनेकगुणान्वेषणाऽकिञ्चित्करी, अकिञ्चित्करश्च तदर्थोऽयं प्रयासः इत्याशङ्कायामाह–**

**અવતરણિકાર્થ :-**

**જો આ રીતે=ગાથા-૧૫૬માં કહ્યું એ રીતે, દ્રવ્યનિર્ગ્રંથ એવા સંવિગ્નપાક્ષિકોનું પણ ગુરુપણું વ્યવસ્થિત કરાયું તો ગુરુત્વના નિશ્ચય માટે અનેક ગુણની અન્વેષણા અકિંચિત્કર છે અને તદ્અર્થવાળો=**

**ગુરુતત્ત્વના નિશ્ચયના અર્થવાળો આ પ્રયાસ=ચાર ઉલ્લાસ દ્વારા કરાયેલો પ્રયાસ અકિંચિત્કર છે= નિરર્થક છે, એ પ્રકારની આશંકામાં કહે છે–**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે ભાવનિર્ગ્રંથ અને સંવિગ્નપાક્ષિક રૂપ દ્રવ્યનિર્ગ્રંથ બંનેમાં ગુરુપણું છે. આ પ્રકારે ભાવનિર્ગ્રંથ નથી એવા સંવિગ્નપાક્ષિકનો પણ ગુરુ તરીકે સ્વીકાર કર્યો. તેથી ગુરુતત્ત્વના બોધ અર્થે અત્યાર સુધી વિસ્તારથી વર્ણન કરીને ગુરુમાં કેવા કેવા ગુણો હોય ? જેથી તેઓના બળથી ભવનો નિસ્તાર થાય છે ઇત્યાદિ અનેક ગુણોની ગવેષણા નિરર્થક છે; કેમ કે તેવા ગુરુના ગુણોથી રહિત પણ સંવિગ્નપાક્ષિકને ગ્રંથકારશ્રીએ ગુરુ તરીકે બતાવેલ છે. આ રીતે ગુરુના અનેક ગુણોની વિચારણા અકિંચિત્કર હોય તો ગુરુતત્ત્વવિનિશ્ચય નામના ગ્રંથમાં જે ગુરુના સ્વરૂપનું અત્યાર સુધી વર્ણન કર્યું અને તેના માટે જે આ પ્રયાસ કર્યો, તે સર્વ નિરર્થક છે; કેમ કે તેવા ગુણોથી રહિત પણ સંવિગ્નપાક્ષિકને ગુરુ તરીકે સ્વીકારી શકાય છે. આ પ્રકારની આશંકાનું નિરાકરણ કરવાર્થે કહે છે–

**ગાથા :-**

**गुरुतत्तणिच्छओ पुण, एसो एक्काइगुणविहीणे वि ।**
**जा सुद्धमग्गकहणं, ताव ठिओ होइ दट्ठवो ।।१५७।।**

**ગાથાર્થ :-**

**વળી, આ ગુરુપણાનો નિશ્ચય યાવત્ એકાદિ ગુણવિહીનમાં પણ શુદ્ધ માર્ગનું કથન છે, ત્યાં સુધી સ્થિત જ્ઞાતવ્ય થાય છે. ।।૧૫૭।।**

**ટીકા :-**

**'गुरुतत्त'त्ति । गुरुतत्त्वनिश्चयः पुनरेष एतावता महता प्रबन्धेन क्रियमाणः परीक्षणीये गुरावनन्तानसाधारणगुणानवगाहमानोऽपि कालादिवशादेकादिगुणविहीनेऽपि चण्डरुद्राचार्यादिन्यायेन कतिपयोत्तरगुणहीनेऽपि तिष्ठंश्चारित्रापेक्षया मूलगुणसत्तामपेक्षमाणोऽपि सम्यक्त्वपक्षापेक्षया यावच्छुद्धमार्गकथनं तावत्स्थितो द्रष्टव्यो भवति, उक्तञ्चागमे–**

"ओसन्नो वि विहारे, कम्मं सोहेइ सुलहबोही य ।
चरणकरणं विसुद्धं, उववूहंतो परूवंतो ।।१।।"**त्ति ।**

**अत्र हि शुद्धमार्गप्ररूपणरूपगुरुलक्षणेनैव कर्मशोधनं सुलभबोधित्वं च प्रतिपादितम्, किञ्च–**

"जो जेण सुद्धधम्मम्मि ठाविओ संजएण गिहिणा वा ।
सो चेव तस्स जाणह, धम्मगुरू धम्मदाणाओ ।।१।।"

इत्यादिवचनाद् गृहिणोऽपि यदि धर्मदानगुणेन धर्मगुरुत्वं प्रसिद्धं तदा संविग्नपाक्षिकाणामखिल-धर्ममर्यादाप्रवर्त्तनप्रवणानामुचिततरमेव धर्मगुरुत्वमित्युच्चदृष्ट्या विचारणीयम् ।।१५७।।

**ટીકાર્થ :-**

**गुरुतत्त्वनिश्चयः ..... विचारणीयम् ।। વળી, પરીક્ષણીય એવા ગુરુમાં આ ગુરુતત્ત્વનો નિશ્ચય આટલા મોટા પ્રબંધથી કરાતો અનંત અસાધારણ ગુણને અવગાહન કરતો પણ=સુસાધુમાં પ્રચુર અસાધારણ ગુણો છે તેને બતાવતો પણ, કાલાદિના વશથી એકાદિ ગુણથી વિહીનમાં પણ ચંડરુદ્રાચાર્યાદિના ન્યાયથી કેટલાક ઉત્તરગુણથી વિહીનમાં પણ રહેતો=ગુરુતત્ત્વનો નિશ્ચય રહેતો, ચારિત્રની અપેક્ષાથી મૂલગુણની સત્તાની અપેક્ષા કરતો પણ=ગુરુતત્ત્વનો નિશ્ચય ચારિત્રની અપેક્ષાથી સુગુરુમાં મૂલગુણની સત્તાની અપેક્ષા કરતો પણ, સમ્યક્ત્વની અપેક્ષાથી જ્યાં સુધી શુદ્ધ માર્ગનું કથન છે, ત્યાં સુધી સ્થિત દ્રષ્ટવ્ય થાય છે=ગુરુતત્ત્વનો નિશ્ચય સ્થિત છે એ પ્રકારે દ્રષ્ટવ્ય થાય છે અને આગમમાં કહેવાયું છે –**

"વિહારમાં=સંયમની આચરણામાં, અવસન્ન પણ સાધુ કર્મનું શોધન કરે છે અને સુલભબોધિ થાય છે. કોણ સુલભબોધિ થાય છે ? એથી કહે છે. વિશુદ્ધ એવા ચરણકરણની ઉપબૃંહણા કરતાં અને પ્રરૂપણા કરતાં અવસન્ન પણ સાધુ સુલભબોધિ થાય છે, એમ અન્વય છે."

**અને અહીં=પ્રસ્તુત ઉદ્ધરણમાં શુદ્ધ માર્ગ પ્રરૂપણારૂપ ગુરુલક્ષણથી જ કર્મનું શોધન અને સુલભબોધિપણું પ્રતિપાદન કરાયું છે. વળી,**

"જે સંયત વડે અથવા ગૃહસ્થ વડે શુદ્ધ ધર્મમાં જે સ્થાપન કરાયા તે જ=સ્થાપન કરનાર જ, સંયત અથવા ગૃહસ્થ તેના ધર્મગુરુ જાણવા; કેમ કે ધર્મનું દાન છે." ।।૧।।

**ઈત્યાદિ વચનથી જો ગૃહસ્થનું પણ ધર્મદાનગુણથી ધર્મગુરુત્વ પ્રસિદ્ધ છે તો અખિલ ધર્મ મર્યાદાના પ્રવર્તનમાં સમર્થ એવા સંવિગ્નપાક્ષિકોનું ધર્મગુરુપણું ઉચિતતર જ છે, એ ઉચ્ચ દૃષ્ટિથી=સૂક્ષ્મ દૃષ્ટિથી, વિચારવું જોઈએ. ।।૧૫૭।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં શંકા કરી કે પૂર્વગાથામાં કહ્યું એ રીતે જો દ્રવ્યનિર્ગ્રંથ એવા સંવિગ્નપાક્ષિકોનું પણ ગુરુપણું છે તો ગુરુપણાના નિશ્ચય માટે અનેક ગુણોની વિચારણા કરવી આવશ્યક નથી. પરંતુ જે સન્માર્ગને બતાવે તે જ ગુરુ છે, એ કથન આવશ્યક છે અને જો એમ સ્વીકારીએ તો ગુરુતત્ત્વના નિશ્ચય અર્થે પ્રસ્તુત વિભાગમાં પાંચ નિર્ગ્રંથોનું સ્વરૂપ બતાવ્યું અને તેઓ સુગુરુ છે અને પાસત્થાદિ કુગુરુઓ છે ઇત્યાદિ સ્વરૂપ બતાવ્યું તે સર્વ પ્રયાસ નિષ્ફળ છે; કેમ કે સુસાધુ હોય કે પાસત્થા હોય સન્માર્ગને દેનારા જે હોય તે સુગુરુ હોય એટલું જ કથન આવશ્યક છે. તેનો ઉત્તર આપતાં કહે છે. વસ્તુતઃ જેઓ સર્વ ઉદ્યમથી નિર્ગ્રંથ થવા માટે યત્ન કરતા હોય તેઓ સ્વયં ગુણથી ગુરુ છે; કેમ કે સંસાર અવસ્થામાં મોહનાશને અનુકૂળ કરાતા ઉત્તમ ગુણોથી જ જીવને ગુરુપણું પ્રાપ્ત થાય છે અને તેવા ગુરુ સત્શાસ્ત્રો

ભણીને સંપન્ન થાય ત્યારે યોગ્ય જીવોને ભવથી નિસ્તાર કરવાર્થે સન્માર્ગ બતાવે છે અને તે સન્માર્ગને સ્વયં પણ આચરે છે. તેવા ગુરુના તે ઉત્તમ આચારોને જોઈને અને તેમની ઉત્તમ પ્રરૂપણાને સાંભળીને યોગ્ય જીવો તે ગુરુના બળથી ભવસમુદ્રથી સુખપૂર્વક પાર પામે છે. તેથી ગુરુતત્ત્વના નિશ્ચયવાળું આ વક્તવ્ય મોટા પ્રબંધથી કરાતું અને પરીક્ષણીય ગુરુમાં અનંત સાધારણ ગુણોનું અવધારણ કરે છે અર્થાત્ આ ગુરુ માત્ર મને શુદ્ધ ધર્મ કહે છે, તેમ નથી. પરંતુ શુદ્ધ ધર્મને સ્વયં સમ્યગ્ સેવે છે અને મને પણ તે પ્રકારે સેવવા માટે પ્રેરણા કરે છે. તે પ્રકારે તે ગુરુમાં ઘણા અસાધારણ ગુણો પરીક્ષકને દેખાય છે.

વળી કાલાદિ વશ એકાદિ ગુણ હીન હોય અથવા ચંડરુદ્રાચાર્યાદિના ન્યાયથી કેટલાક ગુણો હીન હોય છતાં તેઓમાં ચારિત્રના મૂલ ગુણોની સત્તાને જોઈને અને તે ચારિત્રને અનુકૂળ જ ઉચિત અનુશાસનને જોઈને આવા કંઈક ગુણોથી હીન પણ ગુરુ ગુરુરૂપે આશ્રયણીય છે; કેમ કે ભાવથી નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે, યોગ્ય જીવોને નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થાન કરાવવામાં પ્રબળ કારણ બને છે. ફક્ત કંઈક અલ્પ સત્ત્વ હોવાને કારણે તત્ત્વને જાણતા હોવા છતાં પ્રમાદવશ કંઈક વિપરીત આચરણા કરે છે તોપણ ઘણા ગુણોથી કલિત છે માટે ગુરુ તરીકે પૂજ્ય છે.

વળી સંવિગ્નપાક્ષિક સાધુ ચારિત્રના પરિણામથી રહિત છે; કેમ કે ઉત્તર ગુણોની પ્રતિસેવા કરીને પણ ઉત્તરગુણોના સેવનના બળથી ચારિત્રને નાશ કરે છે. તેથી તે પ્રકારના પ્રમાદને કારણે ચારિત્રથી હીન છે. માટે તેઓને અવસન્ન વિહારી કહેલા છે-શિથિલાચારી કહ્યા છે. વળી તેઓમાં શુદ્ધ ચારિત્રના માર્ગનો અત્યંત રાગ છે. તેથી જિનવચનમાં સ્થિર શ્રદ્ધા રૂપ સમ્યક્ત્વ ગુણ તેઓમાં વિદ્યમાન છે. તે અપેક્ષાએ તેઓમાં શુદ્ધ માર્ગના કથનરૂપ ગુણ રહેલો હોવાને કારણે ગુરુતત્ત્વનો નિશ્ચય તેઓમાં પણ સ્થિત થાય છે. આથી જ આગમમાં કહેવાયું છે કે જેઓ સંયમની આચરણામાં અવસન્ન છે, તેથી પ્રમાદી આચરણાના બળથી ચારિત્ર્યની પરિણતિ વગરના થયા છે તોપણ વિશુદ્ધ એવા ચરણકરણની હંમેશાં અનુમોદના કરે છે, તેની જ પ્રરૂપણા કરે છે અર્થાત્ પોતાની હીનતા બતાવીને પણ શુદ્ધ માર્ગ યથાવત્ પ્રકાશન કરે છે. પરંતુ અમે આચરણા કરીએ છીએ તે જ માર્ગ છે, એમ કહેતા નથી. તેવા સંવિગ્નપાક્ષિક ચારિત્રના રાગને કારણે ચારિત્રનાં આવારક કર્મોનો નાશ કરે છે અને સુલભબોધિ થાય છે. તેથી ફલિત થાય કે સુસાધુમાં ભાવથી ગુરુના બધા જ ગુણો છે અને શુદ્ધ માર્ગને બતાવતા હોવાથી ગુરુપણું છે.

વળી, કાળાદિને વશ કંઈક ગુણોની હીનતા હોય યાવત્ મૂળ ગુણથી હીન ન હોય તેઓમાં પણ મૂળ ગુણને કારણે અને શુદ્ધ પ્રરૂપણાને કારણે ગુરુપણું છે. જ્યારે સંવિગ્નપાક્ષિકમાં આચરણની અપેક્ષાએ ગુરુપણું નહિ હોવા છતાં શુદ્ધ માર્ગના દાયકપણાને કારણે ગુરુપણું છે.

વળી, આ કથનને જ પુષ્ટ કરવાર્થે ટીકામાં 'किञ्च'થી કહે છે. કોઈ સંયત સાધુ વડે કે કોઈ ગૃહસ્થ વડે કોઈ જીવ ધર્મમાર્ગમાં સ્થાપન કરાયો હોય તે શ્રાવક કે સંયત તેના ધર્મગુરુ છે. તેથી એ ફલિત થાય કે માત્ર યત્કિંચિત્ ઉપદેશ આપીને ધર્મમાં પ્રવૃત્ત કરે તે ધર્મગુરુ નથી. પરંતુ જેઓ યોગ્ય જીવને સંસારનું સ્વરૂપ બતાવીને ધર્મ જ કરવો જોઈએ, એવી બુદ્ધિ ઉત્પન્ન કરે છે, ત્યારપછી તે ધર્મ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સ્વરૂપ જ છે, અન્ય કંઈ નથી, તેવો માર્ગાનુસારી બોધ કરાવે છે. તેથી યોગ્ય જીવ તેવા સાધુધર્મને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા થાય છે. છતાં તેવી શક્તિ ન હોય તો તેવી શક્તિના સંચય અર્થે તે

યોગ્ય જીવે કેવો ધર્મ કરવો જોઈએ, તેવો બોધ કરાવે છે. તે ગુરુ ક્વચિત્ ગૃહસ્થ હોય કે ભાવસાધુ હોય તોપણ ધર્મનું દાન કરનાર હોવાથી તે જીવ માટે ધર્મગુરુ છે. તેથી શ્રાવકમાં પણ જો ધર્મદાનના ગુણથી ધર્મગુરુપણું પ્રસિદ્ધ હોય તો સંપૂર્ણ ધર્મમર્યાદાના પ્રવર્તનમાં સમર્થ એવા સંવિગ્નપાક્ષિક સાધુમાં તો ધર્મગુરુપણું અત્યંત ઉચિતતર છે, તે સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવું જોઈએ. **॥૧૫૭॥**

**અવતરણિકા :-**

**एतदेव समर्थयति—**

**અવતરણિકાર્થ :-**

**આને જ સમર્થન કરે છે=ધર્મના દાનના ગુણથી ધર્મગુરુપણું છે એને જ સમર્થન કરે છે—**

**ગાથા :-**

**संसारुद्धारकरो, जो भव्वजणाण सुद्धवयणेणं ।**
**णिस्संकियगुरुभावो, सो पुज्जो तिहुअणस्सा वि ।।१५८।।**

**ગાથાર્થ :-**

**ભવ્ય જીવોને શુદ્ધ વચનથી જે સંસાર ઉદ્ધારને કરનાર છે, તે નિઃશંકિત ગુરુભાવવાળા ત્રણ ભુવનને પણ પૂજ્ય છે. ।।૧૫૮।।**

**ટીકા :-**

**'संसारुद्धारकरो'त्ति स्पष्टा ।।१५८।।**

**ટીકાર્થ :-**

**'संसारु ..... स्पष्टा ।। સ્પષ્ટ છે. ।।૧૫૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે ધર્મદાન ગુણથી સાધુ કે ગૃહસ્થ ધર્મગુરુ છે, એ કથનને જ અત્યંત સ્પષ્ટ કરવાર્થે કહે છે. જે જીવો તત્ત્વ જાણવાને અભિમુખ થવાની યોગ્યતાવાળા છે, તેઓનું મિથ્યાત્વ કંઈક મંદ થયું હોવાને કારણે અને સમ્યગ્ માર્ગાનુસારી બુદ્ધિ થઈ હોવાને કારણે તત્ત્વ સાંભળે તો તત્ત્વ પામે તેવા છે, તે ભવ્ય જીવો છે અને તેવા જીવોને કોઈ મહાત્મા ભવનો નિસ્તાર કઈ રીતે થઈ શકે તેવાં શુદ્ધ વચનોથી તેને પ્રતિબોધ કરે ત્યારે તેવા મહાત્મા તે જીવ માટે સંસારના ઉદ્ધારને કરનારા છે અને તેવા મહાત્મા નિઃશંકિત ગુરુભાવવાળા છે; કેમ કે તેમના જ બળથી યોગ્ય જીવો ભવસમુદ્રના પારને પામે છે અને તેવા મહાત્મા ત્રણ ભુવનને માટે પૂજ્ય છે; કેમ કે ત્રણ ભુવનમાં વર્તતા યોગ્ય જીવો તેમના શુદ્ધ વચનના બળથી ભવસમુદ્રના પારને પામે છે. **॥૧૫૮॥**

**અવતરણિકા :-**

तदेवं गुरुतत्त्वं विनिश्चित्यैतद्ग्रन्थफलमाह–

**અવતરણિકાર્થ :-**

**આ રીતે ગુરુતત્ત્વનો નિશ્ચય કરીને આ ગ્રંથના ફળને કહે છે=અત્યાર સુધી ચાર ઉલ્લાસ દ્વારા ગુરુતત્ત્વના સ્વરૂપને બતાવવા અર્થે જે પ્રયાસ કર્યો એ રીતે ગુરુતત્ત્વનો નિશ્ચય કરીને આ ગ્રંથને ભણવાથી શું ફળ પ્રાપ્ત થાય છે તે બતાવે છે–**

**ગાથા :-**

**पवयणगाहाहिं फुडं, गुरुतत्तं णिच्छियं इमं सोउं ।**
**गुरुणो आणाइ सया, संजमजत्तं कुणह भव्वा ! ।।१५९।।**

**ગાથાર્થ :-**

**પ્રવચનની ગાથાઓથી સ્પષ્ટ આ ગુરુતત્ત્વના નિશ્ચયને સાંભળીને ગુરુની આજ્ઞાથી હે ભવ્ય જીવો ! સદા સંયમમાં યત્નને કરો. ॥૧૫૯॥**

**ટીકા :-**

**'पवयणगाहाहिं'ति । प्रवचनगाथाभिः क्वचित् सूत्रतोऽप्यर्थतश्च सर्वत्राभिन्नाभिरिदं गुरुतत्त्वं निश्चितं श्रुत्वा गुरोराज्ञया सदा 'संयमयत्नं' चारित्रपालनोद्यमं कुरुत भव्याः !, गुर्वाज्ञया चारित्रपालनस्यैव परमश्रेयोरूपत्वात् ।।१५९।।**

**ટીકાર્થ :-**

**प्रवचनगाथाभिः ..... श्रेयोरूपत्वात् ।। કોઈક સ્થાને સૂત્રથી પણ અને અર્થથી સર્વત્ર અભિન્ન એવી પ્રવચનગાથાઓથી આ ગુરુતત્ત્વનો નિશ્ચય સાંભળીને ગુરુની આજ્ઞાથી હે ભવ્ય જીવો ! સદા સંયમના યત્નને=ચારિત્રના પાલનના ઉદ્યમને, કરો; કેમ કે ગુરુઆજ્ઞાથી ચારિત્રના પાલનનું જ પરમ શ્રેયરૂપપણું છે. ॥૧૫૯॥**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત ગ્રંથ ચાર ઉલ્લાસમાં ગ્રંથકારશ્રીએ રચેલો છે. જેમાં કલ્યાણના અર્થીએ કેવા ગુરુ પાસે સંયમ ગ્રહણ કરીને આત્મહિત સાધવું જોઈએ, તેનું વિસ્તારથી વર્ણન કરેલ છે અને તે સર્વ ગાથાઓમાં ગુરુતત્ત્વનું નિરૂપણ કરેલું છે. તેવા ગુરુતત્ત્વનો નિશ્ચય કરીને કલ્યાણના અર્થીએ તેવા ગુણવાન ગુરુની આજ્ઞાથી સદા સંયમમાં યત્ન કરવો જોઈએ. જેથી શીઘ્ર ભવનો ક્ષય થાય; કેમ કે ગુરુઆજ્ઞાથી ચારિત્રનું પાલન કરવામાં આવે તો શ્રેષ્ઠ કોટિની કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય છે. **॥૧૫૯॥**

**અવતરણિકા :-**

उक्तमेव समर्थयति–

**અવતરણિકાર્થ :-**

ઉક્ત જ અર્થને=ગાથા-૧૫૯માં કહેલા જ અર્થને, સમર્થન કરતાં કહે છે–

**ગાથા :-**

गुरुआणाइ कुणंता, संजमजत्तं खवित्तु कम्ममलं ।
सुद्धमकलंकमउलं, आयसहावं उवलहंति ।।१६०।।

**ગાથાર્થ :-**

**ગુરુઆજ્ઞાથી સંયમમાં યત્ન કરતા જીવો કર્મમલ ખપાવીને શુદ્ધ, અકલંક, અતુલ આત્મસ્વભાવ પ્રાપ્ત કરે છે. ।।૧૬૦।।**

**ટીકા :-**

'गुरुआणाइ'त्ति । गुर्वाज्ञया संयमयत्नं कुर्वन्तः सर्वथा गलितासद्ग्रहत्वेन 'कर्ममलं' अध्यात्मप्राप्तिप्रतिबन्धककर्ममालिन्यं क्षपयित्वा 'शुद्धं' पर्यायक्रमेण तेजोलेश्याऽभिवृद्ध्या शुक्लशुक्लाभिजात्यभावादतिनिर्मलं 'अकलङ्कं' क्रोधादिकालिकानाकलिततया कलङ्करहितं 'अतुलं' सहजानन्दनिस्यन्दसुन्दरतयाऽनन्योपमेयमात्मस्वभावमुपलभन्ते ।।१६०।।

**ટીકાર્થ :-**

गुर्वाज्ञया ..... मुपलभन्ते ।। **સર્વથા ગલિત થયેલા અસદ્ગ્રહપણાને કારણે ગુરુઆજ્ઞાથી સંયમમાં યત્ન કરતા જીવો કર્મમલની ક્ષપણા કરીને=અધ્યાત્મની પ્રાપ્તિના પ્રતિબંધક કર્મના માલિન્યને દૂર કરીને, શુદ્ધ=પર્યાયના ક્રમથી તેજોલેશ્યાની અભિવૃદ્ધિ દ્વારા શુક્લ શુક્લ આભિજાત્યભાવને કારણે અતિનિર્મલ, અકલંક=ક્રોધાદિ કાલિકાથી અનાકલિતપણાને કારણે કલંકથી રહિત, અતુલ=સહજ આનંદના નિસ્યંદનની સુંદરતાને કારણે અનન્ય ઉપમેય, એવો આત્મસ્વભાવ પ્રાપ્ત કરે છે. ।।૧૬૦।।**

**ભાવાર્થ :-**

જેઓને નિર્મળ દૃષ્ટિ પ્રગટ થઈ છે, તેઓ પ્રસ્તુત ગ્રંથના બળથી ગુણવાન ગુરુના પારમાર્થિક સ્વરૂપને જાણીને કાળદોષને કારણે વર્તમાનમાં જે શ્રેષ્ઠ ગુરુ મળે યાવત્ સંવિગ્નપાક્ષિક મળે તો તેવા ગુણવાન ગુરુના બળથી સંયમમાં યત્ન કરે છે, ત્યારે તેઓને સ્વમતિ અનુસાર ચાલવાનો લેશ પણ આગ્રહ નથી, પરંતુ સર્વજ્ઞના વચન અનુસાર જ ચાલવાનો આગ્રહ છે અને તેવા ગુણવાન ગુરુ સર્વજ્ઞના વચનાનુસાર જ ઉચિત અનુશાસન આપીને તેમને સંયમમાં પ્રવર્તાવે છે અને તેવા શિષ્યને અસદ્ગ્રહ સર્વથા નથી. તેથી

તેવા ગુરુની આજ્ઞાથી જ સંયમમાં યત્ન કરે છે અને તેવા જીવોને શું પ્રાપ્ત થાય છે ? તે બતાવતાં કહે છે. તેવા જીવો ગુરુઆજ્ઞાથી સંયમમાં યત્ન કરે છે, તેવા જીવોના સંયમને અનુકૂળ યત્નથી અધ્યાત્મની પ્રાપ્તિમાં પ્રતિબંધક એવાં કર્મોનું માલિન્ય દૂર થાય છે; કેમ કે ગુણવાન ગુરુના અનુશાસનના બળથી તે મહાત્માના કષાયો ઉત્તરોત્તર અધિક અધિક ક્ષયોપશમભાવને પામે છે. જેથી તેઓના ચિત્તમાં પૂર્વ પૂર્વ કરતાં વિશેષ વિશેષ પ્રકારે અધ્યાત્મની પ્રાપ્તિ થાય છે અને આ રીતે અધ્યાત્મની પ્રાપ્તિ થવાથી તે મહાત્મા સંયમપર્યાયના ક્રમથી તેજોલેશ્યાની વૃદ્ધિને પ્રાપ્ત કરે છે. જે તેજોલેશ્યાની વૃદ્ધિ સુખના સંવેદન સ્વરૂપ છે. આથી જ ભગવતીના વચનાનુસાર તેવા મહાત્મા સમ્યગ્દૃષ્ટિ વ્યંતરને જે સુખ છે, તે સુખને એક માસના સંયમપર્યાયથી ઓળંગે છે અને તે રીતે ઉત્તરોત્તર દેવોના સુખને ઓળંગે છે અને બાર મહિનાના સંયમપર્યાયથી સર્વાર્થ સિદ્ધના સુખને ઓળંગે છે. તે વખતે શુક્લ એવું તેઓનું ચિત્ત બને છે. ત્યાર પછી તેનું પણ ઉલ્લંઘન થાય છે, ત્યારે શુક્લ આભિજાત્ય સુખ થાય છે અર્થાત્ શ્રેષ્ઠ કોટિના શુક્લપણાનું સુખ થાય છે. જે અતિ નિર્મલ કોટિનું સુખ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે આત્માના સ્વાસ્થ્યમાં સુખ છે અને તે સ્વાસ્થ્યને હણનારા કષાયો છે અને જે મહાત્મા ગુણવાન ગુરુની આજ્ઞાનુસાર સંયમની સર્વ ક્રિયાઓ કરે છે, તેઓના કષાયો વિશેષ વિશેષ શાંત થાય છે. તેથી વિશેષ વિશેષ સુખ થાય છે. જેમ વ્યંતરજાતિમાં રહેલા સમ્યગ્દૃષ્ટિ દેવોને અનંતાનુબંધીના ક્ષયોપશમભાવને કારણે કંઈક સ્વસ્થતાનું સુખ થયું છે અને અપ્રત્યાખ્યાનીય આદિ કષાયોના ઉદયને કારણે વિવેક હોવા છતાં ભોગાદિની ઇચ્છા થાય છે અને પુણ્યના સહકારથી સુંદર ભોગસામગ્રીને કારણે ઇચ્છાના શમનજન્ય સુખ થાય છે. જે સુખ અનંતાનુબંધીના ક્ષયોપશમજન્ય સુખમાં અતિશયતાને કરે છે. તેમ સાધુને વિવેક પ્રગટેલો છે, બાર કષાયોનો ક્ષયોપશમ વર્તે છે. છતાં અનભ્યસ્તદશામાં તે અતિસહજ થયેલો નથી અને જેમ જેમ સંયમપર્યાયની વૃદ્ધિ થાય છે, તેમ તેમ તે ક્ષયોપશમભાવ સહજ સહજતર થાય છે. તેથી ચિત્તના સ્વાસ્થ્યનું સુખ વૃદ્ધિ પામે છે અને તે સ્વાસ્થ્યની વૃદ્ધિ બાર મહિનાના સંયમના પર્યાયથી તે પ્રકારે વૃદ્ધિ પામે છે. જેથી સર્વાર્થ સિદ્ધના જીવોને જે સુખ છે, તેનું પણ ઉલ્લંઘન થાય છે. તેથી અતિ નિર્મળ એવું આત્મસ્વભાવરૂપ સુખ તે મહાત્માને પ્રાપ્ત થાય છે. વળી, તે ચિત્તના સ્વાસ્થ્યના સુખમાં ક્રોધાદિ કષાયોની કાલિમા નથી; કેમ કે સંયમની વૃદ્ધિ દ્વારા તે મહાત્મા ક્ષમાદિભાવોની જ વૃદ્ધિ કરે છે. તેથી સર્વ કલંકથી રહિત એવું અતુલ સુખ થાય છે. તે અતુલ સુખ કેમ છે ? તે સ્પષ્ટ કરે છે. વિષયોના આલંબન વગર સહજ આત્માના આનંદની સારભૂત અવસ્થારૂપ હોવાને કારણે તે સુખ સુંદર છે. તેથી સંસારનાં અન્ય સુખોની ઉપમા ન આપી શકાય તેવા આત્માના સ્વાસ્થ્યના સ્વભાવરૂપ સુખને તે મહાત્મા પ્રાપ્ત કરે છે. **॥૧૬૦॥**

**અવતરણિકા :-**

**ततः किं स्यात् ? इत्याह—**

**અવતરણિકાર્થ :-**

**તેનાથી શું થાય ?=ગાથા-૧૬૦માં કહ્યું કે ગુરુઆજ્ઞાથી સંયમમાં યત્ન કરનારા મુનિ અતુલ આત્મસ્વભાવને પ્રાપ્ત કરે છે, તેનાથી શું થાય ? એથી કહે છે–**

**ગાથા :-**

**विन्नाणाणंदघणे, आयसहावम्मि सुट्ठु उवलद्धे ।**
**करयलगयाइं सग्गापवग्गसुक्खाइं सव्वाइं ।।१६१।।**

**ગાથાર્થ :-**

**વિજ્ઞાન આનંદથી ઘન આત્મસ્વભાવ અત્યંત પ્રાપ્ત થયે છતે સર્વ સ્વર્ગઅપવર્ગનાં સુખો કરતલગત પ્રાપ્ત થાય છે=હથેળીમાં પ્રાપ્ત થાય છે. ।।૧૬૧।।**

**ટીકા :-**

**'विन्नाणाणंदघणे'त्ति । विज्ञानानन्दघने आत्मस्वभावे 'सुष्ठु' यथावस्थितद्रव्यगुणपर्यायावलम्बित्वेनोपलब्धे सति सर्वाणि स्वर्गापवर्गसुखानि करतलगतानि, आत्ममात्रप्रतिबन्धविश्रान्तसुखसिन्धुमग्नस्य योगिनो नियमतः स्वर्गापवर्गभागित्वादिति भावः ।।१६१।।**

**ટીકાર્થ :-**

**विज्ञानानन्दघने ..... त्वादिति भावः ।। વિજ્ઞાન આનંદથી ઘન એવો આત્મસ્વભાવ સુંદર ઉપલબ્ધ થયે છતે=યથાવસ્થિત દ્રવ્યગુણપર્યાયના અવલંબીપણાથી ઉપલબ્ધ થયે છતે, સર્વ સ્વર્ગઅપવર્ગનાં સુખો હથેળીમાં પ્રાપ્ત થાય છે; કેમ કે આત્મમાત્રના પ્રતિબંધમાં વિશ્રાંત એવા સુખરૂપી સમુદ્રમાં મગ્ન એવા યોગીનું નિયમથી સ્વર્ગ-અપવર્ગભાગીપણું છે. ।।૧૬૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહેલું કે કોઈ મહાત્મા ગુરુઆજ્ઞાથી સંયમમાં યત્ન કરે ત્યારે તેને અતુલ આત્મસ્વભાવ પ્રાપ્ત થાય છે. તે આત્મસ્વભાવ કેવા સ્વરૂપવાળો છે ? તે સ્પષ્ટ કરે છે. તેવા મહાત્મા સંયમની સર્વ ક્રિયા કરતાં કરતાં અવસરે અવસરે સ્થિર સમુદ્ર જેવા નિસ્તરંગ આત્માનું સ્મરણ કરે છે અને તેવા સ્વભાવને પ્રગટ કરવાને અભિમુખ આ સર્વ સંયમની ક્રિયાઓ છે, તે પ્રકારે નિપુણ પ્રજ્ઞાથી યોજન કરે છે અને તે પ્રકારના સ્વભાવને પ્રગટ કરવામાં ગુરુઆજ્ઞા કઈ રીતે પ્રબલ કારણ છે, તેને પણ સૂક્ષ્મ બુદ્ધિથી જાણે છે અને તે રીતે સર્વ ઉચિત ક્રિયા દ્વારા તે મહાત્મા સ્થિર સમુદ્ર જેવા સ્વભાવને અભિમુખ-અભિમુખતર સર્વ સામાચારી દ્વારા થાય છે, ત્યારે તે મહાત્મા સિદ્ધ અવસ્થામાં રહેલા યથાવસ્થિત દ્રવ્ય-ગુણ-પર્યાયનું અવલંબન લઈને સર્વ પ્રવૃત્તિઓ કરે છે. તેથી, જ્ઞાન અને આનંદથી ઘન એવો આત્મસ્વભાવ પ્રગટ થાય છે; કેમ કે શુદ્ધ આત્માને અવલંબીને તેને અનુરૂપ જ સર્વ ક્રિયાઓ કરવાથી જેવો સિદ્ધનો આત્મા

વિજ્ઞાનથી અને આનંદથી ઘન છે, તેવા આત્મસ્વભાવના રાગથી તે મહાત્માનું ચિત્ત પણ કંઈક અંશથી વિજ્ઞાન આનંદઘન આત્મસ્વભાવમાં વિશ્રાંત વિશ્રાંતતર થવાને અનુરૂપ પ્રયત્નવાળું બને છે. જેથી શ્રેષ્ઠ કોટિનું પુન્ય બંધાય છે. જે પુન્ય ઉત્તમ દેવલોકના સુખને આપશે અને વિવેકથી યુક્ત દેવભવનાં સુખોને ભોગવીને પણ તે મહાત્મા ફરી વિશેષ પ્રકારના નિર્મળ સ્વભાવને પ્રાપ્ત કરવા સમર્થ બને તેવા મનુષ્યભવને પામીને ફરી નિસ્તરંગ આત્માને પ્રગટ કરવા યત્નશીલ થશે. જેથી વીર્યના પ્રકર્ષના બળથી અવશ્ય મોક્ષસુખને પામશે. એથી ગુરુઆજ્ઞાને પરતંત્ર ઉત્તમ શિષ્યને સ્વર્ગ અને મોક્ષનાં સુખોની પ્રાપ્તિ આસન્ન આસન્નતર થાય છે; કેમ કે તેવા ઉત્તમ ગુરુના વચનથી તે શિષ્યનું ચિત્ત આત્મમાત્રમાં તીવ્ર રાગને ધારણ કરે તેવા સુખરૂપી સમુદ્રમાં મગ્ન રહે છે. લેશ પણ વિષયોના સુખથી ચિત્તને કલુષિત કરતા નથી, એવા યોગીઓ નિયમથી સ્વર્ગ અને મોક્ષના સુખને પામે છે. **॥૧૬૧॥**

**અવતરણિકા :-**

**लब्धात्मस्वभावस्य योगिनस्तादात्मिकसुखमेव समर्थयति—**

**અવતરણિકાર્થ :-**

**લબ્ધ આત્મસ્વભાવવાળા યોગીના તાદાત્મિક સુખનું જ સમર્થન કરે છે અર્થાત્ સંસારી જીવોનું સુખ વિષયોની સાથે તાદાત્મિક ભાવથી થાય છે. જ્યારે જે યોગીએ આત્માનું પારમાર્થિક સ્વરૂપ સૂક્ષ્મ પ્રજ્ઞાથી જાણ્યું છે, તેવા યોગીઓને વિષયોનું સુખ આત્માની સાથે તાદાત્મિકભાવવાળું વર્તતું નથી. પરંતુ કષાયોના ઉપદ્રવના શમનથી થનારું સુખ તાદાત્મિકભાવવાળું વર્તે છે. તેવા સુખને તે યોગીઓ પ્રાપ્ત કરે છે. તેનું સમર્થન કરે છે—**

**ગાથા :-**

**आयसहावे पत्ते, परपरिणामे य सव्वहा चत्ते ।**
**वाहिविगमे व सुक्खं, पयडं अपयत्तसंसिद्धं ।।१६२।।**

**ગાથાર્થ :-**

**આત્મસ્વભાવ પ્રાપ્ત થયે છતે અને પરપરિણામ સર્વથા ત્યાગ કરાયે છતે વ્યાધિના વિગમની જેમ અપ્રયત્નસિદ્ધ પ્રગટ સુખ છે. ।।૧૬૨।।**

**ટીકા :-**

**'आयसहावे'त्ति । आत्मस्वभावे प्राप्ते परपरिणामे च सर्वथा त्यक्ते परपरिणामजकषायनोकषायादिमानसदुःखबीजोच्छेदाद् व्याधिविगम इवाप्रयत्नसंसिद्धं सुखं प्रकटं भवतीति शेषः, उक्तञ्च वाचकचक्रवर्त्तिना—**

"संत्यज्य लोकचिन्तामात्मपरिज्ञानचिन्तनेऽभिरतः ।
जितरोषलोभमदनः, सुखमास्ते निर्भरं साधुः ।।१।।" **इति ।**

**तथा**

"प्रशमितवेदकषायस्य हास्यरत्यरतिशोकनिभृतस्य ।
भयकुत्सानिरभिभवस्य यत्सुखं तत्कुतोऽन्येषाम् ? ।।२।।" **इति ।।१६२।।**

**ટીકાર્થ :-**

**आत्मस्वभावे ..... इति ।। આત્મસ્વભાવ પ્રાપ્ત થયે છતે અને સર્વથા પરપરિણામનો ત્યાગ કરાયે છતે પરપરિણામથી થનારા કષાય, નોકષાય આદિ માનસદુઃખના બીજનો ઉચ્છેદ થવાથી વ્યાધિના નાશની જેમ અપ્રયત્નથી સંસિદ્ધ સુખ પ્રગટ થાય છે. ગાથામાં 'भवती' એ શબ્દ અધ્યાહાર છે અને વાચક ચક્રવર્તી વડે=ઉમાસ્વાતિજી વડે કહેવાયું છે –**

"લોકચિંતાનો ત્યાગ કરીને આત્મપરિણામના ચિંતનમાં અભિરત એવા જિતાયેલા રોષ, લોભ, કામવાળા સાધુ અત્યંત સુખમાં રહે છે અને શાંત કર્યો છે વેદનો ઉદય અને કષાય જેણે એવા હાસ્ય, રતિ, અરતિ, શોકથી રહિત એવા ભય, કુત્સાથી નિરભિભવવાળા સાધુને જે સુખ છે, તે અન્યોને=અન્ય સંસારી જીવોને ક્યાંથી હોય ?" **II૧૬૨II**

**ભાવાર્થ :-**

સુગુરુને પરતંત્ર થવાથી ગુણવાન ગુરુ સારણાદિ કરીને યોગ્ય શિષ્યને યોગી બનાવે છે અને યોગીઓ ઉચિત પ્રવૃત્તિ કરીને આત્મસ્વભાવ પ્રાપ્ત કરે છે. તે વખતે તેઓને અપ્રયત્ન સંસિદ્ધ સુખ પ્રગટ થાય છે. જેમ સંસારમાં તે તે ઇચ્છાઓ વર્તે છે અને ઇચ્છાનુસાર ભોગાદિની પ્રાપ્તિથી જીવને સુખ થાય છે અને રોગીને રોગના ઉચ્છેદની ઇચ્છા હોય છે અને ઉચિત ઔષધ દ્વારા રોગનો ઉચ્છેદ થાય ત્યારે સહજ આરોગ્યનું સુખ તેને પ્રગટે છે, જે આરોગ્યનું સુખ અપ્રયત્નસિદ્ધ છે અને સંસારી જીવોને ઇચ્છાના શમનથી જે સુખ થાય છે, તે ભોગના પ્રયત્નથી થાય છે અને રોગી જીવને વ્યાધિના નાશથી જે સુખ થાય છે, તે અપ્રયત્નથી થનારું સુખ થાય છે. તેમ સંસારી જીવોને ભાવવ્યાધિ વર્તે છે. તેથી સ્વાભાવિક સુખ પ્રગટ થતું નથી, પરંતુ જેઓ ગુણવાન ગુરુને પરતંત્ર થઈને તેઓના વચનાનુસાર સમ્યગ્ યત્ન કરીને આત્માના શત્રુભૂત કષાય-નોકષાયરૂપ માનસ પરિણામ જે જીવના સ્વાસ્થ્યના સુખનું નાશક એવું દુઃખનું બીજ છે, તેનો નાશ થાય છે. તેથી ભાવવ્યાધિ દૂર થાય છે. જેના કારણે આત્માના સ્વાસ્થ્યરૂપ સ્વભાવ પ્રાપ્ત થાય છે. તે વખતે યોગીઓને પ્રયત્ન વગર સ્વભાવસિદ્ધ એવું સુખ પ્રગટ થાય છે. જે સુખ અન્ય સંસારી જીવોને ક્યારેય સંભવતું નથી; કેમ કે અન્ય સંસારી જીવો પુન્યના સહકારથી ભોગસામગ્રીજન્ય અને દેહના આરોગ્યજન્ય સુખનું વેદન કરે છે, ત્યારે પણ કષાયોની આકુળતાજન્ય અંતરંગ વ્યાધિથી પીડાતા હોવાને કારણે તેઓનું દેહના આરોગ્યજન્ય અને ભોગજન્ય સુખ હણાયેલું છે. તેથી, સુગુરુના પ્રસાદથી થનારું સુખ ચક્રવર્તી આદિને પણ નથી. **II૧૬૨II**

**અવતરણિકા :-**

नन्वीदृशं सुखं क्रियामात्राद् भविष्यति ? इत्यत आह—

**અવતરણિકાર્થ :-**

'નનુ'થી શંકા કરે છે. આવા પ્રકારનું સુખ=પૂર્વગાથામાં કહ્યું એવા પ્રકારનું સુખ ક્રિયામાત્રથી થશે અર્થાત્ સંયમની ક્રિયા વ્યાધિના વિગમનની ક્રિયા હોવાથી તે ક્રિયામાત્રથી થશે. 'आह'થી કહે છે=તે શંકાના નિવારણ અર્થે કહે છે—

**ગાથા :-**

सुट्ठु वि जयमाणाणं, ण तयं किरियामलम्मि संतम्मि ।
जं खलु उवसमसुक्खं, लद्धसहावस्स णाणिस्स ।।१६३।।

**ગાથાર્થ :-**

**અત્યંત પણ યતના કરનારા સાધુને ક્રિયામલ વિદ્યમાન હોતે છતે તે સુખ નથી, જે ઉપશમનું સુખ લબ્ધઆત્મસ્વભાવવાળા જ્ઞાનીને છે. ।।૧૬૩।।**

**ટીકા :-**

'सुट्ठु वि'त्ति । 'सुष्ठ्वपि' मासक्षपणादिकरणेनात्यर्थमपि यतमानानां 'क्रियामले' मदमात्सर्यादिरूपे सति न, तदुपशमसुखं भवति, यत् खलु लब्धस्वभावस्य ज्ञानिनः प्रादुर्भवति, तस्मात् क्रियामलापनायकत्वाद् ज्ञानमत्यन्तमभ्यर्हितमिति भावः ।।१६३।।

**ટીકાર્થ :-**

'सुष्ठ्वपि' ..... र्हितमिति भावः ।। અત્યંત પણ=માસક્ષમણ આદિ કરણથી અત્યંત પણ, યતના કરનારા સાધુઓને ક્રિયામલ હોતે છતે=મદ-માત્સર્યાદિ રૂપ ક્રિયામલ હોતે છતે, તે ઉપશમસુખ થતું નથી, જે સુખ લબ્ધસ્વભાવવાળા જ્ઞાનીને પ્રાદુર્ભાવ થાય છે. તે કારણથી, ક્રિયામલના અપનાયકપણાને કારણે જ્ઞાન અત્યંત અભ્યર્હિત છે. ।।૧૬૩।।

**ભાવાર્થ :-**

ગુણવાન ગુરુનો આશ્રય સમ્યગ્જ્ઞાન કરવાર્થે જ મહાત્માઓ કરે છે અને જે સુગુરુ સારણા-વારણાદિ કરીને અને ગ્રહણશિક્ષા-આસેવનશિક્ષા કરાવીને યોગ્ય શિષ્યને મોહનાશને અનુકૂળ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરાવે છે. જેનાથી સંપન્ન થયેલા સુશિષ્ય ક્રિયામલનું અપનયન કરીને આત્મિકસુખને પ્રાપ્ત કરે છે, તે ઉપશમનું સુખ માત્ર ક્રિયા કરવાથી સાધુને સંભવિત નથી. આથી જ જે સાધુઓ માસક્ષમણાદિ દુષ્કર તપ કરે છે, સંયમની બાહ્ય ક્રિયાઓ કરે છે તોપણ અંતરંગ રીતે તે ક્રિયાઓ ઉપર કષાયોરૂપી મલ વિદ્યમાન

હોય છે. તેથી ક્રિયામલને કારણે મલિન થયેલી તે તપ-સંયમની ક્રિયા તે ઉપશમના સુખને આપવા સમર્થ બનતી નથી. જે ઉપશમનું સુખ ગુણવાન ગુરુના પારતંત્ર્યથી પ્રગટ થયેલા સમ્યગ્જ્ઞાનથી થાય છે માટે જ્ઞાન અત્યંત અભ્યર્હિત છે. **॥૧૬૩॥**

**અવતરણિકા :-**

**तत्किं ज्ञानमात्र एव सन्तोष्टव्यम् ? इत्याशङ्कायामधिकारिभेदेनोचितोपदेशमाह–**

**અવતરણિકાર્થ :-**

**તો શું જ્ઞાનમાત્રમાં જ સંતોષ માનવો જોઈએ, એ પ્રકારની આશંકામાં અધિકારીના ભેદથી ઉચિત ઉપદેશને કહે છે અર્થાત્ કોણ જ્ઞાનનો પ્રધાન અધિકારી છે અને કોણ ક્રિયાનો પ્રધાન અધિકારી છે, તેના ભેદથી ઉચિત ઉપદેશને કહે છે–**

**ગાથા :-**

**तम्हा गुरुआणाए, कायव्वा नाणपुव्विगा किरिया ।**
**अब्भासो कायव्वो, सुहनाणे वा जहासत्ति ।।१६४।।**

**ગાથાર્થ :-**

**તે કારણથી ગુરુઆજ્ઞા વડે જ્ઞાનપૂર્વક ક્રિયા કરવી જોઈએ અથવા શુભજ્ઞાનમાં યથાશક્તિ અભ્યાસ કરવો જોઈએ. ॥૧૬૪॥**

**ટીકા :-**

**'तम्ह'त्ति । तस्मात् शुद्धचारित्रिणा गुर्वाज्ञया ज्ञानपूर्विका क्रिया कर्त्तव्या । संविग्नपाक्षिकेण शुभज्ञाने वा यथाशक्त्यभ्यासः कर्त्तव्यः, अधिकारिवैचित्र्यात्पक्षद्वयेऽपि न दोष इति सर्वमवदातम् ।।१६४।।**

**ટીકાર્થ :-**

**तस्मात् ..... सर्वमवदातम् ।। તે કારણથી શુદ્ધ ચારિત્રી એવા શિષ્યએ ગુરુઆજ્ઞાથી જ્ઞાનપૂર્વકની ક્રિયા કરવી જોઈએ અથવા સંવિગ્નપાક્ષિક સાધુએ શુભજ્ઞાનમાં યથાશક્તિ અભ્યાસ કરવો જોઈએ; કેમ કે અધિકારીના વૈચિત્ર્યથી પક્ષદ્વયમાં પણ દોષ નથી, એ પ્રમાણે સર્વ અવદાત છે. ॥૧૬૪॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે ક્રિયામાત્રથી ઉપશમનું સુખ થતું નથી, પરંતુ ક્રિયામલના અપનાયક જ્ઞાનથી શુદ્ધ થયેલ ક્રિયાથી ઉપશમનું સુખ થાય છે માટે ક્રિયાને સફળ કરવામાં પ્રબળ કારણ જ્ઞાન છે. તેથી જ્ઞાન ક્રિયા

કરતાં અધિક અભ્યર્હિત છે. માટે જ્ઞાનક્રિયામાંથી કોને શું કરવું જોઈએ ? તે સ્પષ્ટ કરવાર્થે કહે છે. જેઓ શુદ્ધ ચારિત્રવાળા છે, તેઓનો સમ્યગ્ ક્રિયાની નિષ્પત્તિમાં બાધક એવા કર્મમલનો અપગમ થયેલો છે. તેથી સુગુરુને પરતંત્ર થઈને તેઓ નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરે અને તે જ્ઞાનથી નિયંત્રિત ઉચિત ક્રિયા કરે તો તેઓને ઉપશમનું સુખ અધિક અધિક પ્રાપ્ત થાય છે માટે તેવા ચારિત્રી સાધુએ જ્ઞાન અને ક્રિયામાં વિશેષ વિશેષ યત્ન કરવો જોઈએ. જેથી સમ્યગ્જ્ઞાનથી નિયંત્રિત વિશિષ્ટ વિશિષ્ટ ક્રિયાજન્ય ઉપશમનું સુખ પ્રાપ્ત થાય અને જેઓ સત્ક્રિયા કરવા માટે અસમર્થ છે તોપણ સત્ક્રિયાના રાગી છે, તેવા સંવિગ્નપાક્ષિકને સાધુએ શક્તિ અનુસાર નવા નવા અધ્યયનમાં પ્રબલ યત્ન કરવો જોઈએ. જેથી સમ્યગ્જ્ઞાનને કારણે સંવેગની અતિશયતા થાય છે. જેના બળથી કંઈક કંઈક ક્રિયામલ દૂર થાય છે. તેથી શુભજ્ઞાનમાં કરાયેલા યત્નથી સંવિગ્નપાક્ષિકને અને દેશવિરતિધર શ્રાવકને સર્વવિરતિને અનુકૂળ બળ સંચય થાય છે માટે સંવિગ્નપાક્ષિક અને વિવેકી શ્રાવકે શુભજ્ઞાનમાં યત્ન કરીને હિત સાધવું જોઈએ. શુદ્ધચારિત્રીએ જ્ઞાનમાં અને ક્રિયામાં અપ્રમાદ કરીને હિત સાધવું જોઈએ. તેથી ચારિત્રી પ્રધાનરૂપે જ્ઞાનપૂર્વક ક્રિયાના અધિકારી છે અને સંવિગ્નપાક્ષિક તથા દેશવિરતિધર શ્રાવક પ્રધાનરૂપે જ્ઞાનના અધિકારી છે. માટે અધિકારીના ભેદથી બંને પણ પક્ષ ઉચિત છે. **||૧૬૪||**

**ગાથા :-**

**किं बहुणा इह जह जह, रागद्दोसा लहुं विलिज्जंति ।**
**तह तह पयट्टिअव्वं, एसा आणा जिणंदाणं ।।१६५।।**
**गुरुतत्तणिच्छयमिणं, सोहिंतु बुहा सया पसायपरा ।**
**पवयणसोहाहेउं, परगुणगहणे पवट्टंता ।।१६६।।**

**।। इति महामहोपाध्यायश्रीकल्याणविजयगणिशिष्यमुख्यपण्डितश्रीलाभविजय-गणिशिष्यमुख्यपण्डितश्रीजीतविजयगणिसतीर्थ्यपण्डितश्रीनयविजयगणि-चरणकमलचञ्चरीकेण पण्डितश्रीपद्मवि-जयगणिसहोदरेण पण्डितयशोविजयेन विरचिते गुरुतत्त्वविनिश्चये चतुर्थ उल्लासः सम्पूर्णः ।।४।।**

**ગાથાર્થ :-**

**વધારે શું કહેવું ? અહીં=સંસારમાં, જે જે પ્રકારે રાગ-દ્વેષો શીઘ્ર વિલય પામે છે, તે તે પ્રકારે પ્રવર્તવું જોઈએ, એ ભગવાનની આજ્ઞા છે. ||૧૬૫||**

**પરગુણના ગ્રહણમાં પ્રવર્તતા સદા પ્રસાદ પર એવા બુધ પુરુષો પ્રવચનની શોભાના હેતુ એવા આ ગુરુતત્ત્વવિનિશ્ચયને શોધન કરો. ||૧૬૬||**

**આ પ્રકારે મહામહોપાધ્યાય શ્રી કલ્યાણવિજયગણિના શિષ્ય મુખ્ય પંડિત શ્રી લાભવિજયગણિના શિષ્ય મુખ્ય પંડિત શ્રી જીતવિજયગણિના સતીર્થ્ય=ગુરુબંધુ એવા પંડિત શ્રી નયવિજયગણિના ચરણકમળમાં ભ્રમર તુલ્ય અર્થાત્ શિષ્ય તુલ્ય એવા પંડિત શ્રી પદ્મવિજયગણિના સહોદર એવા પંડિત યશોવિજય વડે વિરચિત ગુરુતત્ત્વવિનિશ્ચયમાં ચોથો ઉલ્લાસ સંપૂર્ણ થયો.**

**ટીકા :-**

**।। इति महामहोपाध्यायश्रीकल्याणविजयगणिशिष्यमुख्यपण्डितश्रीलाभविजयगणिशिष्यमुख्यपण्डितश्रीजीतविजयगणिसतीर्थ्यशेखरपण्डितश्रीनयविजयगणिचरणकमलचञ्चरीकेण पण्डितश्रीपद्मविजयगणिसहोदरेण पण्डितयशोविजयेन विरचितायां स्वोपज्ञगुरुतत्त्वविनिश्चयवृत्तौ चतुर्थोल्लासविवरणं सम्पूर्णम् ।।४।।**

**ટીકાર્થ :-**

**इति ..... सम्पूर्णम् ।। 'इति' શબ્દ ગ્રંથની સમાપ્તિમાં છે. મહામહોપાધ્યાયશ્રી કલ્યાણવિજય ગણિના શિષ્યોમાં મુખ્ય એવા પંડિતશ્રી લાભવિજય ગણિ, તેમના શિષ્ય મુખ્ય પંડિતશ્રી જીતવિજય ગણિ. તેમના સતીર્થ્ય પંડિત એવા શ્રી નયવિજય ગણિ, તેમના ચરણકમલમાં ચઞ્ચરીક એવા=ભ્રમરરૂપ એવા, પંડિતશ્રી પદ્મવિજય ગણિના સહોદર એવા પંડિત યશોવિજય વડે વિરચિત ગુરુતત્ત્વવિનિશ્ચયમાં ચોથો ઉલ્લાસ પૂર્ણ થયો.**

**ભાવાર્થ :-**

ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રંથથી ગુરુતત્ત્વનો નિર્ણય કર્યા પછી વિવેકી જીવોએ શું કરવું જોઈએ ? તે અત્યાર સુધી બતાવ્યું. હવે ભગવાનની આજ્ઞાનો સંક્ષેપથી સાર બતાવે છે કે સામાન્યથી સુસાધુએ જ્ઞાનપૂર્વકની ક્રિયામાં યત્ન કરવો જોઈએ અને સંવિગ્નપાક્ષિક સાધુએ જ્ઞાનાભ્યાસમાં યત્ન કરવો જોઈએ. છતાં વધારે શું કહેવું ? વ્યક્તિના ભેદથી આજ્ઞાના અનેક વિકલ્પો પડે છે તોપણ વધારે શું ? જે જે પ્રવૃત્તિથી રાગ-દ્વેષરૂપ કષાયો શીઘ્ર વિલય પામે તે તે પ્રકારે પ્રવર્તવું જોઈએ. એ પ્રકારની ભગવાનની આજ્ઞા છે; કેમ કે ભગવાન વીતરાગ થયા અને વીતરાગ થયા પછી જે કાંઈ ઉપદેશ આપ્યો છે, તે સર્વ ઉપદેશ વીતરાગતુલ્ય થવાના યત્ન સ્વરૂપ છે. તેથી ભગવાનની બધી આજ્ઞાનો સાર એ જ છે કે નિપુણ પ્રજ્ઞાથી જે રીતે રાગ-દ્વેષ નાશ પામે તે રીતે યત્ન કરવો જોઈએ. પરંતુ આ જ કરાય અને આ ન જ કરાય, તેવો શૃંગગ્રાહી યત્ન કરવાનો ભગવાને ક્યાંય નિર્દેશ કર્યો નથી.

વળી, ગ્રંથકારશ્રીએ ભગવાનના વચનાનુસાર આ ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રંથ રચેલ છે. સર્વત્ર આગમવચનોથી સાક્ષી આપેલી છે. છતાં છદ્મસ્થતાથી ક્યાંય સ્ખલના થયેલી હોય તેના શોધન અર્થે બુધ પુરુષોને ગ્રંથકારશ્રી વિનંતી કરે છે અને કહે છે કે જે બુધ પુરુષો જિનવચનાનુસાર પ્રવૃત્તિ કરનારા મહાત્માઓના

ગુણગ્રહણમાં પ્રવર્તનારા છે, તેથી પોતે જિનવચનાનુસાર જે આ ગ્રંથની રચના કરી છે, તેમાં વર્તતા ગુણોને ગ્રહણ કરવામાં બુધ પુરુષો સદા પ્રવર્તે છે છતાં કોઈક સ્થાને ગ્રંથકારશ્રીથી ક્યાંક સ્ખલના થઈ હોય તો પ્રવચનની શોભાના હેતુભૂત એવા આ ગુરુતત્ત્વવિનિશ્ચયનું શોધન કરો. જેથી એ સ્ખલના દૂર થવાથી ગ્રંથ પૂર્ણ માર્ગાનુસારી બને.

અહીં જિજ્ઞાસા થાય કે આ ગ્રંથ પ્રવચનની શોભાના હેતુભૂત કેમ છે ? તેનું તાત્પર્ય એ છે કે જે ગ્રંથમાં સુગુરુના પારમાર્થિક સ્વરૂપનું વર્ણન કરાયેલું હોય તે સાંભળીને બુદ્ધિમાન પુરુષને સ્થિર વિશ્વાસ થાય છે કે જે પ્રવચનમાં આવા સુગુરુનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે, તે પ્રવચન શ્રેષ્ઠ છે; કેમ કે આવા ગુણના સમુદ્ર ગુરુ અવશ્ય યોગ્ય શિષ્યનો ભવનિસ્તાર કરે છે અને તેવા સુગુરુનું સ્વરૂપ જે પ્રવચનમાં કહેલ છે, તેનો નિર્ણય પ્રસ્તુત ગ્રંથના અધ્યયનથી થવાથી ભગવાનનું પ્રવચન અતિ શોભાયમાન થાય છે અને તેવા ભગવાનના પ્રવચનની શોભાને કરનાર આ ગ્રંથમાં પણ અનાભોગથી ક્યાંય સ્ખલના થઈ હોય તેને બુધ પુરુષો દૂર કરે તો પ્રસ્તુત ગ્રંથ જિનવચનથી પૂર્ણ નિયંત્રિત થવાથી એકાંત નિરવદ્ય બને છે. તદર્થે જ ગ્રંથકારશ્રી બુધ પુરુષોને શોધનની પ્રાર્થના કરે છે. **॥૧૯૫-૧૯૬॥**

**પ્રશસ્તિ :-**

**यस्यासन् गुरवोऽत्र जीतविजयप्राज्ञाः प्रसन्नाशयाः,**
**भ्राजन्ते सुनया नयादिविजयाः प्राज्ञाश्च विद्याप्रदाः ।**
**प्रेम्णां यस्य च सद्म पद्मविजयो जातः सुधीः सोदर-**
**स्तेन न्यायविशारदेन रचितो ग्रन्थः श्रिये स्तादयम् ।।१।।**

**।। समाप्तश्चायं ग्रन्थः । ग्रन्थाग्रम् ८००० ।।**

**પ્રશસ્તિનો અનુવાદ :-**

**અહીં જેમના ગુરુ પ્રસન્ન આશયવાળા જિતવિજયજી પ્રાજ્ઞ હતા, સુંદર દૃષ્ટિવાળા, પ્રાજ્ઞ અને વિદ્યાને આપનારા નયાદિવિજય=નય જેમની શરૂઆતમાં છે તેવા વિજય અર્થાત્ નયવિજય, શોભે છે, અને જેમના=જે ગ્રંથકારશ્રીના, પ્રેમનું ઘર સુંદર બુદ્ધિવાળા ભાઈ એવા પદ્મવિજય થયા, તે ન્યાયવિશારદ વડે=ન્યાયવિશારદ પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજા વડે રચાયેલો આ ગ્રંથ લક્ષ્મી માટે થાઓ. ।।૧।।**

# ગુરુતત્ત્વવિનિશ્ચય સંપૂર્ણ

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

| | |
|---|---|
| આશ્રવ અને અનુબંધ | ૧૩✤ |
| ચારિત્રાચાર | ૩૬ |
| ચારિત્રાચાર (હિન્દી આવૃત્તિ) | ૧૯૦ |
| પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા | ૨૫ |

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

| | |
|---|---|
| **Is Jaina Order Independent Religion or Denomination ?** | ૫૮ |
| **Status of religion in modern Nation State theory** | ૬૪ |
| અનેકાંતવાદ | ૯ |
| કર્મવાદ કર્ણિકા | ૫ |
| કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ) | ૧૫૭ |
| કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય | ૪૯ |
| ગૃહજિનાલય મહામંગલકારી | ૮૫ |
| ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | ૧૨ |
| ચલિએ ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં... (હિન્દી આવૃત્તિ) | ૧૮૯ |
| ચિત્તવૃત્તિ | ૧૧ |
| ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ) | ૨૮ |
| જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ? | ૫૬ |
| જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ) | ૫૭ |
| દર્શનાચાર | ૭ |
| ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧ | ૫૫ |
| પ્રશ્નોત્તરી | ૧૦ |
| પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ) | ૪૨ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય | ૧૫ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય (હિન્દી આવૃત્તિ) | ૧૮૮ |
| ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન) | ૨૧ |

✤ જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ) ૨૪
મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી) ૧૭૯
મનોવિજય અને આત્મશુદ્ધિ ૧૪
યોગદૃષ્ટિસમુચ્ચય ૪
લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' ૩૩
શાસન સ્થાપના ૮
શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ) ૨૭
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો ૩
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ) ૩૫
શ્રી ઉપધાન માર્ગોપદેશિકા ૯૩
શ્રીબૃહદ્-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-બૃહદ્-જ્વાલામાલિનીદેવીમંત્ર ૨૦૭
'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર ૧૯૧
શ્રીલઘુ-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-લઘુ-જ્વાલામાલિનીદેવીમંત્ર ૨૦૮
સદ્ગતિ તમારા હાથમાં ! ૬
સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ) ૧૬૩


## संपादक :- प. पू. आ.भ. श्री अरिहंतसागरसूरीश्वरजी महाराज साहब


पाक्षिक अतिचार (हिन्दी) ४१


## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી


| | | |
|---|---|---|
| 'Rakshadharma' Abhiyaan | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૩ |
| Right to Freedom of Religion !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૧ |
| 'રક્ષાધર્મ' અભિયાન | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૨ |
| શંખેશ્વર પાસજી પૂજીએ... | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૨૦૯ |
| શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૮ |
| શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૭ |
| સેવો પાસ સંખેસરો (સૂરદત્ત શેઠના ચરિત્ર સહિત) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૪ |
| સેવો પાસ સંખેસરો (હિં.આ.) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૫ |
| સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૫૯ |
| સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.) | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૦ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનના ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા


| | |
|---|---|
| અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન | ૧૬૯ |
| અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૨ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૨૦ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૨૨ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૬ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૮ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૯ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૧૪ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૫ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૧૬ |
| અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૨૨ |
| આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન | ૧૨૪ |
| આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન | ૧૮ |
| ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૪ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૨ | ૧૯૭ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૩ | ૧૯૮ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૪ | ૧૯૯ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૬ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૭ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૮ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૬ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૭ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૨૮ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૧ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૨ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૩ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૮૦ |

| | |
|---|---|
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૮૧ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૮૨ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૧૯૪ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૮ | ૧૯૫ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૯ | ૧૯૬ |
| કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન | ૩૧ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૨ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૩ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૨૧૨ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૨૧૩ |
| **ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૫** | **૨૧૪** |
| **ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૬** | **૨૧૫** |
| જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન | ૬૮ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૦ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૧ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૨ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૬૪ |
| દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન | ૧૪૭ |
| દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૧૮ |
| દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન | ૧૬૦ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૮ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૯ |
| ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૯ |
| ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૫ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૨ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૩ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૪ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૦ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૧ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૪૨ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૫૫ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૫૬ |
| ધર્મસંગ્રહણિ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૧૦ |
| ધ્યાનશતક શબ્દશઃ વિવેચન | ૧૮૩ |
| નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૧૭ |
| પકખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન | ૧૨૫ |
| પગામસિજ્જા શબ્દશઃ વિવેચન | ૧૪૪ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૪૬ |

| | |
|---|---|
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૮૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૦૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૦૧ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૯ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૨૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૧૨૩ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨) | ૩૪ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫) | ૩૭ |
| પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૮૪ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૦ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૧ |
| પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૧૨ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૯ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૪૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૯૯ |
| પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૮૭ |
| બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૩ |
| બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૮ |
| બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૭ |
| બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૦ |
| બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૯ |
| બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૨ |
| બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૪૬ |
| બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૩૯ |
| બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૧૩ |
| બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૨ |
| બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૭ |
| બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૪ |
| બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૩ |
| બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૪ |
| બત્રીશી-૧૫ : સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૧ |
| બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૫ |
| બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૧ |
| બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૦ |
| બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૧ |
| બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૦ |
| બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૪ |

| | |
|---|---|
| બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૨ |
| બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૩ |
| બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૪ |
| બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૬ |
| બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૧ |
| બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૩ |
| બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૪ |
| બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૭ |
| બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૬ |
| બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૦૬ |
| બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૨ |
| બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત) | ૧૫૨ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૩ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૪ |
| યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૮૦ |
| યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન | ૬૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૭૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૬ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૭ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૫ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૬ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૭ |
| યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | ૧ |
| યોગશતક શબ્દશઃ વિવેચન | ૪૫ |
| યોગશાસ્ત્ર (પ્રકાશ-૧ થી ૪) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૯૨ |
| યોગશાસ્ત્ર (પ્રકાશ-૭ થી ૧૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૯૩ |
| યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૦૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૬૬ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૮ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | ૧૬ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ | ૧૯ |
| વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન | ૧૫૮ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૦ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૮૫ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૮૬ |
| વૈરાગ્યકલ્પલતા પૂર્વાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૨૦૦ |
| વૈરાગ્યકલ્પલતા ઉત્તરાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૨૦૧ |

| | |
|---|---|
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૨૦૨ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૨૦૩ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૮ | ૨૦૪ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૯) શબ્દશઃ વિવેચન ભાગ-૯ | ૨૦૫ |
| શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના) | ૧૫૧ |
| શ્રાવકધર્મવિધિ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૨૧૧ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૮ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૯ |
| શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૯૮ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૧ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૧ |
| સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૪૩ |
| સમાધિશતક શબ્દશઃ વિવેચન | ૨૦૬ |
| સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન | ૨૩ |
| સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૪૫ |
| સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન | ૬૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૮ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૦ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૩૮ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૯ |
| સૂત્રના પરિણામદર્શક યત્નલેશ | ૩૨ |


## ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત
## સંશોધનાત્મક પ્રકાશનો


| | | |
|---|---|---|
| આગમ પ્રકાશનસૂચી (હિન્દી) | સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી | ૧૭૫ |


## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો


૧. ધર્મતીર્થ ભાગ-૧

૨. ધર્મતીર્થ ભાગ-૨

૩. ધર્મતીર્થ ભાગ-૩

૪. ધર્મતીર્થ ભાગ-૪

# પ્રાપ્તિસ્થાન

✤ અમદાવાદ :
ગીતાર્થ ગંગા
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : mygg@gitarthganga.com
www.gitarthganga.com

✤ વડોદરા :
શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

✤ મુંબઈ :
શ્રી લલિતભાઈ ધરમશી
૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✤ સુરત :
ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

✤ રાજકોટ :
શ્રી કમલેશભાઈ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

✤ BANGALORE :
SHRI VIMALCHANDJI
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262
(Mo.) 9448359925, 7892448604
Email : vimalkgadiya@gmail.com

SHRI DHEERAJ KATARIA
Flat No. 202, Munoth Habitat Apts.
No. 13/14, Pmk Road, Shankarpuram,
Bangalore-560004. (Karnataka)
☎ (M) 9844350590
Email : dheeraj83kataria@gmail.com

નોંધ

सुगुरुत्तं साहूणं, गंथच्चाएण होइ नाणीणं ।
इहरा विवरीयत्थं, तेसिं णिग्गंथणामं पि ।।

❖

જ્ઞાની એવા સાધુનું સુગુરુપણું ગ્રંથના ત્યાગથી
થાય છે. ઈતરથા તેઓનું=પાસત્થાદિઓનું,
નિર્ગ્રંથ નામ પણ વિપરીત અર્થવાળું છે.



: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : mygg@gitarthganga.com ❖ www.gitarthganga.com